
મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત

# શ્રીપુરુષોત્તમનામસહસ્રમ્

# ત્રિવિધલીલાનામાવલી



પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત

# શ્રીપુરુષોત્તમનામસહસ્રમ્

શ્રીરઘુનાથચરણ વિરચિત

'નામચન્દ્રિકા' ટીકાના ગુજરાતી અનુવાદ સહિત

અનુવાદક : ગો.વા. શ્રીભદ્રશંકર જયશંકર શાસ્ત્રી, ખંભાત

તથા

# ત્રિવિધલીલાનામાવલી

ગોસ્વામી શ્રીગોકુલોત્સવજી વિરચિત ટીકાના

ગુજરાતી અનુવાદ સહિત

जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति

પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ

**પ્રકાશક :**
**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ,**
કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત, ૩૭૦૪૬૫

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ**
ફુલાભાઈ પાર્ક, હાલોલ, પંચમહાલ, ગુજરાત, ૩૮૯૩૫૦

**સમ્પાદક :** શ્રીશરદ્ ગોસ્વામી

**પ્રકાશન વર્ષ :** વિ.સં.૨૦૭૮
**શ્રીવલ્લભાબ્દ :** ૫૪૩

**પ્રતિ :** ૧૦૦૦

**મુદ્રક :**
પૂર્વી પ્રેસ્ પ્રા. લિ., રાજકોટ

# શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ, ફુલાભાઈ પાર્ક, હાલોલ, જિ.પંચમહાલ પિન.૩૮૯૩૫૦.**
**ફક્ત વોટસેપ્ મેસેજ : ૯૩૧૩૪ ૩૬૨૦૦**

| ગ્રન્થ | પ્રકાશનસહાય |
|---|---|
| **પુષ્ટિમાર્ગની પ્રાથમિક સમજ માટે** | |
| પ્રવેશિકા, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી(ગુજરાતી) | ૧૦ |
| પ્રવેશિકા, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી(હિન્દી) | ૧૦ |
| Praveshika, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (અંગ્રેજી) | ૧૦ |
| પુષ્ટિપ્રવેશ ૧-૨, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજરાતી) | ૨૦ |
| પુષ્ટિપ્રવેશ ૧-૨, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (હિન્દી) | ૨૦ |
| પુષ્ટિપથ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજરાતી) | ૧૦ |
| પુષ્ટિપથ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (હિન્દી) | ૧૦ |
| પ્રમેયરત્નસંગ્રહ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજ.) | ૨૦ |
| Manual of the devotionalpath of Pushti. લેખક : ઉપરમુજબ (અપ્રાપ્ય) | ૬૫ |
| **શ્રીભાગવતસુબોધિનીનું શ્રીનાનુલાલ ગાંધીએ કરેલ ભાષાન્તરઃ** | |
| પ્રથમસ્કન્ધ | ૧૭૦ |
| દ્વિતીયસ્કન્ધ | ૧૦૦ |
| તૃતીયસ્કન્ધ (બે ભાગમાં) | ૪૦૦ |
| જન્મપ્રકરણ (દશમસ્કન્ધ અધ્યાય ૧-૪) | ૧૫૦ |
| તામસ પ્રમાણ પ્રકરણ (દશમસ્કન્ધ અધ્યાય ૫-૧૧ તથા પ્રક્ષિપ્તાધ્યાય૧૨-૧૪) | ૧૨૫ |
| તામસ પ્રમેય પ્રકરણ (દશમસ્કન્ધ અધ્યાય ૧૨-૧૮) | ૧૨૫ |
| તામસ સાધન-ફળ પ્રકરણ (દશમસ્કન્ધ અધ્યાય ૧૯-૩૨) | ૨૦૦ |
| રાજસ પ્રમાણ-પ્રમેય પ્રકરણ (દશમસ્કન્ધ અધ્યાય ૩૩-૪૬) | ૧૭૫ |
| રાજસ સાધન-ફલ પ્રકરણ (દશમસ્કન્ધ અધ્યાય ૪૭-૬૦) | ૧૭૫ |
| સાત્વિક પ્રકરણ (દશમસ્કન્ધ અધ્યાય ૬૧-૮૧) | ૧૫૦ |
| ગુણ પ્રકરણ (દશમસ્કન્ધ અધ્યાય ૮૨-૮૭) | ૧૫૦ |
| **તત્ત્વદર્શનવિષયકરાષ્ટ્રીયસેમિનારમાંપ્રસ્તુતથયેલવિભિન્નશોધપત્રોતથાચર્ચાનોસંગ્રહ** | |
| શબ્દખંડીયા વિદ્વત્પરિચર્ચા (સંસ્કૃત-અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| પ્રત્યક્ષપ્રમાણ વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| અન્ધકારવાદ વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| વલ્લભવેદાન્ત લેખકઃ ગો.શ્રીશ્યામ મનોહરજી(સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | નિઃશુલ્ક |
| **સામ્પ્રદાયિકવિચારગોષ્ઠીમાંપ્રસ્તુતથયેલાશોધપત્રોતથાતેનાઊપરથયેલચર્ચાનુંસંકલન** | |
| અધિકારપરિચર્ચા | ૧૦૦ |
| શરણાગતિ વિચારગોષ્ઠી | ૫૦ |
| સેવા-સમર્પણ વિચારગોષ્ઠ | ૫૦ |
| પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં જઘન્યાધિકાર વિચારગોષ્ઠી | ૮૦ |

| | |
|---|---|
| પ્રતિબન્ધ (પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં પ્રતિબન્ધ) | ૧૦૦ |
| પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં ફળ | ૧૦૦ |

**નિત્યસ્તોત્રપાઠ**

| | |
|---|---|
| **પુષ્ટિપાઠાવલી** (હિન્દી) કાચું બાઈંડિંગ | ૨૦ |
| **પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) કાચું બાઈંડિંગ | ૨૦ |
| **પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) કાચું બાઈંડિંગ ૪''.૩'' નાની સાઈઝ | ૧૦ |
| **પુરુષોત્તમસહસ્રનામ-ત્રિવિધલીલાનામાવલી** (અનુવાદ સહિત) | ૨૦ |

**અધ્યયનોપયોગી ગ્રન્થો**

| | |
|---|---|
| **શ્રીભાગવતમહાપુરાણ**(ચારભાગ. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય સમ્મત અર્થવાળું) | ૫૦૦ |
| **ષોડશગ્રન્થ**(સરળ ગુજરાતી ભાવાર્થ-વિવેચન સાથે. પેજ સં. ૨૩૦) | નિઃશુલ્ક |
| **ભગવદ્ગીતા** અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી. શ્લોકાર્થ, વિવેચન,પાદાનુક્રમણિકા, ગીતાતાત્પર્ય તથા ન્યાસાદેશવિવરણ ગુજરાતી અનુવાદ સાથે. | ૧૦૦ |
| **પુષ્ટિઅસ્મિતા સંવર્ધક શિબિર, રાષ્ટ્રીય સંમેલન-ભરૂચ** (પ્રશ્નોત્તરી) | ૨૫ |
| **ભગવદ્ગીતાનો પુરુષોત્તમયોગ, પંદરમો અધ્યાય,** લેખક :ગો.શ્રીશ્યા.મ. | નિઃશુલ્ક |
| **દ્રવ્યશુદ્ધિ.** અપરસ-સુતક બાબતનો નિર્ણય ગ્રન્થ. લે.: ગો.શ્રીપુરુષોત્તમજી | નિઃશુલ્ક |
| **ભાગવત શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ-અધ્યાયનો અર્થ.** લેખકઃ શ્રીનાનુલાલ ગાંધી | ૧૦ |
| **શ્રીભાગવતાર્થપ્રકરણ**(શ્રીવલ્લભાચાર્ય રચિત તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગતનું પ્રકરણ. શ્રીમદ્ભાગવત ના શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ અને અધ્યાય ના અર્થોનું વિસ્તૃત વિવેચન.) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી. | ૧૫૦ |
| **પુરુષોત્તમ પ્રતિષ્ઠાપ્રકાર** (શ્રીગુસાંઈજી રચિત સેવ્યસ્વરૂપને પુષ્ટ કરવાની વિધિનું વિસ્તૃત ગુજરાતી વિવેચન) લે : ગો.શ્રીશ્યામમનોહરજી | નિઃશુલ્ક |
| **શ્રીકૃષ્ણચરિત્ર** (દશમસ્કન્ધનો સરળ ગુજરાતી ભાવાનુવાદ) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી | ૧૨૫ |
| **સેવાઃ ઋતુ-ઉત્સવ-મનોરથ.** વ્યાખ્યાતાઃ ગો. શ્રીશ્યામ મનોહરજી | અપ્રાપ્ય |
| **તત્ત્વાથદીપનિબન્ધાન્તર્ગત સાધનપ્રકરણ.** મૂળ સહિત ગુજરાતી અનુવાદ | ૨૫ |
| **પુરુષાર્થવ્યવસ્થા** પ્રવક્તા : ગો.શ્રીશ્યામ મનોહરજી | નિઃશુલ્ક |
| **વૃત્રાસુર ચતુઃશ્લોકી,** સંસ્કૃત ટીકા તથા તેના ગુજરાતી અનુવાદ સાથે. | ૫૦ |
| **पुष्टिविधानम्-३**(व्रजभाषा) श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी रचित षद्ग्रन्थोंका शब्दार्थ-श्लोकार्थ-विवेचन-पादानुक्रमणिका. | ૧૫૦ |
| **तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणम् सर्वनिर्णयप्रकरणम्** (व्रजभाषाटीका) | १०० |
| **वेदान्तचिन्तामणी** (हिन्दी अनुवाद सहित) तथा **सत्सिद्धान्तमार्तंड** (गुजराती प्रश्नोत्तर संक्षेप) श्रीगट्टुलालजी विरविचत. | ५० |
| **श्रीपुरुषोत्तमग्रन्थावली-५**(संस्कृत)(દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત દ્રવ્યશુદ્ધિદીપિકા, ભક્તિમાર્ગીય અપરાધનિરૂપણવિવૃતિ તેમજ ઉત્સવપ્રતાન મૂળ ગ્રન્થો તેમજ તેનો વ્રજભાષા-હિન્દી-ગુજરાતી અનુવાદ) | ૧૦૦ |
| **श्रीपुरुषोत्तमग्रन्थावली-६**(संस्कृत)(દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત ઉપનિષદો, ભગવદ્ગીતા તથા ન્યાસાદેશતાત્પર્ય ની સંસ્કૃત ટીકા) | ૨૦૦ |

**ब्रह्मवाद** (हिन्दी) लेखक : गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**तृतीयस्कन्ध सुबोधिनी** (संस्कृत) दो खंडोंमें. १०००

**श्रीमद्ब्रह्मसूत्राणुभाष्यम् : सप्रदीप–विवरणम्.** (संस्कृत) तीन खंडोंमें. १०००

महाप्रभु श्रीवल्लभाचार्य विरचित ब्रह्मसूत्राणुभाष्यं तथा उस पर भगवदीय श्रीइच्छाराम तथा गो.श्रीगिरिधिरजी विरचित 'प्रदीप' तथा 'विवरण' टीका.

## ઈતિહાસ

**આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ** નિઃશુલ્ક

લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (ગુજરાતી/હિન્દી)

**શ્રીગોપીનાથપ્રભુચરણ**(ગુજરાતી/હિન્દી) ૨૫

શ્રીગોપીનાથજીના વિષયમાં ઉપલબ્ધ (ચિત્રજી, હસ્તાક્ષર, પદ, ઈતિહાસ, રચના વગેરે) તમામ માહિતિનો સંગ્રહ.

## સન્દર્ભ ગ્રન્થો

**પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા.** ૧૦

શ્રીવલ્લભાચાર્ય–શ્રીગપીનાથજી–શ્રીગુસાંઈજી રચિત ૨૬ ગ્રન્થોંની પાદાનુક્રમણિકા

**Summary of Shuddhadvaita Vangmaya** 15

Author: Sri Sharad Goswami શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજીના ગ્રન્થોનો અંગ્રેજીમાં ટુંક પરિચય.

## ગોશાળા :

મહિલાબાગ પાસે, માંડવી-કચ્છ તથા શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠમાં, હાલોલ.

## જીર્ણોદ્ધાર :

શ્રીબાલકૃષ્ણજીના બેઠકજી. ગામ : વિંજાણ, તા.અબડાસા-કચ્છ

## શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ :

શ્રીવલ્લભાચાર્ય નગર, રેફરલ હોસ્પિટલ પાછળ, હાલોલ, જિ. પંચમહાલ.
અધ્યયનોપયોગી ગ્રન્થાલય, અધ્યયનકક્ષ, નિવાસ, ભોજન, અધ્યાપક વગેરે અત્યાવશ્યક સુવિધાઓથી સુસજ્જ.

## પુષ્ટિસ્વાધ્યાય :

અઠવાડીયાના લગભગ બધા દિવસ આબાલ-વૃદ્ધ બધા પુષ્ટિમાર્ગીઓ માટે સમ્પ્રદાયના મૂળ ગ્રન્થોનું અધ્યાપન વિદ્વાન્ આચાર્યવંશજો દ્વારા ટેલિફોનિક કોન્ફરન્સ્ માધ્યમથી કરવામાં આવે છે : વધુ માહિતિ માટે ફોન સમ્પર્ક : ૯૪૨૬૬૨૩૫૬૫


Pushti-Vidya
**'पुष्टिविद्या' मोबाईल् एप्लिकेशन्**

**व्होट्स्एप** द्वारा विद्यापीठ तथा पुष्टिमार्ग सम्बन्धी महत्वपूर्ण जानकारीयां प्राप्त करनेकेलिए सम्पर्क करें : 9426623565

**http://www.vallabhacharyavidyapeeth.org/**
**http://www.pushtimarg.net/**

**Like our page on Facebook :**
Sri Vallabhacharya Vidyapeeth



**व्होट्स्एप** द्वारा विद्यापीठ तथा पुष्टिमार्ग सम्बन्धी महत्वपूर्ण जानकारीयां प्राप्त करनेकेलिए सम्पर्क करें : 9426623565

**http://www.vallabhacharyavidyapeeth.org/**
**http://www.pushtimarg.net/**

**Like our page on Facebook :**
Sri Vallabhacharya Vidyapeeth



Subscribe us on You Tube:
**'Pushtiswadhyay'**

गोस्वामी श्रीश्याम मनोहरजीद्वारा सम्पादित–पुनर्मुद्रित

# शुद्धाद्वैत पुष्टिभक्ति सम्प्रदायके मूल संस्कृत ग्रन्थ

१. सव्याख्यषोडशग्रन्थ संयुक्तप्रकाशन, दुर्लभ

खंड १. श्रीयमुनाष्टकम् से सिद्धान्तरहस्यम्

खंड २. नवरत्नम् से भक्तिवर्धिनी

खंड ३. जलभेदः से सेवाफलम्

२. प्रकाश–रश्मि सहित ब्रह्मसूत्राणुभाष्यम्

खंड १. प्रथमाध्याय नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ

खंड २. प्रथमाध्याय नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ

खंड ३. द्वितीयाध्याय

खंड ४. तृतीयाध्याय

खंड ५. चतुर्थाध्याय

३. श्रीमद्भागवतसुबोधिनी

खंड १. प्रथम–द्वितीयस्कन्ध

खंड ४. जन्मप्रकरण

खंड ५. तामसप्रमाणप्रकरण

खंड ६. तामसप्रमेय–साधनप्रकरण

खंड ७. तामसफलप्रकरण

खंड ८. राजसप्रमाण–प्रमेयप्रकरण

खंड ९.राजससाधन–फलप्रकरण

खंड १०.सात्त्विकप्रमेयसाधनफलप्रकरण

खंड ११. गुणप्रकरण तथा यावत्प्राप्य एकादशस्कन्ध

४. तत्त्वार्थदीपनिबन्ध

खंड १. शास्त्रार्थ–सर्वनिर्णयप्रकरण

खंड २. भागवतार्थप्रकरण स्कन्ध १–५

खंड ३. भागवतार्थप्रकरण स्कन्ध ६–१ष

५. सव्याख्यषड्ग्रन्थाः संयुक्तप्रकाशन, दुलर्भ

६. वेदान्ताधिकरणमाला–भावप्रकाशिका

७. विविधविवरणोपेत पत्रावलम्बनम्

८. प्रस्थानरत्नाकर

९. विद्वन्मण्डनम्

१०. श्रीबालकृष्णग्रन्थावली

११. श्रीवल्लभमहाप्रभुस्तोत्राणि

१२. श्रीपुरुषोत्तमप्रतिष्ठाप्रकारः

१३. वल्लभाख्यान (सप्तटीकोपेत)

१४. पुष्टिविधानम् गुजराती, व्रज तथा संस्कृत संस्करण

१५. वादावली

ब्रह्मवाद, वादकथा, विग्रहवाद, प्रपंचवाद, प्रपंचसंसारभेदवाद, ब्रह्मजीवतदैक्यस्वरूपनिरूपणम्, विरुद्धधर्माश्रयत्वविवेचनम्, आत्मवादः, प्रश्नोत्तरसाहस्रीपर्यालोचनम्, प्रश्नोत्तरसाहस्रीचर्चित–प्रकृत्यधिकरण–समालोचनम्, केवलाद्वैतवादाभिमताविद्यास्वरूपविमर्शः, अक्षरपुरुषोत्तम–द्वैतनिरासवादः

१६. अवतारवादावली

खंड २. भेदाभेदवाद,सृष्टिभेदवाद, आविर्भावतिरोभाववाद,ख्यातिवाद, प्रतिबिम्बवाद, अन्धकारवाद.

खंड ३. ब्राह्मणत्वादिदेवतावादः, जीवव्यापकत्वखण्डनवाद, जीवप्रतिबिम्बत्वखण्डनवादः, भागवतस्वरूपविषयकशंकानिरासवादः, उपदेशादिविषयकशंकानिरासवादः,भगवत्प्रतिकृति–पूजनवादः, ऊर्ध्वपुण्ड्रधारणवादः, तुलसीमालाधारणवादः, शंखचक्रधारणवादः, भक्तिरसत्ववादः, भक्त्युत्कर्षवादः, नामफलादिप्रकारवादः, जयश्रीकृष्णोच्चारणवादः, स्ववृत्तिवादः, वस्त्रादिसेवावादः, मूर्तिपूजनवादः, भागवतपाठादेः शंकानिरासवादः.

१७. सत्सिद्धान्तमार्तण्डः. भारतमार्तण्ड–पञ्चनदी श्रीगोवर्धन(गट्टुलाल)शर्मा विरचित.

१८. वेदान्तचिन्तामणी. भारतमार्तण्ड–पञ्चनदी श्रीगोवर्धन(गट्टुलाल)शर्मा विरचित.

४क्र.१, ष तथा ४/१, ४/ष को छोड कर सभी ग्रन्थ श्रीवल्लविद्यापीठ–श्रीविट्ठलेश्वर–प्रभुचरण आ.हो.ट्रस्ट (कोल्हापुर) द्वारा प्रकाशित.

# ।। પ્રકાશકીય ।।

શ્રીપુરુષોત્તમનામસહસ્રમ્‌નું તેના ઉપરની શ્રીરઘુનાથચરણ વિરચિત 'નામચન્દ્રિકા' ટાકાના ગુજરાતી અનુવાદ સાથે પ્રથમ પ્રકાશન શ્રીભક્તિગ્રન્થમાલા અન્તર્ગત ગ્રન્થાંક-૨ તરીકે પ્રકાશક : શ્રીલલ્લુભાઈ છગનલાલ દેસાઈ, અમદાવાદ એ વિ.સં.૧૯૭૩ માં કર્યું હતું. પ્રથમ આવૃત્તિ વિતરિત થઈ જતા તેની દ્વિતીય આવૃત્તિ : વિ.સં.૧૯૮૫ માં પુનઃ પ્રકાશિત થઈ હતી. તે પછી તો ગ્રન્થ પ્રત્યે સમ્પ્રદાયમાં અત્યાદર તથા વૈષ્ણવોમાં તેની લોકપ્રિયતા ને કારણે વિવિધ પ્રકાશકો આનું પુનઃ-પુનઃ પ્રકાશન કરતા રહ્યા છે. થોડા સમય પૂર્વ શ્રીવલ્લભસુખધામ જનકલ્યાણ લોકન્યાસ, ગ્વાલિયર દ્વારા આ જ અનુવાદનું હિન્દી ભાષાન્તર પણ છાપવામાં આવ્યું છે. વર્તમાનમાં શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ, હાલોલ-ગુજરાત દ્વારા કરાતા સુબોધિની સ્વાધ્યાયમાં આ ગ્રન્થ અત્યુપકારક હોવાથી તથા હાલે તે સુલભ ન હોવાથી આનું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે.

શ્રીપુરુષોત્તમનામસહસ્રમ્‌ના વ્યાખ્યાતા શ્રીરઘુનાથચરણ ગોસ્વામી શ્રીવિટ્ઠલનાથપ્રભુચરણોના પાંચમા પુત્ર છે. આપનું પ્રાકટ્ય વિ.સં.૧૬૧૧ કારતક સુદ ૧૨ ના થયું. પ્રતાપિ પિતાના કૃપાબળથી આપ વિદ્યાવન્ત થયાં. આગળનો વિદ્યાભ્યાસ આપે જ્યેષ્ઠ ભ્રાતા શ્રીગોકુલનાથજી પાસે કર્યો. આપશ્રીએ અનેક સ્તોત્રગ્રન્થો રચ્યા છે :

| | |
|---|---|
| શ્રીમદ્‌વલ્લભભુજંગપ્રયતાષ્ટકમ્ | શ્રીવિટ્ઠલેશસ્તવઃ |
| શ્રીવિટ્ઠલેશાષ્ટકમ્ | વહ્નિસૂનુસ્તવઃ |
| નામરત્નાખ્યસ્તોત્રમ્ | નામચિન્તામણિસ્તોત્રમ્ |
| શ્રીગોકુલેશાષ્ટકમ્ | શ્રીગિરિરાજધાર્યાષ્ટકમ્ |
| શ્રીકૃષ્ણચન્દ્રાષ્ટકમ્ | શ્રીગોપાલસ્તવઃ |
| શ્રીરાઘવેન્દ્રસ્તોત્રમ્ | શ્રીયમુનાષ્ટકમ્ |

તદુપરાન્ત આપે અનેક સ્વતન્ત્ર ગ્રન્થો તથા વ્યાખ્યા ગ્રન્થોની પણ રચના કરી છે:

| | |
|---|---|
| ઉત્સવ નિર્ણય | ભક્તિહંસ વ્યાખ્યા |
| યમુનાષ્ટકમ્ વ્યાખ્યા | પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ વ્યાખ્યા |
| સિદ્ધાન્તરહસ્યમ્ વ્યાખ્યા | અન્તઃકરણપ્રબોધ વ્યાખ્યા |
| વિવેકધૈર્યાશ્રય વ્યાખ્યા | કૃષ્ણાશ્રય વ્યાખ્યા |
| ભક્તિવર્ધિની વ્યાખ્યા | સન્ન્યાસનિર્ણય વ્યાખ્યા |

શ્રીરઘુનાથચરણોની કુલપરંપરામાં ગણ્યમાન્ય વિદ્વાન આચાર્યવંશજો થયા. આપશ્રીના જ્યેષ્ટ પુત્ર શ્રીદેવકીનન્દનજીએ પોતાના સેવ્ય પ્રભુની સ્તુતિમાં 'રસાબ્ધિકાવ્ય' ની રચના કરી. આપના પ્રપૌત્ર શ્રીવલ્લભજી(ઉપનામ કાકા વલ્લભજી) સમ્પ્રદાયના સુપ્રસિદ્ધ વિદ્વાન્ આચાર્ય થયા. આપ દ્વારા વિરચિત શ્રીસુબોધિની ઉપર 'લેખ' ટીકા, ગીતા ઉપર 'તત્ત્વદીપિકા' ટીકા તથા શ્રીગુસાંઈજી વિરચિત રહસ્ય ગ્રન્થો પર સંક્ષિપ્ત ટિપ્પણીઓ પ્રસિદ્ધ છે.

આ ગ્રન્થમાં પ્રકાશિત દ્વિતીય ગ્રન્થ 'ત્રિવિધલીલાનામાવલી' ના વ્યાખ્યાતા ગોસ્વામી શ્રીગોકુલોત્સવજી છે. આપશ્રી કયા ઘરના આચાર્ય છે તે વિષયમાં વિશેષ માહિતિ પ્રાપ્ત નથી. એક સમ્ભાવના અનુસાર આપશ્રી શ્રીરઘુનાથજીની જ પરમ્પરામાં પ્રકટ થયા હતા.

અન્તે, આ ગ્રન્થનું પ્રુફરીડીંગ ભરૂચ નિવાસી શ્રીમતી પ્રીતિબેન દલાલે કર્યું છે તથા ગ્રન્થને પ્રેસમાં મોકલવા લાયક તૈયાર કરવાનું તેમજ છપાવવા નું કાર્ય રાજકોટ નિવાસી શ્રીપીયૂષ ગોંધીયા તથા શ્રીપ્રવીણભાઈ એ કર્યું છે જે સ્મરણીય છે.

**રથયાત્રા** — **શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ દ્વારા**

વિક્રમસંવત ૨૦૭૮ — શરદ્ ગોસ્વામી

શ્રીવલ્લભાબ્દ ૫૪૩

# પ્રસ્તાવના

વલ્લભકુલદીપક સર્વશાસ્ત્રસમ્પન્ન

**પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી(કિશનગઢ-પાર્લા)નું કૃપાદાન**

આત્મરમણશીલ સચ્ચિદાનન્દ બ્રહ્મની આનન્દમયી અખંડ અદ્વૈત સત્તા તથા ચેતના આ અનન્તવિધ નામ-રૂપોના દ્વૈતમાં અભિવ્યક્ત થઈ છે. નામ-રૂપવાળી તથા નામ-રૂપ વગરની વ્યક્તિચેતનાની આ વિવિધતા અથવા દ્વૈત પોતે પારમાર્થિક હોવા છતાં બ્રહ્મના તાત્ત્વિક અદ્વૈતથી વિરુદ્ધ નથી. ઉદાહરણરૂપે, સચ્ચિદાનન્દ બ્રહ્મની ધર્મભૂત સત્તા, ચેતના તથા આનન્દ ત્રણે જુદાં-જુદાં હોવા છતાં સચ્ચિદાનન્દ ધર્મી બ્રહ્મમાં અખણ્ડ અદ્વૈત રૂપે અવસ્થિત રહે છે. એવી જ રીતે ઉત્પત્તિ-સ્થિતિ-લયરૂપ ક્રિયાઓ પણ એક અનાદિ અવિકારી અનન્ત ઉત્પાદન કારણ તથા કર્તા રૂપ બ્રહ્મમાં વિરોધ વગર જ રહે છે. નામ-રૂપનો આવિર્ભાવ-તિરોભાવ આ જ કહેવાય છે. જેવી રીતે દરિયામાં મોજાં આવિર્ભૂત-તિરોહિત થતાં રહે છે. જેમ કાર્યકારણની વચ્ચે આત્યન્તિક દ્વૈતની કલ્પના ઉપાદાન કારણના સ્વરૂપના અજ્ઞાનથી પ્રયુક્ત થાય છે, તેવી જ રીતે જીવાત્મા, જગત્ તથા બ્રહ્મની વચ્ચે માયિક દ્વૈતની કલ્પના પણ બ્રહ્મસ્વરૂપના અજ્ઞાનથી પ્રયુક્ત થાય છે.

બ્રહ્મના અખણ્ડ અદ્વૈતમાં માયા જો બ્રહ્મથી ભિન્ન હોવા છતાં પારમાર્થિક નથી થઈ શકતી તો તે ચોક્કસ સચ્ચિદાનન્દ બ્રહ્મની સત્તા, ચેતના અથવા આનન્દ માંથી કોઈ એક ધર્મની અન્તઃપાતિની સર્વભવનસામર્થ્યરૂપા સહજ શક્તિ જ હોવી જોઈએ.

આ સર્વભવન સામર્થ્યને લીધે તથા અપ્રતિહત સંકલ્પ શક્તિને લીધે એક અદ્વિતીય તત્ત્વ અનેકવિધ મૂર્ત નામ-રૂપોમાં તથા અમૂર્ત વ્યક્તિ ચેતનાઓમાં પોતે પોતાને પરિણત કરી શકે છે. તત્ત્વતઃ પોતાનું સ્વરૂપ બદલાયા વગર જુદા-જુદા દાગીનાઓમાં પરિણત થવાથી જેવી રીતે સોનાના સુવર્ણત્વનો નાશ થતો નથી, એવી રીતે નામ-રૂપોમાં પરિણત સચ્ચિદાનન્દ બ્રહ્મની સત્તા અથવા વિવિધ અંશોના રૂપમાં ઉદ્ગત અંશી બ્રહ્મની ચેતનાનો અથવા આનન્દનો નાશ થતો નથી. આથી ઉપનિષદ્માં કહ્યું છે કે :

**ત્રયં વા ઈદં નામ-રૂપં કર્મ, બ્રહ્મૈતદ્ધિ સર્વાણિ**
**નામાનિ બિભર્તિ ... બ્રહ્મૈતદ્ધિ સર્વાણિ રૂપાણિ બિભર્તિ**
**... સર્વાણિ કર્માણિ બિભર્તિ, તદ્ એતત્ ત્રયં સદ્ એકમ્**

**અયમ્ આત્મા, આત્મો એકઃ સન્ એતત્ ત્રયમ્**

(બૃહદ ઉપ. ૧.૬.૩)

''**નામ,** રૂપ તથા ઉત્પત્તિ-સ્થિતિ-લયરૂપ કર્મ ત્રણ હોવા છતાં પણ એકાત્મક છે, અર્થાત્ બ્રહ્માત્મક છે. તથા બ્રહ્મ એકમેવ **અદ્વિતીય** હોવા છતાં પણ ત્રિતયાત્મક છે. અર્થાત્ સર્વભવન સામર્થ્યને લીધે **તે** નામ-રૂપ-કર્માત્મક થઈ જાય છે તો પણ આ અનન્તવિધ નામ-રૂપ-કર્મોને ધારણ કરવાવાળું બ્રહ્મ એકમેવ **અદ્વિતીય** જ રહે છે. શ્રૌત દર્શનમાં, આથી, માયા વિગેરે કોઈ પણ પદાર્થ બ્રહ્મથી જુદો હોઈ શક્તો નથી : ''બ્રહ્મતદ્ધિ સર્વાણિ બિભર્તિ''.

હવે જો બ્રહ્મ આનન્દાત્મક હોય તો સિદ્ધ થઈ જાય છે કે આ નામ-રૂપાત્મક જગત્ પણ આનન્દમાંથી પ્રકટ થયું છે, આનન્દમાં જ સ્થિત છે તથા લીન પણ ફરીથી આનન્દમાં જ થવાનું છે;

**''આનન્દાદ્ધ્યેવ ખલુ ઈમાનિ ભૂતાનિ જાયન્તે**
**આનન્દેન જાતાનિ જીવન્તિ આનન્દં પ્રયન્તિ**
**અભિસંવિશન્તિ તદ્ વિજિજ્ઞાસસ્વ તદ્ બ્રહ્મ''**

(તૈત્તિ.ઉપ.૩।૬).

બ્રહ્મ, પરમાત્મા, ભગવાન્ અથવા શ્રીકૃષ્ણના અસ્તિત્ત્વમાં કોઈને વિશ્વાસ હોઈ શકે છે અથવા નથી પણ હોઈ શકતો. કોઈ આસ્તિક હોઈ શકે અથવા નાસ્તિક; તેમજ માનવ હોઈ શકે અથવા માનવેતર ચેતન પ્રાણી, બધાને માટે જિજ્ઞાસ્ય, કામ્ય તથા પ્રાપ્તવ્ય તો કેવળ આનન્દ જ હોય છે. આનો અસ્વીકાર કરી શકાશે નહિ.

ચેતનામાં આનન્દને શોધવાની વૃત્તિ ઠાંસી-ઠાંસીને ભરેલી છે. તે આનન્દના પૂર્ણતયા અનુભૂત અથવા સર્વથા અનનુભૂત હોવાની સમ્ભાવનામાં શક્ય રહી જતુ નથી, છતાં એમ સ્વીકારવું પડે છે કે બધાને આનન્દની કંઈક અવ્યક્ત અનુભૂતિ તો છે : ''**કો હ્યેવાન્યાત્ કઃ પ્રાણ્યાત્ યદેષ આકાશ આનન્દો ન સ્યાત્**'' (તૈત્તિ. ઉપ. ૨-૭).

જગતનાં જે નામ-રૂપ-કર્મોમાં સચ્ચિદાનન્દ બ્રહ્મની કેવળ સત્તા જ અનુભૂત થાય છે, એટલે કે જ્યાં ચેતના પણ તિરોહિત લાગે છે, એવા રૂપ-રસ-ગન્ધ-સ્પર્શ-શબ્દ વગેરે વિષયોમાં આપણી ચેતના જ્યારે આનન્દને શોધવાની ખટપટમાં ફસાઈ જાય છે ત્યારે તે પ્રયાસ સફળ થતો નથી. ઉદાહરણ તરીકે, બાળક માતાના સ્તન્યની શોધમાં પોતાના અંગૂઠાને ચૂસવા લાગી જાય છે. આ મોહમાં થોડો વખત પોતાની ભૂખને ભૂલીને રડવું પણ બંધ કરી દે છે તો પણ તેની સ્તન્યની ભૂખ

મટતી નથી. જે આકાર સામ્યને લીધે ભ્રાન્તિવશ બાળક પોતાનો અંગૂઠો ચૂસવાનું શરૂ કરે છે, તેને ત્યાંથી દૂધ તો મળતું નથી ફળરૂપે ફરી-ફરી નિરાશ થવાથી ક્યારેક તો તેની ભ્રાન્તિ તૂટી જાય છે. આવી જ રીતે આપણી સ્થિતિ પણ રૂપ-રસ-ગન્ધ-સ્પર્શ-શબ્દ વગેરે વિષયોમાં આનન્દને શોધવાથી થાય છે. વિષયભોગના અતિરેકથી વિષયવિતૃષ્ણા ઉદ્‌ભવે છે. એ બાળક જ્યારે નિરાશ થઈને અંગૂઠો ચૂસવાનું છોડી દે છે ત્યારે તેનું તે કાર્ય ધીરે-ધીરે વિકાસ પામતી જતી બુદ્ધિ તથા વ્યવહારની એક સહજતા છે. પરન્તુ સ્તનભ્રાન્તિથી છૂટવાના પ્રયાસમાં ક્યારેક કોઈ બાળક જો પોતાના અંગૂઠાને ઘૃણા કરવા લાગે, અથવા તો જ્ઞાની બનીને એને મિથ્યા જ માનવાનું શરૂ કરે તો એવી માન્યતાને કુંઠાતિરેક જ કહેવી પડશે. એવી રીતે બ્રહ્મના સદંશ નામ-રૂપ-કર્મોમાં આનન્દાંશના તિરોધાનને લીધે આનન્દની જે અનુપલબ્ધિ થાય છે તેને લીધે પ્રકટેલી નિરાશા અથવા કુણ્ઠાના અતિરેકમાં નામ-રૂપ-કર્મોને મિથ્યા માની લેવા એ પણ આધ્યાત્મિક અસહજતા તથા અસ્વસ્થતા જ છે, આ બરાબર એટલીજ અસહજતા તથા અસ્વસ્થતા છે કે જેટલી સ્તન્યના મોહાતિરેકને લીધે કોઈ બાળકને અંગૂઠા ચૂસવાનું એવું વ્યસન થઈ જાય કે તે સ્તનપાનની ઉંમર વટાવ્યા પછી પણ તે લતથી છુટકારો મેળવી શકે નહિ.

બાળકની આવી મોહાતિરેકવશ પડેલી લતને છોડાવવાને માટે માતા-પિતાને અનેક ઉપાય અપનાવવા પડે છે. જેવા કે, ઉપહાસ, નિન્દા, ભર્ત્સના, પ્રતાડન વગેરે, બરાબર આવી જ રીતે શાસ્ત્રોમાં પણ ક્યારેક-ક્યારેક રૂપ-રસ વગેરેમાં આપણા મોહના અતિરેકને તોડવાને માટે એની 'માયિક' અથવા 'અસત્' કહીને નિન્દા કરાઈ છે. આ મનોવૈજ્ઞાનિક સૂચન અથવા ઉપાયનો લાભ લઈને મોહભ્રમની જાળને કાપી નાખવી એ એક સારી વાત છે. પરન્તુ એની પ્રતિક્રિયાના રૂપમાં સદંશને પગલે ફક્ત ચિદંશમાં અર્થાત્ પોતાની ચેતનામાં અથવા જીવાત્મામાં જ ફરીથી આનન્દને શોધવા લાગી જવું તે એક વધારે ઊંડી ભ્રાન્તિ છે. ભાગવત્‌માં કહ્યું છે :

**''યોઽન્યોરવિન્દાક્ષ વિમુક્તમાનિનસ્ત્વય્યસ્તભાવાદ્ અવિશુદ્ધબુદ્ધયઃ,**
**આરુહ્ય કૃચ્છ્રેણ પરં પદં તતો પતન્ત્યધોઽનાદતયુષ્મદંઘ્રયઃ''**

(ભાગ.પુરા. ૧૦।૨।૩૨)

આમ આનન્દ તો ચેતનામાં પણ પર તિરોહિત જ રહે છે. કારણ કે જો એમ ન હોત તો આ આનન્દને શોધવાની વૃત્તિ જ આપણી ચેતનામાં શા માટે પ્રકટ થાત?

વિષયાસક્તિની પીડા ઘટાડવી હોય તો અફીણના જેવાં માદક તત્ત્વોથી

બનેલી ઔષધીના જેવો જગત્‌ના માયિક હોવાનો સિદ્ધાન્ત એક ઉચિત નિદાન થઈ શકે છે. પરન્તુ અનુપાતની સાવધાની વગર એવી ઔષધીઓનું સેવન, ઘણું કરીને, એના વ્યસનમાં દુષ્પરિણત થઈ જાય છે. જેમકે ભાષણબાજ સાધક ગુરુ-શિષ્ય અથવા શ્રોતા-વક્તાના દ્વૈતથી છુટકારો તો મેળવી શક્તો નથી, પરન્તુ ભક્ત-ભગવાન્‌ના દ્વૈતને મિથ્યા-માયિક માનીને ભગવાન્‌ની ભક્તિથી છટકવા માગે છે. ક્યારેક ભક્તિને અજ્ઞાનીઓનું કૃત્ય માનીને, તો ક્યારેક જ્ઞાનોત્તર દશામાં અવશિષ્ટ દ્વૈતવાસના માનીને, અથવા ક્યારેક લોકસંગ્રહાર્થ આહાર્યવૃત્તિ માનીને પણ પરિણામે આનન્દના વાસ્તવિક શોધના માર્ગ પરથી તે સાધક ગબડી પડે છે.

જગત્ જો ભગવાન્‌ની કૃતિ હોય તો એમાં એના નશ્વર દુઃખરૂપ મિથ્યા અથવા માયિક વિગેરે હોવાના દોષદર્શનની મનોવૃત્તિ છેવટે જગત્કર્તાની નિન્દામાં ફલિત થઈ જાય છે. ભગવન્નિન્દા તો ક્યારેય પણ ભગવદ્‌ભક્તિમાં ફલિત થઈ શક્તી નથી. મુક્તિની તો કથા કંઈક બીજી પણ હોઈ શકે છે. ભાગવત મુજબ મુક્તિ તો કંસ-શિશુપાલ વિગેરેને પણ ભગવાન્ આપી દે છે, ભય દ્વેષ વગેરે વૃત્તિની એકાગ્રતા થવાથી, પરન્તુ પોતાની ભક્તિ તો નથી આપતા.

ભગવદ્‌ભક્તિની એક પ્રમુખ આવશ્યક્તા એ છે કે જગતને ભગવત્કાર્ય-ભગવત્કૃતિ એટલે કે ભગવાન્‌નાં અનન્તવિધ નામ-રૂપોને વિસ્તાર માનવામાં આવે. એને ભગવાન્‌નું માહાત્મ્ય માનવામાં આવે, નહિં કે માયાના સાન્નિધ્યમાં બ્રહ્મની દુઃખદ વિવશતા.

આમ તો ‘માયા’ કહો કે ‘લીલા’ બન્ને શબ્દ અદ્‌ભુત રસનો ભાવ પ્રકટ કરે છે. પરન્તુ મોં બગાડીને વિસ્મિત થવું એ તો અદ્‌ભુત રસને બીભત્સરસમાં રૂપાન્તરિત કરી દે છે. તે વખતે વિસ્મયનું સ્થાન જુગુપ્સા લે છે. બરાબર એ જ રીતે બ્રહ્મના દિવ્ય સામર્થ્યનો વાચક એવા ‘માયા’ પદનો નિન્દાના અર્થમાં પ્રયોગ, જગત્કર્તાના સર્વભવનસામર્થ્ય પર વિસ્મિત થવાને બદલે જુગુપ્સાનો ભાવ પ્રકટ કરે છે.

અત્યારના પ્રચલિત અર્થમાં જગત્‌ને ભગવાન્‌ની ‘માયા’ કહેવું ખરેખર જ ભગવાન્‌ની લીલા છે. ‘‘બાપની બાયડી’’ કહીએ અથવા ‘માતા’ કહીએ, તથ્યમાં કોઈ અન્તર ન હોવા છતાં વક્તાના ભાવમાં તો અનાદર અથવા આદરનું અન્તર પ્રકટ થઈ જ જાય છે. એ જ વાત જગત્‌ને ‘માયા’ અથવા ‘લીલા’ કહેવામાં-માનવામાં પણ થાય છે.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના કથન અનુસાર, એથી જ, શ્રીભાગવતના

વર્ણ્ય-વિષય સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ તેમજ આશ્રય ભગવાન્‌ની દશવિધ લીલા છે. જો ભગવદ્‌વર્ણન પ્રસંગમાં એને ક્યાંક 'માયા' પણ કહેવાઈ હોય તો તે ભગવાન્‌ના સર્વભવનસામર્થ્યરૂપ માહાત્મ્યના દ્યોતનાર્થ છે. તથા આ જ સર્વભવન સામર્થ્યવશ પરિગૃહીત અનેક રૂપોના આકર્ષણવશ, જો રૂપધારણ કરવાવાળા ભગવાન્‌ને કોઈ દષ્ટા ભૂલી જાય તો રૂપમોહના નિરસનાર્થ એને નિન્દાના રૂપમાં પણ ક્યાંક 'માયા' 'અસત્' અથવા 'દુઃખ' કહે છે. એનો આશય એ નથી કે માયા બ્રહ્મથી કોઈ જુદો પદાર્થ છે. અર્થાત્ બ્રહ્મ સત્ય છે અને માયા મિથ્યા. પરન્તુ માયા પોતે બ્રહ્મનું જ કોઈ દિવ્ય પારમાર્થિક સામર્થ્ય છે. ભગવદ્‌વિસ્મૃતિ થતાં ભગવન્માયા નિન્દ્ય થઈ જાય છે. નહિતર બ્રહ્મજ્ઞાની અથવા ભગવદ્‌ભક્ત ને માટે માયા ભગવાન્‌નું એક સર્વથા પારમાર્થિક દિવ્ય સામર્થ્ય જ છે. ''**તદૈક્ષત બહુસ્યાં પ્રજાયેયેતિ**'' ( છાન્દો.ઉપ.૬।૨।૩ ) ''**ઈન્દ્રો માયાભિઃ પુરુરૂપ ઈયતે**'' ( બૃહ.ઉપ.૨।૫।૧૫ ) સર્વભવન સામર્થ્યરૂપા માયાદ્વારા પરિગૃહીત અનેક વિધ રૂપ ભક્તને માટે ભગવલ્લીલા રૂપ જ હોય છે. એ એને ભગવાન્‌નું અસાધારણ માહાત્મ્ય માને છે. ભક્ત ભગવાન્‌નો ગુણજ્ઞ છે. તે વિદ્વાન્ હોય કે ન હોય પરન્તુ ભક્ત દોષજ્ઞ તો નથી જ હોતો.

શ્રીમદ્ભાગવત્ ભક્તિપ્રધાન શાસ્ત્ર છે. તેથી જ આ ભાગવત્‌નું અસાધારણ માહાત્મ્ય છે કે જ્ઞાન-વૈરાગ્યને અહીં ભક્તિના વૃદ્ધ પુત્રો માનવામાં આવ્યા છે, એટલે કે ભક્તિ સિદ્ધ થવાથી એ અકિઞ્ચિત્કર થઈ જાય છે. અને ભક્તિ ન થાય તો એ સાચા અર્થમાં પેદા જ થઈ શક્તા નથી. આ તો શ્રીમદ્ભાગવત્‌નું જ માહાત્મ્ય છે કે કલિયુગમાં પ્રબળ શિષ્યેષણા (જેમાં લોક, વિત્ત, પુત્ર, તૃષ્ણા એ ત્રણે પણ છુપાયેલી રહે છે) વશ ભલભલા વિરક્ત-જ્ઞાનીઓનાં પણ જ્ઞાન વૈરાગ્ય જીર્ણ-શીર્ણ થઈ ગયાં છે. છતાં પણ શ્રીમદ્ભાગવત્‌ને કારણે ભગવદ્‌ભક્તિ ચિર યુવતીના જેવું નિત્ય તથા દિવ્ય યૌવન ધારણ કરે છે.

મૂળમાં બ્રહ્મજ્ઞાનની તન્મયતાને લીધે જે વૈરાગ્ય પ્રકટે છે એ વૈરાગ્ય જ્ઞાનનો અનુજ હોવાથી સ્વસ્થ વૈરાગ્ય છે. પરન્તુ વિષયભોગની કુંઠાથી કરવામાં આવેલ વિષયત્યાગ, એવા દોષદર્શનમૂલક વ્યક્ત વિષયોમાં વૈરાગ્ય અને અન્તમાં અગતિકતયા પ્રકટ થયેલું જ્ઞાન કેવળ દોષજ્ઞતાનો જ રંગ પકડશે. એવી રીતે ત્યાગ, વૈરાગ્ય અને જ્ઞાન ત્રણે પણ શુષ્ક, અસહજ, અસ્વસ્થ મનોવૃત્તિનાં દ્યોતક હોય છે. વિરક્તની ત્યાગસાધના તથા ત્યાગીની વૈરાગ્ય સાધનામાં મહાન અન્તર પડી જાય છે. એવી રીતે બ્રહ્મજ્ઞાનની તન્મયતાથી પ્રકટ થતાં વિષયવૈરાગ્યમાં અને

વિષયવૈરાગ્યવશ પોતાની બુદ્ધિ પર બળાત્કારપૂર્વક પાળવામાં આવેલ બ્રહ્મજ્ઞાનમાં પણ મહાન અન્તર સ્વીકારવું પડે છે. ''સો અહં''ની સાધનાના સાચા પ્રકારની બાબતમાં ઉપનિષદ્‌માં એક સુન્દર વચન આવે છે :

**''યો અહમ્ અસ્મિ બ્રહ્માહમ્ અસ્મિ**
**અહમેવ અહં માં જુહોમિ સ્વાહા''**

(મહાનારા.ઉપ.૫।૧૦).

સાચો જ્ઞાની પોતાના અહંની આહુતિ બ્રહ્માગ્નિમાં આપે છે. પરન્તુ વિફલ સાધક પોતાના અહમ્‌ની ધધકતી જ્વાલામાં બ્રહ્મની આહુતિ આપવા ઈચ્છે છે. દોષજ્ઞ જ્ઞાનીની ''સો અહં'' સાધનામાં ખરેખર આવી જ કાંઈક ગરબડ થઈ જાય છે.

પરન્તુ ભક્તિથી પ્રસૂત જ્ઞાનમાં આવી ગરબડ સમ્ભવ નથી. સન્તાનના યુવાન થવા સાથે માતાનું વૃદ્ધ થવું એક સહજ નિયમ છે. પરન્તુ જ્ઞાન-ભક્તિના પરસ્પર પુત્ર-માતૃભાવમાં જ્ઞાનના વૃદ્ધ થવા છતાંય એની જનની ભક્તિ યુવતી જ બની રહે છે. આ શ્રીમદ્ભાગવતની ભક્તિનું માહાત્મ્ય છે કે જ્ઞાનના પ્રસવ પછી ભાગવતી ભક્તિ યુવતી થઈ જવાથી જ્ઞાન પર નિર્ભર રહેતી નથી.

**''તસ્માદ્ મદ્‌ભક્તિયુક્તસ્ય યોગિનો વૈ મદાત્મનઃ,**
**ન જ્ઞાનં ન ચ વૈરાગ્યં પ્રાયઃ શ્રેયો ભવેદ્ ઈહ''**

( ભાગ. ૧૧।૨૦।૩૧। )

ભાગવતી ભક્તિથી પ્રસૂત જ્ઞાન જે સાધકમાં પ્રકટ થાય છે તે કાં તો પોતાના અહં નો હોમ બ્રહ્માગ્નિમાં કરી દે છે અથવા પાછો પોતાના સોહમ્‌ને ફરીથી અસૌહમ્‌ના રૂપમાં શણગારી લે છે.

કર્મ, જ્ઞાન તથા ભક્તિ ની ત્રયીમાં જ્યાં સુધી ન તો જ્ઞાનમાર્ગીય સાધક કે ન ભક્તિમાર્ગીય સાધક પણ તત્તદ્ દેહાભિમાનોને લક્ષ્યમાં રાખીને આપવામાં આવેલા કર્મોપદેશનું ઉલ્લંઘન કરી શક્તા હોય છે. પરન્તુ જ્ઞાન અથવા ભક્તિ ની તન્મયતામાં દેહાભિમાનતા શિથિલ થઈ જવાથી જ્ઞાનીથી પણ અને ભક્તથી પણ દેહાભિમાન મૂલક કર્મ છૂટી જાય તો તે આપત્તિજનક વાત મનાતી નથી.

વિષય-સંસારથી ભયભીત જ્ઞાની તો અભયાર્થ પોતાને જ્ઞેય-પરમાત્મામાં લીન કરી દેવા માગે છે. જ્યારે પરમાનન્દના સાગર ભગવાન્‌માં પોતાના ચિત્તને તલ્લીન કરી દીધા પછી ભક્તને તો સ્વર્ગની ઈચ્છા કે નરકનો ભય કંઈ પણ હોતું નથી. તેને ન તો અપવર્ગની લાલસા ત્રાસ આપતી હોય છે કે ન જન્મ-મરણના ચક્રની વિતૃષ્ણા. પણ આ જ તો ભગવતી ભક્તિનું પ્રમુખ સ્વરૂપ છે.

**''નારાયણપરા સર્વે ન કુતશ્ચન બિભ્યતિ**
**સ્વર્ગાપવર્ગનરકેષ્વપિ તુલ્યાર્થદર્શિનઃ''**

( ભાગ. ૬।૨૭।૨૮ )

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યનો આ પરમાગ્રહ છે કે આવા ભગવત્પ્રેમવશ ગવાયેલા ભગવલ્લીલારૂપ ભાગવતનું શ્રવણ-સ્મરણ-કીર્તન કેવળ ભગવત્પ્રેમના ઉદ્‌બોધનમાટે અથવા ભગવત્પ્રેમની અભિવૃદ્ધિમાટે જ કરવું જોઈએ. આ ભગવત્પ્રેમનો જ પ્રભાવ છે કે ઉપનિષદ્-બ્રહ્મસૂત્રમાં વર્ણિત અભિન્ન-નિમિત્તોપાદન કારણરૂપ બ્રહ્મનું વર્ણન જગતના જન્મ-સ્થિતિ-લયના કર્તાના રૂપમાં કેવળ ત્રિધા કરવું ભક્તને માટે સન્તોષપ્રદ થતું નથી. ભગવદ્ ભક્ત તો ભાગવતના બાર સ્કન્ધોમાં એને ચતુર્ગુણિત કરીને એ લીલાઓને જાણવા અને માણવા માગે છે. મહાપ્રભુ કહે છે,

**''આનન્દસ્ય હરેર્લીલા શાસ્ત્રાર્થો દશધા હિ સા,**
**અત્ર સર્ગો વિસર્ગશ્ચ સ્થાનપોષણમ્ ઊતયઃ,**
**મન્વન્તરેશાનુકથા નિરોધો મુક્તિરાશ્રયઃ''**

( નિંબ.ભાગ.પ્ર.૧।૩।૪ )

ભાગવતનો ભક્ત કોરા ઉત્પત્તિના વર્ણનથી નહિં પરન્તુ સર્ગ-વિસર્ગ લીલાઓના કર્તા ભગવાન્‌ની લીલાના ગાનથી જ સન્તુષ્ટ થઈ શકે છે. ભાગવત ભક્તને માટે શુષ્ક સ્થિતિવર્ણન પર્યાપ્ત નથી પરન્તુ સ્થાન-પોષણ-ઊતિ-મન્વન્તર-ઈશાનુકથા-નિરોધલીલા નું તે ભગવાન્‌ના ષડ્‌વિધ ઐશ્વર્યના રૂપમાં ગાન કરવા ઈચ્છે છે. ભાગવતભક્ત કેવળ લયના વર્ણનથી સન્તુષ્ટ થતો નથી, તે તો લયનું પણ વર્ણન મુક્તિ-આશ્રયરૂપ ભગવાન્‌ની લીલાના રૂપમાં જ કરવા ઈચ્છે છે. ભગવાન્‌થી જગતની ઉત્પત્તિ એ ભક્તને સમજમાં આવતું ભગવાન્‌નું માહાત્મ્ય છે. ભગવાન્‌માં ફરીથી વ્યષ્ટિનો લય અથવા સમષ્ટિનો પ્રલય, ભક્તોની સાથે ક્રીડા કરવાવાળા ભગવાન્‌નું આત્મરમણ જ હોઈ શકે છે. ભક્તિ, ઉત્પત્તિ-લયરૂપ લીલામાં શક્ય નથી. ભક્તિ તો વિષ્ણુદ્વારા કરવામાં આવતી સ્થિતિલીલામાં પ્રાસંગિક બને છે. આથી જ ભગવલ્લીલા અન્તર્ગત સ્થિતિલીલાનો વિસ્તાર ભાગવતમાં સર્વથી અધિક છે. ભક્ત ભગવન્માહાત્મ્યના જ્ઞાનને, ઉત્પત્તિલીલાના શ્રવણ-કીર્તનદ્વારા પ્રાપ્ત કરીને અટકી જતો નથી અને સાચા ભક્તને, ક્યારેય પણ, મુક્તિ-આશ્રયલીલાના પ્રવચનદ્વારા, ભક્તિમાર્ગ પરથી મુક્તિમાર્ગના અવળા રસ્તે દોરવી શકાતો નથી. આથી જ ઉત્પત્તિ-લય લીલાઓના વર્ણનમાટે ચાર સ્કન્ધ છે જ્યારે

ભગવદ્ભક્તિ ઉપયોગી સ્થિતિલીલાના વર્ણનમાટે ભાગવત્માં છ સ્કન્ધો છે.

ઐશ્વર્યાદિ છ ગુણો સહિત પરમાત્મા ભગવાન્ કહેવાય છે. ભગવદ્ભક્તિ ભગવન્માહાત્મ્યના જ્ઞાન પછી પ્રકટ થયેલ ભગવત્પ્રેમ છે. પ્રિયતમની ચર્ચામાં સંક્ષેપની મનોવૃત્તિ પ્રેમીનો સ્વભાવ થઈ શક્તો નથી. પ્રેમી પોતાના પ્રિયતમને એક નામથી નહિ બલકે હજાર-હજાર નામોથી બોલાવવા માંગે છે. તેથી જ મહાપ્રભુ શ્રીવલ્લભાચરણ પોતાના પ્રિયતમ ભાગવતાર્થરૂપ ક્ષરાક્ષરાતીત પુરુષોત્તમ શ્રીગોવર્ધનધરને હજાર-હજાર નામોથી સમ્બોધિત કરવા માગે છે. શ્રીમહાપ્રભુરૂપ પ્રેમીદ્વારા પોતાના પ્રિયતમ પુરુષોત્તમને માટે સહસ્રનામોથી જે સમ્બોધન કરવામાં આવ્યું તે 'પુરુષોત્તમસહસ્રમ્ સ્તોત્ર' છે.

શ્રીપુરુષોત્તમસહસ્રનામ ગ્રન્થની રચનાનો ઐતિહાસિક વ્યાપ કે નિમિત્ત કંઈક વિલક્ષણ છે. કહેવાય છે કે શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠ પુત્ર ગોસ્વામી શ્રીગોપીનાથ પ્રભુચરણનો એ નિયમ હતો કે તે સમગ્ર શ્રીમદ્ભાગવત પરાયણ પૂર્ણ થયા પછી જ પ્રસાદ લેતા હતા. આ કઠોર નિયમને લીધે ફક્ત દરરોજના વ્યવહારમાં નહિ પરન્તુ ભગવત્સેવામાં પણ કંઈ ને કંઈ અસુવિધા થતી હતી. આ કારણે શ્રીમહાપ્રભુજીએ ભગવાનના નામાત્મકસ્વરૂપ શ્રીભાગવતના ગહન સમુદ્રમાંથી ચિન્તામણિ રત્ન જેવાં એક સહસ્ર નામોનું સમુદ્ધરણ કર્યું, અને પોતાના જ્યેષ્ઠ પુત્રને પ્રદાન કર્યું.

આ ભગવન્‌ના નામોનું ચિન્તન અને પાઠ કરવાથી શ્રીભાગવતમાં વર્ણવેલી બધી લીલાઓનું ચિન્તન અને પઠન પ્રાપ્ત થઈ જાય છે. શ્રીમહાપ્રભુ આજ્ઞા કરે છે કે જે કોઈ પણ વ્યક્તિ શ્રદ્ધાપૂર્વક ચિત્તને એકાગ્ર કરીને આ નામોના અર્થોનું અનુસન્ધાન કરતાં-કરતાં આ ભગવન્નામોનો પાઠ કરશે તેને ભગવાન્ શ્રીગોવિન્દના ચરણોની પ્રાપ્તિ થશે જ. શ્રીકૃષ્ણમાં ભક્તિ વધારવાને માટે પણ આ નામોનું ચિન્તન-પઠન ઉપયોગી સિદ્ધ થાય છે. આ શ્રીપુરુષોત્તમનામસહસ્રમ્ ગ્રન્થનો પાઠ શ્રીભાગવતના પાઠની જેમ જ સમજવો જોઈએ :

**''સહસ્રં યૈસ્તુ પઠિતઃ પઠિતં સ્યાત્ શુકામૃતમ''.**

## ત્રિવિધનામાવલી :

પરમાત્મામાં અનન્ત ગુણધર્મ છે તથા પોતાના અનન્ત રૂપોમાં પરમાત્મા અનન્ત લીલાઓ પ્રકટ કરે છે. એમાં કેટલાક ગુણધર્મ, રૂપ તથા લીલા માહાત્મ્યજ્ઞાન વધારનારા હોય છે અને કેટલાક સ્નેહને સુદઢ કરનારાં હોય છે.

જેવી રીતે અહન્તાસ્પદ દેહમાં અને તે દેહના સમ્બન્ધવાળી બીજી બધી

મમતાસ્પદ વસ્તુઓમાં સ્નેહ આપણને આપણા આત્મામાં રહેલા સ્નેહને લીધે જોવાઈ જાય છે એવી રીતે આત્મામાં પ્રિયતાની અનુભૂતિનો વાસ્તવિક સ્રોત પરમાત્મા હોય છે. આથી જ આત્મા પ્રિય છે તો પરમાત્મા પરમપ્રિય છે. જેવી રીતે દેહમાં આત્મા છે તેવી જ રીતે આત્માની અન્દર પરમાત્માની સ્થિતિ છે. આથી તેને આત્માનો પણ આત્મા માનવામાં આવે છે. આત્માના પણ આત્મા હોવું તે એના પ્રત્યે સ્નેહને વધારવાવાળું એનું રૂપ છે. દેહોમાં આત્મા જુદા-જુદા હોય છે. પરન્તુ બધા આત્માઓમાં રહેલો પરમાત્મા એક અભિન્ન તત્ત્વ છે. આ જ એની પરમતા કે મહત્તા છે. આ એનું પ્રથમ માહાત્મ્ય છે. આથી જ વિજ્ઞાનમય આત્માની અંદર આનન્દમય પરમાત્માની સ્થિતિ ઉપનિષદ્ બતાવે છે.

ઉપનિષદોમાં જગતની ઉત્પતિ, સ્થિતિ તથા પ્રલય ના કારણરૂપ પરમાત્માને 'બ્રહ્મ' કહેલ છે. આ ત્રણ જાતની લીલાઓનું વર્ણન શ્રીમદ્ભાગવત્માં સર્ગ-વિસર્ગ-સ્થાન-પોષણ-ઊતિ-મન્વન્તર-ઈશાનુકથા-નિરોધ-મુક્તિ અને આશ્રય ના રૂપમાં દશધા થયું છે. તે આપણે જોઈ ગયા છીએ. એમાં કેટલીક લીલા ઉત્પત્તિરૂપ અને કેટલીક લીલાઓ સ્થિતિરૂપ અને કેટલીક લીલાઓ પ્રલયરૂપ છે. શ્રુતિમાં વર્ણિત બ્રહ્મની લીલાઓનું જ ભાગવત્માં ભગવાન્ની દશવિધ લીલાઓના રૂપમાં વિવેચન થયું છે. ઉત્પત્તિ તથા પ્રલયની લીલાઓ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણની બાબતમાં આપણને વાસ્તવિક માહાત્મ્યનું જ્ઞાન પ્રદાન કરે છે. તથા સ્થિતિની લીલાઓ શ્રીકૃષ્ણ પ્રતિ આપણા સ્નેહને સુદઢ કરે છે. સ્થિતિલીલાનો ચરમોત્કર્ષ(ક્લાઈમેક્સ) શ્રીમદ્ભાગવતના દશમસ્કન્ધમાં નિરોધલીલાના રૂપમાં વર્ણિત થયેલ છે. આથી પરમાત્મા અને જીવાત્મા ની વચ્ચે રહેલા સહજ સ્નેહનું દશમસ્કન્ધમાં ચરમોત્કર્ષ વર્ણન થયું છે.

શ્રીપુરુષોત્તમનામસહસ્રમાં શ્રીમહાપ્રભુએ જેવી રીતે સમગ્ર ભાગવતમાંથી દશવિધ લીલાઓનું નિરૂપણ કરવાવાળાં નામોનું સંકલન કર્યું છે તેવી રીતે જ ત્રિવિધનામાવલીમાં કેવળ દશમસ્કન્ધની ભગવદ્લીલાઓનો અવગાહન કરવાવાળાં ભગવન્નામો સંકલિત કર્યા છે. દશમસ્કન્ધમાં ભગવાન્ શ્રીકૃષ્ણની બાલલીલા, પ્રૌઢલીલા તથા રાજલીલા નું વર્ણન થયું છે. સ્નેહાત્મિકા ભક્તિની પણ શ્રીમહાપ્રભુ ત્રણ અવસ્થા સ્વીકારે છે :

૧. પ્રેમ
૨. આસક્તિ અને
૩. વ્યસન.

આ ત્રિવિધનામાવલી, જેમાં પરમાત્માના ભક્તોની વચ્ચે નિરુદ્ધ થવાની લીલાઓનું વર્ણન છે તેના ચિન્તન-પઠનથી જીવાત્મામાં પ્રેમાસક્તિ-વ્યસનના ક્રમિક સોપાનો પર ભક્તિ આરૂઢ થાય છે. અને ભક્ત પ્રપઞ્ચને ભૂલી જઈ ભગવાન્‌માં આસક્ત થઈ જાય છે, નિરુદ્ધ થઈ જાય છે.

**બાલલીલાનામપાઠાત્ શ્રીકૃષ્ણે પ્રેમ જાયતે ।**
**આસક્તિઃ પ્રૌઢલીલાયાઃ નામપાઠાદ્ ભવિષ્યતિ ।।**
**વ્યસનં કૃષ્ણચરણે રાજલીલાભિધાનતઃ ।**
**તસ્માદ્ નામત્રયં જાપ્યં ભક્તિપ્રાપ્તીચ્છુભિસ્સદા ।।**

તા.૧૦।૧૦।૮૪ **ગો. શ્યામ. મનોહર**

# ।। ઉપોદ્‌ઘાત ।।

## ભદ્રશંકર જયશંકર શાસ્ત્રી

રસનો મહાનિધિ, રસનો મહોદધિ ( મહાસાગર ) તો ખરેખર શ્રીમદ્ભાગવત જ. જેણે શ્રીમદ્ભાગવતમાં રહેલા દિવ્ય ભગવદ્રસનું પાન કર્યું, એટલે હદ થઈ ગઈ. પછી કાંઈ પણ અવશિષ્ટ જ્ઞેય રહેતું જ નથી. તેથી જ જગતના કલ્યાણમાટે જ કેવલ પ્રવૃત્ત થયેલા શ્રીવ્યાસચરણ 'પિબત ભાગવતં રસમાલયમ્' એમ ભાવુક ભગવદીયોને ભગવદ્રસપાન કરાવવાનો ઉપદેશ કરી રહ્યા છે, તે અક્ષરશઃ સત્ય જ છે. ભલે, બહિર્મુખવૃત્તિવાળાઓને તેમ ન લાગે, ભલે તેમાં તે અનેક દૂષણોનું દિગ્દર્શન કરે પરન્તુ તેવાઓને અમે જણાવીએ છીએ કે : જરા બહુવૃત્તિને દૂર કરી શ્રીભાગવતના અક્ષરેઅક્ષર ઉપર વિચાર કરો. ઉપર-ઉપર શબ્દાર્થનું અવલોકન કરવાથી તેનો ગૂઢ ભગવદ્રસ હસ્તગત નથી થતો. અરે! જેનો શબ્દાર્થ જ સ્પષ્ટ સમજવો મુશ્કેલ છે, તો તેમાં રહેલા ગૂઢ ભાવોને સમજવામાં કેટલા પ્રયાસની જરૂર છે : કોઈપણ વસ્તુને જોયા સિવાય, સમ્પૂર્ણ જાણ્યા સિવાય તેનો એકદમ મત બાંધવો એ કેટલું સાહસ છે? સંસ્કૃતજ્ઞ વિદ્વાનો કહે છે કે : ''વિદ્યાવતાં ભાગવતે પરીક્ષા'' એ બરોબર જ છે. વારંવાર ભાગવતનું અધ્યયન કરવામાં આવે ત્યારે તેનું તાત્પર્ય ભગવત્કૃપા થયે અવગત થાય છે. તેમાં પણ દૃઢ શ્રદ્ધાની જરૂર છે. ''ભક્ત્યા ભાગવતં ગ્રાહ્યં ન બુધ્યા ન ચ ટીકયા'' ભાગવત્ શાસ્ત્રનો યથાર્થ અર્થ સમજવામાં પણ ભક્તિની ખાસ જરૂર છે. સર્વ સ્થળેથી ચિત્તવૃત્તિને રોકી કેવલ ભગવતશાસ્ત્રના વિચારમાં હૃદયની તલ્લીનતા થાય ત્યારે જ તેમાં પ્રવેશ થઈ શકે છે. ત્યારે જ તેનો ગમ્ભીરભાવ અન્તરમાં સ્ફુરે છે. નહીંતો નહિ જ. અસ્તુ.

શ્રીમદ્ભાગવતશાસ્ત્ર રસનો મહાનિધિ રસનો મહોદધિ કેમ ન હોય? ''રસો વૈ સઃ'' આપ ભગવાન્ જ રસરૂપ છે એમ શ્રુતિ ગાન કરે છે, જ્યારે પોતે પ્રભુ જ રસમય છે તો જેમાં તેમના જ ગુણાનુવાદો ગાયેલા છે, એવું શ્રીભાગવત તે રસમય-રસરૂપ હોય જ એમાં કાંઈ જ આશ્ચર્ય નથી. આ રસ કંઈ લૌકિકમાં જોવામાં આવતો ઈન્દ્રિયગ્રાહ્ય રસ નથી, કિન્તુ દિવ્ય-અલૌકિક ઈન્દ્રિયોથી અગ્રાહ્ય અનવધિ આનન્દમય છે. લૌકિકમાં જોવામાં આવતો રસ તો ઈન્દ્રિયગ્રાહ્ય હોવાથી રસાભાસ છે. અને તે પરિણામે દુઃખપ્રદ હોવાથી સર્વથા ત્યાજ્ય છે. પરન્તુ આ ભગવદ્રસ પરમ સેવનીય છે. અલંકાર શાસ્ત્રમાં કાવ્યાદિમાં જોવામાં આવતા રસો પણ આ દિવ્ય રસની છાયા માત્ર જ છે. આવા ઉત્તમ કક્ષાના ભગવદ્રસમાં જેમનો અભિનિવેશ નથી તેઓ રસરૂપ પ્રભુ કહેવાથી અન્ય લૌકિક ભાવનાઓ પ્રભુમાં માની લે છે, પણ તેવું લેશ પણ નથી. વેદ, ગીતા અને વ્યાસસૂત્ર માં સ્પષ્ટ રીતે

'આનન્દઘન' 'રસઘન' ભગવાનને વર્ણવ્યા છે. એ જ રસરૂપ રાસેશ્વર ગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણચન્દ્રનું નિરૂપણ પુષ્ટિમાર્ગમાં કર્યું છે. એ જ પરમ ભજનીય છે. રાસવલ્લભ શ્રીગોપાંગનાઓ એ લૌકિક સ્ત્રીજનો નથી પરન્તુ અલૌકિક દિવ્ય રસરૂપ આનન્દરૂપ જેમનાં હસ્તપાદાદિ શ્રીઅંગો છે એવાં શ્રીવ્રજસીમન્તિનીઓ છે. તે સર્વ ભગવન્મય જ છે. તરંગ સાથે રમણ કરી રહેલો સાગર જેમ તરંગોથી ભિન્ન નથી, તેમ શ્રુતિરૂપ મુનિરૂપા વ્રજરમણીઓ ભગવાન્‌થી ભિન્ન નથી. તરંગો તથા સાગર જેમ જલમય જ છે, તેમ શ્રીગોપીજનો અને રાસેશ શ્રીગોકુલચન્દ્ર એ સર્વ આનન્દમય રસમય જ છે. એમાં લેશમાત્ર પણ લૌકિકતાનો સંચાર નથી. રાસેશ્વર પ્રભુની રસપૂર્ણતા સર્વથા સર્વસિદ્ધ છે. માટે જ તે રસ ઈન્દ્રિયગ્રાહ્ય નહિ પણ ભગવદનુગ્રહથી જ ગ્રાહ્ય બની શકે છે. તેવા ભગવાન્‌ના અનુગ્રહનું નામ જ પુષ્ટિ છે. તે દિવ્ય રસનું પદે-પદે ભાગવતશાસ્ત્રમાં સ્થાપન કરેલું. માટે જ એ શ્રીમદ્ભાગવત એમ કહેવાય છે. અને તેથી શ્રીવ્યાસચરણ ભગવદ્રસને પાન કરવાનું જણાવે છે.

ભગવાન્‌ના ગુણાનુવાદો ભગવાન્‌થી પૃથક્ નથી. એ પ્રભુનું જ નામ-સેવામાટે. નામ સેવા એ આપ ભગવાન્‌ની જ સેવા છે. શ્રીમદ્ભાગવત ભગવન્નામાત્મક હોવાથી જ ભગવદ્રૂપ, રસરૂપ આનન્દમય છે. માટે તેનો પાઠ થવાથી પણ ભગવાન્‌નું જ આરાધન થાય છે, આનન્દમય રસમય પ્રભુનું જ સેવન થાય છે.

ભગવાન્ નિજસ્મરણાર્થે અનન્તલીલાઓને ધારણ કરે છે. ''સ એકાકી ન રમતે, સ દ્વિતીયમૈચ્છત્'' વગેરે શ્રુતિઓ પ્રભુની રમણેચ્છા સ્પષ્ટ રીતે ઉપદેશે છે. એટલે આપ ''એકો અહં બહુ સ્યામ્'' એમ બહુરૂપે થવાની પ્રતિજ્ઞા કરી એકના બહુરૂપે થયા; અનેક લીલાઓ-રચનાઓ આપે ધારણ કરી. તે અનન્ત ભગવલ્લીલાઓમાં મુખ્ય દશ લીલાઓ છે. સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રય.

સર્વ મહદાદિ તત્ત્વોની ઉત્પત્તિ એ 'સર્ગ' કહેવાય. તેના અધિકાર, ગુણાતીત, સગુણ, કાલ, જીવ અને તત્ત્વ એવાં છ પ્રકારનાં પ્રકરણો છે. બ્રહ્મના ગુણોનું વૈષમ્ય થઈ બનેલી પુરુષસમ્બન્ધી સૃષ્ટિ એ વિસર્ગ છે. તેના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એવાં ચાર પ્રકરણો છે. સૃજેલા પદાર્થોને નિયમમાં રાખવા સારું જે વૈકુણ્ઠપ્રભુનો વિજય એને 'સ્થિતિ' કહે છે. તેના દેશ, કાલ અને સ્વપ્ન એવા ત્રણ ભેદ છે. ભગવાન્‌નો અનુગ્રહ એને 'પોષણ' અથવા પુષ્ટિ કહે છે. તેના નામ, ધ્યાન અને અર્ચન એવા ત્રણ ભેદો છે. કર્મની વિવિધ વાસનાઓને 'ઊતિ' કહેવાય છે. તેના

અસદ્ભાસના, સદ્ભાસના અને સદસદ્ભાસના એવા ત્રણ પ્રકારો છે. સર્વ મનુઓનું કથન એ મન્વન્તર છે. તેના તામસ, રાજસ, સાત્ત્વિક અને ભક્તિ એવા ચાર પ્રકારો છે. ભગવદવતારોના ચરિતો તથા ભગવદીયોનાં આખ્યાનોને 'ઈશાનુકથા' કહે છે, એનાં મર્યાદા, અને પુષ્ટિ એવાં બે પ્રકરણો છે. આ જીવાત્માનો સર્વ શક્તિઓ સહિત પ્રભુમાં લય-એક નિષ્ઠા થવી તે 'નિરોધ' છે. એનાં જન્મ, તામસ, રાજસ, સાત્ત્વિક અને ગુણપ્રકરણ એમ પાંચ પ્રકરણો છે. તે પાંચ પ્રકરણોમાંથી સાત્ત્વિક, રાજસ તથા તામસ પ્રકરણના એક-એકના પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ એવાં ચાર પ્રકરણો છે. અન્ય સર્વ વિસારી ભગવાન્‌માં સ્થિતિ કરવી એનું નામ 'મુક્તિ' છે. એનાં જીવમુક્તિ અને બ્રહ્મમુક્તિ એવાં બે પ્રકરણ છે. તથા પરબ્રહ્મ પરમાત્મા એમ જેનું કથન કરવામાં આવે છે એવું અક્ષરબ્રહ્મ એ જ આશ્રય છે. તેનાં લોકાશ્રય, વેદાશ્રય, ભગવદાશ્રય, શબ્દાશ્રય અને અર્થાશ્રય એમ પાંચ પ્રકરણ છે. એ રીતે પ્રકરણો તથા તેના અવાન્તર પ્રકરણો સહિત સર્ગાદિ દશે લીલાયુક્ત આપ શ્રીભગવાન્ ભાગવતમાં વિરાજે છે. તૃતીયસ્કન્ધથી કે દ્વાદશસ્કન્ધ સુધી અનુક્રમે એક-એક લીલા દર્શાવવામાં આવેલી છે. પ્રથમ સ્કન્ધમાં અધિકારલીલા અને દ્વિતીય સ્કન્ધમાં જ્ઞાનલીલા વર્ણવી છે. અધિકારલીલાનો હીન, મધ્યમ અને ઉત્તમ એમ ત્રણ ભેદ છે અને જ્ઞાનલીલાના તત્ત્વધ્યાન, હૃદયપ્રાસાદ અને મનન એમ ત્રણ ભેદ છે. અધિકારલીલા અને જ્ઞાનલીલા એ દશે લીલાના કારણભૂત હોવાથી તેનાથી પૃથક્-જુદી નથી એમ મળી બારે સ્કન્ધયુક્ત શ્રીમદ્ભાગવત શાસ્ત્ર એ પોતે શ્રીભગવાન્ જ છે.

શ્રુતિમાં ''દ્વાદશો હ વૈ પુરુષઃ'' ''દ્વાદશાત્મા વૈ પુરુષઃ'' એમ પુરુષ-શ્રીપુરુષોત્તમના દ્વાદશસ્કન્ધો છે. તેમાં અધિકારલીલા જણાવનાર પ્રથમસ્કન્ધ એ ભગવાન્‌નું દક્ષિણ-જમણું ચરણારવિન્દ છે. જ્ઞાનલીલા દર્શાવનાર દ્વિતીયસ્કન્ધ વામ-ડાબું ચરણકમલ છે, સર્ગ લીલાને કથનાર તૃતીયસ્કન્ધ દક્ષિણ બાહુ છે, વિસર્ગલીલાનું વર્ણન કરનાર ચતુર્થ સ્કન્ધ વામ બાહુ છે, સ્થાનલીલા પ્રકાશ કરનાર પઞ્ચમસ્કન્ધ પાછલો કટિભાગ છે, પોષણ અથવા પુષ્ટિલીલાનું પોષણ કરનાર ષષ્ઠ સ્કન્ધ ઉદર છે, ઊતિલીલાને ઉપદેશનાર સપ્તમ સ્કન્ધ વામ ભુજા છે, મન્વન્તરલીલાને ગાનાર અષ્ટમ સ્કન્ધ એક સ્તન છે, ઈશાનુકથાલીલાને કથન કરનાર નવમ સ્કન્ધ બીજો સ્તન છે, નિરોધલીલાને સ્પષ્ટ કરનાર દશમસ્કન્ધ હૃદય છે, મુક્તિલીલાને વ્યક્ત કરનાર એકાદશ સ્કન્ધ મસ્તક છે અને આશ્રયલીલાનો આશ્રય કરનાર દ્વાદશ સ્કન્ધ દક્ષિણ ભુજા છે. વામ ડાબો ભુજ ભક્તોને નિજસન્નિધાનમાં આહ્‌વાન કરવાને આપે ઊંચો કરેલો હોવાથી તે મસ્તકથી પણ ઉચ્ચ પ્રદેશમાં વિરાજે છે. માટે આશ્રયલીલા દર્શાવનાર દ્વાદશસ્કન્ધને વામ ભુજ કહે

છે. ઉપર પ્રમાણે દ્વાદશાત્મા પુરુષ ગોવર્દ્ધનધર શ્રીકૃષ્ણચન્દ્રરૂપ જ શ્રીમદ્ભાગવત શાસ્ત્ર છે. માટે ભગવન્નિષ્ઠ ભગવદીયોએ એનો નિરન્તર પાઠ કરવો એ ખાસ આવશ્યક છે. શ્રીમહાભાગવતનો પાઠ કરવાથી સ્વરૂપાત્મક સેવા અને નામાત્મક સેવા એમ બન્ને સેવા સિદ્ધ થાય છે. શ્રીકૃષ્ણ જેમ ફલરૂપ છે તેમ શ્રીભાગવત પણ ફલરૂપ છે. એટલા માટે ''નિગમકલ્પતરોર્ગલિતં ફલમ્'' એમ શ્રીદ્વૈપાયનવ્યાસજી સકલ વેદરૂપ કલ્પતરુના ફલરૂપે શ્રીમદ્ભાગવતને જણાવે છે, એટલે તેનું સેવન કરવું એ સર્વોત્તમ છે.

સમજપૂર્વક મૂલ શ્રીભાગવતનો પાઠ કરવો એ સામાન્ય અધિકારીઓને માટે ઘણું જ કઠિન છે. નિયમપૂર્વક મૂલપાઠ જ કરવો દુર્ઘટ છે તો સમજપૂર્વક પાઠ તો વળી ક્યાંથી જ થઈ શકે? માટે હીનાધિકારીઓને તેનો પાઠ સુલભ રીતે થાય અને તેટલું જ ફલ મળી શકે એવા હેતુથી આચાર્યચરણ શ્રીવલ્લભાગ્નિએ શ્રીભાગવતના બારે સ્કન્ધોના ભાવને યથાર્થ સૂચવનારાં ભગવાન્નાં એકહજાર નામો પ્રકટ કરેલાં છે. એને શ્રીપુરુષોત્તમસહસ્રનામસ્તોત્ર કહે છે. તે નામનો નિરન્તર પાઠ કરવાથી હૃદયમાં ભગવચ્ચરિત્રોનું સ્પષ્ટ રીતે સ્ફુરણ થાય એ ભાગવત્નો પાઠ થયા બરોબર જ છે. તેમ છતાં વખતે આખા ભાગવત્નું ટૂંક સારરૂપે યોજેલા ભગવન્નામોનો આશય પણ સમજાય નહિ, એમ જાણી કરુણાનિધિ શ્રીરઘુનાથજીએ તે નામો ઉપર 'નામચન્દ્રિકા' નામક ટીકાની યોજના કરી, તેનો અર્થ ખુલ્લે ખુલ્લો શ્રુતિસ્મૃતિનાં પ્રમાણો આપી, સંસ્કૃત ભાષામાં સ્પષ્ટ રીતે સમજાવી આપ્યો છે. સંસ્કૃત નહિ જાણનારાઓને અનુકૂલ પડે અને તેનો સમ્પૂર્ણ લાભ લઈ શકે એવા હેતુથી તે જ નામચન્દ્રિકા ટીકાને અનુસરી આપ વૈષ્ણવો સમક્ષ આ ગુજરાતી અનુવાદ રજૂ કરતાં મને ઘણો જ આનન્દ થાય છે. જેવી મનની ઊર્મિઓથી અને જેવા આશયથી ભગવદિચ્છાએ આ અનુવાદ કરવામાં યથામતિ યથાશક્તિ પ્રયત્ન કર્યો છે તેનો આપ સર્વ ભગવદીય બન્ધુઓ તેવી જ હૃદયોર્મિથી અને તેવા જ આશયથી જો આદર કરશો તો હું મારા આ પ્રયત્નને સફલ થયેલો સમજીશ.

અષાઢ શુક્લ ૩, શુક્રવાર<br>રથયાત્રા સં. ૧૯૭૩

**શ્રીભદ્રશંકર જયશંકર શાસ્ત્રી**<br>મનીઆર વાડો-ખમ્ભાત

# || અનુક્રમણિકા ||

## શ્રીપુરુષોત્તમનામસહસ્રસ્તોત્ર


| | |
|---|---|
| સ્કન્ધ ૧. | ૦૧ |
| સ્કન્ધ ૨. | ૪૮ |
| સ્કન્ધ ૩. | ૫૭ |
| સ્કન્ધ ૪. | ૮૮ |
| સ્કન્ધ ૫. | ૧૧૩ |
| સ્કન્ધ ૬. | ૧૩૮ |
| સ્કન્ધ ૭. | ૧૫૨ |
| સ્કન્ધ ૮. | ૧૬૬ |
| સ્કન્ધ ૯. | ૧૮૭ |
| સ્કન્ધ ૧૦. | ૨૦૪ |
| સ્કન્ધ ૧૧. | ૨૬૪ |
| સ્કન્ધ ૧૨. | ૨૭૧ |


## ત્રિવિધલીલાનામાવલી


| | |
|---|---|
| બાલલીલાનામાવલી | ૨૮૧ |
| પ્રૌઢલીલાનામાવલી | ૩૨૧ |
| રાજલીલાનામાવલી | ૩૭૮ |

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત

# ॥ શ્રીપુરુષોત્તમનામસહસ્રમ્ ॥

શ્રીરઘુનાથચરણ વિરચિત 'નામચન્દ્રિકા' વિવૃતિનો ગુજરાતી અનુવાદ

**અનુવાદક : ગો.વા.શ્રીભદ્રશંકર જયશંકર શાસ્ત્રી, ખંભાત.**

**વ્રજસ્ત્રી-વિપ્રયોગાગ્નિ-શમનાય ય ઉત્થિતઃ ।**
**દિનાન્તે-ऽદ્ભુતજીમૂતઃ તચ્છાયાસ્તુ સદા મયિ ॥૧॥**
**આચાર્યચરણ-દ્વન્દ્વં ભક્તિજ્ઞાનાબ્જ-ભાસ્કરમ્ ।**
**નમસ્યામિ મનઃકર્મ-વાગ્ભિરન્તસ્તમોપહમ્ ॥૨॥**
**યત્ કૃપાદષ્ટિવૃષ્ટેન દૈવદગ્ધોऽપિ તત્ક્ષણાત્ ।**
**પ્રરોહતિ નિજેચ્છાભિ : તં વન્દે કમપીશ્વરમ્ ॥૩॥**

અર્થ : વ્રસુન્દરી શ્રીગોપીજનોના મહાન્ વિરહાગ્નિને શાન્ત કરવા સાયંકાલ સમયે પ્રકટ થતા અદ્ભુત [1]મેઘની (અર્થાત્ વૃન્દાવનમાંથી વ્રજમાં પ્રવેશ કરતા અદ્ભુત વેશધારી મેઘશ્યામ શ્રીકૃષ્ણની) છાયા-કૃપા મારા ઉપર નિરન્તર રહો ॥૧॥

[2]ભક્તિ અને જ્ઞાનરૂપ કમળોને ખીલવનાર સૂર્ય સરખા, અન્તરના અન્ધકારનો નાશ કરનારા શ્રીમહાપ્રભુજી શ્રીમદ્વલ્લભાચાર્યજીનાં ચરણકમલ યુગલને મન વાણી અને કર્મ થી નમન કરું છું ॥૨॥

---

૧.સાયંકાલના સમયમાં, મેઘ-વાદળ કાળું, રાતું અને પીળું (સુવર્ણ રંગનું) છે તેમ શ્રીકૃષ્ણ પણ શ્યામ, પીળું રાતું મિશ્ર અર્થાત્ સુવર્ણ રંગનું પીતામ્બર ધારણ કરનાર છે. અને સાયંકાળના સમયે ગોધન ચરાવી ગોકુળમાં પ્રવેશ કરે છે. આ પ્રમાણે શ્રીકૃષ્ણ તથા મેઘની તુલ્યતા કરવામાં શ્રીરઘુનાથચરણોએ અદ્ભુત ચાતુર્ય દાખવ્યું છે.

૨.જ્ઞાનરૂપ કમલને ખીલાવનાર શ્રીમહાપ્રભુજીનું જમણું ચરણ છે. અને ભક્તિરૂપ કમળને પ્રફુલ્લ કરનાર ડાબા ચરણકમળોનો વિકાસ સૂર્યથી થાય છે, શ્રીમદાચાર્યચરણ બન્ને માર્ગના પ્રવર્તક હોવાથી તેમને જ્ઞાન અને ભક્તિ માર્ગના સૂર્ય કહ્યા.

૩.અગ્નિથી બળી ગયેલું બીજ ફરીથી ઉગે જ નહિ. તેમ જન્મજન્માન્તરોનાં પાપમય પ્રારબ્ધરૂપ અગ્નિથી ભુંજાઈ ગયેલું ભક્તિરૂપ બીજ કોઈ પણ સમયે ઉગી નવપલ્લવિત થઈ શકે નહિ. છતાં શ્રીરઘુનાથજી ઉપદેશે છે કે જેમની કૃપાદષ્ટિની વૃષ્ટિથી તો બળેલું બીજ પણ સારી રીતે અંકુરોવાળું થાય છે, તેવા ઈશ્વરને વન્દન કરું છું. તે ઈશ્વર અન્ય કોઈ નહિ પણ પોતાના પિતૃચરણ શ્રીગુસાંઈજી જ છે. સ્પષ્ટ નામ નહિ કહેવાનું કારણ

અનેક જન્મના પ્રારબ્ધરૂપ[3] અગ્નિથી બળી ગયેલો હોય તો પણ જેમની કૃપાદષ્ટિરૂપ અમૃતવૃષ્ટિવડે તત્કાલ જ ઉગે છે; નવપલ્લવિત બને છે તેવા કોઈ સમર્થ પ્રભુને હું વન્દન કરું છું ।।૩।।

વેદ, ગીતા અને બ્રહ્મસૂત્ર એ ત્રણે પ્રસ્થાનમાં કાંઈ પણ સંશય થાય તો તેનું નિવારણ શ્રીમદ્ભાગવતથી જ થાય છે. માટે વ્યાસચરણ ''નિગમકલ્પતરો: ગલિતં ફલમ્'' શ્રીમદ્ભાગવતને સકલવેદરૂપ કલ્પવૃક્ષનું ફલ કહે છે. પ્રત્યેક વૈષ્ણવોએ શ્રીમદ્ભાગવત ફલાત્મક તેમ [4]ભગવત્સ્વરૂપ હોવાથી, તેનો સમ્પૂર્ણ પાઠ કરવાની અતિ આવશ્યક છે, એમ સર્વ ભક્તજનોનો ભાવ સિદ્ધ છે. એમની ઈચ્છા પૂર્ણ કરવાને શ્રીમદાચાર્યચરણે ભાગવતમાંથી પૃથક્-પૃથક્ રૂપે સહસ્રનામ પ્રકટ કર્યા. તેનો પાઠ કરવાથી શ્રીમદ્ભાગવતનો સમ્પૂર્ણ પાઠ થાય છે. તેમ શ્રીપુરુષોત્તમની [5]દશે લીલાઓનું અનુસન્ધાન પણ રહે છે. એવા કારણોથી શ્રીપુરુષોત્તમ[6]વદન વૈશ્વાનર શ્રીમદ્વલ્લભાધીશ્વર આ ગ્રન્થનો પ્રારમ્ભ કરે છે.

(શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્રનો પ્રારમ્ભ)

**પુરાણ-પુરુષો વિષ્ણુઃ પુરુષોત્તમ ઉચ્યતે ।**
**નામ્નાં સહસ્રં વક્ષ્યામિ તસ્ય ભાગવતોદ્ધૃતમ્ ।।૧।।**

પુરાણપુરુષ જે મહાવિષ્ણુ તે પુરુષોત્તમ કહેવાય છે, તે શ્રીપુરુષોત્તમનાં ભાગવતમાંથી ઉદ્ધારેલાં એકહજાર નામ કહું છું ।।૧।।

ગ્રન્થના આરમ્ભમાં મંગલાચરણ કરવું એ પ્રાચીન શિષ્ટજનોની પ્રણાલિકા છે. મંગલાચરણ ત્રણ પ્રકારે કરવામાં આવે છે : એક આશીર્વાદાત્મક, બીજું નમસ્કારાત્મક, અને ત્રીજું વસ્તુનિર્દેશાત્મક. આ ગ્રન્થનું નામ 'પુરુષોત્તમનામસહસ્ર' છે. પુરુષોત્તમ એટલે શું? એમ જીજ્ઞાસા થાય તે સ્વાભાવિક છે. શ્રીપુરુષોત્તમનું

---

તેમની પિતા ઉપરની પ્રેમમયી અખણ્ડ ભક્તિ જ છે.

૪. શ્રીમદ્ભાગવત શ્રીપુરુષોત્તમસ્વરૂપ જ છે. એ વિષે વિશેષ જીજ્ઞાસા થાય તો પ્રસ્તાવના વાંચો.

૫. દશ લીલાઓ : સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ, આશ્રય. પ્રસ્તાવનામાં એ સમ્બન્ધમાં જણાવ્યું છે તે વાંચવું.

૬. શ્રીપુરુષોત્તમનું મુખ એ અગ્નિસ્વરૂપ છે. અને તે જ અલૌકિક અગ્નિરૂપ પોતે શ્રીવલ્લભાચાર્યજી છે. ભૂતળપર દૈવી જીવોનો ઉદ્ધાર કરવા તેમનું પ્રાકટ્ય થયેલું છે. પરમાત્માનું મુખ અગ્નિ એ સમ્બન્ધમાં શ્રુતિ, સ્મૃતિ, ગીતામાં સ્પષ્ટ કથન કરવામાં આવ્યું છે, પ્રસ્તાવનામાં તે સમ્બન્ધી સહેજ ઈશારો કરવામાં આવ્યો છે.

સ્વરૂપ શ્રુતિ, સ્મૃતિ અને શાસ્ત્રો માં પ્રસિદ્ધ છે. છતાં કેટલાક આચાર્યોએ વેદાદિના ઉલટા અર્થ કરેલા હોવાથી લોકોના જાણવામાં તે સ્વરૂપ આવેલું નહિ. માટે જ શ્રીમહાપ્રભુજીએ પ્રકટ થઈને પુરુષોત્તમના સ્વરૂપનો પ્રકાશ કર્યો. આ ગ્રન્થમાં પુરુષોત્તમનાં જ નામો હોવાથી પુરુષોત્તમ એટલે શું? તે સંક્ષેપમાં દર્શાવે છે. ''દ્વાદશો હ વૈ પુરુષઃ''(બાર અંગયુક્ત પુરુષ છે) ઈત્યાદિ શ્રુતિમાં તેમ ''પુરુષઃ સ પરઃ પાર્થ !'' (હે અર્જુન! તે પુરુષ તો સર્વથી ઉત્તમોત્તમ છે) ''અતો અસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ'' (એથી હું લોકમાં અને વેદમાં પુરુષોત્તમરૂપે પ્રસિદ્ધ છું) ''અક્ષરાદપિ ચોત્તમઃ'' (અક્ષર બ્રહ્મથી પણ હું ઉત્તમ છું) વગેરે ગીતાવાક્યમાં પ્રસિદ્ધ જે પુરુષ તે પુરુષોત્તમ, તે જ વિષ્ણુ છે. વિષ્ણુ એટલે ક્ષીર સમુદ્રમાં શેષનાગ ઉપર પોઢનાર, સત્ત્વગુણાધિષ્ઠતા નહિ પણ તે વિષ્ણુ જેના અંશ છે એવું જે અક્ષરબ્રહ્મ અને તેના જે સ્વામી તે પુરુષોત્તમ છે. માટે આ સ્થળે 'વિષ્ણુ' શબ્દનો અર્થ વ્યાપક કરવો. અર્થાત્ બહાર અને અન્દર આનન્દૈક રસથી જેનું શ્રીઅંગ વ્યાપક છે, એવા વિષ્ણુ તે પૂર્ણ પુરુષોત્તમ તેમનાં નામો આ ગ્રન્થમાં કહ્યાં છે, તે નામો શ્રીમદ્ભાગવતના આધારે કહેવાનું કારણ એટલું જ કે શ્રીમદ્ભાગવત પૂર્ણ પુરુષોત્તમસ્વરૂપ છે. પુરુષોત્તમનાં બાર અંગોમાં શ્રીભાગવતના બારે સ્કન્ધો રહેલા છે, તેથી જ તેમાંથી પુરુષોત્તમનાં નામો મહાપ્રભુજી પ્રકટ કરે છે.

પુનઃ શ્રીપુરુષોત્તમનું મહાત્મ્ય દર્શાવી હવે તેમને નમન કરે છે.

**યસ્ય પ્રસાદાદ્ વાગીશાઃ પ્રજેશા વિભવોન્નતાઃ ।**

**ક્ષુદ્રા અપિ ભવન્ત્યાશુ શ્રીકૃષ્ણં તં નતોઽસ્મ્યહમ્ ।।૨।।**

જેમના અનુગ્રહથી તે જ ક્ષણે ક્ષુદ્ર જીવો પણ બૃહસ્પતિસમાન પણ્ડિત, પ્રજાના ઈશ-બ્રહ્મા અથવા રાજા સરખી સત્તાવાળા, ઘણા જ વૈભવવાળા બને છે, તે શ્રીકૃષ્ણને નમસ્કાર કરું છું ।।૨।।

પ્રથમ શ્લોકમાં વર્ણવેલા પુરુષોત્તમ તે જ કૃષ્ણ એમ આ શ્લોકમાં આપે સ્પષ્ટ કર્યું છે. ''મૂકં કરોતિ વાચાલમ્'' વગેરે પુરાણવાક્યો આ શ્લોકના ભાવને જ પુષ્ટિ આપે છે. સર્વજ્ઞતા અને સમૃદ્ધિને સર્વજનો ઈચ્છે છે. એ ત્રણે જેમના કૃપારૂપ કટાક્ષથી મળી જાય છે એવા પૂર્ણ પુરુષોત્તમને વન્દન, તે અતીવ કલ્યાણકર હોય એમાં શું આશ્ચર્ય !

લૌકિક ફલ બતાવ્યા સિવાય લોકોની રુચિ તે પર થાય નહિ, માટે આપે અલૌકિક માહાત્મ્યનું વર્ણન કરતાં પહેલા લૌકિક માહાત્મ્ય વર્ણવ્યું. શ્રીકૃષ્ણના અનુગ્રહથી તથા તેમની આજ્ઞાનું સ્ફુરણ થવાથી જ આપે આ કાર્ય કર્યું છે એમ પણ સૂચવે છે.

પ્રભુની લીલાઓ અનન્ત, તેમ નામોનું પણ અનન્તપણું છે.

**અનન્તા એવ કૃષ્ણસ્ય લીલા નામપ્રવર્ત્તિકાઃ ।**
**ઉક્તા ભાગવતે ગૂઢાઃ પ્રકટા અપિ કુત્રચિત્ ।।૩।।**

શ્રીકૃષ્ણના નામને પ્રવર્ત્તાવનારી લીલાઓ અનન્ત, અસઙ્ખ્ય છે, તે બધી શ્રીભાગવતમાં ગૂઢરૂપે કહેવામાં આવી છે. કોઈ ઠેકાણે તે પ્રકટ-ખુલ્લી પણ કહી છે.

નિબન્ધમાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "**રૂપ-નામવિભેદેન જગત્ ક્રીડતિ યો યતઃ**" ( રૂપ અને નામ એવા બે ભેદથી જગતરૂપે થઈને જેઓ ક્રીડા કરે છે ). પ્રભુ જગતમાં બે પ્રકારે એટલે સ્વરૂપથી અને નામથી ખેલે છે. જ્યારે પ્રભુ નિરન્તર રમણ કર્યા જ કરે છે, પ્રતિક્ષણે નવી-નવી લીલાઓ કરે છે, ત્યારે જેટલી આપની લીલાઓ તેટલાં આપનાં નામો છે. પ્રભુની અનન્ત લીલાઓનું વર્ણન શ્રીભાગવતમાં છે. પણ તે ગુપ્ત રીતે હોવાથી કોઈ જાણી શકે એમ નથી. પરન્તુ કોઈ-કોઈ ઠેકાણે જે પ્રગટ છે તે લીલાનુ પ્રતિપાદન કરનારા નામો મહાપ્રભુજી અહીં જણાવે છે.

**અતસ્તાનિ પ્રવક્ષ્યામિ નામાનિ મુરવૈરિણઃ ।**
**સહસ્રં યૈસ્તુ પઠિતૈઃ પઠિતં સ્યાત્ શુ કામૃતમ્ ।।૪।।**

એ હેતુથી મુરારિ-શ્રીકૃષ્ણનાં જે પ્રગટ નામો છે, તે સહસ્ર સઙ્ખ્યાથી કથન કરું છું. જે નામનો પાઠ કરવાથી શુકામૃત-શ્રીભાગવતનો પાઠ કર્યો કહેવાય.

ગૂઢ લીલાનું નિરૂપણ કરનારાં નામો ન કહેતાં કેવળ પ્રગટ લીલાનાં નામો જ વર્ણવે છે. આપ 'મુર'નામના દૈત્યના શત્રુ હોવાથી 'મુરવૈરી' વિશેષણ મૂક્યું. તે પ્રગટ લીલાઓમાંથી પણ હજાર જ નામ, વિશેષ નહિ એમ જણાવે છે. આ નામોનો પાઠ કરવાથી શ્રીશુકદેવજીના મુખમાંથી પ્રકટ થયેલા અમૃતમય શ્રીભાગવત તેનો પાઠ કરેલો ગણાય છે. શ્રીભાગવત્ શુકામૃત છે, એમ આરમ્ભમાં '**શુકમુખાદ્ અમૃતદ્રવ-સંયુતમ્**' એ પદમાં કહેલું છે.

શ્રીકૃષ્ણનામ મન્ત્રરૂપ છે. પુરાણોમાં કહ્યું છે કે : "**સંસાર-સર્પ-દંષ્ટસ્ય નષ્ટચેષ્ટૈક ભેષજં, કૃષ્ણેતિ વૈષ્ણવં મન્ત્રં શ્રુત્વા મુક્તો ભવેદ્ નરઃ**" "**મન્ત્રોઽપ્યેકઃ તસ્ય નામાનિ યાનિ**". "સંસારરૂપ સર્પે ડસેલો હોવાથી જે ચેતન વિનાનો શબ તુલ્ય બની ગયો છે, તેવા મનુષ્યનું ઔષધ 'કૃષ્ણ' એ ભગવન્મન્ત્ર છે તેને સાંભળીને મનુષ્ય મોક્ષ પામે છે, તે પરમાત્માના નામો એ જ મન્ત્ર છે" આ ઉપરથી કૃષ્ણનામ મન્ત્રરૂપ છે એમ સિદ્ધ થાય છે. આ ગ્રન્થ સ્તોત્રરૂપ છે, એટલે જેમાં ઘણાં નામો હોય તેને સ્તોત્ર કહેવાય. જેમ કે 'વિષ્ણુસહસ્રનામ' સ્તોત્ર પણ મન્ત્રાત્મક ગણાય છે. તેથી મન્ત્રની પેઠે સ્તોત્રમાં પણ ઋષિ, દેવતા, છન્દ, કવચ વગેરે હોવું જ

જોઈએ. આ પણ સ્તોત્રરૂપ હોવાથી ગ્રન્થના આરમ્ભમાં ઋષિ છન્દ વગેરે જણાવે છે. શ્રુતિમાં કહ્યું છે કે: ''**યો હ વા અવિદિતાર્ષે યચ્છન્દો દૈવતબ્રાહ્મણેન મન્ત્રેણ યજતિ યાજયતિ વા ઈતિ**'' ઋષિ, છન્દ અને દેવતા કહ્યા વિના કોઈ પણ મન્ત્રનું યજન-યાજન કરવામાં આવતું નથી. અને આવે છે તો દોષરૂપ મનાય છે. માટે જ ચાર શ્લોકોથી તે બધું ઉપદેશે છે.

**કૃષ્ણનામ સહસ્રસ્ય ઋષિરગ્નિર્નિરૂપિતઃ ।**
**ગાયત્રી ચ તથા છન્દો દેવતા પુરુષોત્તમઃ ।।૫।।**

અગ્નિ એ શ્રીકૃષ્ણનામસહસ્ર સ્તોત્રના ઋષિ છે, છન્દ ગાયત્રી છે અને દેવતા પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે.

'**ઋષિ**' એટલે આદ્ય દૃષ્ટા-પ્રથમ જોનાર. વેદો તો ભગવદ્રૂપ છે, પરન્તુ તે મન્ત્રના જેને પહેલાં દર્શન થયાં, તે ઋષિઓ તો તે મન્ત્રના ઋષિઓ ઠર્યા; આદ્યદ્રષ્ટા બન્યા તેવી રીતે શ્રીકૃષ્ણનાં નામો નિત્ય જ હતાં, પણ તે નામોનો પ્રથમ દર્શન અગ્નિને થયાં એટલે તેના ઋષિ અગ્નિ છે. આ અગ્નિ તે આપણા અનુભવમાં આવતો લૌકિક અગ્નિ નહિ પણ તેથી અત્યન્ત વિલક્ષણ અલૌકિક આધિદૈવિક અગ્નિ છે. તે વાણી-સરસ્વતીનો પણ દેવતા-ઈશ છે. અને તેજ પૂર્ણ પુરુષોત્તમ કૃષ્ણચન્દ્રના વદનારવિન્દમાં રહેલો છે, એમ ''**મુખાદ્ અગ્નિઃ અજાયત**'' એ શ્રુતિમાં સ્પષ્ટ વર્ણવ્યું છે. આ અગ્નિસ્વરૂપ શ્રીવલ્લભાધીશ છે. પોતે વાણીના પતિ છે. શ્રીકૃષ્ણવદન છે, માટે આ સ્તોત્રના દૃષ્ટા પણ શ્રીવલ્લભાગ્નિ જ છે. ભાગવતમાં પ્રગટપણે છતાં ગુપ્ત આ સહસ્રનામો રહેલાં હતાં, અનેક વિદ્વાનોએ શ્રીભાગવતની ટીકાઓ કરેલી છે. પણ ગૂઢરૂપે રહેલાં આ નામોનાં દર્શન તો કોઈને ન જ થયાં. કેમકે કોઈ પણ ટીકાકારોને શ્રીભાગવતનું ખરું રહસ્ય જણાયેલું નહિ, શ્રીભાગવતના ગૂઢાર્થનો પ્રકાશ તો શ્રીમહાપ્રભુજીએ જ શ્રીસુબોધિની નિબન્ધ વગેરેમાં કરેલાં છે, અને તે સામર્થ્ય તમેનામાં જ છે. પોતે આજ્ઞા કરે છે કે:

**અર્થં તસ્ય વિવેચિતું ન હિ વિભુઃ વૈશ્વાનરાદ્ વાક્પતેઃ-**
**અન્યસ્તત્ર વિધાય માનુષતનું માં વ્યાસવત્ શ્રીપતિઃ ।**
**દત્વાજ્ઞાં ચ કૃપાવલોકનપટુઃ યસ્માદ્ અતોઽહં મુદા**
**ગૂઢાર્થં પ્રકટીકરોમિ બહુધા વ્યાસસ્ય વિષ્ણોઃપ્રિયમ્ ।।૧।।**

અર્થ: વાણીના પતિ અગ્નિદેવ વિના કોઈ અન્ય શ્રીભાગવતના અર્થનું વિવેચન કરવાને સમર્થ નથી માટે મનુષ્ય નાટકનો અંગીકાર કરનાર, કૃપાદૃષ્ટિની વૃષ્ટિ કરવામાં ચતુર એવા પ્રભુ શ્રીકૃષ્ણે કૃપા કરી તેથી હું ઘણા જ આનન્દમાં નિમગ્ન બની ભગવાન્ વેદવ્યાસને પ્રિય એવા ગૂઢ અર્થને વિવિધ પ્રકારે પ્રગટ કરું છું.

ઉપર શ્રીવાક્પતિના શ્રીમુખવાકથી નિશ્ચય થયો હશે કે આપ સિવાય શ્રીભાગવતના ગૂઢાર્થને કોઈ જાણી જ શક્યું નથી, તો પછી તેમાં રહેલા નામોના દર્શન કેમ થાય? આ પ્રભાવ માત્ર તેમની વાક્સુધાથી પરિચિત હૃદયો જ જાણી શકે છે.

**છન્દ :** છન્દ ગાયત્રી છે. ''**યત્રાધિકૃત્ય ગાયત્રીં વર્ણ્યતે ધર્મવિસ્તરઃ**'' ''જેમાં ગાયત્રીના પ્રારમ્ભથી ધર્મનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું હોય તે શ્રીભાગવત''. એ વાક્યથી ગાયત્રી બીજ, વેદ વૃક્ષ અને શ્રીભાગવત ફલાત્મક છે. ગાયત્રી બીજરૂપ હોવાથી તેમ ''ગાયત્રી છન્દસામ્ અહં'' છન્દોમાં ગાયત્રી હું છું તેથી ગાયત્રી ભગવાન્નું સ્વરૂપ છે અને ભાગવત પણ ભગવદ્રૂપ છે. માટે અહીં છન્દ પણ ગાયત્રી જ લીધો.

**દેવતા :** સ્તોત્રમાં સ્તુતિ કરવામાં આવી હોય તે દેવતા તો અત્ર પુરુષોત્તમ ની સ્તુતિ હોવાથી પુરુષોત્તમ જ દેવતા જાણવા.

**વિનિયોગઃ સમસ્તેષુ પુરુષાર્થેષુ વૈ મતઃ ।**
**બીજં ભક્તપ્રિયઃ શક્તિઃ સત્યવાગ્ ઉચ્યતે હરિઃ ॥૬॥**

સર્વ પુરુષાર્થમાં વિનિયોગ માનેલો છે, ભક્તિ જેમને પ્રિય છે એવા પ્રભુ તે બીજ અને સત્યવાક્ હરિ એ શક્તિ છે.

**વિનિયોગ :** સર્વ લૌકિક અને અલૌકિક પુરુષાર્થ(ધર્મ અર્થ કામ અને મોક્ષ) સમ્પાદન કરવામાં આ સ્તોત્રનો વિનિયોગ થાય છે. અભિલષિત ભગવત્સ્વરૂપનું પરમભાવથી અનન્ય પ્રેમથી સેવન કરવું એ ધર્મ, હજારો લાખોની સમૃદ્ધિ તે અર્થ નહિ પણ ભગવત્સેવાર્થ સર્વ પદાર્થોનો સંગ્રહ એ જ અર્થ. ભગવદર્થે જ સર્વ વસ્તુઓની કામના કરવી, તેમનાં દર્શનમાં આસક્તિ રાખવી, તેમના દિવ્ય સૌન્દર્યને નિરખવા અભિરુચિ કરવી એ જ કામ. અને પ્રભુને સર્વસમર્પણ કરી સુખ–દુઃખ, પાપ–પુણ્ય, હર્ષ વગેરે દ્વન્દ્વથી વિરામ પામી લીલામાં પ્રવેશ કરવું એ જ મોક્ષ છે. એ ચારે અલૌકિક પુરુષાર્થ છે. લૌકિક પુરુષાર્થ તો સર્વત્ર પ્રસિદ્ધ છે. આ સ્તોત્ર ઉપર જણાવેલા બન્ને પુરુષાર્થો સિદ્ધ કરી આપે છે.

**બીજ :** ભક્તિપ્રિય, ભક્તિ જેમને અત્યન્ત પ્રિય છે એવા હરિ સકલ દુઃખના હરનાર પ્રભુએ બીજ છે મૂલ કારણરૂપ છે. ''**યો મે ભક્તઃ સ મે પ્રિયઃ**'' જે મારો ભક્ત છે તે મને બહુ જ વ્હાલો લાગે છે. એ ગીતા વાક્યથી શુદ્ધ સ્નેહભાવની ભક્તિ આપને બહુ જ વ્હાલી છે. તેથી જ આ સ્તોત્રના પાઠ કરવાથી સર્વ પુરુષાર્થ સિદ્ધ થાય છે.

**શક્તિ :** ત્રણે કાળમાં એક સરખી જ રહેનાર કોઈ પણ વખતે જેનો બાધ ન

થાય તેવી સત્ય વાણી તે જ શક્તિ છે એટલે આ સ્તોત્રની વૃથા સ્તુતિરૂપ વાણી નથી પણ સત્ય જ છે.

**ભક્તોદ્ધરણયત્નસ્તુ મન્ત્રોઽત્ર પરમો મતઃ ।**
**અવતારિતભક્તાંશઃ કીલકં પરિકીર્તિતમ્ ।।૭।।**

ભક્તજનોના ઉદ્ધારમાટે પ્રયાસ તે જ આ સ્તોત્રનો પરમ મન્ત્ર છે. પોતાના અંશો ભક્તોને માટે જેમણે પ્રકટ કરેલા છે એવા પ્રભુ કીલકરૂપ છે.

**મન્ત્ર :** આ સ્તોત્રનો મન્ત્ર-વિચાર ભક્તના ઉદ્ધારમાટેનો પ્રયાસ જ છે. 'મન્ત્ર' એટલે વિચાર, આ સ્તોત્ર શા વિચારથી પ્રકટ કરવામાં આવ્યું? તેનો ઉત્તર આપ કથન કરે છે. ભક્તોનો ઉદ્ધાર કરવા સારું કાંઈ પણ પ્રયત્ન કરવો જ જોઈએ એ વિચારથી આ સ્તોત્ર પ્રકટ કરેલું છે, માટે તેવો પ્રયાસ એ જ આ સ્તોત્રનો મન્ત્ર છે.

**કીલક :** પોતાના અંશાવતારો-ભક્તોના ઉદ્ધારાર્થે જ જે પ્રભુએ પ્રકટ કરેલા છે તે પ્રભુ કીલક-કુંચીરૂપ છે.

**અસ્ત્રં સર્વસમર્થશ્ચ ગોવિન્દઃ કવચં મતમ્ ।**
**પુરુષો ધ્યાનમ્ અત્રોક્તઃ સિદ્ધિઃ શરણસંસ્મૃતિઃ ।।૮।।**

સર્વથી સમર્થ એવા પરમાત્મા અસ્ત્ર છે, ગોવિન્દ પ્રભુ કવચ છે, આ સ્તોત્રમાં કહેલા પુરુષોત્તમ ધ્યાનરૂપ છે. શરણની સ્મૃતિ રહે તે જ આ સ્તોત્રમાં સિદ્ધિ છે.

**અસ્ત્ર :** આ સ્તોત્રનું અસ્ત્ર-આયુધ કંઈ જેવું તેવું નથી. પરન્તુ સર્વ કરતાં વિશેષ સમર્થ-બળવાન છે. સાક્ષાત્ સમર્થ પ્રભુને જ આ સ્તોત્રનું અસ્ત્ર-આયુધ-હથીયાર માન્યું છે. એટલે આ સ્તોત્રના પાઠમાં જે-જે વિઘ્નો ઉપસ્થિત થાય તેનો નાશ કરવા આયુધની અપેક્ષા રહે છે તો અહીં સર્વસમર્થ પ્રભુ આ સ્તોત્રના શસ્ત્રરૂપ બની પાઠકગણોના અનેક વિઘ્ન, શત્રુઓને વિદારણ કરે છે. માટે તેમને આયુધ-શસ્ત્ર એમ કહ્યું છે.

**કવચ :** ગોવિન્દ ઈન્દ્રિયોના નિયન્તા ભગવાન્ કવચ-બખ્તર રૂપ છે. ઈન્દ્રિયો રૂપ-શસ્ત્રના વેગથી બચવાને કવચ ધારણ કરવાની જરૂર છે. તો ઈન્દ્રિયોના નિયન્તા ભગવાન્ પોતે આ સ્તોત્રના પઠન કરનારા કવચરૂપ બની તેના સર્વ શરીરને ઈન્દ્રિયરૂપ શત્રુના વેગથી બચાવે છે.

**ધ્યાન :** ધ્યાન પૂર્ણપુરુષોત્તમ શ્રીભગવાન્નું જ કરવું.

**સિદ્ધિ :** આ સ્તોત્રનો પાઠ કરવાથી બીજું લૌકિક ફલ સિદ્ધ નહિ થાય, પણ અલૌકિક થશે. અલૌકિક ફળમાં જ લૌકિક ફળ સમાઈ જાય છે. તે અલૌકિક ફળ

ક્યું? તો તે જણાવે છે કે નિરન્તર પ્રભુના શરણની સ્મૃતિ રહેવી. હું જીવ છું, પ્રભુનો દાસ છું. શ્રીકૃષ્ણના ચરણને શરણ છું. એમ હંમેશા સ્મરણ રહેશે. આવું સ્મરણ જ નિરન્તર રહ્યા કરે તો ગૃહાસક્તિ દૂર થઈ કૃતાર્થ થઈ જવાય એમાં લેશ પણ સંશય નથી. એવું સ્મરણ સ્થાયી રહેવાને જ શ્રીમહાપ્રભુજીએ નવરત્ન ગ્રન્થમાં આજ્ઞા કરી છે કે : ''**તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ, વદદ્ભિરેવ સતતં સ્થેયમ્ ઈત્યેવ મે મતિઃ**'' માટે સર્વાત્મભાવથી 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' એ અષ્ટાક્ષર મન્ત્ર નિરન્તર બોલતા જ રહેવું એવી મારી બુદ્ધિ છે.

ઉપર પ્રમાણે સ્તોત્રની યોગ્ય ભૂમિકા બાંધીને સ્તોત્રનો પ્રારમ્ભ કરે છે. શ્રીપુરુષોત્તમનાં જ નામો હોવાથી પુરુષોત્તમનાં નામનું સૂચક 'શ્રીકૃષ્ણ' નામ પ્રથમ મૂકે છે. કારણ કે સર્વ ભક્તોને ખાસ સેવન કરવા યોગ્ય, સકલ શાસ્ત્રના અર્થરૂપ તેમ સર્વ નામોને પ્રતિપાદન કરનારું એવું ફલાત્મક નામ તે જ છે. અને આ ગ્રન્થમાં તે જ પ્રભુની પરમ રમણીય નવી-નવી લીલાઓનું સૂચન કરનારાં નામો હોવાથી, આરમ્ભમાં રસાત્મક શ્રીનન્દનન્દન વૃન્દાવનચન્દ્ર 'શ્રીકૃષ્ણ' એ સુમંગલ નામનો જ ઉપન્યાસ કરે છે.

## ।। અથ પ્રથમસ્કન્ધનામાનિ ।।

**શ્રીકૃષ્ણઃ સચ્ચિદાનન્દો નિત્યલીલાવિનોદકૃત્ ।**
**સર્વાગમવિનોદી ચ લક્ષ્મીશઃ પુરુષોત્તમઃ ।।૯।।**

### શ્રીકૃષ્ણઃ ।।૧।।

આ પુરુષોત્તમનું પ્રથમ મુખ્ય નામ 'શ્રીકૃષ્ણ' છે. 'શ્રીકૃષ્ણ' શબ્દનો અર્થ ઉપનિષદ્માં આ પ્રમાણે જણાવે છે કે : ''**કૃષિર્ભૂવાચકઃ શબ્દો ણશ્ચ નિર્વૃતિવાચકઃ, તયોરૈક્યં પરં બ્રહ્મ કૃષ્ણ ઈત્યભિધીયતે**''. 'કૃષ્ણ' શબ્દમાં બે શબ્દ છે, એક 'કૃષ્' અને બીજો 'ણ' 'કૃષ્' શબ્દનો અર્થ સત્તા થાય છે. 'સત્તા' એટલે સત્સ્વરૂપ અર્થાત્ ત્રણે કાલમાં અખણ્ડ એકરસ હોય તે, 'ણ' શબ્દનો અર્થ સુખ-આનન્દ થાય તે. બન્ને સાથે મેળવતાં અખણ્ડરસ સ્વરૂપ અને આનન્દરૂપ સદાનન્દ જે પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ તે 'કૃષ્ણ' કહેવાય છે. પરન્તુ અહીં તો 'શ્રીકૃષ્ણ' શબ્દ છે, એકલો કૃષ્ણ શબ્દ નથી, માટે સદાનન્દ એટલું જ નહિ પણ 'શ્રી' શબ્દથી જોડાયેલો હોવાથી ચિત્સ્વરૂપ પણ છે. તેથી સચ્ચિદાનન્દ સ્વરૂપ પરિપૂર્ણ બ્રહ્મ પુરુષોત્તમ તે 'શ્રીકૃષ્ણ' કહેવાય. શ્રીકૃષ્ણ પોતે રસાત્મક છે. તે રસ પણ શૃંગાર, અલૌકિક શૃંગાર છે. શૃંગારના બે પ્રકાર છે. એક સંયોગ શૃંગાર બીજો વિપ્રયોગ શૃંગાર. એકલો 'કૃષ્ણ' શબ્દ હોય તો વિપ્રયોગ-વિયોગ શૃંગારરસાત્મક કૃષ્ણ કહેવાય અને શ્રીશબ્દ સાથે

હોય તો શ્રીનો અર્થ વ્રજસુન્દરી-સ્વામીનીજી થતો હોવાથી સંયોગ શૃંગાર રસાત્મક શ્રીકૃષ્ણ. આ ગૂઢ રહસ્ય અનુભવૈકગમ્ય છે. હવે શ્રીકૃષ્ણ પરં બ્રહ્મ છે તેમાં પ્રમાણો આપે છે. વિષ્ણુપુરાણના કૃષ્ણાવતાર પ્રસંગમાં કહ્યું છે કે : "**યદોર્વંશં નરઃ શ્રુત્વા સર્વપાપૈઃ પ્રમુચ્યતે, યત્રાવતીર્ણં વિષ્ણ્વાખ્યં પરં બ્રહ્મ નરાકૃતિ**". (જેમાં સર્વવ્યાપક પરબ્રહ્મ વિષ્ણુ મનુષ્યરૂપે પ્રકટ થયા છે. તે યદુરાજાના વંશને સાંભળવાથી મનુષ્યો સર્વ પાપોથી મુક્ત થઈ જાય તે છે). શ્રીમદ્‌ભાગવતમાં પણ "**કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયમ્**" (કૃષ્ણ એ તો સાક્ષાત્ પોતે પૂર્ણપુરુષોત્તમ ભગવાન્ જ છે) એ વાક્યોથી શ્રીકૃષ્ણ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ છે એ થયું. માટે જ શ્રીવૈશ્વાનરાચાર્ય પોતાના 'સિદ્ધાન્તમુક્તાવલી' ગ્રન્થમાં આજ્ઞા કરે છે કે "**પરં બ્રહ્મ તુ કૃષ્ણો હિ સચ્ચિદાનન્દકં બૃહત્**" પરબ્રહ્મ તો શ્રીકૃષ્ણ જ છે. કેમકે મનુષ્યથી આરમ્ભી અક્ષરબ્રહ્મ સુધી સર્વ ગણિતાનન્દ છે. તેમનો આનન્દ ગણી શકાય તેવો છે. પરન્તુ શ્રીકૃષ્ણ પૂર્ણાનન્દ હોવાથી તેમનો આનન્દ અગણ્ય છે. તેથી તેમને વેદ, ગીતા આદિ શાસ્ત્રોમાં પરબ્રહ્મ પુરુષોત્તમ જ કહ્યા છે. ઈત્યાદિ કારણોથી સર્વ નામોને પ્રતિપાદન કરવાના વાચક તથા પરબ્રહ્મ વાચક આજ નામ મુખ્ય છે. 'શ્રીકૃષ્ણઃ' આ નામથી આરમ્ભી 'શ્રીમદ્‌ભાગવતાગમઃ' આ નામ સુધી જે-જે નામો છે તે નામો ગૂઢલીલારૂપે કહેલાં છે. જેથી પ્રથમસ્કન્ધમાં સ્ફુટ રીતે પ્રાપ્ત કરી શકાતાં નથી, આ નામો પ્રથમસ્કન્ધ વિષયનાં શ્રીકૃષ્ણનાં સ્વરૂપને પ્રતિપાદન કરનારાં છે. તેમાંનુ આ પ્રથમ નામ તો શ્રીમદ્‌ભાગવતના મંગલાચરણરૂપ પ્રથમ શ્લોકના "**જન્માદ્યસ્ય યતો અન્વયાદ્ ઈતરતશ્ચ**" એ વાક્યના ગુઢાર્થ રૂપ છે.

## સચ્ચિદાનન્દ ||૨||

સત્-ચિત્-આનન્દમય સ્વરૂપવાળા.

પ્રથમ નામના અર્થનું સ્પષ્ટીકરણ જ આ નામમાં છે. સત્તા, ચૈતન્ય અને આનન્દ જેમનું સ્વરૂપ છે તેવા પ્રભુ ભગવાન્‌નો દેહ આનન્દનો જ, શ્રીમુખ શ્રીહસ્ત ચરણ વગેરે બધું આનન્દનું જ, જીવની પેઠે પઞ્ચમહાભૂતોને દેહ (પૃથ્વી-અપ-તેજ-વાયુ-આકાશમય શરીર) પ્રભુને નથી, જેમ સાકરના પૂતળામાં સાકાર સિવાય અન્ય કાંઈ જ નહિ તેમ પ્રભુના અંગમાં સત્તા, ચૈતન્ય અને આનન્દ વિના બીજું કાંઈ પણ ન મળે. તેમ ગીતામાં

> **"સદ્‌ભાવે સાધુભાવે ચ સદ્ ઈત્યેતત્ પ્રયુજ્યતે,**
> **પ્રશસ્તે કર્મણિ તથા 'સત્' છબ્દઃ પાર્થ યુજ્યતે,**
> **યજ્ઞે તપસિ દાને ચ સ્થિતિઃ સદ્ ઈતિ ચોચ્યતે,**
> **કર્મ ચૈવ તદર્થીયં સદ્ ઈત્યેવાભિધીયતે"**

(અસ્તિત્વમાં, હોવાપણામાં 'સત્' શબ્દ જોડાય છે. હે અર્જુન! ઉત્તમ કર્મમાં, યજ્ઞમાં, દાનમાં, તપમાં સ્થિતિ તેને 'સત્' કહે છે. અને તેવા જ અર્થવાળું કર્મ હોય તેને પણ 'સત્' કહેવામાં આવે છે) તેથી 'સત્' એટલે સદા વર્તમાન. શુદ્ધ 'ચિત્' એટલે ચેતન સ્વપ્રકાશ કરનારું જ્ઞાન અને 'આનન્દ' એટલે આનન્દ સ્વરૂપવાન્. જેથી સદા શુદ્ધ-બુદ્ધ આનન્દમય દિવ્ય દેહધારી પરમાત્મા તે સચ્ચિદાનન્દ કહ્યા. અહીં 'ચિત્' શબ્દવડે સ્વતઃસિદ્ધિ જ્ઞાનવાન્ એવા પ્રભુ એમ બોધ કરવાથી, બીજુ આ નામ 'અર્થેષ્વભિજ્ઞઃ' એ પદના નિગૂઢ અર્થને પ્રકટ કરે છે. તથા ભગવત્સમ્બન્ધી જ્ઞાન નિરન્તર આનન્દદાયક છે એમ પણ સૂચન કરે છે.

## નિત્યલીલા-વિનોદકૃત ॥૩॥

૧. નિરન્તર લીલારૂપ વિનોદ કરનાર.
૨. નિત્યે લીલાઓના વિનોદને પ્રકટ કરનાર.
૩. દરરોજ લીલા સમયે મુરલીનાદથી નિજભક્તજનોને પોતાને શરણ આવવાની પ્રેરણા કરનાર.

'લીલા' એટલે રમણ. પુરુષોત્તમે રમણ જ કર્યા છે. તેમનાં રમણ બે પ્રકારનાં છે. ૧. આત્મરમણ ૨. બહિર્રમણ. પ્રભુ આત્મરમણ કરે છે ત્યારે આ સર્વ જગતને પોતાનામાં સંકેલી લે છે, માત્ર પોતાના જ શ્રીઅંગમાંથી અલૌકિક આનન્દમય સૃષ્ટિ પ્રકટ કરીને લીલા કરે છે. જ્યારે વેદમાં "**આત્મરતિઃ આત્મકક્રીડઃ**" (ભગવાન્ આત્મરમણ કરનારા છે) "**સ એકાકી ન રમતે સ દ્વિતીયમ્ ઐચ્છત્**" (તે એકાકી રમતા નથી, તે બીજાની ઈચ્છા કરે છે) એ વૈદિક ઈચ્છાથી બહિર્રમણ કરે છે, ત્યારે આ સર્વ જગતને પોતાના જ શ્રીઅંગમાંથી પ્રકટ કરે છે. અર્થાત્ પુરુષોત્તમ રમણલીલા કર્યા કરે છે. વળી તેમની લીલા પણ નશ્વર નથી, કિન્તુ ભક્તોદ્ધારાર્થ કરેલી સર્વ લીલાઓ નિત્ય છે. અત્યારે પણ તે પ્રભુની સકલ લીલાઓ ચાલુ જ છે, માટે તેમનો વિનોદ જ લીલારૂપ આધિદૈવિક વૃન્દાવનમાં નિઃસાધન વ્રજભક્તોનો નિરોધ કરવા જે આપે લીલા કરી છે તે પણ નિત્ય હોવાથી હજુ સુધી અધિકારી ભગવદીયો તે લીલાના આનન્દનો આસ્વાદ લીધા જ કરે છે. પૂર્ણ સ્વતન્ત્રતાપૂર્વક પૂર્ણપુરુષોત્તમનો લીલાવિનોદ હોવાથી આ નામ 'સ્વરાટ્' એ પદના ગુપ્ત અર્થવાળું છે.

## સર્વાગમવિનોદી ॥૪॥

૧. સર્વવેદો જેમના નિઃશ્વાસરૂપ છે.
૨. સર્વ વેદો જે વિનોદ કરનાર એટલે જુદા-જુદા દેવોની ઉપાસના સારુ જુદા-જુદા ધર્મોનો ઉપદેશ આપનાર.

૩. સર્વ વેદોવડે વિનોદ કરનાર.
૪. સર્વ વેદોથી ( વિકાળ )ને નોદ ( પ્રેરણા ) કરનાર, એટલે ''જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી અગ્નિહોત્ર હોમવું'' ઈત્યાદિક કાળની ગતિને પ્રેરનાર.

શ્રુતિ કહે છે કે ''**નિઃશ્વસિતમ્ અસ્ય વેદાઃ**'' (એ પ્રભુના શ્વાસો તે વેદો છે) એ વાક્યથી વેદો પરમાત્માના નિશ્વાસરૂપ છે એમ કહ્યું. વેદાદિ સચ્છાસ્ત્રો પુરુષોત્તમ રૂપ હોવાથી વેદાદિમાં તેમનું જ વર્ણન કરવામાં આવેલું છે, પ્રભુ તે વેદાદિરૂપે જ તે વડે જ વિનોદ કરે છે. કેમકે વેદના કર્મકાંડમાં ક્રિયાશક્તિથી યુક્ત ભગવાન્નું વર્ણન છે. અને ઉત્તર-જ્ઞાનકાંડમાં જ્ઞાનશક્તિભૂષિત પ્રભુનું વર્ણન છે. ગીતામાં :

**''યેઽપિ અન્યદેવતાભક્તા યજન્તે શ્રદ્ધયાન્વિતાઃ,**
**તેઽપિ મામેવ કૌન્તેય યજન્તિ અવિધિપૂર્વકમ્''.**

( જે અન્ય ગુણમય દેવોના ભક્તો શ્રદ્ધાથી તે-તે દેવોનું પૂજન કરે છે તેઓ અજ્ઞાનપૂર્વક પણ મને જ યજે છે, પૂજે છે ) એમ કહેવાથી ઈન્દ્ર, વરુણ આદિ દેવોનું યજન વેદના પૂર્વકાણ્ડમાં દર્શાવવામાં આવ્યું છે તે ભગવાનને ઉદ્દેશીને જ, કેમકે સર્વરૂપ પોતે ભગવાન્ જ છે. તેથી તે-તે દેવતાઓનું યજન કરનાર તે ભગવાનનું જ યજન કરનારા છે. તથા ''**વેદૈશ્ચ સર્વૈઃ અહમેવ વેદ્યઃ**'' ( સર્વ વેદોવડે હું જ જાણવા યોગ્ય છું ) એવા ભગવાનના કથનથી પણ વેદોમાં સર્વ વર્ણન પ્રભુના સમ્બન્ધમાં જ દર્શાવ્યું છે. સર્વ વેદો-શાસ્ત્રો પરમાત્માની લીલાને જ વર્ણવતા હોવાથી પોતે પ્રભુ પણ જેમનો વિનોદ સર્વ શાસ્ત્રોમાં છે એવા થયા. આ નામ વેદપ્રકાશક પ્રભુ છે એમ સિદ્ધ કરે છે. માટે ''**તેને બ્રહ્મહૃદા ય આદિકવયે**'' એ બીજા ચરણના પદના ગૂઢ અર્થનું સમર્થન કરે છે.

## લક્ષ્મીશઃ ||૫||

લક્ષ્મીના ઈશ-સ્વામી.

(લક્ષ્મી એટલે સાગરમાંથી ઉત્પન્ન થયેલ કમલા-લક્ષ્મીજી નહિ પરન્તુ દિવ્ય શોભા, દિવ્ય વિભૂતિ, દિવ્ય લાવણ્ય, દિવ્ય સૌન્દર્ય એવું નામ અહીં લક્ષ્મી છે. લક્ષ્મીના સ્વામી તો ઈશાત્મક વિષ્ણુ છે. અને શ્રીકૃષ્ણ પુરુષોત્તમ તો ''**લક્ષ્મીસહસ્ર-લીલાભિઃ સેવ્યમાનં**'' એ શ્રીમદાચાર્યચરણના વાક્યાનુસાર સહસ્ર લક્ષ્મીથી સેવાતા છે. દિવ્ય શોભાસમ્પન્ન દિવ્ય વિભૂતિમય પ્રભુ હોવાથી સર્વને મોહ કરનાર છે. ''**મુહ્યન્તિ યત્ સૂરયઃ**'' એ દ્વિતીય ચરણના ભાવને સ્ફુટ કરે છે.

## પુરુષોત્તમઃ ||૬||

બ્રહ્માદિ સર્વ પુરુષોમાં ઉત્તમ.

પૂર્ણ પરબ્રહ્મ પુરુષોત્તમ છે. પુરુષોત્તમ સર્વોત્તમ છે. મનુષ્યથી આરમ્ભી

બ્રહ્મા-વિષ્ણુ પર્યન્ત સર્વજનો જેમની ઉપાસના કરે છે. ગોપાલતાપિન્યુપનિષદ્‌માં આખ્યાયિકા છે કે ''**મુનયો હ વૈ બ્રહ્માણમ્ ઊચુઃ કઃ પરમો દેવઃ?**'' કોઈ વખતે બ્રહ્માના પુત્ર સનકાદિકોએ પોતાના પિતા બ્રહ્માને પૂછ્યું કે પરમ-સર્વોત્કૃષ્ટ દેવ કોણ છે? ત્યારે બ્રહ્માએ તેમને ઉત્તર આપ્યો કે ''**શ્રીકૃષ્ણો વૈ પરમં દૈવતમ્**'' શ્રીકૃષ્ણ એ જ પરમ દૈવત છે, સર્વોત્તમોત્તમ છે. શ્રીભાગવતમાં કહ્યું છે કે

**''ઋષયો મનવો ગાવો મનુપુત્રા મહૌજસઃ,**
**હરેરેવ કલાઃ સર્વે સપ્રજાપતયસ્તથા''**

ઋષિઓ, મનુઓ, દેવતાઓ, પ્રજાપતિઓ સહિત મહાપરાક્રમી મનુના પુત્રો, એ સઘળા શ્રીહરિની જ કલાઓ છે, તેમના જ અંશાવતારો છે. ગીતામાં પણ પ્રભુ શ્રીમુખે આજ્ઞા કરે છે કે

**''ઉત્તમઃ પુરુષસ્ત્વન્યઃ પરમાત્મેત્યુદાહૃતઃ,**
**યો લોકત્રયમ્ આવિશ્ય બિભર્ત્યવ્યય ઈશ્વરઃ''**

(ઉત્તમ પુરુષ-પુરુષોત્તમ તો અન્ય છે કે જેને 'પરમાત્મા' કહી વ્યવહાર કરાય છે, અવિનાશી સર્વ જગતને નિયમમાં રાખનાર જે પ્રભુ ત્રણે લોકમાં પ્રવેશી અખિલ વિશ્વનું ભરણ-પોષણ કરે છે) તેમ

**''યસ્માત્ ક્ષરમ્ અતીતો અહમ્ અક્ષરાદપિ ચોત્તમઃ,**
**અતો અસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ''**

(હું ક્ષરથી પર છું અને અક્ષરથી પણ ઉત્તમ છું માટે જ લોકમાં અને વેદમાં હું 'પુરુષોત્તમ' એ નામથી પ્રસિદ્ધ-પ્રખ્યાત છું) ઈત્યાદિ શ્રુતિ-સ્મૃતિના વાક્યોથી પ્રભુનું પુરુષોત્તમપણુ સર્વત્ર પ્રસિદ્ધ છે. તે પોતાની સત્તાવડે જ ત્રિગુણાત્મક : સત્વ, રજ અને તમના કાર્યરૂપ ત્રણ સર્ગો નિર્મે છે, બીજા તેમ કરવા અસમર્થ છે, માટે આ નામ ''**તેજોવારિમૃદાં યથા વિનિમયો યત્ર ત્રિસર્ગો મૃષા ધામ્ના સ્વેન**'' એ ત્રીજા અને ચોથા ચરણના પદોના ગર્ભિત આશયને જણાવે છે.

**આદિકાલઃ સર્વકાલઃ કાલાત્મા માયયાવૃતઃ ।**
**ભક્તોદ્ધાર-પ્રયત્નાત્મા જગત્કર્તા જગન્મયઃ ॥૧૦॥**

## આદિકાલઃ ॥૭॥

૧. સર્વમાં આદિ-પ્રથમ એવા જે કાલપુરુષ.
૨. ઉત્પન્ન થયેલા સર્વ પદાર્થોમાં જેમણા કાલ સર્વથી પ્રથમ, સૃષ્ટિના આરમ્ભમાં પ્રકટ કર્યો છે એવા.

ભગવાન્ કાલરૂપ છે, પુરુષોત્તમની ભ્રુકુટિમાંથી કાલનું પ્રાકટ્ય થયું, માટે કાલ પણ ભગવદ્રુપ જ કહેવાય. શ્રુતિ જણાવે છે કે ''**સર્વે નિમેષા જજ્ઞિરે વિદ્યુતઃ**

**પુરુષાદધિ કલા મુહૂર્તાઃ કાષ્ઠાશ્ચાહોરાત્રાશ્ચ સર્વશ**'' સર્વે ક્ષણ, કલા ઘડી, પળ, મુહૂર્ત, દિવસ, રાત્રિ વગેરે કાળનું પરિણામ દર્શાવનારા સર્વ પદાર્થો કાળપુરુષથી ઉત્પન્ન થયા છે. પ્રભુ પોતે શ્રીમુખથી ઉપદેશે છે કે :

**''યતઃ સર્વાણિ ભૂતાનિ ભવન્ત્યાદિયુગાગમે,**
**યસ્મિન્શ્ચ પ્રલયં યાન્તિ પુનરેવ યુગક્ષયે''.**

આદિયુગના આરમ્ભમાં જેમનાથી સર્વજનો ઉત્પન્ન થાય છે. ફરી યુગના ક્ષય સમયે સકળ લોક જેમાં પ્રલય પામે છે. તે કાલપુરુષ એ જ સર્વથી આદિકાલ ભગવાન્ છે. ઉપનિષદ્ કહે છે કે ''**ભીષાસ્માદ્ વાતઃ પવતે ભીષોદેતિ સૂર્યઃ**'' આ પરમાત્માના ભયથી જ વાયુ વાય છે, અને સૂર્ય પણ તેમના ભયથી જ ઉદય પામે છે–ઉગે છે. ભગવાન્નું સ્વરૂપ કાળરૂપ ભયને ઉત્પન્ન કરનારું હોવાથી ભયપણ એક અંશે પ્રભુની પ્રાપ્તિ કરવામાં ભક્તિ પેઠે કારણરૂપ છે કેમકે '**ભયાત્ કંસઃ**' ભયથી કંસ જેવાને પણ પ્રભુના પદની પ્રાપ્તિ થઈ છે એમ ભાગવતમાં સ્પષ્ટ જણાવેલું છે. માટે જ પ્રભુને કાળરૂપે વર્ણવ્યા છે. આદિકાલ પરમેશ્વર છે. તેમનો લય થતો નથી; તેથી જ આ નામ ''**સદા નિરસ્તકુહકમ્**'' એ ચોથા ચરણના એક પદનું તાત્પર્ય છે.

## સર્વકાલઃ ॥૮॥

૧. આદિ, મધ્ય અને અન્તરૂપ કાળ તે સર્વકાળ.
૨. સર્વને પ્રેરણા કરનાર.
૩. ''સર્વં ચ તત્ કં સુખમ્ આસમન્તાદ્ લાતિ'' સર્વ દિશામાંથી સર્વ સુખને ગ્રહણ કરનાર.

પ્રભુ સર્વના કાળરૂપ છે. આદિ, મધ્ય અને અન્ત થવો તે પણ પરમાત્માથી જ, તે જ બધાને પ્રેરણા કરે છે. તે જ બધાનો પ્રલય કરે છે. જેમ કરોળીઓ પોતાની જ લાળથી જાળું બનાવે છે અને પાછો પોતે જ તેને ખેંચી લે છે, તેમ જ ભગવાન્ પણ પોતાના શ્રીઅંગમાંથી જ આખા જગત્‌ને ઉત્પન્ન કરી પોતે જ સર્વનો સંહાર કરીને પોતાના અંગમાં સમાવી લે છે. માટે સર્વના કાળ પણ તે જ પ્રભુ છે. ગીતામાં ભગવાને શ્રીમુખથી જણાવ્યું છે કે ''**અહમ્ આદિશ્ચ મધ્યઞ્ચ ભૂતાનામ્ અન્તએવ ચ**'' (હું સર્વ લોકોનો આદિ મધ્ય અને અન્ત કાળ છું) ''**કલયતિ જગદેષ કાલો અનન્તઃ**'' (આ અનન્ત–કાલપરમાત્મા સર્વ જગત્‌ને પ્રેરણા કરનાર છે) ઈત્યાદિ વાક્યોથી પણ સર્વકાળપણું પ્રભુનું જ સિદ્ધ થાય છે. 'સર્વ'શબ્દથી ત્રણે કાળમાં અબાધિત અર્થાત્ સત્ય સ્વરૂપ કાલભગવાન્ છે માટે ''**સત્યં પરં ધીમહિ**'' એ ચતુર્થ ચરણના અન્તિમપદના ગુપ્તભાવને અનુસરે છે.

## કાલાત્મા ॥૯॥

૧. કાળરૂપ જેનો આત્મા-સ્વરૂપ છે.
૨. કાલ-રુદ્ર તે છે આત્મા, અહંકાર જેમનો.
૩. કાલમાં-ધર્મનો નાશ થાય તે સમયમાં જેમનો આત્મા-અવતાર થાય છે.

પ્રભુનું સ્વરૂપ કાલરૂપે પણ જોવામાં આવે છે, આપ પોતાના ઊપર દ્વેષભાવ રાખનારાઓને કાલરૂપે દર્શન આપે છે જેમકે **'મૃત્યુઃ ભોજપતેઃ'** ભગવાન્નાં દર્શન ભોજપતિ કંસરાજાને રંગમંડપમાં કાળરૂપે જ થયાં હતાં એમ સ્પષ્ટ ભાગવતમાં દર્શાવ્યું છે. તેમ ગીતાના વિભૂતિયોગમાં ભગવાન્ શ્રીમુખથી ઉપદેશે છે કે **''કાલઃ કલયતામ્ અહમ્ કાલો અસ્મિ લોકક્ષયકૃત્પ્રવૃદ્ધઃ''** (કાળને ગણનારાઓમાં હું કાલરૂપ છું, લોકોને ક્ષય કરનાર અત્યન્ત વૃદ્ધિ પામેલો કાલ હું છું, અને કોઈ પણ દિવસ નહિ ક્ષય પામતો કાલ હું છું) ઈત્યાદિ વચનોવડે કાલસ્વરૂપ પોતે છે.

**''યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત!,**
**અભ્યુત્થાનમ્ અધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્''.**

( જ્યારે-જ્યારે ધર્મનો નાશ કરે છે ત્યારે-ત્યારે ધર્મનું સ્થાપન કરવા મારા આત્માને ઉત્પન્ન કરું છું, અવતાર ધારણ કરું છું ) અધર્મ વૃદ્ધિ કરનારા દુષ્ટોને તો કાળરૂપે જ પ્રભુ છે. હિરણ્યાક્ષ, હિરણ્યકશિપુ આદિ દુષ્ટ દૈત્યોના કાળ કરવા હરિએ પોતે કાલાત્મારૂપ થઈ અંશાવતારો ગ્રહણ કરી તેમનો કાલ આણ્યો છે અને સત્ય ધર્મનું સ્થાપન કર્યું છે એ સુપ્રસિદ્ધ છે. તેથી એ પુરુષોત્તમ શ્રીકૃષ્ણને કાલાત્મા કહ્યા. આ નામ ધર્મસંસ્થાપનાના હેતુને સૂચવનારું હોવાથી **''ધર્મઃ પ્રોજ્ઝિતકૈતવો અત્ર પરમ''** એ બીજા શ્લોકના પ્રથમ ચરણના ગૂઢ ભાવનું સ્ફુરણ છે.

### માયયાવૃતઃ ||૧૦||

૧. માયાથી વીંટાયેલા.
૨. માયા લક્ષ્મી સૌન્દર્ય શોભા વગેરે રૂપ, લક્ષ્મીથી સેવ્ય સમજી સ્વીકાર કરાયેલા-વરાયેલા.
૩. માયા વડે નહિ સ્પર્શ પામતા.

માયા-અવિદ્યાથી પરમાત્માને વીંટાયેલા કહ્યા તેનું તાત્પર્ય એવું છે કે, અક્ષરથી પર પ્રભુને પ્રાપ્ત કરવામાં માયા જ અન્તરાયરૂપ થાય છે. જ્યાં સુધી માયાનો પરાભવ કર્યો નથી ત્યાં સુધી ભગવત્સ્વરૂપનો લાભ થઈ શકે જ નહિ. માટે માયાથી વીંટાયેલા છે એમ કહ્યું. માયા એટલે માયાવાદીઓની પેઠે માયાને અનાદિ અજ્ઞાન હોઈ નિરાકાર નિર્ધર્મક બ્રહ્મને વશીભૂત કરનારી એમ માનવાનું નથી, પરન્તુ એક રૂપમાંથી અનેક સ્વરૂપ થવાની પ્રભુમાં જે એક અસાધારણ અન્ય કોઈમાં ન

રહેનારી મહાબલવતી શક્તિ તે જ 'માયા'. એ માયા ભગવાન્‌થી ભિન્ન નથી પણ ભગવદ્રૂપ જ છે. પૂર્ણ પુરુષોત્તમના દિવ્ય સ્વરૂપમાં માયા વનમાલા તરીકે વિરાજમાન થઈ આસુરી જીવોને મહામોહ ઉત્પન્ન કરે છે. અને જે વિમલ સરલભાવથી તેજ પ્રભુના ચરણ શરણ જાય છે તેને તે મહામોહ ઉપજાવનારી છતાં કાંઈ પણ કરી શક્તી નથી. એ જ આજ્ઞા ગીતામાં શ્રીમુખે ભગવાન્ કહે છે : "**મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે**" જે મારે શરણે આવે છે તેજ તે માયાને તરી જાય છે. માયા મોહ કરનારી હોવાથી કેટલાક અસુરોને પૂર્ણ નિર્ગુણ બ્રહ્મના સ્વરૂપમાં અન્યથા કલ્પના થાય એમાં શું આશ્ચર્ય? શ્રીકૃષ્ણના શ્રીઅંગમાં કણ્ઠથી પાદપર્યન્ત લમ્બાયમાન સર્પાકારે વિરાજતી વનમાલારૂપ મહામાયાથી આસુરી જીવોને મહામોહ થાય એ સમ્ભવિત જ છે. કણ્ટકયુક્ત સુગન્ધિમાન્ દિવ્ય ગુલાબતરુના પુંજને જોઈ પાપી મર્કટો દૂર નાસે જ પરન્તુ તેથી કાંઈ અલૌકિક મધુર મકરન્દ રસના ભોગી મધુકરોને બીવાનું છે જ નહિ. મત્સરરહિત એવા સત્પુરુષોજ આમાં અધિકાર હોવાથી આ નામ "**નિર્મત્સરાણાં સતામ્**" એ દ્વિતીયપદનો ગુપ્ત આશય છે એમ સમજવું.

## ભક્તોદ્ધારપ્રયત્નાત્મા ||૧૧||

૧. ભક્તોના આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક–એવં ત્રિવિધ તાપને દૂર કરવાના પ્રયત્નમાં જેમનો આત્મા–અન્તઃકરણ છે.

૨. ભક્તનો ઉદ્ધાર પામવા અલૌકિક ભગવલ્લીલામાં પ્રવેશ કરવાની સાધનરૂપે એવા પુરુષોત્તમ.

ભક્તજનોના સાંસારિક ત્રિવિધ તાપોને દૂર કરી ઉદ્ધાર કરનાર તો કેવળ પ્રભુ જ છે. આપ એટલા માટે જ વારંવાર પ્રકટ થઈ ભૂતળ પર બિરાજે છે. કોઈ પણ પ્રકારનાં સાધનોથી હીનદીન ભગવદીયોનો ઉદ્ધાર એ જ આપના પ્રાકટ્યનો મુખ્ય હેતુ છે. કેમકે એવા ભગવજ્જનોને તો આપના ચરણ સિવાય બીજું કોઈ પણ શરણ છે જ નહિ એટલે પ્રભુ સિવાય તેમનો કોણ ઉદ્ધાર કરી શકે? માટે દયાનિધિ પોતે તેવા ભક્તો ઉપર અનુગ્રહ કરવા પ્રકટ થઈ તેમને શરણ લે છે. તેમના અનન્તકાલના વિયોગજનિત તાપોને દૂર કરે છે. આપના પ્રાકટ્યનો હેતુ ભક્તોનો ઉદ્ધાર કરવા સિવાય બીજો છે જ નહિ જેથી ભક્તોએ એ જ જાણવા યોગ્ય, એ જ આરાધન કરવા યોગ્ય છે. આ નામ "**વેદ્યં વાસ્તવમ્ અત્ર વસ્તુ**" એ દ્વિતીય શ્લો. બીજા ચરણના પૂર્વ પદનો ગુપ્ત હેતુ ઘટાવે છે.

## જગતકર્તા ||૧૨||

સ્થાવર જંગમરૂપ જગતના કર્તા રચનાર પ્રમુએ પોતાના શ્રીઅંગમાંથી જ

જગતને પ્રકટ કર્યું છે. જેમ ઘટમાં કુંભારનું પ્રત્યક્ષ કર્તાપણું છે તેમ પરન્તુ ફેર એટલો જ છે કે કુંભાર બીજા માટી ચક્ર આદિ અનેક પદાર્થોનો આશ્રય લઈને ઘટ કરે છે; અને પ્રભુ સ્વાશ્રયથી જ જગત્ રચે છે. ઈશ્વર સિવાય બીજો કોઈ પદાર્થ જ અસ્તિત્વમાં ન હોવાથી ભગવાન્ પોતે જ જગદ્રૂપ થાય છે. જેમ માટીમાંથી અનેક વાસણો નિપજે છે અને તે સર્વમાં માટી પોતાના મૂળરૂપમાં જ ભાસે છે. જેમ સોનાના સેંકડો આભૂષણોમાં સોનું નજરે તરી આવે છે તેમ આ અખિલ જગત્ ભગવત્સ્વરૂપ હોવાથી જ્ઞાનીઓને જગત્માંના અનેક પદાર્થોમાં ભગવાન જ દ્રષ્ટિગોચર થાય છે, અર્થાત્ સર્વમાં ભગવાન્નાં જ દર્શન થાય છે.

**''સ વૈ સર્વમ્ ઈદં જગત્''**

આ સર્વ દશ્ય જગત્ પરમાત્મા જ છે.

**''સર્વં ખલ્વિદં બ્રહ્મ''**

આ સર્વ સ્થાવર જંગમાત્મક કેવળ બ્રહ્મ જ છે.

**''જન્માદ્યસ્ય યતઃ શાસ્ત્રયોનિત્વાત્''**

આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ, લય પ્રભુથી જ થાય.

**''ઋષયઃપિતરો દેવા મહાભૂતાની ધાતવઃ,**
**જંગમાજંગમં ચેદં જગન્નારાયણોદ્ભવમ્''**

ઋષિઓ, પિતૃઓ, દેવો, મહાભૂતો (પૃથ્વી, જળ, તેજ, આકાશ અને વાયુ), ધાતુઓ વગેરે સ્થાવર જંગમ આ જગત્ નારાયણથી પ્રકટ થયું છે.

**''અહં સર્વસ્ય પ્રભવો મત્ત સર્વં પ્રવર્તતે''**

હું સર્વ ઉત્પન્ન કરનાર છું. મારાથી સર્વ નભી રહ્યું છે;

–ઈત્યાદિ શ્રુતિ બ્રહ્મસૂત્ર, સ્મૃતિ, ગીતા વગેરે વાક્યોથી સ્થાવર જંગમાત્મક અખિલ જગત્ પરબ્રહ્મ પુરુષોત્તમથી જ પ્રગટ થયું છે. એમ સિદ્ધ થાય છે, માટે જગત્કર્તા પ્રભુને કહ્યા. આ નામ કર્તૃત્વ પ્રતિપાદક હોવાથી નિજ ભક્તોની સર્વ ઈચ્છાને પૂર્ણ કરનાર છે. કલ્યાણ કરનાર છે. એવો પણ આશય જણાય છે તેથી આ નામ '**શિવદમ**' દ્વિ શ્લોક બીજા ચરણના ઉત્તર પદનો ગૂઢ ભાવ છે.

**જગન્મયઃ ||૧૩||**

જગદ્રૂપ પ્રભુ.

ઉપરના નામમાં આપ જગતના કરનાર રચનાર છે એમ જણાવ્યું હતું, તેથી વખતે શંકા થાય કે કુમ્ભાર માટીથી જાત-જાતનાં પાત્રો બનાવે છે તેમ ભગવાન્ પણ માયાથી જ આ જગત્ બનાવતા હશે? એવી શંકાનો લેશ અવકાશ ન મળવા સારું જ આ નામ યોજ્યું છે. જગતને રચ્યું નથી, પણ પોતે જ જગરૂપ બન્યા છે. **''પુરુષ**

**એવેદં સર્વં યદ્ ભૂતં યચ્ચ ભાવ્યમ્**'' (ભૂત અને ભાવિ આ સર્વ વિશ્વ તે પરમાત્મા જ છે) ''**મત્તઃ પરતરં નાન્યત્ કિઞ્ચિદ્ અસ્તિ**'' (મારા સિવાય બીજી કાંઈ પણ પર વસ્તુ નથી) ''**જ્યોતીંષિ વિષ્ણુર્ભુવનાનિ વિષ્ણુઃ**'' તારાઓ, ભુવનો, વનો, પર્વતો, દિશાઓ, નદીઓ, સાગરો એ સર્વમાં વ્યાપી રહેલા વિષ્ણુ જ છે. તેમના વિનાની કાંઈ પણ વસ્તુ નથી. ઈત્યાદિ શ્રુતિ, સ્મૃતિ, ગીતા પુરાણનાં વાક્યો વડે સર્વરૂપ પ્રભુ જ છે. ''**હરિરેવ જગદ્ જગદેવ હરિઃ**'' હરિ એ જ જગત્ છે, જગત્ એ જ હરિ સ્વરૂપ છે. જગતને માયિક માનવું એ આસુરભાવ છે. ગીતામાં શ્રીમુખે પ્રભુ આજ્ઞા કરે છે. ''**અસત્યમ્ અપ્રતિષ્ઠિતં તે જગદાહુરનીશ્વરમ્**'' જગત્‌ને જૂઠું સ્થિતિ વિનાનું ઈશ્વરથી રહિત માને છે, તે આસુરી જીવો ગણાય છે. માટે બ્રહ્મવાદને માન્ય કરનારાઓએ જગતને બ્રહ્મરૂપ માની સત્ય જ માનવું એ જ શાસ્ત્રસમ્મત છે. આ પ્રાચીન વૈદિક શુદ્ધ બ્રહ્મવાદને આધારે ભગવાન્‌ને જગતસ્વરૂપ કહ્યા. પ્રભુ જગત્સ્વરૂપ હોવાથી નિજ ભક્તોને જેવા-જેવા ભગવત્સ્વરૂપને પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય તેવા-તેવા સ્વરૂપો સર્વ ઠેકાણે સુલભ રીતે પ્રાપ્ત કરી શકાય છે. અને તેમના ત્રિવિધ તાપો દૂર થઈ જાય છે. માટે જ આ નામ ''**તાપત્રયોન્મુલનમ્**'' એ દ્વિ. શ્લો. બીજા ચરણના અન્તિમ પદના આશયને સ્ફુટ કરે છે.

**નામલીલાપરો વિષ્ણુર્વ્યાસાત્મા શુકમોક્ષદઃ।।**
**વ્યાપિવૈકુણ્ઠદાતા ચ શ્રીમદ્ભાગવતાગમઃ।।૧૧।।**

## નામલીલાપરઃ।।૧૪।।

૧.નામને પ્રવર્તાવનારી લીલાઓમાં મચેલા,
૨.નામ અને લીલાઓ જેમની ઘણી જ શ્રેષ્ઠ છે,
૩.નામ અને લીલા વડે જે પૂર્ણ છે, ૪.નામ અને લીલાઓને પ્રવર્તાવનાર.

પ્રભુ નિરન્તર લીલા કર્યા કરે છે, એટલે તેમની વિધવિધ નૌતમ લીલાઓ થયા જ કરે છે. આ જગતના સર્વ વ્યવહારો પ્રભુની લીલાઓ થવાથી જ ચાલી રહ્યા છે, અને તે લીલાઓ જ પ્રભુના નામોને પ્રવર્તાવી રહી છે. વેદમાં, શાસ્ત્રમાં, પુરાણોમાં જે ભિન્ન-ભિન્ન સર્ગ, વિસર્ગ, સ્થિતિ, મન્વન્તર, મુક્તિ, આશ્રય વિગેરે જોવામાં આવે છે. તે સર્વ પુરુષોત્તમની લીલા જ છે. ચરિત્રો જ છે, તેમની લીલાઓના વિવિધ પ્રકારો હોવાથી તેમના નામોમાં પણ વિવિધપણું છે. ભગવાન્‌નાં નામો તથા લીલાઓ સર્વશ્રેષ્ઠ છે. તેથી મોટા-મોટા મહાત્માઓ પણ વિસ્મય પામી તેમનાં નામોનું તથા લીલાઓનું સ્મરણ, શ્રવણ, મનન, કીર્તન, કર્યા જ કરે છે. ભગવાન્‌નાં નામોનું માહાત્મ્ય પુરાણોમાં ઉત્તમ રીતે વર્ણવ્યું છે. બૃહન્નારદીય પુરાણ કહે છે કેઃ ''હરિ પરમાત્માના નામથી, નામથી જ મારું જીવન છે. તે સિવાય અર્થાત્

પ્રભુના નામ સિવાય આ કલિયુગમાં બીજી કોઈ ગતિ નથી તે નથી જ''. પદ્મપુરાણમાં

**સર્વધર્મોજ્ઝિતા વિષ્ણોર્નામમાત્રૈકજલ્પકાઃ।**
**સુખેન યાં ગતિં યાન્તિ ન તાં સર્વેડપિ ધાર્મિકાઃ॥**

(સર્વ ધર્મથી વર્જીત થયેલા પણ કેવળ ભગવન્નામોનું જ સ્મરણ કરનારા ભક્તો ધાર્મિક પુરુષો જે ગતિ પ્રાપ્ત કરતા નથી તેવી ઉત્તમ ગતિને પામે છે) વગેરે વાક્યો પ્રભુના નામસ્મરણનો પ્રભાવ સૂચવનારાં છે, વળી એક સ્થાનમાં તો એટલે સુધી પણ કહ્યું છે કેઃ

**નામ્નોડસ્તિ યાવતી શક્તિઃ પાપનિર્દહને હરેઃ।**
**તાવત્કર્તું ન શક્નોડતિપાતકં પાતકી નરઃ॥**

(પાપને નાશ કરવાની શક્તિ જેટલી પ્રભુના નામમાં રહેલી છે. તેટલું પાપ કરવાને પાપી પુરુષ શક્તિમાન બની જ શક્તો નથી) એટલે પ્રભુના નામસ્મરણનો એટલો બધો મહિમા છે કે, એમનું નામ લેવાથી કોટિ જન્મનાં પાપો બળી ભસ્મીભૂત થઈ જાય છે. એ જ ખરું પ્રાયશ્ચિત છે, પછી નામસ્મરણ કરવાને લીધે પાપમાં વૃત્તિ જ જતી નથી, તેથી તેમનાં સન્મુખ પાપો-અપરાધો ઊભા રહી શક્તા નથી. તે પાપોથી નિર્લિપ્ત જ રહે છે. પ્રભુની લીલા-ચરિત્રો તેને પણ જાણવાથી, મનન કરવાથી મનુષ્યની ઉત્તમ ગતિ જ થાય છે. એટલે કે ભગવાન્‌ના ચરિત્રોને શ્રવણ કરી તેનું ચિન્તન કરનાર શ્રદ્ધાવાન્ બને છે. શ્રદ્ધાળુ થયા પછી ભગવદ્‌જ્ઞાનમાં નિપુણતા પ્રાપ્ત કરે, તેમ થવાથી પ્રભુ ઉપર ભાવ પ્રગટ થાય અને ત્યાર પછી આગળ જતાં ભક્તિયુક્ત બની પરમપદ પ્રાપ્ત કરે છે અર્થાત્ ભગવલ્લીલામાં પ્રવેશ કરે છે, માટે શ્રુતિ ઉપદેશે છે કેઃ ''**વિષ્ણોર્નુ કં વીર્યાણિ પ્રવોચં વિષ્ણુ કર્માણિ પશ્યત**'' (તમે મેં કહ્યા તે વિષ્ણુ વ્યાપક પ્રભુના કર્મોને-ચરિત્રોને જુઓ, જાણો).

ગીતામાં શ્રીમુખથી અનુજ્ઞા કરે છે કેઃ

**જન્મ કર્મ ચ મે દિવ્યમેવં યો વેત્તિ તત્ત્વતઃ।**
**ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોડર્જુન॥**

(હે અર્જુન! મારાં દિવ્ય જન્મ કર્મને-ચરિત્રને જે પુરુષ તત્ત્વથી જાણે છે, તે આ દેહનો ત્યાગ કરી પુનઃ જન્મ પ્રાપ્ત કરતો નથી અને મને જ પ્રાપ્ત કરે છે.) ઈત્યાદિ શ્રુતિ, સ્મૃતિ પુરાણાદિના વાક્યોથી ભગવાન્‌ની નામલીલાઓનું શ્રેષ્ઠપણું જણાવ્યું. શ્રીમદ્ ભાગવતસિંહતા પણ તે જ ભગવાન્‌ની નામલીલાઓને પ્રતિપાદન કરે છે. આ નામ પણ પ્રભુની નામલીલાઓનું પ્રતિપાદન કરનાર હોવાથી ''**શ્રીમદ્‌ભાગવતે મહામુનિકૃતે કિં વા પરૈઃ**'' એ દ્વિ. શ્લો. તૃતીય ચરણના પદ ગૂઢ તાત્પર્યનું સ્ફુરણ કરે છે.

**વિષ્ણુઃ ॥૧૫॥**

વિશ્વમાં વ્યાપક.

'વિષ્ણુ' એટલે સત્ત્વગુણાધિષ્ઠાતા શેષશાયી વિષ્ણુ નહિ પણ અખિલ વિશ્વમાં વ્યાપક પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્ર એ જ વિષ્ણુઃ જે જગતથી અભિન્ન (જુદા નહિ તેવા) છે. જેમ આકાશ સર્વમાં *પટતન્તુવત્ વ્યાપ્ત છે. ( * લૂગડાંમાં જેમ તાંતણાઓ વીંટાયા છે તેમ, અર્થાત્ તાંતણા વિના લૂગડું ન સમ્ભવે તેમ, ભગવાન્ સિવાય જગતનો પણ અસમ્ભવ છે. માટે પ્રભુ જ વિશ્વરૂપે થયેલા છે. તાંતણા જ લૂગડાંરૂપે થયા છે. )

તેમ પ્રભુ પણ સર્વ વિશ્વમાં વ્યાપીને રહેલા છે. જેમ સર્પ પોતાની ઈચ્છાથી કુણ્ડાળારૂપ બની જાય છે, તેમ પરમાત્મા પોતે નિજેચ્છાથી જગદ્રુપ થાય છે, તેથી જ પ્રભુ અને જગત્માં પટતન્તુવત્ ઓતપ્રોત સમ્બન્ધ જણાવ્યો છે. પ્રભુના વ્યાપકપણા માટે શ્રુતિ જણાવે છે કે: "**અન્તર્બહિશ્ચ યત્ સર્વં વ્યાપ્ય સ્થિતઃ**" (અન્તર અને બહાર જે સર્વપ્રકાશમાન્ જોવામાં આવે છે તે સર્વમાં વિષ્ણુ જ વ્યાપીને રહેલા છે ) '**વિશ' પ્રવેશને** એ ધાતુ ઉપરથી સર્વ વિશ્વમાં જેમ મણકાઓમાં દોરો પ્રવેશ કરે છે તેમ પ્રભુ પ્રવેશ કરનાર છે, જેથી તેમને વેદમાં અને પુરાણોમાં વિષ્ણુ કહ્યા. વિષ્ણુપુરાણ તથા વરાહપુરાણમાં :

**યસ્માત્ સર્વમ્ ઈદં વિશ્વં તસ્ય શક્ત્યા મહાત્મનઃ ।**
**તસ્માદેવોચ્યતે વિષ્ણુર્વિશેર્ધાતોઃ પ્રવેશનાત્ ॥**
**વિશપ્રવેશને ધાતોઃ તત્ર નુ પ્રત્યયાદનુ ।**
**વિષ્ણુર્યઃ સર્વવેદેષુ પરમાત્મા સનાતનઃ ॥**

આ પુરાણવચનો પણ 'વિશ્' ધાતુને 'નુ' પ્રત્યય લગાડવાથી વિષ્ણુ શબ્દ બને છે, એટલે પોતાની શક્તિ વડે સર્વ વિશ્વમાં પ્રવેશ કરનાર, જેમને સર્વ વેદોમાં સનાતન-સદાવર્તમાન ભગવાન્ કહ્યા છે તે જ વિષ્ણુ છે, એમ જણાવે છે. વ્યાપક વસ્તુનો સર્વ સ્થળે લાભ થાય છે, તેથી નિજભક્તોને તેમની પ્રાપ્તિ થવી સર્વત્ર સુલભ છે. માટે આ નામ "**ઈશ્વરઃ સદ્યો હૃદ્યવરુધ્યતે અત્ર કૃતિભિઃ શુશ્રૂષુભિઃ તત્ક્ષણાત્**" એ દ્વિ.શ્લોકના ત્રીજા ચરણના અન્તિમપદ તથા ચોથા ચરણના ગૂઢ આશયને સ્ફુટ દર્શાવે છે.

**વ્યાસાત્મા ॥૧૬॥**

૧. પરાશરપુત્ર કૃષ્ણદ્વૈપાયનવ્યાસ જેમનો આત્મા છે-અવતાર છે, એવા પુરુષોત્તમ.
૨. 'વ્યાસ' એટલે વેદરૂપ વૃક્ષનો વિસ્તાર તેનો આત્મા એટલે સારરૂપ ફળ.

આ ભારત વર્ષમાં ૨૮ વ્યાસો થઈ ગયા છે તે સર્વમાં કૃષ્ણ દ્વૈપાયન જ મુખ્ય મનાય છે. કારણ કે વેદના વિભાગો કરવા તથા મહાભારત આખ્યાન પ્રકટ કરવા પ્રભુએ જ કાર્યાવેશ ગ્રહણ કરેલો છે. તે અંશાવતારી વ્યાસ ભગવાન્ કાર્ય સમયે તે સાક્ષાત્ ઈશ્વર જ છે. માટે અહિં વ્યાસાત્મા-વ્યાસસ્વરૂપ પુરુષોત્તમ એમ કહ્યું છે, વળી પુરાણમાં જણાવે છે કે :

**''કૃષ્ણદ્વૈપાયનં વ્યાસં વિદ્ધિ નારાયણં પ્રભુમ્,**
**કો હ્યન્યઃ પુણ્ડરીકાક્ષાદ્ મહાભારતકૃદ્ભવેત્''**

(કૃષ્ણદ્વૈપાયનવ્યાસને નારાયણ પ્રભુ છે એમ જાણો કેમ કે કમલનયન શ્રીકૃષ્ણ સિવાય કોણ મહાભારતનો કર્તા બની શકે ? ) મહાભારત જેવો મહાન્ ગ્રન્થ રચવો એ કાંઈ સાધારણ કામ નથી માટે તેવું કાર્ય કરવાને કોઈ ઈશ્વરાંશની જરૂર છે, એમ જાણીને જ પ્રભુ વેદોના વિભાગ કરવાને તથા મહાભારત શ્રીમદ્ભાગવતાદિ ગ્રન્થોને નિર્માણ કરવાને જ શ્રીવ્યાસરૂપે ભૂતળ ઉપર પ્રકટ થયા છે. ફલાત્મક શ્રીમદ્ભાગવતને પ્રકટ કરનાર શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસ હોવાથી આ નામ **''નિગમ-કલ્પતરોઃ ગલિતં ફલમ્''**એ તૃ.શ્લો. પ્રથમ ચરણનો ગૂઢ ભાવાર્થ સૂચવે છે.

## શુકમોક્ષદઃ ॥૧૭॥

શુકદેવજીને મોક્ષ આપનાર.

શુકદેવજીને મોક્ષ : માયાના બન્ધનથી મુક્ત કરનાર પોતે શ્રીભગવાન જ છે. કારણ કે શ્રીશુકદેવજી માયામાં લીન થવાના ભયથી, જન્મ થતી વખતે માતાના ઉદરમાંથી બહાર નીકળવાને ઈચ્છા નહોતા કરતા, પરન્તુ જ્યારે પોતાના પિતા વ્યાસજીનો બહુ જ દુરાગ્રહ જોયો, ત્યારે નહિ છૂટકે માયાનો બંધ છૂટવા સારું પ્રભુની પ્રાર્થના કરી પોતે પ્રકટ થયા. તેમની પ્રાર્થનાને ધ્યાનમાં લઈ પ્રભુએ જન્મથી જ તેમને માયાનો બંધ ન થાય એમ કૃપા કરી, એટલે શુકદેવજી બાલ્યાવસ્થાથી જ ભગવદીય બન્યા. તેમને સર્વમાં ભગવદ્ભાવ છે. સ્ત્રી અથવા પુરુષ એમ પણ જેમના હૃદયમાં ભેદ ઉત્પન્ન થયો નથી. આ પ્રમાણે શુદ્ધ અદ્વૈતભાવમાં તલ્લીન તેમ ભગવદાસક્ત હોવાથી તે ભગવદ્રૂપ છે, મુક્ત દશામાં છે. ભગવલ્લીલાઓને પ્રત્યક્ષ નિરીક્ષણ કરનાર-જોનાર છે. તેથી જ **''શુકમુખાદ્ અમૃતદ્રવસંયુતમ્''** શુકદેવજીના મુખથી વેગેલું અમૃત તે રૂપ જ શ્રીમદ્ભાગવત છે એમ જણાવ્યું એ જ ત્રીજા શ્લોકના દ્વિતીય ચરણના ગુપ્ત હેતુને જણાવનાર આ નામ છે.

## વ્યાપિવૈકુણ્ઠદાતા ચ ॥૧૮॥

વ્યાપિવૈકુણ્ઠને આપનાર.

પોતાના પરમ ભક્તોને વ્યાપક-જ્ઞાનઘન બ્રહ્મમય અર્થાત્ જ્યાં ગયાથી

પુનઃ જન્મ-મરણ થતાં જ નથી, સંસારની માયા બાધ કરતી જ નથી અને જ્યાં પ્રભુસન્નિધાન જ છે તેવા નિજધામને આપનાર શ્રીપુરુષોત્તમે નિવાસ કરેલા સ્થાનને-વૈકુણ્ઠ લોકને જ્ઞાનઘનપણું છે. એમ અથર્વોપનિષદ્માં દર્શાવ્યું છે કે "**વૈકુણ્ઠભવનયોગં ગમિષ્યતિ તદિદં પરં પુણ્ડરીકં વિજ્ઞાનઘનમિતિ**" (જે કોઈ વૈકુણ્ઠભવનના યોગને પ્રાપ્ત કરશે એટલે તેને પામશે. તે એ જ કમળકોશરૂપ આ વિશ્વમાં અધિકમાં અધિક ઉત્તમ જ્ઞાન છે, (અર્થાત્ જે ધામને મેળવતાં બીજું કાંઈ પણ જાણવાનું બાકી રહેતું નથી) શ્રીભગવાને ગીતામાં શ્રીમુખથી ઉપદેશ કર્યો છે કે :

**"ન તદ્ ભાષયતે સૂર્યો ન શશાંકો ન પાવકઃ,**
**યદ્ગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ"**

(જેને સૂર્ય, ચન્દ્ર, અગ્નિ પ્રકાશ કરી શક્તા નથી તથા જ્યાં જઈને પાછું આવવું પડતું નથી એટલે કે પુનર્જન્મ ધારણ કરવો પડતો નથી. તે મારું ધામ છે.) તે ધામ પ્રભુ પોતાના એકાન્ત ભક્તોને જ આપે છે, બીજાને તે આનન્દમય ધામની પ્રાપ્તિ થતી નથી. આ નામને છેડે જે 'ચ' શબ્દ મૂકેલો છે તે ઉપરથી એમ સમજવાનું છે કે, વ્યાપિવૈકુણ્ઠને આપનાર એવા પુરુષોત્તમ શ્રીકૃષ્ણ, આ દરેક નામો 'શ્રીકૃષ્ણ' એ મુખ્ય નામના વિશેષણ જાણવાં, પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણની લીલાઓનો જ વિસ્તાર આ સહસ્ર નામ વડે કરવામાં આવે છે માટે. આ નામ વૈકુણ્ઠપ્રાપ્તિરૂપ આનન્દ રસના સ્વાદનો પ્રકાશ કરનાર હોવાથી "**પિબત ભાગવતં રસમ્**" એ તૃ. શ્લોક ત્રીજા ચરણના પૂર્વ પદનો ગૂઢાર્થ પ્રકટ કરે છે.

## શ્રીમદ્ભાગવતાગમ : ||૧૯||

૧. શોભાયુક્ત જેમનું ભાગવત શાસ્ત્ર છે એવા.
૨. શ્રીમદ્ભાગવતનો સર્વ રીતે બોધ આપનાર.
૩. શ્રીમદ્ભાગવત સંહિતાની જેમનાથી ઉત્પત્તિ થઈ છે એવા.
૪. મદનના મદનીશ્રીને સમ્પાદન કરનાર ભાગ્ય રહિતથી ન જાણી શકાય તેવા.

શ્રીમદ્ભાગવતમાં કેવળ ભગવાન્ની લીલાઓ જ પ્રતિપાદન કરવામાં આવી છે. એટલે તેમાં શ્રીપુરુષોત્તમની આનન્દમયી દશવિધલીલા સિવાય બીજું કાંઈ જ નથી. ખરેખર શ્રીભાગવત તો એક આનન્દ સુધારસનો સાગર જ છે ! કેમ કે એમાં મત્સરરહિત એવા ભગવદીય સજ્જનોનો નિષ્કપટ ફળરૂપ ભગવદ્ધર્મ જ તેમાં વર્ણવ્યો છે. માટે તે ભાગવતશાસ્ત્ર શ્રીમન્ત-શોભા સમ્પન્ન હોઈ ભગવાન્ના સમ્બન્ધમાં જ યોજાયેલું છે. વળી તેના ઉપદેશક બોધ આપનાર પણ આપ જ છે. આરમ્ભમાં "**તેને બ્રહ્મહૃદાય આદિકવયે**" આદિકવિ બ્રહ્મદેવના અન્તરમાં શ્રીભાગવતનો વિસ્તાર કરનાર સત્ય અને, સર્વથી પર એવા પુરુષોત્તમને જ માન્યા

છે માટે પોતે જ ઉપદેશ કરનાર છે. એટલે શ્રીમદ્‌ભગવતની ઉત્પત્તિ પણ આપથી જ થયેલી છે. પોતાની દિવ્ય લીલાઓને જાણવાને આપ સિવાય બીજો કોણ સમર્થ હોઈ શકે? કોઈ જ નહિ, તેની ઉત્પત્તિ પણ પ્રભુથી જ ઘટે છે. વ્યાસ તો માત્ર તેના વિસ્તારનાર છે, સમાધિમાં જ તેમને ભાગવતની સ્ફુર્તિ નારદજીના ઉપદેશથી થઈ છે, સમાધિમાં જેવી રીતે ભગવાન્‌ની લીલાઓની સ્ફુર્તિ થઈ તેવી રીતે તેમણે તેનો વિસ્તાર કરેલો છે. તેમ છતાં વ્યાસ પણ કાર્યાવેશી ભગવાન્ હોવાથી સર્વથા પોતે પ્રભુ જ તેને પ્રકટ કરનાર છે એમ સિદ્ધ જ થાય છે. કામની કેફમાં મદોન્મત્ત બનેલા સંસારની સેવામાં આસક્ત થયેલા દુર્જનોને-દુર્ભાગ્યિવાનોને ભગવાન્ પ્રાપ્ત ન થાય એમાં શું આશ્ચર્ય? પ્રભુ કેવળ પ્રેમથી જ સાધ્ય થાય છે. જેમને સંસારમાં પ્રેમ-મોહ હોય, ખાસ મદનવિલાસમાં પોતાનું કર્તવ્ય માની બેઠેલા હોય, તેમને તો પ્રભુ સમીપ છતાં દૂર જ છે. માટે તેવા અભાગ્યવાનોથી ન જાણી શકાય એવા એમ કહ્યું. ભગવદ્‌રૂપ જ ભાગવત હોવાથી રસના આલય-સ્થાનરૂપ છે, રસિક અને ભાવુક ભક્તોએ સેવન કરવા યોગ્ય છે. માટે આ નામ ''**આલય મુહુરહો રસિકા ભુવિ ભાવુકાઃ**'' એ તૃ.શ્લો. ચોથા ચરણના ગૂઢ ભાવને દર્શાવે છે. અહિં સુધીનાં ૧૯ નામો 'જન્માદ્યસ્યઃ' એ શ્લોકથી '**નિગમકલ્પતરોઃ**' એ શ્લોક પર્યન્તના ગૂઢભાવોને દર્શાવનારાં છે.

૧. શ્રીકૃષ્ણઃ, ૨. સચ્ચિદાનન્દઃ, ૩. નિત્યલીલાવિનોદકૃત્

''**જન્માદ્યસ્યયતોઽન્વયાદિત્‌રતઃ શ્ચાર્થેષ્વભિજ્ઞઃ સ્વરાટ્**''

૪. સર્વાગમવિનોદી, ૫. લક્ષ્મીશઃ

''**તેને બ્રહ્મહૃદા ય આદિકવયે મુહ્યન્તિ યત્સૂરયઃ**''

૬. પુરુષોત્તમઃ

''**તેજોવારિમૃદાં યથા વિનિમયો યત્ર ત્રિસર્ગો મૃષા । ધામ્ના સ્વેન**''

૭. આદિકાલઃ, ૮. સર્વકાલઃ

''**સદા નિરસ્તકુહકં, સત્યં પરં ધીમહિ ।।૧।।**''

૯. કાલાત્મા, ૧૦. માયયાવૃતઃ

''**ધર્મઃ પ્રોજ્ઝિતકૈતવોત્ર પરમો, નિર્મત્સરાણાં સતાં ।**''

૧૧. ભક્તોદ્ધારપ્રયત્નાત્મા, ૧૨. જગત્કર્તા, ૧૩. જગન્મયઃ

''**વેદ્યં વાસ્તવમત્ર વસ્તુ, શિવદં, તાપમયોન્મૂલનમ્ ।**''

૧૪. નામલીલાપરઃ

''**શ્રીમદ્‌ભાગવતે મહામુનિકૃતે કિં વા પરૈઃ ઈશ્વરઃ ।।૧।।**''

૧૫. વિષ્ણુઃ

**''સદ્યો હૃદ્યવરુધ્યતેઽત્ર કૃતિભિઃ શુશ્રૂષુભિસ્તત્ક્ષણાત્ ॥૨॥''**

૧૬. વ્યાસાત્મા, ૧૭. શુકમોક્ષદઃ

**''નિગમકલ્પતરોર્ગલિતં ફલં, શુકમુખાદમૃતદ્રવસંયુતમ્ ॥''**

૧૮. વ્યાપિવૈકુણ્ઠદાતા ૧૯. શ્રીમદ્ભાગવતાગમઃ

**''પિબત ભાગવતં, રસમાલયં મુહુરહો રસિકા ભુવિ ભાવુકાઃ ॥''**

આ શ્રીમદ્ભાગવત પ્રથમ સ્કન્ધના પ્રથમ અધ્યાયમાંના પ્રથમ ત્રણ શ્લોકમાં આ ઓગણીશ નામોનો સમાવેશ થઈ જાય છે. તે તેનાં ગૂઢ આશયને પ્રકટ કરનારાં છે. હવે પછીનાં નામો આવશે તે પ્રકરણાર્થને દર્શાવનારાં શ્લોકસમુદાયના અર્થને એક નામમાં પ્રતિપાદન કરનારાં સૂત્રરૂપે સમજવા,

**શુકવાગ્ અમૃતાબ્ધીન્દુઃ શૌનકાદ્યખિલેષ્ટદઃ ॥**
**ભક્તિપ્રવર્તકસ્ત્રાતા વ્યાસચિન્તાવિનાશકઃ ॥૧૨॥**

## શુકવાગમૃતાબ્ધીન્દુઃ ॥૨૦॥

શુકદેવજીની વાણીરૂપ અમૃતસાગરના ચન્દ્ર.

શ્રીશુકદેવજીની વાણીરૂપ અમૃત-સુધા એટલે બીજું કાંઈ નહિ પણ શ્રીમદ્ભાગવત જ. તેથી '**શુકમુખાદ્ અમૃતદ્રવસંયુતમ્**' એમ કહ્યું છે. શ્રીભાગવત કેવળ અમૃત છે એમ નહિ, પણ અમૃતનો સુધાનો સાગર છે. જેમ સાગરમાં ગમ્ભીરતાદિગુણો છે, તેમ શ્રીમદ્ભાગવતમાં ગમ્ભીરતા, ઉદારતા વગેરે ગુણો રહેલા છે. કેમ કે તેનો પાઠ અભ્યાસ કરનારને તેવા ગુણો પ્રાપ્ત થયેલા જોવામાં આવે છે, જેમ સમુદ્રમાં ચૌદ રત્નો છે, તેમ શ્રીભાગવતમાં વિવેક, ધૈર્ય આદિ દૈવીસમ્પત્તિરૂપ અનેક રત્નો ભરેલાં છે. જેમ સાગરને મથન કરતાં અમૃતનિધિ ચન્દ્ર પ્રકટ થયો છે. તેમ શ્રીભાગવતસાગરને મન્થન કરતાં સુધાનિધિ-આનન્દરસરૂપ શ્રીકૃષ્ણચન્દ્ર હૃદય-આકાશમાં પ્રગટ થાય છે. જેથી શ્રીભાગવતસાગરના ચન્દ્ર એવા શ્રીપુરુષોત્તમ, શ્રીભાગવત એ શ્રીશુકદેવજીનાં વચનામૃતો છે, પ્રભુએ શ્રીશુકદેવજી તથા પરીક્ષિત દ્વારા જ ભૂમિમાં ભાગવતનો પ્રચાર કર્યો છે. તેથી જ શુકવચનામૃત (ભાગવત) તે સાગર વડે શ્રીકૃષ્ણરૂપ ચન્દ્રનો ભૂતળ પર પ્રકાશ થયેલો છે એટલે તે તેના ચન્દ્રરૂપ છે.

## શૌનકાદ્યખિલેષ્ટદઃ ॥૨૧॥

શૌનકાદિ મુનિઓને સર્વોત્તમ વસ્તુ-ભક્તિને આપનાર.

નૈમિષારણ્ય ક્ષેત્રમાં કર્મનિમિત્તે સર્વ મુનિઓ એકત્ર થયા હતા પરન્તુ દૈવેચ્છાથી સૂતપુરાણીનું ત્યાં આવવું થતાં, શ્રીભાગવત સમ્બન્ધમાં જ તેમને પ્રશ્ન પૂછવામાં આવ્યો. એ પ્રમાણે શૌનકાદિ મુનિઓને શ્રદ્ધાપૂર્વક ભગવદ્ગુણાનુવાદની

જીજ્ઞાસા થવી એ આપની ઈચ્છા સિવાય બનવું અશક્ય છે. કર્મમાં ગૌણતા માની પ્રભુ પર ભક્તિ થવી. એ પ્રભુની જ પ્રેરણા છે, માટે સર્વથી ઉત્તમ એવા ભક્તિયોગને આપનાર તે પુરુષોત્તમ છે. કારણ કે તેમનો અનુગ્રહ થયા વિના ઉત્તમ ભક્તિયોગ મળવો જ દુર્લભ છે.

**ભક્તિપ્રવર્ત્તકઃ ||૨૨||**

ભક્તિનો પ્રચાર કરનાર.

શૌનકાદિ મુનિઓ સર્વ વેદ, ઈતિહાસ, પુરાણને જાણનારા હોવાથી તેમને કર્મ તથા જ્ઞાન સિદ્ધ થયેલા છે. પરન્તુ ભગવાન્‌ના અનુગ્રહથી જ કેવળ મળી શકે તેવો ભક્તિમાર્ગ સિદ્ધ થયેલો નહિ હોવાથી, તેની સાર્થક્તા કરવા પ્રભુએ જ કૃપા કરી તેમના હૃદયમાં ભક્તિમાર્ગ સ્થાપન કર્યો. મુનિઓએ સૂતપુરાણીને ભગવત્સમ્બન્ધી પ્રશ્ન પૂછેલા છે. તેનું કારણ પણ એ જ છે. તેથી ભક્તિમાર્ગને પ્રવર્તાવનાર-પ્રચાર કરનાર એવા પ્રભુ એમ કહ્યું છે.

**ત્રાતા ||૨૩||**

રક્ષણ કરનાર.

પોતે ભક્તિમાર્ગનું સ્થાપન કરનાર હોવાથી ભક્તજનો ઉપર અનુકમ્પા (અનુગ્રહ-કૃપા) કરી તેમનું રક્ષણ કરનારા છે, એટલે તેમનાં અનેક દુઃખો અને દુર્ગુણો દૂર થઈ જાય છે, અશુભ ટળી જાય છે. તથા પાપપુંજ (પાપનો ઢગલો) પણ પ્રલય પામે છે. પુરાણમાં કહ્યું છે કે :

**ન ક્રોધો ન ચ માત્સર્યં ન લોભો નાશુભા મતિઃ |**
**ભવન્તિ કૃતપુણ્યાનાં ભક્તાનાં પુરુષોત્તમ||**
**ન વાસુદેવભક્તાનામ્ અશુભં વિદ્યતે ક્વચિત્ |**
**જન્મમૃત્યુજરાવ્યાધિ-ભયં નાપ્યુપજાયતે ||**

પુરુષોત્તમમાં ભક્તિ ધારણ કરનારા પુણ્યવાન્ ભક્તજનોને ક્રોધ, મત્સરપણું, લોભ, અશુભબુદ્ધિ વગેરે કાંઈ પણ દુર્ગુણ પ્રાપ્ત થતા નથી. તેમ વાસુદેવ શ્રીકૃષ્ણના ભક્તોનું કોઈ દિવસ કાંઈ પણ અશુભ-અમંગલ થતું નથી, અને જન્મ મરણ, જરા, રોગ, વગેરેનો ભય પણ ઉત્પન્ન થતો નથી પ્રભુ જ સર્વથા તેમનું રક્ષણ-પાલન કરે છે, તેથી સર્વત્ર તેમને સુખ તથા શાન્તિ જ છે. બૃહદ્‌નારદીય પુરાણમાં :

**યસ્ય દેવે પરાભક્તિ : વિભૌ નારાયણાહ્વયે |**
**તસ્ય સ્યાત્ સફલં જન્મ મુક્તિશ્ચૈવ કરે સ્થિતા ||૧||**

**ધર્માર્થકામમોક્ષાખ્યાઃ પુરુષાર્થા દ્વિજોત્તમાઃ ।**
**હરિભક્તિપરાણાં વૈ સમ્પદ્યન્તે ન સંશયઃ ।।૨।।**
**યથા જલૌકસાં નિત્યં જીવનં સલિલં મતમ્ ।।**
**તથા સમસ્તસિદ્ધીનાં જીવનં ભક્તિરિષ્યતે ।।૩।।**
**યથા ભૂમિં સમાશ્રિત્ય સર્વે જીવન્તિ જન્તવઃ ।**
**તથા ભક્તિં સમાશ્રિત્ય સર્વકર્માણિ સાધયેત્ ।।૪।।**

''જેને નિર્વિકાર નારાયણ પ્રભુમાં પૂર્ણ ભક્તિ હોય છે તેનો જ જન્મ સફળ છે, તેના જ હાથમાં મુક્તિ છે. હે વિપ્રવર્યો! શ્રીહરિની ભક્તિમાં પરાયણ બનેલાઓને ધર્મ, અર્થ, કામ, અને મોક્ષસંજ્ઞક ચારે પુરુષાર્થો સિદ્ધ થાય છે. એમાં કંઈ પણ સંશય-સન્દેહ નથી. જેમ જળમાં રહેનારા જીવોનું જીવન જળ છે, તેમ બધા સિદ્ધ મહાત્માઓનું જીવન પ્રભુની ભક્તિ છે. જેમ ભૂમિનો આશ્રય કરી સર્વ જન્તુઓ જીવે છે, તેમ પરમાત્માની ભક્તિનો આશ્રય કરી સર્વ કર્મો સન્ધાય છે, ઈત્યાદિ વચનો વડે ભક્તિ એ જ પ્રભુની પ્રાપ્તિમાં મુખ્ય સાધન છે, એમ સિદ્ધ થાય છે''.

આવા પ્રકારની ઉત્તમ ભગવદ્ભક્તિને પ્રવર્તાવી નિજ ભક્તોનું રક્ષણ કરનાર પ્રભુ-શ્રીપૂર્ણ પુરુષોત્તમ છે, માટે 'ત્રાતા' એટલે ભક્તિ અર્પણ કરી ભગવદીય જનોનું રક્ષણ કરનાર પરમાત્મા.

**વ્યાસચિન્તાવિનાશક ।।૨૪।।**

વ્યાસજીની ચિન્તાનો વિનાશ કરનાર.

શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસજીની ચિન્તાને વિશેષ કરી દૂર કરનાર પ્રથમ સ્કન્ધના **''અથાપિબત મે દૈહ્યો''** એ શ્લોકમાં જણાવે છે કે પોતે શ્રીવ્યાસજી, ''અરેરે! મારા દેહમાં રહેલો જીવ, સર્વ વસ્તુથી પૂર્ણ બ્રહ્મરૂપ, તેજસ્વી અને મહાસમર્થ છતાં કેમ આમ અપૂર્ણ પેઠે જણાય છે?'' એમ વિચારમાં નિમગ્ન બની ચિન્તા ચિતામાં બળતા હતા. તે સમય નારદજીએ આવી તેમની ચિન્તાનો નાશ કર્યો. અહિં નારદજી પોતે કાર્યાવેશી ભગવાન્ છે. એટલે વ્યાસજીની ચિન્તાને દૂર કરવા નારદરૂપે આપ શ્રીભગવાન જ પધારેલા છે, એમ સમજવાનું નારદરૂપે પોતે પ્રભુએ વ્યાસજીને કહ્યું.

**ન યદ્ વચશ્ચિત્રપદં હરેર્યશો જગત્પવિત્રં પ્રગૃણીત કર્હિચિત્ ।**
**તદ્ વાયસં તીર્થમ્ ઉશાન્ત માનસા ન યન્ત્ર હંસા વિરમન્ત્યુશિક્ષયઃ ।।**

(જે મનોહર પદની રચનાવાળું ચિત્રમય વચન, જગતને પવિત્ર કરનાર શ્રીહરિનાં યશને નથી ગાતું, તે વચન 'કાકતીર્થ' એટલે કામી પુરુષોના મનને પ્રીતિનું

સ્થાન મનાય છે. જે માનસ સરોવરમાં નિવાસ કરતા હંસો કમનીય કમલવનનો વાસ મૂકીને કાગડાના રમવાના સ્થાનમાં રમણ કરતા નથી તેમ મનમાં નિવાસ કરતા મનન કરતા, મનોહર પરમાત્માનું સેવન કરનારા હંસો-મહાત્માઓ તેવા સ્થળનો સ્વીકાર કરતા નથી) હે વ્યાસ ભગવાન્! તમે સર્વ ચિન્તાને દૂર કરી પ્રભુના ગુણાનુવાદો ગાઓ. તેમની લીલાઓનું વર્ણન કરો. ભગવદ્રસસુધાનું પાન કરો કે તમારી ચિન્તાને દૂર કરનાર પોતે ભગવાન જ છે.

**સર્વસિદ્ધાન્તવાગાત્મા નારદાદ્યખિલેષ્ટદઃ।**
**અન્તરાત્મા ધ્યાનગમ્યો ભક્તિરત્નપ્રદાયકઃ ॥૧૩॥**

## સર્વસિદ્ધાન્તવાગાત્મા ॥૨૫॥

૧. સર્વ સિદ્ધાન્તરૂપ વાણીના સ્વરૂપ એવા,
૨. બધા સિદ્ધાન્તોની વાણીમાં જેમનું સ્વરૂપ છે એવા
૩. સઘળા કપિલાદિ સિદ્ધ પુરુષોના અન્તરમાં વાણીરૂપે વિરાજેલા.

સર્વ વાણીઓમાં સિદ્ધાન્તરૂપ વાણી, એટલે કે વાદી અને પ્રતિવાદીઓએ શાસ્ત્રાર્થ કરી જે અર્થનો નિર્ણય કરવામાં આવે તેનું નામ સિદ્ધાન્ત, તેને કથન કરનારી વાણીને સિદ્ધાન્તવાણી કહે છે. સિદ્ધાન્તવાણી ફળરૂપ છે, એટલે તે બીજી કોઈ જ નહિ પણ સમાધિભાષા-શ્રીમદ્ભાગવત જ છે. શ્રીભાગવતને સમાધિભાષા કહેવામાં આવે છે, કેમ કે તે ભગવાન્ વ્યાસજીને સમાધિમાં ઉપલબ્ધ થયું છે. એવું શ્રીમદ્ભાગવત તે ભગવાન્નું જ સ્વરૂપ છે. વળી વેદ ગીતા વગેરેમાં જે સિદ્ધાન્તો દર્શાવ્યા છે તે વાણીમાં પણ પ્રભુનું જ સ્વરૂપ છે, સિદ્ધાન્ત ભગવત્સમ્બન્ધી હોવાથી પ્રમેયરૂપ છે. પ્રમેયબળ પ્રભુમાં જ સમ્ભવ છે, માટે એવા સિદ્ધાન્તરૂપ વાણી તે તો ભગવન્મયી જ હોય એ નિઃસંશય છે. કપિલ સનકાદિકો વગેરેને સિદ્ધ પુરુષો કહેવામાં આવે છે. કારણ કે, તેમના અન્તરમાં નિરન્તર બ્રહ્મજ્ઞાન સિદ્ધ જ હોય છે. તેવા મહાત્માઓના અન્તઃકરણમાં વાણીરૂપે પ્રભુ વિરાજે છે એમ માનવાનું મુખ્ય પ્રયોજન અન્ય કાંઈ જ નહિ. પણ તે સિદ્ધજનોની વાણી જ્યાં હશે ત્યાં બ્રહ્મને પ્રભુને પ્રતિપાદન કરનારી, તેમની ભક્તિ દર્શાવનારી, જ્ઞાનને પ્રકાશનારી જ હશે. અહાહા! જેમની વાણીમાં શ્રીભગવાન જ વિરાજે છે! એટલે તે વાણી ભગવાન્ સિવાય બીજી લૌકિક વસ્તુનું તો ક્યાંથી જ વર્ણન કરે? ન જ કરે એ સિદ્ધ છે. માટે તેમની વાણીરૂપે ભગવાન્ એમ કહ્યું એ ખરેખર નિઃસન્દેહ નિર્વિવાદ જ છે.

## નારદાદ્યખિલેષ્ટદઃ ॥૨૬॥

નારદજીને સર્વથી શ્રેષ્ઠ લાભ આપનાર.

દેવર્ષિ નારદ પૂર્વ જન્મમાં દાસીસુત હતા, પરન્તુ ભગવદ્ભક્ત મુનિઓનો

સમાગમ થવાથી તેમને પ્રભુ પર પૂર્ણ પ્રેમમયી ભક્તિ પ્રકટ થઈ. તેના પ્રતાપથી બીજા જન્મમાં બ્રહ્મદેવની માનસ પ્રજાઓમાં નારદજી પણ ઉત્પન્ન થયા, તેમને સંસારવાસના નહિ હોવાથી પ્રભુની ભક્તિ લીન રહેલા દેવર્ષિ માન્યા છે. એ દેવર્ષિ નારદજીના વિમલ હૃદયકમલમાં વિરાજમાન રહેતા, પ્રસંગે-પ્રસંગે તેમનામાં ભગવાન્‌નો આવિર્ભાવ સારી રીતે પ્રકટ પણ દેખાઈ આવતો, એક વખતે પ્રભુના પૂર્ણ આવેશમાં આવી શ્રીવ્યાસજીને ભગવાન્‌ના ગુણાનુવાદો ગાવામાં પ્રેર્યા તે પરમભગવદીય દેવર્ષિ નારદને અનુગ્રહ કરી પરમ ભક્તિરૂપ સર્વોત્કૃષ્ટ વસ્તુનો લાભ આપનાર આપ પૂર્ણ પુરુષોત્તમ જ છે.

## અન્તરાત્મા ||૨૭||

અન્તઃકરણ-મન તે રૂપ પ્રભુ.

ઘણા જ વેગવાળું કોઈથી રોકાય નહિ એવું સમર્થ મન ભગવદ્રુપ છે. ગીતામાં શ્રીમુખથી શ્રીકૃષ્ણ આજ્ઞા કરે છે કે: ''**ઈન્દ્રિયાણાં મનશ્ચાસ્મિ**'' ( ઈન્દ્રિયોમાં હું મન છું )

**''યદ્યદ્ વિભૂતિમત્ સત્વં શ્રીમદૂર્જિતમેવ વા**
**તત્તદેવાવગચ્છ ત્વં મમ તેજોંડશસમ્ભવમ્''**

''જે-જે ઐશ્વર્યવાન્, શ્રીમાન્, વેગવાન્, બલવાન્, પ્રભાવાન્, સત્ત્વ જોવામાં આવે છે; તે-તે મારા તેજ-સ્વરૂપનો અંશ છે. એમ તું જાણ'' એ વચનોથી તેમ મન સમર્થ તથા સમાધિમાં મુખ્ય હોવાથી પ્રભુરૂપ જ છે.

## ધ્યાનગમ્યઃ ||૨૮||

ધ્યાનથી પ્રાપ્ત થઈ શકે તેવા.

ધ્યાનપૂર્વક સમાધિમાં એક ચિત્ત થયેથી જાણી શકાય તેવા, વ્યાસજીએ સરસ્વતી નદીના તીર ઉપરના પોતાના આશ્રમમાં આચમન લઈ મનને સ્થિર કર્યું. એટલે ભક્તિયોગથી સારી રીતે નિશ્ચલ બનેલા નિર્મલ અન્તઃકરણમાં પ્રથમ પૂર્ણ પુરુષોત્તમનાં દર્શન કર્યા, અને ત્યાર પછી તેમના આશ્રયે રહેલી અર્થાત્ નિજ શક્તિરૂપમયા ભગવલ્લીલાને જોઈ પ્રથમ સ્કન્ધના

**''આસીનોડપ ઉપસ્પૃશ્ય મનઃ પ્રણિદધૌ સ્વયમ્''**
**''અપશ્યત્ પુરુષં પૂર્ણં માયાં ચ તદુપાશ્રયામ્''**

એ બન્ને શ્લોકોમાં વ્યાસજીએ ધ્યાન કર્યું તેથી જ હૃદયમાં ભગવત્સ્વરૂપને નીહાળ્યું છે, એમ સ્પષ્ટ જણાવેલું છે, એક ચિત્તેથી ધ્યાન કરતાં જ અનેક ભક્તો પ્રભુને પ્રાપ્ત થયા છે, અને થાય છે. તેથી જ અહિં તેમને ધ્યાનગમ્ય-ધ્યાનથી પ્રાપ્ત થઈ શકે તેવા કહ્યા છે.

### ભક્તિરત્નપ્રદાયકઃ ॥૨૯॥

ભક્તિરૂપ રત્નને ઉત્કર્ષપૂર્વક દાન કરનાર.

અહિં ભક્તિ એટલે ભક્તિનું તથા તેના સાધનરૂપ શ્રીમદ્‌ભાગવતનું દાન કરનાર એમ ગ્રહણ કરવાનું છે, ભક્તિને અર્પણ કરનાર પ્રભુ છે, તેમ શ્રીમદ્‌ભાગવતને સમર્પણ કરનાર પણ તે જ છે, વ્રજભક્તોને પ્રભુએ ભક્તિ આપી છે. બ્રહ્મદેવને વિષ્ણુ દ્વારા, નારદને બ્રહ્મદેવ દ્વારા, વ્યાસજીને નારદ દ્વારા, શુકદેવજીને વ્યાસ દ્વારા, અને પરીક્ષિત્‌ને શુકદેવ દ્વારા શ્રીમદ્‌ભાગવતનું દાન આપનાર આપ જ છે બીજું કોઈ જ નથી.

**મુક્તોપસૃપ્યઃ પૂર્ણાત્મા મુક્તાનાં રતિવર્દ્ધનઃ ।**
**ભક્તકાર્યૈકનિરતો દ્રૌણ્યસ્ત્રવિનિવારકઃ ॥૧૪॥**

### મુક્તોપસૃપ્યઃ ॥૩૦॥

૧. જેમના સમીપમાં મુક્ત પુરુષો ભક્તજનો જવાને યોગ્ય છે એવા.
૨. ભક્તજનના સમીપમાં જઈ શકે તેવા.

મુક્ત ભક્તજનોની જ પરમગતિ-સદ્‌ગતિ થાય છે, તે જ ભગવાન્‌ના ચરણારવિન્દને પ્રાપ્ત કરે છે. માટે તે જ તેમના સમીપમાં જઈ શકે, બીજા સંસારભાવનામાં રહેલા હોવાથી તેમનામાં ભગવદ્‌ભાવનો અભાવ છે, એટલે ભગવત્પદ તેમને શી રીતે મળી શકે? ન જ મળે, મુક્ત ભક્તજન કેવળ તેમના સામીપ્યને પ્રાપ્ત કરે છે, એટલું જ નહિ પરન્તુ તેઓની પોતાના ઉપર પૂર્ણ નિષ્ઠાવાળી પ્રેમભક્તિને નિહાળી પ્રભુ પોતે પણ તેમના સમીપ પધારે છે. અહોહો !!! તે ભક્તોનાં અહોભાગ્ય છે? ? ? માટે જ ભક્તજનોનાં સમીપમાં જઈ શકે તેવા પુરુષોત્તમ એમ કહ્યું.

### પૂર્ણાત્મા ॥૩૧॥

૧. પરિપૂર્ણ આત્માવાળા,
૨. ભક્તિરસમાં પૂર્ણ બનેલાઓના આત્મારૂપ,
૩. સર્વ ગુણોથી જેમનો આત્મા પૂર્ણ છે એવા,
૪. જેમનું સ્વરૂપ પૂર્ણ-વ્યાપક છે એવા,
૫. શુકદેવજી જેમનો આત્મા છે એવા.

પૂર્ણ આત્મા-સ્વરૂપ, પ્રભુ સિવાય બીજું કોણ હોઈ શકે? એ સિવાયના સર્વમાં જન્મ-મરણ, બાલ્યયૌવન, વૃદ્ધત્વ વગેરે ધર્મો હોય છે. કેમ કે તેમનામાં સંસાર ધર્મો દૃઢ થયેલા છે. દેહની ઉપર જ પોતાનો ભાવ માની રહ્યા છે, માટે તે પૂર્ણ નથી. પ્રભુ સ્વયં છે, પૂર્ણ છે, આનન્દમય છે, માટે તે પરિપૂર્ણરૂપે વિરાજે છે,

ભક્તિરસમાં પૂર્ણ બનેલા નિજભક્તોના આત્મારૂપ પણ પોતે જ છે, ભક્તો દેહ ગેહ (ઘર) ના અભિમાનને દૂર કરી આપની ભક્તિમાં જ આસક્તિ રાખે છે. અને સર્વત્ર ભગવદ્ભાવનાથી આપની સેવાના કાર્ય કરે છે, તેથી તેમના હૃદયમાં દયાનિધિ પ્રભુ આત્મા રૂપે જ ઉદય પામ્યા છે. સર્વ ગુણોથી પરમાત્મા જ પૂર્ણ હોઈ શકે કેમ કે સૂર્યમાં તાપ, ચન્દ્રમાં કલંક, સમુદ્રમાં ખારાશ, ઈન્દ્રમાં કામ, દુર્વાસા પ્રભૃતિમાં ક્રોધ, એમ કોઈમાં કાંઈ તો કોઈમાં કાંઈ દોષો પણ જોવામાં આવે છે. ''**નિર્દોષં એકો હરિઃ**'' એક હરિ જ નિર્દોષ છે, સર્વ ગુણ ગણ (સમુદાય) રૂપ મણિના આભૂષણોથી (અલંકાર, શણગાર) પ્રભુ જ ભૂષિત શોભાયુક્ત છે, પ્રભુના પૂર્ણ વ્યાપકપણામાં શ્રુતિ ભગવતી ઉપદેશે છે કે: ''**વૃક્ષ ઈવ યો દિવિ તિષ્ઠતિ એકઃ તેન ઈદં પૂર્ણં પુરુષેણ સર્વમ્**'' (વૃક્ષની પેઠે જે આકાશમાં રહેલા એવા તે એક પુરુષથી આ જગત્ પૂર્ણ વ્યાપ્ત છે.) ભગવાન્ શ્રીમુખથી ગીતામાં આજ્ઞા કરે છે કે: ''**મયા તતમ્ ઈદં વિશ્વં જગદ્ અવ્યક્તમૂર્તિના**'' (સૂક્ષ્મીરૂપ મારાથી આ જગત્ વ્યાપ્ત છે) ઈત્યાદિ વચનોથી પ્રભુનું પૂર્ણપણે તેમ વ્યાપકપણું સિદ્ધ થાય છે. શ્રીશુકદેવજી પોતે પૂર્ણ છે, ભગવદ્રૂપ છે, શ્રીભાગવતમાં ''**સર્વૈર્નિવૃત્તિનિરતઃ સર્વત્રોપેક્ષકો મુનિઃ**'' (નિવૃત્તિમાં-ભગવદાનન્દમાં જ અત્યન્ત લીન થયેલા અન્ય સર્વ લૌકિકની ઉપેક્ષા કરનાર શુક મહામુનિ છે. (આ વચનમાં શુકદેવજીની પૂર્ણતા પૂર્ણપણે જણાય છે. માટે એવા પૂર્ણ શુકદેવજી ભગવાન્નું સ્વરૂપ હોય એમાં કાંઈ જ નવાઈ નથી કારણ કે ત્યાર વિના પૂર્ણતા પ્રભુમાં ક્યાંથી હોય?

## મુક્તાનાં રતિવર્ધનઃ ॥૩૨॥

મુક્ત એવા ભક્તોની પ્રેમ ભક્તિ વધારનાર.

સર્વ સંસારના બન્ધનોથી મુક્ત થયેલા પ્રભુમાં અનુરક્ત બનેલા નિજભક્તોની પોતાના ઉપર રહેલી એવી અલૌકિક રતિ દિવ્ય પ્રેમમયી ભક્તિ તેને વધારનાર, પ્રભુના અનુગ્રહ વિના તેમનામાં દિવ્ય રતિ થવી સમ્ભવે નહિ, સર્વ વસ્તુ સિદ્ધ થવામાં પ્રભુ કૃપાની જરૂર જ છે. ભગવાન્નો અનુગ્રહ મેળવવા મોટા મહાત્માઓ જ્ઞાન સમ્પન્ન થયા છતાં પણ પ્રભુમાં પ્રેમમયી નિષ્કામ ભક્તિ જ કર્યા કરે છે, તેથી જ ભાગવતમાં કહ્યું છે કે:

**આત્મારામાશ્ચ મુનયો નિર્ગ્રન્થા અપ્યુરુક્રમે ।**
**કુર્વન્ત્યહૈતુકીં ભક્તિમ ઈત્થંભૂતગુણો હરિઃ ॥**

(પ્રભુમાં નિરન્તર રમણ કરનારા વિરામ પામનારા નિરભિમાની મુનિવરો પણ શ્રીકૃષ્ણમાં નિષ્કામ ભક્તિ કરે છે એવા પ્રકારના મનોહારિ ગુણોધારી હરિ છે.) એટલે જ મુક્ત ભક્તોને પણ રતિપ્રીતિ વધારનાર એવા પુરુષોત્તમ એમ કહ્યું છે.

### ભક્તકાર્યૈકનિરતઃ ||૩૩||

૧. ભક્તોનાં કાર્યો કરવામાં પ્રયત્નશીલ,

૨. ભક્તોના ભજનરૂપ એક કાર્યમાં હંમેશાં દમણ કરનાર.

દીન ભક્તોનાં સર્વ કાર્યો સફળ કરવામાં જ પ્રભુ લીન રહે છે. વ્રજ ભક્તોના તેમ યુધિષ્ઠિરાદિ પાણ્ડવોનાં બધાં કાર્યો સફળ કરવામાં ભગવાને ભક્તાધીનતા દેખાડી છે. ગીતામાં શ્રીમુખે આપ આજ્ઞા કરે છે કે "**યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ**" (જે મારો ભક્ત છે તે મને બહુ વ્હાલો લાગે છે.) ભગવાન્‌ને ભક્તો વ્હાલા છે. તેથી જ તેમનાં સમગ્ર કાર્યોને તેમની ઈચ્છા ન છતાં પોતે સફળ કરે છે. માટે જ "**ભક્ત્યૈવ તુષ્ટિમ્ અભ્યેતિ**" "**હરિરન્યદ્ વિડમ્બનમ્**" ભક્તિથી જ હરિ પ્રસન્ન થાય છે એ વિનાનું બીજું વિડમ્બન-ક્રીડા (રમત) જેવું છે.

### દ્રૌણ્યસ્ત્રવિનિવારકઃ ||૩૪||

અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રને વિશેષે કરી નિવારણ કરનાર.

ઉપરના નામને સિદ્ધ કરવા આ નામ જણાવે છે. દ્રોણ પુત્ર અશ્વત્થામાનું બ્રહ્માસ્ત્ર પાણ્ડવોનો તેમ ઉત્તરાના ગર્ભનો વિનાશ કરવાને આવ્યું હતું ત્યાં પ્રભુએ તે સર્વનું રક્ષણ કરી ભક્તનાં કાર્યોને સફળ કરવાપણું દર્શાવી આપ્યું છે. અર્જુનને બ્રહ્માસ્ત્ર ઉપર બ્રહ્માસ્ત્ર મારી એ બન્નેને પાછાં ખેંચવાથી પાપ થાય, એમ સન્દેહ ઉત્પન્ન થયો, ધનુર્વેદનો નિયમ છે કે, જે અસ્ત્ર મારવામાં આવે તેને જો પાછું ખેંચે તો તે મનુષ્ય દોષવાન્ ગણાય છે તો આવો દોષ કેમ થાય? એમ વિચારમાં પડેલા અર્જુનને સર્વનાશ થવાનો પ્રસંગ ઉપસ્થિત થવાથી તેવી રીતે કરવાની આજ્ઞા આપેલી છે. તેમ કરી પ્રભુએ પાણ્ડવોનું રક્ષણ કર્યું. ઉત્તરાગર્ભનું રક્ષણ પ્રભુએ ઉદરમાં અંગુષ્ટ માત્રરૂપે પ્રવેશ કરી ગદાથી કર્યું છે.

**ભક્તસ્મયપ્રણેતા ચ ભક્તવાક્પરિપાલકઃ |**
**બ્રહ્મણ્યદેવો ધર્માત્મા ભક્તાનાં ચ પરીક્ષકઃ ||૧૫||**

### ભક્તસ્મયપ્રણેતા ||૩૫||

૧. ભક્તોને વિસ્મય પમાડનાર,

૨. ભક્તોના ગર્વને દૂર કરનાર.

ભક્ત પાણ્ડવોને, "**નૈનં પાર્થાર્હસિ ત્રાતું બ્રહ્મબન્ધુમિમં જહિ**" હે અર્જુન ! નિરાપરાધી સુતેલા શિશુઓને-બાળકોને મારનાર આ દુષ્ટ બ્રાહ્મણનો વધ કર, એનું રક્ષણ કરવાને તું યોગ્ય નથી. એમ બ્રાહ્મણનો વધ કરવાની આજ્ઞા કરી શ્રીકૃષ્ણે સર્વને વિસ્મય પમાડ્યા છે. એક સમયે "**બ્રાહ્મણો મામકી તનુઃ**" એમ કહી તે અપરાધી

હોય તો પણ તેનો નાશ નહિ કરવો એમ કહે છે. અને અહિં બ્રાહ્મણનો નાશ કરવાનું કહે છે. તો કયું ખરું? એ પ્રમાણે અર્જુન વગેરે પાણ્ડવોને આશ્ચર્ય ગરકાવ કરી દીધા છે. પ્રભુ દુષ્ટના અત્યન્ત નીચ કૃત્યથી ઉશ્કેરાઈ, યુધિષ્ઠિરાદિમાં કેવો ધર્મ છે, તેની પરીક્ષા કરવા, મનમાં તેનો નાશ કરવાની ઈચ્છા ન હતી તો પણ તેમ કરવા કહેલું છે. પછી બ્રાહ્મણને નહિ મારવાના ભગવાન્‌ના હૃદયગત અભિપ્રાયને જાણી તેમને આશ્ચર્ય થયું, અશ્વત્થામા તે વળી શું કરનાર છે? એવા પ્રકારનો ભીમાદિને ગર્વ થયો હતો, પરન્તુ તેના બ્રહ્માસ્ત્રનો પ્રભાવ બતાવી તેના પ્રતિ તમે કાંઈ જ કરવાને શક્તિમાન્ નથી એમ જણાવી પછી તેમનું રક્ષણ કર્યું. માટે જ તે શ્રીકૃષ્ણ ભક્તોના ગર્વ નાશક છે.

## ભક્તવાક્પરિપાલકઃ ||૩૬||

ભક્તની વાણીને પાલનાર

ભક્તોની વાણીને સર્વ રીતે પાલન કરનાર પરમાત્મા છે. પોતે અશ્વત્થામાના વધની આજ્ઞા કરી હતી, પરન્તુ "**નિરીક્ષ્ય કૃષ્ણાઽપકૃતં ગુરોઃ સુતં વામસ્વભાવા કૃપયા નનામ ચ**" અપકાર કરનાર ગુરુપુત્રને દયાથી જોઈ સારા સ્વભાવવાળાં દ્રૌપદી તેમને પગે લાગ્યાં. દ્રૌપદી પોતાની ભક્તા છે. તેથી પ્રભુએ તેના વિચારને જાણી પોતાનો અભિપ્રાય અશ્વત્થામાનો વધ કરવા સમ્બન્ધી જાહેર કર્યો હતો છતાં ભક્તની વાણીનું પરિપાલન કરવા તેનો વધ કરાવ્યો નથી એ પ્રમાણે પ્રભુએ ભક્તાધીનતા દર્શાવેલી છે.

## બ્રહ્મણ્યદેવ ||૩૭||

૧. બ્રહ્મમાં યોગ્ય એવા દેવ, ૨. બ્રહ્મણ્ય પુરુષોમાં દેવ-ક્રીડા કરનાર,
૩. બ્રહ્મણ્ય મહાત્માઓને પ્રાપ્ત થાય તેવા,
૪. બ્રહ્મનિષ્ઠજનો સારું પ્રકાશ પામતા,
૫. બ્રહ્મ પરાયણ મહાત્માઓ વડે સ્તુતિ કરાતા.

બ્રહ્મમાં-અક્ષરબ્રહ્મમાં યોગ્ય પ્રભુ પોતે અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ છે. અક્ષરબ્રહ્મ પણ આપ જ છે, તેથી બ્રહ્મમાં દેવ તરીકે યોગ્યતા પ્રભુની જ છે. બ્રહ્મ-ભગવાન્‌માં તલ્લીન બનેલા પુરુષોમાં અર્થાત્ વ્રજભક્તોમાં ક્રીડા-રમણ કરનાર પણ આપ જ છે. બ્રહ્મનિષ્ઠ મુનિઓ નિરન્તર સંસાર વાસનાને છોડી ભગવદુપાસન કરે છે. તો તે પરમાત્માને પામે જ, પ્રભુ એવા મુનિઓને, ભક્તોને પ્રાપ્ત થાય છે. દર્શન આપે છે. અરે ! એટલું જ નહિ પણ તેઓને માટે અવતાર ગ્રહણ કરી તેમનાં કાર્યો સાધી કૃતાર્થ કરી દે છે. તેથી જ મુનીશ્વરો, યોગીશ્વરો, ભક્તજનો તેની સ્તુતિ કરે છે, તેમને સર્વ સમર્પણ કરે છે. અને કહે છે કે : "**નમો બ્રહ્મણ્યદેવાય ગોબ્રાહ્મણહિતાય**

**ચ''** ( ગાયો તથા બ્રાહ્મણોનું હિત કરનાર બ્રાહ્મણદેવ શ્રીકૃષ્ણને નમસ્કાર હો. )

## ધર્માત્મા ।।૩૮।।

૧. ધર્મ જેમનું સ્વરૂપ છે એવા, ૨. ધર્મ-યુધિષ્ઠિરના આત્મારૂપ,
૩. ધર્મને સારું અવતાર ધારણ કરનાર, ૪. ધર્મમાં જેમનું ચિત્ત છે એવા.

આપ પ્રભુ જ ધર્મરૂપ છે, ધર્મના ચાર પદ ગણાય છે. સત્ય, દયા, તપ, શૌચ; પ્રભુની પ્રાપ્તિમાં સત્યાદિ ચારે પદોનું મુખ્યપણું છે. એ ચારે પદ સહિત ધર્મ પાલન કરી પ્રભુનું સેવન કરવામાં આવતાં પ્રભુ પ્રસન્ન થાય છે, માટે જ ધર્મરૂપ પોતે છે. કેમ કે સત્ય, દયા, તપ, શૌચ, સહિત ધર્મ ન હોય, તો પછી ગમે તેટલાં પ્રભુને મેળવવાનાં સાધનો કરે તે વૃથા છે. એટલે જ તેવા પ્રકારના ધર્મનું વારંવાર પોતે રક્ષણ કરે છે. ગીતામાં આપ શ્રીમુખે આજ્ઞા કરે છે કે :

**યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।**
**અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ।।**
**પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ ।**
**ધર્મસંસ્થાપનાર્થાય સમ્ભવામિ યુગે યુગે ।।**

( જ્યારે જ્યારે ગ્લાની-હ્રાસ થાય છે અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે મારા આત્માને હું ઉત્પન્ન કરું છું તેમ સત્પુરુષોને ( ભક્તોને ) રક્ષણ કરવા-તારવા અને પાપીઓને સંહારવા હું યુગે-યુગે ઉત્પન્ન થાઉં છું ) આવી રીતે યુગે-યુગે પ્રભુ પ્રકટ થઈ ધર્મનું રક્ષણ કરે છે. માટે ધર્મ કોઈ અદ્વિતીય ઈશ્વરરૂપ જ વ્યક્તિ છે એમાં સન્દેહ નહિ, પ્રભુનું ચિત્ત પણ તે ધર્મમાં જ રહે છે, તેથી પોતે પણ તેવા જ ધર્મને અનુસરે છે.

## ભક્તાનાં ચ પરીક્ષકઃ ।।૩૯।।

ભક્તોની પરીક્ષા કરનાર.

અશ્વત્થામાનો વધ કરવો જ જોઈએ. એવી આજ્ઞા શ્રીકૃષ્ણે કરેલી છે, તે અન્તઃકરણપૂર્વક નહિ પણ ધર્માદિ પાણ્ડવો તથા દ્રૌપદીની પરીક્ષા કરવા માટે જ, પછી આપે જ તેના શિર ઉપરનો મણિ ગ્રહણ કરવાની તથા મુણ્ડન કરાવી તમ્બૂની બહાર કાઢી મૂકવાની આજ્ઞા અર્જુનને આપેલી છે. તે જ તેમનો અભિપ્રાય દર્શાવી આપે છે, તેથી પ્રથમ કરેલી આજ્ઞા પરીક્ષા કરવાના હેતુને લીધે જ છે, પોતે આ પ્રમાણે ભક્તોની પોતાના ઉપર કેવી પ્રીતિ છે ! તથા ધર્મ ઉપર કેવી શ્રદ્ધા છે ! એમ જાણવા તથા જોવા પ્રભુ પરીક્ષા કરે છે.

**આસન્નહિત કર્તા ચ માયાહિતકરઃ પ્રભુઃ ।**
**ઉત્તરાપ્રાણદાતા ચ બ્રહ્માસ્ત્રવિનિવારકઃ ।।૧૬।।**

**આસન્નહિતકર્તા ॥૪૦॥**

૧. સર્વનું સત્વર હિત કરનાર,

૨. ભક્તોનાં અન્તરંગ કાર્યોમાં હિત કરનાર.

અશ્વત્થામા બ્રાહ્મણનો ભીમાદિ નાશ કરતા હતા, પણ તરત સર્વનાં ચિત્તોને ફેરવી તેનું રક્ષણ કરવારૂપ હિત કર્યું છે. કાર્યો બે પ્રકારનાં છે, એક અન્તરંગ બીજું બહિરંગ. 'અન્તરંગ' એટલે અન્તરના ગુપ્ત અલૌકિક ભગવત્સમ્બન્ધી કાર્યો, અને 'બહિરંગ' એટલે બહારના વ્યવહારમાં જોવામાં આવતાં કાર્યો. બહિરંગ કાર્યોમાં પ્રભુ હિત કરનાર છે, તે ઉપર જણાવ્યા પ્રમાણે દ્રોણ પુત્ર અશ્વત્થામાના અસ્ત્રનું નિવારણ કરવું, ભક્તોની વાણીને સિદ્ધ કરવી ઈત્યાદિમાં સ્પષ્ટ જણાય છે. હવે અન્તરંગનાં અલૌકિક ભગવત્સમ્બન્ધી કાર્યોમાં પણ પ્રભુ હિત કરનાર છે, ઉપદેશ આપી આત્મસ્વરૂપ દર્શાવી ભક્તિ પ્રગટાવી ભક્તોનાં નિર્મળ હૃદયમન્દિરમાં આપ પધારી તેમનાં અન્તરંગ કાર્યો પણ સિદ્ધ કરે છે. તે સમ્બન્ધમાં પણ પ્રભુ હિત કરનાર છે. એવો પ્રસંગ ગીતાજીમાં અર્જુનનું હિત કરવામાં સ્પષ્ટ જણાઈ આવે છે.

**માયાહિતકર ॥૪૧॥**

૧. માયા–લોકરૂઢી વડે હિત કરનાર

૨. માયાથી અહિત કરનાર પોતાની માયાશક્તિએ સર્વને હિત (અભય કરવારૂપ) કરનાર,

૩. 'માં' એટલે લક્ષ્મી અર્થાત્ લક્ષ્મી સમ્પત્તિ આપી સર્વનું હિત કરનાર.

૪. માયા–લક્ષ્મીનું હિત કરનાર.

પોતે પ્રભુએ લોકરૂઢીથી ધૃતરાષ્ટ્રના (પુત્રના મરણથી થયેલા) શોકને દૂર કરવારૂપી હિત આચરણ કરેલું છે. તેને સાન્ત્વનાનાં વચનો લોકની રૂઢી પ્રમાણે કહી આપે શાન્ત પાડેલો છે. પોતાના પુત્રો ઉપર જૂઠી માયા રાખવાથી તેનું અહિત–સર્વનાશ થયેલું છે, એ ભગવદીચ્છાથી જ માટે માયાના મોહમાં ફસાયેલા મનુષ્યોનું અહિત કરનાર પ્રભુ ઉપર ભાવ ન હોય અને માયામાં મમતા રાખતા હોય તો તેનું અહિત થાય એ સ્વાભાવિક જ છે, તેમ પોતાની માયાશક્તિ વડે ભગવાન્ સર્વને અભય આપવા રૂપ હિત કરી જ રહ્યા છે. કોઈ પણ મનુષ્યને સમ્પત્તિની વૃદ્ધિ થવી તેનું કારણ આપ જ છે. તેથી લક્ષ્મી–સમ્પત્તિવડે સર્વનું હિત ઈશ્વર કરે છે. વળી માયા લક્ષ્મીનું હિત કરવા પ્રભુ સત્ત્વગુણાત્મક વિષ્ણુરૂપે પ્રકટ થઈ બ્રહ્મદેવાદિ સર્વ દેવો છતાં પોતે લક્ષ્મીજીને વરી તેમને હૃદયનું રમણીય સ્થાન આપેલું છે. માટે લક્ષ્મીના હિત કરનાર પ્રભુ એમ કહ્યું.

**પ્રભુઃ ॥૪૨॥**

સમર્થ.

પરમાત્મા સર્વ બ્રહ્માદિ દેવોથી સમર્થ છે. તેમ સર્વ જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ વગેરે કાર્યો કરવામાં સમર્થ છે. બીજાથી તેમ થઈ શક્તુ નથી, તેથી જ તેમને સર્વમાં સમર્થ પ્રભુ કહ્યા. યુધિષ્ઠિરના સર્વ શત્રુઓનો પરાભવ કરવો તેને રાજ્ય અપાવવું, ત્રણ અશ્વમેધ યજ્ઞો કરાવી ઈન્દ્રના જેવું નિર્મળ યશ વિસ્તાર કરવું. ઈત્યાદિ સર્વ કરવાને પોતે જ સમર્થ છે. '**સાધયિત્વા અજાતશત્રોઃ**' વગેરે ભાગવતના આ સ્કન્ધના શ્લોકોમાં પ્રભુએ તેમનાં કાર્યો સિદ્ધ કરેલાં છે. એમ સ્પષ્ટ બતાવી આપ્યું છે.

## ઉત્તરાપ્રાણદાતા ||૪૩||

૧. ઉત્તરાના ગર્ભનું રક્ષણ કરી તેને પ્રાણનું દાન–જીવન આપનાર,

૨. ઉત્તરાના બ્રહ્માસ્ત્રથી દગ્ધ થયેલા ગર્ભને ફરીથી જીવ આપનાર–જીવાડનાર.

જ્યારે અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો કે તરત જ તે ગર્ભદગ્ધ થઈ ગયો, ત્યારે ઉત્તરાના પ્રાણને બચાવવા પ્રભુએ ગર્ભને ફરીથી સજીવન કરી જીવિતદાન આપ્યું, અને ઉત્તરાનો પ્રાણ બચાવ્યો. આ પ્રમાણે પ્રાણદાન કરનાર પોતે ભગવાન જ છે. સર્વ જગતને બાળીને ભસ્મીભૂત કરી નાખે તેવા મહાન્ બ્રહ્માસ્ત્રને વૃથા કરી નાખવું એ જેવું–તેવું કાર્ય નથી, સાધારણથી ન જ બની શકે. માટે આવા અમોઘ અસ્ત્રને નિષ્ફળ કરનાર બીજું કોણ હોઈ શકે? કોઈ જ નહિ પરન્તુ પોતે ભગવાન જ છે.

## બ્રહ્માસ્ત્રવિનિવારકઃ ||૪૪||

બ્રહ્માસ્ત્રને વિશેષ રીતે નિવારણ કરનાર.

બ્રહ્માસ્ત્ર અમોઘ છે. એ કોઈ પણ દિવસ નિષ્ફળ જાય એવું નથી જ એમ જાણી ભગવાને ફરીથી પ્રકટ થઈ સર્વનો નાશ ન કરે માટે વિશેષ રીતે તેનું નિવારણ (રોકીને શાંત કરવું તે) કરી દીધું છે. "**યદ્યપ્યસ્ત્રં બ્રહ્મશિરઃ**" એ શ્લોકમાં બ્રહ્માસ્ત્ર અમોઘ છે. એટલે તેના સામી કાંઈ પણ ક્રિયા ચાલી શકે નહિ તો પણ ભગવાન્‌ના તેજને પ્રાપ્ત કરી એવું અમોઘ છતાં એ શાન્ત થઈ ગયું એમ શ્રીભાગવતના આ સ્કન્ધમાં સ્પષ્ટ જણાવ્યું છે.

**સર્વતઃ પાણ્ડવપતિઃ પરીક્ષિચ્છુદ્ધિકારણમ્ ||**
**ગૂઢાત્મા સર્વવેદેષુ ભક્તૈકહૃદયંગમઃ ||૧૭||**

## સર્વત્રઃ પાણ્ડવપતિઃ ||૪૫||

સર્વ રીતે પાણ્ડવોનું પાલન કરનાર.

સર્વ અનિષ્ટો–દુઃખોથી પાણ્ડવોનું પાલન કરનાર આપ પ્રભુ જ છે. સર્વ કરતાં વિશેષ રીતે પ્રભુએ પાણ્ડવોનું જ રક્ષણ કર્યું છે. કેમ કે પાણ્ડવોના આ લોક તેમ પરલોક બન્ને ભગવાન્‌ની સાથે જ સમ્બન્ધ બન્ધનથી જોડાયેલાં છે.

## પરીક્ષિચ્છુદ્ધિકારણમ્ ।।૪૬।।

પરીક્ષિત રાજાની શુદ્ધિના હેતુ રૂપ.

પરીક્ષિતનું ગર્ભમાં રક્ષણ કરી પ્રભુએ તેમાં રહેલા દોષને દૂર કરેલો છે. એ દોષ દૂર થવાથી જ પરીક્ષિત રાજા શુદ્ધ બનેલા છે તેથી શુદ્ધિનું કારણ પોતે ભગવાન જ છે. તેમ આગળ આ મારા રૂપ શ્રીશુકદેવજીના મુખથી શ્રીભાગવત શ્રવણ કરનાર છે એમ વિચારી પ્રભુ તેની શુદ્ધિનું કારણ બન્યા છે. શુકદેવજી ભગવાન્‌નું સ્વરૂપ છે. તેમના મુખેથી શ્રીમદ્‌ભાગવત સાંભળવાને લીધે શુદ્ધ થનાર છે. માટે ભાવિ શુદ્ધિનું કારણ પણ પોતે ભગવાન જ છે.

સુબોધિનીજીમાં શ્રીવલ્લભાગ્નિએ ''**વૈયાસકિઃ સ ભગવાન્ અથ વિષ્ણુ–રાતમ્**'' એ શ્લોકનું વિવેચન કરતાં 'વિષ્ણુરાત' પદનો અર્થ દર્શાવ્યો છે કે ''વિષ્ણુએ શ્રીભાગવત્ શ્રવણ કરાવવાના કારણે જ જેનું રક્ષણ કર્યું છે, એટલે વિષ્ણુએ રક્ષણ કરેલા હોવાથી એ વિષ્ણુરાત કહેવાય છે'' માટે જ પ્રભુ તેમની શુદ્ધિનું કારણ બન્યા છે.

## ગૂઢાત્મા સ્વર્વવેદેષુ।।૪૭।।

૧. સર્વવેદોમાં જેમનું ગુપ્ત સ્વરૂપ છે એવા,

૨. સર્વવેદોમાં ગૂઢ ગુપ્ત છે આત્મા–અભિપ્રાય જેમનો એવા પ્રભુ.

વેદોમાં પદે–પદે ભગવલ્લીલાઓનું વર્ણન છે, તેવી રીતે વર્ણન કરી તેમના સર્વવ્યાપક આનન્દમય સ્વરૂપને જ પ્રતિપાદન કર્યું છે. તેથી જ ગીતામાં શ્રીમુખે આજ્ઞા કરે છે કે ''**વેદૈશ્ચસર્વૈ રહમેવવેદ્યઃ**'' (સર્વ વેદોથી હં જ જાણવા યોગ્ય છું.)

**''વેદે રામાયણે પુણ્યે પુરાણે ભારતે તથા**
**આદાવન્તે ચ મધ્યે ચ હરિઃ સર્વત્રગીયતે''**

(વેદોમાં, પવિત્ર રામાયણમાં, પુરાણમાં, અને મહાભારતમાં. તેમ આદિ, મધ્ય તથા અન્તમાં, સર્વત્ર હરિપરમાત્માનું જ ગાન કરવામાં આવ્યું છે) તો પણ તે ગૂઢ રૂપે ભગવાન્‌ના સ્વરૂપને પ્રતિપાદન કરેલું છે. પ્રત્યક્ષ તો આપણને જાણે બીજાનું વર્ણન હોય, રાજાઓના ઈતિહાસ હોય એમ લાગે છે. પરન્તુ જ્યારે ભગવાન્‌માં એકનિષ્ઠા થવાથી સર્વમાં બ્રહ્મભાવ, ભગવદ્‌ભાવ જોવામાં આવે છે, ત્યારે ભગવાન્ સિવાય બીજું કંઈ જ નહિ, સર્વત્ર ઈશ્વરનું સ્વરૂપ જ આલેખાયેલું અનુભવવામાં આવે છે. એવી સર્વમાં બ્રહ્મભાવના થવી એ પૂર્ણ પ્રેમની કસોટી છે.

માટે તેવો ભાવ થતાં વિલમ્બ લાગે છે. સર્વ વેદ, ગીતા, પુરાણ, ઈતિહાસાદિમાં વારંવાર વર્ણન કરવા છતાં, પણ જ્યાં "**યતો વાચો નિવર્તન્તે**" વાણીનો વિરામ થઈ જાય છે; અર્થાત્ જ્યાં ભગવતી વાક્દેવી પણ પહોંચી શકતી નથી. પછી દોષના ભરેલા સંસારી જીવો તો તે ભગવાન્‌ને ક્યાંથી ભેટી શકે. શ્રુતિ ભગવતી ઉપદેશે છે કે

**"પ્ર તત્તે અદ્ય શિપિવિષ્ટ નામ આર્યઃ સ શામિવયુનાનિ પુનાતિ વિદ્વાન્ તં ત્વા ગૃણામિ તવ સમતવ્યાન્ક્ષયન્તમ્અસ્યરજસઃપરાકેઈતિ"**

(હે શિપિવિષ્ટ ! હે વિષ્ણો ! લોકમાં અને વેદોમાં પ્રસિદ્ધ એવા તમારા નામની હું પ્રશંસા કરું છું. આપ જ મારા સ્વામી છો, જ્ઞાન પ્રાપ્ત કરવાના ઉપાયને જાણવાવાળા છો, વિદ્વાન્ છો. માટે આપની હું સ્તુતિ કરું છું. હું તો એક ક્ષુદ્ર જીવ છું અને આપ તો સર્વ વ્યાપી, આ લીલાત્મક પ્રપઞ્ચથી પર ગૂઢરૂપે રહેલા છો) વળી શ્રુતિમાં "**ન તે મહિત્વમન્વશ્નુવન્તિ**" (આપનો મહિમા કોઈ સાંભળી શકતા નથી) ગીતામાં પણ આપ "**માં તુ વેદ ન કશ્ચન**" (મને કોઈ પણ જાણી શકતું નથી) ઈત્યાદિ શ્રુતિ-સ્મૃતિના વચનો ભગવાન્‌નું ગૂઢપણું કથન કરે છે. તેથી જ સર્વ વેદોમાં ગૂઢરૂપે રહેલા એવા પુરુષોત્તમ એમ કહે છે.

## ભક્તૈકહૃદયંગમઃ ||૪૮||

૧. ભક્તોનાં હૃદયમાં જ સ્થિતિ કરનાર,

૨. ભક્તો જ જેમનાં હૃદયમાં નિવાસ કરે છે એવા,

૩. ભક્તોની સાથે એક હૃદય જેમ થવાય તેવા પ્રકારનું જેમને જ્ઞાન છે એવા.

ભક્તજનો ચઞ્ચલમનને સ્થિર કરી પોતાના હૃદય મન્દિરમાં ભગવાન્‌નું સ્થાપન કરે છે. તેથી પ્રભુ તેમના ઉપર પ્રસન્ન થઈ તેમનાં હૃદયાવાસમાં જ સ્થિતિપૂર્વક નિવાસ કરે છે. ગીતામાં તો સર્વ પ્રાણીમાત્રના હૃદયદેશમાં પ્રભુ વિરાજે છે એમ કહ્યું છે. પરન્તુ ત્યાં જીવરૂપે પધારે છે અને ભક્તોનાં હૃદયમાં પ્રભુ સાક્ષાત્ રૂપે વિરાજે છે. કેમ કે ભક્તજનો મનોમય ધ્યાન કરતાં પોતાના ઈષ્ટ સ્વરૂપ ભગવાન્‌ને હૃદય મન્દિરમાં પધારેલા આન્તરિક દષ્ટિથી પ્રત્યક્ષ અનુભવે છે. સર્વ પ્રાણીઓનાં અન્તરો સંસાર વાસનાઓથી અને મલીન ભાવનાઓથી દૂષિત થયેલાં છે તેથી ત્યાં જીવરૂપે છે. પણ પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન થતું નથી. ભગવાન્ ભક્તોના વિમલ હૃદય કમલમાં ભ્રમર રૂપે ગુઞ્જારવ કરે છે, એટલું જ નહિ પરન્તુ પોતાના એ હૃદય કમલમાં ભક્ત ભ્રમરોનું સ્થાપન કરી નિજમકરન્દ રસનો લ્હાવો આપે છે. અર્થાત્ ભક્તોને પણ પોતાના હૃદયમાં સ્થિર કરે છે. આટલી બધી કૃપાદષ્ટિની વૃષ્ટિ આપ કરે છે, તે જ તેમનું કૃપાનિધિપણું છે. એમ કરવાનું કારણ બીજું કાંઈ જ નહિ

પણ ભક્તોની સાથે હૃદયની ઐક્યતા કરવા તેમને અભેદ ભાવનો-શુદ્ધ અદ્વૈત ભાવનો અનુભવ કરાવવા જ. માટે આપ ભક્તોની સાથે હૃદયની ઐક્યતા કરવાનું જ્ઞાન ધરાવે છે.

**કુન્તીસ્તુત્યઃ પ્રસન્નાત્મા પરમાદ્ભુતકાર્યકૃત્ ।।**
**ભીષ્મમુક્તિપ્રદઃ સ્વામી ભક્તમોહનિવારકઃ ।।૧૮।।**

## કુન્તીસ્તુત્યઃ ।।૪૯।।

૧. કુન્તી વડે સ્તુતિ કરવા યોગ્ય, ૨. કુન્તીએ જેમની સ્તુતિ કરી છે એવા.

યુધિષ્ઠિરાદિ પાણ્ડવોની માતા કુન્તાજી સ્ત્રી જાતી હતાં છતાં, ભગવદ્ અનુગ્રહથી તેમને શ્રીકૃષ્ણ ઉપર સગા છે એમ બુદ્ધિ ન હતી, પરન્તુ આ પરમેશ્વર છે, ભૂમિનો ભાર ઉતારવા અને ભક્તોને તારવા અહિં પધારેલા છે, એમનાથી જ આપણું શ્રેય થશે એમ ધારીને તેમની ભક્તિમાં લીન થયાં હતાં. પ્રભુ ભક્તોનાં હૃદયમાં સ્થિતિ કરનાર છે, માટે કુન્તાજીના પણ હૃદયમાં સ્થિતિ કરી સ્વરૂપનું જ્ઞાન દર્શાવ્યું. જેથી કુન્તાજી તેમની સ્તુતિ કરે છે. પ્રભુના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન સ્તુતિ કરવાથી જ થઈ શકે છે.

## પ્રસન્નાત્મા ।।૫૦।।

૧. પ્રસન્ન-પ્રસન્ન જેમનો આત્મા અન્તઃકરણ છે એવા,
૨. શુદ્ધ-સૌમ્યભાવવાળું જ જેમનું અન્તઃકરણ છે એવા.

પ્રભુ પૂર્ણકામ છે એટલે સર્વ કામનાઓથી પરિપૂર્ણ છે. તેમને કોઈ પણ વસ્તુની અભિલાષા રહેતી નથી. તેથી જ તે નિર્ગુણ નિષ્કામ કહેવાય છે. પોતે જ સર્વરૂપે હોવાથી તેમનામાં અન્ય વસ્તુ મેળવવાની ચિન્તાનો પ્રવેશ જ નથી, માટે આપ પ્રસન્ન-પ્રસન્ન મને ભક્તોને પ્રસાદાભિમુખ ( ભક્તો ઉપર કૃપા કટાક્ષ કરવાને તત્પર ) રહે છે.

## પરમાદ્ભુતકાર્યકૃત્ ।।૫૧।।

અત્યન્ત આશ્ચર્યકારક કાર્યોને કરનારા.

ઘણાં જ વિસ્મયજનક અને સુન્દર કાર્યો પ્રભુ સિવાય શું અન્યથી થઈ શકે? નહિ જ. દાવાનલપાન, ગિરિરાજ ધારણ, એ પ્રભુનાં કાર્યો શું સર્વને આનન્દદાયી તેમ આશ્ચર્ય ઉપજાવનારાં નથી? વળી ભગવાન્ સર્વ ધર્મના ઉપદેષ્ટા છે, સર્વ યુધિષ્ઠિર, વ્યાસ આદિના સન્નિધાન છે, છતાં ભીષ્મ દ્વારા તે યુધિષ્ઠિર, વ્યાસ વગેરેને સર્વ ધર્મ શ્રવણ કરાવે છે. એ શું ઉત્તમ અને વિસ્મયકારક નથી ! છે જ. માટે જ તેમને પરમ આશ્ચર્ય પમાડે તેવાં કાર્યોને કરનાર એમ કહે છે.

## ભીષ્મમુક્તિપ્રદઃ ||૫૨||

ભીષ્મને મુક્તિ આપનાર.

કૌરવ પાણ્ડવોના પિતામહ ભીષ્મને, સર્વ દુઃખો દૂર કરી બધા મુનિઓ સહવર્તમાન પોતાનું દર્શન આપી મુક્તિ આપનાર આપ જ છે. મુક્તિ એટલે જન્મ-મરણના ભયથી રહિત બની જ્ઞાનપૂર્વક પરમાત્માની પ્રાપ્તિ થવી તે. અહિં ભીષ્મને પ્રભુનાં સાક્ષાત્ દર્શન થવાથી મુક્તિ મળેલી છે. પ્રભુની પ્રાપ્તિ થયેલી છે.

## સ્વામી ||૫૩||

પોતે એ જ ભક્તો, અને એ જ પોતે.

પોતે એ જ ભક્તો એટલે, જે પોતાનું સ્વરૂપ છે તે ભક્તોનું જ સ્વરૂપ છે, અને ભક્તોનું જે સ્વરૂપ છે, તે પોતાનું જ સ્વરૂપ છે; એમ અભેદ ભાવે, તન્મય ભાવે રહેનારા. ગીતામાં ભગવાન્ શ્રીમુખે ઉપદેશ કરે છે કે; "**યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્**" (જે ભક્તિ વડે મારું સેવન કરે છે તે મારામાં રહેલા છે અને હું તેમનામાં નિવાસ કરીને રહેલો છું.) એ રીતે ભગવાન્ અને ભક્તો એકમેકમાં તન્મય જ બની ગયા છે. પ્રભુ તેવી રીતે જ તેમનામાં પ્રેમ વિસ્તારે છે તેથી તે સ્વામી છે.

## ભક્તમોહનિવારકઃ ||૫૪||

ભક્તોના મોહને નિવારણ કરનાર.

પ્રભુ ભક્તજનમાં રહેલા મોહ-અજ્ઞાનને દૂર કરે છે. પોતાના ભક્ત યુધિષ્ઠિરને ધર્મમાં અજ્ઞાનપણું હોવાથી બન્ધુઓને નાશ કર્યાનો શોક એમના અન્તઃકરણને બાળી મુકતો હતો, પરન્તુ ભગવાને ભીષ્મ દ્વારા ઉપદેશ અપાવી તેમના શોકને, મોહને, અજ્ઞાનને નિવાર્યો-દૂર કર્યો; એટલે જ ભગવાન્‌ને ભક્તોના મોહને નિવારણ કરનાર કહ્યા છે.

**સર્વાવસ્થાસુસંસેવ્યઃ સમઃ સુખહિતપ્રદઃ ||**
**કૃતકૃત્યઃ સર્વસાક્ષી ભક્તસ્ત્રીરતિવર્ધનઃ ||૧૯||**

## સર્વાવસ્થાસુસંસેવ્યઃ ||૫૫||

સર્વ અવસ્થાઓમાં સેવન કરવાને યોગ્ય.

બાલ્યાવસ્થા, કૌમારાવસ્થા, પૌગણ્ડાવસ્થા, યુવાવસ્થા વગેરે બધી અવસ્થાઓમાં પ્રભુ સારી રીતે સેવન કરવા યોગ્ય જ છે. કારણ? દેહ ક્ષણભંગુર છે, ક્યારે પડશે તેનો નિશ્ચય નથી, જેથી ભક્તો બાલ્યાદિ બધી અવસ્થાઓમાં પ્રભુનું ચિન્તન કરે છે. ધ્રુવ તથા પ્રહ્લાદ વગેરે ભક્તોએ બાલ્યાવસ્થાથી જ પ્રભુનું આરાધન કર્યું હતું, ષષ્ઠ સ્કન્ધમાં દૈત્યબાલકોને ઉપદેશ આપતાં પ્રહ્લાદજી જણાવે છે,

''**કૌમારમ્ આચારેત્ પ્રાજ્ઞો ધર્માન્ ભાગવતાન્ ઈહ**'' ( આ સંસારમાં જન્મ લઈ કુમાર અવસ્થાથી જ ભગવાન્‌ની ભક્તિ, સર્વત્ર ભગવદ્‌ભાવ વગેરે ભગવત્સમ્બન્ધી ધર્મોને આચરવા જોઈએ, સેવવા જોઈએ ) કેમ કે મનુષ્યદેહ બહુ જ પુણ્યથી પ્રાપ્ત થાય છે. વારંવાર આવતો નથી, તેથી તેને દુર્લભ માન્યો છે. અને મનુષ્યદેહમાં જ તેવું જ્ઞાન સમ્પન્ન થાય છે, બીજી જાતીમાં થતું નથી. એવા ઉત્તમ દેહનો દુરૂપયોગ ન કરતાં ભગવદીય ધર્મોનું કપટ વિગેરેથી રહિત બની સારી રીતે આચરણ કરી કૃતાર્થ થવું એ જ યોગ્ય છે. એને ગુમાવવો ન જોઈએ. માટે જ બાલ્યાદિ સર્વ અવસ્થાઓમાં પ્રભુ સેવનીય છે એમ કહ્યું.

## સમઃ ||૫૬||

૧. વિકાર રહિત, ૨. મા-લક્ષ્મીથી સહિત.

સર્વ કાળે સર્વ વિકારોથી રહિત એક પ્રભુ જ છે. તેથી જ આપ બધામાં સમભાવથી વર્તન કરે છે. તેથી જ આપને અવ્યય નિર્વિકાર એમ કહી વેદ અને ગીતાદિ વચનો પ્રતિપાદન કરે છે. લક્ષ્મીથી સર્વ સૌન્દર્યમાત્રથી આપ પ્રભુ જ યુક્ત છે. શ્રીવિષ્ણુ સત્ત્વગુણાધિષ્ઠાતા દેવ એ ભગવાન્‌નું સ્વરૂપ છે. એટલે લક્ષ્મીજીથી યુક્ત પણ આપ છે. તેમ વિભૂતિઓ માત્ર પણ આપનામાં જ વિરાજે છે. એથી પ્રભુ લક્ષ્મી સમ્પન્ન હોય એ સ્વાભાવિક છે.

## સુખહિતપ્રદઃ ||૫૭||

૧. સુખ તથા હિતકલ્યાણને આપનાર, ૨. સુખરૂપ હિત આપનાર.

સર્વ ભક્તોને સુખ આપનાર અને તેમનું કલ્યાણ કરનાર પરમાત્મા જ છે. પ્રભુ સર્વ પ્રાણીમાત્રને જળ વગેરે આપી સુખ અર્પણ કરે છે, કલ્યાણ કરે છે. તો પછી પોતાના ભક્ત ઉપર અનુગ્રહ કરી સુખ, આનન્દ આપે, કલ્યાણ કરે, એમાં શું આશ્ચર્ય છે? એટલા માટે ભક્તો નિષ્કામ બની પરમાત્માને કૃપાનિધિ, દયાસિન્ધુ વગેરે કહી વર્ણવે છે. સાધનસમ્પત્તિ રહિત એવા નિજભક્તો પ્રભુમાં પરાયણ બનતાં જ ભગવાન્‌ના અનુગ્રહથી તેઓ આનન્દરૂપ બની જાય છે. એવા ઉત્તમ પ્રકારનું સુખ, આનન્દરહિત, કલ્યાણ કરનાર આપ સર્વેશ્વર જ છે.

## કૃતકૃત્યઃ ||૫૮||

૧. જેમનાં સર્વ કાર્યો નિરન્તર સિદ્ધ છે એવા પુરુષોત્તમ,
૨. ભૂમિના ભારને હરણ કરવા રૂપ કાર્યને સમ્પાદન કરનાર.

પરમાત્માનાં સર્વ કાર્યો સિદ્ધ થયેલાં છે. બીજાઓનાં કાર્યો સિદ્ધ થવામાં કંઈ-કંઈ વિઘ્નો, દેશ-કાલ વિગેરેની અડચણો ઉપસ્થિત થાય છે. પરન્તુ ઈશ્વરને તેવું કાંઈ પણ નથી. તેમને તો સર્વત્ર સર્વ વસ્તુઓ સિદ્ધ જ છે, પ્રભુ પૂર્ણ કામ છે, અને

અન્યમાં અપૂર્ણતા છે. તેથી જ ઈશ્વરનાં કાર્યો સિદ્ધ છે. મહાભારતના સઙ્ગ્રામ નિમિત્તે મહાભારભૂત આસુરી ભાવવાળા ભૂપતિઓને ભીમસેન, ભીષ્મ, અર્જુન વગેરે દ્વારા મારી, ભૂમિના ભારને દૂર કરી, શ્રીહરિ કૃતકૃત્ય થયેલાં છે. એ પ્રમાણે કરી નિજ પૂર્ણાવતારનું પ્રયોજન આપે સિદ્ધ કર્યું છે. માટે જ આપ કૃતકૃત્ય છે.

## સર્વસાક્ષી ।।૫૯।।

સર્વના સાક્ષી–પ્રત્યક્ષ જોનાર.

પોતે ભગવાન્ સર્વ વ્યાપક છે, આ સર્વ જગત્રૂપે આપ જ વિરાજે છે, એટલે તેમનાથી કાંઈ પણ અજાણ્યું નથી. બધી વસ્તુઓને આપ પ્રત્યક્ષ નિરીક્ષણ કરે છે. પ્રભુ આ સઘળાં બ્રહ્માણ્ડને સાક્ષાત્ રૂપે અનુભવ કરનાર સ્વસ્વરૂપ જ્ઞાનવાન્ હોવાથી તે સર્વના સાક્ષી છે.

## ભક્તસ્ત્રીરતિવર્ધનઃ ।।૬૦।।

૧. ભક્તોમાં અને સ્ત્રીઓમાં ભક્તિરસને વધારનાર.
૨. ભક્તિયુક્ત સ્ત્રીઓમાં પોતાની રતિપ્રેમને વધારનાર,
૩. ભક્તોની સ્ત્રીઓને પોતાના પર પ્રેમ વધારનાર.

ભક્ત યુધિષ્ઠિરાદિકમાં અને સ્ત્રી-કુન્તી, દ્રૌપદી વગેરેમાં ભક્તિરસની વૃદ્ધિ કરનાર પ્રભુ છે. ભક્તિયુક્ત સ્ત્રીજનો–વ્રજવનિતાઓ વગેરેની પરમાત્મા ઉપર દૃઢ પ્રીતિ છે, તો પણ પોતે એનાથી પણ વિશેષ પોતાનામાં પ્રેમ વધે તેવી રીતે નિરન્તર કર્યા કરે છે. અર્થાત્ પોતાનો આનન્દ તેમને સમર્પણ કરી વિશેષ ને વિશેષ પોતા ઉપર એમને રૂચિ થાય એવી રીતે યત્ન કરે છે. ભક્તજનોની સ્ત્રીઓને પણ પોતાનામાં પ્રેમ વધે એમ પ્રભુ ઈચ્છે છે. કેમ કે ભક્તોની સ્ત્રીઓ જો ભક્તોથી પ્રતિકૂળ હોય, તો પોતાની ભક્તિ કરવામાં ભક્તને અડચણ થાય, તેથી તેમની સ્ત્રીઓનો પોતા તરફ ભક્તિપૂર્વક પ્રેમ વધે તેવો પ્રયત્ન પ્રભુ કરે છે, અને તેમનામાં પ્રીતિ વધે છે. એટલે તે ભક્ત તથા તેમની સ્ત્રીઓ વગેરે પ્રભુમાં લીન બને છે. શ્રીભાગવતના આ સ્કન્ધમાં કહ્યું છે કે;

**''વૃકોદરશ્ચ ધૌમ્યશ્ચ સ્ત્રિયો મત્સ્યસુતાદયઃ,**
**ન સેહિરે વિમુહ્યન્તો વિરહં શાર્ઙ્ગધન્વનઃ''**

(ભીમસેન, ધૌમ્યઋષિ, સ્ત્રીઓ તેમ મત્સ્યકુલના પુત્રો આદિ બધા જનો; શ્રીકૃષ્ણમાં મોહ પામેલા તેમના વિરહને સહન ન કરી શક્યા) દ્વારકામાં પ્રભુ પધારતા હતા તે સમયને ઉદ્દેશી આ વચન કહ્યું છે. શ્રીકૃષ્ણ ઉપર ભીમસેનાદિનો ઘણો જ પ્રેમ હતો. ભગવાને તેમનામાં એટલા બધા પ્રેમની વૃદ્ધિ કરી હતી કે, પોતે જ્યારે દ્વારકામાં પધારવાને તૈયાર થયા તે પ્રસંગે ભક્તિમાં લીન થયેલા તે બધા વિરહને સહન ન કરી

શક્યા. અને પ્રેમમાં ઘણા જ આર્દ્ર બની ગયા. એવા પ્રીતિને વધારનાર પ્રભુ છે.

**સર્વસૌભાગ્યનિલયઃ પરમાશ્ચર્યરૂપધૃક્ ।**
**અનન્યપુરુષસ્વામી દ્વારકાભાગ્યભાજનમ્ ।।૨૦।।**

## સર્વસૌભાગ્યનિલયઃ ।।૭૧।।

૧. સમ્પૂર્ણ સૌભાગ્યના સ્થાનરૂપ. ૨. સર્વથી ઉત્તમ એવા સૌભાગ્યના ભંડાર.

સમ્પૂર્ણ સુન્દરતાના સ્થાનરૂપ ઈશ્વર જ છે, સઘળી સુન્દરતા આપનાં ચરણમાં વિરાજે છે. સર્વથી ઉત્તમ સૌભાગ્ય પ્રભુમાં જ હોઈ શકે. બીજામાં તેવા સૌભાગ્યનો અભાવ છે, જે કાંઈ અન્યમાં સૌભાગ્ય જોવામાં આવે છે તે પ્રભુની કૃપાથી જ પ્રાપ્ત થયેલું છે. એટલે સર્વને સૌભાગ્ય અર્પણ કરનાર પણ તે જ છે, માટે પ્રભુને સકલ સૌભાગ્યના નિધાન-ભણ્ડાર રૂપે કહ્યા. વળી હસ્તિનાપુરથી દ્વારકા તરફ જતાં માર્ગમાં જુદા-જુદા દેશોના નિવાસીઓએ તેમનો ઘણો જ સત્કાર કર્યો એમ ભાગવતના આ સ્કન્ધમાં જણાવેલું છે; શ્રીકૃષ્ણ પોતે સર્વ સૌભાગ્યના નિધાન હોવાથી જ તેમનો સર્વજનોએ સત્કાર કરેલો છે.

## પરમાશ્ચર્યરૂપધૃક્ ।।૭૨।।

અત્યન્ત વિસ્મયકારક રૂપને ધારણ કરનાર.

સર્વ આશ્ચર્યો ઈશ્વરમાં જ જણાય છે, એટલે પોતે અત્યન્ત વિસ્મયજનક સ્વરૂપને ધારણ કરી શકે એ સહજ છે. શ્રુતિ ઉપદેશે છે કે ''**અપાણિપાદો જવનો ગ્રહીતા..**,'' ( પોતે હાથ-પગ વિનાના છે તો પણ ગ્રહણ કરી શકે છે અને ચાલી શકે છે ) અરે ! એટલું જ નહિ પણ કાન વિના શ્રવણ કરી શકે છે. નેત્ર વિના જોઈ શકે છે, અર્થાત્ ગ્રહણ કરવું, ચાલવું, સાંભળવું, જોવું, વગેરે ક્રિયા પ્રભુ અલૌકિક સ્વરૂપે જ, આનન્દ સ્વરૂપે જ કરે છે. આ આશ્ચર્ય નહિ તો બીજું શું? એવા આશ્ચર્યમય સ્વરૂપને પરમાત્મા જ ધારણ કરી શકે. પ્રભુનું આશ્ચર્યમય સ્વરૂપ ભાગવતના આ સ્કન્ધમાં જણાવ્યું છે કે :

**''સિતાતપત્રવ્યજનૈરુપસ્કૃતઃ પ્રસૂનવર્ષૈરભિવર્ષિતઃ પથિ,**
**પિશઙ્ગવાસા વનમાલયા બભૌ ઘનો યથાર્કોડુપચાપવૈદ્યુતૈઃ''**

( ધોળાં છત્ર ચામરોથી યુક્ત, માર્ગમાં પુષ્પની વૃષ્ટિ વડે વરસી રહેલા, શ્રીકૃષ્ણ જેમ સૂર્ય તારા ઈન્દ્રધનુષ્ય અને વીજળી વડે મેઘ શોભે તેમ પીળાં વસ્ત્ર વડે તથા વનમાળાથી આપ શોભતા હતા.) સૂર્ય તારા મેઘધનુષ વીજળી વગેરેથી જેમ મેઘ અદ્ભુત-આશ્ચર્યકારક લાગે છે, તેમ આપ પણ વનમાળા, પીતવસ્ત્ર, શ્વેત ચામર વગેરે વડે આશ્ચર્યમય સ્વરૂપવાળા લાગે છે. એ જ પ્રભુનું આશ્ચર્યમય રૂપ છે.

## અનન્યપુરુષસ્વામી ||૭૩||

જેમને અન્ય કોઈ પુરુષ રક્ષક નથી તેવા દ્વારકાનિવાસી જનોના સ્વામી.

દ્વારકાનિવાસી યાદવો વગેરેના સ્વામી-રક્ષક પોતે શ્રીકૃષ્ણ હતા તે જ તેમનું દૈવત હતું, કેમ કે તેમને અનેક કષ્ટોથી મુકાવનાર સર્વ પ્રકારે આનન્દ આપનાર એ જ હતા. શ્રીકૃષ્ણને લીધે જ તેમની સમૃદ્ધિ પામી હતી. ઈત્યાદિ કારણોને લીધે દ્વારકાનિવાસી પ્રજાઓના સ્વામી આપ શ્રીકૃષ્ણ હતા. તેથી જ જ્યારે હસ્તિનાપુરથી દ્વારકામાં આપ પધાર્યા ત્યારે આપના શંખધ્વનિથી આકર્ષાઈ સર્વ દ્વારકાવાસી પ્રજાજનોએ દર્શનમાં ઉત્કણ્ઠિત બની ભગવાન્ શ્રીકૃષ્ણને પુષ્પથી લાજાથી ( લાજા-ડાંગરની ધાણી ), મોતીથી, તેમ નયન કટાક્ષથી વધાવી લીધા હતા; એ જ તેમનું મુખ્ય સ્વામીપણું પ્રત્યક્ષ છે.

## દ્વારકાભાગ્યભાજનમ્ ||૭૪||

૧. દ્વારકા નગરીનાં ભાગ્યના કારણ રૂપ.

૨. દ્વારકાની સર્વ સમ્પત્તિ ભોગવનાર.

૩. દ્વારકાના સ્થાનરૂપ.

દ્વારકામાં સર્વ વિભૂતિના-સમ્પત્તિના કારણરૂપ આપ ભગવાન્ છે. શ્રીકૃષ્ણના ચરણકમલમાં સર્વ સમ્પત્તિઓ નિવાસ કરે છે, એટલે આપ જ્યાં પધારતા હોય ત્યાં જ સકલ સમ્પત્તિઓ હોય એ સ્વાભાવિક છે, અને તે સર્વ સમ્પત્તિઓને ભોગવનાર, પણ તે જ પ્રભુ છે. ભગવાન્ લક્ષ્મીના અધીશ્વર છે, અને સર્વ સમ્પત્તિઓ લક્ષ્મી સ્વરૂપ છે, તો તે લક્ષ્મીરૂપ સમ્પત્તિઓ ભગવાન્ના ચરણનું સેવન કરે અર્થાત્ તેમના ઉપયોગ માટે પ્રાપ્ત થાય એમાં કાંઈ નવાઈ નથી. દ્વારકા નગરીની સ્થિતિ આપના વિરાજવાથી જ છે. આપે પોતાના ઉપયોગ માટે જ દ્વારકાને નિર્માણ કરી છે, એટલે તેના શ્રીકૃષ્ણ સ્થિતિ-સ્થાનરૂપ છે.

**બીજસંસ્કારકર્તા ચ પરીક્ષિજ્જ્ઞાનપોષકઃ |**
**સર્વત્રપૂર્ણગુણકઃ સર્વભૂષણભૂષિતઃ ||૨૧||**

## બીજસંસ્કારકર્તા ||૭૫||

બીજરૂપ સંસ્કારને કરનાર.

બીજ એટલે ભાગવતશાસ્ત્રને શ્રવણ કરવાના બીજરૂપ પરીક્ષિત્ રાજાના દેહનો સંસ્કાર અર્થાત્ ભગવદ્ ભજનને યોગ્ય એવી દેહ સમ્પત્તિને પ્રાપ્ત કરાવનાર એવા ભગવાન્. પ્રભુના અનુગ્રહ સિવાય તેવા સંસ્કારો તેવી યોગ્યતા પ્રાપ્ત થતી નથી. પરીક્ષિત્ રાજાને શ્રોતાઓમાં ઉત્તમ માન્યા છે. એવા પ્રકારની ઉત્તમતા પ્રાપ્ત કરવી એ સાધારણ વાત નથી. તેથી જ તેવા સંસ્કારોને પરીક્ષિત્માં ઉત્પન્ન કરનાર

આપ પ્રભુ જ છે.

**પરીક્ષિજજ્ઞાનપોષકઃ ॥૭૬॥**

પરીક્ષિત્‌ના જ્ઞાનનું પોષણ કરનાર.

પરીક્ષિત્ રાજાને માતાની કુક્ષિમાં જે અંગુષ્ટ માત્ર સ્વરૂપનું ભગવાને દર્શન આપ્યું હતું, તે સ્વરૂપના જ્ઞાનને પોષણ કરનાર ન ભૂલાય તેમ કરનાર, બીજાઓનો માતાના ઉદરમાંથી જ્યારે બહાર જન્મ થાય છે ત્યારે સંસારના માયાયુક્ત વાયુથી, પૂર્વ સંસ્કારના અભાવે તેમનું જ્ઞાન નષ્ટ થઈ જાય છે. પરન્તુ પરિક્ષિત્ રાજાને માતાના ઉદરમાં જ્ઞાન પ્રકટ થયું હતું, તે પ્રભુની કૃપાથી થયેલા શુદ્ધ સંસ્કારને લીધે નાશ ન પામ્યું. આમ પરમાત્માએ તે જ્ઞાનને વિસ્મૃત થવા દીધું નથી, માટે જ પરિક્ષિત્‌ના જ્ઞાનને પોષણ કરનાર એવા શ્રીકૃષ્ણ એમ કહ્યું.

**સર્વત્રપૂર્ણગુણકઃ ॥૭૭॥**

સર્વત્ર પૂર્ણ ઐશ્વર્યાદિ ગુણોવાળા.

સર્વને સઘળા સ્થાનમાં અર્થાત્ અંદર-બહાર વગેરે સઘળે સ્થળે જેમના પૂર્ણ-કોઈ વખત નહિ નાશ પામે તેવા ઐશ્વર્યાદિગુણો જેમને પ્રકાશમાન્ છે એવા પ્રભુ. પરીક્ષિત્ રાજાએ ભગવાન્‌ને માતાના ઉદરમાં જોયા. તે સમયે પણ પોતે ઐશ્વર્યાદિ ગુણો વડે વિરાજમાન્ હતા. તેથી જ અત્ર કહે છે કે, બહાર અને અંદર સર્વ સ્થાનમાં એટલે સચરાચર વિશ્વમાં પણ જેમના અખિલ દિવ્ય ગુણો શોભી રહ્યા છે, ઐશ્વર્યાદિ ગુણો કોઈ પણ અવસ્થામાં સર્વત્ર જેમના ન ક્ષોભ પામે, એવા ઈશ્વર વિના બીજું કોઈ હોઈ શકે ? !

**સર્વભૂષણભૂષિતઃ ॥૭૮॥**

અનેક આભૂષણોથી શોભાયમાન.

અનેક-મુકુટ, કુણ્ડલ વિગેરે શણગારોથી સુશોભિત આપ પ્રભુ છે. આ સ્કન્ધમાં પ્રભુને વર્ણવે છે કે; "**સ્ફૂરત્પુરટ-મૌલિન તપ્તકાઞ્ચન કુણ્ડલમ્**" (સ્ફુરણાયમાન્ સુવર્ણમય મુકુટને ધારણ કરનારા તપાવેલા કુન્દનમાં સમાન કુણ્ડળો વડે કમનીય લાગતા શ્રીકૃષ્ણને અભિવન્દન કરું છું) ઈત્યાદિમાં રમણીય ભૂષણોથી ભૂષિત ભગવાન્‌નું સ્વરૂપ સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે.

**સર્વલક્ષણદાતા ચ ધૃતરાષ્ટ્ર વિમુક્તિદઃ ।**
**સન્માર્ગરક્ષકો નિત્યં વિદુરપ્રીતિપૂરકઃ ॥૨૨॥**

**સર્વલક્ષણદાતા ॥૭૯॥**

સર્વ લક્ષણોને અર્પણ કરનાર.

પરીક્ષિત્ રાજાને, ઈક્ષ્વાકુ, ધ્રુવ, માંધાતા, વગેરે પ્રસિદ્ધ રાજાઓનાં પ્રજાપાલન, જ્ઞાન, ભક્તિ ઈત્યાદિ પ્રસિદ્ધ લક્ષણો-ગુણોને સમર્પણ કરનાર આપ પ્રભુ છે, પોતાની કૃપા દષ્ટિની વૃષ્ટિ થવાથી જ પરીક્ષિત્ રાજામાં તેવા સર્વ ગુણો-લક્ષણો પ્રાપ્ત થયેલાં છે. માટે જ સર્વ લક્ષણોને અર્પણ કરનાર પ્રભુ એમ કહ્યું.

## ધૃતરાષ્ટ્રવિમુક્તિદઃ ॥૭૦॥

ધૃતરાષ્ટ્રને મુક્તિ આપનાર.

ભગવાને ધૃતરાષ્ટ્રરાજાને વિદુરજી દ્વારા વૈરાગ્ય ઉત્પન્ન કરાવી તેમ વ્યાસ દ્વારા ઉપદેશ આપી મુક્તિ આપેલી છે. એ રીતે તેને મુક્તિ-મોક્ષ સુખ આપનાર આપ છે.

## સન્માર્ગરક્ષકો નિત્યમ્ ॥૭૧॥

નિરન્તર સન્માર્ગનું રક્ષણ કરનાર.

સત્પુરુષોનો એ જ મુખ્ય નિયમ છે કે : ગૃહસ્થાશ્રમની વૃત્તિના ત્યાગ પૂર્વક ભગવાન્‌ની પ્રાપ્તિ થાય તેવાં સાધનો કરવાં. એ પ્રમાણે વૈરાગ્ય પૂર્વક ભક્તિભાવ જેમને થયેલો છે, તેવા સજ્જનોના ભક્તિમાર્ગને નિરન્તર રક્ષણ કરનાર આપ શ્રીકૃષ્ણ છે. તેથી જ આપે વિદુરજી દ્વારા ધૃતરાષ્ટ્ર રાજાને ઉપદેશ અપાવી ગૃહસ્થાશ્રમથી દૂર કરાવ્યા છે. તેવી જ રીતે સર્વ ભગવદીય જનોનું મન પણ સંસારમાં લીન ન થાય તેમ કરી અર્થાત્ તેમને જ્ઞાન સમર્પણ કરી પોતે ભક્તિમાર્ગનું રક્ષણ કરે છે.

## વિદુરપ્રીતિપૂરકઃ ॥૭૨॥

૧. વિદુરજીની પ્રીતિને પૂર્ણ કરનાર,

૨. વિદુરની પ્રીતિને-ભાવને પૂર્ણ કરવાથી જ જેમને ક-સુખ છે એવા પુરુષોત્તમ.

પોતાના પરમભક્ત વિદુરજીની પોતાના ઉપર સ્થિર રહેલી પ્રીતિ-દઢ ભક્તિને પૂર્ણ કરનાર આપ પ્રભુ છે, કેમ કે નિજ ભક્તોની પ્રીતિને પૂર્ણ કરવી-સમ્પાદન કરવી એ જ આપનું કર્તવ્ય આપ મુખ્ય માની રહ્યા છે. ભક્તોના ભાવને પૂર્ણ કરવાથી જ પ્રભુ આનન્દ માને છે.

**લીલાવ્યામોહકર્ત્તા ચ કાલધર્મપ્રવર્તકઃ ।**
**પાણ્ડવાનાં મોક્ષદાતા પરીક્ષિદ્‌ભાગ્યવર્ધનઃ ॥૨૩॥**

## લીલાવ્યામોહકર્ત્તા ॥૭૩॥

૧. લીલાઓ વડે વિશેષ મોહ ઉત્પન્ન કરનાર,

૨. લીલા-ચેષ્ટા તે રૂપ વિ-કાળરૂપે સર્વને આ-સઘળે મોહ ઉપજાવનાર.

આસુરી જીવોને વ્યામોહ ઉત્પન્ન કરવા મનુષ્ય ભાવે પ્રકટ થઈ તેમના જ જેવી લીલાકૃતિ કરીને સર્વસ્થાનમાં અત્યન્ત મોહ પમાડનાર ભગવાન્ છે. તેથી જ

કંસ, જરાસન્ધ, શિશુપાલ, પ્રભૃતિ આસુરોને ભગવાન્‌ના સ્વરૂપમાં મોહ ઉત્પન્ન થયા છે. સ્વધામ પધારતી વખતે પીપલ વૃક્ષના કોમલ મૂલમાં સ્થાન કરી પારધીના બાણથી ચરણારવિન્દને ક્ષત થયાનું નિમિત્ત દર્શાવી આપે આસુર વ્યામોહલીલા કરી છે. વસ્તુતઃ જોતાં પ્રભુને જન્મ-મરણ વગેરે કાંઈ જ નથી, પરન્તુ આસુરીજનોને તેમ ભાસે છે, વળી ચેષ્ટારૂપ કાળ વડે પણ સર્વને સર્વસ્થળે મોહ કરનાર આપ છે. માટે જ લીલા વડે અત્યન્ત મોહ કરનાર એવા પુરુષોત્તમ એમ કહ્યું.

## કાલધર્મપ્રવર્તકઃ ||૭૪||

કાળના ધર્મને વિસ્તારનાર.

સર્વગ્રાસી કાળને પ્રવર્તાવવો એ તમોગુણાધિષ્ટાતા રૂદ્રનું કાર્ય છે. પ્રભુ રૂદ્રરૂપે દૈવી, ભુવિ અને અન્તરિક્ષ એવા ત્રણ પ્રકારના ઉત્પત્તિરૂપ કાળના ધર્મનો વિસ્તાર કરનાર-પ્રવૃત્તાવનાર છે, ભાગવતના આ સ્કન્ધમાં કહ્યું છે કે

**''વ્યતીતાઃ કતિચિન્માસાસ્તદા પાણ્ડુસુતો નૃપ,**
**દદર્શ ઘોરરૂપાણિ નિમિત્તાનિ કુરુદ્વહ।**
**કાલસ્ય ચ ગતિં રૌદ્રામ્''**

(શ્રીકૃષ્ણ તથા યાદવ બન્ધુઓના સમાચાર મેળવવા મોકલેલા અર્જુનજી દ્વારકામાં ગયા હતા. પરન્તુ કેટલાક માસો વ્યતીત થયા. છતાં અર્જુન આવ્યા નહિ, એટલે યુધિષ્ઠિર રાજા ઘોર નિમિત્તો જોવા લાગ્યા.) એમ કહી આગળ ઘોર કાળની ભયંકરતા અને વિચિત્રતા દર્શાવી છે. ઈત્યાદિ સર્વ કાળધર્મને પ્રવર્તાવનાર પોતે પ્રભુ જ છે.

## પાણ્ડવાનાં મોક્ષદાતા ||૭૫||

પાંચે પાણ્ડવોને મોક્ષ આપનાર.

યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, નકુલ, સહદેવ, એ પાંચે પાણ્ડવોને મોક્ષ-મુક્તિ આપનાર પોતે ભગવાન્ છે. અર્જુન દ્વારકામાંથી આવીને યાદવોના નાશને તેમ ભગવાન્‌ની સ્વધામમાં પધારવા સમ્બન્ધી આસુર વ્યામોહલીલાને જણાવી, જેથી ભગવાન્‌ના વિરહને લીધે સર્વ પાણ્ડવોએ રાજ્ય સમ્પત્તિ તજીને જ્ઞાનનિષ્ઠ બની ભગવાન્‌ની ભક્તિમાં તલ્લીન થવાને લીધે મુક્તિ પામ્યા. એ રીતે પોતાના સ્વરૂપનો પાણ્ડવોમાં પ્રકાશ કરી ભક્તિ-ભગવદાસક્તિ આપનાર આપ શ્રીકૃષ્ણ જ છે.

## પરીક્ષિદ્ભાગ્યવર્ધનઃ ||૭૬||

પરીક્ષિત્ રાજાના ભાગ્યને વધારના.

જ્યારે પરીક્ષિત્‌નો જન્મ થયો ત્યારે જે-જે લક્ષણો બ્રાહ્મણોએ જણાવ્યાં હતાં તે-તે સર્વ શુભ લક્ષણો રાજ્ય પ્રાપ્ત થતાં જ તેમનામાં વિશેષ રીતે પ્રકાશમાન

થયાં. તેવા પ્રકારનાં શુભ લક્ષણોરૂપ ભાગ્યની વૃદ્ધિ કરનાર પોતે ભગવાન્ છે. તેમના અનુગ્રહથી જ ભાગ્યની વૃદ્ધિ થયેલી છે, તેથી જ એમને ભગવદ્રૂપ શ્રીભાગવત્ શ્રવણનો મુખ્ય ઉત્તમ અધિકાર પ્રાપ્ત થયેલો છે.

**કલિનિગ્રહકર્તા ચ ધર્માદીનાં ચ પોષકઃ ।**
**સત્સંગજ્ઞાનહેતુશ્ચ શ્રીભાગવતકારણમ્ ।।૨૮।।**

## કલિનિગ્રહકર્તા ।।૭૭।।

કલિયુગને નિગ્રહ કરનાર.

કલિયુગને નિગ્રહ કરનાર-પોતાને સ્વાધીન કરનાર આપ પ્રભુ છે. પરીક્ષિત્ રાજાએ દિગ્વિજય કરતાં ધર્મને અને ભૂમિને પીડા કરનાર કલિને શુદ્રરાજાના સ્વરૂપમાં જોયો. તેથી ક્રોધાયમાન બની તેનો પરાભવ કરી પોતાને આધીન બનાવ્યો. શ્રીભાગવતના આ સ્કન્ધમાં કહે છે કે ''**નિજગ્રાહૌજસા વીરઃ કલિં દિગ્વિજયે-ક્વચિત્**'' ( વીર પરીક્ષિતે દિગ્વિજયમાં પોતાના તેજથી કલિયુગને વશીભૂત કર્યો. ) અહિં ભગવાન્ શ્રીકૃષ્ણ જ કલિયુગને આધીન કરનાર છે. કારણ કે, ભક્ત હૃદયમાં આપ વિરાજે છે, પરીક્ષિત્ રાજા પ્રભુના પૂર્ણ પ્રેમીભક્ત છે, તથા ભગવાન્ના આવેશથી જ તેમનું પ્રાકટ્ય થયેલું છે, માટે પરીક્ષિત એ પોતે પ્રભુ જ છે.

## ધર્માદિનાં ચ પોષકઃ ।।૭૮।।

ધર્મ વગેરેનું પોષણ કરનાર.

ધર્મ -વૃષ સ્વરૂપ છે, વૃષને જેમ ચાર પગ છે, તેમ ધર્મને સત્ય, દયા, તપ અને શૌચ એમ ચાર પગો છે. પરન્તુ દુષ્ટ કલિ ( શુદ્રરાજનો વેશધારી )એ સત્ય, દયા અને તપ રૂપ ત્રણ ચરણો છેદી નાંખ્યા, જેથી એક જ અવશિષ્ટ બાકી રહ્યો. તે પણ નાશ કરવાને કાલ પ્રયત્ન કરે છે. એવા પ્રકારની ધર્મની સ્થિતિ નિહાળી દિગ્વિજય કરતાં પરીક્ષિત્ રાજાએ કલિનો નિગ્રહ કરી તે ધર્મનું પોષણ કર્યું. અર્થાત્ તેના નષ્ટ કરેલા સત્યાદિરૂપ ત્રણ ચરણોને સાંધી-સત્યાદિનું સ્થાપન કરી, ધર્મને પુષ્ટિ આપી, આદિ શબ્દથી ગાયનું રૂપ ધારણ કરનાર ભૂમિનું તેમણે રક્ષણ કર્યું છે. તેમ સર્વ દીનજનોનું અનાથ જીવોનું પણ તે પાલન કરનાર છે. ઉપર કહ્યા પ્રમાણે પરીક્ષિત્ રાજા પોતે પ્રભુ સ્વરૂપ જ હોવાથી તેમના દ્વારા સર્વ કરનાર આપ ભગવાન જ છે. ભગવદિચ્છા સિવાય કોઈથી કાંઈ પણ બની શકે જ નહિ, એ નિર્વિવાદ છે.

## સત્સંગજ્ઞાનહેતુઃ ।।૭૯।।

૧. સત્સંગથી ઉપજતા જ્ઞાનના કારણરૂપ,
૨. સત્સંગ જ જેમનું જ્ઞાન થવાનું કારણ છે એવા પુરુષોત્તમ.

સત્સંગ એટલે ભગવદીય જનનો સમાગમ. એવો સમાગમ વારંવાર

કરવાથી ભગવદ્જ્ઞાન અન્તરમાં પ્રકાશ પામે છે. તેવા જ્ઞાનપૂર્વક પ્રભુમાં સ્નેહ થતાં જ પ્રભુ પ્રાપ્ત થાય છે. માટે જ તેવું જ્ઞાન પ્રકટ થવાનું કારણ આપ શ્રીકૃષ્ણ છે. ભગવદીયનાં દર્શન, તેમની સાથે ઐક્યતાથી ભગવદ્વાર્તાલાપ, વગેરે કરવાથી જ જ્ઞાન થાય, પ્રભુની પ્રાપ્તિ થાય. ભાગવતના આ સ્કન્ધમાં ઉપદેશે છે કે :

**''તુલયામ લવેનાઽપિ ન સ્વર્ગં ન પુનર્ભવમ્ ,**
**ભગવત્સંગિસંગસ્ય મર્ત્યાનાં કિમુતાશિષઃ''**

(મનુષ્યોને ભગવાન્‌ના ભક્તોનો સમાગમ થાય, તેની એક લેશ માત્ર પણ બરાબરી કરવાને સ્વર્ગ તેમ પુનર્ભવ શક્તિમાન નથી; તો પછી તેવા ભગવદીયોના આશીર્વાદોને હું શું જ વર્ણવું?) માટે જ સત્સંગથી થતા જ્ઞાનના કારણરૂપ આપ ભગવાન્ છે એમ કહ્યું.

## શ્રીભાગવતકારણમ્ ||૮૦||

શ્રીયુક્ત એવા શ્રીમદ્ ભાગવતના કારણરૂપ.

શ્રી-લક્ષ્મી, અર્થાત્ સર્વ વિભૂતિમય શ્રીમદ્‌ભાગવતશાસ્ત્રને પ્રવૃત્ત કરવાના કારણરૂપ આપ ભગવાન જ છે. કારણ કે બ્રાહ્મણના શાપ નિમિત્તે પરીક્ષિત્ રાજાએ શ્રીભાગવતને શ્રીશુકદેવજીથી સાંભળ્યું એ રીતે શુક અને પરીક્ષિત્‌ના સંવાદ દ્વારા શ્રીમદ્‌ભાગવતને અખિલ ભૂમિમાં પ્રસરાવનાર આપ જ છે.

**પ્રાકૃતાદષ્ટમાર્ગશ્ચ ... ... ... ... ... ...**

## પ્રાકૃતાદષ્ટમાર્ગઃ ||૮૧||

૧. પ્રકૃતિસ્થ અદષ્ટમાર્ગને ચલાવનાર, ૨. પ્રકૃતિસ્થ અને અદષ્ટને દૂર કરનાર.

પ્રકૃતિ-માયા તેમાં રહેલો એ પ્રકૃતિસ્થ અર્થાત્ અદષ્ટ પ્રારબ્ધ કર્મને આધીન રહેલો માર્ગ કે જે વારંવાર જન્મ-મરણરૂપ પ્રાકૃત કહેવાય છે. તેવા પ્રાકૃત અદષ્ટ માર્ગને ચલાવનાર આપ પ્રભુ છે. તેમ પ્રકૃતિના કાર્યો-કે જે હું મારું આ મારો દેહ, વગેરેને અને અદષ્ટ એટલે પ્રારબ્ધ કર્મને દૂર કરનાર પણ આપ શ્રીપુરુષોત્તમ છે. શ્રીકૃષ્ણચન્દ્રનું શુદ્ધભાવથી સેવન કરનારને માયાના વિકારો, પ્રારબ્ધ કર્મો, તેમ અહન્તા-મમતાત્મક સંસારના ભાવો વગેરે કોઈ પણ દૂષિત કરી શક્તા નથી. તેવી વસ્તુઓથી ભગવાન્‌નો ભક્ત નિર્લેપ જ રહે છે. સર્વત્ર સર્વથા સમર્થ, પ્રભુ જ તેનું રક્ષણ કરે છે.

**||ઇતિ પ્રથમસ્કન્ધનામાનિ||**

## ।। અથ દ્વિતીયસ્કન્ધનામાનિ ।।

**... ... ... ... ... ..... ... ... શ્રોતવ્યઃ સકલાગમૈઃ ।**

**કીર્તિતવ્યઃ શુદ્ધભાવૈઃ સ્મર્તવ્યશ્ચાત્મવિત્તમૈઃ ।।૨૫।।**

### શ્રોતવ્યઃ સકલાગમૈઃ ।।૮૨।।

૧. સર્વ સિદ્ધાન્તો વડે સાંભળવા લાયક,

૨. સકલશાસ્ત્રને અનુસરનારા વિદ્વાનોએ શ્રવણ કરવાને માન્ય કરેલા.

સર્વ સિદ્ધાન્તોથી અનેક વિદ્વાનોથી માનનીય પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્ર જ છે. એ નિઃસંશય છે. આપ પોતે જ ગીતામાં આજ્ઞા કરે છે કે ''**વેદૈશ્ચ સર્વૈઃ અહમેવ વેદ્ય**'' ( સર્વ વેદો વડે હું જાણવા યોગ્ય છું ) શ્રુતિ ભગવતી પણ ''**સર્વે વેદા યત્પદમ્ આમનન્તિ**'' ( બધા વેદો એ પરમાત્માના પદને જ નમન કરી રહ્યા છે ) ભાગવતના પ્રથમ સ્કન્ધના અન્તમાં ''**યચ્છ્રોતવ્યમ્ અથોજાપ્યમ્..**'' એ શ્લોકથી પરીક્ષિત્ રાજા, મરનારને શ્રવણ કરવા યોગ્ય, જપવા યોગ્ય શું છે? એમ શુકદેવજીને પ્રશ્ન કરે છે. તેના પ્રત્યુત્તરમાં શ્રીશુકદેવજી જણાવે છે કે :

**''તસ્માદ્ ભારત સર્વાત્મા ભગવાન્ હરિરીશ્વરઃ,**
**શ્રોતવ્યઃ કીર્તિતવ્યશ્ચ સ્મર્તવ્યશ્ચેચ્છતાઽભયમ્''**

(હે ભારત! હે પરીક્ષિત્! અભય ઈચ્છનાર મનુષ્યે ભગવાન્‌ને તેમનાં ચારિત્રોને, શ્રવણ કરવાં, કીર્તન કરવાં, તેમ સ્મરણ કરવાં ) એ જ કલ્યાણકર છે. એ ઉપલા શ્લોકના ભાવને પ્રકટ કરનારા ત્રણ નામો જણાવ્યા છે. માટે જ સર્વ સિદ્ધાન્તોથી તેમ વિદ્વાનોથી એ પ્રભુ જ શ્રવણ કરવા યોગ્ય છે.

### કીર્તિતવ્યઃ શુદ્ધભાવૈઃ ।।૮૩।।

શુદ્ધભાવયુક્ત ભક્તોએ કીર્તન કરવા લાયક.

શુદ્ધભાવ એટલે જેમનો સરલ સ્વભાવ છે એવા તથા કામ, ક્રોધ, લોભ અને મોહ વગેરેથી રહિત શુદ્ધ-સ્વચ્છ જેમનું અન્તઃકરણ છે એવા ભક્તો વડે કીર્તન કરવા યોગ્ય તો એક પ્રભુ જ છે. તેથી જ આપ ગીતામાં શ્રીમુખથી આજ્ઞા કરે છે કે :

**''મહાત્માનસ્તુ માં પાર્થ ! દૈવીં પ્રકૃતિમાસ્થિતાઃ,**
**ભજન્ત્યનન્યમનસો જ્ઞાત્વા ભૂતાદિમવ્યયમ્,**
**સતતં કીર્તયન્તો માં યતન્તશ્ચ દ્રઢવ્રતાઃ''**

( હે અર્જુન ! દૈવીપ્રકૃતિમાં રહેલા મહાત્માઓ મને અવ્યય તથા સર્વમાં આદિરૂપ જાણીને અનન્યભાવથી ભજે છે-સેવે છે, તેમ દ્રઢવ્રત ધારણ કરી યત્નપૂર્વક નિરન્તર મારું કીર્તન કરે છે. એ જ આપના વચનથી કીર્તન કરવા યોગ્ય

આપ પૂર્ણ પુરુષોત્તમ જ છે.

**સ્મર્તવ્યશ્ચઆત્મવિત્તમૈઃ ||૮૪||**

આત્મજ્ઞ ભગવદીયોથી સ્મરણીય એવા.

આત્મજ્ઞ-પરમાત્માને જાણનારા અર્થાત્ ભગવાન્‌નો અનુગ્રહ પ્રાપ્ત કરી હું તેમનો અંશ છું એટલે આપ ભગવાન્ સમુદ્રરૂપે છે. હું તરંગરૂપે છું, ભલે હું અંશરૂપે છું તો પણ જેમ સમુદ્રથી તરંગ અભિન્ન છે, તેવી રીતે હું પણ તેમનાથી અભિન્ન છું. તો પણ હું માયામાં પ્રવિષ્ટ થયેલો અલ્પ જીવ છું માટે તે મારા પ્રભુ છે. સ્વામી છે. મારે તેમનું જ શરણ છે, મારા તે જ સેવનીય, સ્મરણીય છે. એવા પ્રકારના પોતાના સ્વરૂપનો અને પ્રભુના સ્વરૂપનો અનુભવ કરનાર ભક્તો વડે કેવળ પરમાત્મા શ્રીકૃષ્ણ જ સ્મરણ કરવા યોગ્ય છે.

**અનેકમાર્ગકર્તા ચ નાનાવિધગતિપ્રદઃ |**
**પુરુષઃ સકલાધારઃ સત્વૈકનિલયાત્મભૂઃ ||**

**અનેકમાર્ગકર્તા ||૮૫||**

૧. અનેક યોગ સાઙ્ખ્યાદિ માર્ગોને રચનાર.

૨. અનેક-એક સઙ્ખ્ય રહિત એવા પોતે જ પોતાના માર્ગના કરનાર.

યોગ સાઙ્ખ્ય આદિ માર્ગોને પ્રકટ કરનાર આપ પ્રભુ છે, યોગ સાઙ્ખ્યના જે-જે આચાર્યો થઈ ગયા તે-તે આચાર્યોરૂપ પોતે અંશથી પ્રકટ થઈ તે-તે માર્ગોને પ્રકટ કર્યા. ભગવાન્ એકરૂપે અને અનેકરૂપે પણ છે એટલે પોતે અગમ્ય, કોઈથી ન જાણી શકાય તેવા છે. માટે એમના માર્ગને એ પોતે જ રચનાર છે. બીજાઓ તેમના માર્ગને જાણવા અસમર્થ છે. મહાભારતાન્તર્ગત વિષ્ણુ સહસ્રનામમાં **''એકોનૈકઃ સર્વકઃ કિમ્''** પરમાત્મા એકરૂપે, અનેકરૂપે, તેમ સર્વરૂપે છે. એમ જણાવ્યું છે. તેથી જ પોતાના માર્ગને પોતે જ પ્રકટ કરનાર એમ કહ્યું.

**નાનાવિધગતિપ્રદઃ ||૮૬||**

૧. જુદા-જુદા પ્રકારની ગતિને આપનાર.

૨. નાના પ્રકારે નવધા ભક્તિરૂપ ગતિને આપનાર.

જેવાં જેનાં કર્મો હોય તેવી વિવિધ ગતિને આપનાર આપ શ્રીકૃષ્ણ છે. જેને સ્વર્ગની યોગ્યતા હોય તેને સ્વર્ગ, અપવર્ગ ( મોક્ષ ) ની યોગ્યતા હોય તેને અપવર્ગ, સ્વસ્વરૂપજ્ઞાનની યોગ્યતાવાળાને સ્વસ્વરૂપજ્ઞાન, એમ સર્વને યથાયોગ્ય ગતિ પ્રભુ અર્પણ કરે છે. વળી નિજ ભક્તોને સ્મરણ કીર્તનાદિ નવે પ્રકારની ભક્તિમાં જેને જે યોગ્ય હોય તેવી ભક્તિરૂપ ગતિને પણ આપે છે. એમ નાનાવિધ ગતિ આપનાર એ જ પ્રભુ છે.

## પુરુષઃ ॥૮૭॥

૧. પુર-બ્રહ્માણ્ડમાં શયન કરનાર;
૨. નવદ્વારવાળું પુર-શરીર તેમાં શયન કરનાર;
૩. ઉન્નતીમાન્ પ્રાણીઓમાં વિરાજમાન.
૪. પુરૂ-ચૌદભુવનને નાશકરનાર.
૫. પૂર્ણ એવા ૬. સર્વથી પુરાણ
૭. સર્વના સ્થાનરૂપ, ૮. વિરાટ પુરુષ.

આ અખિલ બ્રહ્માણ્ડમાં શયન કરનાર-વ્યાપકરૂપે સ્થિતિ કરનાર તેમ નવદ્વારમય શરીરરૂપ નગરમાં વિરાજમાન્ છે, તેથી જ તેમને પુરુષ કહે છે. મહાભારતમાં વ્યાસ ભગવાન્ ઉપદેશે છે કે

**''નવદ્વારં પુરં પુણ્યમતૈર્ભાવૈઃ સમન્વિતમ્,**
**વ્યાપ્ય શેતે મહાત્મા યત્ તસ્માત્પુરુષ ઉચ્યતે''**

(એ સર્વભાવોથી યુક્ત મુખ, નાક આદિ નવદ્વારાવાળા દેહરૂપ નગરમાં વ્યાપ્ત થઈ જે પરમાત્મા શયન કરે છે તેમને પુરુષ કહેવામાં આવે છે.) વળી ઉન્નતિને પામેલા સર્વ પ્રાણીમાત્રના પણ અન્તરમાં પ્રભુ વિરાજમાન્ છે. જ્યારે પોતે આ સર્વ સૃષ્ટિનો સંહાર કરવાની ઈચ્છા કરે છે, ત્યારે ચૌદે ભુવનનો વિનાશ કરી સર્વ વસ્તુને પોતાનામાં સમાવી દે છે. આપ પૂર્ણ છે, સનાતન છે, સર્વ સ્થાનમાં સ્થિતિ કરનાર છે. તેથી જ ''**પુરણાત્ સદનાચ્ચ તતોऽસૌ પુરુષો મતઃ**'' સર્વમાં પુરાણ અને સર્વસ્થાનરૂપ આપ હોવાને લીધે પુરુષ એમ આપને બધા માન્ય કરે છે. તેમાં પોતે વૈરાટરૂપે છે. તેથી પણ પુરુષ એમ કહી વ્યવહાર કરવામાં આવે છે. શ્રુતિ આજ્ઞા કરે છે કે ''**વૈરાજો વૈ પુરુષ**'' પુરુષ પરમાત્મા જ વિરાટરૂપે છે. ઈત્યાદિ કારણોને લીધે ભગવાન્ પોતે પુરુષ-પુરુષોત્તમ જ છે.

## સકલાધારઃ ॥૮૮॥

સકલ વિશ્વના આધાર.

આ સકલ બ્રહ્માણ્ડ ભાણ્ડ દેહના આધાર-આશ્રયરૂપ આપ પ્રભુ જ છે. ગીતામાં આપ આજ્ઞા કરે છે કે ''**સર્વમ્ ઈદં પ્રોતં સૂત્રે મણિગણા ઈવ**'' (આ સઘળું જગત્ જેમ દોરાથી મણિઓ પરોવાય છે તેમ પરમાત્માથી ઓતપ્રોત છે) તથા ''**વિષ્ટભ્યાહમ્ ઈદં કૃત્સ્નમ્ એકાંશેન સ્થિતો જગત્**'' (આ સમગ્ર જગત્‌ને મારા અંશથી અવલમ્બીને હું રહ્યો છું.) આ પ્રમાણેનાં વચનો વડે પ્રભુના આધારથી-આશ્રયથી જ આ વિશ્વવલય નભી રહ્યું છે, એમ સિદ્ધ થાય છે. જેમ શરીરોમાં ચૈતન્યરૂપે આપ ન વિરાજતા હોય તો સર્વ ઈન્દ્રિયો વિદ્યમાન છતાં એ દેહો કાંઈ પણ

આનન્દ આપનારા નથી, તેમ આ સર્વ વિશ્વને પ્રભુનો આધાર ન હોય તો એમાંનું કાંઈ પણ રુચિકર ન બને ન લાગે. પ્રભુના આભાસથી જ આ સર્વ ભાસે છે, તેમના આનન્દથી જ બધું આનન્દ આનન્દમય લાગે છે. માટે સર્વનો આશ્રય સર્વનો આધાર પ્રભુ છે.

**સત્વૈકનિલયાત્મભૂ: ||૮૯||**

૧. કેવળ સત્વગુણયુક્ત જેમનું ચિત્ત છે એવા ભક્તોનાં હૃદયોમાં પ્રકટ થનાર.

૨. સત્વગુણનો આશ્રય કરનાર ભક્તજનોમાં સ્વસ્વરૂપનો ઉદય કરનાર.

૩. સત્વસ્વરૂપથી જ પ્રકાશમાન થનાર.

રજોગુણ અને તમોગુણના વિકારો દૂર થઈ જ્યારે ચિત્ત સત્ય ગુણથી નિર્મલ થાય ત્યારે જ વિમલ અન્તઃકરણમાં પ્રભુ વિરાજે. મલીન દર્પણમાં જેમ પ્રતિબિમ્બ પડી શકે નહિ, તેમ સાંસારિક વિકારોથી મલીન બનેલા માન સરોવરમાં હંસ સ્વરૂપ પરમાત્મા પ્રકાશે નહિ. અહિં જે સાત્વિકભાવ માનવાનો છે તે શુદ્ધ સાત્ત્વિક ભાવ છે. પ્રભુ નિર્ગુણ છે, દિવ્ય ગુણોધારી છે. શુદ્ધ સત્ત્વ સ્વરૂપ છે, એટલે તેવા પ્રભુનો હૃદયમાં ઉદય થવાને શુદ્ધ-અલૌકિક સાત્ત્વિકભાવની જરૂર છે. તેવા ભાવો જ્યાં ઉભરાય છે, ત્યાં જ વૃન્દાવનચન્દ્રનો હૃદયાકાશમાં પ્રત્યક્ષ પ્રકાશ થાય છે એ નિસંશય છે.

**સર્વધ્યેયો યોગગમ્યો ભક્ત્યા ગ્રાહ્યઃ સુરપ્રિયઃ |**
**જન્માદિસાર્થકકૃતિઃ લીલાકર્તા પતિઃ સતામ્ ||૨૭||**

**સર્વધ્યેયઃ ||૯૦||**

૧. સઘળા ભક્તોવડે ધ્યાન કરવા યોગ્ય.

૨. બધા સ્થાનમાં ધ્યાન કરવા લાયક.

૩. સમગ્રરૂપે ધ્યાન કરવા યોગ્ય.

સર્વ ભક્તજનોએ ધ્યાન કરવા યોગ્ય તે, એક શ્રીકૃષ્ણ જ છે. પરમાત્મા વ્યાપક છે, એટલે સર્વસ્થાનમાં આપ વિરાજી રહ્યા છે, અને આપનામાં સર્વવસ્તુઓ પ્રકાશી રહી છે. એમ જ ગીતામાં શ્રીમુખે ઉપદેશે છે "**યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ**" (જે મને સઘળા સ્થાનમાં જુએ છે. અને મારાંમાં સર્વ વસ્તુઓને અવલોકન કરે છે, તે જ જ્ઞાન સમ્પન્ન છે.) જેથી સર્વ ભક્તજનોએ સર્વસ્થળે સર્વરૂપે પરમાત્માનું જ ધ્યાન કરવું. એ જ પ્રભુ તેવી રીતે ધ્યાન કરવા યોગ્ય છે, એ જ શ્રીકૃષ્ણ સર્વસ્થળે, સર્વરૂપે વિરાજમાન્ છે. માટે જ તેમને સર્વધ્યેય કહ્યા.

**યોગગમ્ય ||૯૧||**

યોગથી જાણવા યોગ્ય-પ્રાપ્ત થાય તેવા.

યોગ–ભક્તિયોગ વડે જ પ્રાપ્ત થઈ શકે તેવા પ્રભુ છે, જ્યાં સુધી તેવો દૃઢ ભક્તિયોગ પ્રાપ્ત થઈ શકે નહિ ત્યાં સુધી પ્રભુ પ્રાપ્ત થવા જ અશક્ય છે. આપ શ્રીમુખે ગીતામાં આજ્ઞા કરે છે કે :

**''ભક્ત્યા મામ્ અભિજાનાતિ યાવાન્ યશ્ચાસ્મિ તત્ત્વતઃ,**
**ભક્ત્યા ત્વનન્યયાશક્યઃ અહમ્ એવં વિધોઽર્જુન,**
**જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરન્તપ!''**

( હું જેવા સ્વરૂપે છું તેવા પ્રકારના તત્ત્વથી મને ભક્તિ વડે જ જાણે છે; હે અર્જુન ! અનન્ય ભક્તિ વડે જ એવા પ્રકારના મને જાણી શકાય છે. મારા સ્વરૂપને તત્ત્વથી જાણવાને પ્રત્યક્ષ પ્રાપ્ત કરવાને અને મારામાં પ્રવેશ કરવાને એક ભક્તિ જ મુખ્ય સાધન છે. ) એવા ભક્તિયોગથી જ પ્રભુ પ્રાપ્ત થઈ શકે છે. માટે તે યોગગમ્ય છે.

## ભક્ત્યાગ્રાહ્યઃ ||૯૨||

૧. ભક્તિથી જ ગ્રહણ કરી શકાય તેવા.
૨. ભક્તિ વડે જ સર્વત્ર સર્વ રીતે ગ્રહણ કરવા યોગ્ય સ્વરૂપવાળા.

પ્રભુ ભક્તિથી જ ગ્રાહ્ય–સાધ્ય થઈ શકે તેવા છે. પરમાત્માને પ્રાપ્ત કરવાને એ સિવાયનાં અન્ય સાધનો વૃથા છે. પ્રભુ આજ્ઞા કરે છે કે :

**''પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ,**
**તદહં ભક્ત્યુપહૃતમ્ અશ્નામિ પ્રયતાત્મનઃ''**

( મને જે ભક્તિપૂર્વક પત્ર, પુષ્પ, ફલ, જળ વગેરે અર્પણ કરે છે, તે ભાવથી આણેલી વસ્તુને હું પ્રયત્ન વડે અંગીકાર–સ્વીકાર કરું છું ) એથી આપ કેવળ અનન્ય ભાવમયી ભક્તિથી જ પ્રાપ્ત થાય છે, એમ જણાવે છે. તેથી જ અહિં ભક્ત્યાગ્રાહ્ય એવા પુરુષોત્તમ એમ કહે છે.

## સુરપ્રિયઃ ||૯૩||

૧. દેવો–દૈવીજીવોને પ્રિય. ૨. દૈવીજીવો જેમને પ્રિય છે એવા.
૩. દૈવી જીવોને પોષણ કરનાર.

દૈવીજીવોને તો કેવળ પરમાત્મા જ પ્રિય હોય છે, તેમ પરમાત્માને દૈવીજીવો ઉપર પ્રેમ હોય છે, માટે તેમનું પોષણ પોતે જ કરે છે. એ રીતે તે જીવોનો અને પરમાત્માનો પરસ્પર તાદાત્મ્ય સ્નેહસમ્બન્ધ છે એમ કહેવાથી પ્રભુ સુરપ્રિય કહેવાય છે.

## જન્માદિસાર્થકકૃતિઃ ||૯૪||

૧. જન્મ જેમાં આદિ છે એવા, આયુષ્યને સફળ કરવા કૃતિ–લીલા કરનાર.
૨. જન્મ આદિને સાર્થક કરવામાં જ જેમની લીલા છે એવા.

ભગવાન્‌ની દશવિધ લીલાનો આશ્રય કર્યા વિના જન્મ નિષ્ફળ છે, પ્રભુએ ભક્તજનોના જન્મ વગેરે સફળ કરવા માટે જ લીલાઓ નિર્માણ કરી છે. પછી જો તે લીલાઓનો આશ્રય ન કરે તો તેમના જન્મ વૃથા જ ગણાય. શ્રીમદ્‌ભાગવતના આ સ્કન્ધમાં કહ્યું છે કે ''**તજ્જન્મ તાનિ કર્માણિ...**'' ( શ્રીહરિની કૃતિ-લીલાનું સેવન કરવામાં આવે તે જ જન્મનું સાર્થક છે. તે જ મુખ્ય કર્મ છે, તથા જેમાં ભગવાન્‌ના ગુણાનુવાદોનું કથન કરવામાં આવે છે. તે સિવાયની જે ક્ષણ જાય છે તે ઉદય અસ્તરૂપે બની મનુષ્યોનું આયુષ્ય હરણ કરે છે. )-અર્થાત્ તેવું ભગવત્ કથા વિનાનું જીવ્યું સફળ થતું નથી પણ વૃથા આયુષ્યનો વ્યય થાય છે. માટે જ ભગવત્કૃતિનો આશ્રય કરવો જોઈએ; તેમ કરનારનાં જન્માદિને સફળ કરનાર પ્રભુ છે.

## લીલાકર્તા ||૯૫||

લીલા-માયાની પ્રેરણા કરનાર.

ભગવાને પોતાની આત્મશક્તિરૂપ માયા વડે જ જગત્‌ની પ્રેરણા કરી છે- તેને રચ્યું છે. માટે માયાની-આત્મશક્તિની પ્રેરણા કરનાર આપ જ છે. શ્રીભાગવત ના આ સ્કન્ધમાં ઉપદેશ છે કે ''**ભૂય એવ વિવત્સામિ ભગવાન્ આત્મમાયયા યથેદં સૃજતે વિશ્વમ્**'' ( ભગવાન્ પોતાની માયારૂપ આત્મશક્તિએ જેવી રીતે આ વિશ્વને સરજે છે તેનો હું ફરીથી વિવેક કરું છું. ) એમ જણાવી પ્રભુ જ પોતાની માયા શક્તિને પ્રેરી સૃષ્ટિ આદિની રચના કરે છે. એવી લીલા કરનાર આપ શ્રીકૃષ્ણ જ છે.

## પતિઃસતામ્ ||૯૬||

સત્પુરુષોનું ભક્તોનું પાલન કરનાર.

સજ્જન ભક્તોના પતિ-સ્વામી આપ છે, આપ જ તેમનું રક્ષણ કરે છે. તેમ દરેક સદ્વસ્તુના પણ પાલન કરનાર આપ પ્રભુ જ છે. તેથી જ આ સ્કન્ધના ચતુર્થ અધ્યાયમાં ''**પ્રસીદતાં મે ભગવાન્ સતાં પતિઃ**'' ( સત્પુરુષો-ભક્તોના પતિ એવા ભગવાન્ શ્રીકૃષ્ણ મને પ્રસન્ન થાવ. ) એમાં સત્પુરુષોના પતિ ભગવાન્ છે એમ સ્પષ્ટ કથન છે.

**આદિકર્તા તત્ત્વકર્તા સર્વકર્તા વિશારદઃ |**
**નાનાવતારકર્તા ચ બ્રહ્માવિર્ભાવકારણમ્ ||૨૮||**

## આદિકર્તા ||૯૭||

૧. આદિ એવા કર્તા. ૨. આદિ-આકાશ અથવા કાલના કર્તા.
૩. આદિ એટલે બ્રહ્મા તેના કરનાર.

સર્વથી આદિ કર્તાપણું ભગવાન્‌નું જ છે. તેમ સર્વ વસ્તુઓમાં પ્રથમ આકાશ ઉત્પન્ન થયું છે તો તેવા આદિ આકાશને પણ પ્રકટ કરનાર પ્રભુ છે. ભગવતી

શ્રુતિ જણાવે છે કે "**તસ્માદ્ વા એતસ્માદ્ આત્મનઃ આકાશઃ સમ્ભૂતઃ**" (તે પરમાત્માથી પ્રથમ આકાશ ઉત્પન્ન થયું છે.) તથા આ સ્કન્ધના પાંચમાં અધ્યાયમાં કહ્યું છે કે :

**"સ એષ ભગવાન્ લિંગૈસ્ત્રિભિરભિરધોક્ષજઃ,**
**સર્વલક્ષિતગતિર્બ્રહ્મન્ સર્વેષાં મમ ચેશ્વરઃ".**

(સત્ત્વ, રજ અને તમોગુણના ચિન્હોથી પોતાની ધારણા માફક ગતિ કરનાર એ જ પરમાત્મા સર્વના અને મારા પણ ઈશ્વર છે.) એમ પોતે બ્રહ્મદેવ જણાવે છે. માટે સર્વને તેમ તેમને ઉત્પન્ન કરનાર પોતે પુરુષોત્તમ જ છે. તેથી આપને આદિકર્તા કહ્યા.

## તત્ત્વકર્તા ||૯૮||

તત્ત્વોને રચનાર.

સાઙ્ખ્ય શાસ્ત્રમાં પ્રકૃતિથી લઈને ચોવીસ તત્ત્વો માનેલાં છે. કેટલાક ૨૮ તત્ત્વો પણ માને છે. તેમ કેટલાક ૨૪ થી પણ ઓછા ૭, ૮, ૧૧, ૧૫, ૧૭ એમ પણ તત્ત્વોની સંખ્યા માને છે. એ સર્વ તત્ત્વોને રચનાર પરમાત્મા છે.

## સર્વકર્તા ||૯૯||

૧. સર્વ વિશ્વને બનાવનાર.
૨. કુમ્ભારાદિ સર્વકર્તાએ જેમના વડે જ સર્વ કાર્ય કરવા શક્તિમાન છે એવા પ્રભુ.
૩. સર્વરૂપ કર્તા.

સર્વ વેદ સૂત્ર ગીતા વગેરેમાં પરમાત્માનું કર્તૃત્વ પ્રસિદ્ધ રીતે જણાવેલું છે. તેનું વિવેચન પ્રથમ આપણે કરી ગયા છીએ એટલે અહિં તેનો વિસ્તાર કરવામાં આવતો નથી. છતાં દિશા માત્ર કથન કરવાનું કે, કુમ્ભાર ઘડાનો કર્તા છે તે ભગવદીચ્છાથી જ, તેવા સૃષ્ટિ રચનાર બ્રહ્મદેવ, પાલન કરનાર વિષ્ણુ, અને સંહાર કરનાર શંકર વગેરે પ્રતીત થતા કર્તાઓ ભગવાન્‌ની આજ્ઞાને આધીન બની તેમની શક્તિથી જ કાર્ય કરનારા; નહિ કે સ્વતન્ત્ર રીતે, તે કર્તાઓમાં તેવે-તેવે રૂપે પોતે પ્રભુ જ વિરાજેલા છે તેથી જ એ કાર્ય કરવાને શક્તિમાન છે અન્યથા કાંઈ પણ કોઈનાથી બની શકે નહિ માટે જ પ્રભુ સર્વકર્તા છે.

## વિશારદઃ||૧૦૦||

૧. જેમની ઉત્તમ વાણી છે એવા.
૨. શરદૠતુના પૂર્ણચન્દ્રને પણ પોતાના પ્રકાશથી લજ્જિત કરે તેવા.
૩. અતિનિપુણ-ચતુર.

પ્રભુ પોતે જ વાણીના પતિ છે તો તેમની વાણીમાં મીઠાશ ઉત્તમતા વગેરે

હોય એમાં શું આશ્ચર્ય? હજારો સૂર્ય અને હજારો શરદચન્દ્રના પ્રકાશો જ્યાં ઝાંખા પડે. ત્યાં એક બિચારો શરદપૂર્ણિમાનો ચન્દ્ર લજ્જિત થાય એમાં તે શું વિસ્મય પામવાનું? સર્વમાં રહેલું નૈપુણ્ય ચાતુર્ય કેવળ પ્રભુની કૃપાનો લેશ છે, તો પછી આપ અતિ ચતુર અતિનિપુણ હોય એ કાંઈ અદ્ભૂતતા? કાંઈ જ નહિ.

## નાનાવતારકર્તા ||૧૦૧||

જુદા-જુદા વરાહાદિ અવતારોને કરનાર.

પ્રભુએ વરાહ, કૂર્મ મત્સ્ય વગેરે. ભિન્ન-ભિન્ન અવતારોને ગ્રહણ કરેલા છે. આ સ્કન્ધના સપ્તમ અધ્યાયમાં બ્રહ્મા અને નારદજીના સંવાદ પ્રસંગે ''**યત્રોદ્યતઃ ક્ષિતિતલોદ્ધરણાય...**'' એ શ્લોકથી આરમ્ભી ઠેઠ અધ્યાયની સમાપ્તિ સુધી ભગવદવતારોનું જ વર્ણનચરિત્ર જણાવેલું છે. માટે પોતે શ્રીકૃષ્ણ જ ધર્મનું સ્થાપન કરવા તેમ ભક્તોનો ઉદ્ધાર કરવા જુદા-જુદા અવતારોને ગૃહણ કરનાર છે.

## બ્રહ્માવિર્ભાવકારણમ્ ||૧૦૨||

૧. બ્રહ્મા-હિરણ્ય ગર્ભની ઉત્પત્તિના કારણરૂપ.

૨. બ્રહ્માને દર્શન આપવા જેનું પ્રાકટ્ય છે એવા.

હિરણ્યગર્ભની પ્રથમ ઉત્પત્તિ થઈ છે તેની ઉત્પત્તિનું કારણ આપ પ્રભુ છે. પોતે જ સૃષ્ટિના આદિ કાલમાં આ સૃષ્ટિને નિર્માણ કરવા પ્રથમ હિરણ્યગર્ભ-બ્રહ્માને પ્રકટ કર્યા. યજુર્વેદ શ્રુતિ જણાવે છે કે, ''**હિરણ્યગર્ભઃ સમવર્તતાગ્રે**'' પ્રથમ હિરણ્યગર્ભ થયા. ત્યાર પછી આગળ સૃષ્ટિનો પ્રવાહ ચાલ્યો છે. આ સ્કન્ધના નવમા અધ્યાયમાં ''**બ્રહ્મણે દર્શયન્ રૂપમ્ અવ્યલીકવ્રતાદત**'' એમ કહી આગળ બ્રહ્માના તપથી પ્રસન્ન થઈ પ્રભુએ તેમને દર્શન આપ્યું, તેથી જ અહિં બ્રહ્માને દર્શન આપવા જેમનું પ્રાકટ્ય છે એવા પુરુષોત્તમ એમ કહ્યું.

**દશલીલાવિનોદી ચ નાનાસૃષ્ટિપ્રવર્તકઃ |**
**અનેકકલ્પકર્તા ચ સર્વદોષવિવર્જિતઃ ||૨૯||**

## દશલીલાવિનોદી ||૧૦૩||

૧. દશલીલા વડે વિનોદ કરનાર. ૨. દશલીલાથી કાલને પ્રેરનાર.

શ્રીમદ્ભાગવતમાં ભગવાન્‌ની દશ પ્રકારની લીલાઓ વર્ણવવામાં આવી છે, તે સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઉતિ, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રય, એ દશે પ્રકારની લીલાઓ વડે આપ કાલને પ્રેરે છે.

## નાનાસૃષ્ટિપ્રવર્તકઃ ||૧૦૪||

જુદી-જુદી સૃષ્ટિને પ્રવર્તાવનાર.

નાના એટલે દેવ, પિતૃ, મનુષ્ય, ગાન્ધર્વ, દાનવ, વગેરે રૂપ જુદા-જુદા પ્રકારની સૃષ્ટિને પ્રવર્તાવિનાર-ચલાવનાર આપ શ્રીકૃષ્ણ જ છે. આ સ્કન્ધના દશમ અધ્યાયમાં ‘‘**પુરુષો અણ્ડં વિનિભિદ્યે...**’’ એ શ્લોકથી આરમ્ભી પરમાત્માએ જે ભિન્ન-ભિન્ન પ્રકારથી સૃષ્ટિઓ કરી છે તે વર્ણવવામાં આવ્યું છે. એવી વિવિધ પ્રકારની સૃષ્ટિ કરવી એ સાધારણ શક્તિ નથી, માટે તેવી અસાધારણ શક્તિ પ્રભુ વિના બીજા કોનામાં હોઈ શકે? કોઈમાં જ નહિ. પરમાત્મામાં એવી અનેક શક્તિઓ મૂર્તિમાન્ વિરાજમાન છે. માટે જ એવી સૃષ્ટિઓ રચનાર આપ શ્રીકૃષ્ણ જ છે.

## અનેકકલ્પકર્તા ।।૧૦૫।।

અનેક કલ્પોને કરનાર.

પાદ્મકલ્પ, બ્રાહ્મકલ્પ, વારાહકલ્પ, વગેરે. અનેક કલ્પોને રચનાર, નિર્માણ કરનાર આપ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ છે.

## સર્વદોષવિવર્જિતઃ ।।૧૦૬।।

સઘળા દોષોથી રહિત.

બધા દોષોથી રહિત એક પ્રભુ જ છે. સર્વમાં કોઈના કોઈ પણ દોષો જોવામાં આવે છે. કેમ કે આ સંસાર જ દોષનો ભરેલો છે. તેથી જ એને દુઃખમય કહેવાય છે. પ્રભુને સંસાર નથી, એટલે તેમને કોઈ દોષ અગર દુઃખ નથી. તેમ આપ પ્રભુ તો આનન્દરસ રૂપ છે. એટલે એમનામાં દોષો-દુઃખો સમ્ભવે જ ક્યાંથી ! માટે જ ‘નિર્દોષએકોહરિઃ’ એક હરિ જ કેવળ નિર્દોષ છે. સર્વ દોષથી રહિત છે એમ કહે છે.

**।।ઈતિ દ્વિતીયસ્કન્ધનામાનિ।।**

# ।। અથ તૃતીયસ્કન્ધનામાનિ ।।

## વૈરાગ્યહેતુસ્તીર્થાત્મા સર્વતીર્થફલપ્રદઃ ।
## તીર્થશુદ્ધૈકનિલયઃ સ્વમાર્ગપરિપોષકઃ ।।૩૦।।

### વૈરાગ્યહેતુઃ ।।૧૦૭।।

વૈરાગ્યના કારણરૂપ.

સુખ-દુઃખની ઈચ્છાથી વિરામ પામવું, સંસારમાંથી રાગને દૂર કરવો એનું નામ વૈરાગ્ય. એવા વિરાગપૂર્વક ભગવાન્‌માં અનુરાગ કરવો એ કાર્ય સહજ નથી, એમાં ભગવાન્‌ના અનુગ્રહની ખાસ આવશ્યક્તા છે. પ્રભુ કૃપાના બલથી જ મનુષ્ય વૈરાગ્ય પામી સૌભાગ્યવાન્ બને છે. માટે તેવા વૈરાગ્યના હેતુરૂપ અર્થાત્ વિરાગને અર્પણ કરનાર પોતે પ્રભુ જ છે. દુર્યોધનના દુષ્ટ વચનથી જ ભક્તરાજ વિદુરજીને વિરાગ ઉત્પન્ન થયો છે. એમ ભાગવતમાં સ્પષ્ટ છે ત્યાં આગળ દુર્યોધન દ્વારા વિરાગ ઉત્પન્ન કરનાર પોતે જ છે.

### તીર્થાત્મા ।।૧૦૮।।

તીર્થરૂપ, તીર્થ જેમનો આત્મા છે એવા.

ભક્તજનો ઉપર અનુગ્રહ કરવા પ્રભુ તીર્થરૂપ બનેલા છે. એટલે તેવા-તેવા તીર્થોમાં જવાથી ભક્તોને પ્રભુનાં દિવ્ય ચરિત્રો સ્ફુરી આવે છે. તેમ અન્તરંગ ભક્તોનાં દર્શન પણ ભગવદિચ્છાથી થઈ આવે છે. તીર્થ સેવનનો એ જ અમૂલ્ય લાભ છે. એવો અલૌકિક લાભ થતાં ભગવદીયજનની સંગતિરૂપ પ્રસાદની પ્રાપ્તિ થતાં ભગવાન્‌નાં તે-તે ચરિત્રોરૂપ જ અર્થાત્ ભગવદ્રૂપ જ તીર્થો ભાસે છે. આસુરી જીવોને પાષાણ ધાતુ જળરૂપ બધું દેખાય છે. કેમ કે તેમનામાં તેવા દૈવી ભાવનો અભાવ હોય એ સ્વાભાવિક છે. પરન્તુ ભગવદીયોને તો તે બધું ભગવાન જ છે. તેથી જ પ્રભુ તીર્થાત્મા છે.

### સર્વતીર્થફલપ્રદઃ ।।૧૦૯।।

સર્વ તીર્થોમાં ફળ આપનાર.

જ્યારે પ્રભુ પોતે તીર્થરૂપ જ છે ત્યારે તે તીર્થોમાં પોતાના દર્શનરૂપ ફળને અર્પણ કરે એમાં શું નવાઈ? વિદુરજીએ તીર્થાટન કર્યું ત્યારે તેમને ઉદ્ધવજીનું દર્શન એ રૂપ ફળ મળ્યું, ઉદ્ધવજી કંઈ સામાન્ય નથી, ભગવાન્‌ની સાથે તેમને તાદાત્મ્ય સમ્બન્ધ હોવાથી એ ભગવદ્રૂપ જ છે. એવા ભગવદીય જનનો સમાગમ થવો એ કંઈ ઓછો લાભ છે? એવા પુણ્યાત્માઓથી જ પરમાત્મા દૃષ્ટિગમ્ય બને છે.

## તીર્થશુદ્ધૈકનિલયઃ ।।૧૧૦।।

તીર્થથી શુદ્ધ થયેલા ભક્ત જેમનું સ્થાન છે એવા.

તીર્થ કરવાથી શુદ્ધ-પવિત્ર બનેલા વિદુરજી જેમનું આધાર સ્થાન છે એવા ભગવાન્ કેમકે તીર્થ કરવાથી પવિત્ર થયેલા વિદુરજીના વિમલ હૃદયમાં આપ પ્રકાશ પામતા હતા તેથી જ તીર્થ શુદ્ધ વિદુરજી જેમનો આધાર છે એવા પ્રભુ એમ કહ્યું.

## સ્વમાર્ગપરિપોષકઃ ।।૧૧૧।।

૧. પોતાના માર્ગને પોષણ કરનાર.

૨. ભક્તોના સંગતિરૂપ માર્ગને સમ્પાદન કરનાર.

નિજ ભક્તિમાર્ગની જેમ વૃદ્ધિ થાય તેવી રીતે તેને પોષણ આપનાર-વહન કરનાર આપ શ્રી પરમાત્મા છે. માટે ભગવદિચ્છાથી જ ભક્તિમાર્ગની વૃદ્ધિ થાય છે. એમાં બીજાં અનેક કારણો કલ્પવાં એ અનુચિત છે. આપ જેને શરણે લેવા ઈચ્છે છે તે જ પ્રભુનો આશ્રય પકડે છે, ભક્તિમાર્ગને સેવે છે. બીજાઓ તેવી ઈચ્છા કરે પણ કર્મનો પરિપાક નહિ થવાથી ભગવાન્‌નો અનુગ્રહ તેમના ઉપર ઉતરતો નથી, એટલે તેવા જનો ભગવદ્ ભક્તિને મુખ્ય માનનારા હોવા છતાં પણ તેનાથી બહિર્મુખ વૃત્તિવાળા રહે છે. માટે જ ભક્તિમાર્ગને પોષણ કરનાર-પુષ્ટિ આપનાર આપ જ છે.

**તીર્થકીર્તિર્ભક્તગમ્યો ભક્તાનુશયકાર્યકૃત્ ।**
**ભક્તતુલ્યઃ સર્વતુલ્યઃ સ્વેચ્છાસર્વપ્રવર્તકઃ ।।૩૧।।**

## તીર્થકીર્તિઃ ।।૧૧૨।।

૧. તીર્થોની કીર્તિ જેમનાથી છે.     ૨. તીર્થોમાં પ્રસરેલી છે કીર્તિ જેમની.

૩. તીર્થો છે કીર્તિરૂપ જેમના એવા.

બદરીકાશ્રમાદિ તીર્થોની કીર્તિને પ્રસરાવનાર આપ શ્રીકૃષ્ણ છે. આ સ્કન્ધના ચતુર્થ અધ્યાયમાં કહ્યું છે કે "**અહં પ્રોક્તો ભગવતા...**" શરણે આવેલા ભક્તોનાં કષ્ટો નષ્ટ કરનાર નિજકુળને સંહાર કરવાની ઈચ્છા કરનાર ભગવાન્ શ્રીકૃષ્ણે મને આજ્ઞા કરી કે તું બદરીકાશ્રમ તીર્થમાં જા, આ પ્રમાણે ઉદ્ધવજીને આજ્ઞા કરી પોતે જ બદરીનાથ તીર્થની કીર્તિ-માહાત્મ્યને વધારનાર છે. તીર્થોમાં પરસ્પર ભગવદીય જનો એકત્ર થઈ ભગવાન્‌નું ગાન-ગુણાનુવાદ ગાય છે. તેથી આપની કીર્તિ તીર્થોમાં પ્રસરેલી છે. જ્યાં-ત્યાં તીર્થોમાં પ્રભુનું જ યશોગાન થતું જોવામાં આવે છે. માટે પ્રભુની કીર્તિરૂપ જ તીર્થો છે. એ પણ વાસ્તવિક જ છે.

## ભક્તગમ્યઃ ।।૧૧૩।।

ઉદ્ધવાદિ ભક્તોને પામવા યોગ્ય, ભક્તોને જવા યોગ્ય બદરીકાશ્રમ તીર્થ

જેમનું છે એવા.

ભક્તોનું ગમ્ય-જવા યોગ્ય સ્થાન તો કેવળ શ્રીકૃષ્ણચન્દ્ર જ છે. જે ઉદ્ધવાદિ ભક્તો નિરન્તર સર્વભાવથી ભગવાન્નું જ સેવન કરે છે. તેવાંઓને પ્રભુ સિવાય બીજી કઈ વસ્તુ પ્રાપ્ત હોય? ભક્તોને અન્ય વસ્તુ પર પ્રેમ જ હોતો નથી, અમૃત રસના અનુભવીને બીજા રસો ઉપર ભાવ થાય? ન જ થાય. તો પછી આપ શ્રીકૃષ્ણ તો અમૃત રસના સાગર છે. એ આનન્દમાં નિમગ્ન થયેલાઓને અન્ય આનન્દ શુષ્ક જ લાગે. અરે? બીજો આનન્દ જ જગતમાં નથી!! અન્ય જે કંઈ આનન્દ જેવું લાગે છે. તે તેનો આભાસ માત્ર છે. એવા આનન્દમય પ્રભુ અને તન્મય તીર્થો તે ભક્તોને પ્રાપ્ત કરવા યોગ્ય જ છે. માટે જ પ્રભુ ભક્તગમ્ય છે.

## ભક્તાનુશયકાર્યકૃત્ ।।૧૧૪।।

ભક્તોના નિરોધ માટે કાર્યો કરનાર.

પોતાના ભક્તો જેવી રીતે ઇન્દ્રિયોનો નિરોધ કરી શકે, તેવી રીતે કાર્યો-લીલાઓ કરનાર આપ ભગવાન્ છે. પ્રભુ કૃપાનિધિ છે, તેથી જ નિજ ભક્તોના મનની સ્થિરતા કરવા તથા તેમની ઇન્દ્રિયોમાં રહેલી ચપલતાને હરવા આપ પ્રયત્ન કરે છે.

## ભક્તતુલ્યઃ ।।૧૧૫।।

૧. ભક્તો જેમને આત્મસમાન છે.

૨. સર્વત્ર સમબુદ્ધિ રાખનાર જેમના ભક્તો છે એવા પ્રભુ.

આપ આપના ભક્તોને આપના સમાન જ માને છે. અ.૫ માં શ્રીમુખે આજ્ઞા કરે છે કે '**નોદ્ધવો અણ્વપિ મન્યૂન**' ઉદ્ધવજી મારાથી લેશપણ ન્યૂન નથી એમ વિચારી આપે સ્વધામ પધારતી વખતે સર્વ લોકમાં ગુણાનુવાદો ગાવા-પ્રસારવા નિજરૂપ ઉદ્ધવજીને આ ભૂતળ ઉપર રાખ્યા છે, તેમ ભગવદ્ ભક્તો સર્વત્ર સમબુદ્ધિ રાખનાર, સુખ-દુઃખ હર્ષ-શોકથી રહિત છે. વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે "**ન ચલતિ નિજવર્ણધર્મતો યઃ સમમતિરાત્મસુહૃદ્ વિપક્ષપક્ષઃ**" (વર્ણથી, ધર્મથી જે ચલાયમાન થતાં નથી, પોતામાં, બન્ધુઓમાં, પારકામાં, અને શત્રુઓમાં જે સમાન બુદ્ધિ હોય છે, ભેદ રહિત વર્તે છે તે જ પ્રભુનો ભક્ત છે.) એટલે જેમના ભક્તજન શત્રુ મિત્રમાં તેમ સર્વમાં સમભાવ રાખનાર છે, માટે જ આપ ભક્તતુલ્ય છે.

## સર્વતુલ્યઃ ।।૧૧૬।।

૧. સર્વમાં સમાન ભાવધારી.

૨. સર્વને ફળ આપવામાં સમાન ભગવાન્ એવા.

જ્યારે એમના ભક્તો જ સર્વમાં સમત્વ ભાવે જોનારા છે, તો પછી પ્રભુમાં

તેવો સમભાવ હોય એમાં શું આશ્ચર્ય જેવું છે? આપ ગીતામાં આજ્ઞા કરે છે કે ''**સમોઽહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોઽસ્તિ ન પ્રિયઃ**'' (હું સર્વ પ્રાણીમાત્ર પર સમાન ભાવ રાખું છું મને કોઈ વ્હાલો નથી તેમ અળખામણો પણ નથી) એટલે આપને સર્વ સમાન જ છે. જેનું જેવું કર્મ હોય તેને તેવું ફળ પણ ભગવાન્ સમભાવથી જ આપે છે. તેમાં તેમનું કોઈ ઉપર ન્યુનાધિકપણું નથી, કર્માનુસાર ફળો આપવામાં પ્રભુ તુલા-ત્રાજવા સમાન જ છે માટે જ તેમને સર્વતુલ્ય કહ્યા છે.

## સ્વેચ્છા સર્વપ્રવર્તકઃ ||૧૧૭||

૧. પોતાની ઈચ્છાથી સર્વ પ્રવર્તાવનાર.

૨. સ્વભક્તોની ઈચ્છાથી સર્વ પ્રવર્તાવનાર.

૩. સ્વાર્થની ઈચ્છાથી સર્વને પ્રવૃત્તિ કરાવનાર.

પ્રભુ નિજેચ્છાથી સર્વને ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે પ્રવર્તાવે છે. કોઈનામાં કાંઈ પણ જ્ઞાન, વૈરાગ્ય કે ભક્તિ વગેરે જોવામાં આવે છે એ ભગવત્કૃપાનું જ પરિણામ છે. પોતાના ભક્તોની ઈચ્છા પૂર્ણ કરવાને પણ આપ વિવિધ પ્રકારની ક્રીડા-લીલા કરે છે. તેમની અભિલાષા પૂરવાને જ આપ ભક્તિ જ્ઞાન વગેરે વિસ્તારે છે. વળી પોતાના સ્વાર્થને સમ્પૂર્ણ કરવા જેમણે આ સર્વ પ્રવૃત્તિ કરી છે કેમ કે શ્રુતિ ઉપદેશે છે કે ''**સ એકાકી ન રમતે દ્વિતીયમૈચ્છત્**'' (પોતે પરમાત્મા એકાકી રમણ-ક્રીડા કરી શક્તા નથી માટે તેમણે અન્યની ઈચ્છા કરી) પ્રભુ પ્રથમ એકાકી આનન્દરૂપ હતા આપ અન્ય વસ્તુથી આનન્દ પ્રાપ્ત કરવાની ઈચ્છા કરવા લાગ્યા એટલે તે પોતાના આનન્દરૂપ સ્વાર્થને પૂર્ણ કરવા સર્વ જગત્ રૂપે બની પોતાના અનેક સ્વરૂપોથી પોતે અનેક રીતે રમણ કરવા લાગ્યા. માટે નિજેચ્છાથી જ આ સર્વ સંસાર ચક્ર તેમ જ્ઞાન, ભક્તિ વગેરેને પ્રવર્તાવનાર-પ્રસાર કરનાર આપ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ છે.

### ગુણાતીતોઽનવદ્યાત્મા સર્ગલીલાપ્રવર્તકઃ |
### સાક્ષાત્સર્વજગત્કર્તા મહદાદિપ્રવર્તકઃ ||૩૨||

## ગુણાતીતઃ ||૧૧૮||

૧. સત્વાદિ ત્રણ ગુણોથી રહિત.

૨. સત્વાદિ ત્રણ ગુણોને દૂર કરવાથી જ જેમની પ્રાપ્તિ થાય છે એવા.

સત્વગુણ, રજોગુણ, અને તમોગુણ, ત્રણે ગુણોથી વ્યતિરિક્ત અર્થાત્ નિર્ગુણ આપ પરમાત્મા છે. એટલે તેમને એ ત્રણે ગુણોના વિકારો લાગુ પડતા નથી. જે ગુણાધીન છે એ પરાધીન ગણાય છે. પ્રભુ ગુણાધીન ન હોવાને લીધે સર્વતન્ત્ર સ્વતન્ત્ર છે. એવા નિર્ગુણ પ્રભુને પ્રાપ્ત કરવાને ભક્તજનોએ પણ સત્વ, રજ, અને

તમના વિકારો દૂર કરવા જોઈએ; જ્યાં સુધી ગુણભાવો દૂર થયા નથી ત્યાં સુધી પ્રભુની પ્રાપ્તિ જ થતી નથી કેમ કે સગુણ અને નિર્ગુણની દિશા જ ભિન્ન છે, પ્રભુનું નિર્ગુણ સ્વરૂપ તો કેવળ આનન્દમય જ, જ્યાં - જ્યાં દષ્ટિ પડે ત્યાં - ત્યાં સર્વ આનન્દને આનન્દ જ, અન્ય કંઈ જ ન મળે. એવા આનન્દમય સ્વરૂપને પ્રાપ્ત કરવાને ગુણ વૃત્તિઓ બાધરૂપ છે. જો પ્રથમ ગુણવૃત્તિઓ દૂર થાય તો જ રસઘન આનન્દઘન ઘનશ્યામ શ્રીકૃષ્ણચન્દ્રના દર્શન થાય.

## અનવદ્યાત્મા ||૧૧૯||

૧. ન જાણી શકાય તેવો જેમનો આત્મા - અવતાર છે,

૨. ભક્તોના આત્મારૂપ, કોઈની પણ નિન્દા નહિ કરનાર ભક્તમાં જેમનું ચિત્ત છે એવા પુરુષોત્તમ.

પ્રભુનું સ્વરૂપ જ એવું છે કે કોઈના પણ જાણવામાં ન આવી શકે. જ્યારે તેમનાં સ્વરૂપને તથા અવતારોને જાણી ન શકાય, તો પછી ગ્રહણ તો શી રીતે જ કરી શકાય, જે આપના કૃપાબલને પ્રાપ્ત કરનાર હોય તે જ કંઈક અંશે આપના અવતારને સ્વરૂપને જાણી શકે છે. તેથી જ ભગવદીયો ભગવાન્‌ની કૃપા મેળવવા પ્રયત્ન કરે છે, તેમનાં ચરણને શરણ જાય છે. જેને ભગવાન્‌નું જ શરણ છે તે જ પ્રભુના સ્વરૂપને સમજી શકે, અન્ય નહિ. કેમ કે તેવા ભક્તોને સર્વત્ર સમભાવ હોય છે, શુદ્ધ અદ્વૈતમય ભગવદ્‌ભાવ હોય છે. એટલે તે કોઈની નિન્દા કે સ્તુતિ કરતા નથી, ભગવાન્ એવા–અન્યની નિન્દા નહિ કરનાર નિજ ભક્તને ઉદ્ધારવા તેમાંને તેમાં જ પોતાનું ચિત્ત પરોવે છે. રાખે છે. એટલે એવા ભક્તોનો ઉદ્ધાર કરવો એ જ નિજ કર્તવ્ય માને છે. જેથી જ એ અનવદ્યાત્મા છે.

## સર્ગલીલાપ્રવર્તકઃ ||૧૨૦||

સર્ગ - સૃષ્ટિ કરવી તે રૂપ લીલાની પ્રવૃત્તિ કરનાર.

પરમાત્માની સર્ગ–વિસર્ગાદિ દશ પ્રકારની લીલાઓ છે એ આપણે પ્રથમ કહી ગયા છીએ; તેમાંની અહિં સર્ગલીલા છે. ૧.પઞ્ચમહાભૂતો (પૃથ્વી, અપ–જળ, તેજ, વાયુ અને આકાશ. ૨.પઞ્ચતન્માત્રાઓ (શબ્દ સ્પર્શ રૂપ રસ ગન્ધ) ૩.એકાદશ ઈન્દ્રિયો ( જીહ્‌વા–જીભ, ઘ્રાણ–નાક, શ્રોત્ર–કાન, અક્ષિ અને ત્વચા એ પાંચ જ્ઞાનેન્દ્રિય; અને મુખ, હાથ, પગ, ગુદ્ અને ગુહ્ય એ પાંચ કર્મેન્દ્રિય, તથા મન એ મળી એકાદશ ઈન્દ્રિયો ) તથા બુદ્ધિ વગેરેની ઉત્પત્તિ કરવી એનું નામ 'સર્ગ' કહેવાય છે. તેવી સર્ગલીલાને પ્રવર્તાવનાર - ચલાવનાર પ્રભુ પોતે છે. આ સ્કન્ધના અ.૫ માં. ''**ભગવાનેક આસેદમ્ અગ્ર...**'' ( સર્વ ભૂતના આત્મારૂપ સમર્થ પરમાત્મા પ્રથમ પોતે એક જ હતા, પરન્તુ નાનારૂપ થવાની પોતાની ઈચ્છાથી જુદે–જુદે રૂપે

આપ આવિર્ભાવ પામ્યા છે ) એમ કહ્યું છે. ''**આત્મા વા ઈદમ્ એકએવ આસીત્**'', ''**એકો અહં બહુસ્યામ્**'' ( પરમાત્મા વિશ્વમાં પ્રથમ એક જ હતા, તેમણે પોતાના આનન્દ માટે હું એક છું તે બહુરૂપે થઉં એમ ઈચ્છા કરી માટે પોતે જ આ સર્વલીલાને પ્રવર્તાવી-ચલાવી રહ્યા છે, એમ સિદ્ધ થાય છે.

## સાક્ષાત્સર્વજગત્કર્તા ।।૧૨૧।।

પોતે જ જગત્‌ને રચનાર.

પોતે એટલે અન્યની અપેક્ષા વગર સ્વરૂપ વડે જ સ્થાવર-જંગમાત્મક સર્વ જગત્‌ને બનાવનાર. યજુર્વેદ શ્રુતિ જણાવે છે કે ''**પુરુષ એવેદં સર્વં યદ્ ભૂતં યચ્ચ ભાવ્યમ્**'' ( આ સર્વ ભૂત ભવિષ્ય અને વર્તમાન જગત્ એ પુરુષ-પરમાત્મા જ છે) વળી શ્રુતિઓમાં ''**સર્વખલ્વિદં બ્રહ્મ**'' ''**નેહ નાનાસ્તિ કિઞ્ચન**'', ''**સવૈ સર્વમ્ ઈદં જગત્**'' (સર્વ બ્રહ્મરૂપ છે એ સિવાય બીજું કાંઈ જ નથી, તે એ જ ભગવાન્ વર્તમાન જગત્રૂપે છે ) '**પાદો અસ્યેહાऽભવત્ પુનઃ**' ( આ જગત્‌માં પરમાત્માનો અંશ જ આવિર્ભાવ રૂપે પ્રગટ થયો છે ) તેમાં ગીતામાં આજ્ઞા કરે છે કે ''**અહં ક્રતુરહં યજ્ઞઃ સ્વધાહમ્ અહમ્ ઔષધમ્**'' હું યજ્ઞ, હું સ્વધા, અને હું ઔષધ છું એમ કહી સમગ્ર જગત્ રૂપે જ હું છું એમ હેતુ જણાવે છે. શ્રીભાગવતમાં પણ ''**જન્માદ્યસ્ય યતો અન્વયાદ્ ઈતરતઃ**'' જેમનાથી આ જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ, લય વગેરે ઉપાદાનકારણ તેમ નિમિત્તકારણથી થાય છે. તે પરમાત્મા ) ઈત્યાદિ વેદ, ગીતા અને શાસ્ત્રથી અન્યની અપેક્ષા વિના જ આપ જગત્‌ને પ્રકટ કરે છે એમ સિદ્ધ થાય છે. કુમ્ભારને ઘટ પ્રકટ કરવામાં માટી, ચક્ર, દણ્ડ વગેરેની જરૂર પડે છે. પરન્તુ પરમાત્માએ જગત્‌ને પ્રકટ કરતાં અન્યની અપેક્ષા કરી નથી પોતે જ પોતાની અલૌકિક શક્તિ વડે જ એટલે માયામાં આરોપ કર્યા વગર કેવળ નિજસ્વરૂપથી જ જગત્ નિર્માણ કર્યું છે. માટે જ એ સાક્ષાત્ જગત્ કર્તા છે.

## મહદાદિપ્રવર્તકઃ ।।૧૨૨।।

મહદાદિને પ્રવતાવનાર

મહત્તત્વ જેમાં મુખ્ય છે એવા અહંકાર પઞ્ચમહાભૂત વગેરે તત્ત્વોને પ્રવર્તાવનાર પોતે પ્રભુ છે. આ સ્કન્ધના પાંચમા અધ્યાયમાં '**તતો અભવદ્ મહત્તત્ત્વમ્**' ( ત્યાર પછી તે પરમાત્માથી મહત્તત્વ પ્રકટ થયું.) એમ દર્શાવ્યું છે એટલે મહતત્ત્વાદિ સર્વ તત્ત્વોને પ્રેરનાર-પ્રવૃત્ત કરનાર પોતે શ્રીકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ જ છે.

**માયાપ્રવર્તકઃ સાક્ષી માયારતિવિવર્ધનઃ ।।**
**આકાશાત્મા ચતુમૂર્તિઃ ચતુર્ધા ભૂતભાવનઃ ।।૩૩।।**

## માયાપ્રવર્તકઃ ||૧૨૩||

માયાને પ્રેરનાર.

સત્ત્વ, રજ અને તમ એ ત્રિગુણાત્મક માયાને પ્રેરનાર આપ પ્રભુ છે. માયાને પ્રેરનાર પોતે છે. એટલે ભગવાન્‌થી તે પૃથક્ નથી પરન્તુ તેમની વિવિધ શક્તિઓમાંની એક માયારૂપ શક્તિ તેને પ્રેરણા કરનાર આપ જ છે. શ્રીકૃષ્ણ ગીતાજીમાં ઉપદેશે છે કે ''**મયા અધ્યક્ષેણ પ્રકૃતિઃ સૂયતે સચરાચરમ્**'' (મારા અધ્યક્ષપણા નીચે પ્રકૃતિ-માયા આ સચરાચર વિશ્વને ઉત્પન્ન કરે છે) એ ઉપરથી માયાનું પ્રેરણ કરનાર આપ ભગવાન જ છે.

## સાક્ષી ||૧૨૪||

પ્રત્યક્ષ જોનાર.

કોઈ પણ વસ્તુના અન્તરાય સિવાય સર્વ સચરાચર વિશ્વને પ્રત્યક્ષ રીતે જોનાર આપ પ્રભુ છે. તેથી જ આ સ્કન્ધના અ.૫ માં કહે છે કે ''**કાલમાયાંશયોગેન ભગવદ્વીક્ષિતં નમઃ**'' (કાલ પરમાત્માની માયાના યોગથી જ ભગવાને (સાક્ષીરૂપે) જોયેલું આકાશ છે) આ ઉપરથી પ્રભુ સર્વવસ્તુને સાક્ષીરૂપે નિરીક્ષણ કરે છે. એમ સિદ્ધ થાય છે.

## માયારતિવિવર્ધન ||૧૨૫||

૧. માયાથી રતિ-પ્રીતિને વિશેષ વધારનાર.
૨. માયા વડે અરતિ-ભગવદાસક્તિના અભાવને વિશેષ વધારનાર.
૩. માયામાં અરતિ-અપ્રીતિને વધારનાર.
૪. માયામાં પ્રીતિને વધારનાર.

પ્રભુ પોતાની માયા વડે જ આ પુત્ર, આ મિત્ર, આ ગૃહ, આ સ્ત્રી વગેરેમાં રતિ, મમતા, મોહ, આસક્તિ ઉત્પન્ન કરે છે. તેથી તે જ મારું સર્વસ્વ છે; એમ પ્રાકૃત મનુષ્યો માની, માયાજાળમાં ફસાઈ જાય છે; આ પ્રમાણે માયાના પાશમાં બંધાયેલા જીવોને ભગવદાસક્તિ તો ક્યાંથી જ થાય? એટલે તેઓ અહંમમત્વથી ભરપૂર આ અસાર સંસારમાં જ આસક્ત રહે છે. અને તેથી જ તેમને ભગવાન્‌ની ભક્તિમાં અભાવને અભાવ જ થયા કરે છે. એમ કરતાં ભગવદિચ્છાથી જ્યારે ભગવાન્‌નો અનુગ્રહ થાય છે ત્યારે તેમને માયામાં અરૂચિ ઉપજે છે, એવી રીતે માયામાં અરૂચિ વધારનાર તેમ તેમાં પ્રીતિ વધારનાર પણ આપ શ્રીકૃષ્ણ છે. આ સ્કન્ધના અ.૫ માં. ''**યત્ સાનુબન્ધે અસતિ દેહગેહે...**'' (માયામાં બન્ધન કરાવે તેવા જૂઠા અહન્તા-મમતાત્મક સંસારમાં દેહમાં અને ગેહમાં (ગૃહમાં) હું અને આ મારું છે એમ દુરાગ્રહ કરનાર પુરુષોને તેમના શરીરમાં રહેલા છો છતાં આપ તેમનાથી ઘણાં જ દૂર છો.

એવા હે ભગવાન્ ! તમારા ચરણકમલ યુગલને અમે સેવન કરીએ છીએ ) એટલે જે માયામાં રચ્યા-પચ્યા હોય છે. તેમનાથી પ્રભુ દૂરને દૂર જ રહે છે. પૂર્વ જન્મના સંસ્કારથી તેમનાં અન્તઃકરણો વિમલ બન્યા નથી તેથી જ માયામાં ને માયામાં જ પ્રભુએ તેમને પ્રેમમય બનાવી દીધા છે.

## આકાશાત્મા ||૧૨૬||

૧. આકાશ જેમનો આત્મા દેહ છે એવા.

૨. આ-ચાર તરફ કાશ તેજ વડે પ્રકાશમાન સ્વરૂપવાળા.

પરમાત્માનો દેહ આકાશમય છે; આકાશ જેમ સર્વ વ્યાપ્ત છતાં નિર્લિપ્ત ( નહિ લેપાય તેવું ) છે, તેમ પ્રભુ સર્વવ્યાપક છતાં નિર્લેપ છે, પ્રભુથી આકાશ ભિન્ન નથી તે જ તેમનો દેહ છે. આપ નિજ તેજ વડે પ્રકાશમાન્ છે. આ સ્કન્ધના અ.૬માં ''**વિરાજમ્ અતપત્ સ્વેન તેજસૈષાં વિવૃત્તયે**'' શ્રીકૃષ્ણ પ્રભુ પોતાના તેજથી વિરાટ્ને (બ્રહ્માણ્ડને) વિશ્વનો વિસ્તાર કરવા સારુ તપાવવા લાગ્યા. અહિં પોતાના પ્રકાશમાન્ તેજથી જ આપે વિરાટ્ને તપાવેલું છે. માટે તેથી જ પ્રકાશમાન્ પ્રભુ. એમ કહ્યા.

## ચતુર્મૂર્તિઃ ||૧૨૭||

૧. વાસુદેવાદિ ચતુર્મૂર્તિ રૂપ. ૨. બ્રાહ્મણાદિ ચાર મૂર્તિ-સ્વરૂપવાળા.

વાસુદેવ(શ્રીકૃષ્ણ) સંકર્ષણ(બલદેવ) પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ એ ચતુર્વ્યૂહાત્મક સ્વરૂપ રૂપ આપ શ્રીપૂર્ણ પુરુષોત્તમ છે. તેમ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શૂદ્ર એ ચારે વર્ણરૂપ સ્વરૂપવાન્ પણ આપ ભગવાન્ છે. યજુ, શ્રુતિ ઉપદેશે છે કે

''**બ્રાહ્મણો અસ્ય મુખમ્ આસીદ્ બાહૂ રાજન્યઃ કૃતઃ,**

**ઊરુ તદસ્ય યદ્ વૈશ્યઃ પદ્ભ્યાં શૂદ્રો અજાયત**''

( એ પરમાત્માનું વદન બ્રાહ્મણ, બાહુઓ, ક્ષત્રિયો, ઉરૂઓ વૈશ્ય અને ચરણો એ શૂદ્ર થયાં. એમાં ભગવાન્નું ચતુર્વર્ણાત્મક સ્વરૂપ સ્પષ્ટ દર્શાવ્યું છે. માટે જ પોતે ચતુર્મૂર્તિ છે એમ સિદ્ધ છે.

## ચતુર્ધા ||૧૨૮||

૧. ચારે વર્ણની ચાર પ્રકારની જુદી-જુદી વૃત્તિઓ તે રૂપ.

૨. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચતુર્વિધ પુરુષાર્થને ધારણ કરનાર.

ચાર પ્રકારની વૃત્તિઓ જેમ કે શમ, દમ, તપ, શૌચાદિ ( પવિત્રતા-શુદ્ધિ ), બ્રાહ્મણની વૃત્તિ, શૌર્ય, તેજ, ધૈર્ય, દક્ષાદિ ક્ષત્રિયોની વૃત્તિ. કૃષિ ( ખેતી ), ગોરક્ષા, વાણિજ્ય ( વ્યાપાર ) વગેરે વૈશ્યવૃત્તિ, અને પરિચર્યા ( સેવા કરવી તે ) ઈત્યાદિક

શુદ્રવૃત્તિ, વગેરે વૃત્તિઓ રૂપ આપ જ છે. ધર્માદિ ચતુર્વિધ પુરુષાર્થ આપનાર પ્રભુ છે, એટલે પુરુષાર્થરૂપ પણ પોતે પુરુષોત્તમ જ છે.

**ભૂતભાવન: ||૧૨૯||**

પૃથ્વી આદિ પાંચભૂતોને ઉત્પન્ન કરનાર ભૂત-જીવોને વધારનાર સર્વ પ્રાણીમાત્રથી ભાવના કરવા યોગ્ય.

સર્વ વિશ્વને ઉત્પન્ન કરનાર પ્રભુ છે એમ આપણે પ્રથમ કહી ગયા છીએ એટલે પૃથ્વી આદિ પાંચ મહાભૂતોને ઉત્પન્ન કરે એ સિદ્ધ જ છે, તેમ સૃષ્ટિની રચના સારું અનેક જીવોને વૃદ્ધિ કરે એ પણ સ્વાભાવિક છે. કેમ કે જીવોની વૃદ્ધિ થયા સિવાય સૃષ્ટિની રચના સમ્પૂર્ણ થઈ શકે નહિ માટે જીવોને વધારનાર આપ છે. આવી રીતે જો પ્રભુ જગન્નિયન્તા છે તો બધા જીવો-પ્રાણીમાત્ર તેમની ભાવના-સેવન કરે એમાં શું નવાઈ? તેથી જ સર્વને ભાવના કરવા યોગ્ય પ્રભુ એમ કહે છે.

**રજઃ પ્રવર્તકો બ્રહ્મા મરીચ્યાદિ પિતામહઃ |**
**વેદકર્તા યજ્ઞકર્તા સર્વકર્તાઽમિતાત્મક ||૩૪||**

**રજ: પ્રવર્તક: ||૧૩૦||**

રજોગુણને પ્રેરનાર.

રઞ્જન કરવા રૂપ જે રજોગુણ તેને પ્રેરનાર પોતે પ્રભુ જ છે. તેમને રજોગુણની પ્રેરણા કરી હોવાથી મનુષ્યો તેમાં રઞ્જન પામી રહ્યા છે. આ સ્કન્ધના અ.૮ માં "**તથાર્થ સૂક્ષ્માભિનિવિષ્ટદષ્ટે...**" (સૂક્ષ્મ કાર્યમાં દષ્ટિને પ્રેરનાર પરમાત્માનો હૃદયગત ભાવ રજોગુણથી વિસ્તારવાન્ બન્યો. અહિં સૂક્ષ્મ કાર્યમાં રજોગુણની જ પ્રેરણા આપે કરી છે, તેથી આપ રજોગુણની પ્રેરણા કરનાર છે. આપ સર્વ વ્યાપક છે, તે સમ્બન્ધમાં પ્રથમ કહી ગયા છીએ.

**બ્રહ્મા ||૧૩૧||**

૧. સર્વ વ્યાપક.

૨. બ્રહ્મદેવ સ્વરૂપ.

૩. બ્રહ્મદેવની ઉત્પત્તિનું સ્થાન નાભિકમળ તે રૂપ.

આપ સર્વ વ્યાપક છે, તે સમ્બન્ધમાં પ્રથમ કહી ગયા છીએ, આપ નારાયણ-વિષ્ણુરૂપ છે, વિષ્ણુના નાભિ કમળમાંથી બ્રહ્મા પ્રકટ થયા. એટલે બ્રહ્મા પણ આપનું જ સ્વરૂપ છે. આ સ્કન્ધના અ.૮ માં કહે છે કે "**તલ્લોકપદ્મં સ ઉ એવ વિષ્ણુઃ?**" (જે ચતુર્દશ લોકમય કમલ તે જ વિષ્ણુ છે.) એટલે તેમાંથી પ્રકટ થએલા બ્રહ્મા પણ પ્રભુનું જ સ્વરૂપ છે અન્ય નહિ.

## મરીચ્યાદી પિતામહઃ ||૧૩૨||

૧. મરીચ્યાદિ ઋષિઓના દાદા.

૨. મરીચ્યાદિને વિશ્વના પિતામહ જેવા કરનાર.

મરીચિ ઋષિ જેમાં મુખ્ય છે એવા અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, ભૃગુ, વસિષ્ઠ, દક્ષ અને નારદઋષિ તે સર્વના પિતા બ્રહ્મા અને તેના પણ પિતા આપ પ્રભુ છે. મરીચ્યાદિ ઋષિઓ વડે સર્વ પ્રજાઓ પ્રગટી છે, માટે તેવી સર્વ પ્રજાઓના પિતામહ મરીચ્યાદિ સર્વ ઋષિઓ છે. તેમના દ્વારા પ્રજાની વૃદ્ધિ કરનાર પ્રભુ છે. એટલે જ મરીચ્યાદિકોને પિતામહ બનાવનાર આપ ભગવાન્ છે.

## વેદકર્તા ||૧૩૩||

વેદોના રચનાર.

ભગવાને યજ્ઞ સારું સર્વ વેદો – ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ વગેરેને પ્રકટ કર્યા છે. યજુર્વેદ શ્રુતિ ઉપદેશે છે કે ''**તસ્માદ્ યજ્ઞાત્ સર્વ હુત ઋચઃ સામાનિ જજ્ઞિરે છન્દાસિ જજ્ઞિરે તસ્માદ્ યજુસ્તસ્માદ્ અજાયત**'' (જેમાં સર્વ હોમવામાં આવે છે એવા યજ્ઞ પુરુષ પરમાત્માથી ઋક્, સામવેદો ઉત્પન્ન થયા છે, તેમ તે યજ્ઞપુરુષથી છન્દો અને યજુર્વેદ પણ પ્રકટ થયા છે) પ્રભુ પોતે જ યજ્ઞપુરુષ છે. તેમાંથી જ સર્વ વેદો છન્દો પ્રકટ થયા છે; એમ સ્પષ્ટ છે, માટે જ યજ્ઞાદિક્રિયાઓ સારું વેદોને નિર્માણ કરનાર આપ શ્રીકૃષ્ણ છે. આ સ્કન્ધના અ. ૯માં પણ ''**ભુયસ્ત્વં તપ આતિષ્ઠ વિદ્યાં ચૈવમદાશ્રયામ્**'' (ફરીથી તમો તપ કરો અને મારા આશ્રયવાળી વેદ વિદ્યાને ધારણ કરો.) આ વચન પણ વેદ કર્તૃત્વ પ્રભુનું જ છે એમ જણાવે છે.

## યજ્ઞકર્તા ||૧૩૪||

૧. યજ્ઞોના બનાવનાર.

૨. યજ્ઞો સારું પ્રાણીઓને પ્રકટ કરનાર.

અગ્નિહોત્ર, અગ્નિષ્ટોમ, વાજપેય, સોમ વગેરે યજ્ઞોને રચનાર પ્રભુ છે, અને તેને સારું જ સર્વ પ્રાણીઓને પ્રકટ કરનાર પોતે છે. ભગવતીશ્રુતિ ઉપદેશે છે કે ''**પ્રજાપતિઃ યજ્ઞાન્ અસૃજત અગ્નિહોત્રં ચ અગ્નિષ્ટોમ ચ પૌર્ણમાસી ચ ઉક્થ્યામાવાસ્યાં ચ અતિરાત્રં ચેતિ**'' (પ્રજાપતિ–પરમાત્માએ યજ્ઞોને અગ્નિહોત્ર, અગ્નિષ્ટોમ, પૌર્ણમાસી, વગેરેને સર્જ્યા.) આથી યજ્ઞનિર્માતા પ્રભુ જ છે, એમ નિશ્ચય થાય છે. વળી ''**યજ્ઞેન વૈ પ્રજાપતિઃ પ્રજા અસૃજત**'' (યજ્ઞ વડે જ પરમાત્માએ પ્રજાઓ સર્જેલી છે.) એ શ્રુતિ વચનથી યજ્ઞો સારું સર્વ પ્રજાને પ્રકટ કરનાર પ્રભુ છે એ સિદ્ધ જ છે.

## સર્વકર્તા ॥૧૩૫॥

સર્વ વેદમય એવા કર્તા.

સર્વ વેદોમાં જે સારી રીતે પ્રતિપાદન કરવામાં આવ્યા હોવાથી, તેમ વેદકર્તા પણ પોતે જ હોવાથી, તે સર્વ વેદમય છે. અને એવા સર્વ વેદમય પરમાત્મા જ આ સર્વ વિશ્વના કર્તા છે, આ સ્કન્ધના અ.૯માં કહ્યું છે કે ''**સર્વવેદમયેનેદમ્ આત્મનમ્**'' (પોતાની મેળે પ્રકટ થઈ જે વેદમય પરમાત્માએ જેવી પહેલાં પ્રજાઓ ઉત્પન્ન કરી હતી અને જે મારામાં લય પામી છે તે પ્રજાઓને ઉત્પન્ન કરો.) ત્યાં આગળ સર્વ વેદમય પરમાત્મા છે, એમ જણાવવામાં આવ્યું છે. તેથી જ સર્વ વેદમય પરમાત્મા કર્તા છે. એમ કહ્યું.

## અમિતાત્મકઃ ॥૧૩૬॥

૧. જેમના અસંખ્ય અવતાર-ભેદો છે એવા.

૨. અપરિછિન્ન સ્વરૂપવાન્ એવા ભગવાન્.

'અમતિ' એટલે અસંખ્ય, જેમના અવતારો અસંખ્ય-ન સંખ્યા થઈ શકે તેવા અનન્ત છે. ગીતામાં ભગવાન્ શ્રીમુખે આજ્ઞા કરે છે કે ''**ન અન્તો અસ્તિ મમ દિવ્યાનાં વિભૂતીનાં પરન્તપ**'' (હે પરન્તપ અર્જુન! મારી દિવ્ય વિભૂતિઓનો- અવતારોનો અન્ત નથી) કઈ વસ્તુમાં પરમાત્મા નથી? પ્રભુ સર્વ વ્યાપક છે. જ્યાં કંઈ નવીન ચમત્કાર જોવામાં આવે ત્યાં તો વિશેષ કરીને આપનું જ સ્વરૂપ વિરાજે છે. એટલે તેમનાં સ્વરૂપોનો તેમ અવતારોનો શી રીતે અન્ત-અવધિ આવી શકે; માટે પ્રભુને અનન્ત ઈત્યાદિ વિશેષણોથી વર્ણવે છે. વળી આપનું સ્વરૂપ અપરિછિન્ન છે, એટલે જેમાં બાલ્ય, યૌવન, વાર્દ્ધિક્યાદિ અવસ્થાના પરિણામો જોવામાં નથી આવતાં. કેવળ અવ્યય રૂપ મૂળ સ્થિતિમાં જ કાયમ રહેનારું નહિ ભેદ પામનારું સ્વરૂપ છે. તેથી જ પરમાત્મા પોતે અમિતાત્મા છે.

**અનેકસૃષ્ટિકર્તા ચ દશધાસૃષ્ટિકારકઃ ॥**
**યજ્ઞાનો યજ્ઞવારાહો ભૂધરો ભૂમિપાલકઃ ॥૩૫॥**

## અનેકસૃષ્ટિકર્તા ॥૧૩૭॥

અનેક સૃષ્ટિને પ્રકટ કરનાર.

સત્વગુણ, રજોગુણ, અને તમોગુણ એ ત્રણે ગુણોનું મિશ્રણ કરી ભિન્ન-ભિન્ન પ્રકારની સૃષ્ટિને પ્રકટ કરનાર આપ શ્રીકૃષ્ણ છે. આવું અસાધારણ ચાતુર્ય પ્રભુ સિવાય બીજે ક્યાં સમ્ભવે ! માટે જ વિવિધ પ્રકારની સૃષ્ટિ કરવાનું પાણ્ડિત્ય પ્રભુમાં છે. અન્યમાં નહિ.

## દશધાસૃષ્ટિકારક ||૧૩૮||

દશ પ્રકારની સૃષ્ટિને પ્રકટ કરનાર.

પ્રભુએ મુખ્ય દશ પ્રકારની સૃષ્ટિ પ્રકટ કરેલી છે. તે મહત્તત્વ, અહંકાર, પઞ્ચમહાભૂત, એકાદશ ઈન્દ્રિયો, અધિદૈવત, તમઃસર્ગ, મુખ્ય સર્ગ. પશુપક્ષીનો સર્ગ, મનુષ્ય અને દેવ એવી સંજ્ઞાથી દશે પ્રકાર પ્રસિદ્ધ છે. શ્રીભાગવતમાં એ દશે પ્રકારની સૃષ્ટિને સ્પષ્ટ વર્ણન આપેલું છે. એ દશે પ્રકારની સૃષ્ટિને સર્જનાર આપ પ્રભુ જ છે.

## યજ્ઞાંગઃ ||૧૩૯||

યજ્ઞ જેમના અંગો છે એવા.

પ્રભુ પૃથ્વીનો ઉદ્ધાર કરવા, હિરણ્યાક્ષનો વધ કરવા, યજ્ઞ વારાહ રૂપે થયેલા છે, તે યજ્ઞ વારાહ પ્રભુના અંગે અંગમાં અનેક યજ્ઞો વિરાજે છે. હરિવંશમાં યજ્ઞાંગવારાહ પરમાત્માનું નીચે પ્રમાણે વર્ણન છે કે : જેમને વેદમય ચરણ, યજ્ઞ પાત્ર રૂપ દાઢ, યજ્ઞો રૂપ દાંત, ચિતિરૂપી ( 'ચિતિ' એટલે સુચિ તે નામનું મુખ્ય પાત્ર છે. ) મુખ, અગ્નિરૂપ જીભ, દર્ભમય રૂવાંટાં, અને ઓંકારરૂપ મસ્તક છે, જે મહાતપસ્વી. દિવસ અને રાત્રિરૂપ નિમિષને ધારણ કરનાર, છ અંગરૂપ ( ન્યાય, યોગ, સાઙ્ખ્ય, વૈશેષિક, પૂર્વમીમાંસા, ઉત્તરમીમાંસા એ છ શાસ્ત્રરૂપ વેદના છ અંગ છે. ), કુણ્ડળને પહેરનાર; ઘીરૂપ નાકવાળા, શરવારૂપ મુખાગ્રવાળા, અને સામગાન રૂપ સ્વર કરનાર મહાન્ છે. જે સત્ય ધર્મને ધારનાર, શોભા-સૌન્દર્ય સમ્પન્ન, કર્મરૂપ પરાક્રમથી સત્કાર પામેલા ગવામયન આદિ યજ્ઞની મુખ્ય ક્રિયારૂપ લમ્બ નાસિકાગ્રવાળા, સામગાન કરનાર ઉદ્ગાતારૂપ, આંતરડાંવાળા, મહાન્ ચિહ્નવાન્, બીજ અને ઔષધિરૂપ મહા ફળવાળા છે. જે વાયુરૂપ મનવાળા, મન્ત્રોને સ્પર્શ કરનાર, પરાક્રમી, સોમરસરૂપ રૂધિરધારી, વેદીરૂપ ખાંધધારી, હુતદ્રવ્યરૂપ ગન્ધવાન્ હવ્ય-કવ્યરૂપ અત્યન્ત વેગવાન્, સભાસદોના સ્થાનરૂપ, કાયાવાળા, કાન્તિમાન્ , જુદી-જુદી દીક્ષાઓ વડે પૂજાએલા, દક્ષિણારૂપ હૃદય ધારી, મહા યજ્ઞસ્વરૂપ, યોગી, ઉપાકર્મરૂપ ઓઠના અલંકારવાળા, પ્રવર્ગ્યરૂપ ઊંડી નાભિવાળા, જુદા-જુદા છન્દોરૂપ જવાના માર્ગવાળા ગુપ્ત ઉપનિષદ્ રૂપી આસનવાળા, છાયારૂપ પત્નીથી સહાયવાન્ અને મેરૂના શિખર જેવા ઉંચા એવા યજ્ઞવરાહરૂપે થઈને ભગવાને એકદમ રસાતલમાં પ્રવેશ કર્યો. આ પ્રમાણ યજ્ઞાંગ વરાહજીનું સ્વરૂપ છે. ભાગવતમાં પણ તેમનું યજ્ઞસ્વરૂપ વરાહ ભગવાન્ વર્ણવ્યા છે. એમ યજ્ઞરૂપ વરાહવતાર ધારનાર આપ પ્રભુ છે. માટે જ તે યજ્ઞોરૂપ અંગવાન્ છે.

## યજ્ઞવારાહઃ ||૧૪૦||

યજ્ઞરૂપ વરાહ અવતારને ધારણ કરનાર.

પ્રથમ જે યજ્ઞાંગસ્વરૂપ કહ્યું, તેને આ નામથી સ્ફુટ કરે છે. હિરણ્યાક્ષ દૈત્યને વિદારણ કરવા અને રસાતલમાં ડૂબી ગયેલી પૃથ્વીને સ્થિર કરવા ભગવાન જ પોતે વરાહરૂપે થયેલા છે. એમ સર્વત્ર પ્રસિદ્ધ છે.

## ભૂધરઃ ||૧૪૧||

ભૂમિને ધારણ કરનાર.

ભૂમિનો ઉદ્ધાર કરતી વખતે વરાહ ભગવાને તેને પોતાની દાઢની અણી ઉપર ધારી હતી. માટે તે ભૂમિને ધારનાર છે. આ સ્કન્ધના અ.૧૩માં દેવો સ્તવે છે કે : ''**દંષ્ટ્રાગ્રકોટ્યા ભગવંસ્ત્વયા ધૃત વિરાજતે ભૂધરઃ ભૂઃ સભૂધરા**'' (હે ભૂમિને ધારનાર ભગવાન્ તમોએ ધારણ કરેલી આ ભૂમિ ભૂધર સહિત વિષ્ણુરૂપ આપથી યુક્ત બની બહુ જ શોભે છે.) અહિં ભગવાન્‌ની સ્તુતિ કરતા તેમને ભૂધર એમ સમ્બોધન કરે છે. એટલે જ ભૂમિને ધારણ કરનાર ભૂધર તે આપ પ્રભુ જ છે.

## ભૂમિપાલકઃ ||૧૪૨||

ભૂમિનું પાલન કરનાર.

પૃથ્વી રસાતલમાં લઈ જનાર હિરણ્યાક્ષ નામના મહા દૈત્યનો નાશ કરી ભૂમિનો ઉદ્ધાર કર્યો. જેથી દૈત્યથી ભૂમિનું રક્ષણ કરનાર આપ જ છે. એવી રીતે તેનું રક્ષણ કરી પ્રથમની પેઠે પોતાની યોગ શક્તિથી જળ ઉપર તેને સ્થીર થાય તેમ સ્થાપી તે ભૂમિનું આપે પાલન કર્યું છે. માટે જ ભૂમિને પાલન કરનાર આપ શ્રીકૃષ્ણ છે.

**સેતુ ર્વિધરણો જૈત્રો હિરણ્યાક્ષાન્તકઃ સુરઃ ||**
**દિતિકશ્યપકામૈકહેતુ સૃષ્ટિપ્રવર્તકઃ ||૩૬||**

## સેતુઃ ||૧૪૩||

૧. મર્યાદા બાંધનાર.
૨. સેતુરૂપ.

ભગવાન્ સર્વ વર્ણાશ્રમના ધર્મોની મર્યાદાને બાંધનાર છે. ભગવતી શ્રુતિ ઉપદેશે છે કે ''**સેતુર્વિધરણ એષાં લોકાનામ્ અસમ્ભેદાયેતિ**'' (આ સર્વ લોકોની ધર્મમર્યાદાનો ભંગ ન થાય તેથી પ્રભુ તેને ધારણ કરનાર છે અર્થાત્ સેતુરૂપ બને છે એ વચનથી જ ભગવાન જ ધર્મમર્યાદા સાચવવા સેતુરૂપ છે એમ સિદ્ધ થાય છે.) સેતુથી સમુદ્ર ઓળંગી જવાય છે. તેમ આ સંસારરૂપ મહાસમુદ્રને ઉલ્લંઘન કરવા સેતુરૂપ-આપ પ્રભુ છે. જ્યારે પ્રભુનું સેવન કરવામાં આવે છે, જ્યારે તેમનામાં આસક્તિ તન્મયતા થાય છે, ત્યારે સાગરને તરી શકાય છે. જન્મમરણથી રહિત થવાય છે. એવા માટે સંસાર સમુદ્રને ઓળંગવાના સેતુરૂપ આપ ભગવાન્ શ્રીકૃષ્ણ જ છે.

## વિધરણઃ ||૧૪૪||

૧. વિશેષે કરી ધારણ કરનાર. ૨. વિ=કાલને ધારણ કરનાર.
૩. વિ=ગરૂડને ધારણ કરવાનું સામર્થ્ય છે જેમનાથી એવા વિષ્ણુ.

દાઢની અણી પર વિશેષ કરી ભૂમિને ધારણ કરનાર એવા વરાહરૂપ ભગવાન્ એ જ કાલને ધારણ કરનાર, કેમ કે પોતે જ કાલાત્મા છે એમ આપણે પ્રથમ કહી ગયા છીએ. વળી ગરૂડમાં મહાવેગપૂર્વક ધારણ કરવાની અજબ શક્તિ છે, તે આપને લીધે જ, પ્રભુએ પોતાનું વાહન કરી તેનામાં તેવી ધારણ કરવાની અદ્ભુત શક્તિ સમર્પેલી છે એ પ્રભુકૃપાનું પરિણામ છે.

## જૈત્રઃ ||૧૪૫||

જય મેળવવાનો જેમનો સ્વભાવ છે એવા.

પ્રભુ સર્વ સમર્થ છે, એટલે સર્વત્ર એમને જય છે. જગન્નિયતા આ સર્વ વિશ્વનાટકના સૂત્રધાર, પરમાત્મા વિજયશીલ હોય એમાં શું આશ્ચર્ય? જેમ લાકડાનાં પૂતળાંઓને ચલાવનાર જેવી રીતે પૂતળાંઓને નચાવે છે તેવી રીતે તે નાચે છે, તેમ સર્વ જગત્ના સૂત્રને ધારણ કરનાર ભગવાન્ જેમ ધારે છે તેમ જ સર્વ પ્રાણી માત્રનું પરિવર્તન થાય છે. આ પ્રકારનાં અદ્ભુત અલૌકિક પ્રભાવવાન્ ભગવાન્ સર્વત્ર વિજયવાન્ હોય એ સ્વાભાવિક છે.

## હિરણ્યાક્ષાન્તકઃ ||૧૪૬||

હિરણ્યાક્ષ નામના દૈત્યનો અન્ત કરનાર.

મહાપરાક્રમી વિજયમાં મદોન્મત્ત બનેલા હિરણ્યાક્ષના અન્તકકાલ આપ પ્રભુ છે, ઉપર કહ્યા પ્રમાણે પ્રભુ જૈત્ર-વિજયશીલ હોવાથી જ હિરણ્યાક્ષ જેવા મહાબલવાન્ દૈત્યનો નાશ કર્યો એ સિદ્ધ છે.

## સુરઃ ||૧૪૭||

સુન્દર શોભા આપનાર.

દૈત્યનો નાશ કરી બધાનું કલ્યાણ કરવા રૂપ શોભા-સૌભાગ્ય આપનાર એવા પુરુષોત્તમ એ રીતે જો દુષ્ટોનો નાશ ન કરતા હોય તો સર્વનું કલ્યાણ શી રીતે થાય? સર્વને સૌભાગ્ય શી રીતે મળે? એમ સર્વ જન ઉપર દયા લાવી તેમનાં દુઃખો દૂર કરી, સુન્દર સૌભાગ્યનું દાન કરનાર પ્રભુ જ છે.

## દિતિકશ્યપકામૈકહેતુસૃષ્ટિપ્રવર્તક ||૧૪૮||

દિતિ અને કશ્યપની કામ હેતુવાળી સૃષ્ટિને પ્રવર્ત પ્રકટ કરનાર.

દૈત્યોની માતા અને કશ્યપ મુનિ, તે બન્નેની કામકેલિનાજ હેતુવાળી આ

દૈત્યમયી ( કામમયી ) સૃષ્ટિ સર્જનહાર પોતે ભગવાન જ છે. આ સ્કન્ધના અ. ૧૪ ના ''**દિતિર્દાક્ષાયણી ક્ષત્ત...**'' એ શ્લોકમાં ( કામથી પીડાયેલી પુત્રની ઈચ્છાવાળી દક્ષની પુત્રી દિતિ પોતાના પતિ મરિચિ મુનિના પુત્ર કશ્યપ ઋષિની ઈચ્છા કરવા લાગી. એમ છે ) એ પ્રમાણેના વચનથી દૈત્યની સૃષ્ટિ પ્રકટ થવાનું મૂળ બીજ જણાવે છે એ ઉત્પન્ન થયેલું કારણ ભગવાન્‌ની ઈચ્છાથી જ છે, માટે તે સૃષ્ટિને પ્રકટ કરનાર આપ પ્રભુ છે.

**દેવાભયપ્રદાતા ચ વૈકુણ્ઠાધિપતિર્મહાન્ ।**
**સર્વગર્વપ્રહારી ચ સનકાદ્યખિલાર્થદઃ ॥૩૭॥**

## દેવાભયપ્રદાતા ॥૧૪૯॥

૧. દેવોને અભય આપનાર. ૨. ઈન્દ્રથી દિતિના ગર્ભને અભય આપનાર.

ઈન્દ્રાદિક સર્વ દેવોને દિતિના ગર્ભધારણથી ઉત્પન્ન થયેલા ભયને દૂર કરનાર આપ પ્રભુ છે. દિતિના ગર્ભના ઘોર અન્ધકારથી ઉપજેલા ભયને લીધે દેવો એકત્ર થઈ પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. તેમના સ્તોત્રને સાંભળી ભગવાને વરાહ સ્વરૂપથી હિરણ્યાક્ષને મારી સર્વ દેવોને અભય આપ્યું છે. એમ અ.૧૫ માં સ્પષ્ટ જણાવેલું છે. તેમ દિતિએ સાયંકાળ સમયે ગર્ભ ધારણ કર્યો માટે રૂદ્રથી તેને ભય ઉત્પન્ન થાય, પરન્તુ ભગવાને તેના ગર્ભનું રક્ષણ કરી અભય આપેલું છે. એ રીતે દેવોને અભય આપનાર તેમ દેવશંકરથી દિતિને અભય આપનાર આપ શ્રીકૃષ્ણ જ છે.

## વૈકુણ્ઠાધિપતિઃ ॥૧૫૦॥

વૈકુણ્ઠલોકના સ્વામી.

એક દિવસ સનકાદિક ઋષિઓ શુદ્ધ સ્વરૂપધારી વૈકુણ્ઠ – વિષ્ણુ પરમાત્માના સર્વ લોક વડે વન્દન કરાતા વૈકુણ્ઠ લોક પ્રત્યે ગયા. ત્યાં તેઓ વૈકુણ્ઠનો વૈભવ ભાળી ઘણા જ આશ્ચર્ય પામી ગયા હતા. તેમાં પરમાત્માનું આધિપત્ય સનકાદિઓએ પ્રત્યક્ષ અનુભવ્યું છે. એ વૈકુણ્ઠના સ્વામી પોતે વિષ્ણુ છે. સત્વ ગુણાધિષ્ઠાતા વિષ્ણુ એ પૂર્ણપુરુષોત્તમનું પાલિની શક્તિરૂપ સ્વરૂપ છે. માટે અભિન્નપણાથી શુદ્ધ અદ્વૈત ભાવથી વૈકુણ્ઠાધિપતિ પણ આપ પૂર્ણ પુરુષોત્તમ જ છે.

## મહાન્ ॥૧૫૧॥

૧. પૂજ્ય મહિમાવાળા. ૨. સર્વથી મહાન્.

ભગવાન્ સર્વથી મહાન્‌માં મહાન્–મોટા છે. જેમના મહિમાને કોઈ પણ જાણી શક્યું નથી માટે તે મહાન્ છે. શ્રુતિ ઉપદેશે છે કે ''મહતો મહીયાન્'' મહાન્‌થી પણ પ્રભુ મહાન્ છે, પ્રભુ અત્યન્ત સૂક્ષ્મરૂપે હોવાથી તથા શુદ્ધ બુદ્ધ અને સર્વ

વ્યાપક હોવાથી તેમ તર્કથી પણ ન જાણી શકાય તેવા હોવાથી તેમને મહાન્માં પણ મહાન્ કહેવામાં આવે છે.

## સર્વ ગર્વ પ્રહારી ||૧૫૨||

સર્વના ગર્વને દૂર કરનાર.

સર્વ ભક્તોના ગર્વને હરણ કરનાર શ્રીહરિ છે. જય-વિજય નામના પોતાના ભક્તો, નિત્ય મુક્ત થવાના અભિમાનમાં ગર્વયુક્ત બનેલા હોવાથી પ્રભુએ જ્યારે સનકાદિક મુનિઓ પોતાના ધામમાં પધાર્યા ત્યારે તેમને અટકાવરાવી નિજભક્તોના ગર્વને હરણ કર્યો માટે તે ભક્તજનના ગર્વને હરણ કરનાર આપ શ્રીહરિ પુરુષોત્તમ છે.

## સનકાદ્યખિલાર્થદઃ ||૧૫૩||

સનકાદિ મુનિઓને સમ્પૂર્ણ અર્થ આપનાર.

સનક, સનન્દન, સનાતન, સનત્કુમાર એ ચાર સનકાદિક કુમારો મુનીશ્વરો છે. તેઓ વૈકુણ્ઠલોકમાં ગયા ત્યારે ભગવાને તેમનું પોતાનું તેજોમય દિવ્ય સ્વરૂપ દર્શાવ્યું હતું. આ પ્રમાણે તેમને સુન્દર દર્શન આપી તેમના મનોરથો સમ્પૂર્ણ રીતે ફલીભુત કર્યો એમ આ સ્કન્ધના અ.૧૫માં સ્પષ્ટ છે. તેથી જ સનકાદિને સમ્પૂર્ણ અર્થો આપનાર પ્રભુ છે એમ કહ્યું.

**સર્વાશ્વાસન કર્તા ચ ભક્તતુલ્યાહવપ્રદઃ ||**
**કાલલક્ષણહેતુશ્ચ સર્વાર્થજ્ઞાપકઃ પરઃ ||૩૮||**

## સર્વાશ્વાસન કર્તા ||૧૫૪||

સર્વને આશ્વાસન આપનાર.

સર્વને એટલે તમો બ્રાહ્મણથી શાપિત બન્યા. માટે ત્રણે જન્મે પાછા મારા પાર્ષદો બનશો. એમ કહી જય-વિજયને તેમ ભક્તોને શાપ ન આપવો જોઈએ છતાં સનકાદિકોએ શાપ આપ્યો તથા પોતાનું પાર્ષદોએ અપમાન કર્યું, તેથી મુનિઓના મનમાં ઘણો જ ખેદ લાગ્યો માટે એ મારા પાર્ષદો છે. તમારો તેમણે અપરાધ કર્યો છે એમ કહી તે મુનિઓને, અને એ રીતે સર્વને મધુર વચનોથી શાન્ત કરી આશ્વાસન આપનાર આપ શ્રીકૃષ્ણ જ છે.

## ભક્તતુલ્યાહવપ્રદઃ ||૧૫૫||

ભક્તને યોગ્ય યુદ્ધ આપનાર.

પોતાનો પાર્ષદ ભક્ત વિજય એ જ હિરણ્યાક્ષ દૈત્યરૂપે થયેલો છે. માટે પોતાના ભક્તને યોગ્ય યુદ્ધ આપનાર પ્રભુ છે. પોતે તેમને યુદ્ધ આપવા માટે જ

વરાહઅવતાર ગ્રહણ કર્યો છે. કેમ કે રામાદિ અવતારો થવામાં અનેક કારણો સમાયેલાં છે. પરન્તુ વરાહઅવતાર ગ્રહણ કરવામાં તો કેવળ પોતાના ભક્તને યુદ્ધ આપવું એ જ છે.

## કાલલક્ષણહેતુઃ ॥૧૫૬॥

કાલના લક્ષણોના કારણરૂપ.

દૈત્યની ઉત્પત્તિ વખતે કાલ લક્ષણોને પ્રવર્તાવનાર પ્રભુ છે. ૧૭ અધ્યાયમાં જણાવે છે કેઃ તે બન્ને દૈત્યોની ઉત્પત્તિ થતામાં અનેક ઉત્પાતો થવા લાગ્યા, પાષાણો વગેરે નીચે પડવા લાગ્યા. એ ઉત્પાત રૂપ કાલના લક્ષણોને આપ પ્રભુએ જ પ્રવર્તાવ્યા છે. ગીતામાં શ્રીમુખે આજ્ઞા કરે છે કે ''હું સર્વનું ઉત્પત્તિ સ્થાન છું, મારાથી જ સર્વ ચાલી રહ્યું છે''. એટલે સર્વ વસ્તુની પ્રવૃત્તિ કરનાર પોતે પ્રભુ જ છે.

## સર્વાર્થજ્ઞાપકઃ ॥૧૫૭॥

૧. સર્વ અર્થોનું જ્ઞાન કરાવનાર.

૨. સર્વાર્થમય વરાહસ્વરૂપ હિરણ્યાક્ષ દૈત્યને જણાવનાર.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ સર્વ અર્થો જેમાં છે એવા વરાહ અવતારનું જ્ઞાન કરાવનાર પોતે ભગવાન જ છે. પોતાનું સર્વ અર્થમય એવું વરાહસ્વરૂપ હિરણ્યાક્ષ દૈત્યને દેખાડનાર પણ પોતે જ છે. આ સ્કન્ધના ૧૮ અધ્યાયમાં કહ્યું છે કે ''**દદર્શ તત્રાભિજિતં ધરાધરમ્**'' ત્યાં ધરણી ધારનાર વિજયી વરાહ પરમાત્માને હિરણ્યાક્ષે જોયા. ત્યાં પોતે વરાહ ભગવાને પોતાનું સ્વરૂપ તેને દર્શાવ્યું છે. એમ સ્પષ્ટ જણાવેલું છે. તેથી જ તેમને સર્વ અર્થનું જ્ઞાન કરાવનાર એવા ભગવાન્ કહ્યા.

## પરઃ ॥૧૫૮॥

ભક્ત હિરણ્યાક્ષ દૈત્યની યુદ્ધાભિલાષાને પૂર્ણ કરનાર વરાહરૂપ શ્રીપુરુષોત્તમ.

**ભક્તોન્નતિકરઃ સર્વપ્રકારસુખદાયકઃ ।**
**નાનાયુદ્ધપ્રહરણો બ્રહ્મશાપવિમોચકઃ ॥૩૯॥**

## ભક્તોન્નતિકરઃ ॥૧૫૯॥

ભક્તની ઉન્નતિ કરનાર.

ભક્તદૈત્ય હિરણ્યાક્ષ મારાથી બલમાં અધિક છે એમ અન્ય જનોને દર્શાવી પોતાનાથી પણ તેની પરાક્રમમાં ઉન્નતિ કરનાર આપ ભગવાન્ છે. ૧૮ અધ્યાયમાં સ્પષ્ટ છે કે મહાપરાક્રમી અને પ્રભુથી પણ ઉન્નત બનેલા દૈત્યને જોઈ બ્રહ્માએ ભગવાન્‌ની સ્તુતિ કરી તે દૈત્યનો સત્વર નાશ થાય તેમ ઉશ્કેર્યા છે. એ પ્રમાણે સર્પને પોતાનાથી પણ બલવાન્ ભક્ત છે. એમ જણાવનાર પ્રભુ જ છે બાકી આખા

જગત્‌નો પ્રલય કરનાર પ્રભુને એક દૈત્યનો નાશ કરવામાં શું પ્રયાસ કરવાનો છે?

## સર્વપ્રકાર સુખદાયકઃ ||૧૬૦||

સર્વ પ્રકારનું સુખ આપનાર.

ભક્ત હિરણ્યાક્ષ, દૈત્ય સ્વરૂપમાં હતો છતાં પણ સર્વ લોકપાલોનો વિજય પ્રાપ્ત કરાવી ઈન્દ્રથી પણ અધિક સુખ પ્રભુએ તેને આપેલું છે. માટે લૌકિક અલૌકિક વિગેરે સર્વ પ્રકારનું સુખ આપનાર કેવળ પ્રભુ શ્રીકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ જ છે.

## નાનાયુદ્ધપ્રહરણઃ ||૧૬૧||

૧. જુદા-જુદા પ્રકારનાં જેમને યુદ્ધનાં શસ્ત્રો છે એવા.

૨. વિવિધ પ્રકારે યુદ્ધમાં આયુધોથી પ્રહાર કરવાનું જ્ઞાન ધરાવનાર.

૩. ભિન્ન-ભિન્ન રીતે શુદ્ધ કરી દુષ્ટોને તાડન કરનાર-શિક્ષા કરનાર.

ચક્ર, ગદા, શાર્ઙ્ગ ધનુષ વગેરે અનેક પ્રકારના શસ્ત્રો પ્રભુને છે. તે શસ્ત્રો વડે જુદી-જુદી યુદ્ધ કરવાની કલાઓનું જ્ઞાન પ્રભુ ધરાવે છે. અને તેવા જ પ્રકારની પોતાની યુદ્ધ કુશલતાથી દુષ્ટોનો નાશ કરી સર્વ જગત્ માત્રનું હિત કરે છે. અનેક વિદ્યાઓને પ્રકટ કરનાર પ્રભુ છે તો શસ્ત્ર વિદ્યામાં આવી અલૌકિક કુશલતા ધરાવે એમાં આશ્ચર્ય જેવું કાંઈ નથી; કેમકે પ્રભુ પોતે જ શસ્ત્ર વિદ્યા પ્રકટ કરનાર છે.

## બ્રહ્મશાપવિમોચકઃ ||૧૮૨||

બ્રહ્મજ્ઞાન શાપથી મુક્ત કરનાર.

બ્રહ્મજ્ઞ-બ્રાહ્મણ સનકાદિક મુનિઓના શાપથી પોતાના પાર્ષદોને મુક્ત કરનાર પરમાત્મા છે જ્યારે એમને શાપ થયો ત્યારે તમો ત્રણે જન્મે મુક્ત થઈ પાર્ષદો બનશો એમ જણાવી તેમાંના એક હિરણ્યાક્ષરૂપ ધારીને વરાહ રૂપથી મારી શાપમાં ન્યૂનતા પ્રભુએ કરી છે. તેથી જ પોતે પ્રભુ બ્રહ્મશાપથી મુક્ત કરનાર છે.

**પુષ્ટિસર્ગપ્રણેતા ચ ગુણસૃષ્ટિપ્રવર્તકઃ |**
**કર્દમેષ્ટપ્રદાતા ચ દેવહૂત્યખિલાર્થદઃ ||૪૦||**

## પુષ્ટિસર્ગ પ્રણેતા ||૧૬૩||

૧. પુષ્ટિસાર સૃષ્ટિને રચનાર. ૨. પુષ્ટિ વડે સૃષ્ટિ સર્જનાર.

૩. પુષ્ટિરૂપ સૃષ્ટિ કરનાર.

'પુષ્ટિ' એટલે પોષણ-ભગવાન્‌નો અનુગ્રહ, શ્રીકૃષ્ણની દશ પ્રકારની સર્ગ-વિસર્ગાદિ લીલાઓનો અર્થ કરતી વખતે પોષણ લીલાનો અર્થ કરતાં સ્કન્ધ ૨, અ.૧, શ્લો.૩ માં ભગવાન્ શુકદેવજી ઉપદેશે છે કે **''પોષણં તદનુગ્રહઃ''** તે ભગવાન્‌ના અનુગ્રહ-એનું નામ જ પોષણ કહેવાય છે. અને તે જ પુષ્ટિ છે.

પોતાનો અનુગ્રહ સર્વ ભક્તજનો મેળવે તે માટે જ સૃષ્ટિને પ્રકટ કરનાર આપ પ્રભુ છે. આપે પોતાના અનુગ્રહ વડે એટલે કશ્યપ, મનુ, વગેરેની સૃષ્ટિમાં મારા ઘણા ભક્તો થશે, એમ કૃપાપૂર્વક સૃષ્ટિ પ્રકટ કરી છે. જ્યારે સૃષ્ટિનો આરમ્ભ થયો ત્યારે બ્રહ્મદેવથી સ્વાયમ્ભુ મનુ અને શતરૂપા એમ સ્ત્રી-પુરુષની જોડી ઉત્પન્ન થઈ એ બન્ને ભાઈ-બેન ગણાય, તેમાં પરસ્પર મૈથુન ધર્મથી સૃષ્ટિ ન થાય એમ મર્યાદા હોવી જોઈએ. પરન્તુ સૃષ્ટિના આરમ્ભકાલનો વિચાર કરી એ મર્યાદા વિરુદ્ધ અર્થાત્ પુષ્ટિરૂપ સૃષ્ટિ કરવાની આજ્ઞા પ્રભુએ આપેલી છે. માટે પુષ્ટિરૂપ સૃષ્ટિ પણ આપ પ્રભુ જ કરનાર છે, એમ સિદ્ધ છે.

## ગુણસૃષ્ટિપ્રવર્તકઃ ॥૧૭૪॥

ગુણમયી સૃષ્ટિને પ્રવર્તાવનાર.

સત્વ, રજ અને તમ એ ગુણોનું પરસ્પર મિશ્રણ કરી ગુણમયી સૃષ્ટિ પ્રવર્ત કરનાર-ચલાવનાર પોતે શ્રીભગવાન્ છે. ૨૦મા અધ્યાયમાં ''**જાતક્ષોભાદ્ ભગવતો મહાન્ આસીદ્**'' એ શ્લોકથી આરમ્ભી કહ્યું છે કે ''ભગવાન્‌ને ક્ષોભ પ્રકટ થતાં સત્વ આદિ ત્રણ ગુણમાંથી પ્રથમ મહત્તત્વ પ્રકટ થયું. અને પછી આકાશ, વાયુ, અગ્નિ, જળ, ભૂમિ વગેરે ઉત્પન્ન થયું'' એમ સ્પષ્ટ દર્શાવ્યું છે. માટે ગુણમયી સૃષ્ટિને પ્રવર્તાવનાર આપ પ્રભુ છે.

## કર્દમેષ્ટપ્રદાતા ॥૧૭૫॥

કર્દમમુનિને ઈષ્ટ વસ્તુ આપનાર.

બ્રહ્માએ કર્દમમુનિને પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી, પરન્તુ તેમાં જોઈતાં સાધનો વિના સૃષ્ટિ થઈ શકે નહિ. માટે સ્ત્રી (સ્વયમ્ભુ મનુની પુત્રી દેવહૂતિ) સમ્પત્તિ વિમાન વગેરે આપી કર્દમમુનિની વાઞ્છના યથેચ્છ રીતે આપે પૂર્ણ કરી છે. તેથી જ તેમને ઈષ્ટ વસ્તુ આપનાર પોતે પ્રભુ જ છે.

## દેવહૂત્યખિલાર્થદઃ ॥૧૭૬॥

દેવહૂતિને સમર્થ અર્થ આપનાર.

દેવહૂતિ મનુની પુત્રી, કર્દમમુનીની સ્ત્રી; તેને કર્દમમુનિ દ્વારા સમ્પૂર્ણ અર્થ આપનાર ભગવાન્ છે. દેવહૂતિનું પ્રિય કરવા માટે મુનિ દ્વારા દિવ્યભુવન, દિવ્યવિમાન, સેવામાં હજારો વિદ્યાધરિઓ વગેરે ભગવાને જ અર્પણ કરેલું છે. ૨૨મા અધ્યાયમાં દેવહૂતિને સર્વ વૈભવો મળ્યા છે, એમ જણાવવામાં આવ્યું છે.

**શુક્લનારાયણઃ સત્યકાલધર્મપ્રવર્તકઃ ।**
**જ્ઞાનાવતારઃ શાન્તાત્મા કપિલઃ કાલનાશકઃ ॥૪૧॥**

## શુક્લનારાયણઃ ||૧૬૭||

શુદ્ધ સત્વગુણમય નારાયણ.

સત્યયુગમાં શુદ્ધ સત્વગુણમય આવિર્ભાવ પામેલ નારાયણે શુક્લ તીર્થ નિર્માણ કરેલું છે, માટે તે નારાયણ પ્રભુને શુક્લનારાયણ એમ કહી વ્યવહાર કરવામાં આવે છે. ૨૩મા અધ્યાયમાં જણાવે છે કે ''હે ભીરૂ ! આ હૃદમાં સ્નાન કરીને વિમાન પર ચઢો એ શુદ્ધ સત્વમય નારાયણે બનાવેલું મનુષ્યોના મનોરથને પૂર્ણ કરનારું પવિત્રતીર્થ છે. એ વચનથી સત્યયુગમાં નારાયણ સ્વરૂપે શુક્લતીર્થને આપ જ પ્રકટ કરનાર છે માટે જ આપ શુક્લનારાયણ એવા પુરુષોત્તમ કહેવાય છે.

## સત્યકાલધર્મપ્રવર્તકઃ ||૧૬૮||

યથાર્થ કાલસમ્બન્ધી ધર્મને પ્રવૃત્ત કરનાર.

યથાર્થ કાલધર્મ એટલે યૌવન આદિ ક્રીડાને ઉપયોગી કાલધર્મને પ્રવૃત્ત કરનાર આપ પ્રભુ છે. ભગવાને રચેલા તે શુક્લતીર્થમાં સ્નાન કરવાની દેવહૂતિને કર્દમમુનિએ આજ્ઞા કરી. તેનું પાલન કરવાથી દેવહૂતિનું સુન્દર શરીર બન્યું. એમ ૨૩મા અ. માં જણાવેલું છે; એ પ્રમાણે શુક્લાદિ તીર્થો દ્વારા યૌવન વગેરે ક્રીડાને ઉપયોગી કાલધર્મને પ્રવૃત્તિમાં લાવનાર પોતે પરમાત્મા શ્રીકૃષ્ણચન્દ્ર જ છે.

## જ્ઞાનાવતારઃ ||૧૬૯||

જ્ઞાનરૂપ જેમનો અવતાર છે એવા.

જ્ઞાનરૂપ અર્થાત્ દેવહૂતિને જ્ઞાન તથા ભક્તિમાર્ગનો ઉપદેશ કરવા પ્રભુ પોતે શુક્લનારાયણ-કપિલ દેવરૂપે કર્દમ મુનિથી દેવહૂતિના ઉદરમાં પ્રકટ થયા, ૨૪મા અધ્યાયમાં કર્દમમુનિ દેવહૂતિને જણાવે છે કે ''હે દેવી ! તમે ભગવાન્નું આરાધન કર્યું તેથી તમારા યશને વિસ્તારનાર હૃદયની ગ્રન્થિ-અજ્ઞાનતા રૂપ માયાને છેદનાર, બ્રહ્મવેત્તા ભગવાન્ નારાયણ કપિલદેવ તમારા ઉદરથી પ્રકટશે'' એમ દેવહૂતિને ભક્તિમાર્ગનો અને જ્ઞાનમાર્ગનો ઉપદેશ કરવા પોતે કપિલરૂપે પ્રકટ થયા તે પ્રભુ જ્ઞાનાવતાર છે.

## શાન્તાત્મા ||૧૭૦||

૧. કામ, ક્રોધ વગેરેથી રહિત શાન્ત સ્વરૂપવાળા.

૨. શાન્ત ભક્તજનોના આત્મારૂપ.

પરમાત્મા કેવળ શાન્ત-આનન્દમય સ્વરૂપે વિરાજે છે. એટલે આપનામાં કામ ક્રોધ વગેરે તો ક્યાંથી જ સમ્ભવે? એવી શાન્તતા પૂર્ણતામાં જ હોઈ શકે, અન્યમાં નહિ; પ્રભુ તો પરિપૂર્ણ શાન્ત સ્વરૂપે જ સર્વત્ર પ્રકાશિત છે. પ્રભુના ભક્તો

પણ તેવા જ શાન્ત હોય છે. એવા શાન્ત ભગવદીય જનો પરમાત્માને પ્રાપ્ત કરે છે તેવા ભક્તો ઉપર પ્રભુ કૃપા કરી તેમના આત્મારૂપ બની હૃદયમાં નિરન્તર નિવાસ કરે છે. એટલે તે પુરુષોત્તમ શ્રીકૃષ્ણ શાન્તાત્મા છે.

## કપિલઃ ||૧૭૧||

૧. કપિલ વર્ણવાળા દેવહૂતિના પુત્ર શ્રીકપિલ ભગવાન્.
૨. 'ક' એટલે જળ, 'પિ' એટલે પીનાર, અને 'લ' એટલે ધારણ કરનાર અર્થાત્ જળને શોષણ કરી ધારણ કરનાર એવા કિરણોવાળા સૂર્ય તે રૂપ ભગવાન્.
૩. શ્રેષ્ઠ ભક્તોને અનુગ્રહ કરનાર.

દેવહૂતિના પુત્રરૂપે પ્રકટેલા ભગવાન્નો કપિલ-લાલ, ધોળા અને પીળા રંગથી મિશ્ર વર્ણ હતો, જેથી સર્વજનો તેમને કપિલદેવ કહે છે. એ કપિલ રૂપે આપ પ્રભુ છે. કિરણો વડે જળનું શોષણ કરનાર સૂર્ય છે. શ્રુતિ ઉપદેશે છે કે "**સૂર્યો મરીચિમ્ આદત્તે સર્વસ્માદ્ ભુવનાદધીતિ**" (સૂર્ય કિરણો વડે સર્વ ભુવનોમાંથી જળને ગ્રહણ કરે છે.) એવા સૂર્ય કોઈ અન્ય નથી; પણ પોતે પ્રભુ જ સૂર્યરૂપે છે. ગીતામાં આપ આજ્ઞા કરે છે કે "**જ્યોતિષાં રવિરંશુમાન**" (તેજસ્વી વસ્તુઓમાં હું કિરણોવાળો રવિ-સૂર્ય છું) માટે સૂર્ય સ્વરૂપી ભગવાન્ એમ કહ્યું, કપિ એટલે શ્રેષ્ઠ અર્થાત્ શ્રેષ્ઠ ભક્તો ઉપર આપ અનુગ્રહ કરનાર છે, મહાભારતમાં જણાવે છે કે

**"કપિર્વરાહઃ શ્રેષ્ઠશ્ચ ધર્મસ્ય વૃષ ઉચ્યતે,**
**તસ્માદ્વૃષાકપિં પ્રાહ કશ્યપો માં પ્રજાપતિઃ".**

શ્રેષ્ઠ અને ધર્મને 'વૃષ' કહેવાય છે. તેથી કશ્યપમુનિ મને વૃક્ષાકપિ કહે છે. અહિં કપિનો અર્થ શ્રેષ્ઠ પણ જણાવેલો છે. માટે શ્રેષ્ઠ ભક્ત ઉપર અનુગ્રહ કરનાર એવા ભગવાન્ (કપિલ) એમ કહ્યું.

## કાલનાશકઃ ||૧૭૨||

૧. કાલ એવા નાશ કરનાર પ્રભુ.        ૨. કાલને પણ નાશ કરનાર.

પરમાત્મા ક્ષર-અક્ષર વગેરેથી પર છે, અક્ષરાતીત છે. કાળથી આરમ્ભી સર્વ જગત્નો ક્ષર તથા અક્ષરમાં સમાવેશ થાય છે. પરન્તુ તે બધું છેવટે પરમાત્માના આનન્દમય સ્વરૂપમાં લીન થઈ જાય છે. તેથી સર્વના કાલ નાશ કરનાર પ્રભુ છે. વળી જ્યારે સર્વથી પર પરમાત્મા છે તો કાલપુરુષથી પણ તે પર જ છે. એટલે સર્વનું મૃત્યુ કરનાર એવા કાળપુરુષનો પણ નાશ કરનાર પોતે જ ભગવાન્ છે.

**ત્રિગુણાધિપતિઃ સાઙ્ખ્યશાસ્ત્રકર્તા વિશારદઃ ।**
**સર્ગદૂષણહારી ચ પુષ્ટિમોક્ષપ્રવર્તકઃ ।।૪૨।।**

## ત્રિગુણાધિપતિઃ ||૧૭૩||

૧. સત્ત્વ આદિ ત્રણ ગુણો જેમાં છે એવા કાળના અધિપતિ નિયામક.
૨. અધિદૈવિક રૂપવાન્

ત્રિગુણાત્મક કાળને નિયમમાં રાખનાર આપ ભગવાન્ છે, પ્રભુ કાળના અધિપતિ હોવાથી જ ૨૪ અધ્યાયમાં કહે છે કે ''**પરં પ્રધાનં પુરુષં મહાન્તં કાલમ્**'' (પરમ પુરુષ સર્વમાં પ્રધાન, મહાન કાલ એવા કપિલ ભગવાન્‌ને હું શરણે જઉં છું) અહીં કાલના પણ કાલ એટલે મહાન્ કાલસ્વરૂપ એમ ભગવાન્‌ને જ કહે છે. માટે પોતે જ ત્રિગુણાત્મક કાલના નિયામક છે.

## સાઙ્ખ્યશાસ્ત્રકર્તા ||૧૭૪||

સાંઙ્ખ્ય શાસ્ત્રને રચનાર.

આ આત્મા છે, આ અનાત્મા છે. એમ વિવેક દર્શાવનાર શાસ્ત્રને સાઙ્ખ્ય શાસ્ત્ર કહે છે. એવા શાસ્ત્રને ઉત્પન્ન કરનાર કપિલદેવ સ્વરૂપે પોતે પ્રભુ જ છે. શાસ્ત્રની ગહનતાને પરમાત્મા સિવાય બીજું કોણ જાણી શકે? માટે આપે પ્રકટ થઈ તેને ઉત્પન્ન કરી આલોકમાં પ્રસિદ્ધ કર્યું, પ્રથમ એ શાસ્ત્રનો પોતાની માતાને જ ઉપદેશ કર્યો છે. ૨૪ અધ્યાયમાં પોતે આજ્ઞા કરે છે કે ''સર્વ કર્મોને શાન્ત કરનારી અધ્યાત્મવિદ્યા મારી માતાને આપીશ જેથી તે સર્વ ભયથી મુક્ત થશે'' અહિં માતાને અધ્યાત્મવિદ્યાનો ઉપદેશ કરવાનું સ્પષ્ટ આપ જણાવે છે, માટે તેવા અધ્યાત્મવિદ્યારૂપ સાઙ્ખ્યશાસ્ત્રને પ્રકટ કરનાર આપ જ છે.

## વિશારદઃ ||૧૭૫||

૧. શાસ્ત્રમાં નિપુણ.
૨. ભક્તોના અજ્ઞાનને દૂર કરી સંસારથી મુક્ત કરનાર.

સકલ શાસ્ત્રોને પ્રકટ કરનાર સર્વ વિદ્યાઓના અધિપતિ-સ્વામી પરમાત્મા સર્વ શાસ્ત્રમાં નિપુણ-ચતુર હોય એમાં શું આશ્ચર્ય? ભક્તોના હૃદયમાં રહેલી અજ્ઞાનતા રૂપ ગ્રન્થિને-બન્ધનને તોડી તેમના અન્તઃકરણમાં પોતે પ્રકાશ પામી સંસારથી મુક્ત કરનાર એટલે પોતાના ચરણનું શરણ પ્રાપ્ત કરાવનાર પ્રભુ છે. તેથી જ ગીતામાં શ્રીમુખથી આપ આજ્ઞા કરે છે કે ''**ભિદ્યતે હૃદયગ્રન્થિશ્ચિછદ્યન્તે સર્વસંશયાઃ**'' (પરમાત્માના સ્વરૂપનો પ્રકાશ અન્તઃકરણમાં થવાથી હૃદયની અજ્ઞાનતારૂપ ગ્રન્થિ ભેદાય છે અને સર્વસંશયો છેદાઈ જાય છે.) પ્રભુ જેમના હૃદયમન્દિરમાં પ્રકાશ પામે છે તેમને સન્દેહ ક્યાંથી રહે? પરમાત્મા જ જેમને ઉપદેશ-દાતા છે, તે ભગવદીયજનો શંકા-કલંકોથી રહિત બની પ્રભુપદને પ્રાપ્ત કરે જ એમાં કાંઈ પણ આશ્ચર્ય જેવું નથી.

## સર્ગદૂષણહારી ॥૧૭૬॥

૧. સૃષ્ટિના દૂષણને હરણ કરનાર.
૨. સૃષ્ટિએ કરેલાં દૂષણોને હરવાના સ્વભાવવાળા.

પ્રભુ કપિલરૂપે પ્રકટ થઈ સૃષ્ટિનાં દૂષણને ભૂષણરૂપે ફેરવી નાખ્યું છે. કેમ કે આ મારો પુત્ર, આ મારું ઘર, મારું ધન વગેરે અહંમમત્વથી આ સૃષ્ટિમાં અધર્મ પમાય છે, એ જ સૃષ્ટિનું મહાન દૂષણ છે, પરન્તુ પ્રભુએ પ્રકટ થઈ તેમાં જ્ઞાન પ્રસરાવા એ દૂષણને દૂર કર્યું, ધર્મ પ્રસરાવ્યો અને જ્ઞાનનો પ્રકાશ કર્યો એટલે મનુષ્યો આ સૃષ્ટિમાં તેવા જ્ઞાનને મેળવી પ્રભુપદને પ્રાપ્ત થવા લાગ્યા. માટે એ સૃષ્ટિ દૂષણરૂપ છતાં ભૂષણરૂપ બની. એ પ્રભુનો જ પ્રભાવ છે, પ્રભુ જ તેના દૂષણને હરનાર છે.

## પુષ્ટિમોક્ષપ્રવર્તકઃ ॥૧૭૭॥

૧. પુષ્ટિરૂપ મોક્ષને આપનાર. ૨. પુષ્ટિસ્થ જીવોને મોક્ષ આપનાર.
૩. પુષ્ટિ વડે મોક્ષને પ્રવર્તાવનાર.

ભગવાન્‌ના અનુગ્રહને પુષ્ટિ કહેવાય છે. એવા પુષ્ટિમાર્ગના ( ભગવાન્‌ની આનન્દમય લીલામાં પ્રવેશરૂપ ) મોક્ષને અર્પણ કરનાર, તેમ પ્રભુનો અનુગ્રહ-કૃપા મેળવનાર પુષ્ટિસ્થ દૈવી જીવોને પણ વ્રજચન્દ્રની અલૌકિક આનન્દરસાત્મક લીલામાં પ્રવેશરૂપ મોક્ષને અર્પણ કરનાર આપ શ્રીકૃષ્ણચન્દ્ર પૂર્ણ પુરુષોત્તમ જ છે. પ્રભુ પુષ્ટિ વડે-પોતાના અનુગ્રહ વડે જ ભગવદીયોને મોક્ષ આપે છે. ત્યારે જ તેમને ભગવાન્‌ના આનન્દૈકરસ સ્વરૂપનો અનુભવ થાય છે. પ્રભુની કૃપા વિના તેવો મોક્ષ મળી શક્તો નથી, માટે જ પુષ્ટિ વડે મોક્ષ આપનાર પ્રભુ એમ કહ્યું. કર્દમ મુનિને તેવો જ મોક્ષ પ્રભુએ આપ્યો છે. એમ ૨૪મા અધ્યાયમાં "**વ્રતં સ આસ્થિતો મૌનમ્ આત્મૈકશરણો મુનિઃ**" ( મૌનવ્રતધારી, પરમાત્માનું જ જેમને એક શરણ છે એવા કર્દમ મુનિએ ભગવાન્‌નું પદ પ્રાપ્ત કર્યું. ) એમ સ્પષ્ટ જણાવેલુ છે.

**લૌકિકાનન્દદાતા ચ બ્રહ્માનન્દપ્રવર્તકઃ ॥**
**ભક્તિસિદ્ધાન્તવક્તા ચ સગુણજ્ઞાનદીપકઃ ॥૪૩॥**

## લૌકિકાનન્દદાતા ॥૧૭૮॥

૧. લૌકિક આનન્દ આપનાર.
૨. લૌકિક જીવોને સાઙ્‌ખ્યશાસ્ત્ર પ્રકટ કરી આનન્દ અર્પણ કરનાર.

પ્રભુ લૌકિકને અનુસરીને પણ આનન્દ આપે છે. કપિલદેવે પોતાની માતા દેવહૂતિને પુત્ર-પ્રેમપૂર્વક લૌકિકને અનુસરીને પ્રશ્નોથી ઉપજેલો તત્ત્વબોધરૂપ

આનન્દ આપે છે એમ આ સ્કન્ધના ૨૫ અધ્યાયમાં પ્રસિદ્ધ છે. લૌકિક સંસારી જીવોને તત્ત્વોના જ્ઞાનને પ્રકાશ કરનારું સાઙ્ખ્યશાસ્ત્ર ઉત્પન્ન કરી તે વડે પ્રભુ આનન્દ આપે છે. સાઙ્ખ્ય તત્ત્વને જાણી મોટા-મોટા યોગી પુરુષો દેવહૂતિની પેઠે પરમાત્માના પદને પ્રાપ્ત થયેલા જાણવામાં છે. માટે જીવોને તત્ત્વજ્ઞાનથી આનન્દ આપનાર આપ પ્રભુ પોતે જ છે.

## બ્રહ્માનન્દપ્રવર્તકઃ ॥૧૭૯॥

બ્રહ્મ સમ્બન્ધી આનન્દને પ્રવૃત્ત કરનાર.

સર્વ આનન્દમાં બ્રહ્મ સમ્બન્ધી આનન્દ જ મુખ્ય છે. શ્રુતિમાં કહ્યું છે કે ''**સ એકો બ્રહ્મણ આનન્દઃ**'' (કેવળ બ્રહ્મનો આનન્દ જ મુખ્ય છે) આ પ્રમાણે સર્વોત્તમ બ્રહ્માનન્દને પ્રભુ સિવાય અન્ય કોણ આપી શકે? એ સત્તા બીજામાં ક્યાંથી હોય? માટે વેદ, ગીતા, વગેરેમાં પ્રસિદ્ધ સર્વત્ર ભગવદ્‌ભાવ ઉત્પન્ન કરનારો અક્ષર બ્રહ્મ સમ્બન્ધી આનન્દ તેને અર્પણ કરનાર આપ આનન્દમય શ્રીકૃષ્ણ જ છે.

## ભક્તિસિદ્ધાન્તવક્તા ॥૧૮૦॥

ભક્તિના સિદ્ધાન્તનું વિવેચન કરનાર.

ભગવાન્‌ની ભક્તિનું શ્રવણ, કીર્તન, સ્મરણ, ચરણસેવન, અર્ચન, વન્દન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન એ નવધા પ્રકારે વિવેચન કરનાર પોતે પ્રભુ છે. ગીતામાં આપ શ્રીમુખથી આજ્ઞા કરે છે કે ''**ભક્ત્યા ત્વનન્યયા શક્યઃ**'' ''**ભક્ત્યા મામ્ અભિજાનાતિ**'' (અનન્ય ભક્તિથી હું મળી શકું છું, ભક્તિ વડે જ મને જાણે છે.) આ સ્કન્ધના ૨૫મા અધ્યાયમાં કહે છે કે

''**વિસૃજ્ય સર્વતશ્ચાન્ય મામેવં વિશ્વતોમુખમ્,**
**ભજન્ત્યનન્યયા ભક્ત્યા તાન્ મૃત્યોરતિપારયે**''

(બીજા બધા ઉપાયોને છોડીને) સર્વવ્યાપક એવા મને અનન્ય દૃઢ ભક્તિથી જે ભજે છે તે મૃત્યુના (જન્મ-મરણ રૂપ) પારને પામી જાય છે, વગેરે વાક્યોથી મુખ્ય ભક્તિથી પ્રભુ પ્રાપ્ત થાય છે, એમ પોતે જણાવે છે. માટે જ ભક્તિના સિદ્ધાન્તનું વિવેચન કરનાર આપ છે.

## સગુણજ્ઞાનદીપકઃ ॥૧૮૧॥

૧. સત્ત્વાદિ ગુણયુક્ત જ્ઞાનને પ્રકાશ કરનાર.
૨. ગુણમય તત્ત્વોના જ્ઞાનને દીપાવનાર.

સત્વ, રજ અને તમોગુણ યુક્ત એવું સર્વપ્રપઞ્ચ-સંસાર સમ્બન્ધી જ્ઞાન, તેને પ્રભુ જ પ્રકાશ કરે છે. અન્તરમાં કોઈ પણ પ્રકારનું જ્ઞાન પ્રકટ થવું, એ

પરમાત્માની ચમત્કારિક દિવ્ય શક્તિની પ્રેરણા સિવાય થઈ શક્તું જ નથી. જેથી પ્રપઞ્ચમય જ્ઞાન થવામાં પણ પ્રભુ પ્રેરણાની અપેક્ષા જ રહે છે. સર્વની તેવા પ્રકારની અપેક્ષાને પૂર્ણ કરનાર પરમાત્મા જ છે, સત્ત્વાદિ ત્રણ ગુણોથી તત્ત્વો પ્રકટ થાય છે. માટે તેવા ગુણમય તત્ત્વજ્ઞાનને દીપાવનાર-પ્રકાશ કરનાર પણ આપ છે. કેમ કે, ૨૬મા અધ્યાયમાં ''**અથ તે સંપ્રવક્ષ્યામિ તત્ત્વાનાં લક્ષણં પૃથક્**'' (હવે તમને તત્ત્વોમાં જુદાં-જુદાં લક્ષણો હું કહું છું) એમ કહી આગળ તત્ત્વોને પ્રકાશ આપે જ કરેલો છે.

**આત્મપ્રદઃ પૂર્ણકામો યોગાત્મા યોગભાવિતઃ ।**
**જીવન્મુક્તિપ્રદઃ શ્રીમાન્ અન્યભક્તિપ્રવર્ત્તકઃ ।।૪૪।।**

## આત્મપ્રદઃ ।।૧૮૨।।

૧. સ્વસ્વરૂપને આપનાર, ૨. સ્વસ્વરૂપનો પ્રકાશ કરનાર.

વારંવાર શાસ્ત્રાભ્યાસ કરવામાં આવ્યો હોય તેવું જ્ઞાન પણ પ્રાપ્ત થયું હોય, પરન્તુ સ્વસ્વરૂપની-નિજ આત્મરૂપ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ થવી તથા તેનો પ્રકાશ થવો, એ ભગવદિચ્છાને આધીન જ છે. માટે એવા શાસ્ત્રના અભ્યાસપૂર્વક જ્ઞાન વડે સ્વસ્વરૂપને આપનાર તેમ તેવા જ્ઞાન વડે સ્વસ્વરૂપનો પ્રકાશ કરનાર પ્રભુ જ છે. ભગવદનુગ્રહ પ્રાપ્ત થતાં જ આપના આનન્દમય સ્વરૂપનો લાભ થાય છે.

## પૂર્ણકામઃ ।।૧૮૩।।

૧. જેમની કામનાઓ પરિપૂર્ણ છે, એવા.
૨. પૂર્ણ-નિરપેક્ષ ભક્તજનો વડે ઈચ્છા કરાતા. ૩. જેમના સંકલ્પો પૂર્ણ છે એવા.
૪. ભક્તજનોની કામનાઓ જેમનાથી પૂર્ણ થાય છે એવા પરમાત્મા.

પ્રભુ પૂર્ણ છે એટલે એમનાં સર્વ કામો સમ્પૂર્ણ થયેલાં છે, વિચાર થતાંની જ સાથે પ્રભુને સર્વ પ્રાપ્ત થાય છે. તેમનાથી કોઈ વસ્તુ દૂર જ નથી, કારણ કે પોતે જ સર્વરૂપ થાય છે. જે સર્વરૂપ હોય એને સર્વ વસ્તુઓ સમીપ જ છે. એવા સર્વરૂપ ભગવાન્‌ને તો વળી કામનાઓ શી? સંકલ્પો શા? એ પોતે જ સિદ્ધસંકલ્પ છે, સર્વકામ છે, તેમ નિરપેક્ષ ભક્તો તો તેવા પૂર્ણકામ પરમાત્માની જ અભિલાષા કરે છે. ભગવદીયજનોને સંસારમાં બીજી કોઈ પણ વસ્તુની અપેક્ષા નથી, માટે જ ભક્તો નિરપેક્ષ-પૂર્ણ કહેવાય છે. એવા ભગવદીયો નિરપેક્ષ છે છતાં પ્રભુ તેમને સર્વ વાતે સુખ આપી પૂર્ણ કરે છે. તેથી જ પોતે પૂર્ણ કામ છે.

## યોગાત્મા ।।૧૮૪।।

યોગરૂપ જેમનો આત્મા છે એવા.

જ્યારે પુષ્કળ યોગ-સમાધિમાં ધ્યાન કરવામાં આવે છે. ત્યારે જ પ્રભુનું સ્વરૂપ હૃદયારૂઢ છે. જ્યાં સુધી દૃઢ ભક્તિપૂર્વક તેવો યોગ કરવામાં નથી આવ્યો ત્યાં સુધી ભગવાન્‌ની પ્રાપ્તિ થવી દુર્લભ છે માટે જ આપ યોગાત્મા છે.

## યોગભાવિતઃ ||૧૮૫||

૧. અષ્ટાંગયોગથી જેમનું ચિન્તન થાય છે એવા.

૨. જેમણે અષ્ટાંગયોગ પ્રકટ કર્યો છે એવા પુરુષોત્તમ.

યોગના યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, સમાધિ મળી આઠ પ્રકાર છે. એવા આઠે યોગથી પરમાત્માનું જ ચિન્તન થાય છે. કેમ કે પ્રભુપ્રાપ્તિને માટે સર્વ યોગાદિ શાસ્ત્રોનો આરમ્ભ છે. પ્રભુપ્રાપ્તિમાં પૂર્ણ વૈરાગ્ય અને ચિત્તની સ્થિરતા જ મુખ્ય જોઈએ. ચિત્તની સ્થિરતા થયા સિવાય પૂર્ણ વિરાગ થતો નથી. અને પૂર્ણ વિરાગ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી ભગવાન્‌ની પ્રાપ્તિ પણ થતી નથી. પ્રથમ ચિત્તશુદ્ધિની મુખ્ય જરૂર છે. એટલા માટે જ આપે યોગશાસ્ત્ર રચેલું છે તે પ્રમાણે યમ-નિયમ વગેરે કરવાથી પ્રભુનું આરાધન સ્થિર ચિત્તથી સિદ્ધ થઈ શકે અને ત્યારે જ પ્રભુની પ્રાપ્તિ થાય. માટે જ આપ યોગથી ચિન્તન કરાય તેવા પરમાત્મા છે.

## જીવન્મુક્તિપ્રદઃ ||૧૮૬||

જીવન્મુક્તિને આપનાર.

જીવનશક્તિ એટલે પૂર્વકર્મના યોગે બંધાયેલું શરીર જીવતાં (વિદ્યમાન) છતાં સર્વ કામનાઓથી મુક્ત થઈ જવું, એવી ઉત્તમ ગતિને આપનાર પોતે શ્રીકૃષ્ણ જ છે. આ સ્કન્ધના ૨૭મા અધ્યાયમાં કપિલ ભગવાન્ પોતાની માતા દેવહૂતિને ઉપદેશ કરે છે કે :

જેને તત્ત્વજ્ઞાન થયું છે. અને મારે વિષે જેણે મન યોજેલું છે. એવા પરમાત્મપરાયણ ભગવદીય જનને પ્રકૃતિ-માયા પીડા કરતી નથી. અર્થાત્ તેવા ભક્તો સંસારમાં રહ્યા છતાં પણ જીવન્મુક્ત છે. એવી જીવન્મુક્ત દશા અર્પણ કરનાર આપ શ્રીકૃષ્ણ સિવાય અન્ય કોણ હોઈ શકે? કોઈ જ નહિ માટે એ પોતે જ જીવન્મુક્ત દશાને આપનાર છે.

## શ્રીમાન્ ||૧૮૭||

શોભાસમ્પન્ન.

સર્વ શોભાઓથી સમ્પન્ન-પરિપૂર્ણ તો આપ જ છે. આ સ્કન્ધના ૨૮ અધ્યાયમાં જણાવે છે કે "**પ્રસન્નવદનામ્ભોજં પદ્મગર્ભારુપેક્ષણમ્**" (પ્રસન્ન-પ્રસન્ન જેમનું લોચન છે એવા ભગવાન્) અહિં સર્વ શોભાઓનું ધામ એવા ભગવાન્‌ને જ

વર્ણવ્યા છે. જેથી આપ જ શ્રીમાન્ છે.

**અન્યભક્તિપ્રવર્તકઃ ।।૧૮૮।।**

૧. અન્ય એટલે તત્ત્વો વગેરેને તથા ભક્તિને પ્રવૃત્ત કરનાર એવા પુરુષોત્તમ.
૨. ધર્માદિ ચાર પુરુષાર્થોથી પણ ભક્તિને અધિક પ્રવર્ત્તાવનાર.

'અન્ય' એટલે મહદાદિ તત્ત્વો, જેમ કે મહત્તત્વ, પઞ્ચમહાભૂત, અગિયાર ઈન્દ્રિયો, મન, શબ્દાદિ પઞ્ચતન્માત્રાઓ અને ત્રણ ગુણો વગેરે, તેમ ભક્તિયોગને જગત્માં પ્રસરાવનાર પ્રવૃત્ત કરનાર આપ શ્રીકૃષ્ણ જ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થથી પણ ઉત્તમ પ્રકારે આપે ભક્તિને માન્ય કરેલી છે. તેથી જ ભક્તજનો ચતુર્વિધ મુક્તિ કરતાં તથા ચતુર્વિધ પુરુષાર્થ કરતાં પણ ભક્તિને શ્રેષ્ઠ માને છે. આ સ્કન્ધના ૨૯મા અધ્યાયમાં આપ શ્રીમુખે આજ્ઞા કરે છે કે

**''સાલોક્યસાર્ષ્ટિ સામીપ્ય-સારૂપ્યૈકત્વમપ્યુત,**
**દીયમાનં ન ગૃહ્ણન્તિ વિના મત્સેવનં જનાઃ''**

(ભક્તજનો તો મારું સેવન કરવાની જ ઈચ્છા કરે છે તેમને. મારી ભક્તિ સિવાય બીજા સાલોક્ય(મારા લોકમાં નિવાસ) સાર્ષ્ટિ(મારા જેવું ઐશ્વર્ય), સામીપ્ય(મુજ સમીપવાસ), સારૂપ્ય(મારા સ્વરૂપમાં ભળી જવું) વગેરે ચતુર્વિધ મુક્તિઓને હું આપું છું તો પણ ગ્રહણ કરતા નથી.) એટલે ભગવદીયો સર્વ વસ્તુમાં નિરપેક્ષ બની મારા સેવનમાં જ નિમગ્ન-ગુલતાન રહે છે. કપિલ રૂપે આપ ભગવાન જ ચતુર્વિધ પુરુષાર્થથી પણ ભક્તિને વિશેષ રીતે પ્રતિપાદન કરી જગત્માં પ્રકાશ કરનાર છે.

**કાલસામર્થ્યદાતા ચ કાલદોષનિવારકઃ ।**
**ગર્ભોત્તમજ્ઞાનદાતા કર્મમાર્ગનિયામકઃ ।।૪૫।।**

**કાલસામર્થ્યદાતા ।।૧૮૯।।**

કાલને સામર્થ્ય આપનાર.

અધિયજ્ઞાત્મક કાલને સામર્થ્ય-બલ આપનાર આપ શ્રીકૃષ્ણ છે. ૨૯મા અધ્યાયમાં કહ્યું છે કે **''સ વિષ્ણ્વાખ્યોऽધિયજ્ઞોऽસૌ કાલઃ કલયતાં પ્રભુઃ''** (જે યજ્ઞ ફળને અર્પણ કરનાર વિષ્ણુસંજ્ઞક કાળ સર્વને વશીભૂત કરવામાં સમર્થ છે) તેને એવું બલ આપનાર પોતે પ્રભુ જ છે. માટે જ તે કાલ સામર્થ્યને આપનાર કહેવાય છે.

**કાલદોષનિવારકઃ ।।૧૯૦।।**

કાલથી થયેલા દોષોનું નિવારણ કરનાર.

કાલજન્ય અનેક દોષો ઉત્પન્ન થાય છે. ખાતાં-પીતાં કોઈ પણ વ્યાપાર

કરતાં જીવહિંસા વગેરે અનેક દોષો થવાનો સમ્ભવ છે. તે સર્વ કાલ દોષો ભગવાન્‌ને ઉદ્દેશીને જ સર્વ વ્યાપાર કરવાથી દૂર થઈ જાય છે. જેનાં સર્વ કર્મો પ્રભુપ્રીત્યર્થ છે તેને કોઈ દિવસ કાલના દોષો લાગી શક્તા નથી. કેમ કે પરમાત્મા શ્રીકૃષ્ણ જ તેમના દોષોને દૂર કરનાર છે.

**ગર્ભોત્તમજ્ઞાનદાતા ||૧૯૧||**

ગર્ભમાં ઉત્તમ જ્ઞાન આપનાર.

માતાના ઉદરમાં સાતમા માસે જીવને જે શ્રેષ્ઠ જ્ઞાન ઉત્પન્ન થાય છે, ભગવદ્‌ભાવ પ્રકટે છે, તેવું જ્ઞાન ગર્ભમાં અર્પણ કરનાર પોતે પ્રભુ જ છે. સપ્તમ માસમાં જ્ઞાન ઉત્પન્ન થવાથી માતાના ઉદરમાં જીવ પરમાત્માની સ્તુતિ કરે છે. અને ધ્યાન ધરે છે, તે આ સ્કન્ધના ૩૧મા અધ્યાયમાં "**યસ્યોપપન્નમવિતું**" એ તેરમા શ્લોકથી તે "**તસ્માદહં વિગતવિક્લવઃ**" અ બાવીસમાં શ્લોક સુધીમાં જણાવેલું છે. ત્યાં જીવને પ્રભુએ ગર્ભમાં જ્ઞાન આપેલું સ્પષ્ટ ભાસે છે.

**કર્મમાર્ગનિયામકઃ ||૧૯૨||**

કર્મમાર્ગને નિયમમાં રાખનાર-નાશ કરનાર. કર્મને આધીન એવા જન્મ-મરણના માર્ગને ઘટિત ફળ આપનાર.

પ્રારબ્ધ કર્મને લઈને જન્મ-મરણ થાય છે. તો તેવા પ્રારબ્ધ કર્મને આધીન જન્મ-મરણ રૂપ માર્ગનો ભગવાન્ નાશ કરે છે. શ્રુતિ ભગવતી આજ્ઞા કરે છે કે "**મૃત્વા પુનર્મૃત્યુમાપદ્યન્તે અર્દ્યમાનાઃ સ્વકર્મભિઃ**" (પોત-પોતાના પ્રારબ્ધ કર્મને લીધે પીડા પામતા જીવો મૃત્યુ પામી પાછા ફરીને જન્મ-મરણ પામ્યા કરે છે.) પરન્તુ પ્રભુનું સેવન કરનાર જીવોના પ્રારબ્ધ કર્મને આધીન રહેલી જન્મ-મરણરૂપ પ્રણાલીનો પરમાત્મા જ નાશ કરે છે. અર્થાત્ પ્રભુ પોતાનું સ્મરણ કરનાર ભક્તજનનાં જન્મ-મરણ દૂર કરી રક્ષણ કરે છે. એવા ભગવજ્જનોના કર્મમાર્ગને નાશ કરનાર પોતે છે. અને બીજા ભક્તિહીન સજ્જનોને તો જેવાં-જેવાં પ્રારબ્ધ કર્મ હોય તેવા-તેવા જન્મ-મરણ પમાડી તેમને યોગ્ય ફળ અર્પણ કરનાર પણ આપ શ્રીકૃષ્ણ જ છે.

**સર્વમાર્ગનિરાકર્તા ભક્તિમાર્ગૈકપોષકઃ ||**
**સિદ્ધિહેતુઃ સર્વહેતુઃ સર્વાશ્ચર્યૈકકારણમ્ ||૪૬||**

**સર્વમાર્ગનિરાકર્તા ||૧૯૩||**

સર્વ માર્ગોને તિરસ્કાર કરનાર.

જેથી ભક્તિ ઉત્પન્ન ન થાય તેવા સર્વ માર્ગોને આપ તિરસ્કારો છે. તેથી જ

ગીતામાં શ્રીકૃષ્ણ શ્રીમુખથી આજ્ઞા કરે છે કે **''સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ''** (સર્વ કર્મમાર્ગ આદિ ધર્મોને ત્યાગ કરી મારે શરણે આવ હું તારો ઉદ્ધાર કરીશ.) એમ કહી પોતાને ભક્તિ ઉપર મુખ્ય પ્રીતિ છે એમ સ્પષ્ટ દર્શાવે છે. અહિં સર્વ ધર્મ ત્યાગ કરવાનું એટલે તે ઉપરથી અહંમમત્વ મોહ વગેરે દૂર કરી પોતાનું જ શરણ પ્રાપ્ત કરવાનું સૂચન કરે છે. ભગવદ્ધર્મ સિવાય સર્વ ધર્મો તુચ્છ છે, માટે જ સર્વ માર્ગોને તિરસ્કાર કરનાર પ્રભુ એમ કહ્યું.

## ભક્તિમાર્ગૈકપોષકઃ ॥૧૯૪॥

કેવળ ભક્તિમાર્ગનું સ્થાપન કરનાર.

ઉપરના નામથી જ્યારે ભગવાન્ સર્વ માર્ગને તિરસ્કાર કરે છે એમ કહ્યું ત્યારે શંકા રહે છે કે તે કયા માર્ગનું સ્થાપન કરનાર પોષણ કરનાર છે? તો આ નામ દર્શાવી તે શંકાને દૂર કરે છે. ભગવાન્ સર્વ માર્ગને તુચ્છ ગણી કેવળ ભક્તિમાર્ગનું જ સ્થાપન કરે છે, આ સ્કન્ધના અધ્યાય ૩૨માં પોતાની માતાને કપિલજી ઉપદેશે છે કે

**''તસ્માત્ ત્વં સર્વભાવેન ભજસ્વ પરમેષ્ઠિનમ્,**
**તદ્ગુણાશ્રયયા ભક્ત્યા ભજનીયપદામ્બુજમ્''**

(હે માતા ! તમે જેમનાં ચરણકમળ સેવન કરવા યોગ્ય છે એવા પરમાત્માને સર્વભાવથી તેમના ગુણોનો આશ્રય કરનારી ભક્તિ વડે ભજો-સેવો.) મહાપ્રભુ શ્રીવલ્લભાગ્નિ પણ પોતાના ચતુશ્લોકી ગ્રન્થમાં આજ્ઞા કરે છે કે

**''સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ,**
**સ્વસ્યાયમેવ ધર્મો હિ નાઽન્યઃ ક્વાપિ કદાચન''**

(નિરન્તર સર્વભાવથી ભગવાન જ સેવવા યોગ્ય છે. એ જ પોતાનો ખાસ ધર્મ છે અન્ય કદાપિ નહિ) પ્રભુના આશયને સમજીને પોતે શ્રીઆચાર્યચરણ પણ ભગવાન્નું સેવન જ મુખ્ય ધર્મ છે એમ ઉપદેશે છે. માટે પોતાને પ્રિય એવા ભક્તિમાર્ગનું જ કેવળ સ્થાપન કરનાર આપ પ્રભુ પૂર્ણ પુરુષોત્તમ જ છે.

## સિદ્ધિહેતુઃ ॥૧૯૫॥

ભગવાન્ની પ્રાપ્તિ થવાના હેતુરૂપ એવા કપિલ ભગવાન્.

દેવહૂતિને ઉત્તમ ભક્તિમાર્ગનો ઉપદેશ કરી ભગવત્પ્રાપ્તિ કરાવનાર કપિલદેવ સ્વરૂપે પોતે ભગવાન જ છે. આ સ્કન્ધના ૩૩ અધ્યાયમાં આપ આજ્ઞા કરે છે કે ''મેં કહેલા સારી રીતે સારી રીતે સેવન કરાય તેવા આ માર્ગને અનુસરવાથી થોડા જ કાળમાં તમે જીવનમુક્ત થશો'' અર્થાત્ પ્રભુની પ્રાપ્તિ થશે. આ પ્રમાણે માતાને ઉપદેશ કરવાથી તેમને પ્રભુની પ્રાપ્તિ થયેલી છે. માટે જ એવી સિદ્ધિના કારણભૂત આપ ભગવાન જ છે.

## સર્વહિતુઃ ॥૧૯૬॥

સર્વને સિદ્ધિના હેતુરૂપ, સમ્પૂર્ણ સિદ્ધિના કારણરૂપ.

સર્વ સિદ્ધિઓના સ્વામી–અધિપતિ આપ શ્રીકૃષ્ણ છે, એટલે સર્વને અનેક પ્રકારની સિદ્ધિઓ આપનાર પણ પોતે જ છે. માટે જ આપને સર્વ સિદ્ધિઓના અથવા સમ્પૂર્ણ સિદ્ધિઓના કારણરૂપ કહ્યા.

## સર્વાશ્ચર્યૈકકારણમ્ ॥૧૯૭॥

સર્વ આશ્ચર્યના હેતુરૂપ.

પરમાત્મા જ સર્વ વિસ્મયકારક વસ્તુઓના હેતુરૂપ છે, કેમ કે પ્રભુએ દેવહૂતિને પ્રથમ કર્દમમુનિ દ્વારા અનેક આશ્ચર્યજનક વસ્તુઓ આપી, લૌકિક વિલાસો સમ્પાદન કર્યા, પછી સ્ત્રી જાતિ છે તો પણ તેમને ત્યાં કપિલજી રૂપે પ્રકટ થઈ બ્રહ્મજ્ઞાન અને ભક્તિ સ્થિર સ્થાપી વૈરાગ્ય ઉત્પન્ન કરાવ્યો. ઈત્યાદિ સર્વને અદ્‌ભુત લાગે એવા કર્મ કરનાર પોતે પુરુષોત્તમ જ છે.

**ચેતનાઽચેતનપતિઃ સમુદ્રપરિપૂજિતઃ ।**
**સાઙ્ખ્યાચાર્યસ્તુતઃ સિદ્ધપૂજિતઃ સર્વપૂજિતઃ ॥૪૭॥**

## ચેતનાચેતનપતિઃ ॥૧૯૮॥

ચેતન અને અચેતન એ બન્નેને પાલન કરનાર.

પરમાત્માને સર્વમાં સમાન ભાવ છે એમને કોઈ વિશેષ નથી અને કોઈ ન્યૂન નથી. માટે જ ચેતન એટલે સારા જ્ઞાનનિષ્ઠ મુનિજનો અને અચેતન એટલે અજ્ઞાન પામર મનુષ્યો એ સર્વનું સમભાવથી પાલન કરનાર આપ શ્રીકૃષ્ણ જ છે.

## સમુદ્રપરિપૂજિતઃ ॥૧૯૯॥

સમુદ્રે જેમનું પૂજન કર્યું છે એવા.

દેવહૂતિ માતાને જ્ઞાન આપી તેમની રજા લઈ જ્યારે કપિલ ભગવાન્ ઉત્તર દિશા તરફ પધાર્યા તે સમયમાં ૩૩મા અધ્યાયમાં કહે છે કે ''**સ્તૂયમાનઃ સમુદ્રેણ દત્તાર્હણનિકેતનઃ**'' (સમુદ્રે જેમને સારી રીતે અર્ચન કરી ઉત્તમ નિવાસ સ્થાન આપ્યું છે એવા કપિલદેવ) ત્યાં સમુદ્રે પૂજન કર્યું છે એમ સ્પષ્ટ જણાવે છે તેથી સમુદ્ર વડે પૂજાયેલા કપિલરૂપ ભગવાન્ શ્રીપુરુષોત્તમ જ છે.

## સાઙ્ખ્યાચાર્યસ્તુતઃ ॥૨૦૦॥

સાઙ્ખ્યાચાર્યોએ સ્તુતિ કરાયેલા એવા કપિલ ભગવાન્.

પોતે સત્કર્મનું આચરણ કરી બીજાઓને તેમ કરવા ઉપદેશ કરે તેને આચાર્ય કહેવાય. એવા સાઙ્ખ્ય શાસ્ત્રના આચાર્યોએ, તત્ત્વજ્ઞાની મહાત્માઓએ જેમની

સ્તુતિ કરી છે એવા પોતે શ્રીકપિલ દેવજી ભગવાન જ છે, અન્ય નહિ. ૩૩મા અદ્યાયમાં ''**આસ્તે યોગં સમાસ્થાય સાઙ્ખ્યાચાર્યૈરભિષ્ટુતઃ**'' (સાઙ્ખ્યાચાર્યોએ સ્તવાતા) એમ કથન કરવામાં આવ્યું છે, એ હેતુથી જ તત્ત્વજ્ઞાની મહાત્માઓએ સ્તવાતા એવા પ્રભુ એમ કહ્યું.

## સિદ્ધપૂજિતઃ ||૨૦૧||

સિદ્ધ લોકો જેમનું પૂજન કરે છે એવા.

## સર્વપૂજિતઃ ||૨૦૨||

સર્વજનો જેમનું પૂજન કરે છે એવા.

સિદ્ધ લોકો દેવો વગેરે મનુષ્ય માત્ર જેમને યજે છે-ભજે છે એવા એક શ્રીપરમાત્મા જ છે, આપનો જ એવો મહાન પ્રભાવ જોવામાં આવે છે કે જેમને આખું જગત્ વન્દન કરે, એવો પ્રતાપ પ્રભુ સિવાય અન્ય કોનામાં હોઈ શકે? આ સ્કન્ધના ૩૩મા અધ્યાયના અન્તમાં કહે છે કે ''**સિદ્ધચારણગન્ધર્વૈઃ મુનિભિશ્ચા-પ્સરોગણૈઃ સ્તૂયમાનઃ**'' (સિદ્ધો, ચારણો, ગાન્ધર્વો, મુનિઓ, અપ્સરાઓ વગેરે સર્વ વડે સ્તુતિ કરાતા ભગવાન્ કપિલદેવ) અહિં સિદ્ધાદિ સર્વથી પૂજન પામતા, સ્તુતિ કરાતા એવા ભગવાન્ એમ કહે છે. માટે જ એ પ્રભુ સર્વપૂજિત છે.

**||ઇતિ તૃતીયસ્કન્ધનામાનિ||**

## || અથ ચતુર્થસ્કન્ધનામાનિ ||
## વિસર્ગકર્તા સર્વેશઃ કોટિસૂર્યસમપ્રભઃ ||
## અનન્તગુણગમ્ભીરો મહાપુરુષપૂજિતઃ ||૪૮||

### વિસર્ગકર્તા ||૨૦૩||

વિલક્ષણ સૃષ્ટિ કરનાર.

પ્રથમ તૃતીય સ્કન્ધમાં ભગવાન્‌ની દશ પ્રકારની લીલાઓમાં સર્ગલીલા કહી તે નામો જણાવ્યાં. હવે ચતુર્થ સ્કન્ધમાં વિસર્ગલીલા છે, માટે એ વિસર્ગલીલાનાં નામો જણાવે છે, પ્રથમ જે સર્ગ-સૃષ્ટિ વર્ણવી ગયા તે કરતાં પણ વિલક્ષણ પ્રકારની સૃષ્ટિ કરનાર પોતે પ્રભુ છે. ભાગવત.૨ ।૧૦ માં કહે છે કે ''**બ્રહ્મણો ગુણવૈષમ્યાદ્ વિસર્ગઃ પ્રાકૃતા સ્મૃતઃ**'' નિર્ગુણ પરમાત્માએ ગુણમય વિરાટરૂપે બની પ્રકટ કરેલી સ્થાવર જનમાત્મક વિલક્ષણ સૃષ્ટિને વિસર્ગ કહે છે. આ સ્કન્ધના આરમ્ભમાં ''**મનોસ્તુ શતરૂપાયાં તિસ્રઃ કન્યાશ્ચ જજ્ઞિરે**'' (મનુથી શતરૂપા નામની સ્ત્રીમાં ત્રણ કન્યાઓ પ્રકટ થઈ) એમ કહી વિસર્ગલીલાનો પ્રારમ્ભ કર્યો છે. એ વિસર્ગલીલાના કર્તા આપ શ્રીકૃષ્ણ જ છે.

### સર્વેશઃ ||૨૦૪||

૧. સર્વ પ્રાણીમાત્રના ઈશ-સ્વામી,

૨. બ્રહ્માદિ બધાઓને ચેતન-શક્તિ આપનાર,

૩. સઘળાં પ્રાણીઓને જેમનાથી ઈશત્વ-ચેતનપણું છે; એવા

સમગ્ર વિશ્વના નિયન્તા પરમાત્મા છે એટલે આપ સર્વજીવો માત્રના ઈશ-સ્વામી-માલિક હોય જ, સર્વ ચૈતન્યનિધી પણ પ્રભુ છે. એટલે બધાને ચૈતન્ય આપનાર એ જ વિભુ છે. સઘળાં પ્રાણીમાત્ર એમના ચૈતન્યથી જ ચૈતન્ય યુક્ત બન્યા છે. શ્રુતિ કહે છે કે ''**યસ્યાભાસા સર્વમ્ ઈદં વિભાતિ**'' (જેના ચૈતન્યમય ભાસથી આ સર્વ ચૈતન્યમય ભાસી રહ્યું છે) એટલે સર્વમાં જે ચૈતન્ય જોવામાં આવે છે એ પ્રભુના ચૈતન્ય પ્રકાશથી જ માટે જ આપ સર્વેશ છે.

### કોટિસૂર્યસમપ્રભ ||૨૦૫||

૧. કરોડો સૂર્યના સરખી ક્રાન્તિવાળા

અહીં જે કોટિ શબ્દ છે તે અનન્તવાચક છે. એટલે કરોડો-અસઙ્ખ્ય સૂર્યની કાન્તિ જેવા પ્રકાશમાન એવા, તેજોમય પ્રકાશમાન ભગવાન્ વિના અન્ય કોણ હોઈ શકે ? ગીતામાં શ્રીમુખે આજ્ઞા કરે છે કે

''**યદાદિત્યગતં તેજો જગદ્ભાસયતેઽખિલમ્,**

**યચ્ચન્દ્રમસિ યચ્ચાગ્નૌ તત્તેજો વિદ્ધિ મામકમ્''**

(જે તેજ સૂર્યમાં રહી જગત્માં પ્રકાશ આપી રહ્યું છે તથા ચન્દ્રમાં અને અગ્નિમાં રહેલું છે તે તેજ મારું છે એમ તમે જાણો. ચન્દ્ર-સૂર્ય વગેરેમાં પ્રકાશમાન્ તેજ તે પ્રભુનું જ છે એમ સિદ્ધ છે. જે વસ્તુની ઉપમા-સરખામણી આપવામાં આવે તે વસ્તુ સરખાવવાની વસ્તુ કરતાં વિશેષ હોવી જોઈએ તો જ તુલના આપી શકાય. પરન્તુ અહીં જે અનન્ત સૂર્યની સદૃશતા આપી છે તે તો પ્રભુના પ્રકાશનો માત્ર કંઈક નમૂનો જ છે. પ્રભુની સાથે સરખામણીમાં નભી શકે એવી કોઈ વસ્તુ જ નથી કે સહજ પણ સરખાવી શકાય માટે અનન્ત સૂર્ય સમાન તેજસ્વી એટલે અસઙ્ખ્ય ભાનુઓ પણ જેમના તેજ આગળ કંઈ જ માત્ર નથી. ગીતાના અ.૧૧માં કહ્યું છે કે

**''દિવિ સૂર્યસહસ્રસ્ય ભવેદ્યુગપદુત્થિતા,**
**યદિ ભાઃ સદૃશી સા સ્યાદ્ભાસસ્તસ્ય મહાત્મનઃ''**

(જો આકાશમાં એકદમ હજારો-અસઙ્ખ્ય ભાનુઓ-સૂર્યો પ્રકટ થાય, તો જ કંઈક તે પરમાત્માની કાન્તિનો પ્રકાશ સરખાવી શકાય) તેથી જ કરોડો સૂર્યની કાન્તિ જેવા પ્રકાશવાળા પ્રભુ એમ કહ્યું.

## અનન્તગુણગમ્ભીરઃ ||૨૦૬||

અનન્ત ગુણોથી ગમ્ભીર-ન સમજી શકાય તેવા.

જેનો દેશકાલ અવધિ-નાશ વગેરે નથી તેવા ઐશ્વર્યો ભક્તવાત્સલ્યાદિ ગુણોવડે ગમ્ભીર-ન સમજી શકાય તેવા પૂર્ણ તો કેવળ પૂર્ણ પુરુષોત્તમ જ છે. શ્રુતિ કહે છે કે

**''પરો માત્રયા તન્વા વૃધાન ન તે મહિત્વમ્**
**અન્વશ્નુવન્તિ ઉભે તે વિદ્મ રજસી પૃથિવ્યાં વિષ્ણો**
**દેવ ત્વં પરમસ્ય વિત્સ ઈતિ''**

(પરોક્ષ પારસમણીથી વા શરીરથી વૃદ્ધિ પામતા હે વિષ્ણો! તમારા મહિમાને બીજા બ્રહ્મરુદ્રાદિ પણ નથી જાણતા નથી પામી શક્તા, તથા હે વિષ્ણો! તમો એ પ્રકટ કરેલા રજોગુણ તમોગુણમય તેમ આનન્દ ઉપજાવનારા બન્ને સ્વર્ગ તથા પૃથ્વી ને અમો નથી જાણતા. પરન્તુ આપ સર્વ લોકમાં પરોક્ષ રૂપે સમ્બન્ધ ધરાવનાર છો તેથી જાણી શકો છો) આ પ્રમાણે પરમાત્માના અનન્ત ગુણો શ્રુતિ પ્રતિપાદન કરે છે. એવા અનન્ત ગુણોથી વિભૂષિત પ્રભુ જ છે.

## મહાપુરુષપૂજિતઃ ||૨૦૭||

મહાપુરુષો-મહાત્માઓવડે પૂજાતા.

બ્રહ્મા, રુદ્ર, ઈન્દ્ર ઈત્યાદિ દેવો, નારદ, કશ્યપ, વગેરે દેવર્ષિઓ, શુક સનકાદિક મહર્ષિઓ વગેરે અનેક મહાપુરુષોવડે સેવન કરાતા પોતે ભગવાન્ જ છે. જુદા-જુદા ભાવથી ભિન્ન-ભિન્ન પ્રકારથી એ સર્વ મહાત્માઓ પરમાત્માને સેવે છે. તેથી આપને મહાપુરુષોથી પૂજિત એવા પુરુષોત્તમ એમ કહ્યું.

**અનન્તસુખદાતા ચ બ્રહ્મકોટિપ્રજાપતિઃ ।**

**સુધાકોટિસ્વાસ્થ્યહેતુઃ કામધુક્કોટિકામદઃ ।।**

## અનન્તસુખદાતા ।।૨૦૮।।

અનન્તસુખોને આપવાવાળા

જેનો કોઈ પણ દિવસ અવધિ ન હોય, તેવાં દિવ્ય સુખો-આનન્દોને આપનાર શ્રીકૃષ્ણ છે. ભગવાન્ પોતે સુખનો મહાસાગર છે. એમનું સ્મરણ કરી ચરણને શરણ જનારને અનવધિ દિવ્ય સુખ-આનન્દ થાય એમાં કાંઈ નવાઈ નથી; કેમકે એ પોતે આનન્દરૂપ જ છે, માટે પોતાના શરણ આવનાર જીવોને દિવ્ય આનન્દ જ થાય છે, એટલે આપ અવધિ વિનાના સુખોને આપનાર છે, એમ સિદ્ધ છે.

## બ્રહ્મકોટિપ્રજાપતિઃ ।।૨૦૯।।

અનન્ત કોટિ બ્રહ્માઓને પ્રકટ કરનાર.

બધા બ્રહ્માણ્ડ ભાણ્ડને રચનાર, બ્રહ્મા, એવા અનન્ત કરોડો બ્રહ્માઓને પ્રકટ કરનાર પ્રભુ છે. બ્રહ્મદેવ એક બ્રહ્માણ્ડમાં રહેલા સર્વે ભૂતોને-પ્રાણીઓને સરજે છે, તેથી તેમને પ્રજાપતિ કહેવાય છે, પરન્તુ પ્રભુ તો તેવા અનેક બ્રહ્મદેવોને પણ પ્રકટ કરવામાં પ્રજાપતિ છે. ભા.૧૦. અ.૧૪માં પોતે બ્રહ્મદેવ જ સ્તવે છે કે ''**ક્વાહં તમો મહદહં ખચરાગ્નિવાર્ભૂ...**'' પ્રકૃતિ, મહત્તત્વ, અહપાર, આકાશ, વાયુ, અગ્નિ, જળ અને ભૂમિ થી વીંટાયેલા બ્રહ્માણ્ડમાં સાત વેંતની કાયાવાળો હું ક્યાં ? અને જેમનાં રૂંવાડાંમાં એવાં-એવાં અનેક બ્રહ્માણ્ડો રૂપ પરમાણુઓ છિદ્રરૂપ ગોખલાઓમાં ભમે છે. એવો આપનો મહિમા ક્યાં ? અહીં સ્પષ્ટ રીતે અનેક બ્રહ્માણ્ડોનો પ્રજાપતિ પ્રભુ છે. એમ જણાવ્યું છે. આ નામથી શરૂ થતાં જ્યાં-જ્યાં 'કોટિ' શબ્દ આવે ત્યાં-ત્યાં અસઙ્ખ્યપણું માનવું, કેમકે ''સહસ્રશીર્ષા પુરુષઃ'' ત્યાં સહસ્ર શબ્દ અનન્તપણામાટે જ છે તેમ અહીં પણ સમજવાનું છે.

## સુધાકોટિસ્વાસ્થ્યહેતુઃ ।।૨૧૦।।

અનન્ત અમૃતના જેવી સ્વસ્થતા-શાન્તિ પ્રાપ્ત થવાના હેતુરૂપ.

સુધા-અમૃત, એનું એકવાર પાન કરવાથી જેવી શાન્તિ થાય છે. કાલ-

મૃત્યુથી નિર્ભય બનાય છે. તેના કરતાં કરોડો-અનન્ત ઘણી સ્વસ્થતા શાન્તિ-નિર્ભયતા આપનાર શ્રીકૃષ્ણ છે, અમૃતથી મળેલી શાન્તિ-નિર્ભયતા ક્ષીણ પુણ્ય થતાં એનો અવધિ આવતો હોવાથી તે ક્ષણિક છે-થોડા જ કાળને માટે છે. પરન્તુ ભગવાન્નું સેવન કરનાર ભાવુકોને તો ભગવત્કૃપાથી મળેલી નિર્ભયતા હજારો પ્રલય થઈ જાય તો પણ અવધિરહિત જ છે તેમને સદા શાન્તિ જ થયા કરે છે. ભાગવત ૧૦।૩।૨૭માં કહે છે કે **"મર્ત્યો મૃત્યુવ્યાલભીતઃ પલાયન્"** (હે પરમાત્મન્ ! મૃત્યુરૂપ સાપથી બીનેલો મનુષ્ય દોડી-દોડી સર્વ લોકમાં જાય પણ તેને નિર્ભય સ્થાન મળતું નથી, પરન્તુ ભાગ્યવશાત્ આપનાં ચરણકમલને શરણ થાય તો તે નિશ્ચિન્ત થાય છે. અને મરણ પણ તેનાથી દૂર જાય છે) વળી ભાગવત ૧૦।૨।૩૩માં દેવો સ્તુતિ કરે છે **"તથા ન તે માધવ! તાવકાઃ ક્વચિદ્ ભ્રશ્યન્તિ માર્ગાસ્ત્વયિ બદ્ધસૌહૃદાઃ"** (હે માધવ ! તમારામાં જ જેમણે પોતાનો પ્રેમ જોડ્યો છે. તમારા જ જે ભક્ત બનેલા છે, તે બીજાઓની પેઠે કોઈ દિવસ પણ માર્ગથી ભ્રષ્ટ થતા નથી) વગેરે પ્રમાણોથી પ્રભુને શરણ જવામાં જેવી શાન્તિ આનન્દ મળે છે તેવું બીજે ક્યાંય પણ મળતું નથી પ્રભુ જ તેવી શાન્તિના કારણભૂત છે.

## કામધુક્કોટિકામદઃ ।।૨૧૧।।

અસઙ્ખ્ય કામધેનુઓની પેઠે મનની કામનાઓને પૂર્ણ કરનાર.

કામધેનુ મુનિ લોકોની ગાય સર્વ વાઞ્છનાને પૂર્ણ કરનાર મનાય છે. તેવી અસઙ્ખ્ય અગણિત કામધેનુ ગાયો સમાન સર્વના મનની વાઞ્છનાઓને પૂર્ણ કરનાર પોતે પુરુષોત્તમ જ છે. માટે પોતાને શરણે આવનારના સર્વ મનોરથો પોતે જ પરિપૂર્ણ કરે છે. માટે ભક્તજનો પરમાત્મા સિવાય બીજી બાબતોમાં નિરપેક્ષ રહે છે.

**સમુદ્રકોટિગમ્ભીરઃ તીર્થકોટિસમાહ્વયઃ ।**
**સુમેરુકોટિનિષ્કમ્પઃ કોટિબ્રહ્માણ્ડવિગ્રહઃ ।।૫૦।।**

## સમુદ્રકોટિગમ્ભીરઃ ।।૨૧૨।।

એક સમુદ્રના જેવી સ્થિરતાવાળા

ગમ્ભીરતાનો મહાનગુણ સાગરમાં જ છે. એવા અગણિત સાગરો, સમુદ્રો, તેના જેવી ગમ્ભીરતાથી સ્થિરતા પ્રભુમાં છે. પરમાત્માના આગળ એવા અસઙ્ખ્ય સમુદ્રની સ્થિરતાનો કાંઈ હિસાબ જ નથી.

## તીર્થકોટિસામહ્વયઃ ।।૨૧૩।।

૧. અનન્ત તીર્થો જેવું જેમનું સ્મરણ છે, ૨. કરોડો તીર્થો તુલ્ય જેમનું કીર્તન છે.

પવિત્ર જળ જ્યાં હોય તથા રમણીય માહાત્મ્યવાળાં દેવાલયો જ્યાં હોય તેને

તીર્થ કહેવાય છે. એવાં તીર્થો પુષ્કળ પુણ્ય આપે છે. પરન્તુ તેવા કોટાન કોટી તીર્થોમાં થનારાં પુણ્યો કરતાં પણ જેમનું નામસ્મરણ અધિક પુણ્યપ્રદાન કરનારું છે. એવા કેવળ પ્રભુ જ છે. એમનું નામકીર્તન અનન્ત તીર્થોની તુલનાથી વિશેષ થાય એમાં શું આશ્ચર્ય? કરોડો તીર્થથી જે ફળ પ્રાપ્ત ન થાય તેવું ફળ અજામિલને ભગવાન્‌ના નામસ્મરણ માત્રથી જ મળેલું છે. એ પ્રસિદ્ધ છે. વળી મુનિઓ કહે છે કે ''**યસ્ય સ્મૃત્યા ચ નામોક્ત્યા તપોયજ્ઞ ક્રિયાદિષુ**'' જે પરમાત્માની સ્મરણથી તથા નામ સંકીર્તનથી, તપ, યજ્ઞક્રિયા, વગેરેમાં અપૂર્ણ રહેલું, કર્મ પૂર્ણ થાય છે. તે અચ્યુત શ્રીકૃષ્ણ પરમાત્માને પ્રણામ કરું છું. જ્યારે સર્વ કર્મની સમ્પૂર્ણતા જ પ્રભુના સ્મરણથી થાય છે તો ત્યાં તીર્થો કોણ જ બાપડાં, માટે જ તેમને અસંખ્ય તીર્થસમ કહ્યા.

## સુમેરુકોટિનિષ્કમ્પઃ ||૨૧૪||

કરોડો સુમેરુસમાન અચલ-સ્થિર.

બધી અચલ વસ્તુઓમાં મુખ્ય સુમેરુ પર્વત ગણાય છે, તેવા અસઙ્ખ્ય સુમેરુ ગિરિ જેવા અચલ-સ્થિર પ્રભુ છે. વખતે મેરુપર્વતને કાલ ચલાયમાન કરે છે. પરન્તુ આપ ઈશ્વર તો તેવા અનેક કાલોને પણ ચલાયમાન કરી નાંખે છે, તો પછી અનન્ત સુમેરુઓનું શું ગજું ? અર્થાત્ અગણિત મેરુઓના કરતાં પણ વિશેષ જેમની સ્થિરતા-અચલતા છે.

## કોટિબ્રહ્માણ્ડવિગ્રહઃ ||૨૧૫||

૧. અસઙ્ખ્ય બ્રહ્માણ્ડોરૂપ જેમનો દેહ છે એવા પ્રભુ,

૨. કરોડો બ્રહ્માણ્ડો જેમના દેહને વ્યાપીને રહ્યા છે એવા.

પરમાત્માના રૂંવે-રૂંવે અનેક બ્રહ્માણ્ડો વિરાજે છે, ગીતામાં ભગવાને અર્જુનને બ્રહ્માણ્ડમય પોતાનું દિવ્ય સ્વરૂપ દર્શાવ્યુ હતું, ત્યાં અર્જુન કહે છે કે ''**પશ્યામિ દેવાંસ્તવ દેવ દેહે**'' (હે પ્રભો ! હે શ્રીકૃષ્ણ ! તમારા દેહમાં બ્રહ્માદિ સર્વ દેવો, ગન્ધર્વો, માનવો વગેરે સર્વ પ્રાણીમાત્રને હું જોઉં છું) ત્યાં આપે બ્રહ્માણ્ડમય શરીર પ્રત્યક્ષ પ્રકટ કર્યું હતું. તેથી જ આપ શ્રીકૃષ્ણ અનન્ત કોટિ બ્રહ્માણ્ડરૂપ શરીરવાળા છે.

**કોટ્યશ્વમેધપાપઘ્નો વાયુકોટિમહાબલઃ |**
**કોટીન્દુજગદાનન્દી શિવકોટિપ્રસાદકૃત્ ||૫૧||**

## કોટ્યશ્વમેધપાપઘ્ન ||૨૧૬||

અસઙ્ખ્ય અશ્વમેધ યજ્ઞની પેઠે પાપને હણનાર.

અશ્વમેધ યજ્ઞ કરવાથી બ્રહ્મહત્યાદિ પાપો નાશ પામે છે. તેવા અનન્ત

અશ્વમેધોની પેઠે બ્રહ્મહત્યાદિ સર્વ પાપોને નાશ કરનાર હરિ છે. અશ્વમેધ બહુ સમયે સિદ્ધ થાય છે. ત્યારે કંઈ અંશે બ્રહ્મહત્યાદિ પાપોને દૂર કરે છે. પણ પ્રભુનું સ્મરણ કરવાથી તેવા અસઙ્ખ્ય અશ્વમેધ યજ્ઞો કરીએ, તેનાથી પણ વિશેષ રીતે અમાપ પાપો નષ્ટ થાય છે જેથી જ કહ્યું છે કે

**''નામ્નોઽસ્તિ યાવતી શક્તિઃ પાપનિર્દલને હરેઃ,**
**તાવત્ કર્તું ન શક્નોતિ પાતકં પાતકી નરઃ''**

(હરિના નામમાં પાપને બાળવાની જે શક્તિ છે. તેટલું પાપ કરવાને પણ પાપી શક્તિમાન્ થઈ શક્તો નથી) અર્થાત્ એક મનથી પ્રભુનું રટણ કરવામાં આવે તો કરોડો જન્મનાં પાપ બળી ભસ્મીભૂત થાય છે. માટે જ એવાં અમાપ પાપોને નાશ કરવામાં પ્રભુ અનન્ત અશ્વમેધો કરતાં પણ વિશેષ છે.

## વાયુકોટિમહાબલઃ ॥૨૧૭॥

અનન્ત વાયુસમાન મહાબલવાન્.

સર્વ બલવાન્ ગણાતા પદાર્થોમાં વાયુ સર્વથી અધિક બલવાન્ છે. પરન્તુ પરમાત્મા તો તેવા અગણિત વાયુઓ કરતાં પણ બલવાન્ છે. અર્થાત્ અનન્ત વાયુઓનું પણ પ્રભુ આગળ કંઈ જ લેખું નથી એવા આપ છે.

## કોટીન્દુજગદાનન્દી ॥૨૧૮॥

કોટી ચન્દ્ર જેવો આનન્દ જગતને આપવાવાળા.

આખા વિશ્વને પોતાના ઉદયથી આનન્દ આપનાર ચન્દ્ર છે, પણ તેવા અપાર ચન્દ્રમણ્ડળોની પેઠે અખણ્ડ આનન્દ આપનાર આનન્દકન્દ શ્રીગોવિન્દચન્દ્ર છે, ભગવદાનન્દ આગળ જાણે કરોડો ઈન્દુઓ-ચન્દ્રો ઝાંખાં પડવાથી લજ્જિત બને છે ? આપતો આનન્દ સુધારસના સાગર જ છે એટલે આનન્દમય જ છે. અનન્ત ચન્દ્રની સમાન આનન્દ આપે એમાં તો શું જ કહેવાનું ?

## શિવકોટિપ્રસાદકૃત ॥૨૧૯॥

અનન્ત શિવ સમાન પ્રસાદ કરનાર.

સાધારણ ઉપાસનાથી સત્વર પ્રસન્ન થઈ પ્રસાદ કરનાર-વરદાન આપનાર સર્વ દેવોમાં સદાશિવ શંકર મુખ્ય છે, પરન્તુ તેવા અનન્ત શિવજી જેવા પ્રસન્ન થઈ વરદાન આપનાર આપ શ્રીકૃષ્ણ છે. તેમના વરદાન આગળ કરોડો શિવજીનાં વરદાનો-પ્રસાદો તુચ્છ માત્ર છે. કેમકે શમ્ભુથી વર મેળવનાર રાવણ, બાણાસુર પ્રભૃતિ ઘણું ખરું સંસાર સેવામાં આસક્ત થયેલા જોવામાં આવે છે. પણ પ્રભુના પ્રેમને પાત્ર બનેલા ભક્તજનોને પૂર્ણ વૈરાગ્ય તથા કેવળ સર્વત્ર બ્રહ્મભાવ જ અનુભવવામાં આવે છે. અમ્બરીષ, પ્રહ્લાદ, ઉદ્ધવ, પરીક્ષિત, વગેરે સામ્રાજ્ય

લક્ષ્મીને તુચ્છ માની કેવળ પ્રભુના પ્રસાદના જ અનુરાગી હતા, સંસાર કરતાં એમણે પ્રભુના પ્રસાદમાં કંઈ ઓર જ ખૂબી જોયેલી છે. તેથી જ આપ અસઙ્ખ્ય શિવજી કરતાં વિશેષ વરદાયી છે.

**સર્વસદ્‌ગુણમાહાત્મ્ય સર્વસદ્‌ગુણભાજનમ્ ।**
**મન્વાદિપ્રેરકો ધર્મો યજ્ઞનારાયણઃ પરઃ ।।૫૨।।**

## સર્વસદ્‌ગુણમાહાત્મ્યઃ ।।૨૨૦।।

૧. સર્વ સદ્‌ગુણો હોવાથી જેમનું માહાત્મ્ય છે એવા,
૨. બધા સદ્‌ગુણોનો મહિમા જેમનાથી છે એવા,
૩. અનેક સદ્‌ગુણમય જેમનો મહિમા-પ્રભાવ છે એવા
૪. સઘળા સદ્‌ગુણી જનોએ જેમનો પ્રભાવ વર્ણવ્યો છે એવા.

સર્વ સદ્‌ગુણો પ્રભુમાં પ્રકાશમાન્ છે, જેથી જ આપનું માહાત્મય સમસ્ત જગતમાં વિશેષ રીતે પ્રકાશી રહ્યું છે. અરે એટલું જ નહિ પણ સર્વ સદ્‌ગુણો ભગવદ્રૂપ છે, તેથી જ આખા વિશ્વમાં સદ્‌ગુણોનો આટલો બધો મહિમા છે, વળી જેમનો પ્રભાવ જ સદ્‌ગુણ મય જ છે અર્થાત્ જેમના પ્રભાવમાં-માહાત્મ્યમાં અનેક સદ્‌ગુણો જ ભરેલા છે માટે જ પ્રભુના પ્રભાવ-મહિમાને સદ્‌ગુણગ્રહી શુભ ગુણવાળા ભગવદીયજનો વારંવાર વર્ણવ્યા કરે છે. પરસ્પર મળી ભગવાન્‌ના ગુણાનુવાદ જ ગાય છે. એવા મહાત્મ્યવાન્ પરમાત્મા છે.

## સર્વસદ્‌ગુણભાજનમ્ ।।૨૨૧।।

૧. સર્વસદ્‌ગુણો જેમનું સેવન કરે છે એવા,
૨. સઘળા સદ્‌ગુણી ભક્તજનો જેમનું સેવન કરે છે એવા.

ઉપર નામમાં સર્વ સદ્‌ગુણો હોવાથી જેમ માહાત્મ્ય છે, એમ મુખ્ય અર્થ કરેલો હોવાથી પ્રભુ કરતાં સદ્‌ગુણોની ઉત્તમતા વિશેષ થઈ જાય છે, એમ કદાચ કોઈને શંકા થાય, તો તેને માટે સ્ફુટ કરવાને આ નામ કહે છે, સદ્‌ગુણો પ્રભુથી વિશેષ છે એમ નહિ પરન્તુ સઘળા સદ્‌ગુણો માત્ર પ્રભુનું જ સેવન કરી રહ્યા છે. સદા સર્વદા સદ્‌ગુણો પ્રભુના સાન્નિધ્યમાં જ રહે છે. માટે જ સદ્‌ગુણશાલી ભગવદીયોને પ્રભુનું સેવન જ રુચિકર લાગે છે. અને રાત્રિ-દિવસ સેવન જ કર્યા કરે છે.

## મન્વાદિપ્રેરકઃ ।।૨૨૨।।

સ્વાયંભૂ મનુ વગેરેને પ્રેરણા કરનાર.

સ્વાયંભૂ મનુ કર્દમ, કશ્યપ તથા દક્ષપ્રજાપતિ વગેરે સૃષ્ટિ કર્મમાં પ્રેરણા કરનાર આપ પ્રભુ જ છે. આપની આજ્ઞાને અનુસરીને જ મનુ વગેરેએ સૃષ્ટિ

વધારેલી છે તે દ્વારા એ જ વિવિધ પ્રકારની સૃષ્ટિ પ્રકટ કરવાની આપની ઈચ્છા છે માટે જ આપે તેમને પ્રેરણા કરેલી છે. અન્યથા નહિ.

## ધર્મઃ ||૨૨૩||

ધર્મરૂપ.

મનુ આદિએ પ્રકટ કરેલો જે ધર્મ, તે રૂપ પોતે શ્રીકૃષ્ણ જ છે. મનુ આદિ દ્વારા પોતે જ ધર્મરૂપે જગત્‌માં પ્રસરેલા છે.

## યજ્ઞનારાયણઃ ||૨૨૪||

યજ્ઞરૂપી નારાયણ.

પરમાત્મા પોતે યજ્ઞનારાયણરૂપે પ્રકટ થયેલ છે. આ સ્કન્ધના પ્રથમ અધ્યાયમાં કહ્યું છે કે "**પ્રજાપતિ સઃ ભગવાન્ રુચિસ્તસ્માદ્ અજીજનત્**" (ભગવાન્ પ્રજાપતિ રુચિમુનિએ મનુની પુત્રી આકૃતિમાં એક જોડું ઉત્પન્ન કર્યું તેમાં પુરુષ તે સાક્ષાત્ યજ્ઞનારાયણ વિષ્ણુ અને સ્ત્રી તે દક્ષિણા નામની થઈ) અહીં યજ્ઞનારાયણ રૂપે આપ પ્રકટ થયા છે એમ કહ્યું માટે જ યજ્ઞનારાયણરૂપ એવા પુરુષોત્તમ.

## પરઃ ||૨૨૫||

૧. પોષણ કરનાર, ૨. સર્વથી શ્રેષ્ઠ.

આખા વિશ્વનું ભરણ-પોષણ કરનાર પ્રભુ છે માટે જ એમને વિશ્વમ્ભર કહેવામાં આવે છે. જે સર્વ ભુવનોનું ભરણ-પોષણ કરે છે. તે સર્વ શ્રેષ્ઠ હોય સર્વોત્તમ હોય, એમાં શું નવાઈ ? તેથી જ એ સર્વથી પર છે.

**આકૂતિસૂનુઃ દેવેન્દ્રો રુચિજન્માભયપ્રદઃ |**
**દક્ષિણાપતિરોજસ્વી ક્રિયાશક્તિઃ પરાયણઃ ||૫૩||**

## આકૂતિસૂનુઃ ||૨૨૬||

મનુ મહારાજની પુત્રી આકૂતિના પુત્ર યજ્ઞનારાયણરૂપ એવા પ્રભુ.

## દેવેન્દ્રઃ ||૨૨૭||

૧. સર્વ દેવોના ઈન્દ્ર, ૨. દેવરૂપ ઈન્દ્ર એવા યજ્ઞનારાયણ ભગવાન્

## રુચિજન્મા ||૨૨૮||

રુચિ મુનિથી જન્મ પામેલા યજ્ઞનારાયણ.

## અભયપ્રદઃ ||૨૨૯||

અભય આપનાર.

ભગવાન્ સર્વને અભય આપનાર છે, દેવોને પણ અભય આપનાર એ

પુરુષ ભગવાન્ છે. શ્રુતિ ભગવતી વર્ણવે છે કે **''યજ્ઞેન સુરાનપાનુદન્ત ઇતિ''** (યજ્ઞથી દેવોને હર્ષ-આનન્દ આપે છે) તો જ્યારે દેવતાઓ યજ્ઞપુરુષથી હર્ષ પામે છે, તો તેમનાથી અભય મેળવ્યા સિવાય શી રીતે આનન્દ થાય? માટે તેમને અભય આપનાર પણ આપ પ્રભુ જ છે.

## દક્ષિણાપતિઃ ||૨૩૦||

દક્ષિણા સ્ત્રીના પતિ-પાલક સ્વામી.

રુચિથી ઉત્પન્ન થયેલા જોડકામાં જે સ્ત્રી પ્રકટી હતી તે દક્ષિણાના પતિ-પાલનહાર પોતે યજ્ઞનારાયણ ભગવાન્ આ સ્કન્ધના અ. ૧માં કહ્યું છે કે **''તાં કામયાનાં ભગવાનુવાહ''** (કામનાવાળી દક્ષિણા સ્ત્રીને ભગવાન્ યજ્ઞનારાયણ પરણ્યા) માટે જ આપ દક્ષિણાપતિ છે. એમ કહ્યું.

## ઓજસ્વી ||૨૩૧||

૧. ઉત્સાહસમ્પન્ન, ૨. પરાક્રમી.

સર્વ ઉત્સાહો માત્ર પરમાત્મામાં જ વાસ કરીને રહ્યા છે. એમનો આ બ્રહ્માદિ સર્વ દેવ-ગન્ધર્વ-માનવોમાં પડે છે. માટે તે જ પરાક્રમી છે. બીજાનાં જે પરાક્રમો જોવામાં આવે છે, એ પ્રભુદત્ત છે. એમની કૃપાથી પ્રાપ્ત કરેલાં છે.

## ક્રિયાશક્તિઃ ||૨૩૨||

ક્રિયાશક્તિ સ્વરૂપ.

તપ આદિ કર્મમાં જે ક્રિયાશક્તિ-સામર્થ્ય છે તે પ્રભુથી જ છે. કેમકે પ્રભુ પોતે જ એ ક્રિયા-શક્તિરૂપે છે. જો એમ ન હોય તો તપ આદિ કર્મમાં જે સામર્થ્ય જોવામાં આવે છે, તે ન સમ્ભવે. સર્વમાં સામર્થ્ય બલ આપનાર અથવા તેની ક્રિયાશક્તિ આપનાર આપ શ્રીકૃષ્ણ જ છો.

## પરાયણઃ ||૨૩૩||

૧. પર એટલે અક્ષર તે છે અધિષ્ઠાન જેમનું એવા.

૨. ઉત્તમ જ્ઞાની, ૩. પર-શ્રેષ્ઠપણામાં જવાના સ્વભાવવાળા.

સર્વથી પર અક્ષર છે. એ જ ભગવાન્‌નું ધામ-નિવાસસ્થાન કહેવાય છે. પ્રભુ એ જ ધામમાં બિરાજે છે. ગીતામાં આજ્ઞા કરે છે કે **''તદ્ધામ પરમં મમ''** (તે જ ઉત્તમ મારું ધામ-નિવાસસ્થાન છે) અહીં અક્ષરધામને ઉદ્દેશીને જ આપે આજ્ઞા કરેલી છે, સર્વોત્તમ જ્ઞાન પણ આપનામાં જ છે. પ્રભુ પોતે જ જ્ઞાનરૂપ છે એટલે એ સર્વોત્તમ જ્ઞાની હોય એમાં આશ્ચર્ય નથી. સર્વથી ઉત્તમોત્તમ સ્થાનોમાં સ્થિતિ કરવાનો એમનો સ્વભાવ છે. માટે સર્વોત્કૃષ્ટ અક્ષરધામમાં આપ વિરાજો છો.

**દત્તાત્રેયો યોગપતિર્યોગમાર્ગપ્રવર્તકઃ ।**
**અનસૂયાગર્ભરત્નમૃષિવંશવિવર્દ્ધનઃ ।।૫૪।।**

## દત્તાત્રેયઃ ।।૨૩૪।।

દત્તાત્રેય સ્વરૂપી ભગવાન્.

અત્રિમુનિએ પુત્રની ઈચ્છાથી તપશ્ચર્યા કરી એટલે એમને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર એ ત્રણે દેવો પ્રસન્ન થયા. તેમની પાસે મુનિએ આપના જેવા પુત્ર થાય એમ વરદાન માગ્યું. હવે પોતાના જેવા પુત્રો ક્યાંથી લાવવા એટલે ત્રણે દેવો પોત-પોતાના અંશથી એમને ત્યાં પ્રકટ થયા. તેમાંના દત્તાત્રેય તે પોતે વિષ્ણુસ્વરૂપ છે, એટલે દત્તાત્રેય પોતે ભગવાન્ જ છે.

## યોગપતિઃ ।।૨૩૫।।

યોગાના પતિ.

યમ, નિયમ આદિ અષ્ટાન યોગના સ્વામી અર્થાત્ તેને પ્રકટ કરનાર, તેને ઉપદેશ કરનાર આપ શ્રીકૃષ્ણ છો. તેથી જ પોતે યોગપતિ છો.

## યોગમાર્ગપ્રવર્તકઃ ।।૨૩૬।।

યોગમાર્ગ પ્રવર્તાવિનાર.

ઉપર કહ્યા તેવા અષ્ટાન યોગના તથા ભક્તિયોગના માર્ગને પ્રવર્તાવિનાર-પ્રકાશનાર આપ પ્રભુ જ છો. દત્તાત્રેય સ્વરૂપે આપે મહા યોગ પ્રવર્તાવ્યો છે.

## અનસુયાગર્ભરત્નમ્ ।।૨૩૭।।

અનસૂયાના ગર્ભનું રત્ન.

અત્રિમુનિની સ્ત્રી અનસૂયાના ગર્ભથી પ્રકટ થયેલા રત્ન જેવા દત્તાત્રેય ભગવાન્ છે.

## ઋષિવંશાવિવર્ધનઃ ।।૨૩૮।।

ઋષિઓના વંશને વધારનાર.

અંગિરાદિ સર્વ ઋષિઓના તેમના વંશની પરમ્પરાને વધારનાર પોતે વિભુ છે. એમના અનુગ્રહને લીધે જ સર્વ મુનિઓના વંશની ઉત્તરોત્તર વૃદ્ધિ થયેલી છે.

**ગુણત્રયવિભાગજ્ઞશ્ચતુર્વર્ગવિશારદઃ ।**
**નારાયણો ધર્મસૂનુર્મૂર્તિપુણ્યયશસ્કરઃ ।।૫૫।।**

## ગુણત્રયવિભાગજ્ઞઃ ।।૨૩૯।।

૧. સત્વાદિ ત્રણ ગુણના વિવેચનને જાણનાર,

૨. સત્વાદિ ત્રણ ગુણવડે થયેલા વિભાગને જાણનાર.

પ્રભુ સત્વાદિ ત્રણ ગુણોના વિભાગોને જાણનાર છે, અ.૧ માં કહે છે કે

**''સોમોઽભૂદ્ બ્રાહ્મણોંશેન દત્તો વિષ્ણોસ્તુ યોગવિત્,**
**દુર્વાસાઃ શંકરસ્યાંશો નિબોધાનિરસપ્રજાઃ''**

(રજોગુણાત્મા બ્રહ્મદેવના અંશથી અત્રિમુનિને ત્યાં સોમ જન્મ્યા, સત્વગુણાત્મક વિષ્ણુથી દત્તાત્રેય અને તમોગુણાત્મક શંકરથી દુર્વાસા પ્રાદુર્ભૂત થયા) માટે જ ત્રણ ગુણવડે થયેલા વિભાગને જાણનાર વિષ્ણુરૂપ દત્તાત્રેય સ્વરૂપી એવા ભગવાન્ એમ કહ્યું.

## ચતુર્વર્ગવિશારદઃ ||૨૪૦||

ધર્માદિ ચતુર્વર્ગને જાણનાર.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચાર પુરુષાર્થના વર્ગ છે. એ ચારેને જાણનાર આપ શ્રીકૃષ્ણ છો. એ પોતે જ ચારે વર્ગના ઉત્પાદક તથા પ્રકાશક હોવાથી તે તેને જાણે એમાં નવાઈ જેવું નથી.

## નારાયણઃ ||૨૪૧||

૧. 'નર' એટલે આત્મા, તેથી ઉત્પન્ન થયેલા 'નાર' એટલે આકાશાદિ પઞ્ચ મહાભૂત; તેને વિષે કારણરૂપે વ્યાપી રહેલા

૨. 'નાર' એટલે જળ છે અયનસ્થાન તે જેમનું એવા નારાયણ.

પરમાત્મા નારાયણ આ સર્વ જગત્માં વ્યાપી રહેલા છે. તે જ જગત્નું પાલન કરે છે, પોતે શ્રીપુરુષોત્તમ નારાયણરૂપે સત્વગુણથી વિશ્વનું રક્ષણ કરે છે. મન્ત્રવર્ણમાં વર્ણવ્યું છે કે

**''યચ્ચ કિઞ્ચિદ્ જગત્ સર્વં દૃશ્યતે શ્રૂયતેઽપિ વા,**
**અન્તર્બહિશ્ચ તત્ સર્વં વ્યાપ્ય નારાયણઃ સ્થિતઃ''**

(જે કંઈ જોવામાં ને સાંભળવામાં અખિલ જગત્ આવે છે તે સર્વમાં અન્તર ને બહાર વ્યાપીને નારાયણ રહેલા છે) મહાભારતમાં કહે છે કે

**''નરાદ્ જાતાનિ તત્ત્વાનિ નારાણીતિ તતો વિદુઃ ।**
**તાન્યેવાયતનં તસ્ય તેન નારાયણઃ સ્મૃતઃ''**

(નર-પુરુષ પરમાત્માથી ઉત્પન્ન થયેલા તત્ત્વોને 'નાર' કહે છે અને તે જ જેમનું સ્થાન હોવાથી તે નારાયણ કહેવાય છે) બ્રહ્મવૈવર્ત્તપુરાણ અને મનુ ભગવાન્ પણ જણાવે છે કે

**''નરાણામ્ અયનં યસ્માત્ તસ્માદ્ નારાયણઃ સ્મૃતઃ,**
**આપો નારા ઈતિ પ્રોક્તા આપો વૈ નરસૂનવઃ,**

**અયનં તસ્ય તા પૂર્વં તેન નારાયણઃ સ્મૃતઃ ''**

(નારોની મધ્યમાં જેમનું સ્થાન છે તેથી તેમને નારાયણ કહે છે તથા સર્વ જળ નરથી થયેલું છે માટે એને નાર કહે છે, તેમાં તે પ્રભુનું સ્થાન હોવાથી પ્રથમથી જ તેમને નારાયણ કહેવામાં આવે છે). તેમ ''**નયતીતિ નરઃ પ્રોક્તઃ પરમાત્મા સનાતનઃ**'' (પ્રભુ જગતને દોરનાર છે તેથી તેમને નર કહે છે, તે જ સનાતન પરમાત્મા છે) ઈત્યાદિ મહાભારતાદિનાં પ્રમાણોથી પોતે ભગવાન્ પોતાનાં પ્રકટ કરેલાં તત્ત્વોમાં વ્યાપ્ત થઈને રહ્યા છે માટે જ અહીં આપ પ્રભુને નારાયણ કહ્યા.

## ધર્મસૂનુઃ ।।૨૪૨।।

ધર્મના પુત્ર

ધર્મની મૂર્તિ નામની સ્ત્રીમાં પ્રકટ થયેલા એવા નારાયણ પ્રભુ ભારતવર્ષની પ્રજાનું પાલન કરવા નારાયણ ઋષિ રૂપે ધર્મની મૂર્તિ સ્ત્રીમાં આપ આવિર્ભાવ પામ્યા છો. માટે જ અહીં તેમને ધર્મપુત્ર કહ્યા.

## મૂર્તિપુણ્યયશસ્કરઃ ।।૨૪૩।।

મૂર્તિના પવિત્ર યશને વિસ્તારનાર.

ધર્મની સ્ત્રી અને પોતાની માતા મૂર્તિના યશને સારી રીતે પ્રસાર કરનાર આપ પ્રભુ છો. આ સ્કન્ધના અ.૧ માં કહે છે કે ''**મૂર્તિઃ સર્વગુણોપેતૌનરનારાયણા વૃષી...**'' (સઘળા ગુણોવાળી મૂર્તિએ નર અને નારાયણ નામે બન્ને ઋષિઓ પ્રકટ કર્યા) જેમના જન્મથી આખા જગતમાં મહા આનન્દ ફેલાયો હતો, અને મૂર્તિનો યશ સર્વત્ર પ્રસર્યો હતો એમ સ્પષ્ટ જણાવેલું છે. તેથી જ આપ મૂર્તિના યશને વિસ્તારો છો એમ કહ્યું,

**સહસ્રકવચચ્છેદી તપઃસારો નરપ્રિયઃ ।**
**વિશ્વાનન્દપ્રદઃ કર્મસાક્ષી ભારતપૂજિતઃ ।।૫૬।।**

## સહસ્રકવચચ્છેદી ।।૨૪૪।।

હજારો કવચોને છેદનારા.

યુદ્ધ સમયમાં શત્રુઓનાં હજારો-અસઙ્ખ્ય કવચોને-બખ્તરોને છેદનાર-તોડી નાખનાર આપ નારાયણરૂપ શ્રીકૃષ્ણ છો.

## તપઃસાર ।।૨૪૫।।

૧. તપ એ જ જેમને ગ્રહણ કરવા યોગ્ય છે એવા,

૨. તપરૂપ બળવાળા, ૩. તપરૂપ સારાંશવાળા.

પ્રભુને હમેશાં તપ જ બહુ પ્રિય છે તે જ ગ્રહણ કરવા યોગ્ય છે એમ માને

છે. આપને તપ કરવાનું કોઈ પણ પ્રયોજન નથી પરન્તુ સર્વજનના હિતમાટે તથા પોતાનું અનુકરણ કરી બીજા તેમ કરે તેટલા માટે જ આપ તપશ્ચર્યા કરો છો પોતે પરમાત્મા તો તપરૂપ જ છે, ગીતામાં આપ આજ્ઞા કરે છો કે ''**તપશ્ચાસ્મિ તપસ્વિષુ**'' (તપસ્વી પુરુષોમાં જે તપ છે તે હું છું. તેથી જ તપ એ જ સારાંશવાળા તથા તપરૂપ મહાબળવાન નારાયણ પરમાત્મા એમ કહે છે.

## નરપ્રિયઃ ||૨૪૬||

૧. નર જેમને પ્રિય છે એવા,
૨. નરોને મનુષ્યોને પ્રિય લાગે તેવા,
૩. નરમુનિને પ્રિય એવા.

નારાયણને પોતાના બન્ધુ નર ઋષિ બહુ જ પ્રિય છે, મનુષ્યોના હિતમાટે ઘોર તપશ્ચર્યા આપ નારાયણ ઋષિ કરી રહ્યા છો તો તેવા પરોપકારી મહાત્મા ઉપર સર્વ મનુષ્ય માત્રને પ્રેમ ઉપજે એમાં શું આશ્ચર્ય છે ? વળી પોતાના સહોદર બન્ધુ નર ઋષિને જે પ્રિય છે એવા નારાયણ, નર અને નારાયણ બન્ને જગત્‌ના હિતમાટે આવિર્ભાવ પામ્યા છો. એ બન્ને સ્વરૂપને ધારણ કરનાર જગન્નિયન્તા આપ શ્રીકૃષ્ણ જ છો.

## વિશ્વાનન્દપ્રદઃ ||૨૪૭||

વિશ્વને આનન્દ આપનાર.

પોતે ભગવાન્ બદરીકાશ્રમમાં તપ કરી બધા વિશ્વમાં આનન્દ ફેલાવી રહ્યા છે. જે પ્રમાણે શ્રેષ્ઠ પુરુષો જેવું આચરણ કરે તેને જ અનુસરી સર્વજનો વર્તન કરે છે. એ ગીતાના નિયમને અક્ષરશઃ નારાયણ મુનિએ પાળ્યો છે. કેવળ તે નિયમને જ માટે આપ તપ કરો છો એમ નહિ, પરન્તુ તેમાં મુખ્ય હેતુ તો પરોપકાર જ છે. એમ પરોપકાર કરવાથી જ વિશ્વને આનન્દ આપી રહ્યા છો.

કોઈને શંકા થાય કે ''નારાયણ મુનિના તપથી એમના જે ભક્ત હોય તેમનું હિત થાય તેથી તેમને આનન્દ આપનાર કહી શકાય પણ વિશ્વને આનન્દ આપનાર શી રીતે ?'' તેના સમાધાનમાં નીચેનું નામ જણાવે છે.

## કર્મસાક્ષી ||૨૪૮||

સર્વનાં કર્મોને પ્રત્યક્ષ જોનાર.

પરમાત્મા નારાયણ દેવ-દાનવ-માનવ વગેરે સઘળાનાં શુભાશુભ કર્મોને પ્રત્યક્ષ જોનાર છે. એટલે બધાના અશુભ કર્મને પણ આપ જાણો છો. તો તે સર્વના અશુભને દૂર કરવા આપ તપ કરો છો. માટે જ પ્રભુ વિશ્વને આનન્દ આપનાર છે.

## ભારતપૂજિતઃ ||૨૪૯||

૧. ભારત યુદ્ધમાં યુધિષ્ઠિર વગેરે રાજાઓએ પૂજેલા,
૨. ભારતી-સરસ્વતી (વિદ્યા) માં પ્રેમ ધરાવનારા બ્રાહ્મણાદિવડે પૂજન કરેલા,
૩. ભરતરાજાના વંશજોથી પૂજાયેલા,
૪. ભરતખણ્ડવાસી જનોવડે પૂજાયેલા એવા નારાયણરૂપી શ્રીકૃષ્ણ.

**અનન્તાદ્ભુતમાહાત્મ્યો બદરીસ્થાનભૂષણમ્ ||**
**જિતકામો જિતક્રોધો જિતસંગો જિતેન્દ્રિયઃ ||૫૭||**

## અનન્તાદ્ભુતમાહાત્મ્યઃ ||૨૫૦||

અખણ્ડ અને અદ્ભુત વિસ્મયકારક મહિમાવાળા.

અખણ્ડ અને વિસ્મયકારક મહિમા પ્રભુનો છે. વ્યાસ, વાલ્મિકી આદિ મુનિજનોએ મહાભારત, રામાયણ, શ્રીમદ્ભાગવત વગેરેમાં જેમનું આશ્ચર્યકારક માહાત્મ્ય બહુ જ સુન્દર રીતે વર્ણવ્યું છે. પ્રભુનો પ્રભાવ જ એવો છે કે જેમાં આશ્ચર્ય અને આશ્ચર્ય જ લાગ્યા કરે, વારંવાર જાણ્યા છતાં તેના પારને પામી જ ન શકાય માટે જ પ્રભુ અખણ્ડ અને આશ્ચર્યકારક માહાત્મ્યવાળા છે.

## બદરીસ્થાનભૂષણમ્ ||૨૫૧||

બોરડીઓવાળું જે બદરીકાશ્રમ નામનું મહાસ્થાન તેના ભૂષણરૂપ.

નારાયણ મુનિ સ્વરૂપ પરમાત્મા જન હિતાર્થે બદરીકાશ્રમમાં તપશ્ચર્યા કરે છે. એમ આપણે પ્રથમ જણાવી ગયા છીએ. ત્યાં ઘણા બોરડીનાં ઝાડો હોવાથી તેને બદરીવન કહે છે. તે બદરીવનમાં ભગવાન્ નારાયણનો આશ્રમ છે. ત્યાં પોતે તપ કરે છે તેથી જ તે સ્થાનના આપ ભૂષણરૂપ છો. એમ કહ્યું.

## જિતકામઃ ||૨૫૨||

કામદેવને જીતનાર

જ્યારે નારાયણ ઋષિ તપ કરતા હતા, ત્યારે ઈન્દ્રને શંકા થવાથી તેમના તપને ભન કરવા રમ્ભા નામની અપ્સરા તથા વસન્તઋતુ સહિત કામદેવને ત્યાં મોકલ્યો હતો. પરન્તુ નારાયણ પ્રભુએ પોતાના તપ પ્રભાવથી મોહ ન પામતાં તે કામને જ મોહ પમાડી દીધો અને પાછો વળ્યો હતો. માટે જ આપ નારાયણરૂપે કામદેવને જીતનાર કહેવાઓ છો.

## જિતક્રોધઃ ||૨૫૩||

ક્રોધને જીતનાર-વશીભૂત કરનાર.

ભગવાન્ નારાયણે શમ્ભુની પેઠે ક્રોધ કરી કામને જીત્યો નથી. પણ ક્રોધને

પોતાને આધીન કરી કેવળ નિજપ્રભાવથી જ કામનો પરાભવ કર્યો છે. અર્થાત્ કામ જેવા મહાબળવાન્ શત્રુનો પરાભવ કરવામાં પણ જે ક્રોધને વશ થયા હતા નહિ, આવો વિસ્મયજનક મહિમા તો નારાયણ ભગવાન્માં જ શોભે છે.

## જિતસંગઃ ||૨૫૪||

સંગને જીતનાર.

વિષયોના સંગને દૂર કરનાર–તરછોડનાર નારાયણ જ છે, કે રમ્ભા જેવી સ્વર્ગની રમણીમાં પણ જે મોહવશ થયા નહિ. એ વિષયના સંગનો ત્યાગ જેવો તેવો ન ગણાય. એવું તપ તો કોણ કરી શકે ? જ્યાં તપ ભન કરવામાં આવેલી રમ્ભા સુન્દરી પણ પાણી ભરે–લજ્જિત થઈ પાછી જાય, એવું જીતસંગપણું તો નારાયણમાં જ પ્રકાશે છે.

## જિતેન્દ્રિયઃ ||૨૫૫||

ઇન્દ્રિયોને વશ કરનાર.

ભગવાન્ હૃષીકેશ કહેવાય છે. 'હૃષીકેશ' એટલે ઇન્દ્રિયોના સ્વામી, જે સર્વ ઇન્દ્રિયોના સ્વામી–પતિ હોય તે તેમને વશ કરે એ કંઈ નવાઈ જેવું નથી, માટે જ આપ જિતેન્દ્રિય એવા નારાયણ ભગવાન્ છો.

**ઉર્વશીપ્રભવઃ સ્વર્ગસુખદાયી સ્થિતિપ્રદઃ |**
**અમાની માનદો ગોપ્તા ભગવચ્છાસ્ત્રબોધકઃ ||**

## ઉર્વશીપ્રભવઃ ||૨૫૬||

ઉર્વશીને ઉત્પન્ન કરનાર.

ઇન્દ્રે મોકલેલી રમ્ભાને નિહાળી નારાયણમુનિએ પોતાના તપનો પ્રભાવ બતાવવા, પોતાના સાથળમાંથી સ્વર્ગની સુંદરી રમ્ભા કરતાં પણ વિશેષ સુંદર અનેક સુંદરીઓ પ્રકટ કરી, અને તેમાંથી એક ઉર્વશી નામની બહુ જ રમણીય સુંદરી ઇન્દ્રને ભેટ આપી. ત્યારથી ઉર્વશીને ઉત્પન્ન કરનાર એવા નારાયણ એમ પુરાણોમાં પ્રસિદ્ધ થયા. આવો અદ્ભુત યોગપ્રભાવ પ્રભુ સિવાય અન્યમાં શી રીતે સમ્ભવે ?

## સ્વર્ગસુખદાયી ||૨૫૭||

સ્વર્ગને સુખ આપનાર.

સ્વર્ગમાં નિવાસ કરતા ઇન્દ્રાદિ દેવોને ઉર્વશીદ્વારા આનન્દ આપનાર ભગવાન્ છે કારણ કે સર્વ સ્વર્ગની વારાનનાઓમાં ઉર્વશી બધા કરતાં બહુ જ સુન્દર હોવાથી સઘળા દેવોને માનનીય તથા ઘણો જ આનન્દ આપનારી થઈ પડી. માટે જ સ્વર્ગનિવાસીઓને સુખ આપનાર એવા નારાયણ એમ કહ્યું.

**સ્થિતપ્રદઃ ॥૨૫૮॥**

ઉર્વશીને સ્વર્ગમાં સ્થિતિ આપનાર-સ્થિર કરનાર નારાયણ પ્રભુ.

**અમાની ॥૨૫૯॥**

અભિમાન રહિત.

મિથ્યા અભિમાન કરી સર્વને તુચ્છ માનવા એ આસુરીભાવ છે. તેવો આસુરીભાવ પ્રભુમાં ન જ હોય. તેથી એ અમાની છે.

**માનદઃ ॥૨૬૦॥**

૧. સર્વને માન આપનાર, ૨. અભિમાનનું ખંડન કરનાર.

પ્રભુ સર્વનું માન રાખે છે. વારંવાર સન્માન આપે છે. કેમકે તેવા જ પ્રકારના પોતાના વિનય વર્તનને લોકો અનુસરે. તેમ મહા અભિમાનમાં છકી ગયેલા મદોન્મત્ત મનુષ્યોના અભિમાનને તો પોતે માન આપનાર છે છતાંયે જડમૂળથી ઊખેડી નાંખે છે. એવા માનને આપવાવાળા અને અભિમાનને ખંડન કરનાર ભગવાન્ નારાયણ છે.

**ગોપ્તા ॥૨૬૧॥**

રક્ષણ કરનાર.

સર્વ લોકોનું રક્ષણ કરનાર-પાળનાર પ્રભુ છે. એટલા જ માટે આપ વરંવાર અવતાર ધારણ કરી સર્વ જગતનું રક્ષણ કરો છો. દુષ્ટ દૈત્યોથી પીડાતી પ્રજાનો ઉદ્ધાર કરો છો. માટે જ આપને ગોપ્તા-રક્ષણ કરનાર કહ્યા.

**ભગવચ્છાસ્ત્રબોધકઃ ॥૨૬૨॥**

પ્રભુ સમ્બન્ધી શાસ્ત્રનો બોધ કરનારા.

નારદ, વ્યાસ, શુકદેવજી વગેરે દ્વારા પઞ્ચરાત્ર, ભાગવતાદિ શાસ્ત્રને પ્રકટ કરી બોધ-ઉપદેશ આપનાર-જ્ઞાનનો પ્રકાશ કરનાર શ્રીકૃષ્ણ છે. પ્રભુની પ્રેરણાથી જ નારદ પ્રભૃતિએ શાસ્ત્રો રચી જગતમાં ભગવત્સમ્બન્ધી જ્ઞાન પ્રસરાવ્યું છે. માટે જ પ્રભુ શાસ્ત્રબોધક છે.

**બ્રહ્માદિવન્દ્યો હંસઃ શ્રીઃ માયાવૈભવકારણમ્ ॥**
**વિવિધાનન્તસર્ગાત્મા વિશ્વપૂરણતત્પરઃ ॥૫૯॥**

**બ્રહ્માદિવન્દ્યઃ ॥૨૬૩॥**

બ્રહ્મા-શંકરાદિક સર્વ દેવોવડે વન્દન કરવા યોગ્ય એવા પ્રભુ.

બ્રહ્મા, રુદ્ર, ઈન્દ્ર, ચન્દ્ર, સૂર્ય વગેરે બધાં દેવતાઓને વન્દનીય પ્રભુ છે. અનેકવાર ભારત-ભાગવતાદિમાં દેવોએ કરેલી ભગવાન્‌ની સ્તુતિ જોવામાં આવે છે.

એ જ ભગવાન્ સર્વ દેવથી વન્દન કરવા યોગ્ય છે.

## હંસઃ ।।૨૭૪।।

૧. સંસારને હણનાર, ૨. સંસારને જાણનાર, ૩. હંસસ્વરૂપ પરમાત્મા.

ભગવદીય જનોના અહન્તા-મમતાત્મક સંસારને હણનાર આપ ભગવાન્ છો. જેથી ભક્તો સંસારમાં મોહ પામતા નથી અને પ્રભુમાં લીન રહે છે. પ્રભુ સંસારના સારી રીતે અનુભવી છે. માટે પોતાના ભક્તો તેવા દુઃખમય સંસારસાગરમાં ડૂબકાં ન ખાય તેમ આપ અનુગ્રહ કરી તેમના અહંમમત્વ સંસારને હણે છે-નાશ કરે છે. પુરાણમાં કહે છે કે, "**સર્વહંસઃ પરમાત્મા**" (પ્રભુ પોતે હંસ સ્વરૂપ છે) આ વાક્યમાં પ્રભુ હંસ છે એમ સ્પષ્ટ જ દર્શાવ્યું છે.

## શ્રીઃ ।।૨૭૫।।

૧. આશ્રયરૂપ, ૨.લક્ષ્મીસ્વરૂપ.

સર્વને આશ્રય એક ભગવાન્નો જ છે, પ્રભુના આશ્રય સિવાય કાંઈ પણ નભી શક્તું નથી. એમ ઘણીવાર જણાવી ગયા છીએ, લક્ષ્મીના નિધાન-ભણ્ડાર જ પોતે ભગવાન્ છે તો તે લક્ષ્મીરૂપ હોય એમાં શું ! લક્ષ્મી પ્રભુથી પૃથક્ નથી. આપનાં જે-જે શ્રીઅંગો જોઈએ ત્યાં-ત્યાં હજારો લક્ષ્મીઓ ચમકી રહી છે, તો તેવા આપ લક્ષ્મીરૂપ કાં ન હો ?

## માયાવૈભવકારણમ્ ।।૨૭૬।।

માયાનો જે વૈભવ, તેના કારણરૂપ.

માયા-પ્રકૃતિના જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયરૂપ જે વૈભવો, તેના કારણરૂપ આપ પ્રભુ છો. કેમકે ભગવાન્ની ઈચ્છારૂપ માયાશક્તિથી જ આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય વગેરે વૈભવો બની રહ્યા છે. માટે જ તેનું કારણ પોતે પ્રભુ છે.

## વિવિધાન્તસર્ગાત્મા ।।૨૭૭।।

જુદી-જુદી અસઙ્ખ્ય સૃષ્ટિમાં જવાના સ્વભાવવાળા.

ભિન્ન-ભિન્ન પ્રકારની અનેક સૃષ્ટિ કે જે શંકરે પ્રકટ કરેલી વીરભદ્ર વગેરે ગણોની સૃષ્ટિમાં આત્મા-જવાના સ્વભાવવાળા આપ છો. કારણ કે વીરભદ્ર આદિ શંકરકૃત સર્ગમાં ભગવાને સામર્થ્ય-બળરૂપે આવિર્ભાવ કર્યો છે. તેમ ન હોય તો ભગવાન્ને ઉદ્દેશી કરવામાં આવેલા યજ્ઞનો નાશ થાય નહિ. પરન્તુ દક્ષ પ્રજાપતિના મહાઅભિમાનને ઉતારવા પ્રભુએ જ વીરભદ્રાદિ ગણોમાં બળરૂપે પ્રવેશ કરી આ ઘટના ઘડેલી છે. માટે જ પ્રભુ તેવી સૃષ્ટિમાં જવાના સ્વભાવવાળા છે એમ કહ્યું.

## વિશ્વપૂરણતત્પરઃ ||૨૬૮||

૧. વિશ્વનું ભરણ-પોષણ કરવામાં સાવધાન રહેનાર,
૨. વિશ્વનું ભરણ-પોષણ કરવું એ જ જેમનું ઉત્તમ કર્મ છે એવા.

આખા જગતનું ભરણ-પોષણ કરનાર આપ પ્રભુ શ્રીકૃષ્ણ છો. તેથી જ આપને વિશ્વમ્ભર એમ કહી ભક્તજનો પુકાર કરે છે.

સંસારના મોહમાં તલ્લીન થઈ હું પોષણકર્તા છું, હું સર્વ કરું છું, એમ મિથ્યાભિમાનમાં તણાઈ જાય છે તે વૃથા છે, કેમકે સર્વનું ભરણ-પોષણ કરનાર તો કેવળ પ્રભુ જ છે.

**યજ્ઞજીવનહેતુશ્ચ યજ્ઞસ્વામીષ્ટબોધકઃ |**
**નાનાસિદ્ધાન્તગમ્યશ્ચ સપ્તતન્તુશ્ચ ષડ્ગુણઃ ||૬૦||**

## યજ્ઞજીવનહેતુઃ ||૨૬૯||

૧. યજ્ઞમાં દક્ષ પ્રજાપતિને જીવનના કારણરૂપ, ૨. યજ્ઞના કારણરૂપ.

પ્રભુ દક્ષપ્રજાપતિના વીરભદ્રાદિકોએ દૂષિત કરેલા યજ્ઞમાં પધારી તેને જીવન-સમૃદ્ધ થવાના કારણરૂપ બન્યા છે. તેમ વીરભદ્રાદિકોએ નાશ કરેલા દક્ષને પણ આપે સજીવન કર્યો છે. માટે આપ યજ્ઞના તેમ યજમાનના જીવનરૂપ છો.

## યજ્ઞસ્વામી ||૨૭૦||

૧. યજ્ઞના સ્વામી, ૨. યજ્ઞ યજમાનના સ્વામી, ૩. યજ્ઞરૂપ સ્વામી.

સર્વ યજ્ઞના સ્વામી પ્રભુ છે, તેમ સર્વ યજમાનોના સ્વામી પણ પ્રભુ છે. શ્રુતિમાં કહે છે કે ''**યજ્ઞો યજમાન**'' (યજ્ઞ એ યજમાનરૂપ જ છે) તેમ ''**યજ્ઞો વૈ વિષ્ણુઃ**'' (યજ્ઞ એ વિષ્ણુરૂપ જ છે) એટલે યજ્ઞ અને યજમાન બન્ને પરમાત્મસ્વરૂપ જ છે. તેથી યજ્ઞરૂપ યજ્ઞના સ્વામી આપ શ્રીકૃષ્ણ છો એમ કહે છે.

## ઇષ્ટબોધકઃ ||૨૭૧||

ઈષ્ટ રુદ્ર (શંકર) ની પ્રસન્નતા થાય તેવા ઉપાયનો બોધ કરનાર આપ પ્રભુ છો.

## નાનાસિદ્ધાન્તગમ્યઃ ||૨૭૨||

જુદા-જુદા સિદ્ધાન્તોથી જાણવા યોગ્ય.

વિવિધ પ્રકારના સિદ્ધાન્તોથી જાણી પ્રાપ્ત કરવા યોગ્ય કેવળ શ્રીપરમાત્મા છે, કેમકે નાના પ્રકારના સિદ્ધાન્તોમાં પ્રભુનું જ પ્રતિપાદન કરેલું છે, એટલે તે સિદ્ધાન્તોમાં પ્રભુ સિવાય બીજું શું જાણવાનું હોય? ૭મા અધ્યાયમાં સર્વ ઋષિઓ, દેવો, યજમાન, ઋત્વિજો વગેરેએ ભિન્ન-ભિન્ન રીતે પરમાત્માની સ્તુતિ કરેલી છે તેથી જ અનેક સિદ્ધાન્તોથી ગમ્ય-જાણવા યોગ્ય પ્રભુ છે એમ સર્વત્ર સિદ્ધ છે.

**સપ્તતન્તુઃ ||૨૭૩||**

સાત વસ્તુઓનો વિસ્તાર કરનાર.

અગ્નિષ્ટોમ, ચાતુર્માસ્ય, વાજપેય, સોમ, અગ્નિહોત્ર, ચાતુર્હોત્ર, ચ્યવન વગેરે સાતે યજ્ઞસ્થાનોને વિસ્તારનાર તેમ ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્લોક, જનલોક, તપલોક, સત્યલોક અને બ્રહ્મલોક વગેરે સાતે લોકોનો વિસ્તાર કરનાર આપ પ્રભુ છો. માટે જ આપ સાત તન્તુઓને વિસ્તારનાર સપ્તતન્તુ કહેવાય છે.

**ષડ્ગુણઃ ||૨૭૪||**

ષડ્ગુણશાલી એવા પ્રભુ.

ઉત્પત્તિ પ્રલય સદ્ગતિ અસદ્ગતિ વિદ્યા અને અવિદ્યા, આ છ ગુણોને ધારણ કરવાવાળા તથા અણિમા મહિમા લઘિમા પ્રાપ્તિ ઈશિત્વ વશિત્વ એ છ ઐશ્વર્યના ગુણોને ધારણ કરનાર આપ શ્રીકૃષ્ણ છો માટે તે ષડ્ગુણ છે.

**પ્રતિસર્ગજગત્કર્તા નાનાલીલાવિશારદઃ |**
**ધ્રુવપ્રિયો ધ્રુવસ્વામી ચિન્તિતાધિકદાયકઃ ||૬૧||**

**પ્રતિસર્ગજગત્કર્તા ||૨૭૫||**

દરેક સર્ગે-સર્ગે જગતને સરજનાર એવા પરમાત્મા જ્યારે-જ્યારે આપ સૃષ્ટિઓને પ્રકટ કરે છે ત્યારે-ત્યારે આપ જ જગતને ઉત્પન્ન કરનાર છો.

**નાનાલીલાવિશારદઃ ||૨૭૬||**

જુદા-જુદા પ્રકારની સર્ગ, વિસર્ગ આદિ અનન્ત લીલાઓ ક્રીડાઓમાં નિપુણ-ચાલાક પણ પોતે શ્રીકૃષ્ણ જ છે. જો એમ ન હોય તો લીલાઓમાં આનંદ જનક વિચિત્રતા ક્યાંથી હોઈ શકે ? એવા પ્રકારનું સૌભાગ્ય પ્રભુમાં જ ઘટે છે.

**ધ્રુવપ્રિયઃ ||૨૭૭||**

૧. ધ્રુવજીને પ્રિય, ૨. ધ્રુવભક્તને ઈષ્ટસિદ્ધિ આપનાર,
૩. ધ્રુવ જેમને બહુ પ્રિય છે એવા પરમાત્મા.

ઉત્તાનપાદ રાજાના પુત્ર ધ્રુવજી, જે પરમાત્માના પરમભક્ત છે તેને પ્રિય-ઈષ્ટ વસ્તુની સિદ્ધિ આપનાર આપ પ્રભુ છો. પરમાત્માને ભક્તો ઘણા જ પ્રિય હોય છે, તથા ભક્તોને પ્રભુ ઘણા જ પ્રિય હોય છે. એમ પરસ્પર સમ્બન્ધ હોવાથી પ્રભુ ભક્તને પ્રિય વસ્તુ આપે એ ઉચિત જ છે.

**ધ્રુવસ્વામી ||૨૭૮||**

ધ્રુવજીના સ્વામી.

પ્રભુ પોતે પોતાના ભક્ત ધ્રુવજીના સ્વામી–પાલન કરનાર છે માટે આપે તેમને ધ્રુવપદ આપ્યું છે કે જ્યાં ભલભલાઓની પણ ગતિ થતી નથી. નકર આવી ઉત્તમ ગતિ ધ્રુવજની ક્યાંથી હોય ? તેથી જ આપ ધ્રુવજીના સ્વામી–પાલક કહેવાવ છો.

## ચિન્તિતાધિકદાયકઃ ||૨૭૯||

મનમાં હોય તેના કરતાં પણ વિશેષ ફળ અર્પણ કરનાર.

અપરમાતાના દુર્વચનથી દુઃખી બનેલા ધ્રુવજી પોતાની એ માતાના ગર્વનો નાશ કરવા તપ કરવા ગયા હતા કંઈ ભગવાન્‌ની પ્રાપ્તિ સારુ જ કેવળ તપ કરવાનો ઉદ્દેશ્ય હતો એમ ન હતું; છતાં તેમને પ્રભુએ દેવમુનિઓવડે વન્દન કરાતું એવું ઉત્તમ ધ્રુવપદ (વિષ્ણુપદ) અર્પણ કર્યું. એ મનના ઉદ્દેશ કરતાં પણ વિશેષ આપ્યું છે. માટે મનમાં હોય તેના કરતાં અધિક આપનાર એવા આપ પ્રભુ એમ કહ્યું. વિષ્ણુપુરાણના ‘‘**અહોઽસ્ય તપસો વીર્યમહોઽસ્ય તપસઃ ફલમ્**’’ એ શ્લોકમાં કહ્યું છે કે ‘‘અહો ! ધ્રુવજીનું તપોબળ–તપનું ફળ કેવું વિસ્મયકારક છે કે, એ ધ્રુવને આગળ કરીને જ સપ્તર્ષિઓ સ્થિર થયેલા છે’’ એમાં ચિન્તન કરતાં અધિક આપવાનો પ્રસિદ્ધ પુરાવો છે.

**દુર્લભાનન્તફલદો દયાનિધિરમિત્રહા ।**
**અંગસ્વામી કૃપાસારો વૈન્યો ભૂમિનિયામકઃ ।।૬૨।।**

## દુર્લભાનન્તફલદઃ ||૨૮૦||

દુર્લભ એવું અનન્ત ફળ આપનાર.

મોટા–મોટા દેવોને પણ પ્રાપ્ત ન થઈ શકે તેવું દુર્લભ કોઈ દિવસ નહિ નાશ પામે એવું પોતાનું ઉત્તમ ધ્રુવપદ ધ્રુવજીને આપનાર શ્રીકૃષ્ણ જ છે.

## દયાનિધિઃ ||૨૮૧||

દયા–કરુણાના ભણ્ડાર કૃપાનિધિ પ્રભુ.

ધ્રુવભક્ત પાંચ વરસના હતા, તેથી આ બાળક છે, દુઃખી થાય છે, એમ જાણી જેમણે તેમના ઉપર મહા અનુગ્રહ કર્યો છે. માટે જ પ્રભુને દયાનિધિ–કરુણાસાગર વગેરે વિશેષણોથી ભક્તો સ્તુતિ કરે છે.

## અમિત્રહા ||૨૮૨||

શત્રુઓને હણનાર.

૯મા અધ્યાયમાં ધ્રુવજીએ પોતાના ભાઈનો નાશ કરનારા યક્ષો રુદ્રના અનુચરો છે એમ જાણી વિજયી રથમાં બેસી તેમની નગરીમાં પ્રવેશ કરી હજારો

યક્ષોનો નાશ કરેલો છે. ધ્રુવ ભગવદ્‌રૂપ હોવાથી તે દ્વારા પ્રભુ જ અભિમાનમાં છકી ગયેલા યક્ષોનો વિનાશ કરનાર છે. માટે જ અહીં શત્રુને વિદારનાર એવા હરિ એમ કહ્યું.

**અંગસ્વામી ।।૨૮૩।।**

અંગ રાજાના સ્વામી અર્થાત્ તેને નિયમમાં રાખનાર.

**કૃપાસાર:।।૨૮૪।।**

કૃપા એ જ જેમને સારભૂત છે એવા પ્રભુ

કૃપારૂપ અમૃતધારાને વરસાવનાર આપ પ્રભુ છો. અંગરાજાને પોતાના દુષ્ટ પુત્ર વેનથી જ સંસારમાં અભાવ થઈ વૈરાગ થયેલો છે. એવા પ્રકારના આનંદમય વૈરાગ્યને પુત્રદ્વારા પરમાત્માએ જ આપેલો છે. તેથી તે અંગરાજાને સંસારનો મોહ છૂટી ગયો, એ જ પ્રભુએ તેમના પર મોટી કૃપા કરી માટે આપ કૃપારૂપ સારવાળા છે.

**વૈન્ય: ।।૨૮૫।।**

વેનના પુત્ર (પૃથુરાજ) તે રૂપ પ્રભુ.

વેનના પુત્ર પૃથુરાજ થયા, એ ભગવાન્‌નો અંશાવતાર છે. માટે પ્રભુથી પૃથક્ નથી, પ્રભુના મુખ્ય ૨૪ અવતારોમાં પૃથુરાજની પણ ગણતરી થઈ જાય છે. એટલે તે રૂપ ભગવાન્ છે.

**ભૂમિનિયામક: ।।૨૮૬।।**

ભૂમિને નિયમમાં રાખનાર. વશ કરનાર.

પૃથુરાજદ્વારા પૃથ્વીને નિયમમાં રાખનાર આપ પ્રભુ છો. આ સ્કન્ધના ૧૭ મા અધ્યાયમાં કહે છે કે "**વસુધે ત્વાં વધિષ્યામિ મચ્છાસનપરાઙ્‌મુખીમ્**" (હે ભૂમિ ! જો તું મારાથી પ્રતિકૂલ ચાલીશ તો હું તારો નાશ કરીશ) આ પ્રમાણે તૃણ, ધાન્ય નહિ થવાને લીધે બહુ જ દુ:ખી બનતી પ્રજાને જોઈ પૃથ્વીને શિક્ષા આપી પોતાને આધીન બનાવેલી છે. માટે એ પૃથુરાજદ્વારા આપ જ તેને વશ કરનાર છો, અન્ય નહિ, કેમકે ભૂમિને નિયમમાં રાખવી એ સાધારણ કાર્ય નથી.

**ભૂમિદોગ્ધા પ્રજાપ્રાણપાલનૈકપરાયણ: ।**
**યશોદાતા જ્ઞાનદાતા સર્વધર્મપ્રદર્શક: ।।૬૩।।**

**ભૂમિદોગ્ધા ।।૨૮૭।।**

ભૂમિનું દોહન કરનાર.

ગાયનું રૂપ ધારણ કરનારી ધરણીનું-પૃથ્વીનું દોહન કરનાર અર્થાત્ તેમાંથી

સર્વ પ્રજાઓને જે જોઈએ તે સાર અર્પણ કરનાર આપ ભગવાન્ છો. આ સ્કન્ધના ૩૮મા અધ્યાયમાં ''**વત્સં કલ્પય મે વીર !...**'' એ શ્લોકથી ભૂમિ કહે છે કે ''હે વીર ! જો આપને ઈચ્છા માફક બળ આપનાર અન્ન મેળવવા અભિલાષા હોય તો મને દોહવાનું પાત્ર, અને વત્સની કલ્પના કરો, કે જેથી તમારા પર પ્રીતિવાળી બનેલી હું મરજીમાં આવે તેવું પદાર્થોરૂપ દૂધ કાઢી આપું'' એમ ગોરૂપ ભૂમિનાં વચન સાંભળી પૃથુરાજાએ વત્સો વગેરે કલ્પી ગોરૂપધારી ધરાનું દોહન કરેલું છે માટે ભૂમિદોગ્ધા ભગવાન્ એમ કહ્યું.

## પ્રજાપ્રાણપાલનૈકપરાયણઃ ||૨૮૮||

પ્રજાના પ્રાણોનું પાલન કરવાને એટલે દુષ્ટજનોથી તેમનું રક્ષણ કરવાને જે મુખ્ય આશ્રય રૂપ છો. એવા પૃથુરાજરૂપ પરમાત્મા. સર્વ પ્રજાઓનો આશ્રય પ્રભુ જ છે. જો તે તેમનું રક્ષણ ન કરે તો બીજો કોણ કરી શકે ? માટે જ પ્રભુ અનેક રીતે પ્રજાઓનું પાલન કરનાર છે.

## યશોદાતા ||૨૮૯||

યશ આપનાર.

સર્વ પ્રજાઓનાં દુઃખોને દૂર કરી કોઈએ નહિ કરેલાં એવાં આશ્ચર્યમય કાર્યો આચરી પૃથુરાજાની કીર્તિ દશે દિશામાં પ્રસરાવનાર આપ શ્રીકૃષ્ણ જ છો. પૃથુરાજાએ ધનુષની અણીથી ભૂમિને સપાટીમયી બનાવી. જેમ અન્નની વિશેષતા થાય, પ્રજાને વસવાની સરલતા થાય તેમ અદ્ભુત કર્મો કર્યાં છે. એમ અધ્યાય ૧૮ માં જણાવેલું છે.

## જ્ઞાનદાતા ||૨૯૦||

જ્ઞાન આપનાર

પૃથુરાજાને સનત્કુમારદ્વારા સ્વરૂપનું જ્ઞાન આપનાર શ્રીભગવાન્ છે. આ સ્કન્ધના ૨૨ મા અધ્યાયમાં સનત્કુમારે પૃથુરાજાને સ્પષ્ટ જ્ઞાન દર્શાવેલું છે. તે દ્વારા પ્રભુ તેમને જ્ઞાન આપનાર છે. માટે પોતે જ્ઞાનદાતા કહેવાય છે.

## સર્વધર્મપ્રદર્શકઃ ||૨૯૧||

સર્વ ધર્મને દર્શાવનાર.

સર્વ જનોને પ્રવૃત્તિ રૂપ પોત-પોતાના ધર્મને સારી રીતે દર્શાવનાર આપ પ્રભુ શ્રીપુરુષોત્તમ જ છે. કોઈ દ્વારા એ અથવા પોતે જાતે પણ અનેક રૂપે સર્વ મનુષ્ય માત્રને પોત-પોતાના ધર્મનો ઉપદેશ આપી, પ્રભુ તેમના માર્ગદર્શક બને છે એ નિઃસન્દેહ જ છે.

**પુરઞ્જનો જગન્મિત્રં વિસર્ગાન્તપ્રદર્શકઃ ।**
**પ્રચેતસાં પતિશ્ચિત્રભક્તિહેતુર્જનાર્દનઃ ॥૬૪॥**

## પુરઞ્જનઃ ॥૨૯૨॥

શરીરને ઉત્પન્ન કરનાર.

શરીરને 'પુર' કહેવાય છે. શ્રુતિ જણાવે છે કે "**પશ્ચાદ્ ભૂમિમ્ અથો પુરઃ**" પરમાત્માએ બ્રહ્માણ્ડરૂપ વિરાટદેહને પ્રથમ પ્રકટ કરી પોતે જ દેવ, દાનવ, માનવ વગેરે જીવરૂપે થયા. ત્યાર પછી તેમને નિવાસ કરવાને ભૂમિ અને શરીરો ઉત્પન્ન કર્યાં. આ સ્કન્ધના ૨૯ મા અધ્યાયમાં નારદજી પ્રાચીનબર્હિને કહે છે કે "**પુરુષં પુરઞ્જનં વિદ્ધિ**" જે પુરુષ છે એને જ તું પુરઞ્જન જાણ ! ત્યાં આગળ પુરને પ્રકટ કરનાર પુરઞ્જન એમ સ્પષ્ટ કથન કરેલું છે.

## જગન્મિત્રમ્ ॥૨૯૩॥

જગતના મિત્ર-બન્ધુ એવા પરમાત્મા

પ્રભુ પોતે જ જગદ્બન્ધુ છે. ગીતામાં આપ આજ્ઞા કરો છો કે "**આત્મૈવ હ્યાત્મનો બન્ધુઃ**" "આત્મા-પરમાત્મા એ જ વિશ્વના બન્ધુ છે" કારણ કે પ્રભુ પોતે જ જગદ્રૂપ થયેલાં છે માટે સર્વના આત્મારૂપ જગતના બન્ધુ આપ પરમાત્મા જ છે.

## વિસર્ગાન્તપ્રદર્શકઃ ॥૨૯૪॥

વિશેષ સૃષ્ટિના અન્તને દર્શાવનાર

પ્રાચીનબર્હિરાજાને નારદદ્વારા ઉપદેશ આપી વૈરાગ્ય પ્રકટાવ્યો પછી વિશેષ સર્ગના અન્તને અર્થાત્ વધારે સૃષ્ટિની સમાપ્તિને દર્શાવનાર-બોધ આપનાર પોતે પરમેશ્વર જ છો. હવે એમનાથી વિશેષ સૃષ્ટિ કરાવવાની જરૂર નથી એમ જાણી, આપે તેમને બોધ આપ્યો છે. એટલે ભગવદિચ્છાથી નારદદ્વારા જ્ઞાન મેળવી જ્ઞાનનિષ્ઠ બની જઈ પ્રજાવૃદ્ધિના કાર્યથી પ્રાચીનબર્હિ વિરામ પામી ગયા. એ સર્વ માર્ગદર્શક પોતે ભગવાન્ છે.

## પ્રચેતસાં પતિઃ ॥૨૯૫॥

પ્રચેતાઓના પતિ-સ્વામી-પાલન કરનાર.

શંકરની કૃપાથી જેમનું હૃદયકમલ નિર્મલ બની ગયું છે એવા પ્રાચીનબર્હિના દસ હજાર પુત્રો, જે પ્રચેતાઓના નામથી ઓળખાય છે, તે સર્વ પ્રચેતાઓના પતિ-પાલન કરનાર આપ શ્રીકૃષ્ણ છે. ૩૦મા અધ્યાયમાં પ્રચેતાઓએ પોતાના પિતાની આજ્ઞા પાળવા પ્રભુનું આરાધન કર્યું છે. તેથી પોતે પ્રકટ થઈ તેમની વાઞ્છના પૂર્ણ

કરી માટે પ્રચેતસોના પતિ-સ્વામી પોતે છે. એમ જણાવ્યું.

**ચિત્રભક્તિહેતુઃ ।।૨૯૬।।**

વિચિત્ર સત્કાર કરવા યોગ્ય એવી ભક્તિના કારણરૂપ પોતે પ્રભુ છે.

**જનાર્દનઃ ।।૨૯૭।।**

૧. માયાને વશ કરનાર, ૨. જનોને અન્તકાલ સમયે નાશ કરનાર, ૩. સર્વ જનોએ પ્રાર્થના કરવા યોગ્ય, ૪. સર્વ મનુષ્યોએ મનન કરવા જાણવા યોગ્ય એવા

માયાનો નાશ કરનાર આપ જ છો. જો પ્રભુકૃપા મળે તો જ મનુષ્યને માયા બાધ ન કરી શકે. નહિ તો અનેક જન્મો જાય તો પણ માયાજાળમાં સપડાયા વિના મનુષ્યરૂપ માછલાંઓ ભાગ્યે જ બચી શકે. એમાં સપડાયેલા જીવોને છૂટકો થવો ઘણો જ મુશ્કેલ છે. પ્રભુએ સંસારનાટકમાં ખેલવામાટે એ અદ્‌ભુત માયાજાળ બિછાવી છે. તેના મોહમાં ને મોહમાં ફસેલાઓનો અન્તકાલ સમયે અન્ત કરનાર પણ આપ છો. એટલે સર્વજનો આપનું સેવન-સ્તવન કરે છે. માટે આ સંસારસાગરથી મુક્ત થવાને મનન કરવા યોગ્ય-ચિન્તન કરવા યોગ્ય કેવળ આપ જ છો.

**સ્મૃતિહેતુબ્રહ્મભાવ-સાયુજ્યાદિપ્રદઃ શુભઃ ।।**
**વિજયી............... ।।**

**સ્મૃતિહેતુબ્રહ્મભાવસાયુજ્યાદિપ્રદઃ ।।૨૯૮।।**

સ્મૃતિવડે થયેલા બ્રહ્મભાવથી સાયુજ્યાદિ મુક્તિ ગતિને અર્પણ કરનાર.

'સ્મૃતિ' એટલે ભગવાન્‌નું સ્મરણ થવું તે સ્મૃતિરૂપ હેતુવડે અન્તરમાં પ્રકટ થયેલા બ્રહ્મભાવ (સર્વ સ્થળે પરમાત્મબુદ્ધિ થઈ ભગવત્સ્વરૂપનું જ્ઞાન થવું) તેથી સાયુજ્ય, સામીપ્ય, સાલોક્ય, સારૂપ્ય વગેરે ચતુર્વિધ મુક્તિ-ગતિને આપનાર શ્રીકૃષ્ણ જ છે. એવી મુક્તિ આપનાર આપ હોવાથી જ જેમની સર્વજનો મુકુન્દ એમ કહી સ્તુતિ કરે છે.

**શુભઃ ।।૨૯૯।।**

૧. કલ્યાણરૂપ, ૨. મંગલરૂપ

સર્વનું કલ્યાણ કરનાર પોતે પ્રભુ છે તેથી તે કલ્યાણરૂપ છે. તેમ મંગલરૂપ પણ આપ છો. ગીતામાં આજ્ઞા કરે છે કે "**મંગલાનાં ચ મંગલમ્**" પરમાત્મા સર્વ મંગલ વસ્તુઓમાં પણ મંગલરૂપ છે. અર્થાત્ સર્વોત્તમ મંગલવસ્તુ કેવલ પ્રભુ જ છે. માટે એ શુભ છે.

**વિજયી ।।૩૦૦।।**

વિજયવાન્

પસર્વ પ્રકારે વિશેષ કરી જય પ્રાપ્ત કરવાના સ્વભાવવાળા આપ શ્રીકૃષ્ણ છો. ગીતામાં સઞ્જય કહે છે કે

**‘‘યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ,**
**તત્ર શ્રીવિજયોર્ભૂતિર્ધ્રુવા નીતિર્મતિર્મમ ’’**

(જ્યાં મહાયોગેશ્વર શ્રીકૃષ્ણ પરમાત્મા તથા જ્યાં ધનુર્ધારી ધનઞ્જય (અર્જુન) છે ત્યાં જ લક્ષ્મી, વિજય અને ઉન્નતિ હોય છે. એમ મારી બુદ્ધિનો નિશ્ચય જ છે) અહીં શ્રીકૃષ્ણનું વિજયીપણું સ્પષ્ટ દર્શાવ્યું છે. માટે જ આપને વિજયી કહે છે.

**।।ઇતિ ચતુર્થસ્કન્ધનામાનિ।।**

## || અથ પઞ્ચમસ્કન્ધનામાનિ ||

### ... સ્થિતિલીલાબ્ધિઃ અચ્યુતો વિજયપ્રદઃ ||૬૫||

### સ્થિતિલીલાબ્ધિઃ ||૩૦૧||

સ્થિતિ લીલાના સાગર.

તૃતીય સ્કન્ધસ્થ સર્ગલીલાનાં નામો કહ્યાં, ચતુર્થ સ્કન્ધસ્થ વિસર્ગલીલાનાં નામો જણાવ્યાં અને હવે પઞ્ચમ સ્કન્ધનીય સ્થિતિ લીલાનાં નામો દર્શાવે છે. ભાગવત ૨ ।૧૦ માં કહે છે કે '**સ્થિતિઃ વૈકુણ્ઠવિજયઃ**' સરજેલા પદાર્થોને મર્યાદામાં- નિયમમાં રાખવાથી જે વૈકુણ્ઠ ભગવાન્‌નો વિજય-મહિમા, તેને સ્થિતિ અથવા સ્થાન કહે છે. તેવી સ્થાન રૂપ લીલાના સમુદ્ર-સાગર આપ શ્રીકૃષ્ણ છે.

### અચ્યુતઃ ||૩૦૨||

ચલાયમાન થાય નહિ તેવા.

બલ આદિથી પણ જે કોઈ દિવસ ચલાયમાન થાય નહિ તેવા શ્રીકૃષ્ણચન્દ્ર. મહાભારતમાં કહે છે કે ''**યસ્માદ્ અચ્યુત પૂર્વો અહમ્ અચ્યુતઃ તેન કર્મણા**'' પ્રથમ કોઈ પણ વખત હું ચલાયમાન થયો નથી તેથી મને અચ્યુત કહે છે. તેમ મન્ત્રવર્ણમાં ''**શાશ્વતં શિવમચ્યુત**''. ''પરમાત્મા નિત્ય-અચ્યુત છે, કલ્યાણકારક છે'' કોઈ પણ કાલમાં પ્રભુ પોતાના સ્વરૂપથી ચલાયમાન થતા જ નથી માટે તેમને અચ્યુત કહે છે.

### વિજયપ્રદઃ ||૩૦૩||

વિશેષ જય આપનાર.

સંસારસિંધુથી વિજય પ્રાપ્ત કરાવનાર પોતે પ્રભુ છે. ભગવાન્‌નું સ્મરણ કરનાર ભગવદીયજન સંસારસાગરથી તરી જઈ, જન્મ-મરણથી રહિત બની, પ્રભુપદને પ્રાપ્ત કરે છે. એને સંસારથી વિજય મેળવ્યો કહેવાય છે. એવો વિજય આપનાર શ્રીકૃષ્ણ છે.

### સ્વસામર્થ્યપ્રદો ભક્તકીર્તિહેતુરધોક્ષજઃ ।
### પ્રિયવ્રતપ્રિયસ્વામી સ્વેચ્છાવાદવિશારદઃ ||૬૬||

### સ્વસામર્થ્યપ્રદઃ ||૩૦૪||

પ્રિયવ્રતરાજાને ઉત્તમ રીતે પોતાનું સામર્થ્ય-બળ અર્પણ કરનાર એવા પુરુષોત્તમ. એમ ન હોય તો રથચરણથી સપ્ત સમુદ્ર પ્રકટ કરવાનું સામર્થ્ય પ્રિયવ્રત રાજામાં ક્યાંથી હોય ! માટે જ આપ તેમને બળ આપનાર છો એમ કહ્યું.

## ભક્તકીર્તિહેતુઃ ||૩૦૫||

ભક્તોની કીર્તિના કારણરૂપ એવા પ્રભુ.

પરમાત્મા નિજભક્તોને સંસારથી મુક્ત કરે છે. તેમને મુક્તિ આપવારૂપ વિજય પ્રાપ્ત કરનાર પ્રભુ હોવાથી તેમની કીર્તિ જે સર્વ દિશામાં પ્રસરે છે તેના હેતુરૂપ કારણભૂત પણ પોતે ભગવાન્ જ છે.

## અધોક્ષજઃ ||૩૦૬||

૧. જિતેન્દ્રિય પુરુષોને પ્રત્યક્ષ થનારા, ૨. ઈન્દ્રિયજ્ઞાન જેમનાથી નીચું છે,
૩. સ્વર્ગ, આકાશ અને પૃથ્વી એ ત્રણે જેમનાથી નીચે ઉદય પામેલાં છે એવા વિરાટ પરમાત્મા.

પ્રથમ સર્વ ઈન્દ્રિયોનો સંયમ કરવામાં આવે ત્યારે સઘળી વૃત્તિઓ પ્રભુ તરફ દોરાય છે. અને ત્યારે જ પરમાત્માના સ્વરૂપને પ્રત્યક્ષ કરી શકાય છે. ઈન્દ્રિયજન્ય જ્ઞાન તથા સ્વર્ગ, આકાશ અને પૃથ્વી વગેરે સર્વ પ્રભુની નીચે છે. મહાભારતના ઉદ્યોગ પર્વમાં કહ્યું છે કે ''**અધો ન ક્ષીયતે જાતુ યસ્માત્ તસ્માદ્ અધોક્ષજઃ**'' જે પ્રભુથી આ સર્વ આકાશાદિ પદાર્થો નીચે ક્ષય પામતા નથી તેથી તેમને અધોક્ષજ કહે છે. વૈરાટ સ્વરૂપ ભગવાન્ના આધારથી જ આ સર્વ વિશ્વ સ્થિર રહેલું છે. માટે પોતે અધોક્ષજ છે.

## પ્રિયવ્રતપ્રિયસ્વામી ||૩૦૭||

પ્રિયવ્રત રાજાના પ્રિય એવા સ્વામી શ્રીકૃષ્ણ.

પ્રિયવ્રત રાજાને સર્વ ચક્રવર્તી રાજ્ય મળ્યું, છતાં તેમનું અન્તઃકરણ પ્રભુચરણમાં જ રમણ કરતું હતું. તેથી પ્રિયવ્રત રાજાને પ્રિય એવા સ્વામી-પતિ-પાલન કરનાર આપ પ્રભુ જ છે. એ પ્રસિદ્ધ છે.

## સ્વેચ્છાવાદવિશારદઃ ||૩૦૮||

૧. પોતે ઈચ્છા કરેલા વાદમાં નિપુણ-ચતુર,
૨. ભગવદિચ્છાને વદનારા વેદોના વાદમાં કુશળ એવા પ્રભુ

પોતાની ઈચ્છાથી પ્રકટ કરેલા બ્રહ્મવાદમાં આપ અતિશય પ્રવીણ છો. તેમ ભગવાન્ની ઈચ્છાને વદનારાં પ્રકાશ કરનારાં, એવા સર્વ વેદોના વાદમાં અર્થાત્ કર્મકાણ્ડની સકલ કલાઓમાં કુશલ. હોંશિયાર પોતે પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર છે, કેમકે પ્રથમ કહી ગયા તે પ્રમાણે સર્વ વેદો જ ભગવાન્ના નિઃશ્વાસરૂપ છે તો પછી તે વેદોમાં આપનું કુશલપણું હોય એ કંઈ વિસ્મયજનક નથી. માટે જ પ્રભુને પોતે પ્રતિપાદન કરેલા વાદમાં પ્રવીણ-નિપુણ કહ્યા છે.

## સઙ્ગ્યગમ્યઃ સ્વપ્રકાશઃ સર્વસંગવિવર્જિતઃ ।
## ઈચ્છાયાં ચ સમર્યાદસ્ત્યાગમાત્રોપલમ્ભનઃ ॥૬૮॥

### સઙ્ગ્યગમ્યઃ ॥૩૦૯॥

સંગીથી અગમ્ય એવા પરમાત્મા.

'સંગી' એટલે પોત-પોતાના અધિકારમાં રહેલા બ્રહ્માદિ દેવતાઓને પણ અગમ્ય ન જાણી શકાય તેવા. આ સ્કન્ધના અ.૧ માં બ્રહ્મા પોતાના પુત્ર પ્રિયવ્રતને કહે છે કે "**યદ્વાચિ તન્ત્યા ઈતિ**" (હે વત્સ ! આપણે બધાયે તે પરમાત્માની વાણીરૂપ દોરીમાં ગુણકર્મથી ઠરાવેલી બ્રાહ્મણ આદિ જાતિઓના મજબૂત બન્ધનયુક્ત અભિમાનથી બંધાયેલા જેમ નાથેલા બળદો ખેડૂતની ઈચ્છા પ્રમાણે કર્મ કરે છે. તેમ ઈશ્વરની ઈચ્છા પ્રમાણે આપણે તેને બલિ આપીએ છીએ, કર્મ કરીએ છીએ માટે તે પ્રભુને સર્વ બ્રહ્માદિકથી અગમ્ય અગોચર કહ્યા.

### સ્વપ્રકાશઃ ॥૩૧૦॥

પોતાના સ્વરૂપથી જ પ્રકાશ પામી રહેલા.

પરમાત્મા સ્વયં પ્રકાશમાન છે. એમને અન્યના પ્રકાશની અપેક્ષા નથી, અરે એટલું જ નહિ પણ સર્વ વિશ્વમાં જે પ્રકાશ જણાય છે તે પ્રકાશ પ્રભુના પ્રકાશ આગળ કાંઈ પણ નથી. તેમના પ્રકાશનો અંશમાત્ર જ છે. માટે કરોડો-અનન્ત સૂર્યોનો પ્રકાશ પણ પ્રભુ સમીપ તુચ્છ છે. એમ અમે પ્રથમ જણાવી ગયા છીએ.

### સર્વસંગવિવર્જિતઃ ॥૩૧૧॥

સર્વ સંસારના સંગથી છોડાવનાર એવા ભગવાન્.

પ્રિયવ્રત રાજાના દસ પુત્રોમાંથી કવિ, મહાવીર અને સવન એ ત્રણે જણને સંસારના વિષય-સંગથી દૂર કરાવનાર પ્રભુ છે. ભગવાન્‌ની ઈચ્છા સિવાય તેમ કૃપા વિના સંસારની વિકટ માયા છૂટી શક્તી નથી. માટે એ ત્રણેને વિરાગ પ્રકટ થઈ ભગવાન્‌માં અનુરાગ થયો એ પ્રભુકૃત છે. એવા આશયથી સર્વ સંસારના સંગથી છોડાવનાર એવા પ્રભુ એમ કહ્યું.

### ઇચ્છાયાં ચ સમર્યાદઃ ॥૩૧૨॥

ત્યાગની ઈચ્છાવાળા ભક્તોને તેમાં મર્યાદાયુક્ત રાખનાર પ્રભુ.

પ્રિયવ્રત રાજાના સર્વ બાળકોમાંથી ફક્ત ત્રણ જણને જ યોગજ્ઞાન થયું. એ ભગવદિચ્છાનું જ કારણ છે. નકર બાલ્યાવસ્થામાં જ ચોથા આશ્રમની ઈચ્છા અને તેવી ઈચ્છાને જન્મ પર્યન્ત નિભાવવી એ બનવું અશક્ય છે. માટે તેમને તેવી મર્યાદામાં રાખનાર પણ પ્રભુ જ છે.

## ત્યાગમાત્રોપલમ્ભનમ્ ||૩૧૩||

સર્વ સંગના ત્યાગ માત્રથી જ પ્રાપ્ત થાય તેવા.

સર્વ સંસારના સંગનો ત્યાગ કરવાથી જ પ્રભુ પ્રાપ્ત થાય છે. ગીતામાં ભગવાન્ આજ્ઞા કરે છે કે "**ત્યાગાત્ શાન્તિઃ અનન્તરમ્**" (ત્યાગથી અનન્તર શાન્તિ થાય છે) એટલે સર્વ વસ્તુના ત્યાગપૂર્વક ભગવાન્ ઉપર અનુરાગ થતાં તે પ્રાપ્ત કરી શકાય છે ત્યારે જ અવધિ વિનાની અનન્ત શાન્તિ થાય છે, અનહદ આનન્દનો સ્વાદ મળે છે. તે મળ્યા પછી જન્મ મરણરૂપ પ્રવૃત્તિ-અશાન્તિ રહેતી જ નથી.

**અચિન્ત્યકાર્યકર્તા ચ તર્કાગોચરકાર્યકૃત્ ।**

**શૃંગારરસમર્યાદા આગ્નીધ્રરસભાજનમ્ ||૬૮||**

## અચિન્ત્યકાર્યકર્તા ||૩૧૪||

ન ચિન્તન કરી શકાય તેવાં કાર્યો કરનાર.

મનથી પણ ન વિચારી શકાય તેવાં ભક્તોનાં કાર્યોને સમ્પાદન કરનાર પોતે પરમાત્મા છે. ઈશ્વર સિવાય અચિુત્ય કાર્યો તો કોણ કરી શકે એવું છે ? સર્વ વસ્તુની સત્તા પ્રભુએ પોતાના શ્રીહસ્તમાં જ રાખેલી છે. એટલે તેવી રીતે જ બધાં કાર્યો બને છે. ભગવદિચ્છા વિના એક તૃણ પણ ઉપડી શકે નહિ તો પછી અચિુત્ય કાર્ય તો ક્યાંથી જ થાય !

## તર્કાગોચરકાર્યકૃત્ ||૩૧૫||

અનુમાનથી પણ ન જાણી શકાય તેવાં કાર્યોને કરનાર.

પ્રિયવ્રત રાજાએ ભગવદ્ભક્તિના પ્રતાપવડે આ રાત્રિ પડવાથી પ્રજાને પીડા થાય છે, એમ જાણી સૂર્યની પેઠે રથ પર બેસી પ્રવાસ કરીને પોતાના તેજથી રાત્રિને દૂર કરતાં રથના પૈડાથી સાત સમુદ્રો બનાવી દીધા. આવા પ્રકારનું અનુમાન પણ કરી શકાય નહિ તેવું કર્મ, પ્રિયવ્રત રાજાદ્વારા પ્રભુએ જ કરેલું છે. એમ ન હોય તો આવું શું અન્યથી થઈ શકે ? માટે જ તેવાં કાર્ય કરનાર તો પ્રભુ જ છે.

## શૃંગારરસમર્યાદા ||૩૧૬||

શૃંગાર રસની મર્યાદા (છેડો) રૂપ એવા પ્રભુ.

શૃંગાર, વીર, કરુણા, અદ્ભુત, હાસ્ય, ભયાનક, બિભત્સ, રૌદ્ર અને શાન્ત એવા નવ પ્રકારના રસો છે. દશમો વત્સલરસ પણ ગણાય છે. એ સર્વ રસોમાં શૃંગારરસ મુખ્ય છે. તે શૃંગાર રસના અવધિરૂપ આપ ભગવાન્ છો. શ્રુતિમાં કહે છે કે "**રસો વૈ સઃ**" (પ્રભુ પોતે રસરૂપ જ છે) જ્યારે આપ જ સર્વરસરૂપ છે, તો તે શૃંગાર રસનો અવધિ-છેડો એથી આગળ અભાવ હોય એમાં શું કહેવાનું ? વિશ્વમાં દેખાઈ

આવતો શૃંગાર રસ તે ખરો શૃંગારરસ નથી કિન્તુ તે કેવળ આભાસ માત્ર જ. ખરો શૃંગાર રસ તો પ્રભુમાં જ પ્રકાશે છે. માટે જ પ્રભુ શૃંગાર રસના છેડારૂપ છે.

## આગ્નીધ્રરસભાજનમ્ ॥૩૧૭॥

આગ્નીધ્રરાજાને રસના સ્થાનરૂપ પ્રભુ.

પ્રિયવ્રત રાજાના પુત્ર આગ્નીધ્રને પૂર્વચિતિ અપ્સરા સાથે ઊપજતાં શૃંગારરસના કારણરૂપ આપ શ્રીકૃષ્ણ જ છો. કેમકે આગ્નીધ્રરાજા પિતૃલોકની ઈચ્છાથી, પર્વત પર તપ કરતા હતા, ત્યાં ભગવાને પૂર્વચિતિ અપ્સરાને મોકલી, તેને આનન્દ રસ પ્રાપ્ત કરાવ્યો છે. તે સ્ત્રીથી નાભાગ આદિ નવ પુત્રો પ્રકટ થયા. એમ અ.૨માં સ્પષ્ટ છે. તેથી જ પ્રભુ તે રાજાને રસના સ્થાનરૂપ છે. શૃંગારરસની મર્યાદા અવધિ કેવળ ભગવાન્ હોવાથી તે, તે રસનું સ્થાન હોય એમાં કાંઈ નવાઈ નથી.

**નાભીષ્ટપૂરકઃ કર્મમર્યાદાદર્શનોત્સુકઃ ।**
**સર્વરૂપોઽદ્ભુતતમો મર્યાદાપુરુષોત્તમઃ ॥૬૯॥**

## નાભીષ્ટપૂરકઃ ॥૩૧૮॥

નાભિરાજાની ઈચ્છાઓને પૂર્ણ કરનાર.

આગ્નીધ્રના પુત્ર નાભિરાજાને ત્યાં ઋષભદેવ રૂપે પોતે પ્રકટ થઈ, તેના મનોરથોને પૂર્ણ કરનાર શ્રીકૃષ્ણ છે. અધ્યાય ૩ માં જણાવે છે કે, પુત્રની ઈચ્છાએ ભગવાન્‌ની તપશ્ચર્યા કરવાને લીધે પ્રસન્ન થયેલા પ્રભુ પાસે તેમના જેવા પુત્રની માગણી કરી. એટલે પોતાની સરખામણીમાં બીજો કોઈ જ નથી એમ સમજી પરમાત્માએ પોતે જ ઋષભદેવરૂપે અવતાર ધારણ કરી પોતાના ભક્ત નાભિરાજાના મનોરથો પૂર્ણ કરેલા છે.

## કર્મમર્યાદાદર્શનોત્સુકઃ ॥૩૧૯॥

લોકોને કર્મની મર્યાદાને દર્શાવવામાં ઉત્સાહ ધરાવનાર એવા શ્રીકૃષ્ણ

ભગવાન્ જે ઋષભદેવ સ્વરૂપે થઈ, ઉત્તમ કર્મો કરી, આ લોકમાં કર્મમાર્ગનો પ્રચાર કર્યો છે માટે જ એ કર્મમાર્ગની મર્યાદાને જોવામાં ઉત્કણ્ઠા રાખનાર પ્રભુ છે. ત્રીજા અધ્યાયમાં ઋષભદેવે કરેલાં ઉત્તમ કર્મો સ્પષ્ટ જણાવેલાં છે. એમને તેવાં કર્મો કરવાનું કાંઈ પણ કારણ હતું નહિ, કેમકે તે તો કર્મ કર્યા સિવાય પણ મુક્ત જ છે. પરન્તુ લોકોમાં કર્મનો પ્રચાર કરવામાટે જ આપે કર્મ કરેલાં છે.

## સર્વરૂપઃ ॥૩૨૦॥

૧.સર્વ જેમનું રૂપ છે એવા, ૨.સર્વ કુલાચારોને પોતે કૃતિમાં મૂકીને બીજાને દર્શાવનાર.

શ્રેષ્ઠ પુરુષોનાં વર્તનને અનુસરીને જ લોકો અનુસરે છે, માટે ભગવાન્ ઋષભદેવે કર્મોને કૃતિમાં મૂકી લોકોને તે પ્રમાણે વર્તન કરવા ઉપદેશ કરેલો છે. શ્રુતિમાં કહે છે કે ''**સર્વાણિ રૂપાણિ વિચિત્ય ધીરો નામાનિ કૃત્વાભિવદન્ યદાસ્તે**'' (ધીર-વિદ્વાન્ પોતે રૂપ અને નામવાળાં કર્મો કરીને પછીથી સારી રીતે વિવેચન કરી ઉપદેશ કરે છે) તેમ અહીં ઋષભ ભગવાને ગુરુકુલનિવાસ, સ્વાધ્યાયનું અધ્યયન, વગેરે કર્મો કરી સર્વને પ્રત્યક્ષ દર્શાવી ઉપદેશ આપેલો છે. માટે જ ઋષભદેવ રૂપ રહેલા શ્રીકૃષ્ણને સર્વરૂપ કહ્યા.

## અદ્ભુતતમઃ ||૩૨૧||

અત્યન્ત આશ્ચર્યકારક રૂપવાળા.

પ્રભુ સર્વ આશ્ચર્યકારક વસ્તુઓનું નિધાન જ એટલે આપનું અત્યન્ત આશ્ચર્યમય સ્વરૂપ હોય એ સમ્ભવિત છે.

## મર્યાદાપુરુષોત્તમઃ ||૩૨૨||

કર્મમર્યાદાનું વેદમાર્ગનું પાલન કરનાર પુરુષોત્તમ એવા શ્રીકૃષ્ણ.

વેદ પ્રમાણે ચાલતા કર્મમાર્ગને મર્યાદામાર્ગ કહે છે. લોકમાં કર્મમાર્ગનો ઉપદેશ કરવા પોતે મર્યાદા પુરુષોત્તમ ઋષભદેવ સ્વરૂપે પ્રકટેલા છે. અને તેમણે જ કર્મમાર્ગ સ્થાપન કરેલો છે. મર્યાદા પુરુષોત્તમ એ શુદ્ધ અદ્વૈત ભાવે પૂર્ણ પુરુષોત્તમ જ છે ભિન્ન નથી. આચાર્યચરણ પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં આજ્ઞા કરે છે કે, ''**વેદસ્ય વિદ્યમાનત્વાદ્ મર્યાદાઽપિ વ્યવસ્થિતા**'' (વેદ પણ સદા વિદ્યમાન છે તેથી વેદ પ્રમાણે ચાલતો મર્યાદામાર્ગ પણ વિભાગપૂર્વક સિદ્ધ કરેલો છે) એમ મર્યાદામાર્ગ પ્રમાણે પ્રતિપાદિત પ્રભુને મર્યાદા પુરુષોત્તમ કહે છે. એ મર્યાદાપુરુષોત્તમ પણ સૃષ્ટિ પુરુષોત્તમનું સ્વરૂપ જ છે.

**સર્વરૂપેષુ સત્યાત્મા કાલસાક્ષી શશિપ્રભઃ |**
**મેરુદેવીવ્રતફલમ્ ઋષભો ભગલક્ષણઃ ||૭૦||**

## સર્વરૂપેષુ સત્યાત્મા ||૩૨૩||

બ્રાહ્મણ તથા ક્ષત્રિય આદિ સર્વ રૂપોમાં સત્ય અવતારવાળા બ્રહ્મથી કે સ્તમ્ભ પર્યન્ત સર્વ સ્વરૂપવાન એવા ભગવાન્.

આ સમગ્ર જગતમાં સર્વરૂપે ભગવાન્ પોતે પ્રકાશે છે-વિરાજે છે, માટે એવા પ્રભુથી વ્યાપ્ત જગતને સત્ય કહેવામાં આવે છે. શ્રુતિ ભગવતી ઉપદેશ કરે છે કે ''**યદ્ ઈદં કિઞ્ચિદ્ અસ્તિ તત્ સત્યમ્ ઈત્યાચક્ષતે**'' (જે આ કંઈક દષ્ટિગોચર જગત્ જણાય છે તે (ભગવદ્રૂપ હોવાને લીધે સત્ય છે) ગીતામાં તો વળી એટલે સુધી આપ

આજ્ઞા કરો છો કે જગતને અસત્ય કહેનારાઓને આસુરી જીવો ગણવા. જે સત્ય પરમાત્મા સ્વરૂપ આ જગત્ છે તેને અસત્ય કેમ જ કહી શકાય ? માટે જ સર્વ રૂપોમાં સત્ય પરમાત્મા છે એમ કહે છે.

## કાલસાક્ષી ||૩૨૪||

કાળને નિયમમાં રાખનાર.

## શશિપ્રભઃ ||૩૨૫||

ચન્દ્રમાની કાન્તિ જેવી જેમની પ્રકાશમાન કાન્તિ છે એવા.

જેમ ચન્દ્રના દર્શનથી મનુષ્યોને મહાન આનન્દ પ્રકટ થાય છે તેમ જેમના દર્શન માત્રથી જ અતિશય આનન્દ ઉદ્‌ભવે છે, એવા પરમાત્મા પ્રભુ આનન્દસ્વરૂપ છે, એટલે તેમનાં દર્શનથી આનન્દ પ્રાપ્ત થાય તે સહજ છે. ચન્દ્રના દર્શનથી ઉપજતો આનન્દ ક્ષણિક છે, પરન્તુ ભગવદાનન્દ તો એથી વિલક્ષણ પ્રકારનો અને અખણ્ડ છે.

## મેરુદેવીવ્રતફલમ્ ||૩૨૬||

નાભિરાજાની પત્ની મેરુદેવીએ આચરેલા પુંસવનાદિ વ્રતોના ફળરૂપ એવા ઋષભદેવ સ્વરૂપી ભગવાન્.

## ઋષભઃ ||૩૨૭||

સર્વશ્રેષ્ઠ એવા ઋષભદેવ પરમાત્મા.

સંસ્કૃત ભાષામાં 'ઋષભ' શબ્દનો અર્થ સર્વથી ઉત્તમ એમ થાય છે, તો સર્વથી ઉત્તમ પુરુષોત્તમ સિવાય કોણ હોઈ શકે ? પ્રભુ જ્યારે નાભિરાજાને ત્યાં પ્રકટ થયા, ત્યારે તેમનામાં વીર્ય, શૌર્ય, ધૈર્ય, ગામ્ભીર્ય, ઔદાર્ય, યશ વગેરે-વગેરે સર્વથી ઉત્તમોત્તમ ગુણોનાં લક્ષણો નિહાળી તેમણે પોતાના પુત્રનું નામ ઋષભદેવ પાડ્યું માટે અહીં ઋષભ સ્વરૂપી ભગવાન્ એમ કહ્યું.

## ભગલક્ષણઃ ||૩૨૮||

ઐશ્વર્ય વગેરે ગુણોના સમુદાયને પોતાનામાં દર્શાવનાર.

ઐશ્વર્યાદિ ગુણોથી યુક્ત હોય તે ભગલક્ષણવાળો છે એમ જણાય છે. સ્મૃતિમાં કહે છે કે

**''ઐશ્વર્યસ્ય સમગ્રસ્ય ધર્મસ્ય(વીર્યસ્ય) યશસઃ શ્રિયઃ,**
**જ્ઞાનવૈરાગ્યયોશ્ચૈવ ષણ્ણાં ભગ ઈતિ સ્મૃતિઃ''**

(સઘળું ઐશ્વર્ય, વીર્ય, યશ, લક્ષ્મી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ગુણોને 'ભગ' એવી સંજ્ઞા આપવામાં આવી છે) ઉપર ગણાવેલા છ ગુણો જેમાં એકત્ર નિવાસ કરે

છે, તેને ભગવાન્ કહેવામાં આવે છે. આ સ્કન્ધના ચોથા અધ્યાયમાં જણાવે છે કે ''**અથ તમુત્પત્ત્યૈવાભિવ્યજ્યમાન-ભગવલ્લક્ષણ**'' (ઉત્પત્તિ થતાંની સાથે જ ભગવાન્‌ના લક્ષણવાળા તે ઋષભદેવની પ્રજાઓ સ્તુતિ કરવા લાગી માટે જ ભગલક્ષણવાન્ એવા પરમાત્મા એમ જણાવ્યું.

**જગત્સન્તર્પકો મેઘરૂપી દેવેન્દ્રદર્પહા ।**

**જયન્તીપતિરત્યન્તપ્રમાણાશેષલૌકિકઃ ।।૭૧।।**

## જગત્સન્તર્પકઃ ।।૩૨૯।।

જગત્‌નું સારી રીતે પોષણ કરનાર.

જગતનું એટલે પ્રજાનું સારી રીતે પોષણ કરનાર પોતે પ્રભુ છે. આ સર્વ પ્રજાઓને જળ, ફળ, ધાન્ય વગેરે આપી પ્રભુ જ પોષણ કરે છે. પરમાત્માની આજ્ઞાથી જ મેઘ વૃષ્ટિ કરે છે, સૂર્ય તાપ આપે છે, પવન વાઈ રહ્યા છે, એ બધું પ્રભુએ પ્રજાઓનું પાલન કરવાને જ પ્રકટ કર્યું છે. માટે જ સર્વનું ખરી રીતે પાલન કરનાર તો એક પરમાત્મા જ છે.

## મેઘરૂપી ।।૩૩૦।।

અજનાભ સંજ્ઞાધારી એવા શ્રીકૃષ્ણ

પરમાત્મા પ્રજાઓનું પોષણ કરનાર છે, તે આ નામ કહીને તેને દૃઢ કરે છે. આ સ્કન્ધના ૪ અધ્યાયમાં કહે છે કે ''જ્યારે ઋષભદેવના રાજ્યમાં તેમની સ્પર્ધા કરી ઈન્દ્રરાજાએ મેઘની વૃષ્ટિ ન કરી ત્યારે ભગવાન્ ઋષભદેવે મેઘ સ્વરૂપે થઈ અનેક રીતે જળવૃષ્ટિ કરી પ્રજાઓનું પાલન કર્યું. તેથી જ અહીં મેઘરૂપી ભગવાન્ એમ કથન કરે છે.

## દેવેન્દ્રદર્પહા ।।૩૩૧।।

દેવેન્દ્રના ગર્વને હણનાર.

પોતાના પરાક્રમથી રાજ્યમાં વૃષ્ટિ કરી, પ્રજાઓને સન્તોષ આપી દેવોના રાજા ઈન્દ્રના મહાન ગર્વને-અભિમાનને ઉતારનાર એવા પ્રભુ. આ પ્રમાણે પરમાત્મા પોતાનો પ્રતાપ દર્શાવી અભિમાનનાં મદમાં છકી ગયેલાઓના મદને ઉતારી નાંખે છે. અને અનેક સંકટોમાંથી પોતાને શરણે પડેલી પ્રજાઓ પોષે છે એવું વિસ્મયજનક પ્રભુનું ચરિત્ર હોય એમાં શું કહેવાનું ?

## જયન્તીપતિઃ ।।૩૩૨।।

જયન્તીના પતિ-સ્વામી.

ઋષભદેવનો આશ્ચર્યકારક પ્રભાવ જોઈ ઈન્દ્રદેવે પોતાની જયન્તી નામની

કન્યા તેમને પરણાવી હતી, તેથી જયન્તીના પતિ-સ્વામી એવા ઋષભદેવ સ્વરૂપધારી પ્રભુ પોતે શ્રીપુરુષોત્તમ.

**અત્યન્તપ્રમાણાશેષલૌકિકઃ ||૩૩૩||**

૧. સમ્પૂર્ણ રીતે લૌકિક પ્રમાણોનું અતિક્રમણ-ઉલ્લંઘન કરનાર,

૨. અત્યન્ત પ્રમાણોવડે જેમનાં લોકસિદ્ધ કાર્યો ગ્રહણ કરવા યોગ્ય છે એવા પરમાત્મા ઋષભદેવ.

**શતધાન્યસ્તભૂતાત્મા શતાનન્દો ગુણપ્રસૂઃ |**
**વૈષ્ણવોત્પાદનપરઃ સર્વધર્મોપદેશકઃ ||૭૨||**

**શતધાન્યસ્તભૂતાત્મા ||૩૩૪||**

સો પ્રકારે શરીરમાં આત્માને સ્થાપન કરનાર.

ઋષભદેવ ભગવાને પોતાના જેવા સો પુત્રો પ્રકટ કર્યા. શ્રુતિ ઉપદેશે છે કે ''**આત્મા વૈ જાયતે પુત્ર**'' (આત્મા જ પુત્રરૂપે ઉત્પન્ન થાય છે) ઋષભદેવે પોતાના આત્માને સો પુત્રો ઉત્પન્ન કરી સો શરીરોમાં સ્થાપન કર્યો છે. આ સ્કન્ધના ૪ અધ્યાયમાં કહે છે કે ''**આત્મસમાનાનં શતં જનયામાસે**'' (પોતાના જેવા પરાક્રમી સો પુત્રોને ઋષભદેવે ઉત્પન્ન કર્યા) માટે જ સો પ્રકારે શરીરોમાં પોતાના આત્માને સ્થાપન કરનાર એવા પ્રભુ એમ કહ્યું.

**શતાનન્દઃ ||૩૩૫||**

૧. સો પુત્રો છે આનન્દરૂપ જેમને, ૨. સો પુત્રોથી આનન્દ મેળવનાર,

૩. સેંકડો ઘણા આનન્દ સ્વરૂપ એવા પ્રભુ.

પરમાત્મામાં અનન્ત ઘણો આનન્દ છે, કેમકે એ પોતે આનન્દમય જ છે. શ્રુતિમાં કહે છે કે ''**સ એકો બ્રહ્મણ આનન્દઃ**'' (તે એક પરમાત્માનો આનન્દ માત્ર જ છે) આ સર્વ વિશ્વની રચના એ કેવળ પ્રભુનો આનન્દ જ છે. તેથી શત-સેંકડો ઘણા આનન્દમય સ્વરૂપવાન્ એવા ભગવાન્ એમ પ્રતિપાદન કરે છે.

**ગુણપ્રસુઃ ||૩૩૬||**

ગુણને જન્મ આપનાર.

ગુણી અને ગુણનો પરસ્પર અભેદ છે. જેથી અહીં ગુણને પ્રકટાવનાર એટલે સર્વ ગુણશાલી આનન્દનિધાન ભરત નામના પુત્રને પ્રકટ કરનાર એવા પ્રભુ એમ સમજવું. આ સ્કન્ધના ૪ થા અધ્યાયમાં જણાવે છે કે ''**યેષાં ખલુ મહાયોગી ભરતો જ્યેષ્ઠઃ શ્રેષ્ઠગુણ**'' ઋષભદેવને સો પુત્ર થયા, તેમાં સર્વથી મોટા મહાગુણશાલી ભરતજી હતા, તેને જ ઉદ્દેશી આ નામ કથન કરે છે.

### વૈષ્ણવોત્પાદનપરઃ ॥૩૩૭॥

૧. વૈષ્ણવ ભરતજીને ઉત્પન્ન કરી વૈષ્ણવ ધર્મને પૂર્ણ કરનાર,
૨. વૈષ્ણવોમાં ભક્તિનો ઉદય કરનાર,
૩. વૈષ્ણવોને માટે જ પોતાનું પ્રાકટ્ય છે એવા પરમાત્મા શ્રીકૃષ્ણ.

### સર્વધર્મોપદેશકઃ ॥૩૩૮॥

સર્વ ધર્મનો ઉપદેશ કરનાર.

સર્વ સાંસારિક પ્રવૃત્તિઓમાં નિવૃત્તિ પ્રાપ્ત કરાવે તેવા સર્વ ધર્મનો બ્રહ્મર્ષિઓદ્વારા પોતે જ ઉપદેશ કરનાર છે. ઋષભદેવે બ્રહ્મર્ષિઓની મહાન સભામાં પોતાની સર્વ પ્રજાને તેમ પોતાના પુત્રોને બ્રહ્મર્ષિઓદ્વારા અને પોતે પણ સર્વ ધર્મનો ઉપદેશ આપતા હતા. એમ આ સ્કન્ધના ૪ થા અધ્યાયમાં સ્પષ્ટ છે. એટલે અહીં સર્વ ધર્મનો ઉપદેશ કરનાર પ્રભુ એમ કહે છે.

**પરહંસક્રિયાગોપ્તા યોગચર્યાપ્રદર્શકઃ ।**
**ચતુર્થાશ્રમનિર્ણેતા સદાનન્દશરીરવાન્ ॥૭૩॥**

### પરમહંસક્રિયાગોપ્તા ॥૩૩૯॥

પરમહંસની ક્રિયાનું રક્ષણ કરનાર, પરમહંસના વિષયમાં ક્રિયાઓને દૂષિત કરનાર.

પરમહંસ અર્થાત્ ચતુર્થાશ્રમીઓનું ક્રિયારૂપ સમ્પત્તિઓને રક્ષણ કરનાર આપ શ્રીકૃષ્ણ છો. તેમ તેમની ક્રિયાને-કર્મમાર્ગને દૂષિત-દોષયુક્ત ઠરાવનાર પણ આપ પ્રભુ જ છો. ચતુર્થાશ્રમીઓને કાંઈ પણ કર્મ હોતાં નથી. કેમકે તેઓએ પોતાનાં સર્વ કર્મો ભગવાન્‌ને સમર્પણ કર્યા છે. એટલે તેમને કર્મ કરવાની આવશ્યક્તા જ નથી. તેમ છતાં જા અહં-મમત્વ માની કર્મ કરે છે. તો એ દોષવાન્ મનાય છે. માટે કર્મરહિત બનેલા પરમહંસ ભક્તોની ક્રિયાઓને પ્રભુ દૂષિત-દૂષણયુક્ત બનાવનાર છે. એ જ તેમની પરમહંસ સમ્બન્ધી ક્રિયાઓનું રક્ષણ છે.

### યોગચર્યાપ્રદર્શકઃ ॥૩૪૦॥

ભક્તિયોગના આચરણને પ્રવૃત્ત કરનાર-વિસ્તારનાર.

### ચતુર્થાશ્રમનિર્ણેતા ॥૩૪૧॥

ચતુર્થાશ્રમ-સંન્યસ્તાશ્રમના નિર્ણયોને-સિદ્ધાન્તોને વિવેચન કરનાર, સ્પષ્ટ રીતે દર્શાવનાર એવા પરમાત્મા.

### સદાનન્દશરીરવાન્ ॥૩૪૨॥

૧. નિરન્તર જેમનું આનન્દમય સ્વરૂપ છે એવા,

૨. સત્ય અને આનન્દમય શરીરધારી એવા શ્રીપુરુષોત્તમ.

પ્રભુનું આનન્દમય સ્વરૂપ છે એમ વારંવાર જણાવી ગયા, છતાં તેને પુનઃ-પુનઃ દૃષ્ટિભૂત કરે છે કે પરમાત્માનું શરીર જ સદા આનન્દરૂપ જ છે. જ્યાં-જ્યાં તેમના અવયવોનું અવલોકન કરીએ ત્યાં-ત્યાં આનન્દ-આનન્દ ભાસ્યા કરે છે. વ્યાસચરણ આજ્ઞા કરે છે કે ''**આનન્દમાત્રકરપાદમુખોદરાદિઃ**'' (કેવળ આનન્દમય જ જેમને હાથ, પગ, મુખ, ઉદર વગેરે છે) એ સિવાય વેદ, ગીતા વગેરેમાં અનેક સ્થળે ભગવાન્‌નું આનન્દમય સ્વરૂપ સ્પષ્ટ રીતે દર્શાવ્યું છે. વિસ્તૃત થવાના ભયથી, તેમ ઘણે સ્થળે આ પુસ્તકમાં દર્શાવવામાં આવ્યું છે તેથી વધારે પિષ્ટપેષણ કરતા નથી.

**પ્રદર્શિતાન્યધર્મશ્ચ ભરતસ્વામ્યપારકૃત્ ।**
**યથાવત્કર્મકર્તા ચ સંગાનિષ્ટપ્રદર્શકઃ ।।૭૪।।**

## પ્રદર્શિતાન્યધર્મઃ ।।૩૪૩।।

બીજાઓને ધર્મ દર્શાવનાર અર્થાત્ ધર્મમાં તેમની પ્રવૃત્તિ થાય તેવી રીતે તેમનામાં ધર્મનું સ્થાપન કરનાર એવા પ્રભુ.

## ભરતસ્વામી ।।૩૪૪।।

ભરતજીના સ્વામી-પાલક.

સો પુત્રમાં સર્વથી મોટા ભરતજી તેમના સ્વામી એટલે તેમને સારું શિક્ષણ આપનાર. આ સ્કન્ધના ૫ મા અધ્યાયમાં ''**સ્વતનયશતજ્યેષ્ઠ પરમભાગવતં ભરતં ધરણીપાલનાયાભિષિચ્યે**'' ''ભગવાન્ ઋષભદેવે પોતાના સો પુત્રમાં સૌથી મોટા પરમ ભગવદ્ભક્ત ભરતજીને શિક્ષણ આપી પૃથ્વીનું પાલન કરવા રાજ્યાભિષેક કર્યો'' એમ જણાવ્યું છે. જેથી ભરતના ઋષભદેવ સ્વરૂપ ધારી ભગવાન્ શ્રીકૃષ્ણ એમ કહ્યું.

## અપારકૃત્ ।।૩૪૫।।

પાર વિનાના સંસારરૂપી સાગરને છેદનાર અર્થાત્ અપાર સંસારસાગરને તરાવનાર જન્મ-મરણથી મુક્ત કરનાર એવા પરમાત્મા. પ્રભુકૃપા પ્રાપ્ત થાય તો જ સંસારસાગર તરાય છે નકર નહિ. માટે અપાર સંસાર સિન્ધુને તરાવનાર-સંસારથી મુક્ત કરનાર એવા પ્રભુ એમ કહ્યું.

## યથાવત્કર્મકર્તા ચ ।।૩૪૬।।

જે પ્રકારે વેદશાસ્ત્રમાં કર્મો કથન કરવામાં આવેલાં છે તેવાં જ શ્રૌત, સ્માર્ત્ત કર્મોને કરનાર એવા પ્રભુ. આ સ્કન્ધના અ. ૭ માં ભરતજીએ વેદોક્ત કર્મથી ભગવાન્ યજ્ઞ કરનાર પોતે પ્રભુ જ છે.

## સંગાનિષ્ટપ્રદર્શકઃ ॥૩૪૭॥

૧. સંગથી અનિષ્ટ-અનર્થને દર્શાવનાર, ૨. સંગના અનર્થને દર્શાવનાર.

ભગવદીય જનની સંગતિ સિવાય બીજા સંગો કરવાથી મહાન અનર્થ થાય છે. ગીતાજીમાં પોતે શ્રીમુખથી આજ્ઞા કરે છે કે "**સંગાત્ સઞ્જાયતે કામઃ**" (સંગથી કામ-વિષયોની કામનાઓ ઉત્પન્ન થાય છે) પછી કામથી ક્રોધ વગેરે પ્રકટ થઈ છેવટે આત્મનાશ થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. સર્વનું મૂળ સંગ છે, માટે જ તેવો સંગ અનર્થકારક છે એમ પ્રભુ પ્રત્યક્ષ રીતે દર્શાવે છે. ૮ મા અધ્યાયમાં મહાત્મા યોગી ભરતજીને પણ મૃગના સંગ માત્રથી જ મૃગજન્મ, વિપ્રજન્મ લેવા પડ્યા છે. જ્યાં સંગથી વિરાગવાન્ યોગનિપુણ મહાત્મા ભરતજીની પણ આવી સ્થિતિ થઈ છે ત્યાં સંસારમાં અનુરાગ રાખનાર પામર જીવોની તો શું ગતિ ? જેથી નિરન્તર સંગથી દૂર રહી, ભગવદીય જનોનો સમાગમ કરી, ભગવદ્‌ભાવ સ્થિર કરવો. ભરતજીને એ પ્રમાણે સંગનું અનિષ્ટ ફલ દેખાડનાર આપ ભગવાન્ છે.

**આવશ્યકપુનર્જન્મકર્મમાર્ગપ્રદર્શકઃ ।**

**યજ્ઞરૂપમૃગઃ શાન્તઃ સહિષ્ણુઃ સત્પરાક્રમઃ ॥૭૫॥**

## આવશ્યકપુનર્જન્મકર્મમાર્ગપ્રદર્શકઃ ॥૩૪૮॥

અવશ્ય થનારા અન્ય જન્મમાટે કારણભૂત રહેલા કર્મમાર્ગને દર્શાવનાર એવા પ્રભુ.

આ પ્રમાણે અવશ્ય કર્મોમાટે પુનર્જન્મની જરૂર છે. કર્મ એટલું બધું પ્રબળ છે કે લેશ પણ કર્મ કરવાં બાકી રહી ગયાં હોય, તો તે કર્મ ભોગવવા અન્ય જન્મ લેવો પડે છે. મહાત્મા ભરતજી જેવાને મૃગસંગ થઈ ભગવદાસક્તિ છૂટી જવી અને મૃગશરીરમાં જન્મ થવો, ફરીથી પાછો બ્રાહ્મણ શરીરમાં જન્મ થવો વગેરે થયું તે તેમનાં કર્મો એક જન્મમાં નહિ ક્ષય પામેલાં હોવાથી અન્ય જન્મ પ્રાપ્ત કરવાની આવશ્યક્તા હતી, માટે પ્રભુએ તેમને મૃગજન્મ, વિપ્રજન્મ આપી કર્મોને દર્શાવી ત્યાર પછીથી મોક્ષ આપ્યો છે, તેથી જ અન્ય જન્મનાં કર્મોને દર્શાવનાર પ્રભુ એમ કહે છે.

## યજ્ઞરૂપમૃગઃ ॥૩૪૯॥

યજ્ઞમાં બલિદાન આપવાને મૃગરૂપ એવા ભગવાન્ જડભરત.

ભીલોએ ભદ્રકાલીનું પૂજન કરવા કરેલા યજ્ઞની સમાપ્તિમાં બલિદાન આપવા માટે શોધ કરતાં મળી આવેલાં મૃગરૂપ-મૃગજન્મ પ્રાપ્ત કરનાર જડભરતજી. જડભરત પોતે ભગવાન્‌ના પરમ ભક્ત છે, માટે ભગવત્સ્વરૂપ જ છે. એટલે યજ્ઞમૃગ રૂપ જડભરત સ્વરૂપધારી એવા (બ્રાહ્મણજન્મધારી) પરમાત્મા, આ

નામથી ભરતજીના મૃગજન્મનું તેમ વિપ્રજન્મનું સૂચન કરે છે.

## શાન્તઃ ॥૩૫૦॥

શાન્ત એવા ભગવાન્.

ભીલો બાંધીને ભદ્રકાળીના સમીપમાં જડભરતજીને બલિદાન આપવા લઈ ગયા, છતાં પણ જે લેશ પણ ક્રોધ પામ્યા હતા નહિ કેમકે સર્વત્ર બ્રહ્મભાવ થવાથી દેહાભિમાન, જન્મ, મરણ, વગેરે કાંઈ પણ તેમને હતું નહિ. કેવળ પરબ્રહ્માનન્દમાં જ મગ્ન હતા. માટે શાન્ત સ્વરૂપધારી ભગવાન્ એમ કહ્યું.

## સહિષ્ણુઃ ॥૩૫૧॥

સહન કરવાના સ્વભાવવાળા એવા ભરતરૂપ શ્રીકૃષ્ણ.

પોતે પૂર્ણ શાન્ત સ્વરૂપ હોવાથી સર્વ રીતે સહનશીલ છે. જ્યાં શાન્તપણું હોય ત્યાં સહનપણું હોય છે. એટલે આપનામાં એવી સહનશીલતા હોય એ સ્વાભાવિક જ છે.

## સત્પરાક્રમઃ ॥૩૫૨॥

૧. સત્યતામાં જ પરાક્રમ કરનાર, ૨. સત્ય પરાક્રમને ધારણ કરનાર,
૩. સત્-ભગવાન્માં તન્મય બનેલા ભક્તોને ન અતિક્રમણ કરે એવા-અર્થાત્ તેમની સર્વ અભિલાષાઓને પરિપૂર્ણ કરનાર,
૪. સત્-ભક્તજનોને પોષણ કરનાર,
૫. ભગવદ્રૂપ પરાક્રમ કરનાર અર્થાત્ મનુષ્યોથી, દેવોથી પણ જે ન થઈ શકે તેવાં આશ્ચર્ય ઉત્પન્ન કરનારાં દિવ્ય અલૌકિક પરાક્રમોને કરનાર એવા પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ.

**રહૂગણગતિજ્ઞશ્ચ રહૂગણવિમોચકઃ ।**
**ભવાટવીતત્ત્વવક્તા બહિર્મુખહિતે રતઃ ॥૭૬॥**

## રહૂગણગતિજ્ઞઃ ॥૩૫૩॥

રહૂગણ રાજાની ગતિ-જ્ઞાન પ્રાપ્ત થવાના ઉપાયને જાણનાર એવા પ્રભુ.

## રહૂગણવિમોચકઃ ॥૩૫૪॥

રહૂગણરાજાને મુક્ત કરનાર.

રહૂગણરાજાને જ્ઞાન આપી કાળથી મૂકાવનાર આપ ભગવાન્ છે. ૧૨મા અધ્યાયમાં મહાત્મા જડભરતે પાલખીનું વહન કરતાં ક્રોધી બનેલા રહૂગણરાજાને ઉત્તમ જ્ઞાનદ્વારા આત્મદર્શન કરાવી જન્મ-મરણરૂપ કાળથી મુક્ત કરાવ્યાનું સ્પષ્ટ

જણાવેલું છે. માટે જ રહુગણને મુક્તિ આપનાર એમ કહે છે.

**ભવાટવીતત્ત્વવક્તા ||૩૫૫||**

સંસારરૂપ વનનાં તત્ત્વને કહેનાર પ્રભુ.

સંસારરૂપી મહાન ઘોર વનમાં અનેક જન્મોથી જીવોને કેવી-કેવી વિડમ્બના પડે છે તે આ સ્કન્ધના ૧૩ મા અધ્યાયમાં રહૂગણ રાજાને મહાત્મા જડભરતજીએ સ્પષ્ટ બતાવેલું છે તેથી જ સંસારરૂપ મહાઘોર વનના તત્ત્વને, સ્વરૂપને કથન કરનાર એવા પરમાત્મા.

**બહિર્મુખહિતે રતઃ ||૩૫૬||**

બહિર્મુખ વૃત્તિવાળાઓનું હિત કરવામાં જેમની ક્રીડાઓ છે તેવા પરમાત્મા.

ઋષભદેવ અને જડભરત જેવા મહાત્માઓ પરબ્રહ્મમાં તન્મય બનેલા હોવાથી દેહાભિમાન ન હોવાને લીધે, તેમ સંગથી દૂર રહેલા હોવાને લીધે, તેમનું ઉન્મત્તવત્ આચરણ જોઈને કેટલાક વેદબાહ્ય બહિર્મુખ વૃત્તિઓવાળા જડવાદી પાખણ્ડીઓ તેવા પ્રકારનું આચરણ કરી આગળ પોતાનું જીવન ચલાવશે. તો તેવાઓને પણ હિત કરવામાં ઋષભદેવદ્વારા જેમની ક્રીડાઓ છે એવા પ્રભુ.

**ગયસ્વામી સ્થાનવંશકર્તા સ્થાનવિભેદકૃત્ ।**
**પુરુષાવયવો ભૂમિવિશેષવિનિરૂપકઃ ||૭૭||**

**ગયસ્વામી ||૩૫૭||**

ગયનામના રાજાના સ્વામી પ્રભુ.

ગય નામનો રાજા પ્રભુનો પરમ ભક્ત હતો, તેથી જ પ્રભુ શ્રીકૃષ્ણ તેના સ્વામી છે. ૧૫ મા અધ્યાયમાં ''**ગયો રાજર્ષિપ્રવર**'' રાજાઓમાં ઉત્તમ ગય પ્રભુમાં પોતાની દૃઢ ભક્તિ-નિશ્ચલ પ્રેમ રાખી પૃથ્વીનું પાલન કરનાર પરમ ઉદાર અને પરમાત્મા જ પોતાના પ્રભુ છે એમ જાણનાર હતા એમ કથન કરેલું છે. તેથી ભગવાન્ શ્રીકૃષ્ણને ગયસ્વામી કહ્યા છે.

**સ્થાનવંશકર્તા ||૩૫૮||**

સ્થાન ધર્મની સ્થિતિમાટે ગયરાજાના વંશને ઉત્પન્ન કરનાર.

**સ્થાનવિભેદકૃત્ ||૩૫૯||**

સ્થાનના જુદા-જુદા ભેદ કરનાર પ્રભુ.

સ્થાન વંશની સ્થિતિના જુદા-જુદા ભેદ સંસ્થાઓ કરનાર અર્થાત્ પ્રિયવ્રત રાજાના વંશની જુદી-જુદી સંસ્થા-શાખાઓ કરનાર પોતે શ્રીપુરુષોત્તમ.

## પુરુષાવયવઃ ||૩૭૦||

વિરાટરૂપ પરમાત્મા

પુરુષ-વિરાટના અવયવો તે રૂપ, અર્થાત્ બ્રહ્માણ્ડમય સ્વરૂપધારી એવા પ્રભુ. શ્રુતિમાં આપ ઉપદેશે છે કે ''**પૃથિવી મે શરીરે શ્રિતા**'' આ સર્વ ભૂમણ્ડળ મારા શરીરનો આશ્રય કરીને જ રહેલું છે. માટે તે બધું ભૂમણ્ડળ ભગવદ્રૂપ જ છે.

## ભૂમિવિશેષવિનિરૂપકઃ ||૩૭૧||

ભૂમિનું વિશેષ રીતે નિરૂપણ કરનાર એવા શ્રીકૃષ્ણચન્દ્ર.

ભૂમિનું વિશેષ રીતે એટલે દ્વીપો, પર્વતો, વર્ષો, નદીઓ, વનો અને ત્યાં-ત્યાં વસનારી પ્રજાઓ, તેમની જાતિઓ, આયુષ્ય વગેરે માપ-પ્રમાણપૂર્વક નિરૂપણ કરનાર, એવા પરમાત્મા. ૧૬ મા અધ્યાયમાં શુકદેવજી જણાવે છે કે, વિરાટ ભગવાન્‌ના શરીરરૂપ આ ભૂગોળને યથાર્થરૂપે જણાવવાને બ્રહ્મદેવનું આયુષ્ય મળે તો પણ કોઈ સમર્થ થઈ શક્તું નથી, પરન્તુ તેમાંની મુખ્ય-મુખ્ય બાબતોનું હું વર્ણન કરું છું. આ પ્રમાણે પરીક્ષિત પ્રત્યે કથન કરી પોતે પરમાત્મા જ શુકદેવજી દ્વારા ભૂગોળનું વર્ણન કરનાર છે. પ્રભુ સિવાય સમસ્ત ભૂગોળના યથાર્થ માપને કોણ જાણી શકે એમ છે ? માટે ભૂમિનું વિશેષ કરી નિરૂપણ કરનાર એવા ભગવાન્ એમ કહ્યું.

**જમ્બૂદ્વીપપતિઃ મેરુ-નાભિપદ્મરુહાશ્રયઃ |**
**નાનાવિભૂતિલીલાઢ્યો ગંગોત્પત્તિનિદાનકૃત્ ||૭૮||**

## જમ્બૂદ્વીપપતિઃ ||૩૭૨||

જમ્બૂ નામના દ્વીપના પતિ-માલિક એવા પ્રભુ.

## મેરુનાભિપદ્મરુહાશ્રયઃ ||૩૭૩||

ઈલાવૃત વર્ષના નાભિસ્થાન (મધ્ય ભાગ) માં કમળ પેઠે જેનો પ્રાદુર્ભાવ છે, તથા ઈન્દ્રાદિ દેવો જેમાં આશ્રય કરે છે એવા મેરુપર્વત રૂપ ભગવાન્. મેરુ એ ભગવાન્‌નું જ સ્વરૂપ છે. ગીતામા આપ શ્રીમુખે આજ્ઞા કરે છે કે ''**મેરુઃ શિખરિણામ્ અહમ્**'' શિખરવાળા પર્વતોમાં મેરુપર્વત હું છું માટે અહીં મેરુપર્વત રૂપ પરમાત્મા એમ જણાવ્યું છે.

## નાનાવિભૂતિલીલાઢ્યઃ ||૩૭૪||

૧. જુદા-જુદા પ્રકારની વિભૂતિલીલા-લક્ષ્મીના વિલાસોથી આઢ્ય...પૂર્ણ,
૨. વિવિધ પ્રકારની વિભૂતિઓ તથા લીલાઓ-ક્રીડાઓથી પરિપૂર્ણ એવા ભગવાન્.

ભગવાન્ પોતે સર્વ લીલાઓથી અને વિભૂતિઓથી પરિપૂર્ણ છે. માટે જ

તેમની વિભૂતિઓની તથા લીલાઓની સંખ્યા જ થઈ શક્તી નથી. ભગવાને અર્જુનને પોતાની વિભૂતિઓ સંક્ષેપમાં વર્ણન કરી બતાવી હતી. ૧૬મા અધ્યાયમાં દેવતાઓના નન્દન, ચૈત્રરથ, વૈભાજક અને સર્વતોભદ્ર વગેરે મોટા-મોટા ઉદ્યાનો-બાગો દર્શાવ્યા છે, તેમાં દેવો, યક્ષો, ગાન્ધર્વો વગેરે જુદી-જુદી વિભૂતિઓદ્વારા-સ્વરૂપો દ્વારા પ્રભુ પોતે જ અનેક પ્રકારની ક્રીડાઓ કરી રહ્યા છે. એ ઉદ્દેશને જ આ નામ સૂચન કરે છે.

## ગંગોત્પત્તિનિદાનકૃત્ ।।૨૯૫।।

ગંગા નદીના ઉત્પત્તિસ્થાનને કરનાર.

પ્રભુએ પોતાના ચરણમાંથી ગંગાને પ્રકટ કરેલાં છે. ૨૭ અધ્યાયમાં કહે છે કે "ગંગાજી ભગવાન્‌ના ચરણકમલમાંથી જલધારા રૂપે પ્રકટ થયેલાં હોવાથી તેમને વિષ્ણુપદી ભગવત્પદી કહેવામાં આવે છે. એટલે જ અહીં ગંગાના ઉત્પત્તિસ્થાનને કરનાર પ્રભુ એમ કહે છે.

**ગંગામાહાત્મ્યહેતુશ્ચ ગંગારૂપોતિગૂઢકૃત્ ।**
**વૈકુણ્ઠદેહહેત્વમ્બુ-જન્મકૃત્ સર્વપાવનઃ ।।૭૯।।**

## ગંગામાહાત્મ્યહેતુઃ ।।૩૯૬।।

ગંગાના મહિમાના કારણરૂપ.

પોતાના ચરણકમલમાંથી પ્રાદુર્ભૂત થયેલાં ગંગાજી છે, તો પછી તેમના મહિમાનું કારણ પ્રભુ સિવાય અન્ય કોણ હોઈ શકે ? માટે જ પ્રભુ તેમના પ્રભાવ-મહિમાનું કારણ-હેતુ છે. એ બરોબર જ છે.

## ગંગારૂપઃ ।।૩૯૭।।

ગંગાજી જેમનું સ્વરૂપ છે એવા પ્રભુ.

ગંગાનદી પોતે ભગવાન્‌નું જ સ્વરૂપ છે. ગીતામાં શ્રીમુખે આપ આજ્ઞા કરે છે કે "**સ્રોતસામ્ અસ્મિ જાહ્નવી**" પ્રવાહી (નદી) ઓમાં જે ગંગાનદી એ મારું સ્વરૂપ છે. તેમ વળી અન્ય સ્થળે આ પ્રમાણે પણ જણાવ્યું છે કે

**"યોઽસૌ નિરઞ્જનો દેવઃ ચિત્સ્વરૂપી જનાર્દનઃ,**
**સ એવા દ્રવરૂપેણ ગંગામ્ભો નાત્ર સંશયઃ"**

(જે નિર્ગુણ ચિત્સ્વરૂપી શ્રીકૃષ્ણ પરમાત્મા તે જ દ્રવરૂપે-ઝરણરૂપે ગંગાનું જળ છે એમાં લેશ પણ સન્દેહ કરવા જેવું નથી) વગેરે પ્રમાણોથી ગંગા, ભગવાન્‌નું સ્વરૂપ જ છે, એમ સિદ્ધ થાય છે. તેથી જ ગંગારૂપ પરમાત્મા (પુરુષોત્તમ) એમ અહીં જણાવવામાં આવે છે.

**અતિગૂઢકૃત્ ॥૩૬૮॥**

૧. બીજાં તીર્થોથી અત્યન્ત ગૂઢ રીતે ગંગારૂપ તીર્થ પ્રકટ કરનાર,

૨. અતીવ ગુપ્ત પાપોને પણ ગંગારૂપ તીર્થથી નાશ કરનાર એવા શ્રીપૂર્ણ પુરુષોત્તમ પ્રભુ.

**વૈકુણ્ઠદેહહેત્વમ્બુજન્મકૃત્ ॥૩૬૯॥**

ભગવાન્‌ને તેમ ભગવાન્‌ના વૈકુણ્ઠલોકને પ્રાપ્ત થાય તેવો દેહ થવામાં કારણરૂપ એવાં ગંગાજળને ઉત્પન્ન કરનાર એવા ભગવાન્.

ભગવત્સેવામાં યોગ્યતા સમ્પાદન કરી આપનાર ગંગાજળ છે, તે સમ્બન્ધમાં ભગવદ્વદનાનલસ્વરૂપ શ્રીમદાચાર્યચરણ પણ ''**તત્પાદસલિલં યથા**'' એ ૧૦।૧।૧૬ ના અન્તિમ ચરણની શ્રીસુબોધિનીજી ટીકામાં વિવેચન કરે છે કે ''ભગવાન્‌ના ચરણારવિન્દના જલરૂપ શ્રીગંગાજી પૂર્વકાલમાં કરેલાં અનેક પાપો અને પાપનાં કાર્યોનો વિનાશ કરી, ભગવાન્‌ની સેવામાં ઉપયોગી થાય તેવું શરીર ઉત્પન્ન કરે છે. ત્રિલોકમાં નિવાસ કરતા સર્વ જીવોને, સાત્ત્વિક, રાજસ અને તામસ જીવોને, તેમ બન્ને તટો ઉપર તથા મધ્યભાગમાં નિવાસ કરતા જીવોને પવિત્ર કરે છે. વળી પૂજન કરવાથી બ્રહ્માને, મસ્તકમાં ધારણ કરવાથી શંકરને, અને તપશ્ચર્યા કરવાથી ભૂતળ પર વિરાજી ભગીરથને પવિત્ર કરનાર ગંગાજી છે. એ પ્રમાણે ગંગાજીની પેઠે ભગવત્કથા સમ્બન્ધી પ્રશ્નનું પણ પવિત્રપણું સ્પષ્ટ દર્શાવેલું છે. એવા પવિત્ર કરવામાં મુખ્ય મનાતા ગંગાજલને પ્રકટ કરનાર પોતે પ્રભુ છે.

**સર્વપાવનઃ ॥૩૭૦॥**

સર્વને પવિત્ર કરનાર.

બ્રહ્મલોકથી આરમ્ભી સર્વ લોકમાત્રને શ્રીગંગારૂપે પાવન-પવિત્ર કરનાર પોતે શ્રીકૃષ્ણ જ છે. ભગવચ્ચરણામૃત અખિલ જગત્‌ને કેમ પાવન ન કરે ? પ્રભુનું ચરણામૃત પ્રભુરૂપ જ ગણાય, માટે અહીં સર્વપાવન સર્વને પવિત્ર કરનાર એવા ભગવાન્ એમ કહે છે.

**શિવસ્વામી શિવોપાસ્યો ગૂઢઃ સંકર્ષણાત્મકઃ ।**
**સ્થાનરક્ષાર્થમત્સ્યાદિરૂપઃ સર્વૈકપૂજિતઃ ॥૮૦॥**

**શિવસ્વામી ॥૩૭૧॥**

૧. શિવના સ્વામી, ૨. શિવ-કલ્યાણરૂપ એવા સ્વામી.

શિવ-શંકર પ્રભુ પોતાના ગણ સહિત ભગવાન્ સંકર્ષણની ઉપાસના કરે છે. આ સ્કન્ધના ૧૭મા અધ્યાયમાં કહ્યું છે કે, ઈલાવૃતમાં એક ભગવાન્ શંકર જ

પુરુષ છે, તે પોતાના ગુણો સાથે શ્રીકૃષ્ણના ચતુર્વ્યૂહાત્મક સ્વરૂપમાંના ચતુર્થ તમોમય સંકર્ષણ સ્વરૂપને સેવે છે, એમ સ્પષ્ટ કથન કરેલું છે. તેથી જ અહીં પુરુષોત્તમ શ્રીકૃષ્ણને શિવસ્વામી એમ પ્રતિપાદન કરે છે.

### શિવોપાસ્યઃ ||૩૭૨||

૧. શિવના ઉપાસ્ય-ઉપાસના-સેવન કરવા યોગ્ય,

૨. શિવપણાવડે એટલે તેમનામાં કલ્યાણ કરવાપણું છે માટે ઉપાસના કરવા-આરાધન કરવા લાયક એવા પરમાત્મા.

### ગૂઢઃ ||૩૭૩||

ગુપ્ત એવા ભગવાન્.

સર્વ પુરુષોથી ન જોઈ શકાય તેવા સ્થાનમાં વિરાજમાન હોવાથી, તથા બ્રહ્મા, દેવો, નારદ, સનકાદિક મુનિઓ વગેરે જેમનું સેવન-આરાધન વારંવાર કરે છે, છતાં જ ન જાણી શકાય તેવા છે. માટે તે ભગવાન્ પરબ્રહ્મ શ્રીકૃષ્ણને ગૂઢ એમ કહી સિદ્ધ કરે છે.

### સંકર્ષણાત્મકઃ ||૩૭૪||

સર્વનું આકર્ષણ કરનાર સંહાર મૂર્તિરૂપ પ્રભુ.

જ્યારે-જ્યારે જગતનો સંહાર થવાનો થાય છે, ત્યારે સંકર્ષણ ભગવાન્ ભ્રૂકુટિમણ્ડળમાંથી કાલાગ્નિરુદ્ર પ્રગટ કરી આ અખિલ વિશ્વનો નાશ કરે છે. સંહાર કરવો એ તમઃસ્વરૂપનો ધર્મ છે. ભગવાન્‌ના ચતુર્વ્યૂહાત્મક ચાર સ્વરૂપો તેમાં તમોમય જગતનો પ્રલય કરનાર સંકર્ષણ સ્વરૂપધારી એવા પ્રભુ કહ્યા.

### સ્થાનરક્ષાર્થમત્સ્યાદિરૂપઃ ||૩૭૫||

સ્થાનોનું રક્ષણ કરવા સારું મત્સ્યાદિ સ્વરૂપે ને તે સ્થાનમાં સ્થિતિ કરનાર.

સ્થાન - દ્વીપ, ખણ્ડ, વર્ષ વગેરેનું રક્ષણ કરવા તે-તે દ્વીપ, ખણ્ડ તથા વર્ષ આદિમાં મત્સ્ય, કૂર્મ, વરાહાદિ અવતારો ગ્રહણ કરી જુદે-જુદે સ્વરૂપે તેમાં આપ નિવાસ કરો છો. અને તે-તે સ્થાનોનું ત્યાંની પ્રજાઓનું સારી રીતે રક્ષણ-પાલન કરો છો, એમ આ સ્કન્ધના ભુવનકોશ વર્ણનમાં સ્પષ્ટ રીતે વર્ણવેલું છે, તે ઉદ્દેશથી જ આ નામની ઘટના કરેલી છે.

### સર્વૈકપૂજિતઃ ||૩૭૬||

૧. સર્વજનોથી એકરૂપે પૂજન કરાતા,

૨. સર્વભક્તોને એક જ સેવન-પૂજન કરવા યોગ્ય એવા શ્રીકૃષ્ણ.

પ્રભુ પોતે ઉપાસકોના ભેદથી, તેમ ઉપાસનાના ભેદથી જુદા-જુદા જણાય

છે છતાં વસ્તુતસ્તુ એક જ છે. જેથી સર્વ સ્થાને સર્વ લોકો જુદી-જુદી રીતે સેવન-પૂજન કરે છે. તો પણ એક પરબ્રહ્મ શ્રીકૃષ્ણનું સેવન-પૂજન થાય છે. ગીતામાં આપ શ્રીમુખે આજ્ઞા કરો છો કે

**''યો યો યાં યાં તનું ભક્તઃ શ્રદ્ધયાર્ચિતુમિચ્છતિ,**
**તસ્ય તસ્યાચલાં શ્રદ્ધાં તામેવ વિદધામ્યહમ્''**

(જે-જે ભક્તજન જેવા-જેવા મારા સ્વરૂપને શ્રદ્ધાપૂર્વક અર્ચન કરવાની ઈચ્છા કરે છે, તે-તે ભક્તજનને તેવા-તેવા સ્વરૂપમાં હું અચલ શ્રદ્ધા ધારણ કરાવું છું) અર્થાત્ શ્રદ્ધાપૂર્વક જે-જે ભગવત્સ્વરૂપને ભક્તજન સેવન કરે છે, તેથી પરમાત્માનું જ સેવન થાય છે. અન્યનું નહિ. કેમકે પ્રભુ પોતે જ સર્વરૂપે સર્વમાં પ્રકાશમાન છે તેથી જ સર્વમાં આપ એક જ પૂજન કરાય છે એમ કહે છે.

**ઉપાસ્યનાનારૂપાત્મા જ્યોતિરૂપો ગતિપ્રદઃ ।**
**સૂર્યનારાયણો વેદકાન્તિરુજ્જ્વલવેશધૃક્ ॥૮૧॥**

## ઉપાસ્યનાનારૂપાત્મા ॥૩૭૭॥

ઉપાસના કરવા યોગ્ય જુદા-જુદા મત્સ્ય, કૂર્મ, વરાહ સ્વરૂપો અવતારો જેમના છે, એવા શ્રીકૃષ્ણ.

## જ્યોતિરૂપઃ ॥૩૭૮॥

તેજસ્વરૂપી સૂર્યરૂપ પ્રભુ.

પરમાત્મા જ્યોતિરૂપે છે, જ્યોતિરૂપે જણાતા સૂર્ય પણ આપનું જ સ્વરૂપ છે. ગીતામાં આપ શ્રીમુખથી ઉપદેશે છે કે ''**જ્યોતિષાં રવિરંશુમાન્**'' તેજસ્વી સ્વરૂપોમાં જે સૂર્ય છે તે હું છું. તેથી અહીં જ્યોતિરૂપ ભગવાન્ શ્રીકૃષ્ણ એમ કહ્યું. (અહીંથી સૂર્યસ્વરૂપી પુરુષોત્તમનાં નામ જાણવાં)

## ગતિપ્રદઃ ॥૩૭૯॥

ઉત્તરાયણ અને દક્ષિણાયન એવી બન્ને રૂપ ગતિથી સર્વને શુભા-શુભ ફળને આપનાર એવા પ્રભુ.

## સૂર્યનારાયણઃ ॥૩૮૦॥

સૂર્યમણ્ડળના મધ્યવર્તી નારાયણ તે રૂપ પ્રભુ.

સૂર્યમણ્ડળના મધ્યવર્તી નારાયણ પ્રભુ રહેલા છે. તે નારાયણ પોતે શ્રીપુરુષોત્તમનું જ સ્વરૂપ છે. સૂર્યની સ્તુતિમાં વર્ણવે છે કે ''**ધ્યેયઃ સદા સવિતૃમણ્ડલમધ્યવર્તિ નારાયણઃ સરસિજાસનસન્નિવિષ્ટઃ**'' (કમલના આસન પર વિરાજમાન થયેલા, સૂર્યમણ્ડળના મધ્યમાં પ્રકાશમાન નારાયણ પરમાત્મા નિરન્તર

ધ્યાન કરવા યોગ્ય છે) તેમ ૨૨ મા અધ્યાયમાં ''**સ એષ ભગવાન્ આદિપુરુષ એષ સાક્ષાદ્ નારાયણો**'' (આદિપુરુષ ભગવાન્ નારાયણ જ સૂર્યસ્વરૂપે સર્વ લોકનું સદા કલ્યાણ કરવાને વસન્ત આદિઋતુઓ ધારણ કરે છે) તેથી જ સૂર્યસ્વરૂપી એવા ભગવાન્ એમ અહીં કહે છે.

## વેદકાન્તિઃ ||૩૮૧||

ઋગ્, યજુ અને સામ એ ત્રણે વેદ જેમની કાન્તિ છે એવા પરમાત્મા.

વેદત્રયી રૂપ જ ભગવાન્ સૂર્યનારાયણ છે. ૨૦ મા અધ્યાયમાં ''**ભગવન્તં ત્રયીમયં સૂર્યમાત્માનં યજન્તે**'' (વેદત્રયીમય એવા ભગવાન્ સૂર્ય પરમાત્માને યજન કરે છે) શ્રુતિ ભગવતી ઉપદેશે છે કે

''**ઋગ્ભિઃ પૂર્વાહ્ણે દિવિ દેવ ઈયતે, યજુર્વેદે**
**તિષ્ઠતિ મધ્યે અહ્નઃ સામવેદેનાસ્તમયે મહીયતે**
**વેદૈરશૂન્યઃ ત્રિભિરેતિ સૂર્ય ઈતિ**''

(હે રાજન્ ! પૂર્વાહ્ને) પ્રથમ પ્રહરમાં ઋગ્વેદવડે આકાશમાં સૂર્ય ગતિ કરે છે, મધ્યાહ્ને યજુર્વેદથી સ્થિતિ કરે છે, અને સાયાહ્ને (સાંજે) સામવેદવડે અસ્તનત થાય છે, એ ત્રણ વેદો સહિત જ હંમેશાં સૂર્ય ગતિ કરે છે, માટે જ વેદમય સ્વરૂપવાન્ સૂર્યનારાયણ પરમાત્મા એમ કથન કરે છે.

## ઉજ્જ્વલવેશધૃક્ ||૩૮૨||

પ્રકાશમાન સ્વરૂપને ધારણ કરનાર એવા સર્વરૂપ ભગવાન્.

**હંસોન્તરિક્ષગમનઃ સર્વપ્રસવકારણમ્ ।**
**આનન્દકર્તા વસુદો બુધો વાક્પતિરુજ્જ્વલઃ ||૮૨||**

## હંસઃ ||૩૮૩||

૧. નિરન્તર પર્યટન કરનાર.
૨. આયુષ્યનો ક્ષય કરી સર્વનો નાશ કરનાર સૂર્યરૂપી પરમાત્મા.

સૂર્યનો ઉદય અને અસ્ત થવાથી જ જગત્માં કાળનો ફેરફાર થાય છે. દિવસ, રાત્રિ, માસ, વર્ષ વગેરે સૂર્યના આધારથી જ ગણવામાં આવે છે. લોકોના આયુષ્યાદિનો નિર્ણય, આયુષ્યનો ક્ષય કરવાપણું, કાલની ગણતરી વગેરે સૂર્યથી જ બને છે. શ્રુતિ ભગવતી પણ આયુષ્યનો ક્ષય કરનાર સૂર્ય છે એમ જણાવે છે. માટે તેવા હંસસ્વરૂપી ભગવાન્ એમ કહે છે.

## અન્તરિક્ષગમનઃ ||૩૮૪||

અન્તરિક્ષ-આકાશમાંથી જ ગમન કરનાર એવા સૂર્ય પ્રભુ.

**સર્વપ્રસવકારણમ્ ।।૩૮૫।।**

સર્વને પ્રેરણા કરનાર.

સર્વ પ્રાણીમાત્રને-ગતિ આપનાર આપ સૂર્યસ્વરૂપી શ્રીપુરુષોત્તમ જ છે. શ્રુતિ ભગવતી વર્ણવે છે. ''**સવિતા પ્રસવાનામ્ ઈશ ઈતિ**'' પ્રેરણા કરનારમાં મુખ્ય સવિતા-સૂર્યનારાયણ છે. માટે અહીં સર્વને પ્રેરણા કરનાર સૂર્ય એમ દર્શાવ્યું. (અહીં સુધી સૂર્યના નામો પૂરાં થયાં, હવે ચન્દ્રાદિ આઠ ગ્રહોરૂપે પ્રભુનાં નામ જણાવે છે.

**આનન્દકર્તા ।।૩૮૬।।**

આનન્દ પ્રકટ કરનાર ચન્દ્રરૂપ ભગવાન્.

**વસુદઃ ।।૩૮૭।।**

૧. વસુને ધાન્યસમૃદ્ધિને આપનાર, ૨. ધાન્યસમૃદ્ધિનો નાશ કરનાર,
૩. ધનને આપનાર મંગલગ્રહ રૂપ ભગવાન્.

જ્યારે મંગલ જન્મ સમયે અગિયારમા ભવનમાં હોય, તો તે ધાન્યસમૃદ્ધિ તથા દ્રવ્ય વગેરેથી ઘણું જ સુખ આપે છે, જેથી તે ધાન્યસમૃદ્ધિ ધનને આપનાર છે, એમ કહેવાય છે, અને સ્વભાવે ક્રૂર હોવાથી અયોગ્ય સ્થાને સ્થિતિ થયેલો હોય તો, ધાન્ય, ધન વગેરે સમૃદ્ધિનો નાશ કરનાર નીવડે છે, એવા મંગલગ્રહ રૂપ ફલપ્રદાન કરનાર પોતે પ્રભુ જ છે.

**બુધઃ ।।૩૮૮।।**

સર્વ વસ્તુઓને જાણનાર બુધગ્રહરૂપ પરમાત્મા.

**વાક્પતિઃ ।।૩૮૯।।**

વાણીના પતિ બૃહસ્પતિ ગુરુગ્રહ રૂપ શ્રીકૃષ્ણ પ્રભુ.

**ઉજ્જવલઃ ।।૩૯૦।।**

શુભ એવા શુક્રગ્રહ રૂપી પ્રભુ.

શુક્રગ્રહ શ્વેત સ્વરૂપે પ્રકાશમાન હોવાથી તેમને ઉજ્જવલ-શુભ એમ કથન કરવામાં આવે છે. એ શુક્રગ્રહરૂપે આપ ભગવાન્ જ પ્રકાશમાન છે.

**કાલાત્મા કાલકાલશ્ચ કાલચ્છેદકૃદુત્તમઃ ।।**
**શિશુમારઃ સર્વમૂર્તિઃ આધિદૈવિકરૂપધૃક્ ।।૮૩।।**

**કાલાત્મા ।।૩૯૧।।**

૧. શ્યામ જેમનો આત્મા-સ્વરૂપ છે એવા,
૨. કાળ જેવા શનિગ્રહ રૂપ ભગવાન્.

શનિગ્રહનો વર્ણ કાળો મનાય છે. તેમ તે બધાને બહુધા પીડા કરનાર હોવાથી તેમને કાલાત્મા કહે છે. એ શનિગ્રહરૂપ પણ આપ પ્રભુ જ છો.

## કાલકાલઃ ||૩૯૨||

કાળમાં પણ વિશેષ કાળારનવાળા રાહુગ્રહરૂપી ઈશ્વરઃ

શનિગ્રહના કરતાં પણ જેમનો વિશેષ શ્યામરન છે. તેમ કેવળ તમોમય અને સર્વ મનુષ્ય માત્રને મહાપીડા આપનાર રાહુ ક્રૂર ગ્રહ છે, તેથી કાલના પણ કાલ એમ જણાવે છે. તો તેવી રાહુ ગ્રહરૂપ પણ પોતે પરમાત્મા જ છે. અન્ય નહિ, આપે જ સંસારનાટક ભજવવાને એવા વિવિધ સ્વરૂપે ક્રીડા કરી છે.

## કાલચ્છેદકૃત્ ||૩૯૩||

કાલરાહુને છેદી બે ભાગ કરી તેના દેહથી કેતુ નામના ગ્રહને કરનાર પરમાત્મા.

વિષ્ણુએ દેવોને અમૃત પાતાં, ચન્દ્ર-સૂર્યની મધ્યમાં આવેલા રાહુનો શિરચ્છેદ કર્યો. પરન્તુ અમૃતપાનથી અમૃત (મરણરહિત) બનેલા તે બે ભાગને ચૈતન્યયુક્ત રહી પ્રભુકૃપાથી ગ્રહ સંજ્ઞા પ્રાપ્ત થઈ. તેમાં મસ્તક વિભાગને રાહુ અને બાકીના ધડ ભાગને કેતુ કહેવાય છે. તે બન્ને મૂળ એક હોવાથી કેતુગ્રહરૂપ પણ પોતે પ્રભુ જ છે. (નવ ગ્રહોનાં નામો પૂરાં થયાં)

## ઉત્તમઃ ||૩૯૪||

સર્વથી ઘણા જ ઊંચા એવા શિશુમાર ચક્રરૂપ પ્રભુ.

શિશુમાર ચક્ર સર્વ ગ્રહોનાં માણ્ડળોથી પણ ઊંચુ છે. માટે તેને ઉત્તમ-અત્યન્ત ઉંચું સ્થાન એમ કહે છે. એ ચક્રરૂપે આપ શ્રીકૃષ્ણ જ વિરાજમાન છો.

## શિશુમારઃ ||૩૯૫||

શિશુમાર નામના ચક્રરૂપ પરમેશ્વરઃ

જળમાં રહેનાર શિશુમાર નામના જન્તુઓના જેવો પુચ્છ વગેરેમાં જેનો આકાર હોવાથી તે સ્થાનને શિશુમાર ચક્ર નામ આપેલું છે. તે રૂપ પોતે પ્રભુ છે.

## સર્વમૂર્તિઃ ||૩૯૬||

સર્વની અર્થાત્ ધર્મ, બ્રહ્મા વગેરેની જેમાં મૂર્તિઓ-સ્વરૂપો છે એવા પ્રભુ.

સર્વસ્વરૂપ શિશુમાર ચક્ર છે. તૈત્તિરીય શાખાના આરણ્યક વિભાગાન્તર્ગત ધ્રુવોપાખ્યાન નામના અનુવાકમાં ''**શિશુમારચક્રસ્ય ભૂઃ પ્રપદ્યે**'' એ મન્ત્રમાં જેના પુચ્છ ભાગમાં પ્રજાપતિ, અગ્નિ, ઇન્દ્ર, ધર્મ વગેરે દેવો છે. કટિમાં સપ્તઋષિઓ છે એમ સ્પષ્ટ જણાવેલું છે. તેમ ૨૩ મા અધ્યાયમાં પણ શિશુમાર ચક્રનું વર્ણન કરતાં તેના દરેક વિભાગોમાં જે-જે દેવો છે, તે સારી રીતે દર્શાવેલા છે. પરન્તુ અત્રે

વિસ્તાર થવાના કારણથી લેતા નથી. તે અધ્યાય દૃષ્ટિગોચર કરવાથી સ્પષ્ટ જણાઈ આવશે. એ રીતે શિશુમાર ચક્રના દરેક અંગમાં દેવો, નક્ષત્રો વગેરે હોવાથી તે સર્વમૂર્તિરૂપ છે. પ્રભુ જ સર્વરૂપ છે. માટે એ શિશુમાર ચક્રમાં રહેલા સર્વ દેવોનું આધિદૈવિક સ્વરૂપ છે, તેથી આગળ કહે છે કે

## આધિદૈવિકરૂપધૃક્ ॥૩૯૭॥

આધિદૈવિક રૂપને ધારણ કરનાર.

ગંગા આદી નદીઓ, તીર્થો, નક્ષત્રો, દેવતાઓ વગેરેના સ્થૂલ રૂપને આધિભૌતિક, દૈવીસ્વરૂપને આધિદૈવિક અને તત્ત્વમય સ્વરૂપને આધ્યાત્મિક કહે છે. તેથી નદીઓ આદિનાં ત્રણ-ત્રણ રૂપો જાણવાં. જેમ શ્રીગંગાજી નદીરૂપે આધિભૌતિક, તીર્થભાવનાથી સ્વરૂપ કલ્પી પૂજન કરવામાં આવે છે તેમ અહીં શિશુમાર ચક્રમાં રહેલા દેવો આધિદૈવિક સ્વરૂપે છે એમ સમજવું. તેથી આધિદૈવિક સ્વરૂપને ધારણ કરનાર પરમાત્મા એમ કહ્યું.

**અનન્તસુખભોગાઢ્યો વિવરૈશ્વર્યભાજનમ્ ॥**
**સંકર્ષણો દૈત્યપતિઃ સર્વાધારો બૃહદ્‌વપુઃ ॥૮૪॥**

## અનન્તસુખભોગાઢ્યો ॥૩૯૮॥

૧. જેનો અન્ત આવે નહિ તેવા પુષ્કળ સુખના ભોગવડે સમૃદ્ધ-પૂર્ણ,
૨. પુષ્કળ ભોગની સમૃદ્ધિ-પૂર્ણતા છે જેમનાથી એવા,
૩. અત્યન્ત સુખના ભોગની સમૃદ્ધિ-પૂર્ણતા થાય છે જેનાથી એવા પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર.

## વિવરૈશ્વર્યભાજનમ્ ॥૩૯૯॥

૧. સાતે લોકના ઐશ્વર્યને ભોગવનાર,
૨. સપ્તલોકના ઐશ્વર્યના આશ્રયરૂપ પ્રભુ.

ભૂમિની નીચે રહેલા વિવર- કે જે અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ, અને પાતાલ છે, એ સપ્તલોકના ઐશ્વર્યને ભોગ કરનાર આપ ભગવાન્ છે. તેથી તેમાં રહેલાં જે-જે ઐશ્વર્ય તેના પણ આશ્રયરૂપ આપ પ્રભુ છે. ૨૪ મા અધ્યાયમાં ભૂમિની અધઃ રહેલા સપ્તલોકના ઐશ્વર્યો, આનન્દો, વિલાસો સ્વર્ગ કરતાં પણ અધિક છે. એવા પ્રકારનાં ઐશ્વર્યો ભગવાન્‌ના આશ્રય સિવાય મળી શકે જ નહિ માટે અતલાદિ સાતે લોકના ઐશ્વર્યના આશ્રયરૂપ પ્રભુ એમ કહ્યું.

## સંકર્ષણઃ ॥૪૦૦॥

સારી રીતે સર્વને એકત્ર કરનાર.

પાતાલનિવાસી શેષ ભગવાન્‌ને ઉદ્દેશી આ નામ જણાવે છે તે શેષરૂપ આપ પ્રભુ જ છો.

## દૈત્યપતિઃ ॥૪૦૧॥

દૈત્યોના પતિ-સ્વામી

સંકર્ષણ-શેષ પરમાત્માનું સંહારાત્મક તામસ સ્વરૂપ છે. તેથી તમોમય પ્રકૃતિના દૈત્યોના પતિ એમ કહે છે. પ્રભુ સકલ વિશ્વના પતિ છે. તો તે દૈત્યોના પણ કેમ ન હોય ? હોય જ, કારણ કે પ્રભુ સર્વેશ્વર છે. શેષસ્વરૂપ પણ આપ જ છો.

## સર્વાધારઃ ॥૪૦૨॥

સર્વના આધારરૂપ-આશ્રયરૂપ પ્રભુ સર્વેશ્વર છે તો સર્વના આધાર-આશ્રયરૂપ હોય એમાં કોઈ આશ્ચર્ય જેવું નથી. શેષ પરમાત્મા જ પોતાના મસ્તક માણ્ડલમાં આખા ભૂમણ્ડલને વહન કરે છે માટે એ સર્વના આધારરૂપ છે.

## બૃહદ્‌વપુઃ ॥૪૦૩॥

જેમનું વપુ-શરીર ઘણું મોટું છે એવા સંકર્ષણ પ્રભુ

જે આખા ભૂમિમણ્ડળ પોતાના શિર પર ધારી વિહાર કરે છે તે મહા શરીરધારી હોય એમાં શું પૂછવાનું ? આ સ્કન્ધના ૨૪ અધ્યાયમાં સંકર્ષણ પ્રભુના મહાન સ્વરૂપનું વર્ણન કરતાં જણાવે છે કે : ''**મૂર્ધન્યર્પિતમ્ અણુવત્ સહસ્રમૂર્ધ્નો ભૂગોલ-સગિરિ-સરિત્સમુદ્રસત્વમ્**'' સહસ્ર શીર્ષ ધારનાર અનન્ત પ્રભુના માથા પર પર્વત, નદી, અને સમુદ્ર સહિત પૃથ્વીનો ગોળો અણુમાત્ર હોય, એમ રહેલો છે. એવું મહાસ્વરૂપ પરમાત્માનું છે. તેથી જ તેમને બૃહદ્‌વપુ સંજ્ઞા આપે છે.

**અનન્તનરકચ્છેદી સ્મૃતિમાત્રાર્તિનાશનઃ ।**
**સર્વાનુગ્રહકર્તા ચ ... ॥**

## અનન્તનરકચ્છેદી ॥૪૦૪॥

૧. (સંહાર સમયે) અનેક મનુષ્યોનાં મસ્તકોને છેદનાર,
૨. (અને સ્મરણ કરતાં) અનેક મનુષ્યોની નરક યાતનાઓને નાશ કરનાર એવા શ્રીપૂર્ણ પુરુષોત્તમ.

## સ્મૃતિમાત્રાર્તિનાશનઃ ॥૪૦૫॥

સ્મરણ થતાંની સાથે જ અનેક દુઃખો દૂર કરનાર એવા પ્રભુ.

પ્રભુ સર્વ દુઃખોને દૂર કરનાર છે, એ સર્વત્ર પ્રસિદ્ધ છે. પ્રહ્‌લાદ, અજામિલ વગેરેનાં દુઃખોને પ્રભુએ સ્મરણ થતાં જ દૂર કરેલાં છે, એ મશહૂર છે.

## સર્વાનુગ્રહકર્તા ।।૪૦૭।।

સર્વ ઉપર અનુગ્રહ-કૃપા કરનાર હિત કરનાર.

નરકની સર્વ યાતનાઓ શાસ્ત્રદ્વારા દર્શાવી. બધાં મનુષ્યો પાપ કરી તેમાં ન પડે તેમ તેમને ભય આપવા રૂપ હિત કરનાર પ્રભુ છે. નરકયાતનાઓનો ભય દર્શાવવાનું બીજું કાંઈ પણ કારણ નથી. પણ કેવળ તેવા ભયને લીધે મનુષ્યો તેવા માર્ગમાં ન દોરાય એ જ આશય છે. માટે નરક ભય આપીને તેમનું હિત કરનાર પરમાત્મા છે.

**।।ઇતિ પઞ્ચમસ્કન્ધનામાનિ।।**

## ।। અથ ષષ્ઠસ્કન્ધનામાનિ।।

### ……………મર્યાદાભિન્નશાસ્ત્રકૃત્ ।।૮૫।।

### મર્યાદાભિન્નશાસ્ત્રકૃત્ ।।૪૦૭।।

મર્યાદાથી જુદા પ્રકારના શાસ્ત્રને કરનાર.

જેવા પ્રકારનું સાધન હોય તેવા પ્રકારનું ફળ આપનારને મર્યાદા કહે છે. જેમકે ''**સ્વર્ગકામો યજેત**'' ''સ્વર્ગની કામના-ઈચ્છાવાળાએ યજન કરવું'' આ પ્રમાણે કામફલ અને મોક્ષફલના અનુસન્ધાનથી જે-જે વેદોક્ત કર્મ-ક્રિયાઓ કરવામાં આવે છે, તે વેદશાસ્ત્રમાં મર્યાદામાર્ગ મનાય છે. તેમ સાધન વિના અથવા અલ્પ સાધનથી મોટા ફળની-ભગવાન્‌ના આનન્દાત્મક સ્વરૂપની લીલાના અનુભવરૂપ ફળની પ્રાપ્તિ થવી તે મર્યાદામાર્ગથી ભિન્ન કહેવાય છે. એવા ફળની પ્રાપ્તિ પ્રભુના અનુગ્રહ સિવાય સાધ્ય થઈ શક્તી નથી. શ્રીમદ્વલ્લભાગ્નિ આજ્ઞા કરે છે ''**પોષણં તદનુગ્રહઃ**'' (ભગવાન્‌ના અનુગ્રહને જ પોષણ કહે છે) અને તે પોષણનું નામ જ પુષ્ટિ છે. તો તેવા પુષ્ટિમાર્ગ પ્રતિપાદક શાસ્ત્રને રચનાર એવા શ્રીપુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્ર છે.

**કાલાન્તકભયચ્છેદી નામસામર્થ્યરૂપધૃક્ ।**
**ઉદ્ધારાનર્હગોપ્તાત્મા નામાદિપ્રેરકોત્તમઃ ।।૮૬।।**

### કાલાન્તકભયચ્છેદી ।।૪૦૮।।

કાલસરખા યમરાજ અને અન્તક (મૃત્યુ) ના ભયને છેદવાના-નાશ કરવાના સ્વભાવવાળા એવા ભગવાન્.

કાલ સરખા ભયપર યમરાજ જેમ મૃત્યુના ભયને દૂર કરનાર પ્રભુ છે. જે પ્રભુનું નામસ્મરણ કરે છે, તેને કાલનો-મૃત્યુનો તેમ યમનો-નરકસમ્બન્ધી બિલકુલ પણ ભય થતો નથી. આ સ્કન્ધના પ્રથમ ત્રણ અધ્યાયોમાં ભગવાન્‌ના નામસ્મરણનું અપૂર્વ માહાત્મ્ય પ્રકાશ કરી અજામિલને મરણના તથા નરકપ્રાપ્તિના ભયથી મુક્ત કર્યાનું સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે. તે જ ભાવને સૂચવનાર આ નામ છે.

### નામસામર્થ્યરૂપધૃક્ ।।૪૦૯।।

નામના (સમ્પૂર્ણ પાપને દૂર કર્યા રૂપ) સામર્થ્યવાન્ પ્રભાવશાલી સ્વરૂપને ધારણ કરનાર.

જે-જે સામર્થ્યવાન્-પ્રભાવવાન્ સ્વરૂપો જોવામાં તે-તે રૂપધારી આપ ભગવાન્ છો કેમકે ગીતામાં આપ આજ્ઞા કરો છો કે

**"યદ્-યદ્ વિભૂતિમત્ સત્વં શ્રીમદૂર્જિતમેવ વા,**
**તત્તદેવાવગચ્છ ત્વં મમ તેજોંશસમ્ભવમ્"**

(જે-જે પ્રતાપી તેજસ્વી શ્રીયુત અને બલસમ્પન્ન મનુષ્ય જોવામાં આવે, તે-તે મારા તેજના અંશથી ઉત્પન્ન થયેલા છે, એમ તમો જાણો) અધ્યાય.૧ માં ભગવદ્રૂપ જ જણાતા ચાર વિષ્ણુ પાર્ષદોએ આવી, નારાયણનું નામ લેનાર સમ્પૂર્ણ પાપોથી મુક્ત બનેલા અજામિલને યમદૂતોથી મુક્ત કર્યો છે. એવા પ્રભાવવાન્ વિષ્ણુ પાર્ષદો આપ પ્રભુથી ભિન્ન નથી, પરન્તુ પ્રભુના અંશસ્વરૂપો એટલે ભગવાન્ પોતે જ તે પાર્ષદોરૂપે અજામિલને મુક્ત કરનાર છે, એમ જ આ નામનો આશય છે.

## ઉદ્ધારાનર્હગોપ્તાત્મા ||૪૧૦||

સંસારથી મુક્ત થવાને જેમની યોગ્યતા નથી એવા જીવોનું પાલન કરનાર જેમનો આત્મા છે એવા ભગવાન્.

ચાલતા પ્રકરણમાં ઉપર જણાવ્યા પ્રમાણે અજામિલનું જ પ્રભુએ રક્ષણ કર્યું છે. પરન્તુ તે સિવાય બીજા ઘણા એવા જીવોનું પરમાત્માએ રક્ષણ કરેલું છે. નરકમાં પડેલા મનુષ્યો પણ શ્રીકૃષ્ણ નામના ઉચ્ચારણમાત્રથી જ મુક્ત થઈ અકુણ્ઠિત વૈકુણ્ઠ પદને પ્રાપ્ત થયેલા એમ ઘણી જગ્યાએ સાંભળવામાં આવે છે. નૃસિંહપુરાણમાં માર્કણ્ડેયના મરણ સમયે આ પ્રસંગે અનુકૂળ આખો નવમો અધ્યાય જણાવે છે, તેમાં પ્રભુના નામસ્મરણ કરવા માત્રથી જ ઘણા જીવોને તાત્કાલિક ભગવાન્ના ધામની પ્રાપ્તિ થઈ છે. યમરાજે આ પ્રમાણે પ્રત્યક્ષ અનુભવ કરી પોતાના દૂતોને ભગવાન્ના ભક્તને ત્યાગ કરવાનો ઉપદેશ કરેલો છે અને ભગવાન્ નામનું માહાત્મ્ય દર્શાવેલું છે. તેમ અધ્યાય ૨માં યમ અને યમદૂતો નો સંવાદ પ્રસંગમાં ભગવાન્ નામ માહાત્મ્ય ઉત્તમ પ્રકારે વર્ણવવામાં આવ્યું છે. શ્રીકૃષ્ણ પરમ કૃપાનિધિ છે. એટલે એમના નામનો ઉચ્ચાર કરતાં ક્ષુદ્ર મનુષ્ય મુક્ત થઈ જાય એ કાંઈ આશ્ચર્ય જેવું નથી. માટે ક્ષુદ્ર જીવોને પાલન કરનાર-રક્ષણ કરનાર એવા પ્રભુ એમ કહે છે.

## નામાદિપ્રેરકોત્તમઃ ||૪૧૧||

૧. જે સાધનોમાં પ્રભુનું નામસ્મરણ મુખ્ય છે તેવાં સાધનોને પ્રેરણા કરનાર એવા ઉત્તમ-શ્રેષ્ઠ ભગવાન્
૨. નામ આદિ સાધનો જેમને ઉત્તમ પ્રેરણા કરનાર છે એવા પ્રભુ.

**અજામિલમહાદુષ્ટમોચકોઽઘવિમોચકઃ ||**

**ધર્મવક્તાક્લિષ્ટવક્તા વિષ્ણુધર્મસ્વરૂપધૃક્ ।।૮૭।।**

### અજામિલમહાદુષ્ટમોચકઃ ।।૪૧૨।।

મહાપાપથી મહાન દુષ્ટ બનેલા અજામિલ નામના બ્રાહ્મણને નામસ્મરણવડે સર્વ દોષોથી મુક્ત કરનાર એવા પરમાત્મા શ્રીકૃષ્ણ.

### અઘવિમોચકઃ ।।૪૧૩।।

૧. અજામિલને શૂદ્ર સ્ત્રીના સમ્બન્ધવડે થયેલા પાપથી મુક્ત કરનાર,
૨. સર્વ પાપોથી છોડાવનાર એવા પ્રભુ.

### ધર્મવક્તા ।।૪૧૪।।

ધર્મના વદનાર.

પોતાના ધર્મને વિષ્ણુદૂતદ્વારા વદનાર-કથન કરનાર આપ ભગવાન્ છો. આ સ્કન્ધના ૨ અધ્યાયના ''**અહો કથં ધર્મદશામ્...**'' આ શ્લોકમાં અહો અફસોસ છે કે ધર્મનું દર્શન કરનારા ન્યાય આપનારાઓની સભાને અધર્મે અભડાવી દીધી છે, કેમકે જે સભામાં શિક્ષાને અયોગ્ય એવા નિષ્પાપી લોકોને વૃથા શિક્ષા કરવામાં આવે છે, એમ કહી આગળ વિષ્ણુદૂતોએ ધર્મનું સ્વરૂપ જણાવેલું છે. તે રૂપે ધર્મનું સ્વરૂપ વદનાર આપ પરમાત્મા જ છો, માટે તેમને ધર્મવક્તા કહે છે.

### અક્લિષ્ટવક્તા ।।૪૧૫।।

૧. અક્લિષ્ટ-શાસ્ત્રવિરુદ્ધ નહિ તેવા યથાર્થ ધર્મના સ્વરૂપનું કથન કરનાર.
૨. અક્લિષ્ટ-સુલભ રીતે-સુખપૂર્વક થઈ શકે તેવા ઉપાયને કથનાર.

સુખથી ભગવદ્ધર્મ સાધ્ય થઈ શકે તેવો ઉપાય ભગવાન્‌ના નામનું ઉચ્ચારણ કરવું એ જ છે. બીજા ઉપાયો દુઃખરૂપ છે, એમ ઘણા ગ્રન્થોમાં જણાવે છે. તેમ બીજા અધ્યાયમાં પણ ''**અયં હિ કૃતનિર્વેશો જન્મકોટ્ય-હંસામપિ**'' આ અજામિલ કરોડો જન્મના પાપોનું પણ પ્રાયશ્ચિત કરી ચૂક્યો છે. કારણ કે પરાધીનતામાં મહામંગલમય પરમાત્માનું નામ તેણે લીધું છે, વગેરે કહી પ્રભુચરણ શરણ થવાનો સરલમાં સરલ માર્ગ ભગવન્નામોચ્ચારણ જ છે, એમ હેતુ સ્પષ્ટ કરે છે.

### વિષ્ણુધર્મસ્વરૂપધૃક્ ।।૪૧૬।।

૧. વિષ્ણુ ધર્મ એ જ જેનું સ્વકીય ધન છે તેને ''વિષ્ણુ ધર્મસ્વ'' કહેવાય તેવા વિષ્ણુધર્મસ્વ ભગવદીય જનોમાં (પોતાના)રૂપને ધારણ કરનાર-સ્થાપન કરનાર,
૨. વિષ્ણુ પરમાત્મા એ જ ધર્મ-યમસ્વરૂપને ધારણ કરનાર-યમરાજ પોતે ભગવાન્‌નું સ્વરૂપ છે, માટે ધર્મ-યમરૂપધારી પ્રભુ એમ કહે છે. ગીતામાં આપે શ્રીમુખથી આજ્ઞા કરી છે કે ''**યમઃ સંયમતામહમ્**'' (સંયમીઓમાં યમ-ધર્મરાજ તે

હું છું) એમ જણાવેલું છે.

**સન્માર્ગપ્રેરકો ધર્ત્તા ત્યાગહેતુરધોક્ષજઃ ।**
**વૈકુણ્ઠપુરનેતા ચ દાસસંવૃદ્ધિકારકઃ ।।૮૮।।**

## સન્માર્ગપ્રેરકઃ ।।૪૧૭।।

૧. સાધુ–સત્પુરુષોના માર્ગમાં પ્રેરણા કરનાર, સારા માર્ગમાં પ્રેરનાર.

ભગવાન્‌ના ઉપર જ કેવળ એકનિષ્ઠા થઈ જવી તેવા માર્ગને સન્માર્ગ કહે છે. તેમાં પ્રેરણા કરનાર પ્રભુ એમ કહ્યું. પાણ્ડવ ગીતામાં નરદજી કહે છે કે ''**હરેર્નામૈવ નામૈવ નામૈવ મમ જીવનમ્**'' શ્રીહરિપરમાત્માનું નામસ્મરણ કરવું એ જ મારું પરમ જીવન છે.

આમ કહી નારદજી પ્રભુ વિષે એકનિષ્ઠા જણાવે છે. એ જ સન્માર્ગનું સ્વરૂપ છે. માટે પ્રભુના નામસ્મરણરૂપ સન્માર્ગને પ્રેરનાર આપ પ્રભુ છો.

## ઉદ્ધર્તા ।।૪૧૮।।

ભક્તોને ધારણ કરનાર પ્રભુ.

પોતે પરમાત્મા જ ભક્તને ધારણ કરનાર ઉદ્ધારનાર છે. ગીતામાં આપ ઉપદેશે છે કે ''**કૌન્તેય પ્રતિજાનીહિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ**'' હે કુન્તાસુત અર્જુન! મારો ભક્ત નાશ પામતો નથી, અર્થાત્ તે મારા ભક્તને કોઈ પણ વખત જન્મ–મરણ થતાં નથી. કેમકે હું જ તેને ધારણ કરનાર છું એમ જાણવું. માટે જ ભક્તોને ધારણ કરનાર પ્રભુ એમ કહે છે.

## ત્યાગહેતુઃ ।।૪૧૯।।

જેમને પ્રાપ્ત કરવામાટે રૂપ, રસ આદિ વિષયનો ત્યાગ એ મુખ્ય હેતુ છે એવા પરમાત્મા.

જ્યાં સુધી રૂપ, રસ, ગન્ધ શબ્દ અને સ્પર્શ એ પાંચ વિષયોનો પરિત્યાગ કરવામાં આવ્યો નથી, ત્યાં સુધી પ્રભુની પ્રાપ્તિ થવી અશક્ય છે. માટે પ્રભુપ્રાપ્તિમાં પાંચ વિષયોનો પરિત્યાગ એ જ મુખ્ય હેતુ છે એમ કહે છે.

## અધોક્ષજઃ ।।૪૨૦।।

ઈન્દ્રિયોથી ઉત્પન્ન થાય તેવા જ્ઞાનને પ્રકટ કરનાર પ્રભુ.

## વૈકુણ્ઠપુરનેતા ।।૪૨૧।।

૧. પોતાના વૈકુણ્ઠધામમાં અજામિલને લઈ જનાર,
૨. વૈકુણ્ઠપુરના નેતા–નાયક એવા વિષ્ણુરૂપ શ્રીપુરુષોત્તમ.

## દાસસંવૃદ્ધિકારકઃ ॥૪૨૨॥

દાસોની-મુખ્ય ભગવદ્‌ભક્તોની સારી રીતે સર્વ પ્રકારની વૃદ્ધિ કરનાર,

નિજ ભક્તજનોની સારી રીતે પ્રભુ વૃદ્ધિ-ઉન્નતિ કરે છે. આપ ભક્તપ્રિય હોવાથી ભક્તોની ઉન્નતિ નિહાળી બહુ જ પ્રસન્ન થાય છે. માટે તેમની આપ ઉત્તરોત્તર ઉન્નતિ જ કર્યા કરે છે.

**દક્ષપ્રસાદકૃદ્ધંસ-ગુહ્યસ્તુતિવિભાવનઃ ।**
**સ્વાભિપ્રાયપ્રવક્તા ચ મુક્તજીવપ્રસૂતિકૃત્ ॥૮૯॥**

## દક્ષપ્રસાદકૃત્ ॥૪૨૩॥

પ્રચેતસોના પુત્ર દક્ષને સૃષ્ટિ પ્રગટ કરવાના સામર્થ્ય રૂપ પ્રસાદ અનુગ્રહ કરનાર એવા પરમાત્મા.

## હંસગુહ્યસ્તુતિવિભાવનઃ ॥૪૨૪॥

૧. હંસપરમાત્મા સમ્બન્ધી ગુહ્યની સ્તુતિમાં પ્રેરનાર,
૨. હંસપરમાત્મા સમ્બન્ધી ગુહ્યની સ્તુતિવડે ચિન્તન કરાતા પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર.

ગુહ્યે કરેલી હંસસ્વરૂપ પરમાત્માની સ્તુતિથી આપ બહુ જ પ્રસન્ન થાવ છો, જેથી ભક્તોને તેવી રીતે સ્તુતિ કરવામાં આપ પ્રેરો છો. એટલે ભક્તજનો તેવી સ્તુતિથી આપનું સ્તવન-ધ્યાન વગેરે છે. ૪ થા અધ્યાયમાં છે કે ''**અસ્તૌષીદ્ધં સગુહ્યેન ભગવન્તમ્ અધોક્ષજમ્**'' (દક્ષ પ્રજાપતિએ ગુહ્યે કરેલી હંસ પરમાત્માની સ્તુતિવડે અધોક્ષજ એવા શ્રીકૃષ્ણ પરમાત્માની સ્તુતિ કરી) એમ સ્પષ્ટ જણાવેલ છે, માટે પ્રભુ પોતે ગુહ્યની સ્તુતિવડે ચિન્તન કરતા છે.

## સ્વાભિપ્રાયપ્રવક્તા ॥૪૨૫॥

પોતાના અભિપ્રાયને સારી રીતે પ્રવચન કરનાર.

પોતાની અનેક વિભૂતિઓને પ્રકટ કરવી એવા પોતાના અભિપ્રાયને સર્વ પ્રજાઓમાં સ્પષ્ટ રીતે પ્રવચન કરી પ્રકાશ કરનાર આપ પ્રભુ છો. આ સ્કન્ધના ૪ અધ્યાયમાં ''**મમૈષ કામો ભૂતાનાં યદ્ ભૂયાસુ વિભૂતયઃ**'' (મારી એમ કામના છે કે આ સર્વ લોકમાં (મારી) એક વિભૂતિઓ પ્રકટ હો.) ત્યાં પ્રભુએ વિભૂતિઓને પ્રકટ કરવાને નિજ અભિપ્રાય સ્પષ્ટ જણાવેલો છે માટે પોતાના અભિપ્રાયને સારી રીતે વદનાર એમ કહે છે.

## મુક્તજીવપ્રસૂતિકૃત્ ॥૪૨૬॥

મુક્ત થયેલા જીવો-હર્યશ્વો (દક્ષના દશ હજાર પુત્રો) ને આગળ સૃષ્ટિનો

અભાવ થવાથી ઉત્પન્ન કરનાર એવા પ્રભુ.

**નારદપ્રેરણાત્મા ચ હર્યશ્વબ્રહ્મભાવનઃ ।**
**સુબલાશ્વહિતો ગૂઢવાક્યાર્થજ્ઞાપનક્ષમઃ ॥૯૦॥**

### નારદપ્રેરણાત્મા ॥૪૨૭॥

નારદ મુનિની પ્રેરણામાં જેમનો આત્મા ચિત્ત છે એવા શ્રીપુરુષોત્તમ.

નારદમુનિની પ્રેરણા-અર્થાત્ નારદમુનિ જેને ઉપદેશ કરે તે ભગવન્નિષ્ઠ જ બને, નારદજી તેમને બહુ જ પ્રિય છે, માટે તેમનાથી ઉપદેશ પામેલાને પોતાના શરણ રાખવામાં જેમનું ચિત્ત છે એવા પરમાત્મા.

### હર્યશ્વબ્રહ્મભાવનઃ ॥૪૨૮॥

નારદજીના ઉપદેશથી હર્યશ્વાદિને બ્રહ્મત્વ પ્રાપ્ત કરાવનાર એવા પ્રભુ.

દક્ષપ્રજાપતિના હર્યશ્વાદિ પુત્રો પિતાની આજ્ઞા લઈ પ્રજાની વૃદ્ધિમાટે તપ કરવા ગયા. ત્યાં નારદજીએ આવી તેમને બ્રહ્મનો ઉપદેશ કરી બ્રહ્મત્વ પ્રાપ્ત કરાવ્યું. એમ આ સ્કન્ધમાં પાંચમાં અધ્યાયમાં છે તેમને નારદજીદ્વારા બ્રહ્મત્વ આપનાર આપ પ્રભુ છો.

### સુબલાશ્વોહિતઃ ॥૪૨૯॥

૧. સારા પ્રકારનું શોભાવાળું જેમનું બળ છે, એવા ભગવાન્‌ને પ્રાપ્ત થનારા સુબલાશ્વો જેમનાથી હિત છે એવા પ્રભુ.

સુબલાશ્વ એટલે દક્ષના એક હજાર પુત્રો તે પણ નારદજીના ઉપદેશથી બ્રહ્મત્વને પામી ગયા છે. બ્રહ્મત્વ પામવા રૂપ હિત કરનાર પોતે પ્રભુ છે. અહીં 'સુબલાશ્વ' એને બદલે 'શબલાશ્વ' એમ પાઠ હોવો જોઈએ. શ્રીમદાચાર્યચરણશ્રીની ઉક્તિ એમ જ હશે એમ સમ્ભવિત જણાય છે. આ પ્રમાણે શાથી પાઠમાં ફેર થયો છે તે સમજાતું નથી કેમકે "**વિવર્ધયિષવસ્તે તુ શબલાશ્વાઃ પ્રજાઃ પુનઃ**" (ફરીને દક્ષે પ્રજાવૃદ્ધિથી ઈચ્છા રાખનાર શબલાશ્વો પ્રકટ કર્યા એમ વિષ્ણુપુરાણમાં 'શબલાશ્વ' શબ્દનું ગ્રહણ સ્પષ્ટ જોવામાં આવે છે. તેમ આ સ્કન્ધના ૫ અધ્યાયમાં પણ દક્ષપ્રજાપતિના બીજા હજાર પુત્રોને માટે શબલાશ્વ પાઠ જ જોવામાં આવે છે. 'સુબલાશ્વ' પદની યોજનાથી 'શબલાશ્વો' નું ગ્રહણ કરવું એ ક્લિષ્ટાર્થ કલ્પના થાય છે. માટે ખરું જોતાં 'શબલાશ્વહિતઃ' એમ જ પાઠ મૂલ છે એમ જાણવું.

### ગૂઢવાક્યાર્થજ્ઞાપનક્ષમઃ ॥૪૩૦॥

નારદજીએ હર્યશ્વોને કહેલા ગૂઢ વાક્યોનો બોધ કરવામાં ઉત્તમ-સમર્થ એવા પ્રભુ. ૫ મા અધ્યાયમાં નારદજીએ કરેલા પ્રશ્નો સ્પષ્ટ દર્શાવ્યા છે. નારદજીદ્વારા

પ્રશ્નો કરી બોધ આપનાર આપ પ્રભુ જ છો.

**ગૂઢાર્થજ્ઞાપનઃ સર્વ-મોક્ષાનન્દપ્રતિષ્ઠિતઃ ।**
**પુષ્ટિપ્રરોહહેતુશ્ચ દાસૈકજ્ઞાનહૃદ્ગતઃ ॥૯૧॥**

## ગૂઢાર્થજ્ઞાપનઃ ॥૪૩૧॥

ગૂઢ અર્થને જણાવનાર એવા પ્રભુ.

હર્યશ્વોને તથા શબલાશ્વોને જે નારદદ્વારા મોક્ષ મળ્યો તે ગૂઢ જ્ઞાનને-ગુપ્ત અર્થને દક્ષ પ્રજાપતિને સમાધિમાં જણાવનાર પોતે પ્રભુ છે. નકર ઘર બેઠાં હર્યશ્વો તથા શબલાશ્વોને નારદજીથી મોક્ષ મળ્યો એમ દક્ષ શી રીતે જાણે ? પરન્તુ એ જ્ઞાન આપનાર આપ પ્રભુ જ છો.

## સર્વમોક્ષાનન્દપ્રતિષ્ઠિતઃ ॥૪૩૨॥

૧. સર્વ હર્યશ્વાદિકોને મોક્ષરૂપ આનન્દ જેનાથી ઉત્પન્ન થયો છે એવા,
૨. સર્વ હર્યશ્વાદિકોના મોક્ષથી જેમણે નારદમુનિને આનન્દ સ્થાપન કર્યો છે, એવા પરમાત્મા.

## પુષ્ટિપ્રરોહહેતુઃ ॥૪૩૩॥

પુષ્ટિમાર્ગીય સૃષ્ટિના કારણરૂપ

સૃષ્ટિના પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા એવા ત્રણ પ્રકાર છે. તેમાંની પુષ્ટિ-સૃષ્ટિના ખાસ કારણરૂપ આપ ભગવાન્ શ્રીપુરુષોત્તમ છે. ૭મા અધ્યાયમાં "**તતઃ પ્રાચેતસોઽસિકન્યામ્**" એ શ્લોકમાં (ત્યાર પછી બ્રહ્માએ સમજાવેલા દક્ષ પ્રજાપતિએ પોતાની અસિકની નામની સ્ત્રીથી પિતા ઉપર પ્રેમ રાખનારી સાઠ કન્યાઓ પ્રકટ કરી. અહીં દક્ષપ્રજાપતિદ્વારા કન્યાઓ ઉત્પન્ન કરનાર અને પુષ્ટિસૃષ્ટિ-ભગવાન્ના અનુગ્રહથી ઉત્પન્ન થયેલી સૃષ્ટિ પ્રકટ કરનાર આપ પ્રભુ છો.

## દાસૈકજ્ઞાનહૃદ્ગતઃ ॥૪૩૪॥

કેવળ ભગવદીય જનોએ જ જેમનો હૃદયગત અભિપ્રાય જાણ્યો છે એવા પ્રભુ.

સર્વ વ્યવસાય દૂર કરી જે પ્રભુનું જ નિરન્તર આરાધન કર્યા કરે છે, તેવા ભગવદીય જનો પ્રભુના હૃદયગત ભાવને જાણે એમાં આશ્ચર્ય કાંઈ જ નથી. એમ પ્રભુનો હૃદ્ગત વિચાર સમજવાથી જ નારદજીએ હર્યશ્વાદિકોને સદુપદેશ આપી બ્રહ્મપરાયણ બનાવ્યા છે. એમ ન હોય તો ભગવદિચ્છા સિવાય નારદજી ઉપદેશ આપી શકે જ ક્યાંથી ? માટે ભગવાન્ના હૃદયગત ભાવોને ભાવુક ભગવજ્જનો જ જાણે છે. બીજાથી તેમ બની શક્તું નથી એ જ આ નામનો સ્ફુટ આશય છે.

**શાન્તિકર્તા સુહિતકૃત્ સ્ત્રીપ્રસૂઃ સર્વકામધુક્ ।**
**પુષ્ટિવંશપ્રણેતા ચ વિશ્વરૂપેષ્ટદેવતા ॥૯૨॥**

### શાન્તિકર્તા ॥૪૩૫॥

બ્રહ્માના વાક્યદ્વારા દક્ષ પ્રજાપતિને શાન્તિ આપનાર એવા પૂર્ણ કૃપાનિધિ શ્રીકૃષ્ણ.

### સુહિતકૃત્ ॥૪૩૬॥

૧. ધર્મ વિગેરેને દક્ષદ્વારા કન્યાઓ આપી સારી રીતે સન્તુષ્ટ કરનાર,
૨. સારી રીતે સર્વનું હિત-કલ્યાણ કરનાર પ્રભુ.

### સ્ત્રીપ્રસૂઃ ॥૪૩૭॥

સ્ત્રીઓને ઉત્પન્ન કરનાર અર્થાત્ દક્ષ પ્રજાપતિની અસિકની સ્ત્રીમાં દક્ષદ્વારા પુત્રીઓ પ્રકટ કરનાર એવા ભગવાન્.

### સર્વકામધુક્ ॥૪૩૮॥

૧. સર્વની કામનાઓને પૂર્ણ કરનાર,
૨. દક્ષની કન્યાઓવડે સર્વ કાશ્યપાદિના કામને-વિષયવિલાસને દોહનાર-પૂર્ણ કરનાર એવા પરમાત્મા.

### પુષ્ટિવંશપ્રણેતા ॥૪૩૯॥

પુષ્ટિવડે એટલે ભગવાન્‌ના અનુગ્રહદ્વારા દક્ષથી પ્રકટ થયેલા વંશને ઉત્કર્ષ રીતે વિસ્તારનાર પ્રભુ.

### વિશ્વરૂપેષ્ટદેવતા ॥૪૪૦॥

ત્વષ્ટાના પુત્ર વિશ્વરૂપને દષ્ટ (જોવાય તેવું) અદષ્ટ (નહિ જોવાય તેવું) ફળને અર્પણ કરનાર-અર્થાત્ નારાયણકવચરૂપ દેવતા શ્રીપુરુષોત્તમ.

**કવચાત્મા પાલનાત્મા ચ વર્મોપચિતિકારણમ્ ।**
**વિશ્વરૂપશિરચ્છેદી ત્વાષ્ટ્રયજ્ઞવિનાશકઃ ॥૯૩॥**

### કવચાત્મા ॥૪૪૧॥

નારાયણકવચરૂપી જેમનો આત્મા-દેહ છે એવા.

### પાલનાત્મા ॥૪૪૨॥

૧. કવચરૂપે ઈન્દ્રનું પ્રતિપાલન કરનાર.
૨. સર્વ મનુષ્યોનું પાલન કરવા સારુ જેમનો આત્મા છે એવા.

## વર્મોપચિતિકારણમ્ ॥૪૪૩॥

નારાયણકવચને વિસ્તારપૂર્વક કથન કરવામાં કારણરૂપ એવા શ્રીકૃષ્ણ.

૮ મા અધ્યાયના "**યયા ગુપ્તઃ સહસ્રાક્ષઃ...**" એ શ્લોકથી આરમ્ભી નારાયણકવચને વિશ્વરૂપદ્વારા સ્પષ્ટ જણાવેલું છે. તેના કારણરૂપે આપ પ્રભુ જ છો.

## વિશ્વરૂપશિરચ્છેદી ॥૪૪૪॥

વિશ્વરૂપનાં ત્રણ મસ્તકોને છેદવાનો જેમનો સ્વભાવ છે એવા ઈન્દ્રસ્વરૂપી ભગવાન્.

સર્વ દેવોમાં આપ આજ્ઞા કરો છો કે "**દેવાનામ્ અસ્મિ વાસવઃ**" (દેવોમાં હું ઈન્દ્ર છું) એ વચનથી જ અહીં ઈન્દ્રસ્વરૂપી પ્રભુ એમ કહે છે. કોઈ શંકા કરે કે, "સર્વમાં સમદષ્ટિ રાખનાર ભગવાન્ વિશ્વરૂપનાં મસ્તકોને છેદી નાંખે એ અયોગ્ય છે. પરન્તુ પ્રભુની લીલાઓ મર્યાદાથી ભિન્ન છે, એમ સર્વત્ર પ્રસિદ્ધ છે. તેને તેવી રીતે જ આપે શરણ લેવાને ધારેલો તેથી જ એમ બન્યું છે. ભાગવતમાં પણ તે પ્રસંગે એમ જ જણાવેલું છે.

## ત્વાષ્ટ્રયજ્ઞવિનાશકઃ ॥૪૪૫॥

ત્વષ્ટાના યજ્ઞને નિષ્ફળ કરનાર એવા પરમાત્મા.

પરમાત્માને ઈન્દ્રનું રક્ષણ કરવાનું હતું, માટે ત્વષ્ટાના યજ્ઞનો નાશ કરેલો છે, કેમકે તે યજ્ઞમાં દૈત્યોને ગુપ્ત રીતે વિભાગ આપવામાં આવ્યો હતો. આસુરી જીવોને ભાગ મળતાં મદમાં અનેક પ્રજાઓનો નાશ કરે, તો તે પ્રજાઓનું પણ પાલન થાય તેવા હેતુથી આપે ત્વષ્ટાના યજ્ઞનો ઈન્દ્રદ્વારા નાશ કરેલો છે.

**વૃત્રસ્વામી વૃત્રગમ્યો વૃત્રવ્રતપરાયણઃ ।**
**વૃત્રકીર્તિર્વૃત્રમોક્ષો મઘવત્પ્રાણરક્ષકઃ ॥૯૪॥**

## વૃત્રસ્વામી ॥૪૪૬॥

વૃત્રાસુર નામે દૈત્યના સ્વામી

પ્રભુનું જે સેવન કરે છે, તેને આપ પ્રભુ સ્વીકારો છો. તેમાં દૈત્ય કે દેવ એવો કાંઈ પણ ભેદ ધારતા નથી, માટે જ વૃત્રાસુર દૈત્ય હતો છતાં પ્રભુએ તેનો પ્રેમ જોઈને સ્વીકાર કરેલો છે. તેના સ્વામી પાલક બન્યા છે. શ્રુતિમાં કહે છે કે "**તસ્માદ્ વિષ્ણું મત્વા ભજતીતિ**" પરમાત્મા સર્વ દેહના સ્વામી છે. માટે તેમને વિષ્ણુ-વ્યાપક વિભુ માની ભક્તજન તેમનું સર્વ ભાવથી સેવન કરે છે. માટે વૃત્રદેહના સ્વામી-પ્રભુ એમ કહ્યું.

## વૃત્રગમ્યઃ ||૪૪૭||

૧. વૃત્રાસુરે શરણ જવા યોગ્ય,　　　૨. વૃત્રાસુરવડે જાણવા યોગ્ય એવા પ્રભુ.

ઈન્દ્રની સાથે યુદ્ધ કરતાં વૃત્રાસુર પ્રભુના ચરણને શરણ પ્રાપ્ત થયેલો છે. એમ ૧૨ મા અધ્યાયમાં વૃત્રાસુરે કરેલી ભગવાન્‌ની સ્તુતિથી સિદ્ધ થાય છે.

## વૃત્રવ્રતપરાયણઃ ||૪૪૮||

૧. વૃત્રાસુરના (હું બીજા દેવોથી નહિ મરું તેવા પ્રકારના) વ્રતને પાવન કરવા સારું જેમનું અયન-ગમન છે એવા,

૨. જેમનું વ્રત ભક્તપરાયણ છે એવા પરમાત્મા શ્રીકૃષ્ણ

## વૃત્રકીર્તિઃ ||૪૪૯||

વૃત્રાસુરની કીર્તિ-સારી પ્રસિદ્ધ જેમનાથી છે એવા.

વૃત્રાસુર પરમ ભગવદ્ભક્ત હોવાથી તથા ઈન્દ્રે પણ જેની સ્તુતિ-વખાણ કર્યા હતાં માટે પ્રભુથી જેમની કીર્તિ છે એવા પ્રભુ.

## વૃત્રમોક્ષઃ ||૪૫૦||

વૃત્રાસુરને આસુર દેહથી તેમ આસુરભાવથી મુક્ત કરનાર એવા પરમાત્મા.

## મઘવત્પ્રાણરક્ષકઃ ||૪૫૧||

ઈન્દ્રના પ્રાણોનું રક્ષણ કરનાર.

જેને ઘણું સુખ હોય તેને મઘવા કહેવામાં આવે છે. 'મઘવા' એટલે દેવોના રાજા. ઈન્દ્રના પ્રાણોનું પાલન કરનાર આપ પ્રભુ છો. કેમકે વૃત્રાસુરના વધથી પાછળ લાગેલી બ્રહ્મહત્યાના પાપથી ઈન્દ્રને પવિત્ર કરનાર પ્રભુ છે, માટે તેનું રક્ષણ કરનાર એવા ભગવાન્.

**અશ્વમેધહવિર્ભોક્તા દેવેન્દ્રામીવનાશકઃ ।**
**સંસારમોચકશ્ચિત્રકેતુબોધનતત્પરઃ ||૯૫||**

## અશ્વમેધહવિર્ભોક્તા ||૪૫૨||

અશ્વમેધ યજ્ઞસમ્બન્ધી હવિ-હોમવાની વસ્તુને ભોગવનાર-સ્વીકારનાર એવા પ્રભુ.

યજ્ઞના હવિને સ્વીકારનાર આપ શ્રીકૃષ્ણ છો. અધ્યાય.૧૩માં જણાવે છે કે, ''જ્યારે વૃત્રાસુરનો નાશ કરવા મુનિઓએ ઈન્દ્રને જણાવ્યું, ત્યારે બ્રહ્મહત્યાથી ડરી ઈન્દ્રે ના કહી, પરન્તુ અશ્વમેધયજ્ઞ કરાવી બ્રહ્મહત્યાના પાપથી મુક્ત કરીશું એમ કહી ફરીથી મુનિઓએ કહ્યું, તેથી ઈન્દ્રે વૃત્રાસુરનો નાશ કર્યો, અને અશ્વમેધ યજ્ઞવડે

નારાયણ પરમાત્માનું યજન કર્યું અને બ્રહ્મહત્યાથી મુક્ત થયા તેથી જ અશ્વમેધ યજ્ઞના હવિને સ્વીકારનાર એવા પરમાત્મા એમ દર્શાવે છે.

**દેવેન્દ્રામીવનાશકઃ ||૪૫૩||**

દેવેન્દ્રના બ્રહ્મહત્યારૂપ રોગને અથવા તે સાથે થયેલાં પાપોને (પોતે યજ્ઞનો સ્વીકાર કરી) નાશ કરનાર પ્રભુ.

**સંસારમોચકઃ ||૪૫૪||**

સંસારથી મુક્ત કરનાર.

(સમ્યક્ શરણં ગમનં સંસારઃ) સારી રીતે સરવું-આવવું તેને સંસાર કહે છે. સંસારથી અર્થાત્ અશ્વમેધયજ્ઞમાં પોતે પ્રત્યક્ષ પધારી ઈન્દ્રને બ્રહ્મહત્યાથી મુક્ત કરનારા આપશ્રી પૂર્ણ પુરુષોત્તમ છો.

**ચિત્રકેતુબોધનતત્પરઃ ||૪૫૫||**

૧. ચિત્રકેતુ રાજાને ઉપદેશ આપી પાલન કરનાર.

૨. ચિત્રકેતુને બોધ આપવામાં કુશલ

ચિત્રકેતુ રાજાને પુત્રમરણના શોકથી બહુ જ પીડા થતી હતી. ત્યાં અનિરા અને નારદમુનિએ આવીને ઉપદેશ-જ્ઞાન આપી તેને દુઃખથી મુક્ત કરેલો છે. તે બન્ને મુનિઓનો ઉપદેશ આ સ્કન્ધના ૧૪ મા અધ્યાયમાં સ્પષ્ટ દર્શાવ્યો છે.

**મન્ત્રસિદ્ધિઃ સિદ્ધિહેતુઃ સુસિદ્ધિફલદાયકઃ |**
**મહાદેવતિરસ્કર્તા ભક્ત્યૈ પૂર્વાર્થનાશકઃ ||૯૬||**

**મન્ત્રસિદ્ધિઃ ||૪૫૬||**

**૧. મન્ત્રની** સિદ્ધિ જેમનાથી છે એવા,

૨. **મન્ત્ર**રૂપ પ્રભુ.

નારદજીએ ભગવત્પ્રાપ્તિમાટે ઉપદેશેલા **મન્ત્ર**ની સિદ્ધિ આપનાર આપ શ્રીકૃષ્ણ છો. કેમકે પોતે જ **મન્ત્ર**રૂપ છે. ૧૫ મા અધ્યાયમાં પરમ કલ્યાણને આપનારી **મન્ત્ર**વિદ્યા નારદજીએ ચિત્રકેતુને આપેલી તે સ્પષ્ટ જણાવેલી છે.

**સિદ્ધિહેતુઃ ||૪૫૭||**

સિદ્ધિ થવાના હેતુરૂપ એવા ભગવાન્

ચિત્રકેતુ શોકરહિતપણું થવારૂપ સિદ્ધિના કારણ આપ પ્રભુ જ છો, કેમકે જ્યારે ભગવદાનન્દનો અનુભવ થાય છે ત્યારે જ સાંસારિક અનેક સુખોની અભિલાષાઓ નિવૃત્ત થઈ શોક દૂર થાય છે. તેવી સિદ્ધિના કારણ પ્રભુ સિવાય અન્ય તો ક્યાંથી હોઈ શકે ?

## સુસિદ્ધિફલદાયકઃ ||૪૫૮||

સારી સિદ્ધિરૂપ ફળને આપનાર પરમાત્મા.

સુસિદ્ધિરૂપ-ભગવત્સ્વરૂપની પ્રાપ્તિરૂપ ફળને સમર્પણ કરનાર પરમ કૃપાળુ શ્રીકૃષ્ણ વિના કોઈ હોઈ શકે ? નહિ જ. કેમકે પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરાવવી એ પોતાની ઈચ્છાનું કાર્ય છે. માટે જ તેવી સિદ્ધિ આપનાર પ્રભુને કહ્યા. કોઈ જગાએ 'સુસિદ્ધિફલદાયકઃ' એમ પાઠ છે ત્યાં આગળ સારી રીતે સિદ્ધ કરેલા મન્ત્રના ફળને અર્પણ કરનાર એમ અર્થ સમજવો.

## મહાદેવતિરસ્કર્તા ||૪૫૯||

મહાદેવને તિરસ્કાર કરનાર.

પાર્વતી સહ સભામાં વિરાજિત દિગમ્બર શંકરને દુર્વચનથી ચિત્રકેતુદ્વારા તિરસ્કાર કરનાર પ્રભુ છે. ૧૭ અધ્યાયમાં જણાવે છે કેઃ ''ભગવાન્‌ની કૃપાથી ગન્ધર્વરાજ પદને પ્રાપ્ત થયેલા ચિત્રકેતુએ વિમાનમાં બેસી આકાશમાં ફરતાં ગૌરીને ઉત્સર્ગમાં લઈ દેવસભામાં દિગ્વસ્ત્રધારી ત્રિપુરારિને નિહાળી દુર્વચનો કહ્યા'' એને ઉદ્દેશી શંકરને ચિત્રકેતુરૂપે તિરસ્કાર કરનાર આપ પ્રભુ છે એમ કહ્યું. કેમકે ચિત્રકેતુને લક્ષ્મીના અભિમાનથી મુક્ત કરી પોતાને શરણ લેવાનો ગૌરીનો શાપ થવામાટે આવી યુક્તિ યોજેલી છે.

## ભક્ત્યૈ પૂર્વાર્થનાશકઃ ||૪૬૦||

ભક્તિ દઢ થવા સારું પૂર્વ અર્થનો નાશ કરનાર.

ચિત્રકેતુને વિદ્યાધરોની દિવ્ય સમ્પત્તિઓ પ્રાપ્ત થયેલી હોવાથી ભગવદ્‌ભક્તિમાં તે અન્તરાય કરનાર જાણી તેને ગૌરી-પાર્વતીના શાપ નિમિત્તથી નાશ કરાવી પોતાની ભક્તિમાં દઢ બનાવેલો છે. માટે ભક્તિ દઢ થવા પૂર્વાર્ધનો નાશ કરનાર પ્રભુ એમ કહે છે.

**દેવબ્રાહ્મણવિદ્વેષવૈમુખ્યજ્ઞાપકઃ શિવઃ ।**
**આદિત્યો દૈત્યરાજશ્ચ મરુત્પતિરચિન્ત્યકૃત્ ||૯૭||**

## દેવબ્રાહ્મણવિદ્વૈષવૈમુખ્યજ્ઞાપકઃ ||૪૬૧||

દેવો તથા બ્રાહ્મણોમાં વિદ્વેષ રાખવાથી પોતાની વિમુખતા થાય છે એમ જ્ઞાપન કરનાર એવા પરમાત્મા.

ચિત્રકેતુ શંકર ઉપર વિદ્વેષ કરવાથી જ વૃત્રાસુર નામે દૈત્ય થયો એ પ્રમાણે ઉચ્ચ કોટિમાંથી તેને રાક્ષસની અધમ કોટિમાં આવવું પડ્યું. બ્રાહ્મણોનું તથા દેવોનું અપમાન કરવાથી આવું પરિણામ આવે છે એમ દર્શાવવાનો આ નામનો જ આશય છે.

**શિવઃ ||૪૬૨||**

પરમ મંગલરૂપ નિરન્તર કલ્યાણકર હોવાથી શિવરૂપ પ્રભુ.

પ્રભુ નિરન્તર નિર્મલ છે. મંગલપ્રદ છે જેથી આપને શિવ એમ કહે છે. શ્રુતિમાં કહે છે કે ''**શાશ્વતં શિવમચ્યુતમ્**'' (પ્રભુ નિરન્તર શિવ ભદ્રરૂપ અચ્યુત છે) માટે જ પ્રભુ શ્રીકૃષ્ણને શિવ એમ કથન કરે છે.

**આદિત્યઃ ||૪૬૩||**

સવિતૃના પુત્રરૂપ.

૧૮ મા અધ્યાયમાં સવિતૃની પત્ની પૃશ્નીએ ગાયત્રી, વ્યાહૃતિ, ત્રણ વેદો, અગ્નિહોત્ર, વગેરે પ્રજાઓ પ્રકટ કરી છે. એમ જણાવ્યું છે તે પ્રજાઓ ભગવદ્રૂપ જ છે જેથી સવિતૃના પુત્રરૂપપણુ એમ જણાવે છે.

**દૈત્યરાજઃ ||૪૬૪||**

૧. દિતિના પ્રહ્લાદ વગેરે પુત્રોમાં જે શોભનારા, ૨. દિતિના પ્રહ્લાદ વગેરે પુત્રોના રાજા એવા ભગવાન્.

**મરુત્પતિઃ ||૪૬૫||**

૧. વાયુના પતિ, પાલક, પાલન કરનાર.

કેટલાક સ્થાનમાં આ નામમાં 'મહત્પતિઃ' એમ પાઠ છે. જો એવો પાઠ હોય તો મહાન્ એટલે પ્રહ્લાદ, બલિરાજ વગેરેના પતિ-રક્ષણ કરનાર, અથવા મહાનના પણ પતિ એટલે સર્વથી પણ મહાન્ એવા પરમાત્મા.

**અચિન્ત્યકૃત્ ||૪૬૬||**

૧. કોઈના પણ હૃદયમાં ચિન્તન કરી શકાય નહિ તેવા આશ્ચર્યકારક સામર્થ્ય-કાર્યો કરનાર, ૨. કોઈ પણ ન ચિન્તવી શકે તેવાં કાર્યો કરનાર પોતે શ્રીકૃષ્ણ.

**મરુતાં ભેદકસ્ત્રાતા વ્રતાત્મા પુંપ્રસૂતિકૃત્ ।**

**મરુતાં ભેદકઃ ||૪૬૭||**

મરુતો-વાયુઓના ઓગણપચાશ ભેદ કરનાર.

ઈન્દ્રદ્વારા ૪૯ મરુદ્ગણો કરાવનાર આપ શ્રીકૃષ્ણ છો. આ સ્કન્ધના ૧૮ મા અધ્યાયમાં દિતિએ ઈન્દ્રનો નાશ કરનાર મહાપ્રતાપી પુત્ર મેળવવાનું વ્રત કરતાં ઉત્પન્ન થયેલા ૪૯ મરુદ્ગણોનું વૃત્તાન્ત સ્પષ્ટ કથન કરવામાં આવ્યું છે, ભગવત્કૃપાથી તે ઈન્દ્રને મારનાર નહિ બનતાં તેના મિત્રો થઈને સ્વર્ગમાં રહેલા છો.

## ત્રાતા ||૪૬૮||

રક્ષણ કરનાર.

ઈન્દ્રે પોતાની અપરમાતા દિતિના ઉદરમાં પોતાનો નાશ કરે તેવો મહાન તેજસ્વી ગર્ભ છે એમ જાણી તેનો નાશ કરવા તેના ઉદરમાં પ્રવેશ કરીને ગર્ભના ૪૯ ટુકડા કર્યા. ભગવદિચ્છાથી તે બધા સજીવન રહ્યા એ રીતે તે ગર્ભનું રક્ષણ કરનાર આપ પ્રભુ છે, માટે તેમને ત્રાતા કહેવામાં આવે છે.

## વ્રતાત્મા ||૪૬૯||

૧. પુંસવનનામનું વ્રત જેમનું સ્વરૂપ છે.

૨. પુંસવનવ્રતવડે જેમનો આત્મા છે. આ સ્કન્ધના અ. ૧૯ મા પુંસવન વ્રતનું સ્વરૂપ દર્શાવ્યું છે તેમાં પ્રભુસમ્બન્ધી સર્વ વ્રત હોવાથી તે પ્રભુરૂપ જ છે.

## પુંપ્રસૂતિકૃત્ ||૪૭૦||

પું-પુરુષ (પુત્ર) ને જન્મ આપનાર.

પુંસવનવ્રતમાં જેવાં લક્ષણો કહ્યાં છે. તેવા લક્ષણો પ્રમાણે યથાર્થ વ્રત કરે તો તેવો મહાપ્રતાપવાન્ પુત્ર થાય એમાં શંકા નથી. તેવી રીતે પુત્ર આપનાર પોતે પ્રભુ જ છે.

**||ઈતિ ષષ્ઠસ્કન્ધનામાનિ||**

## ||અથ સપ્તમસ્કન્ધનામાનિ||

### કર્માત્મા વાસનાત્મા ચ ઊતિલીલાપરાયણઃ ||૯૮||

**કર્માત્મા ||૪૭૧||**

પૂર્વ કરેલાં કર્મો તે રૂપ પ્રભુ.

**વાસનાત્મા ||૪૭૨||**

૧. પૂર્વ કરેલાં કર્મોની જે વાસનાઓ તે રૂપ.
૨. સર્વને વસાવનાર એવો જેમનો આત્મા છે એવા પરમાત્મા.

**ઊતીલીલાપરાયણઃ ||૪૭૩||**

ઊતિ એટલે કર્મવાસનાઓ તે રૂપ લીલાઓ જેમને પરમ ઉત્કૃષ્ટ સ્થાને છે એવા પ્રભુ.

તૃતીય સર્ગથી આરમ્ભી ષષ્ઠસ્કન્ધ સુધીમાં ભગવાન્‌ની દશ પ્રકારની લીલાઓમાં સર્ગ, વિસર્ગ, સ્થાન અને પોષણ એ ચાર પ્રકારની લીલાઓ કહી ગયા. હવે સપ્તમસ્કન્ધમાં ઊતિલીલા વર્ણવે છે. દ્વિ.સ્ક. અ.૨માં કહે છે કે ''**ઊતયઃ કર્મવાસનાઃ**'' કર્મની વાસનાઓને ઊતિ કહે છે. તો તેવી ઊતિલીલામાં જે પરાયણ-તત્પર છે એવા પ્રભુ.

**સમદૈત્યસુરઃ સ્વાત્મા વૈષમ્યજ્ઞાનસંશ્રયઃ |**
**દેહાદ્યુપાધિરહિતઃ સર્વજ્ઞઃ સર્વહેતુવિદ્ ||૯૯||**

**સમદૈત્યસુરઃ ||૪૭૪||**

દેવો અને દૈત્યો જેમને સમાન છે એવા.

પ્રભુમાં સમ-વિષમ ભાવ નથી, આપ ગીતામાં આજ્ઞા કરો છો કે ''**સમપ્રિયઃ સુહૃદ્‌બન્ધુઃ**''(શત્રુ, મિત્ર, બન્ધુ વગેરે મને સમાન છે) અર્થાત્ પરમાત્માને કોઈ શત્રુ નથી, કોઈ મિત્ર નથી, તેમ કોઈ બન્ધુ પણ નથી, આપને સર્વ સમાન જ છે. પ્રભુની સમાનતા એમ અનેક જગ્યાએ વર્ણવે છે. છતાં કોઈ સ્થાને દૈત્યોને મારી દેવોનું રક્ષણ કરેલું છે એમ ઉઘાડો પક્ષપાત જણાઈ આવે છે. એ ખરેખરો પક્ષપાત નથી. કિન્તુ શાપથી થયેલા દૈત્યો એ પોતાના ભક્તો છે તો તેમનો ઉદ્ધાર કરવા-નિજ શરણ આપવા તેમનો નાશ કરે છે. એ પક્ષપાત ન કહેવાય, પરન્તુ તેમનું હિત કર્યું ગણાય. માટે જ આપ સુરોમાં અને અસુરોમાં સમાન ભાવધારી છો એમ કહે છે.

## સ્વાત્મા ||૪૭૫||

૧. સર્વના આત્મારૂપ.

૨. નિજ ભક્તો એ જ જેમનો આત્મા છે એવા શ્રીપુરુષોત્તમ.

પ્રભુ જ સર્વરૂપે આ જગતમાં પ્રકાશમાન છે એમ આપણે અનેક વખતે કહી ગયા છીએ, એટલે સર્વ આત્મા-જીવો એ પરમાત્મસ્વરૂપ જ, તેમનાથી લેશ પણ ભિન્ન નહિ. તેમ શ્રુતિસ્મૃતિઓમાં આત્માનું પરમાત્માપણું વારંવાર દર્શાવેલું છે. તેથી જ અહિં પ્રભુને સ્વાત્મા કહે છે. જ્યારે દરેક આત્માઓ પ્રભુસ્વરૂપ છે. તો નિજ ભગવદીય જનો પરમાત્મા સ્વરૂપ હોય એમાં કાંઈ સવિશેષપણું નથી.

## વૈષમ્યજ્ઞાનસંશ્રયઃ ||૪૭૬||

સમ-વિષમ ભાવરૂપ જ્ઞાનનો આશ્રય કરવાવાળા.

દેવોનું રક્ષણ કરવું. દૈત્યોને વિદારવા વગેરે સમવિષમ ભાવરૂપ જ્ઞાનનો સારી રીતે આશ્રય કરનાર આપ પ્રભુ જ છો. એટલે કંઈ પ્રભુને સમવિષમભાવ છે એમ માનવાનું નથી, કારણ કે પ્રભુ દૈત્યોને મારી તેમને સ્વરૂપનો પ્રકાશ કરે છે. તે દૈત્યોને પોતાના સ્વરૂપનો પ્રકાશ થાય એ હેતુથી જ આપ નિજ સન્નિધાનમાં જ એમનું વિદારણ કરો છો. બાકી આપ પ્રભુ તો સર્વમાં સમભાવથી જ વર્તનાર છો. ગીતામાં આપે શ્રીમુખથી આજ્ઞા કરી છે કે ''**સમોઽહં સર્વભૂતેષુ**'' ( હું સર્વ ભૂતોમાં સમભાવે વર્તું છું ) એ વચનથી આપમાં સમત્વ છે એ તો સર્વથા સિદ્ધ જ છે.

## દેહાદ્યુપાધિરહિતઃ ||૪૭૭||

દેહ સાથે રહેલી 'હું મારું' એવી ઉપાધિથી રહિત એવા શ્રીકૃષ્ણ.

પ્રભુને કંઈ આપણ મનુષ્યો જેવી દેહાદિ ઉપાધિ નથી, તે પૂર્ણ આનન્દમય સ્વરૂપવાન્ છે. તેમને 'હું મારું' એવું અભિમાન પણ નથી, કેવળ સ્વસ્વરૂપમાં જ નિરન્તર રમણ કર્યા કરે છે-આનન્દ કર્યા કરે છે. આપને મનુષ્યોની માફક દેહ, જન્મ, મરણ વગેરે કાંઈ પણ નહિ હોવાથી જ આપ લૌકિક દેહ વગેરે ઉપાધિથી રહિત છો એમ જણાવે છે. શ્રુતિ પણ તેથી જ પ્રભુને 'નેતિ નેતિ' કહે છે.

## સર્વજ્ઞઃ ||૪૭૮||

૧. સર્વને જાણનાર. ૨. સર્વ નારદાદિ છે જ્ઞાનવાન્ જેમનાથી એવા.

જે પ્રભુ સર્વવ્યાપી છે તે સર્વ વસ્તુ પ્રત્યક્ષ જોનાર હોય જ, વળી પોતે સર્વરૂપ પણ છે, એટલે આપ પરમાત્માની સર્વજ્ઞતામાં શી ખામી હોય ? બીજા સર્વજ્ઞતાનો આડમ્બર કરે છે એ માત્ર આડમ્બર જ, કિન્તુ પ્રભુ સર્વરૂપ જ હોવાથી ખરેખર સર્વજ્ઞ તો આપ પ્રભુ જ છો અન્ય કોઈ નહિ.

## સર્વહિતુવિત્ ।।૪૭૯।।

સર્વ હેતુ વડે પણ પ્રાપ્ત થાય તેવા ભગવાન્.

સર્વ કામ, ક્રોધ, મોહ, ભય, પ્રેમ વગેરે અનેક કારણો વડે પણ પ્રભુ પ્રાપ્ત કરી શકાય તેવા છે. શ્રીમદ્ભાગવત્માં કહે છે કે '**કામાદ્ દ્વેષાદ્ ભયાત્...**' કામ, ક્રોધ, દ્વેષ, ભય વગેરે અનેક ભાવથી જો એક ચિત્તે ભગવદારાધન કરવામાં આવ્યું હોય તો પ્રભુ પ્રાપ્ત થાય છે જ. જેમ કે કામથી ગોપીજનોને, ભયથી કંસને, દ્વેષથી શિશુપાલાદિને, સ્નેહથી પાણ્ડવોને, સમ્બન્ધથી યાદવોને, વગેરે વગેરે અનેક કારણો વડે ચિત્ત પ્રભુમાં જ કેવળ તલ્લીન થયું હોય તો પ્રભુ પ્રાપ્ત થાય એમાં લેશ પણ અતિશયોક્તિ જેવું નથી, પણ તેવો ભાવ એક પ્રભુમાં જ હોવો જોઈએ જો અન્યમાં કામાદિ ભાવ હોય તો તે નરકનું જ મુખ્ય કારણ એમ સિદ્ધ જ છે.

**બ્રહ્મવાક્સ્થાપનપરઃ સ્વજન્માવધિકાર્યકૃત્ ।।**

**સદસદ્વાસનાહેતુસ્ત્રિસત્યો ભક્તમોચકઃ ।।૧૦૦।।**

## બ્રહ્મવાક્સ્થાપનપરઃ ।।૪૮૦।।

બ્રાહ્મણોની વાણીને સ્થાપન કરવામાં જેમનું ઉત્તમ પ્રયોજન છે એવા પરમાત્મા.

બ્રાહ્મણ-સનકાદિકોની શાપરૂપ (જય અને વિજય દૈત્યો થઈ પૃથ્વીમાં પ્રકટ થાય અને ત્રણ જન્મો પછી ભગવદ્ધામમાં આવે એ રૂપ) વાણીને સ્થાપન કરવા અર્થાત્ સત્ય છે એમ સર્વને પ્રકાશ કરવા પોતાના દ્વારપાલો જય-વિજયને ભગવાને પૃથ્વીમાં અસુરયોનિમાં પ્રકટાવ્યા છે તેથી જ બ્રાહ્મણોની વાણીને સ્થાપન કરવામાં જેમનું ઉત્તમ પ્રયોજન છે એવા પરમાત્મા એમ કહે છે.

## સ્વજન્માવધિકાર્યકૃત્ ।।૪૮૧।।

પોતાના જન્મ સુધી કાર્યને કરનાર એવા પ્રભુ.

પ્રભુ જન્મમરણરહિત છે. અવ્યયરૂપ છે. પરન્તુ ભક્તોનું પ્રતિપાલન કરવા, તેમના મનોરથોને પૂર્ણ કરવા આપ વારાહાદિ અવતારો ગ્રહણ કરો છો. તે સમયે જન્મ જેવું પ્રતીત થાય છે. તેમાં જે-જે રાગદ્વેષ કાર્યો પ્રકટ થાય, તેને કરનાર પોતે પ્રભુ છે. કેમ કે પ્રજાને પીડનાર અસુરોનો વિનાશ કરવામાં દ્વેષ અને મુનિઓ, દેવો વગેરેનું પાલન કરવામાં અનુરાગ વગેરે જે-જે કાર્યો ઉપસ્થિત થાય છે, તે-તે કાર્યોને આપ જ વહન કરો છો. માટે જ્યાં સુધી પ્રભુનો અવતારિક આવિર્ભાવ હોય ત્યાં સુધી તેનાં નિમિત્તનાં સર્વ કાર્યોને કરનાર પ્રભુ છે એમ કથન કરે છે.

## સદસદ્વાસનાહેતુઃ ।।૪૮૨।।

૧. સદ્ અને અસદ્ વાસના જેમની પ્રાપ્તિનો હેતુ છે એવા.

૨. સદ્ અને અસદ્ વાસનાના હેતુરૂપ એવા પરમાત્મા.

પ્રભુને પ્રાપ્ત કરવામાં સદ્ અને અસદ્ વાસના, એ બન્ને વાસનાઓ મુખ્ય કારણભૂત મનાય છે. એટલે કે એ બન્ને વાસનાઓ પ્રભુમાં જ હોવી જોઈએ, ઈતરમાં ન હોવી જોઈએ તો જ પ્રભુની પ્રાપ્તિ થાય. શિશુપાલ પ્રભૃતિને ભગવાન્‌ની પ્રાપ્તિ થઈ છે, શિશુપાલાદિની પ્રભુ ઉપર અસદ્વાસના હતી તેથી થયેલી છે. તે અસુરોની ભગવાન્‌નો નાશ કરવારૂપ અસદ્‌વાસના, એક જ નિષ્ઠાવાળી અને સુદૃઢ હતી તેથી તેમને પ્રભુની પ્રાપ્તિનો લાભ મળેલો છે, તેમ સદ્‌વાસનાથી પરમાત્મા મળે છે. એ તો સર્વત્ર પ્રસિદ્ધ જ છે. એટલે તે સમ્બન્ધમાં વિશેષ વિવેચન કરવું, પિષ્ટપેષણ કર્યા બરાબર છે, પરમાત્મા ''**કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તું સમર્થઃ**'' કરવું, નહિ કરવું, વા વિપરીત કરવું તેમાં સમર્થ છે, સ્વતન્ત્ર છે. એટલે આપ જેને જેવી રીતે ઉદ્ધાર કરવા-શરણે લેવા માગો તેને તેવી રીતે શરણે લો છો અને તેનો ઉદ્ધાર કરો છો. સદ્ અને અસદ્‌વાસનાઓને પ્રકટ કરનાર પણ પ્રભુ છે, કેમ કે આ સંસારનાટકને નભાવવા સદ્‌વાસના અને અસદ્‌વાસના, વિદ્યા અને અવિદ્યા નિર્મી છે. તેને અનુસરીને જ આ જીવલોક ઉત્તમ અધમ ગતિને પ્રાપ્ત કરે છે, જો તે જ વાસનાઓ ભગવાન્‌ને ઉદ્દેશી કરવામાં આવે તો ઉપર જણાવ્યા પ્રમાણે પ્રભુની પ્રાપ્તિ થાય એ નિર્વિવાદ છે.

### ત્રિસત્યઃ ॥૪૮૩॥

ત્રણ અવતારો વડે સનત્કુમાર આદિ બ્રાહ્મણોની પોતાના દ્વારપાલોને શાપ આપ્યો તે રૂપ વાણીને સત્ય કરનાર. જો 'ત્રિષત્યઃ' એવો પાઠ હોય તો જે 'સ' ને બદલે 'ષ' છે તે પૌરાણિક સમજવો, અને એનો અર્થ પણ ઉપર પ્રમાણે જ કરવો.

### ભક્તમોચકઃ ॥૪૮૪॥

જય અને વિજય નામે પોતાના ભક્તને વૈકુણ્ઠ પદના અધિકારથી મુક્ત કરનાર એવા પરમાત્મા.

**હિરણ્યકશિપુદ્વેષી પ્રવિષ્ટાત્માઽતિભીષણઃ ॥**
**શાન્તિજ્ઞાનાદિહેતુશ્ચ પ્રહ્‌લાદોત્પત્તિકારણમ્ ॥૧૦૧॥**

### હિરણ્યકશિપુદ્વેષી ॥૪૮૫॥

હિરણ્યકશિપુ નામે મહાદૈત્યનો જેમના ઉપર દ્વેષ-વેરભાવ છે એવા પરમાત્મા. વરાહ અવતારથી તેના ભાઈ હિરણ્યાક્ષને માર્યો હતો માટે ભગવાન્ ઉપર હિરણ્યકશિપુને ઘણો દ્વેષ હતો તેથી હિરણ્યકશિપુદ્વેષી એમ પ્રભુને કહે છે.

### પ્રવિષ્ટાત્મા ॥૪૮૬॥

પોતાના આત્માને સર્વમાં પ્રવિષ્ટ કરનાર.

પ્રભુ સર્વભૂતાત્મા છે, એટલે આત્મારૂપે સર્વમાં પ્રવેશ કરનાર છે. ભગવતી શ્રુતિ પણ આજ્ઞા કરે છે કે **''અન્તઃ પ્રવિષ્ટઃ શાસ્તા જનાનામ્''** સર્વના અન્તરમાં પ્રભુ વિરાજી તેને શાસન-શિક્ષણ આપે છે. અહિં હિરણ્યકશિપુમાં દ્વેષભાવથી પોતાના આત્માને પ્રવિષ્ટ કરાવ્યો છે. પ્રભુજીને વેરભાવ કે દ્વેષભાવ નથી, પરન્તુ સર્વ જનને પીડા કરનાર રાક્ષસ હોવાથી તેના ઉપર પ્રભુનો તેવો ભાવ થયેલો છે. વળી તેના શાપની મુક્તિ પણ એમ જ થનાર છે, માટે તેનામાં તેવા ભાવથી પ્રવેશ કરવાની ઘટના થઈ છે. એટલે તેથી સર્વમાં સમભાવ રાખનાર પ્રભુમાં વિષમતા હોય એમ સંશય લાવવાનો નથી. આપણે પ્રથમ જ કહી ગયા છીએ કે 'સમદૈત્યસુરઃ' પ્રભુ દેવોમાં અને દાનવોમાં સમાનતા ધરાવે છે.

## અતિભીષણઃ ||૪૮૭||

હિરણ્યકશિપુને અત્યન્ત ભય ઉત્પન્ન કરનાર એવા પ્રભુ.

પોતાના ભાઈ હિરણ્યાક્ષને વરાહાવતારથી પ્રભુએ માર્યો હતો, માટે વખતે મારો પણ તેવી રીતે નાશ કરે એમ ધારી હિરણ્યકશિપુને આપનો બહુ જ ભય લાગતો હતો તેથી જ અહિં પ્રભુને અતિભીષણ કહ્યા છે.

## શાન્તિજ્ઞાનાદિહેતુઃ ||૪૮૮||

શોકની શાન્તિ થવા માટે હિરણ્યકશિપુએ જે જ્ઞાન સ્ત્રીઓને, પુત્રોને કહ્યું તેને પ્રેરણા કરનાર અર્થાત્ હિરણ્યકશિપુ દ્વારા બન્ધુજનોને શાન્તિ કરનારું જ્ઞાન આપનાર આપ પ્રભુ જ છો. આ સ્કન્ધના બીજા અધ્યાયમાં **''અમ્બામ્બ હે વધૂ પુત્રાઃ''** એ શ્લોકમાં હિરણ્યકશિપુએ આપેલું જ્ઞાન ( ઉપદેશ ) સ્પષ્ટ જણાવેલું છે.

## પ્રહ્લાદોત્પત્તિકારણમ્ ||૪૮૯||

૧. જેમની ઉત્પત્તિ-અવતાર થવાનું કારણ પ્રહ્લાદ છે એવા.
૨. પ્રહ્લાદની ઉત્પત્તિ થવાના કારણ રૂપ એવા પરમાત્મા.

પ્રભુએ પ્રહ્લાદને લીધે જ તેની વાણી સત્ય કરવા માટે જ સ્તમ્ભમાંથી પોતાનો પ્રાદુર્ભાવ નૃસિંહરૂપે કર્યો છે. માટે ભગવદવતારનું કારણ પ્રહ્લાદને કહ્યા. જેમ પ્રહ્લાદ જેવા પરમ ભગવદીય જનની ઉત્પત્તિ આખા વિશ્વને બોધરૂપ નીવડે એટલા હેતુથી જ પ્રભુએ કરેલી છે તેથી પ્રહ્લાદની ઉત્પત્તિનું કારણ પ્રભુને કહે છે. એમ પરસ્પર બન્નેના આવિર્ભાવનું કારણ છે, એ હેતુને આ નામ પ્રતિપાદન કરે છે.

**દૈત્યસિદ્ધાન્તસદ્ભક્તા તપઃસાર ઉદારધીઃ |**
**દૈત્યહેતુપ્રકટનો ભક્તિચિહ્નપ્રકાશકઃ ||૧૦૨||**

**દૈત્યસિદ્ધાન્તસદ્વક્તા ||૪૯૦||**

દૈત્યોના દ્વૈતસિદ્ધાન્તના સ્થાનમાં સત્-ઉત્તમોત્તમ શુદ્ધ અદ્વૈત શાસ્ત્રને ભક્ત પ્રહ્લાદ દ્વારા કથન કરનાર.

હિરણ્યકશિપુએ ગુરુને ત્યાંથી અભ્યાસ કરીને આવેલા ઉત્સંગમાં બેસાડેલા પોતાના પુત્ર પ્રહ્લાદને ''તું આ જગતમાં શ્રેષ્ઠ વસ્તુ શી માને છે'' એમ પ્રશ્ન પૂછ્યો. તેના ઉત્તરમાં પ્રહ્લાદજીએ દ્વૈત સિદ્ધાન્ત નહિ કહેતા ''સર્વ વસ્તુને છોડી વનમાં જઈ પ્રભુનું સ્તવન કરવું'' એમ ભગવદ્ગુણાનુવાદ ગાવારૂપ સત્ સિદ્ધાન્તને શ્રેષ્ઠ જણાવ્યો. એવી રીતે દૈત્ય સન્મુખ પ્રહ્લાદ દ્વારા અદ્વૈત શાસ્ત્રને કથન કરનાર આપ પ્રભુ છો.

**તપઃસારઃ ||૪૯૧||**

ભજનરૂપ તપ એ જ જેમનો સાર છે એવા પ્રભુ.

**ઉદારધીઃ ||૪૯૨||**

ઉદાર-નિર્મલ પ્રહ્લાદની ધી-બુદ્ધિ જેમનાથી છે તેવા અર્થાત્ જેમનાં આરાધનને લીધે જ પ્રહ્લાદની બુદ્ધિ વિમલ, સરલ બનેલી છે એવા શ્રીપુરુષોત્તમ.

**દૈત્યહેતુપ્રકટનઃ ||૪૯૩||**

દૈત્ય પ્રહ્લાદજીના હેતુને-પરમાત્માની સાથે ચિત્તની એકાગ્રતાને પ્રકટ કરનાર એવા પ્રભુ.

**ભક્તિચિહ્નપ્રકાશકઃ ||૪૯૪||**

ભક્તિનાં લક્ષણોને પ્રકાશ કરનાર.

પ્રહ્લાદ દ્વારા ભક્તિનાં લક્ષણોને આપે પ્રકાશ કરેલાં છે. ૫મા અધ્યાયમાં ''**સ્વઃ પરસ્વશ્ચેત્યસદ્ગ્રાહઃ**'' એ શ્લોકમાં તથા ''**શ્રવણં કીર્તનં વિષ્ણોઃ**'' એ શ્લોકમાં સમ્પૂર્ણ ભક્તિનાં નવધા લક્ષણો જણાવવામાં આવ્યાં છે તે ભક્તના દ્વારા પ્રભુએ જ પ્રકટ કરેલાં છે. માટે જ આપને ભક્તિનાં ચિહ્નોને-લક્ષણોને પ્રકટ કરનાર કહે છે.

**સદ્દ્વેષહેતુઃ સદ્વેષ-વાસનાત્મા નિરન્તરઃ ||**
**નૈષ્કુર્યસીમા પ્રહ્લાદ-વત્સલઃ સંગદોષહા ||૧૦૩||**

**સદ્દ્વેષહેતુઃ ||૪૯૫||**

સત્-પ્રહ્લાદમાં દૈત્યનો દ્વેષભાવ ઉત્પન્ન થવાના કારણરૂપ એવા પરમાત્મા.

પોતાના બન્ધુ હિરણ્યાક્ષનો નાશ કરવાથી હિરણ્યકશિપુને પ્રભુ પર દ્વેષ ઉત્પન્ન થયેલો હતો; અને તે પરમાત્માનું જ પ્રહ્લાદ સેવન કરે છે. એમ જાણી તે

પોતાના પુત્ર છતાં તેના ઉપર પણ તે દૈત્યને દ્વેષ ઉત્પન્ન થયેલો, પ્રભુના ઉપર પ્રેમ હોવાથી જ પ્રહ્લાદજી દૈત્યના દ્વેષપાત્ર બન્યા હતા એટલે જ તેના દ્વેષનું કારણ પ્રભુને જણાવે છે.

**સદ્વેષવાસનાત્મા ||૪૯૬||**

ભક્તજનો પર દ્વેષ કરવો એ જ જેમને પ્રાપ્ત કરવામાં આત્માને જીવને આચ્છાદન-અન્તરાયરૂપ છે એવા પરમાત્મા શ્રીકૃષ્ણચન્દ્ર.

ભગવદીય જનો પર પરમભાવ રાખવો તેથી જ પ્રભુ પ્રસન્ન થાય છે, પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી તેવો સરલ ભાવ હૃદયમાં ઉત્પન્ન થયો નથી, ત્યાં સુધી પ્રભુની પ્રાપ્તિ જ થતી નથી. જીવને ભગવાનનું શરણ પ્રાપ્ત થવામાં ભગવદીયો ઉપર દ્વેષ તેમની ચેષ્ટા કરવી, નિન્દા કરવી એ જ મુખ્ય અન્તરાયરૂપ છે. અહિં પ્રભુના નામનો એવો જ આશય વ્યક્ત કર્યો છે.

**નિરન્તરઃ ||૪૯૭||**

દૈત્યોથી સારી રીતે જેમનું જુદાપણું છે એવા પ્રભુ.

જ્યાં સુધી આસુરભાવ હોય છે ત્યાં સુધી પ્રભુની પ્રાપ્તિ જ નથી તેથી અહિંયા અસુરોથી અત્યન્ત જુદા પ્રભુને જણાવે છે. એમ જણાવવાથી અદ્વૈત સિદ્ધિમાં બાધ માની લેવાનો છે.

**નૈષ્ઠુર્યસીમા ||૪૯૮||**

નિષ્ઠુરતા-નિર્દયતાની સીમા-અવધિરૂપ પરમાત્મા.

પ્રભુ પરમકૃપાલુ પરમ કરુણાનિધિ છે. છતાં અહિં તેમને નિર્દયતાની હદ એમ કહી વર્ણવે છે. એ મોટો વિરોધ થાય છે. પરન્તુ એમ સમજવાનું નથી, પ્રભુએ પોતાના ભક્તને પોતાના પર કેટલો પ્રેમ છે તેની કસોટી દૈત્ય દ્વારા કરેલી છે. અને તેથી જ પ્રહ્લાદજીને મારવાના અનેક ઉપાયો દૈત્યે અજમાવ્યા છતાં પણ પ્રભુ પર તો તેનો તેવો ને તેવો દૃઢ પ્રેમ જ હતો. ભક્તની પરીક્ષા કરવામાં ઘણા કઠોર ઉપાયો દૈત્ય દ્વારા યોજ્યા, તેથી ઘણી જ નિર્દયતાની સીમા એમ પ્રભુને કથન કરે છે. દૈત્યોના અનેક ઉપાયોને નિષ્ફળ કરી ભક્તનું રક્ષણ કર્યું એ કૃપાલુતા નહિ તો બીજું શું ? માટે પ્રભુ કૃપાનિધિ તો છે જ પણ ભગવદીય જનની કસોટી કરવામાં એ ઠેઠ સુધી પણ નિર્દય બને છે.

**પ્રહ્લાદવત્સલઃ ||૪૯૯||**

પ્રહ્લાદ પર વાત્સલ્ય પ્રેમ રાખનાર પ્રભુ.

જ્યાં-જ્યાં પ્રહ્લાદજીને દૈત્યે કષ્ટ આપ્યું ત્યાં-ત્યાં પ્રભુએ તેમનું

વત્સલતાથી રક્ષણ કર્યું છે એમ પ્રસિદ્ધ છે. તેથી જ અહિં 'પ્રહ્લાદવત્સલ' પ્રભુ એમ કહે છે.

### સંગદોષહા ||૫૦૦||

સંગતિના દોષને હણનાર.

દૈત્યોના બાળકોને નિરન્તર દૈત્યોનો-આસુરી જીવોનો પ્રસંગ હતો પરન્તુ તે સર્વને પ્રહ્લાદ દ્વારા સદુપદેશ આપી તેમના આસુર સંગને-આસુરી ભાવને પ્રભુએ જ હરણ કર્યો છે, નાશ કર્યો છે. (અહિંથી નૃસિંહાવતારનાં નામો શરૂ થયાં)

**મહાનુભાવઃ સાકારઃ સર્વાકારઃ પ્રમાણભૂઃ ।**
**સ્તમ્ભપ્રસૂતિર્નૃહરિર્નૃસિંહો ભીમવિક્રમઃ ||૧૦૪||**

### મહાનુભાવ ||૫૦૧||

૧. જેમનો પ્રભાવ-સામર્થ્ય અચિન્ત્ય છે, અવર્ણનીય છે એવા પ્રહ્લાદરૂપધારી ભગવાન્.

૨. પ્રહ્લાદની રક્ષા કરવામાં જેમનું મહાસામર્થ્ય છે એવા.

પ્રહ્લાદ એ પ્રભુનું સ્વરૂપ જ છે. આપે ગીતામાં શ્રીમુખથી આજ્ઞા કરી છે કે "**પ્રહ્લાદશ્ચાસ્મિ દૈત્યાનામ્**" (દૈત્યોમાં હું પ્રહ્લાદ છું.) તેથી જ તેમનામાં દૃઢ ભગવદ્‌ભાવ, દિવ્ય પ્રભાવ, શાન્ત સ્વભાવ વગેરે અનેક ગુણો વિરાજિત હતા.

### સાકારઃ ||૫૦૨||

બોલાવતાંની સાથે જ વર્તન કરનાર પ્રત્યક્ષ પ્રકટ થનાર એવા શ્રીનૃસિંહ અવતારધારી પરમાત્મા.

### સર્વાકારઃ ||૫૦૩||

૧. સર્વસ્વરૂપ જેમનું છે એવા.    ૨. સર્વથી વિલક્ષણ આકારવાળા.

આપ શ્રીકૃષ્ણ સમસ્ત વિશ્વમાં સર્વરૂપે પ્રકાશમાન છે. જ્યાં-જ્યાં દૃષ્ટિ કરીએ ત્યાં-ત્યાં ઈશ્વર જ છે, તે સિવાયનો અણુભાગ પણ બાકી નથી. એમ સૂચવવાને માટે જ આપ સ્તમ્ભમાંથી પ્રકટ થયા છો. જેમનું સ્વરૂપ નહિ મનુષ્યમાં, નહિ સિંહમાં એવું ઘણું જ વિસ્મયજનક અને ભયંકર છે. જેથી વિલક્ષણ આકારવાળા પ્રભુ એમ જણાવે છે.

### પ્રમાણભૂઃ ||૫૦૪||

પ્રહ્લાદજીના વાક્યને પ્રમાણભૂત કરવાને સ્તમ્ભમાંથી પ્રકટ થનારા પ્રભુ.

પ્રભુની સર્વવ્યાપકતા પ્રતિપાદન કરતાં પ્રહ્લાદજીને દૈત્યે પૂછ્યું કે "જો

પ્રભુ સર્વવ્યાપક છે તો આ સ્તમ્ભમાં કેમ નથી દેખાતા ?'' એમ કહી તલવારથી તેનો નાશ કરવા જતાં સ્તમ્ભમાંથી પ્રભુએ પ્રકટ થઈ પોતાની સર્વવ્યાપક્તા સત્ય કરી પ્રહ્લાદજીના વચનને પણ પ્રમાણભૂત કર્યું અને ભક્તવત્સલતા-ભક્તાધીનતા પણ આપે દર્શાવી એ જ ભાવને આ નામ સૂચન કરે છે.

## સ્તમ્ભપ્રસૂતિઃ ।।૫૦૫।।

જેમનું સ્તમ્ભમાંથી પ્રાકટ્ય થયું છે એવા નૃસિંહ પ્રભુ.

## નૃહરિ ।।૫૦૬।।

૧. મનુષ્ય તથા સિંહરૂપ.
૨. મનુષ્ય આકાર તેમ સિંહાકાર બન્નેથી મિશ્ર સ્વરૂપવાન.
૩. નૃ-મનુષ્યોના ભયને હરણ કરનાર.
૪. સંહાર રૂપ હોવાથી મનુષ્યોને-દુષ્ટોને હરણ કરનાર-નાશ કરનાર એવા નૃસિંહરૂપધારી ભગવાન્ શ્રીકૃષ્ણ.

## નૃસિંહઃ ।।૫૦૭।।

નર અને સિંહથી મિશ્રિત નૃસિંહ પ્રભુ.

## ભીમવિક્રમઃ ।।૫૦૮।।

૧. ભયાનક જેમનું વિક્રમ-પગલું ભરવું ( ગમન ) છે એવા.
૨. ભયંકર જેમનું પરાક્રમ-શૌર્ય એવા, ભીમ-ઘોર દૈત્યને નાશ કરવામાં જેમનું પરાક્રમ છે એવા નૃહરિ ભગવાન્.

**વિકટાસ્યો લલજ્જિહ્વો નખશસ્ત્રો જવોત્કટઃ ।**
**હિરણ્યકશિપુચ્છેદી ક્રૂરદૈત્યનિવારકઃ ।।૧૦૫।।**

## વિકટાસ્યઃ ।।૫૦૯।।

વિકરાલ મુખળવાળા.

## લલજ્જિહ્વો ।।૫૧૦।।

ચોતરફ જેમની જીભ લળી રહી છે એવા નૃસિંહ.

## નખશસ્ત્રઃ ।।૫૧૧।।

નખરૂપ આયુધધારી પ્રભુ.

## જવોત્કટઃ ।।૫૧૨।।

યુદ્ધના વેગને લીધે ન સહન કરી શકાય તેવા.

**હિરણ્યકશિપુચ્છેદી ||૫૧૩||**

હિરણ્યકશિપુ દૈત્યને નાશ કરવામાં જેમનું આચરણ છે એવા નૃસિંહ સ્વરૂપી ભગવાન્.

**ક્રૂરદૈત્યનિવારકઃ ||૫૧૪||**

દૈત્યરાજના અનુચરોમાં જે ક્રૂર દૈત્યો હતા તેમનો નાશ કરનાર.

**સિંહાસનસ્થઃ ક્રોધાત્મા લક્ષ્મીભયવિવર્ધનઃ |**
**બ્રહ્માદ્યત્યન્તભયભૂરપૂર્વાચિન્ત્યરૂપધૃક્ ||૧૦૬||**

**સિંહાસનસ્થઃ ||૫૧૫||**

રાજ્યાસન પર બેસનાર એવા નૃસિંહ.

**ક્રોધાત્મા ||૫૧૬||**

ક્રોધથી પૂર્ણ જેમનો આત્મા-સ્વરૂપ છે એવા ભગવાન્.

**લક્ષ્મીભયવિવર્ધનઃ ||૫૧૭||**

લક્ષ્મીજીને વિશેષ ભય વધારનાર.

**બ્રહ્માદ્યત્યન્તભયમ્ ||૫૧૮||**

બ્રહ્માદિ સર્વ દેવોને અત્યન્ત ભયનું સ્થાનરૂપ એવા નૃસિંહ રૂપધારી શ્રીકૃષ્ણ.

**અપૂર્વાચિન્ત્યરૂપધૃક્ ||૫૧૯||**

પૂર્વે નહિ થયેલા, મનથી પણ કલ્પના કરી શકાય નહિ તેવા અદ્ભુત સ્વરૂપને ધારણ કરનાર એવા પરમાત્મા.

**ભક્તૈકશાન્તહૃદયો ભક્તસ્તુત્યઃ સ્તુતિપ્રિયઃ ||**
**ભક્તાંગલેહનોદ્ધૂતક્રોધપુઞ્જઃ પ્રશાન્તધીઃ ||૧૦૭||**

**ભક્તૈકશાન્તહૃદયઃ ||૫૨૦||**

એક કેવળ ભક્ત પ્રહ્લાદજીને માટે જ જેમનું શાન્ત હૃદય છે એવા નૃસિંહ ભગવાન્.

**ભક્તસ્તુત્યઃ ||૫૨૧||**

ભક્ત પ્રહ્લાદ્ વડે સ્તુતિ કરવા યોગ્ય.

**સ્તુતિપ્રિયઃ ||૫૨૨||**

ભક્ત પ્રહ્લાદે કરેલી સ્તુતિ જેમને ઘણી જ પ્રિય છે એવા.

**ભક્તાંગલેહનોદ્ધૂતક્રોધપુઞ્જઃ ||પ૨૩||**

ભક્ત પ્રહ્‌લાદજીનાં અંગોનું આસ્વાદનાં કરવાથી ક્રોધના સમુદાય વડે રહિત બનેલા અર્થાત્ ક્રોધરહિત થયેલા નૃહરિસ્વરૂપધારી શ્રીપુરુષોત્તમ.

**પ્રશાન્તધીઃ ||પ૨૪||**

૧. ક્રોધ વગરની જેમની બુદ્ધિ થઈ છે એવા.

૨. પ્રશાન્ત-વિષય અભિલાષાથી રહિત જ્ઞાનનિષ્ઠ એવી પ્રહ્‌લાદજીની બુદ્ધિ જેમનાથી બનેલી છે એવા શ્રીકૃષ્ણચન્દ્ર.

પ્રભુની ભક્તિ કરવાથી મનુષ્યની બુદ્ધિ વિષયોમાંથી વિરામ પામી જ્ઞાનપરાયણ બની પરમાત્મામાં અનુરાગવાળી થાય છે. પ્રહ્‌લાદજીમાં તેવી જ અપૂર્વ ભક્તિ હતી. તેથી જ તેમને યુવાવસ્થા છતાં પણ પ્રભુ સિવાય અન્ય કોઈ વસ્તુમાં રાગ હતો નહિ. એવી અત્યન્ત શાન્ત બુદ્ધિ ભગવદિચ્છાથી જ થાય છે. માટે જ પ્રહ્લાદજીને વિનય રહિત બુદ્ધિ કરાવનાર એવા પ્રભુ એમ કહે છે.

**સ્મૃતિમાત્રભયત્રાતા બ્રહ્મબુદ્ધિપ્રદાયકઃ |**
**ગોરૂપધાર્યમૃતપાઃ શિવકીર્તિવિવર્ધનઃ ||૧૦૮||**

**સ્મૃતિમાત્રભયત્રાતા ||પ૨પ||**

સ્મરણ કરતાંની સાથે સંકટ સમયે ભયથી રક્ષણ કરનાર એવા નૃસિંહ ભગવાન્.

**બ્રહ્મબુદ્ધિપ્રદાયકઃ ||પ૨૬||**

બ્રહ્માજીને બુદ્ધિ આપનાર.

બ્રહ્માજીના વરપ્રદાનથી મદોદ્ધત બનેલા હિરણ્યકશિપુને માટે સ્તમ્ભમાંથી પ્રકટ થવું વગેરે પરમાત્માને પરિશ્રમ લેવો પડ્યો. માટે વિશ્વને કનડે એવા અપાત્રોને-અસુરોને પુનઃ આવું વરદાન ન આપવું એમ બ્રહ્માજીને બુદ્ધિ-ઉપદેશ આપનાર એવા શ્રીકૃષ્ણ. ૧૦મા અધ્યાયમાં ''**મૈવં વરોઽસુરાણાં ન પ્રદેયઃ પદ્મસમ્ભવ !**'' હે પદ્મસમ્ભવ ! હે બ્રહ્માજી ! દૈત્યોને એવું વરદાન આપવું નહિ. જેમ ક્રૂર જાતિ સર્પોને અમૃત પાઈએ તેવું જ તેમને વરદાન છે એમ પ્રભુએ આપેલો ઉપદેશ સ્પષ્ટ જણાવેલો છે. તેથી બ્રહ્માને બુદ્ધિ આપનાર પ્રભુ એમ કથન કરે છે.

( નૃસિંહાવતારનાં નામો પૂરાં થયાં )

**ગોરૂપધારી ||પ૨૮||**

ગાયનું સ્વરૂપ ધારણ કરનાર.

''ભગવાન્ શંકર ત્રિપુરાસુરનો પરાભવ કરવા તેનાં નગરોને ભાગી દૈત્યોના

ઉપર અનેક બાણો વરસાવવા લાગ્યા. પરન્તુ તેમના બાણોથી મરણને શરણ થયેલા અસુરો અમૃતપાન કરી પ્રથમથી વિશેષ બળવાન્ બની યુદ્ધ કરતા હતા. તે સમયે શ્રીશંકરને સહાયતા કરવા પ્રભુએ ગાયનું રૂપ ધારણ કરી બ્રહ્માને વત્સ બનાવી ત્રિપુરાસુરની નગરીમાં રહેલા કૂપમાંનું સઘળા અમૃતનું પાન કરી ગયા'' એમ આ સ્કન્ધના ૧૦મા અધ્યાયમાં કથા છે તેથી જ ગોરૂપધારી પ્રભુ એમ જણાવે છે.

## અમૃતપાઃ ।।૫૨૯।।

ત્રિપુરાસુરની નગરીમાં જઈને અમૃતનું પાન કરનાર એવા પ્રભુ. એટલા જ માટે આગળ કથન કરે છે કે

## શિવકીર્તિવિવર્ધનઃ ।।૫૩૦।।

શિવની કીર્તિને વધારનાર.

ગોરૂપ ધારણ કરી ત્રિપુરાસુર શત્રુનું સઘળું અમૃત પી જવાથી જ ત્રિનયન શંકરને તેનો વિનાશ કરવો સુલભ થયો. નહિ તો એનો નાશ થાય એમ હતું જ નહિ. પ્રભુએ તેના નાશનું મુખ્ય કારણ પ્રાપ્ત કરી, ભગવાન્ શંકરને વિજયમાળા સાથે કીર્તિમાળા સમર્પણ કરી, જે શમ્ભુની કીર્તિ વધારનાર વિભુ-પ્રભુ છે.

**ધર્માત્મા સર્વકર્માત્મા વિશેષાત્માશ્રમપ્રભુઃ ।**
**સંસારમગ્નસ્વોદ્ધર્તા સન્માર્ગાખિલતત્ત્વવાક્ ।।૧૦૯।।**

## ધર્માત્મા ।।૫૩૧।।

સર્વ સાધારણ જે ધર્મ, તત્સ્વરૂપ એવા પરમાત્મા.

સાધારણ ધર્મ એટલે સર્વને સમ્મત એવો ધર્મ કે જે ધર્મના લક્ષણોથી અખિલ ભૂમણ્ડલમાં કોઈને પણ વિરોધ આવે નહિ. એનું નામ જ સાધારણ ધર્મ કહેવાય. મનુસ્મૃતિ અ. ૬ શ્લોક ૯૨માં નીચે પ્રમાણે ધર્મનું સ્વરૂપ જણાવે છે કે :

**''ધૃતિઃ ક્ષમા દમોઽસ્તેયં શૌચમિન્દ્રિયનિગ્રહઃ,**
**ધીર્વિદ્યા સત્યમક્રોધો દશકં ધર્મલક્ષણમ્''**

( ધૃતિ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઈન્દ્રિયનિગ્રહ, ધી, વિદ્યા, સત્ય અને અક્રોધ એ દશ ધર્મનાં લક્ષણો છે. ) સન્તોષ રાખવો એ ધૃતિ, કોઈએ અપકાર કર્યો હોય તેના ઉપર ઉપકાર કરી બદલો વાળવો એ ક્ષમા, વિકારકારક વસ્તુ સમીપ છતાં અવિકારપણે મનને દમન-સ્થિર રાખવું એ દમ, ન્યાયપૂર્વક ધન ઉપાર્જન-સમ્પાદન કરવું એ અસ્તેય, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે માટીથી અને જળથી દેહનું શોધન કરવું એ શૌચ, વિષયોથી ઈન્દ્રિયોને ધારણ કરવી-પોતાને આધીન બનાવવી એ ઈન્દ્રિયનિગ્રહ, શાસ્ત્રાદિ તત્ત્વોનું જ્ઞાન થવું એ ધી-બુદ્ધિ, ભગવદ્જ્ઞાન મેળવવું એ

વિદ્યા, યથાર્થ કથન કરવું એ સત્ય અને ક્રોધનું કારણ છતાં ક્રોધરહિત રહેવું એ અક્રોધ કહેવાય છે. ઉપલાં દશ લક્ષણોયુક્ત ધર્મ સર્વસમ્મત છે માટે એને સર્વ સાધારણ ધર્મકથન કરવામાં આવે છે. તો ધર્મસ્વરૂપ આપ પરમાત્મા છો.

## સર્વકર્માત્મા ||૫૩૨||

સર્વ વર્ણોનાં જે કર્મ તે-તે વર્ણધર્મસ્વરૂપ એવા.

યજનયાજન આદિ બ્રાહ્મણધર્મ, શૌર્યધૈર્યાદિ ક્ષાત્રધર્મ, કૃષિગોરક્ષા-વાણિજ્ય એ વૈશ્યધર્મ અને પરિચર્યાત્મક શૂદ્રધર્મ ઈત્યાદિ વર્ણોના જે-જે કર્મ ધર્મો છે તે-તે સ્વરૂપ આપ પ્રભુ જ છે. માટે જ અહિં સર્વકર્માત્મા એવા પરમાત્મા એમ કહે છે.

## વિશેષાત્મા ||૫૩૩||

વિશેષધર્મ સ્વરૂપ એવા પ્રભુ.

વિશેષ ધર્મ એટલે બ્રાહ્મણને ઉપનયન પછી બ્રહ્મચર્યાવસ્થામાં ખાખરનો દણ્ડ ગ્રહણ કરવો. ક્ષત્રિયને પિપ્પલનો વગેરે જે બ્રાહ્મણાદિના વિશેષધર્મો તે સ્વરૂપ પણ આપ શ્રીકૃષ્ણ જ છો.

## આશ્રમપ્રભુઃ ||૫૩૪||

ચારે આશ્રમોના પ્રભુ-સ્વામી.

બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત એમ ચાર આશ્રમો છે, તેના નિયન્તા પોતે પરમાત્મા છે, માટે જ તે તેમના સ્વામી છે-પ્રભુ છે. મહાભારતમાં શ્રીવેદવ્યાસ આજ્ઞા કરે છે કે "**આચારપ્રભવો ધર્મો ધર્મસ્ય પ્રભુરચ્યુતઃ**" (આચારથી ધર્મ ઉત્પન્ન થાય છે તે ધર્મના પ્રભુ-સ્વામી અચ્યુત-શ્રીકૃષ્ણ છે.) એ વચનમાં ધર્મના સ્વામી પોતે પ્રભુ જ છે. એમ દર્શાવેલું છે.

## સંસારમગ્નસ્વોદ્ધર્તા ||૫૩૫||

સંસારમાં મગ્ન બની ગયેલા પોતાના ભક્તોનો ઉદ્ધાર કરનાર.

સંસારમાં વિષયાદિનાં સ્વપ્ન જેવાં સુખોમાં લીન બની ગયેલા નિજ ભક્તોને ધર્મનો ઉપદેશ આપી, તેમની વૃત્તિઓ જ્ઞાન અને વૈરાગ્યમાર્ગમાં દોરી પોતાની દઢ ભક્તિને તેમના હૃદયમાં સ્થાપન કરી પ્રભુ ઉદ્ધાર કરે છે, તેથી જ સંસારમાં લીન પોતાના દીન ભક્તોને ઉદ્ધારનાર એવા પ્રભુ એમ કહે છે.

## સન્માર્ગાખિલતત્ત્વવાક્ ||૫૩૬||

સન્માર્ગમાં સમ્પૂર્ણ તત્ત્વ ધરાવનારી વાણી તે રૂપ એવા પરમાત્મા.

શાસ્ત્રોમાં જેને સત્પુરુષોનો માર્ગ કથન કરવામાં આવે છે તે સન્માર્ગ

કહેવાય છે. તેમાં સમ્પૂર્ણ રીતે તત્ત્વોનું પ્રતિપાદન કરનારી જે વાણી કે જેને અધ્યાત્મવિદ્યા કહે છે તે રૂપ પોતે પ્રભુ જ છે. ગીતામાં આપે આજ્ઞા કરી છે કે ''**અધ્યાત્મવિદ્યા વિદ્યાનામ્**'' ( હું વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યારૂપ છું ) એટલે અહિં અધ્યાત્મવિદ્યારૂપ પ્રભુ શ્રીકૃષ્ણ એમ પ્રતિપાદન કરે છે.

**આચારાત્મા સદાચારઃ ...............।।**

### આચારાત્મા ।।૫૩૭।।

આ-ચારે પાસ જ્ઞાનરૂપ જેમનો આત્મા-સ્વરૂપ છે એવા પ્રથમ પ્રત્યેકના આચાર અને ધર્મરૂપ પ્રભુ છે એમ કહ્યું છે. તેથી આ નામથી જ્ઞાનરૂપ સ્વરૂપવાન્ એવા ભગવાન્ એમ જણાવે છે.

### સદાચારઃ ।।૫૩૮।।

૧. સત્-ભક્તિમાન્ સત્પુરુષોની ભક્તિ તે રૂપ પ્રભુ.
૨. સત્પુરુષોમાં જેમનો આચાર-જ્ઞાન છે એવા પરમાત્મા.

પ્રભુ ભક્તિથી જ પ્રાપ્ત થાય છે તો તે ભક્તિસ્વરૂપ કેમ નહિ! ભગવત્સમ્બન્ધી જ્ઞાન સત્પુરુષોમાં જ સમ્ભવે, કેમકે દુર્જનોનાં અન્તઃકરણોમાં તેવું જ્ઞાન સ્થિર રહી જ શકે નહિ એટલે જ જેમનું જ્ઞાન સત્પુરુષોમાં-ભગવદીયજનોમાં છે એમ કહે છે.

**।।ઈતિ સપ્તમસ્કન્ધનામાનિ।।**

## || અથ અષ્ટમસ્કન્ધનામાનિ ||

### ... ... ... ... ... મન્વન્તરવિભાવનઃ ||
### સ્મૃત્યાશેષાશુભહરો ગજેન્દ્રસ્મૃતિકારણમ્ ||૧૧૦||

### મન્વન્તરવિભાવનઃ ||૫૩૯||

૧. સ્વાયંભુવાદિ થઈ ગયેલા ૬ મનુઓ અને વૈવસ્વતાદિ થનારા ૮ મનુઓને વધારનાર.
૨. સ્વાયંભુવાદિ ૧૪ મનુઓનું રક્ષણ કરનાર.
૩. મનુઓ જેમનું ચિન્તન-આરાધન કરે છે એવા.
૪. મન્વન્તરો વડે કાળની ભાવના કરનાર.
૫. મન્વન્તર સમ્બન્ધી કાળથી સર્વને પ્રકાશ કરનાર એવા પ્રભુ.

### સ્મૃત્યાશેષાશુભહરઃ ||૫૪૦||

સ્મરણ કરતાં જ સમગ્ર અકલ્યાણને-પાપોને હરનાર દૂર કરનાર એવા પ્રભુ.

મગરથી પીડા પામતા ગજેન્દ્રે પ્રભુનું સ્મરણ કર્યું કે તુરત જ પ્રભુએ પધારી, તેનાં અનેક અકલ્યાણોને પાપોને દૂર કરી તેને મુક્ત કર્યો છે માટે સ્મરણ કરતાં જ પાપને હરનાર એવા હરિ એમ કથન કરે છે.

### ગજેન્દ્રસ્મૃતિકારણમ્ ||૫૪૧||

સંકટ પામેલા ગજેન્દ્રને જે ભગવત્સ્મૃતિ થઈ, તેના કારણરૂપ એવા ભગવાન્.

### જાતિસ્મરણહેત્વૈકપૂજાભક્તિસ્વરૂપદઃ |
### યજ્ઞો ભયાન્મનુત્રાતા વિભુર્બ્રહ્મવ્રતાશ્રયઃ ||૧૧૧||

### જાતિસ્મરણહેત્વૈકપૂજાભક્તિસ્વરૂપદઃ ||૫૪૨||

૧. હું ઈન્દ્રદ્યુમ્ન નામે ક્ષત્રિય છું, એમ પોતાની જાતિનું સ્મરણ થવાના કારણ રૂપ પરમાત્માની પૂજાથી ઉત્પન્ન થયેલી ભક્તિ વડે સ્વરૂપને આપનાર એવા વિષ્ણુસ્વરૂપ શ્રીપુરુષોત્તમ.
૨. જાતિસ્મરણના હેતુરૂપ ભક્તિથી ગજેન્દ્રરૂપ પશુશરીરને છોડાવનારા એવા શ્રીહરિ.

(ચૌદ મન્વન્તરનાં નામોની શરૂઆત કરે છે)

### યજ્ઞઃ ||૫૪૩||

યજ્ઞરૂપ પરમાત્મા.

આદિ મન્વન્તરમાં આકૂતિ નામે સ્ત્રીમાં રુચિથી પ્રકટેલા યજ્ઞનારાયણરૂપ પ્રભુનું જ સ્વરૂપ છે. શ્રુતિભગવતી કહે છે કે "**યજ્ઞો વૈ વિષ્ણુઃ**" (યજ્ઞ એ વિષ્ણુ જ છે) માટે જ આ યજ્ઞરૂપ પરમાત્મા એમ કહે છે.

## ભયાદ્ મનુત્રાતા ||૫૪૪||

ભયથી મનુનું રક્ષણ કરનાર.

ભક્ષણ કરવાની ઇચ્છાવાળા યાતુધાન જાતિનાં રાક્ષસથી મનુને પાલન કરનાર અર્થાત્ તેના ભયથી રક્ષણ કરનાર પરમાત્મા.

## વિભુઃ ||૫૪૫||

૧. સમર્થ-ઈશ્વર. ૨. સર્વવ્યાપક એવા પ્રભુ.

## બ્રહ્મવ્રતાશ્રયઃ ||૫૪૬||

બ્રહ્મ-વેદ એ જ જેમનું વ્રત છે એવા બ્રહ્મચારીઓ જેમનો આશ્રય કરે છે, જેમનું સેવન કરે છે. એવા વેદશિરસ નામના મુનિથી પ્રકટેલા વિભુરૂપ પ્રભુ.

**સત્યસેનો દુષ્ટઘાતી હરિર્ગજવિમોચકઃ |**
**વૈકુણ્ઠો લોકકર્તા ચ, અજિતોઽમૃતકારણમ્ ||૧૧૨||**

## સત્યસેનઃ ||૫૪૭||

સત્ય વદનારાઓ જ જેમની સેના-મણ્ડલી છે એવા પ્રભુ.

## દુષ્ટઘાતી ||૫૪૮||

દુષ્ટોનો વધ કરવાનો જેમનો સ્વભાવ છે એવા ધર્મની સુનતા નામે સ્ત્રીથી ઉત્પન્ન થયેલા સત્યસેન સ્વરૂપધારી.

## હરિઃ ||૫૪૯||

સ્મરણ કરતાંની સાથે સકલ દુઃખને હરણ કરનાર-દૂર કરનાર.

પ્રભુ સર્વ દુઃખને દૂર કરનાર છે તેથી તેમને હરિ કહે છે. મહાભારતમાં એમ પણ આપ આજ્ઞા કરે છે કે

**"હરામ્યઘં હિ સ્મર્તૄણાં હવિર્ભાગં ક્રતુષ્વહમ્,**
**દુઃખાનિ સર્વપાપાનિ તસ્માદ્ધરિરહં સ્મૃતઃ"**

(યજ્ઞોમાં હુતદ્રવ્યને તેમ મારું સ્મરણ કરનારનાં સર્વ પાપોને તથા દુઃખોને હું હરણ કરું છું તેથી મને હરિ એમ સર્વે કથન કરે છે.) એટલે જ અહિં પ્રભુને હરિ એમ કહી પ્રતિપાદન કર્યા છે.

**ગજવિમોચકઃ ।।૫૫૦।।**

ગજેન્દ્રને છોડાવનાર એવા હરિ પરમાત્મા.

ગ્રાહથી-મગરથી ગળાયેલા ગજેન્દ્રને મુક્ત કરનાર આપ પ્રભુ જ છો. આ સ્કન્ધના ૩જા અધ્યાયમાં ગજેન્દ્રમોક્ષની કથા સ્પષ્ટ જણાવેલી છે માટે ગજને મુક્ત કરનાર પ્રભુ એમ કહે છે.

**વૈકુણ્ઠ ।।૫૫૧।।**

વિકુણ્ઠાના પુત્ર એવા પ્રભુ.

**લોકકર્તા ।।૫૫૨।।**

વૈકુણ્ઠ નામના લોકને કરનાર-રચનાર વૈકુણ્ઠ સ્વરૂપી પરમાત્મા.

**અજિતઃ ।।૫૫૩।।**

કોઈનાથી કેમે કરી ન જીતાય એવા અજિત શ્રીકૃષ્ણ પ્રભુ.

**અમૃતકારણમ્ ।।૫૫૪।।**

અમૃતની ઉત્પત્તિ-પ્રાપ્તિનું કારણ એવા શ્રીપુરુષોત્તમ.

પરમાત્માએ જ દેવ અને દૈત્યોને ઉપદેશ આપી અમૃત પ્રગટ કરવાનું વિચાર્યું છે, તેમની આજ્ઞાથી જ સર્વે સમુદ્રનું મન્થન કરતાં અમૃત પામેલા છે. આ સ્કન્ધના ૪ અધ્યાયથી શરૂઆત કરી ૭મા અધ્યાય સુધીમાં સમુદ્રમન્થન અમૃતના હેતુરૂપ પરમાત્મા એમ જણાવે છે.

**ઉરુક્રમો ભૂમિહર્તા સાર્વભૌમો બલિપ્રિયઃ ।**
**વિભુઃ સર્વહિતૈકાત્મા વિશ્વક્સેનઃ શિવપ્રિયઃ ।।૧૧૩।।**

**ઉરુક્રમઃ ।।૫૫૫।।**

જેમનું ક્રમણ (પગલું ભરવું) ઘણું જ વિસ્તારવાળું છે એવા વામન સ્વરૂપધારી શ્રીપુરુષોત્તમ.

**ભૂમિહર્તા ।।૫૫૬।।**

બલિરાજાની પાસેથી ઈન્દ્રને માટે ભૂમિનું હરણ કરનાર એવા પ્રભુ.

**સાર્વભૌમઃ ।।૫૫૭।।**

સર્વ ભૂમિના અધિપતિ-ચક્રવર્તી નૃપરૂપ ધારી હરિ.

**બલિપ્રિયઃ ।।૫૫૮।।**

૧. બલિરાજા જેવાને બહુ જ પ્રિય છે એવા. ૨. બલિરાજાને પ્રિય એવા પરમાત્મા.

કોઈક સ્થલે 'સાર્વભૌમબલિપ્રિયઃ' એમ પાઠ હોય છે. ત્યાં સમ્પૂર્ણ પૃથ્વીનો ચક્રવર્તી બલિરાજા જેમને પ્રિય છે એવા પ્રભુ એમ અર્થ કરવો. અને બે નામો જુદાં કરવાને બદલે 'સાર્વભૌમબલિપ્રિયઃ' એમ એક જ નામ જાણવું.

## વિભુઃ ॥૫૫૯॥

વિશેષ કરીને ઐશ્વર્યવાન્ એવા ભગવાન્.

## સર્વહિતૈકાત્મા ॥૫૭૦॥

સર્વના હિતમાં જ જેમનું ચિત્ત છે એવા પ્રભુ.

પરમાત્માને સર્વનું હિત-કલ્યાણ થાય એમ કરવું. એ જ અન્તઃકરણમાં હમેશાં રહ્યા કરે છે. એટલે જ આપ કૃપાનિધિ છો. ભલે દ્વેષથી, કામથી, ક્રોધથી, ભક્તિથી, પ્રેમથી વા ભયથી પ્રભુનું આરાધન કરો. પરન્તુ પરમાત્માને તેથી કાંઈ પણ ભાવ પ્રકટ થતો નથી, આપ તો સર્વદા સર્વભાવથી સર્વનું કલ્યાણ કરવામાં જ નિજ કર્તવ્ય માનો છો. એવા સર્વહિતમાં પ્રવૃત્ત થયેલા પ્રભુનું કયો દુર્ભાગી સેવન ન કરે ! કોઈને એમ શંકા થાય કે ''સર્વનું હિત જ કરવામાં પ્રભુ કર્તવ્ય માને છે, તો પછી આપણું હિત થયા જ કરે છે. તેમનું સેવન કરવાનું શું પ્રયોજન ?'' તો કહીએ છીએ કે એક પિતા અનેક બાળકોમાં સર્વનું હિત કરવું એમ જ પોતાની ફરજ સમજે છે અને એમ જ કરે છે પરન્તુ પિતૃપ્રેમી પુત્રને જ પોતાના સમીપમાં રાખે, બાકી સર્વ બાળકોનું હિત તો પિતા કર્યા જ કરે છે. તેમ પ્રભુ સર્વનું હિત કરે છે પણ પોતાના પ્રેમી ભક્તને જ પોતાના સમીપ રાખે છે. તેમને જ જન્મ-મરણથી મુક્ત કરે છે. અન્યનું હિત થાય છે, પણ તે સંસારની માયામાં ફસાયેલા રહે છે, દુઃખોને અનુભવે છે. જન્મ-મરણથી છૂટી શક્તા નથી.

## વિષ્વક્સેનઃ ॥૫૭૧॥

૧. જેમના ભયથી ચારે દિશામાં દૈત્યની સેનાઓ નાસે છે એવા.
૨. જેમની સેનાઓ સર્વત્ર વ્યાપ્ત છે એવા સમર્થ પરમાત્મા શ્રીકૃષ્ણ.

## શિવપ્રિયઃ ॥૫૭૨॥

શિવને પ્રિય એટલે શિવ સાથે જેમને સુહૃદ્ભાવ છે એવા પ્રભુ.

**ધર્મસેતુર્લોકધૃતિઃ સુધામાન્તરપાલકઃ ।**
**ઉપહર્તાયોગપતિર્બૃહદ્ભાનુઃ ક્રિયાપતિઃ ॥૧૧૪॥**

## ધર્મસેતુઃ ॥૫૭૩॥

ધર્મની મર્યાદારૂપ અર્થાત્ ધર્મને સ્થાપન કરી તેનું રક્ષણ કરનાર પરમાત્મા.

## લોકધૃતિઃ ||૫૭૪||

ત્રણે લોકને ધારણ કરનાર પ્રભુ.

ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્લોક એ ત્રણે લોકને ધારણ કરનાર પરમાત્મા છે. ૧૩મા અધ્યાયમાં કહે છે કે :

**''આર્યકસ્ય સુતસ્તત્ર ધર્મસેતુરિતિ સ્મૃતિઃ,**
**વૈધૃતાયાં હરેરંશસ્ત્રિલોકીં ધારયિષ્યતિ''**

(આર્યકની સ્ત્રી વિધૃતાને વિષે ધર્મસેતુ નામે ભગવાન્‌ના અંશાવતાર થશે, તે આ ત્રિલોકને ધારણ કરશે) એમાં ત્રિલોકને ધારણ કરનાર ભગવાન્‌નો અવતાર એમ સ્પષ્ટ છે. માટે આર્યકની વિધૃતા નામની સ્ત્રીમાં પ્રગટ થયેલા ધર્મસેતુરૂપધારી ત્રિલોકને ધારનાર એવા પરમાત્મા એમ કહે છે.

## સુધામાન્તરપાલકઃ ||૫૭૫||

બારમા મન્વન્તરને પાલન કરનાર સુધામા નામે સ્વરૂપધારી પ્રભુ શ્રીપુરુષોત્તમ.

## ઉપહર્તા યોગપતિઃ ||૫૭૬||

સર્વને સુખ આપનાર એવા યોગેશ્વર શ્રીકૃષ્ણ પરમાત્મા.

'ઉપહર્તા' અને 'યોગપતિ' એ બે નામો હોવા જોઈએ એમ અહિં જણાય છે. પરન્તુ બે નામો માનવાનાં નથી, એક જ નામ છે. શાન્તિપર્વમાં પણ 'સંકર્ષણોઽચ્યુતઃ' એમ બે અર્થમાં એક નામ આપેલું છે. તે પણ બે નામો જેવું જણાય છે. પરન્તુ ત્યાં એક જ નામ છે, તેમ અહિં પણ એક જ નામ માનવાનું છે. એટલે દેવહોત્રની બૃહતી સ્ત્રીમાં ઉપહર્તા નામે યોગપતિનું રૂપ ધારનાર એવા શ્રીહરિ.

## બૃહદ્ભાનુઃ ||૫૭૭||

મોટાં જેમનાં કિરણો છે એવા પ્રભુ.

પરમાત્માનું પૂર્ણ તેજોમય સ્વરૂપ છે. તેથી જ જેમનાં મહાન્ કિરણો છે એમ જણાવે છે. ગીતામાં પોતે ઉપદેશે છે કે ''**અહમ્ અગ્નિઃ અહં હુતમ્**'' (હું જ અગ્નિ છું, હું જ હુતદ્રવ્ય (હોમવાનું) સ્વરૂપે છું) તેમ આગળ સૂર્ય મહારાજ પણ તેજથી પ્રકાશ આપે છે એમ આજ્ઞા કરે છે. તેથી જ મહાન કિરણોધારી પરમાત્મા એમ અહિં કથન કરે છે.

## ક્રિયાપતિઃ ||૫૭૮||

સર્વ યજ્ઞક્રિયાઓના પતિ-માલિક એવા. સત્રજિતથી વિનતા નામની સ્ત્રીમાં પ્રકટ થયેલા 'બૃહદ્ભાનુ' રૂપધારી શ્રીહરિ. એ યજ્ઞક્રિયાઓનો વિસ્તાર કરવાને

જ હરિના અંશથી પ્રકટ થયા છે એમ આ સ્કન્ધના ૧૩મા અધ્યાયના અન્તમાં સ્પષ્ટ જણાવેલું છે.

**ચતુર્દશપ્રમાણાત્મા ધર્મો મન્વાદિબોધકઃ ।**
**લક્ષ્મીભોગૈકનિલયો દેવમન્ત્રપ્રદાયકઃ ।।૧૧૫।।**

### ચતુર્દશપ્રમાણાત્મા ।।૫૬૯।।

પ્રમાણોને-સ્મૃતિઓને પ્રવર્તાવનારા ચૌદ મનુઓ જેમના અંશ સ્વરૂપ છે એવા શ્રીહરિ-શ્રીકૃષ્ણ.

### ધર્મઃ ।।૫૭૦।।

એ ચૌદે મનુઓએ સ્મૃતિઓમાં કહેલો જે ધર્મ, તે રૂપ પરમાત્મા.

### મન્વાદિબોધકઃ ।।૫૭૧।।

૧. સર્વ મનુઓ વગેરેને પોતાના માહાત્મ્યનો બોધ કરનાર.
૨. સર્વ મનુ વગેરેના માહાત્મ્યનો જગતમાં બોધ કરનાર એવા પ્રભુ.

### લક્ષ્મીભોગૈકનિલયઃ ।।૫૭૨।।

સ્વર્ગ સમ્બન્ધી લક્ષ્મીના ભોગ-ઉપભોગના અનુભવનું એક નિલય-મુખ્ય સ્થાન રૂપ પ્રભુ.

સ્વર્ગના જે દિવ્ય વૈભવો છે, તેના મુખ્ય સ્થાનરૂપ આપ પ્રભુ જ છો. કેમ કે પરમાત્માના પ્રકાશ સિવાય કોઈ પણ વસ્તુ આનન્દદાયિની બનતી નથી. જે-જે મન્વન્તરમાં જ્યારે-જ્યારે ઈન્દ્રો પ્રકટ થાય ત્યારે-ત્યારે તેના આનન્દ માટે પ્રભુ પણ અંશ અવતાર ગ્રહણ કરી તેમની સ્વર્ગની લક્ષ્મીના કારણરૂપ બને. એમ દરેક મન્વન્તરમાં પ્રભુના આવિર્ભાવથી જ દેવતાઓને વૈભવો પ્રાપ્ત થાય છે. માટે સ્વર્ગસ્થ લક્ષ્મીના સ્થાનરૂપ પરમાત્મા એમ દર્શાવે છે.

### દૈવમન્ત્રપ્રદાયકઃ ।।૫૭૩।।

દેવોને અમૃત ઉત્પન્ન કરવામાં પ્રયત્ન આપનાર.

પરમાત્મા પ્રયત્ન વિના અમૃત અર્પણ કરી શકે એમ છે પરન્તુ પ્રયત્ન પડતાં જ વસ્તુની કિમ્મત અંકાય છે, તેનું સ્વરૂપ સમજાય છે. માટે જ પ્રભુએ દેવતાઓને અમૃતની ઉત્પત્તિમાં મહાન પરિશ્રમ આપેલો છે. અર્થાત્ ઉદ્યોગથી જ કોઈ પણ કાર્યની સિદ્ધિ થાય છે, ઉદ્યોગ કરતાં જ પરમાત્મા તેમને મદદ આપે છે, ફલ સમર્પણ કરે છે. કાયરને તેમાંનું કાંઈ પણ મળી શક્તું નથી. માટે પ્રભુ પ્રાપ્ત કરવાને પણ પરિશ્રમની જરૂર છે. તો જ અમૃત-સુખ મળે છે. ભગવત્પ્રાપ્તિ થાય છે, અન્યથા નહિ.

**દૈત્યવ્યામોહકઃ સાક્ષાદ્ગરુડસ્કન્ધસંશ્રયઃ ।।**
**લીલામન્દરધારી ચ દૈત્યવાસુકિપૂજિતઃ ।।૧૧૬।।**

## દૈતવ્યામોહકઃ ।।૫૭૪।।

દૈત્યોને દેવો સાથે સન્ધિ કરાવીને સર્વ રીતે મોહ-ચિત્તની વિકલતા અર્થાત્ વિરોધ કરનાર પ્રભુ.

મુનિઓના શાપથી આસુરભાવ પામેલા દેવોનો ઉદ્ધાર કરવો જોઈએ, તે દેવો જ દૈત્યરૂપે થયેલા છે. માટે બાકીના દેવો અને દૈત્યોની સાથે સન્ધિની યુક્તિ રચી સમય આવે જગતમાં વિરોધ ઉત્પન્ન કરનાર દૈત્યોનો નાશ કરાવનાર (ખરું જોતાં ઉદ્ધાર કરવા) તેમનામાં મોહ-વિરોધ ઉત્પન્ન કરાવનાર આપ પ્રભુ જ છો. પ્રભુને આવી હાસ્યજનક રચના કરવાનું કારણ આપનો વિનોદ-આનન્દ-ક્રીડા સિવાય બીજું કાંઈ જ નથી. પરમાત્માએ નિજ આનન્દ માટે જ આ સંસારનાટકની ઘટના કરી છે.

## સાક્ષાદ્ગરુડસ્કન્ધસંશ્રયઃ ।।૫૭૫।।

પોતાના રૂપ ગરુડજીના સ્કન્ધ ઉપર સ્થિતિ કરનાર.

ગરુડજી પરમાત્માનું જ સ્વરૂપ છે. ગીતામાં આપ આજ્ઞા કરો છો કે ''**વૈનતેયશ્ચ પક્ષિણામ્**'' (પક્ષીઓમાં હું ગરુડજી છું) માટે સ્વસ્વરૂપ ગરુડજીના સ્કન્ધ ઉપર આશ્રય કરનાર-સ્થિતિ કરનાર પ્રભુ. આ સ્કન્ધના ૬ઠ્ઠા અધ્યાયમાં ''**ગિરિં ચારોપ્ય ગરુડે**'' (પર્વતને ગરુડ પર એક જ હાથે લીલામાત્રમાં આરોપણ કરી પોતે પણ તે પર વિરાજી સહજમાં ક્ષીરનિધિના તીરે પધાર્યા. અહિં ગરુડ ઉપર સ્થિતિ કરનાર પરમાત્મા એ સ્પષ્ટ જણાવે છે.

## લીલામન્દરધારી ।।૫૭૬।।

વિના શ્રમે મન્દરાચળને ધારણ કરનાર.

જ્યારે દેવો અને દૈત્યોથી મન્દરગિરિને ક્ષીરસાગર પર મહાપરિશ્રમ કરવા છતાં પણ ન લઈ જઈ શકાયો, એટલે આપે જ લીલામાત્રમાં સહજ-શ્રમ વગર મન્દર પર્વતને ધારી, ગરુડ પર સ્થાન કરી ક્ષીરસમુદ્ર પ્રત્યે લઈ ગયા. પ્રભુનું આનન્દમય સ્વરૂપ છે એટલે આપના સર્વ કાર્યોમાં પણ આનન્દ જ છે, લીલા જ છે, માટે શ્રમ વિના મન્દરને ધારનાર એવા પરમાત્મા એમ કહે છે.

## દૈત્યવાસુકિપૂજિતઃ ।।૫૭૭।।

દૈત્યોનું સામર્થ્ય હરવા વાસુકિનો સત્કાર કરનાર.

અતિશય બળવાન્ દૈત્યોનું બલ શી રીતે શાન્ત થાય એમ વિચારી આપે

ફલમાં વિભાગ આપવાનું વચન આપી મુખથી વિષજ્વાળાને વરસાવનાર વાસુકિનાગનું સન્માન કરેલું છે. જેથી એના વિષથી દૈત્યો નિસ્તેજ થાય-બલરહિત બને, માટે વાસુકિનાગને પૂજનાર સન્માન કરનાર એવા વિષ્ણુસ્વરૂપ શ્રીપુરુષોત્તમ.

**સમુદ્રોન્મથનાયત્તોઽવિઘ્નકર્તાસ્વવાક્યકૃત્ ।।**

**આદિકૂર્મઃ પવિત્રાત્મા મન્દરાઘર્ષણોત્સુકઃ ।।૧૧૭।।**

## સમુન્દ્રોન્મથનાયત્તઃ ।।૫૭૮।।

સમુદ્રનું સારી રીતે મથન કરવા સારુ ઉદ્યોગ કરનાર.

## અવિઘ્નકર્તા ।।૫૭૯।।

વિઘ્નનો અભાવ તેને અવિઘ્ન કહેવાય છે તે સારુ ઉદ્યોગ કરનાર, અર્થાત્ સર્વને કાર્યોમાં જે-જે વિઘ્નો આવે છે તેમને હણનાર એવા પરમાત્મા.

## સ્વવાક્યકૃત્ ।।૫૮૦।।

૧. પોતાનાં વાક્યોને યથાર્થ કરનાર.

૨. પોતાના ભક્ત દેવોના વાક્યને યથાર્થ કરનાર એવા પરમાત્મા.

પોતાનાં વાક્યો કે જે ''સમુદ્રનું મથન કરી અમૃત ઉત્પન્ન કરવું'' વગેરે તેમાં જો અન્તરાય આવે તો અમૃત ઉત્પન્ન ન થાય, અને પોતાનું વાક્ય નિષ્ફળ બને. માટે દરેક વિઘ્નો-અન્તરાયોને દૂર કરી પોતાનું વાક્ય યથાર્થ કરનાર તેમ પોતાના ભક્તો-દેવો તેમની પણ દૈત્યો સાથે થયેલી અમૃત ઉત્પન્ન કરવારૂપ વાણીને સર્વ વિઘ્નો દૂર કરી સત્ય કરનાર આપ પ્રભુ જ છો. ( હવે કૂર્માવતારનાં નામો શરૂ થાય છે. )

## આદિકૂર્મઃ ।।૫૮૧।।

આદિ એવા કૂર્મ ( ''**કું ભૂમીં રમયતિ ઈતિ કૂર્મઃ, પૃષોદરાદિત્વાત્ સાધુઃ**'' ભૂમિને રમણ કરાવનાર-રમાડનાર એ 'કૂર્મ' કહેવાય ) સ્વરૂપધારી એવા શ્રીકૃષ્ણ.

કૂર્મપ્રભુ સર્વના આધારરૂપ છે. પૌરાણિક માન્યતા પ્રમાણે આ પૃથ્વી શેષનાગ પર રહેલી છે. પૃથ્વી અને શેષનાગ બન્ને કૂર્મરાજ-કૂર્માવતાર ભગવાન્ વિષ્ણુના આધારે રહેલાં છે. માટે એ કૂર્મ સર્વના આધારે રહેલાં છે માટે એ કૂર્મ સર્વના આધાર આદિરૂપ છે.

## પવિત્રાત્મા ।।૫૮૨।।

પવિત્ર જેમનો દેહ છે એવા કૂર્મરાજ.

કૂર્મરાજનું પવિત્ર સ્વરૂપ છે. શ્રુતિ ભગવતી વર્ણવે છે કે, ''**મેધ્યો વા એષ પશૂનાં યત્ કૂર્મઃ**'' ( પશુઓમાં જે કૂર્મરાજ છે તે અત્યન્ત પવિત્ર છે ) શેષનાગ સહિત ધરણીને ધારણ કરનાર કૂર્મરાજ પ્રભુના અંશસ્વરૂપ છે. માટે પવિત્ર દેહધારી કૂર્મ

ભગવાન્ એમ કહે છે.

**મન્દરાઘર્ષણોત્સુકઃ ||૫૮૩||**

મન્દરાચલે કરેલા ઘણા જ ઘર્ષણમાં-ખંજાળવામાં ઉત્સાહ ધરાવનાર એવા કૂર્મરૂપ પ્રભુ.

મહાન મન્દરગિરિને સમુદ્રમન્થન કરતા કૂર્મ પરમાત્માએ પૃષ્ઠ પર ધર્યો, તે સમયે તેના ઘર્ષણથી કાંઈ પણ ભાર ન લાગતાં જાણે કોઈ ખંજવાળતું હોય, એમ આનન્દ-ઉત્સાહ માનવા લાગ્યા; તેથી મન્દરાચલના ઘર્ષણમાં ઉત્સાહ ધરાવનાર એવા પ્રભુ એમ કહે છે.

**શ્વાસૈજદબ્ધિવાર્વીચિઃ કલ્પાન્તાવધિકાર્યકૃત્ ||**
**ચતુર્દશમહારત્નો લક્ષ્મીસૌભાગ્યવર્દ્ધનઃ ||૧૧૮||**

**શ્વાસૈજદબ્ધિવાર્વીચિઃ ||૫૮૪||**

શ્વાસો ચાલવાથી સમુદ્રજળમાં તરંગો પ્રકટ કરનાર એવા પરમાત્મા શ્રીકૂર્મરાજ.

**કલ્પાન્તાવધિકાર્યકૃત્ ||૫૮૫||**

કલ્પનો અન્ત થતાં સુધી અર્થાત્ બ્રહ્માનાં રાત્રિ-દિવસ પૂર્ણ થતાં સુધી મન્દરગિરિને ધારણ કરવારૂપ કાર્યને કરનાર એવા કૂર્મસ્વરૂપધારી શ્રીકૃષ્ણ પરમાત્મા ( કૂર્માવતારના નામો પૂરાં થયાં. )

**ચતુર્દશમહારત્નઃ ||૫૮૬||**

૧. ચૌદ મહારત્નોને ઉત્પન્ન કરનાર. ૨. ચૌદ રત્નો જેમને માટે છે એવા.

સમુદ્રમન્થન કરતાં ચૌદ મહારત્નો પ્રકટ થયાં હતાં, લક્ષ્મી, કૌસ્તુભમણિ, પારિજાતતરુ, સુરા, ધન્વન્તરિ, વૈદ્ય, ચન્દ્ર, કામધેનુ, ઐરાવત ગજ, રમ્ભા, ઉચ્ચૈઃશ્રવા અશ્વ, અમૃત, સારંગ ધનુષ, પાંચજન્ય શંખ અને હલાહલ વિષ, એ ચૌદે મહારત્નોને પ્રકટ કરનાર આપ પ્રભુ છો. આપે એ રત્નોને ઉત્પન્ન કરવાની ઈચ્છાથી જ દેવો અને દૈત્યોને સન્ધિ કરાવી છે. એ જ રત્નોમાં મુખ્ય લક્ષ્મી અને કૌસ્તુભમણિને આપે વિષ્ણુરૂપે વક્ષઃસ્થલમાં અને કણ્ઠમાં ધારણ કરેલાં છે. માટે જ પ્રભુનું ચતુર્દશમહારત્ન એમ નામ વર્ણવે છે.

**લક્ષ્મીસૌભાગ્યવર્ધનઃ ||૫૮૭||**

લક્ષ્મીના સૌભાગ્ય-સૌન્દર્યને વધારનાર, લક્ષ્મી સારુ પોતાનામાં સુભગતા-સુન્દરતાને વૃદ્ધિ કરનાર એવા શ્રીહરિ.

પ્રભુએ વધારેલી લક્ષ્મીની સુન્દરતા સુન્દર રીતે આ સ્કન્ધના ૮મા

અધ્યાયમાં વર્ણવેલી છે એવી દિવ્ય રમણીયતા થવી એ પ્રભુકૃપાનું જ ફલ છે. તેમ સર્વ દેવોને મોહમાં લીન કરતાં મહામોહમયી માયા-લક્ષ્મી મારામાં મોહ પામે એવા આશયથી, આપ એક જ ત્રિભુવનમાં સુન્દર છો છતાં લક્ષ્મીથી પોતાની લક્ષ્મી-શોભા ન્યૂન ન થાય એ હેતુથી, આપે લક્ષ્મી પણ લજ્જિત બને એવું દિવ્ય-ભવ્ય-પ્રભાવશાલી પોતાની પ્રભા વધારી હતી. પ્રભુ સર્વ લક્ષ્મી-શોભા-દિવ્યતા વગેરેના તો ભણ્ડાર જ છે. એટલે એ પોતાની મોહક શોભામાં વૃદ્ધિ કરે એમાં આશ્ચર્ય નથી.

**ધન્વન્તરિઃ સુધાહસ્તો યજ્ઞભોક્તાર્તિનાશનઃ ।।**
**આયુર્વેદપ્રણેતા ચ દેવદૈત્યાખિલાર્ચિતઃ ।।૧૧૯।।**

## ધન્વન્તરિઃ ।।૫૮૮।।

રોગરૂપ સમુદ્રને તરવાને તરી-વહાણ તુલ્ય એવા પરમાત્મા શ્રીકૃષ્ણ.

ચૌદ રત્નોમાં જે ધન્વન્તરિ પ્રકટ થાય છે તે ભગવદ્રૂપ જ છે. તેમણે આયુર્વેદ ચિકિત્સાશાસ્ત્ર-વૈદ્યકશાસ્ત્રને પ્રકટ કર્યું છે. ધન્વન્તરિ રૂપે સર્વના રોગોને દૂર કરનાર આપ જ છો. માટે ધનવન્-રોગરૂપ મહાસાગરને તરવાને તરણી-નૌકારૂપ એવા ધન્વન્તરિ સ્વરૂપધારી શ્રીહરિ પરમાત્મા એમ કહે છે.

## સુધાહસ્તઃ ।।૫૮૯।।

સુધા-અમૃત જેના હાથમાં છે એવા ધન્વન્તરિ પ્રભુ.

ખરેખર પ્રભુના હાથમાં જ અમૃત છે તે જ મૃત-મરણથી રહિત કરી શકે, ધન્વન્તરિ કે જેમના હાથમાં અમૃતકલશ રહેલો છે, તેથી તે રોગસમુદ્રમાંથી તારનાર કહેવાય છે. જેના હાથમાં અમૃત હોય, એ કોને રોગથી રહિત ન બનાવે ? ઉપર જણાવી ગયા છીએ કે ધન્વન્તરિ એ અન્ય નહિ, પરન્તુ ભગવાન્ પુરુષોત્તમનું અંશાત્મક સ્વરૂપ જ છે. તેથી જ સુધા જેમના હાથમાં છે એવા પ્રભુ એમ કહે છે.

## યજ્ઞભોક્તા ।।૫૯૦।।

૧. યજ્ઞને ભોગવનાર.

૨. યજ્ઞમાં પોતાના ભાગને ભોગવનાર ધન્વન્તરિ રૂપધારી શ્રીહરિ.

## આર્તિનાશનઃ ।।૫૯૧।।

આર્તિ એટલે રોગથી-દુઃખથી થયેલી ચિન્તા-પીડા તેનો નાશ કરનાર એવા પ્રભુ.

## આયુર્વેદપ્રણેતા ।।૫૯૨।।

આયુષ્યની વૃદ્ધિ કરનાર ઋગ્વેદની અન્દરના એક ભાગરૂપ ઉપદેવ આયુર્વેદને પ્રવર્તાવનાર પરમાત્મા.

**દેવદૈત્યાખિલાર્ચિતઃ ||૫૯૩||**

દેવો અને દાનવોએ અમૃત માટે અથવા આરોગ્ય પ્રાપ્ત કરવા માટે વારંવાર પૂજેલા, સત્કાર કરેલા એવા ધન્વન્તરિરૂપ શ્રીપરમાત્મા.

**બુદ્ધિવ્યામોહકો દેવકાર્યસાધનતત્પરઃ ||**
**સ્ત્રીરૂપો માયયા વક્તા દૈત્યાન્તઃકરણપ્રિયઃ ||૧૨૦||**

**બુદ્ધિવ્યામોહકર્તા ||૫૯૪||**

દૈત્યોની બુદ્ધિમાં વિશેષ મોહ પ્રગટ કરનાર.

**દેવકાર્યસાધનતત્પરઃ ||૫૯૫||**

અમૃતનું પાન કરાવવારૂપ દેવતાઓના કાર્યને સાધવામાં તત્પર સમર્થ એવા વિષ્ણુરૂપ શ્રીપુરુષોત્તમ. દેવોનું કાર્ય સાધવાનું આગળનાં નામોમાં સ્પષ્ટ છે.

**સ્ત્રીરૂપઃ ||૫૯૬||**

દૈત્યોને મોહ પમાડવા સારુ સ્ત્રી-મોહક મોહિની સ્વરૂપ ધારણ કરનાર એવા પરમાત્મા હરિ.

**માયયા વક્તા ||૫૯૭||**

માયા વડે વદનાર પ્રભુ.

પ્રભુએ માયા-મોહ ઉપજાવનાર એવા મોહિનીસ્વરૂપથી દૈત્યો સાથે માયા-કપટમય સંવાદ કરેલો છે. કપટમય-માયામય વ્યવહાર કરવો એ પરમાત્માનો ધર્મ નથી. પરન્તુ સર્વ જગતને મોહ ઉત્પન્ન કરનાર માયા પ્રગટાવનાર ભગવચ્છક્તિરૂપ માયા જ એવા વ્યવહાર કરે છે. પ્રભુનો તેવો અહંમમત્વ કપટમય વ્યવહાર છે જ નહિ.

**દૈત્યાન્તઃકરણપ્રિયઃ ||૫૯૮||**

દૈત્યોનાં અન્તઃકરણને પ્રિય લાગનાર મોહિનીરૂપધારી શ્રીપરમાત્મા.

દૈત્યોના મનમાં તે સ્વાભાવિક રીતે જ ભગવાન્ અપ્રિય છે. પરન્તુ આપે મોહિની સ્વરૂપ ધારણ કરી એમનાં મનમાં મોહ ઉત્પન્ન કર્યો છે, તેથી દૈત્યોનાં હૃદયોને પ્રિય લાગે તેવા માયારૂપ મોહિનીસ્વરૂપ ધારણ કરનાર પ્રભુ એમ કહે છે.

**પાયિતામૃતદેવાંશો યુદ્ધહેતુસ્મૃતિપ્રદઃ |**
**સુમાલિમાલિવધકૃન્માલ્યવત્પ્રાણહારકઃ ||૧૨૧||**

**પાયિતામૃતદેવાંશઃ ||૫૯૯||**

દેવના અંશરૂપ અમૃત દેવતાઓને પાનાર. અમૃત દૈવી અંશથી પ્રકટ થયેલું

છે. એનો સમ્પૂર્ણ અધિકાર દેવોને જ છે. કેમ કે અસુરો તમોભાવયુક્ત છે, એ અમૃતના ભોક્તા થાય, તો હાથે કરીને દૂધથી સર્પોને ઉછેરવા જેવું છે. સર્પો જેમ ક્રૂર જીવો છે, તેમની વૃદ્ધિ થવા પામે તો આખા વિશ્વને ઉપદ્રવ કરી મૂકે તેમ, રાક્ષસો અમૃતથી મૃત્યુહીન બની વૃદ્ધિ પામે તો સમગ્ર જગતમાં ત્રાસ વર્તાવી મૂકે; માટે એના ખરા અધિકારી દેવતાઓ છે કે જે સર્વ વિશ્વનું કલ્યાણ કરનારા છે તેથી જ પ્રભુએ દૈત્યોને છોડી દેવોને અમૃતપાન કરાવ્યું છે.

## યુદ્ધહેતુસ્મૃતિપ્રદઃ ॥૭૦૦॥

યુદ્ધના હેતુરૂપ સ્મૃતિ-યાદશક્તિને આપનાર પરમાત્મા શ્રીકૃષ્ણ.

પ્રથમ દૈત્યોને, મોહિનીસ્વરૂપમાં મોહ પામવાથી મોહિની માયા સ્વરૂપે વિષ્ણુએ દેવોને અમૃત પાયું એમ સ્મૃતિની બહાર થયું હતું, પણ જ્યારે પોતાને અમૃત ન મળ્યું અને મોહિનીને પણ ન જોયાં એટલે વિષ્ણુએ આપણને છેતર્યા એમ સ્મૃતિ-સ્મરણ થઈ આવ્યું. એ પરસ્પર યુદ્ધને ઉત્પન્ન કરે એવું દૈત્યોને સ્મૃતિ-સ્મરણ આપનાર આપ પ્રભુ છો.

## સુમાલિમાલિવધકૃત્ ॥૭૦૧॥

સુમાલિ અને માલિ નામના દૈત્યોનો નાશ કરનાર-વિષ્ણુરૂપ શ્રીકૃષ્ણ.

## માલ્યવત્પ્રાણહારકઃ ॥૭૦૨॥

સુમાલિ અને માલિ એ બન્નેના ભાઈ માલ્યવાન્‌ના પ્રાણોને હરણ કરનાર શ્રીહરિ.

**કાલનેમિશિરચ્છેદી દૈત્યયજ્ઞવિનાશકઃ ।**
**ઈન્દ્રસામર્થ્યદાતા ચ દૈત્યશેષસ્થિતિપ્રિયઃ ॥૧૨૨॥**

## કાલનેમિશિરચ્છેદી ॥૭૦૩॥

કાલનેમિ નામના દૈત્યનું મસ્તક છેદનાર વિષ્ણુરૂપ પ્રભુ શ્રીપુરુષોત્તમ. આગળ એ જ કાલનેમિ દ્વિતીય જન્મમાં કંસરૂપે ઉત્પન્ન થયો છે. ત્યાં શ્રીપુરુષોત્તમે વાસુદેવ શ્રીકૃષ્ણસ્વરૂપે મથુરામાં તેનો નાશ કરેલો છે. તેથી કાલનેમિ દૈત્યનું મસ્તક છેદવાનું શીલ સ્વભાવ જેમને છે એવા પરમાત્મા એમ પણ અર્થ કરવો.

## દૈત્યયજ્ઞવિનાશકઃ ॥૭૦૪॥

આસુરી યજ્ઞનો નાશ કરનાર એવા પ્રભુ.

બલિરાજાએ શ્રીવામનદેવજીના પધારતાં પહેલાં જે યજ્ઞ કર્યો હતો તે પ્રભુનાં ચરણોથી પવિત્ર નહિ થયેલો હોવાથી એ આસુરી દૈત્ય યજ્ઞ જ હતો. પછી વામનપ્રભુના પધારવાથી તે સાત્ત્વિક દૈવી યજ્ઞ બન્યો અને આસુરી ભાવ દૂર થયો.

તેથી જ પોતાના ગુરુ શુક્રાચાર્યે વામન પ્રભુને દાન આપવાનો નિષેધ કર્યો, પણ બલિરાજાની મનોવૃત્તિ દાન આપવામાંથી ફરી નહિ એ જ આસુરી ભાવ દૂર થઈ સાત્વિક ભાવ પ્રકટ થયેલો છે.

માટે દૈત્ય યજ્ઞ-તમોમય આસુરી વાસનાઓથી કરવામાં આવેલ યજ્ઞનો વિધ્વન્સ કરનાર-નાશ કરનાર પરમાત્મા.

### ઇન્દ્રસામર્થ્યદાતા ।।૭૦૫।।

ઈન્દ્રને દૈત્યોનો પરાભવ થાય તેવું સામર્થ્ય-બળ આપનાર પરમાત્મા. આ સ્કન્ધના ૧૦-૧૧ અધ્યાયમાં ઈન્દ્રે બલિપ્રભૃતિ દૈત્યોનો પરાભવ કર્યો છે એ પ્રભુદત્ત સામર્થ્ય વડે જ, તેથી અહિં ઈન્દ્રને બળ આપનાર પ્રભુ એમ કહે છે.

### દૈત્યશેષસ્થિતિપ્રિયઃ ।।૭૦૬।।

યુદ્ધમાં મૃત્યુ પામતાં બાકી રહેલા દૈત્યોની સ્થિતિ જેમને પ્રિય છે એવા પરમાત્મા.

**શિવવ્યામોહકો માયી ભૃગુમન્ત્રસ્વશક્તિદઃ ।**
**બલિજીવનકર્તા ચ સ્વર્ગહેતુર્વ્રતાર્ચિતઃ ।।૧૨૩।।**

### શિવવ્યામોહકઃ ।।૭૦૭।।

શંકરને વિશેષ કરીને મોહ પ્રકટાવનાર એવા પ્રભુ.

પ્રભુએ મોહિનીસ્વરૂપથી દેવોને અમૃત પાયું એમ જાણી શંકરને તે માયામય મોહિનીસ્વરૂપ નીરખવા ઉત્કણ્ઠા થઈ. તેમની આશાને તૃપ્ત કરવા તે જ રમણીય મોહિની સ્વરૂપથી શંકરને આપે મોહ ઉપજાવેલો છે. એમ આ સ્કન્ધના ૧૨ મા અધ્યાયમાં કથા સ્પષ્ટ દર્શાવેલી છે. માટે શંકરને વિશેષ મોહ કરનાર એવા પ્રભુ એમ કહે છે.

### માયી ।।૭૦૮।।

૧. માયાવી.
૨. આત્મશક્તિરૂપ માયા-જગતમાં મોહ ઉપજાવનારી જેમને દાસી છે એવા પરમાત્મા.

### ભૃગુમન્ત્રસ્વશક્તિદઃ ।।૭૦૯।।

ભૃગુ-શુક્રાચાર્યજીને મન્ત્રમા પોતાની શક્તિ આપનાર એવા ભગવાન્.

ભૃગુવંશમાં પ્રકટ થયેલા શુક્રાચાર્યને મૃતસઞ્જીવિની વિદ્યા (મરેલાઓને સજીવન કરનારી વિદ્યા) પ્રાપ્ત થયેલી હતી, તે મન્ત્રવિદ્યામાં પોતાની પ્રબલ શક્તિને સ્થાપન કરનાર પોતે પ્રભુ જ છે. કારણ કે મૃતને સઞ્જીવન કરવું એ ઈશ્વરસાધ્ય છે.

તે શુક્રાચાર્ય દ્વારા બલિરાજ વગેરે દૈત્યોને પ્રભુ સઞ્જીવન કરવાની ઉમેદ રાખતા હતા જેથી આપે એ મન્ત્રમાં પોતાની શક્તિ સ્થાપન કરેલી છે.

## બલિજીવનકર્તા ॥૭૧૦॥

બલિરાજાને જીવન આપનાર.

એ જ શુક્રાચાર્યજીના મૃતસઞ્જીવની મન્ત્રથી અસુરપતિ બલિરાજને જીવન આપનાર આપ પરમાત્મા જ છો. ઉપર જ તે મન્ત્રમાં પોતાની શક્તિ સ્થાપન કરનાર પ્રભુ એમ કહી ગયા છીએ, તે ભાવનાના ફલરૂપ આ નામ છે.

## સ્વર્ગહેતુઃ ॥૭૧૧॥

સ્વર્ગના કારણરૂપ એવા પરમાત્મા.

બલિ રાજાએ વિશ્વજયી યજ્ઞથી પુષ્કળ તેજ પ્રાપ્ત કરી ઈન્દ્રના સ્વર્ગને તથા ત્રિલોકને પ્રાપ્ત કર્યું; અને દેવોને ગુપ્ત થઈ જવું પડ્યું. તેથી પ્રભુએ વામનાવતાર ગ્રહણ કરી ત્રણ પગલાં પૃથ્વીને યાચી સ્વર્ગ સહિત ત્રણે લોક બલિરાજા પાસેથી દાનમાં લઈ ઈન્દ્રને સમર્પણ કર્યા. માટે ઈન્દ્રને સ્વર્ગ મળવાના કારણરૂપ એવા પરમાત્મા એમ કહે છે.

## વ્રતાર્ચિતઃ ॥૭૧૨॥

વ્રત વડે આરાધન કરાયેલ પ્રભુ.

જ્યારે દેવોને બહુ વિકટ સંકટ આવી પડ્યું, ત્યારે તેઓની માતા અદિતિએ પોતાના પતિ કશ્યપ મુનિ પાસે દેવોને સુખસમ્પત્તિ પુનઃ સમ્પાદન કરી આપે એવા પ્રતાપી પુત્રની માગણી કરી, એટલે કશ્યપ મુનિએ અદિતિને પયોવ્રત આપ્યું. એ પયોવ્રત વડે પૂજન-આરાધન કરાયેલા આપ પ્રભુ છો. તેથી અદિતિ પર પ્રસન્ન થઈ આપ વામનસ્વરૂપે પ્રકટ થયા છો.

(હવે વામનાવતાર પ્રભુનાં નામો શરૂ થાય છે.)

**અદિત્યાનન્દકર્તા ચ કશ્યપાદિતિસમ્ભવઃ ॥**

**ઉપેન્દ્ર ઈન્દ્રાવરજો વામનબ્રહ્મરૂપધૃક્ ॥૧૨૪॥**

## અદિત્યાનન્દકર્તા ॥૭૧૩॥

પુત્રરૂપે પ્રકટ થઈ અદિતિ માતાને આનન્દ આપનાર વામનસ્વરૂપધારી પરમાત્મા.

## કશ્યપાદિતિસમ્ભવઃ ॥૭૧૪॥

કશ્યપ મુનિ તથા અદિતિ એ બન્નેના નિમિત્તથી પ્રકટ થનાર-આવિર્ભાવ પામનાર વામન પ્રભુ.

**ઉપેન્દ્ર ||૭૧૫||**

ઈન્દ્રના ઉપરી અધિપતિ શ્રીભગવાન્.

સર્વ ઈન્દ્રાદિ દેવો કશ્યપ તથા અદિતિથી પ્રથમ પ્રગટ થયેલા છે અને પછી વામનાવતારધારી પ્રભુ તે બન્નેના નિમિત્તથી પ્રાદુર્ભાવ પામ્યા છે માટે અહિં વામનજી રૂપ પ્રભુને ઈન્દ્રના નાના ભાઈ તરીકે કહે છે. તથા સર્વ ઈન્દ્રાદિ દેવોમાં પ્રભુ આધિપત્ય છે તેથી તેના અધિપતિ સ્વામી એમ પણ કહે છે. ઈન્દ્રના અધિપતિપણા માટે હરિવંશમાં જણાવે છે કે :

**''મમોપરિ યથેન્દ્રસ્ત્વં સ્થાપિતો ગોભિરીશ્વરઃ,**
**ઉપેન્દ્ર ઈતિ કૃષ્ણ ત્વાં ગાસ્યન્તિ ભૂવિ દેવતાઃ''**

(ગાયોએ મારા ઉપરી ઈન્દ્ર તરીકે તમને ઈશ્વરને સ્થાપન કર્યા છે. જેથી હે કૃષ્ણ ! દેવતા સ્વર્ગમાં ઉપેન્દ્ર એમ કહી તમારું ગાન કરશે.) અહિં ઈન્દ્રવચનથી જ ઉપેન્દ્ર પ્રભુનું ઉપરીપણું પરમાત્માનું સિદ્ધ થાય છે. તેમ જગન્નિયન્તા શ્રીકૃષ્ણ પ્રભુના સર્વ દેવો આજ્ઞાધારક અનુચરો છે એટલે જેમના સમીપમાં અનુચર એવા પરમાત્મા એમ પણ ઉપેન્દ્ર શબ્દનો ભાવ છે.

**ઇન્દ્રાવરજઃ ||૭૧૬||**

ઈન્દ્ર પછી અદિતિને ત્યાં પ્રકટ થયેલા વામનરૂપધારી પ્રભુ.

**વામનબ્રહ્મરૂપધૃક્ ||૭૧૭||**

વામનરૂપ એ જ બ્રહ્મસ્વરૂપને ધારણ કરનાર એવા પરમાત્મા.

જે વામનાવતાર છે એ બ્રહ્મ-પરમાત્માનું જ સ્વરૂપ છે. પ્રાકૃત સ્વરૂપ નથી. આ ૧૮ અધ્યાયમાં પ્રાકટ્ય સમયે વામન પ્રભુ પૂર્ણ પરમાત્મસ્વરૂપે આવિર્ભાવ પામ્યા હતા. ત્યાર પછી વામનરૂપે થયા એમ સ્પષ્ટ છે. માટે અહિં બ્રહ્મરૂપ એવા વામન પ્રભુ એમ કહે છે.

**બ્રહ્માદિસેવિતવપુર્યજ્ઞપાવનતત્પરઃ ||**
**યાચ્ઞોપદેશકર્તા ચ જ્ઞાપિતાશેષસંસ્થિતિઃ ||૧૨૫||**

**બ્રહ્માદિસેવિતવપુઃ ||૭૧૮||**

બ્રહ્માદિ દેવોએ સેવન કરાયેલું-આશ્રય કરાયેલું છે શરીર જેમનું એવા વામનરૂપધારી પ્રભુ શ્રીકૃષ્ણ.

વામનપુરાણમાં બ્રહ્માદિ સર્વ દેવો જેમનું સેવન કરે છે. જેમના આશ્રય વડે જ પોત-પોતાનાં કાર્યોને સમ્પાદન કરી રહ્યા છે, તથા જેમના શરીરમાં સમસ્ત દેવો આશ્રય કરી રહ્યા છે. એમ પરમાત્મા વામનજીના વર્ણનમાં સ્પષ્ટ જણાવ્યું છે. તેમ

આ સ્કન્ધના ૧૮ અધ્યાયમાં પણ બ્રહ્માદિક દેવોએ વામન પ્રભુની સ્તુતિ કરી છે, એમ સ્પષ્ટ અનુભવવામાં આવે છે. માટે અહિં બ્રહ્માદિક સકલ દેવતાઓ જેમનું સેવન-આશ્રય કરે છે એવા પરમાત્મા એમ કહે છે.

**યજ્ઞપાવનતત્પરઃ ||૭૧૯||**

૧. યજ્ઞને પવિત્ર કરવામાં તત્પર.

૨. યજ્ઞકર્તા બલિરાજાને પાલન કરવામાં તત્પર.

૩. યજ્ઞને પવિત્ર કરવા અનુગ્રહ વડે બલિને પરિપૂર્ણ કરનાર એવા વામન પ્રભુ.

શ્રીવામનદેવે બલિરાજાના યજ્ઞમાં પધારી તેના યજ્ઞને પવિત્ર કરેલો છે. તેમ મિથ્યા અહંમમત્વના અભિમાનમાં મદોન્મત્ત થયેલા તેનું સર્વસ્વ હરી હરિએ ઉત્તમ જ્ઞાન પોતાની ભક્તિ વગેરે આપી તે બલિરાજાનું પાલન-રક્ષણ કર્યું છે. વળી તેના સમીપમાં નિરન્તર ગદા હાથમાં ગ્રહણ કરી રહેવાનું, એવો ઉત્તમ અનુગ્રહ આપી તેને પરિપૂર્ણ રીતે કૃતાર્થ કરેલો છે. માટે જ અહિં બલિરાજાને પૂર્ણ રીતે પવિત્ર કરનાર પ્રભુ ઈત્યાદિ કથન કરે છે.

**યાચ્ઞોપદેશકર્તા ||૭૨૦||**

યાચના માગવાના મિષથી સર્વસ્વ અર્પણ કરવારૂપ ઉપદેશ બલિરાજને કરનાર એવા વામન પરમાત્મા પ્રથમ પ્રહ્‌લાદજીએ પ્રભુનું બધું આપેલું હતું. એ ત્રણે લોકોનું રાજ્ય પોતાનું જ છે એવા ભાવથી બલિરાજની પાસેથી એ ત્રિલોક લઈ લીધું છે.

**જ્ઞાપિતાશેષસંસ્થિતિઃ ||૭૨૧||**

પોતાના પ્રાકટ્યથી સમ્પૂર્ણ કર્મોની સંસ્થિતિ-સારી સ્થિતિને સમાપ્તિને જણાવનાર એવા શ્રીવામનજી.

કોઈ પણ કર્મફલ પ્રાપ્ત થયે સમાપ્ત થાય છે. અહિં વામનપ્રભુ બલિરાજાના યજ્ઞમાં ફલરૂપે પધારવાથી તેનાં સર્વ યજ્ઞનાં કર્મો સમાપ્ત થઈ ગયાં છે. યજ્ઞમાં પ્રત્યક્ષ પ્રભુનું પધારવું એથી તો બીજી ઉત્તમ ફલપ્રાપ્તિ કઈ હોય ? બલિના યજ્ઞમાં ફલરૂપે આપ પધારી કર્મોની સંસ્થિતિ-સમાપ્તિ જણાવેલી છે. માટે તેમને કર્મોની સમાપ્તિને જણાવનાર એવા શ્રીપુરુષોત્તમ એમ કહે છે.

**સત્યાર્થપ્રેરકઃ સર્વહર્તા ગર્વવિનાશકઃ |**
**ત્રિવિક્રમસ્ત્રિલોકાત્મા વિશ્વમૂર્તિઃ પૃથુશ્રવાઃ ||૧૨૬||**

**સત્યાર્થપ્રેરકઃ ||૭૨૨||**

સત્ય સંકલ્પરૂપ અર્થને પ્રેરણા કરનાર પ્રભુ.

બલિને શુક્રાચાર્યે દાન આપવાને માટે વારંવાર ના કહી, છતાં પણ પોતાના

સત્ય સંકલ્પને છોડ્યો નહિ. આટલી બધી સત્યતામાં દઢતા કરાવનાર આપ પ્રભુ જ છો. પ્રભુની પ્રેરણાથી જ તેમની અપૂર્વ સત્યતા ગુરુએ ચલાયમાન કર્યા છતાં પણ નભી રહેલી છે. માટે જ સત્ય અર્થને પ્રેરનાર વામનરૂપધારી પ્રભુ એમ કહે છે.

### સર્વહર્તા ||૭૨૩||

સર્વસ્વ હરણ કરનાર શ્રીહરિ.

ત્રણ પગલાનાં નિમિત્તથી મહાન વૈરાટરૂપ ધારી, સર્વ ત્રણ લોકોને પણ લઈ લીધા છે. એક અણુમાત્ર પણ સ્થાન બલિ માટે અવશિષ્ટ રાખ્યું નથી. માટે જ સર્વસ્વ હરણ કરનાર વામનસ્વરૂપધારી શ્રીહરિ-શ્રીકૃષ્ણ.

### ગર્વવિનાશકઃ ||૭૨૪||

ગર્વનો નાશ કરનાર.

બલિ રાજાની આ પ્રમાણે સ્થિતિ કરવાનું બીજું કાંઈ જ કારણ નથી, કિન્તુ તેના અહંમમત્વ (હું ત્રણ લોકોનો અધિપતિ, મારા ત્રણે લોક, હું સર્વેશ્વરરૂપ વામનજીને દાન કરનાર ઈત્યાદિ) રૂપ અપૂર્વ ગર્વને હરણ કરવા માટે જ. બાકી જે અખિલ જગન્નિયન્તા સર્વેશ્વર-પરમેશ્વરને વળી પૃથ્વીની યાચના શી ! પ્રભુ પરમ દયાલુ છે. માટે જ બલિરાજાને ગર્વ દૂર કરી પોતાની દઢ ભક્તિ આપી શરણે રાખેલો છે. જેને શરણે લેવાની આપ ઈચ્છા કરો છો તેની ગર્વને કરાવનારી મદને વધારનારી રાજલક્ષ્મીને હરી લઈ પછી સ્વસ્વરૂપમાં રતિ-પ્રીતિ ઉત્પન્ન કરે છે અને પોતાનું સાન્નિધ્ય આપે છે.

### ત્રિવિક્રમઃ ||૭૨૫||

ત્રણ પગલાંને ભરનાર એવા વામન રૂપ-વિરાટ રૂપ પ્રભુ.

બલિરાજની પાસેથી ભૂમિનું દાન લેતી વખતે આપે ત્રણ પગલાં જ ભરેલાં છે. યજુઃ શ્રુતિ પણ વર્ણવે છે કે "**ઈદં વિષ્ણુર્વિચક્રમે ત્રેધા નિદધે પદમ્**" (વિષ્ણુ પરમાત્મા આ જગત્ ત્રણે લોકોને ઉલ્લંઘન કરતા હતા, ત્રણ પગલાં ભરતા હતા) એ યજુર્વેદ શ્રુતિ ત્રણ પગલાંને ભરતા ત્રિવિક્રમ વામનાવતારી પ્રભુને સ્પષ્ટ વર્ણવે છે. માટે જ ત્રણ પગલાં ભરનાર વામનાવતારધારી એવા શ્રીકૃષ્ણ એમ પ્રતિપાદન કરે છે.

### ત્રિલોકાત્મા ||૭૨૬||

૧. ત્રણ લોકમાં વ્યાપીને જેમનો આત્મા પુરાયેલો છે એવા.
૨. ત્રણે લોક અન્તર્યામીરૂપે પૂર્ણ જેમનો આત્મા છે એવા વિષ્ણુસ્વરૂપ પ્રભુ.

આખા વિશ્વમાં જેમનો આત્મા વ્યાપીને રહેલો છે. જેમ લૂગડામાં તાંતણા

સિવાય કાંઈ જ નથી, તેમ અખિલ જગતમાં પરમાત્મા સિવાય અન્ય કાંઈ જ નથી. શ્રુતિ ભગવતી આજ્ઞા કરે છે કે "**યસ્યોરુષુ ત્રિષુ વિક્રમણેષ્વધિ ક્ષિપન્તિ ભુવનાનિ વિશ્વા**" ( વિશ્વને અતિક્રમણ કરતાં જેમનાં ઉરૂઓમાં ત્રણ ભુવનો ઓળંગાયા છે. ) ત્યાં ત્રિલોકવ્યાપ્ત પરમાત્માનું સ્વરૂપ પ્રત્યક્ષ દર્શાવે છે. માટે અહિં ત્રિલોકાત્મા પ્રભુ એમ કથન કરે છે.

## વિશ્વમૂર્તિઃ ।।૭૨૭।।

૧. બધુ બ્રહ્માણ્ડ એ જ જેમનું સ્વરૂપ છે એવા.
૨. વિશ્વમાં જેમની મૂર્તિ-સ્વરૂપ છે એવા વામનરૂપ શ્રીકૃષ્ણ.

આ વિશ્વ પરમાત્માની જ મૂર્તિ-સ્વરૂપ છે. યજુઃશ્રુતિ જણાવે છે કે "**પુરુષ એવેદં સર્વં યદ્‌ભૂતં યચ્ચ ભાવ્યમ્**" ( ભૂત ભવિષ્ય અને વર્તમાન જે આ જોવામાં આવે છે. એ પુરુષ-પરમાત્મા જ છે. ) ત્યાં વિશ્વમૂર્તિ વિશ્વરૂપ પરમાત્મા છે. એમ સ્પષ્ટ જણાવેલું છે. તેથી જ વિશ્વમૂર્તિ એવા પરમાત્મા શ્રીપુરુષોત્તમ એમ કહે છે.

## પૃથુશ્રવાઃ ।।૭૨૮।।

જેમનો યશ વિસ્તીર્ણ-વિસ્તાર પામેલો છે એવા પરમાત્મા શ્રીવામનદેવજી.

**પાશબદ્ધબલિઃ સર્વદૈત્યપક્ષોપમર્દકઃ ।।**
**સુતલસ્થાપિતબલિઃ સ્વર્ગાધિકસુખપ્રદઃ ।।૧૨૭।।**

## પાશબદ્ધબલિઃ ।।૭૨૯।।

બલિરાજાને વરુણપાશથી બાંધનાર એવા વામનાવતારધારી શ્રીહરિ શ્રીકૃષ્ણ.

## સર્વદૈત્યપક્ષોપમર્દકઃ ।।૭૩૦।।

સર્વ દૈત્યોના પક્ષને મર્દન કરનાર એવા પ્રભુ.

જ્યારે શ્રીવામનપ્રભુએ વૈરાટરૂપથી બલિરાજાનું સર્વસ્વ હરી લીધું, ત્યારે સકલ દાનવો-અસુરો બલિના પક્ષ લઈ આયુધો ગ્રહણ કરી પ્રભુની સાથે યુદ્ધનો સભારમ્ભ કરવા લાગ્યા. તેઓને નન્દ, સુનન્દ, પ્રબલ, સુબલ, કુમુદ, કુમુદાક્ષ વગેરે પોતાના અનુચરો દ્વારા પરાભવ પમાડી તેઓનું દૈત્યપક્ષના યોદ્ધાઓનું સારી રીતે પ્રભુએ મર્દન-નિકન્દન કરેલું છે. તેથી દૈત્યોના પક્ષને મર્દન કરવા એવા શ્રીવામનપ્રભુ એમ દર્શાવે છે.

## સુતલસ્થાપિતબલિઃ ।।૭૩૧।।

સુતલ નામના ત્રીજા પાતાલમાં પૃથ્વીની નીચેના ત્રીજા લોકમાં બલિરાજાને સ્થાપન કરનાર એવા વામનરૂપ પરમાત્મા.

**સ્વર્ગાધિકસુખપ્રદ ॥૬૩૨॥**

સ્વર્ગથી પણ વિશેષ સુખને આપનાર.

સુતલ એ નામના તૃતીય પાતાલમાં બલિરાજાને સ્વર્ગ કરતાં પણ વિશેષ સુખ-આનન્દ આપે આપેલો છે. આ સ્કન્ધના ૨૨મા અધ્યાયમાં "**સુતલં સ્વર્ગિભિઃ પ્રાર્થ્યમ્**" એ શ્લોકમાં સુતલલોક સ્વર્ગથી પણ અધિક આનન્દપ્રદ છે એમ દર્શાવેલું છે. તેમ પ્રભુએ હું પ્રત્યક્ષ દર્શન આપી તમારું રક્ષણ કરીશ એમ બલિરાજાને સ્પષ્ટ આપે આજ્ઞા કરેલી છે. તો નિરન્તર અન્તર્યામીનાં દર્શન એ કાંઈ ઓછું સુખ કહેવાય ! એવા સુખ આગળ સેંકડો સ્વર્ગ પણ કોણ બાપડાં છે ? માટે સ્વર્ગથી અધિક સુખદાયી પરમાત્મા એમ જણાવે છે.

**કર્મસમ્પૂર્તિકર્તા ચ સ્વર્ગસંસ્થાપિતામરઃ ।**

**જ્ઞાતત્રિવિધધર્માત્મા મહામીનોઽબ્ધિસંશ્રયઃ ॥૧૨૮॥**

**કર્મસમ્પૂર્તિકર્તા ॥૬૩૩॥**

બલિરાજાએ આરમ્ભેલા યજ્ઞ કર્મની સમ્પૂર્તિ-રૂડી રીતે સમાપ્તિ કરનાર એવા વામનાવતારી પ્રભુ શ્રીપુરુષોત્તમ.

યજ્ઞકર્મમાં પોતાનું પ્રત્યક્ષ નિરીક્ષણ-દૃષ્ટિ થવાથી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે યજ્ઞથી જે ફળ મળવું જોઈએ તેના કરતાં પણ વિશેષ ફળ અહિં બલિરાજાને પ્રાપ્ત થયું છે. નિષ્કર્મ કર્મફલમાં અભિમાન રહિત થવાથી જ પ્રભુ પ્રાપ્ત થાય છે. પરન્તુ અહિં તેથી વિલક્ષણ, ભગવત્પ્રાપ્તિ, મહાકષ્ટે પ્રાપ્ત થઈ શકે તેવું, અમોઘ ફળ બલિરાજાને મળેલું છે. આવી રીતે યજ્ઞકર્મ સમાપ્તિ કરીને અત્યુત્તમ ફલ આપનાર શ્રીપુરુષોત્તમ છે.

**સ્વર્ગસંસ્થાપિતામરઃ ॥૬૩૪॥**

સ્વર્ગમાં પુનઃ દેવોને સારી રીતે સ્થાપન કરનાર.

બલિરાજાએ દેવોનો પરાભવ કરી સ્વર્ગલોકને સ્વાધીન કર્યો હતો, જેથી વામનાવતાર ગ્રહણ કરી હરિએ ત્રણ પગલાંને નિમિત્તે યાચના કરી સ્વર્ગ લોક હરી લીધો. અને પુનઃ તે સ્વર્ગમાં દેવતાઓને સ્થાપન કર્યા. એમ આ સ્કન્ધના ૨૪મા અધ્યાયમાં દર્શાવ્યું છે તેથી અહિં ફરીથી સ્વર્ગમાં દેવતાઓને સ્થાપન કરનાર પ્રભુ એમ કહે છે.

**જ્ઞાતત્રિવિધધર્માત્મા ॥૬૩૫॥**

સાત્ત્વિક, રાજસ અને તામસ રૂપ ત્રિવિદ ધર્મો વડે ઉપાસન કરવા યોગ્ય એવા પોતાના આત્માને જણાવનાર પ્રભુ.

જીવોના જેવા-જેવા અધિકાર હોય છે, તેવા-તેવા ધર્મોથી તેવા-તેવા સ્વરૂપોમાં પ્રભુનું સેવન તેઓ કરે છે. સાત્ત્વિક જીવો, સાત્વિક ભાવ-ધર્મથી, રાજસ જીવો રાજસભાવ અને તામસ જીવો તમોભાવથી તેવા-તેવા ભગવાનૂનું આરાધન કરે છે. પ્રભુ એમ ત્રિવિધ ધર્મો વડે ઉપાસના કરવા યોગ્ય છે. આપે શ્રીમુખથી ગીતામાં આજ્ઞા કરી છે કે :

**''યેઽપ્યન્યદેવતા ભક્તા યજન્તે શ્રદ્ધયાન્વિતાઃ,**
**તેઽપિ મામેવ કૌન્તેય ! યજન્ત્યવિધિપૂર્વકમ્''**

(જે અન્ય દેવોના ભક્તો શ્રદ્ધાયુક્ત બની તે-તે દેવોનું યજન કરે ચે તે હે અર્જુન ! અવિધિપૂર્વક પણ મને જ યજે છે-ભજે છે.) એટલે ત્રિવિધ ધર્મો વડે ત્રિવિધ સ્વરૂપોમાં પણ પરમાત્મા જ ઉપાસના-આરાધન કરવા યોગ્ય છે કેમ કે સર્વેશ્વર પ્રભુ સ્વરૂપ સર્વવ્યાપક છે એમ વારંવાર વેદ, ગીતા, સૂત્ર સમાધિભાષા વગેરેમાં ડિંડિમનાદથી જણાવવામાં આવેલું છે. (વામનાવતારનાં નામો સમ્પૂર્ણ થયાં હવે મત્સ્યાવતારનાં નામો જણાવે છે.)

**મહામીનઃ ॥૬૩૬॥**

મહામીન મીન-મત્સ્યરૂપધારી એવા શ્રીપુરુષોત્તમ આપનું મત્સ્યરૂપ ઘણું જ અલૌકિક પ્રભાવશાલી હતું, જેથી તેમને મહાન્ મીન-મત્સ્ય એમ કથન કરે છે.

**અબ્ધિસંશ્રયઃ ॥૬૩૭॥**

પ્રલય સમયના સમુદ્રમાં જેમનું સ્થાન છે એવા શ્રીકૃષ્ણ પ્રભુ.

**સત્યવ્રતપ્રિયો ગોપ્તા મત્સ્યમૂર્તિધૃતશ્રુતિઃ ।**
**શૃંગબદ્ધધૃતક્ષોણિઃ સર્વાર્થજ્ઞાપકો ગુરુઃ ॥૧૨૯॥**

**સત્યવ્રતપ્રિયઃ ॥૬૩૮॥**

સત્ય જેમનું વ્રત છે એવા સત્યવ્રત રાજા તથા ઋષિઓ જેમને અત્યન્ત પ્રિય છે એવા મત્સ્યરૂપ પરમાત્મા.

**ગોપ્તા ॥૬૩૯॥**

જલપ્રલય વખતે ડૂબી જતા સત્યવ્રત રાજાને તથા સપ્તઋષિઓને રક્ષણ કરનાર એવા મત્સ્ય પ્રભુ.

**મત્સ્યમૂર્તિધૃતશ્રુતિઃ ॥૬૪૦॥**

મત્સ્ય સ્વરૂપ ધારણ કરી હયગ્રીવ નામે અસુરનો વધ કરી વેદોને ધારણ કરનાર-પોતાને આધીન બનાવનાર એવા મત્સ્ય ભગવાન્ **''મત્સ્યમૂર્ત્યુદ્ધૃતશ્રુતિ''** આવો પાઠ હોય તો મત્સ્યરૂપ લઈ વેદોનો ઉદ્ધાર કર્યો છે એમ પુરાણોમાં સ્પષ્ટ

પ્રતિપાદન કરેલું છે. આ સ્કન્ધના ૨૪ અધ્યાયમાં પણ મત્સ્યાવતાર ચરિત્ર સંક્ષેપમાં આપેલું છે.

**શૃંગબદ્ધધૃતક્ષોણિ ||૭૪૧||**

૧. શીંગડા પર બાંધી છે ડૂબતી પૃથ્વી જેમણે એવા,
૨. ડૂબી જતી પૃથ્વીને તરતી રાખનાર એવા મત્સ્યરૂપધારી પ્રભુ.

**સર્વાર્થજ્ઞાપકઃ ||૭૪૨||**

મત્સ્યપુરાણને કથન કરી સત્યવ્રત રાજાને ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ સર્વ અર્થને જણાવનાર એવા મત્સ્ય પરમાત્મા.

**ગુરુઃ ||૭૪૩||**

સત્યવ્રતને તત્ત્વોનો ઉપદેશ કરનાર ગુરુરૂપ મત્સ્ય ભગવાન્.

**||ઇત્યષ્ટમસ્કન્ધનામાનિ||**

## || અથ નવમસ્કન્ધનામાનિ ||

### ઈશસેવકલીલાત્મા સૂર્યવંશપ્રવર્તકઃ ।
### સોમવંશોદ્‌ભવકરો મનુપુત્રગતિપ્રદઃ ||૧૩૦||

### ઈશસેવકલીલાત્મા ||૬૪૪||

૧. ઈશ-પ્રભુ, સેવક-ભક્ત, એ બન્ને સમ્બન્ધી જે સેવ્ય-સેવક લક્ષણરૂપ લીલા તદ્રૂપ છે આત્મા જેમનો એવા પ્રભુ.

૨. સ્વામી અને સેવક સમ્બન્ધી લીલામાં જેમનો આત્મા-ચિત્ત છે એવા પરમાત્મા.

આ નવમસ્કન્ધમાં ભગવાન્‌ની દશ લીલાઓમાંની જે ઈશાનુકથા નામની સાતમી લીલા છે. તે લીલાઓનાં નામો જણાવે છે. ભાગ.દ્વિ.અ.૧૦માં ''**પુંષામ્ ઈશકથાઃ પ્રોક્તા નાનાખ્યાનોપ બૃહિંતાઃ**'' પ્રભુના અવતારોનાં ચરિત્રો તથા ભક્તોની અનેક આખ્યાનોવાળી કથાઓને ઈશાનુકથા કહે છે. તેથી જ આરમ્ભમાં આ નામના ઈશ પ્રભુ અને તેમના સેવકો-ભક્તજનોની સેવ્યસેવકલક્ષણરૂપ લીલાના આત્મા-સ્વરૂપ એવા પરમાત્મા એમ કથન કરે છે.

### સૂર્યવંશપ્રવર્તકઃ ||૬૪૫||

૧. સૂર્યવંશની પુત્રીરૂપ પરંપરાની પ્રવૃત્તિ કરનાર.

૨. સૂર્યવંશનો ઉત્કર્ષપૂર્વક નિર્વાહ-આજીવિકા ચલાવનાર.

૩. સૂર્યવંશને ઉત્પન્ન કરનાર.

૪. આ ભૂમિમાં સૂર્યવંશને સ્થાપન કરનાર.

સૂર્યથી પ્રકટ થયેલા વંશની પ્રવૃત્તિ કરનાર આપ જ છો, પ્રથમ ભગવદ્‌રૂપ નારાયણથી બ્રહ્મા તેમના માનસપુત્ર મરીચિ અને તેમના પુત્ર કશ્યપ, કશ્યપમુનિની અદિતિ પત્નીમાં ભગવાન્ વિવસ્વાન્-સૂર્યનારાયણ પ્રકટ થયા. ત્યાર પછી મનુ વગેરે મનુષ્યો તે વંશમાં થયેલા છે. પ્રથમ મૂળ બીજ રૂપે આપ જ છો. એટલે જ આપ એ વંશના પ્રવર્તાવનાર, સ્થાપન કરનાર તેમ ઉત્પન્ન કરનાર છો. વળી અખિલ ભૂમણ્ડળનું ભરણ-પોષણ કરનાર આપ છો, તો તેવા વિશ્વમ્ભર પોતાના જ સૂર્યવંશનો નિર્વાહ કરનાર હોય એ સ્વાભાવિક જ છે. માટે જ અહિં સૂર્યવંશને પ્રવર્તાવનાર વગેરે કહી પરમાત્માને પ્રતિપાદન કરે છે.

### સોમવંશોદ્‌ભવકરઃ ||૬૪૬||

ચન્દ્રવંશની ઉત્પત્તિને કરનાર.

સૂર્યવંશમાં ઉત્પન્ન થયેલા શર્યાતિ રાજાએ પોતાના વંશની વૃદ્ધિ કરવા યજ્ઞ

કર્યો, તેમાં તેની પત્નીએ સંકલ્પમાં ઋત્વિજો દ્વારા ફેરફાર કરાવવાથી પુત્ર થવાને બદલે ઈલા નામની પુત્રી પ્રકટ થઈ. ત્યારે શર્યાતિ રાજાના કથનથી વસિષ્ઠ ગુરુએ મહાદેવની પ્રાપ્તિ મેળવી તેમના વરદાનથી તે કન્યાને કુમાર બનાવ્યો. પરન્તુ દૈવયોગે મહાદેવે શાપિત કરેલા અમ્બિકાવનમાં પ્રવેશ કરવાથી તે જ રાજકુમાર સ્ત્રીરૂપ થઈ ગયો. અને તે વનમાં ફરતાં, ચન્દ્રના પુત્ર બુધદેવના સંયોગથી પુરૂરવા નામે પુત્રને ઉત્પન્ન કર્યો. એ રીતે ચન્દ્રવંશની ઉત્પત્તિના સ્થાનરૂપ ઈલાને પ્રકટ કરનાર આપ ભગવાન્ છો. ભગવદિચ્છાથી જ ઉપર પ્રમાણે યોગ બનવાથી ચન્દ્રવંશ પ્રકટ થયેલો છે. માટે જ ચન્દ્રવંશ ઉત્પન્ન કરનાર ભગવાન્ એમ કહે છે.

## મનુપુત્રગતિપ્રદઃ ॥૬૪૭॥

મનુના પુત્ર પૃષધ્રને સદ્‌ગતિ આપનાર એવા પ્રભુ.

**અમ્બરીષપ્રિયઃ સાધુર્દુર્વાસાગર્વનાશકઃ ।**
**બ્રહ્મશાપોપસંહર્તા ભક્તકીર્તિવિવર્ધનઃ ॥૧૩૧॥**

## અમ્બરીષપ્રિયઃ ॥૬૪૮॥

૧. સૂર્યવંશમાં ઉત્પન્ન થયેલા અમ્બરીષ રાજા જેમને બહુ જ પ્રિય છે એવા, ૨. અમ્બરીષરાજાને બહુ પ્રિય લાગતા એવા શ્રીપુરુષોત્તમ.

## સાધુઃ ॥૫૪૯॥

સર્વ પ્રકારે ભક્તોનું કાર્ય સાધનાર પરમાત્મા.

પ્રભુ નિરન્તર સર્વ રીતે ભક્તોનાં કાર્યોને સાધે છે. તેથી જ પરમભગવદીય અમ્બરીષના રક્ષણ સારુ આપે તેમને સુદર્શનચક્ર ( પોતાનું આયુધ ) આપેલું છે. એટલે પ્રભુને ભક્તોનાં કાર્યોને સાધનાર કહે છે.

## દુર્વાસાગર્વનાશકઃ ॥૬૫૦॥

દુર્વાસામુનિના ગર્વનો નાશ કરનાર પ્રભુ.

તપોબલના અત્યન્ત ગર્વ-અભિમાનથી અમ્બરીષે કરેલા વ્રતનો ભંગ કરવા પ્રવૃત્ત થયેલા દુર્વાસાના ગર્વનો આપ જ નાશ કરનાર છો. મુનિએ ભક્તરાજ અમ્બરીષનો નાશ કરવા કૃત્યા પ્રકટ કરી, પરન્તુ રક્ષણાર્થ સ્થાપેલું સુદર્શન ( ચક્ર ) તે કૃત્યાને ભસ્મીભૂત બનાવી દુર્વાસાનું દમન કરવા તેમની પૂંઠે પ્રવૃત્ત થયું. સર્વ સ્થળે ભ્રમણ કરતાં છતાં કોઈએ તેમનું રક્ષણ કર્યું નહિ. છેવટે અમ્બરીષ ભક્તરાજે જ તેમને મુક્ત કર્યા છે. આ પ્રમાણે આ સ્કન્ધના ચોથા અધ્યાયમાં સ્પષ્ટ છે. ચક્ર દ્વારા ગર્વને ઉતારનાર પ્રભુ છે. માટે અહિં દુર્વાસાના ગર્વને નાશ કરનાર શ્રીપુરુષોત્તમ એમ કહે છે.

## બ્રહ્મશાપોપસંહર્તા ||૭૫૧||

બ્રાહ્મણ દુર્વાસામુનિના શાપનો સંહાર કરનાર.

દુર્વાસામુનિની શાપરૂપ કૃત્યાને સુદર્શનચક્રે ભસ્મીભૂત કરી નાંખી તે દ્વારા બ્રહ્મદેવ દુર્વાસાના શાપને શાંત કરનાર આપ ભગવાન્ છો.

## ભક્તકીર્તિવિવર્ધનઃ ||૭૫૨||

ભક્તની કીર્તિને વધારનાર પરમાત્મા.

પોતાના પરમભક્ત અમ્બરીષરાજાની, ભગદીયજનોમાં એવા પ્રકારની મારામાં પ્રીતિ પ્રાપ્ત કરનાર કોઈ પણ નથી એવી કીર્તિને સર્વત્ર વિસ્તાર કરનાર આપ પ્રભુ જ છો.

**ઈક્ષ્વાકુવંશજનકઃ સગરાદ્યખિલાર્થદઃ |**
**ભગીરથમહાયત્નો ગંગાધૌતાઙ્ઘ્રિપંકજઃ ||૧૩૨||**

## ઇક્ષ્વાકુવંશજનકઃ ||૭૫૩||

ઈક્ષ્વાકુરાજા ( મનુના પુત્ર ) ના વંશને ઉત્પન્ન કરનાર.

આપને એ વંશમાં રામસ્વરૂપે પ્રકટ થવાની ઈચ્છા છે. માટે પોતાના એ ઈક્ષ્વાકુવંશને રઘુવંશને ઉત્પન્ન કરનાર–તેની આગળ પુત્રપરંપરા ચલાવનાર આપ જ છે.

## સગરાદ્યખિલાર્થદઃ ||૭૫૪||

સગર આદિ રાજાઓને ઔર્વઋષિના ઉપદેશ દ્વારા સમ્પૂર્ણ અર્થ આપનાર એવા પરમાત્મા શ્રીકૃષ્ણચન્દ્ર.

## ભગીરથમહાયત્નઃ ||૭૫૫||

ભગીરથ રાજાએ કરેલા મહાન પ્રયત્ન તે રૂપ પ્રભુ.

ભૂપતિ ભગીરથે ગંગાને ભૂમિ પર પધરાવવાને જે મહાન પ્રયત્ન કરેલો તે રૂપ આપ ભગવાન જ છો. કેમ કે બીજા તેમના પિતા તથા પિતામહે ગંગાને ભૂતળ પર પધરાવવા તપશ્ચર્યાદિ અનેક પ્રયત્નો કર્યા છતાં ગંગાજી ભૂતળ પર વિરાજ્યાં નહિ. અને ભગીરથના પ્રયત્નથી પધાર્યાં છે. તો તેવા પ્રયત્નરૂપ આપ ભગવાન્ હોવાથી જ તેમને સ્વર્ગથી અહિં ભૂમિમાં આવવું પડેલું છે. માટે ભગીરથના પ્રયત્નરૂપ આપ છે.

## ગંગાધૌતાઙ્ઘ્રિપંકજઃ||૫૭૫||

૧. ગંગાજીએ ધોયાં છે ચરણ કમલો જેમનાં એવા.

૨. ગંગાએ ધોયો છે ચરણકમલનો મલ જેમનો એવા પ્રભુ.

**બ્રહ્મસ્વામી શિવસ્વામી સગરાત્મજમુક્તિદઃ ।**
**ખટ્વાંગમોક્ષહેતુશ્ચ રઘુવંશવિવર્ધનઃ ॥૧૩૨॥**

### બ્રહ્મસ્વામી ॥૭૫૭॥

બ્રહ્મનિષ્ઠ મુનિઓના સ્વામી–પ્રભુ.

### શિવસ્વામીઃ ॥૭૫૮॥

શિવના સ્વામી–પ્રભુ.

ભગવાન્ શંકર શ્રીપૂર્ણ પુરુષોત્તમનું આરાધન કરે છે. તેથી જ આપ પ્રભુ શંકરના સ્વામી ઉપાસ્ય દેવ છે. જેથી જ શંકરે ભગવત્પદી ભગવાનના ચરણકમલનું જલ છે, એમ માની ગંગાજીને પોતાના મસ્તક પર ધારણ કરેલાં છે.

### સગરાત્મજમુક્તિદઃ ॥૭૫૯॥

સગરરાજાના ૬૦,૦૦૦ પુત્રોને મુક્તિ આપનાર.

ભગવાન્ કપિલમુનિના તેજઃપુંજથી ભસ્મીભૂત બનેલા સાઠ હજાર સગરના પુત્રોને ગંગા દ્વારા મુક્તિ આપનાર આપ પરમાત્મા જ છો. કેમ કે આપ ગીતામાં શ્રીમુખે આજ્ઞા કરે છે કે ''**સ્રોતસામ્ અસ્મિ જાહ્નવી**'' (વહેનારી નદીમાં ગંગા તે હું છું) અર્થાત્ ગંગા પરમાત્મા સ્વરૂપ છે. માટે ગંગા દ્વારા મુક્તિ પામેલા હોવાથી એ પણ પ્રભુનાથી મુક્ત થયેલા છે.

### ખટ્વાંગમોક્ષહેતુઃ ॥૭૬૦॥

ખટ્વાંગને મોક્ષ પ્રાપ્ત થવાના હેતુરૂપ એવા પરમાત્મા.

ખટ્વાંગરાજાને દેવોએ વરદાનોથી અતિશય લલચાવ્યો. તો પણ જેણે પોતાના મોક્ષધર્મમાંથી લેશ ચલાયમાન ન બનતાં મોક્ષ જ પ્રાપ્ત કર્યો છે એ પ્રમાણે એને મોક્ષ પર સુદૃઢ બનાવનાર અને મોક્ષ પ્રાપ્ત કરવાના કારણરૂપ થનાર આપ જ છે. કેમ કે પ્રભુના આરાધનનું ખટ્વાંગરાજાને મોક્ષ થવા રૂપ ફળ મળ્યું છે.

### રઘુવંશવિવર્ધનઃ ॥૭૬૧॥

રઘુરાજાના વંશનો શૌર્ય, ધર્મ, ઐશ્વર્ય આદિ ગુણોમાં સર્વ કરતાં વિશેષ વૃદ્ધિ પમાડનાર એવા પરમાત્મા–શ્રીકૃષ્ણચન્દ્ર સ્વયં પુરુષોત્તમે જ તે વંશમાં પ્રકટ થવાની ઉત્કટ અભિલાષા કરેલી હોવાથી તેને સર્વ ઉત્તમ ગુણોથી ધર્મ વગેરેથી સારી રીતે આપે વૃદ્ધિ પમાડેલો છે.

(હવે શ્રીરામચન્દ્રાવતાર પ્રભુનાં નામો શરૂ થાય છે)

**રઘુનાથો રામચન્દ્રો રામભદ્રો રઘુપ્રિયઃ ।**

## અનન્તકીર્તિઃ પુણ્યાત્મા પુણ્યશ્લોકૈકભાસ્કરઃ ।।૧૩૪।।

### રઘુનાથઃ ।।૭૭૨।।

૧. રઘુકુલમાં પ્રકટેલા ક્ષત્રિયોના નાથ-સ્વામી-ઈશ્વર.

૨. રઘુકુલના રાજાઓને ઐશ્વર્યાદિ અર્પણ કરનાર.

### રામચન્દ્રઃ ।।૭૭૩।।

સ્વરૂપાનન્દ વડે જેમાં રમણ-ક્રીડા થાય છે તે રામ, અને તે રામ આહ્લાદજનક આનન્દદાયી હોવાથી ચન્દ્રરૂપ જ છે, ચન્દ્ર તો કલંકયુક્ત છે અને રામ કલંકરહિત પ્રમોદદાયી ચન્દ્ર છે, તેથી તે રામચન્દ્ર.

રામ એ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનો સર્વોત્તમ અવતાર છે. માટે એ પરબ્રહ્મ જ છે. રામ ઉપનિષમાં વર્ણવે છે કે **''રમન્તે યોગિનોઽનન્તે સદાનન્દે ચિદાત્મનિ''** (યોગીજનો સદા સચ્ચિદાનન્દમય અનન્ત પરમાત્મસ્વરૂપમાં નિરન્તર રમણ કરે છે.) જે સ્વરૂપમાં યોગીઓ રમણ કરે છે તે સ્વરૂપને રામ કહી વ્યવહાર કરવામાં આવે છે. જેથી રામ એ પરબ્રહ્મનું જ સ્વરૂપ છે, અન્ય નહિ. તે રામ પરમાત્મા અધિક આનન્દ-આહ્લાદ કરનાર છે, માટે તેમને ચન્દ્રસ્વરૂપ કહે છે. રજનીમણિ ચન્દ્ર જો કે આનન્દ આપનાર છે, પરન્તુ તે આનન્દમાં અપૂર્ણતા છે. કારણ કે તે ચન્દ્ર ક્ષયિષ્ણુ-ક્ષય પામનાર અને કલંકયુક્ત હોવાથી પૂર્ણ આનન્દ ઉત્પન્ન કરતો નથી. આ પ્રભુ રામચન્દ્ર તો નિષ્કલંક નિરન્તર પૂર્ણ આનન્દ કરનાર પરમાત્મા છે. ભગવાન્ શંકર સતી પાર્વતી પ્રત્યે કથન કરે છે કે :

**''રકારાદીનિ નામાનિ શૃણ્વતો મમ પાર્વતિ !**
**મનઃ પ્રસન્નતામેતિ રામનામાભિશંકયે ચ''**

(રકાર જેમાં આદિ છે એવા રામચન્દ્રના નામોને શ્રવણ કરતાં મારું મન પ્રસન્ન થાય છે. માટે હે પાર્વતી ! તે રામનાં નામો વારંવાર કથન કર.) અહિં ભગવાન્ ભવાનીપતિ રામનાં નામોમાં આનન્દપણું છે એમ સ્પષ્ટ ભગવતી પાર્વતીને જણાવે છે. તેથી જ અહિં યોગીઓનું ક્રીડાસ્થાન અત્યન્ત આનન્દજનક રામચન્દ્ર સ્વરૂપ પરમાત્મા શ્રીકૃષ્ણચન્દ્ર છે એમ કહે છે.

### રામભદ્રઃ ।।૭૭૪।।

રામ એમ જ ભદ્ર-મંગલ-કલ્યાણ સ્વરૂપ પરમાત્મા.

રઘુકુલ ચન્દ્રનું ભદ્રમય-મંગલકર સ્વરૂપ છે. માટે જ દિનમણિ-(સૂર્ય) વંશમાં મણિ સમાન યોગીજનોના વિરામરૂપ રામને **''કલયાણાનાં નિધાન્''** (કલ્યાણ વસ્તુઓના નિધાન ભણ્ડાર) એમ કહી મુનિજનો સ્તવે છે-વર્ણવે છે.

એવા કલ્યાણકર રામભદ્ર રૂપે આપ ભગવાન જ છો.

## રઘુપ્રિયઃ ||૭૭૫||

૧. રઘુવંશને પ્રિય.

૨. રઘુવંશ છે પ્રિય જેમને એવા રામચન્દ્રસ્વરૂપી શ્રીપુરુષોત્તમ.

## અનન્તકીર્તિઃ ||૭૭૬||

જેમની અન્ત-અવધિ વિનાની કીર્તિ છે એવા ભગવાન્ રામ.

રામચન્દ્ર પરમાત્માની અનન્ત કીર્તિ આખા ભૂમિમણ્ડલમાં હજુ સુધી પણ અવિચલ છે. વાલ્મીકિ આદિ અનેક મુનિજનો, ભાસ, કાલિદાસ આદિ અનેક કવિજનો, અદ્યાવધિ જેમનાં યશોગાન ગાયા કરે છે એવી જેમની અનન્ત કીર્તિ પ્રસરેલી એવા છે રામ પ્રભુ.

## પુણ્યાત્મા ||૭૭૭||

પુષ્કળ પુણ્ય કરનારા પવિત્ર પુરુષોમાં જેમનો આત્મા છે એવા.

પાપરહિત પુરુષોનાં અન્તરોમાં અન્તર્યામી આપ પ્રભુ નિરન્તર વિરાજમાન છો. જેથી પુરાણોમાં કથન કરે છે કે

**''રામં દૂર્વાદલશ્યામં પદ્માક્ષં પીતવાસસમ્,**
**યે સ્મરન્તિ નરા નિત્યં ન તે સંસારિણો ભુવિ''**

(આ ભૂમિમાં જે દૂર્વાના દલ સમાન શ્યામસુન્દર પીળાં વસ્ત્રને પરિધાન કરનાર કમલનયન રામચન્દ્રને રોજ સ્મરે છે, તે મનુષ્યો સંસારમાં નિવાસ કરતાં છતાં સંસારથી રહિત અર્થાત્ સંસારની માયામમતાથી (રહિત વિરક્ત છે.) અન્ય સ્થળે પણ રામનું શ્રેષ્ઠત્વ-ઈશ્વરત્વ તથા તેમની ભક્તિને પ્રતિપાદન કરનારાં અનેક પ્રમાણો મળી આવે છે. એથી એમ નિશ્ચય થાય છે કે પુણ્યવાન્ પુરુષોનાં અન્તઃકરણોમાં પ્રકાશ પામતા રામચન્દ્રસ્વરૂપ આપ શ્રીકૃષ્ણચન્દ્ર જ છો.

## પુણ્યશ્લોકૈકભાસ્કરઃ ||૭૭૮||

૧. આખા ભૂમણ્ડલમાં સૂર્યમણ્ડલની પેઠે પ્રકાશમાન પવિત્ર કીર્તિમાન એવા.

૨. પાવન યશવાળા ભગવદીય જનોમાં એક ભા-શુદ્ધ અદ્વૈત જ્ઞાનનો પ્રકાશ કરનાર એવા શ્રીરામસ્વરૂપ પરમાત્મા.

પ્રભુ રામચન્દ્ર પુણ્ય કીર્તિશાલી અદ્વૈત જ્ઞાનનો ભક્તજનોમાં પ્રકાશ કરનાર હોવાથી જ અગસ્ત્ય સંહિતામાં જણાવે છે કે **''રામાદ્ અન્યદ્ ન વિદ્યતે''** (આ વિશ્વમાં રામથી અન્ય કાંઈજ નથી) ખરેખર એમ જ છે, શ્રુતિઓ વારંવાર એવી રીતે જ પ્રભુને પ્રતિપાદન કરે છે. એ રામસ્વરૂપે આપ શ્રીપુરુષોત્તમ જ છો, અન્ય નહિ.

**કોશલેન્દ્રઃ પ્રમાણાત્મા સેવ્યો દશરથાત્મજઃ ||**
**લક્ષ્મણો ભરતશ્ચૈવ શત્રુઘ્નો વ્યૂહવિગ્રહઃ ||૧૩૫||**

## કોશલેન્દ્ર ||૭૬૯||

ઉત્તર કોશલ દેશના ઈન્દ્ર-ઈશ્વર એવા રામભદ્ર.

પ્રભુ સર્વેશ્વર છે. પરન્તુ ઉત્તર કોશલ દેશ પોતાની માતા કૌશલ્યાના પિતા વગેરેનું સ્થાન છે માટે તેના વિશેષે કરીને ઈશ્વર એમ જણાવે છે.

## પ્રમાણાત્મા ||૭૭૦||

૧. પ્રમાણ-વેદોમાં જેમનું ચિત્ત છે એવા.
૨. શ્રુતિઓના આત્મારૂપ.
૩. સાક્ષાત્ અનુભવરૂપ આત્મા-પરમાત્મા.

ભગવાન્ રામે આ ભૂતળ ઉપર વિરાજી વેદમાર્ગથી વિરુદ્ધ લેશ પણ આચરણ કર્યું નથી, જેથી જેમનું મન વેદોમાં છે એવા પ્રભુ એમ કહે છે. વળી પ્રમાણરૂપ શ્રુતિઓ પ્રમેયરૂપ પ્રભુનું જ યશોગાન કરે છે. શ્રુતિઓને પ્રતિપાદન કરવા યોગ્ય વસ્તુ જ પરમાત્મા છે, માટે જ શ્રુતિઓના આત્મારૂપ પરમાત્મા એમ જણાવે છે તથા પ્રત્યક્ષ રીતે સર્વ કાર્ય માત્ર દર્શનથી કારણરૂપ પ્રભુ જ અનુભવાય છે તો તે પરમાત્મા જ અનુભવરૂપ છે. તદાકાર થવાથી દિવ્યાકારધારી રામસ્વરૂપ પ્રભુ પ્રત્યક્ષ પ્રાપ્ત થાય, તો તેમાં કંઈ નવાઈ નથી. માત્ર સુદઢ પ્રેમની જ મુખ્ય ખામી છે, સાક્ષાત્ રૂપે જ આપ સર્વત્ર વિરાજો છો તેથી જ તેમને પ્રમાણાત્મા પ્રત્યક્ષ સ્વરૂપવાન્ એવા ભગવાન્ એમ જણાવે છે.

## સેવ્યઃ ||૭૭૧||

સેવન કરવા યોગ્ય એવા પ્રભુ.

શ્રીપુરુષોત્તમને પ્રમાણો-શ્રુતિઓથી અનુસરતા પ્રમેયરૂપ પ્રત્યક્ષ અનુભવાય તેવા પ્રમાણાત્મા ઉપરના નામથી જણાવી ગયા. તે જ્યારે સાક્ષાત્કાર થઈ શકે એમ છે, તો તેમનું સેવન કરવું એ પણ અત્યન્ત આવશ્યક જ છે. માટે આજ્ઞા કરે છે કે ''તે જ પરમાત્મા ભક્તિમાર્ગમાં જણાવેલા સિદ્ધાન્ત પ્રમાણે તેવી જ પ્રણાલીથી સેવવા યોગ્ય છે. આરાધન કરવા લાયક છે. કેવળ પ્રમાણરૂપ શ્રુતિઓના બલથી જ પ્રતિપાદન કરવામાં આવતા પરમાત્મા તેમને જ સેવ્ય માનવા એમ અહિં સમજવાનું નથી. એવો આચાર્યચરણશ્રીનો કોઈ પણ ગ્રન્થમાં અભિપ્રાય જોવામાં નથી આવતો; કિન્તુ જેમને શ્રુતિઓ 'નેતિ નેતિ' કહી પુકાર કરે છે, જ્યાં વાણીની ગોચરતા નથી તેવા પરિપૂર્ણ અક્ષરાતીત પ્રમેયબલરૂપ આનન્દમય અલૌકિકાકાર સુન્દર શ્રીકૃષ્ણચન્દ્રને

જ અહિં સેવ્ય તરીકે પ્રતિપાદન કરે છે અને તે જ સેવ્ય છે એમ સમજવું.

**દશરથાત્મજઃ ||૬૭૨||**

દશરથના પુત્ર રામચન્દ્ર તે રૂપ પરમાત્મા.

એક પ્રમાણબલરૂપ જ પ્રભુ હોય તો કોઈના પણ આત્મજ-પુત્ર રૂપ થવાને યોગ્ય નથી. માટે જ પ્રમેયબલનો આશ્રય કરીને આપ ભક્તોદ્ધરણાર્થ દાનવદલનું દલન કરવાના કારણથી ભૂતલ પર વિરાજો છો, અને અમુકના પુત્ર, અમુકના પતિ એમ સર્વત્ર પ્રતીતિ થાય છે.

**લક્ષ્મણઃ ||૬૭૩||**

લક્ષ્મ-પાપોને દૂર કરનાર સંકર્ષણ-રૂપ પરમાત્મા.

**ભરતઃ ||૬૭૪||**

૧. ભરણ-પોષણ કરી સર્વ પ્રજાઓને પાલન કરનાર.

૨. ભર-યુદ્ધનો વિસ્તાર કરનાર એવા પ્રભુ.

**શત્રુઘ્નઃ ||૬૭૫||**

શત્રુઓને મારવાના સ્વભાવવાળા આપ શ્રીપુરુષોત્તમ.

**વ્યૂહવિગ્રહઃ ||૬૭૬||**

વ્યૂહ-વાસુદેવ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ, અનિરુદ્ધ, એ વ્યુહાત્મક દેહ જેમનો છે એવા પ્રભુ.

વાસુદેવાદિ ચારે સ્વરૂપે આપ ચતુર્વ્યૂહાત્મક પ્રભુ કહેવાવ છો. તે-તે કાર્યોને સમ્પાદન કરવા તે-તે વ્યૂહરૂપે આપ પ્રકટ થયા છો. વ્યાસ ભગવાન્ ઉપદેશ કરે છે કે :

**''બૂહ્યાત્માનં ચતુર્ધા વૈ વાસુદેવાદિમૂર્તિભિઃ,**
**સૃષ્ટ્યાદીન્ પ્રકરોત્યેષ વિશ્રુતાત્મા જનાર્દનઃ''**

(વાસુદેવ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ, અનિરુદ્ધ એ ચતુર્વ્યૂહાત્મક સ્વરૂપે જ પ્રસિદ્ધ પરમાત્મા શ્રીકૃષ્ણ ચાર પ્રકારે આ સૃષ્ટિને પ્રકટ કરે છે.) માટે જ અહિં ચતુર્વ્યૂહાત્મક શરીરધારી પરમાત્મા એમ કહે છે. એ ચતુર્વ્યૂહાત્મક સ્વરૂપે જ પોતે રામ, લક્ષ્મણ, ભરત તથા શત્રુઘ્ન છે.

**વિશ્વામિત્રપ્રિયો દાન્તઃ તાડકાવધમોક્ષદઃ |**
**વાયવ્યાસ્ત્રાબ્ધિનિક્ષિપ્ત-મારીચશ્ચ સુબાહુહા ||૧૩૬||**

**વિશ્વામિત્રપ્રિયઃ ||૬૭૭||**

૧. વિશ્વામિત્ર ઋષિ જેમને પ્રિય છે.

૨. વિશ્વામિત્રને પ્રિય.
૩. યજ્ઞમાં વિઘ્ન કરનારા રાક્ષસોને હણી વિશ્વામિત્રના નિમિત્તથી સીતાની પ્રાપ્તિ રૂપ જેમને પ્રિય-હિત છે એવા શ્રીરામચન્દ્રરૂપધારી પ્રભુ.

**દાન્તઃ ||૭૭૮||**

રાવણાદિ રાક્ષસોને દમન કરનાર શ્રીરામ પરમાત્મા.

**તાડકાવધમોક્ષદઃ ||૭૭૯||**

તાડકા નામની દુષ્ટ રાક્ષસીનો વધ કરી તેને મોક્ષ આપનાર એવા રઘુવીર પ્રભુ.

**વાયવ્યાસ્ત્રાબ્ધિનિક્ષિપ્તમારીચઃ ||૭૮૦||**

વાસુદેવ જેનું દૈવત છે એવા અસ્ત્ર-બાણથી મારીચ નામના દૈત્યને સમુદ્રમાં ફેંકી દેનાર રઘુનન્દનરૂપ પરમાત્મા.

**સુબાહુહા ||૭૮૧||**

મારીચને મારતી વખતે જ સુબાહુનો નાશ કરનાર એવા પરમાત્મા.

**વૃષધ્વજધનુર્ભંગપ્રાપ્તસીતામહોત્સવઃ ।**
**સીતાપતિર્ભૃગુપતિગર્વપર્વતનાશકઃ ||૧૩૭||**

**વૃષધ્વજધનુર્ભંગપ્રાપ્તસીતામહોત્સવઃ ||૭૮૨||**

જેમની ધજામાં વૃષભનું ચિહ્ન છે એવા ભગવાન્ શંકરના ધનુષને જનકરાજાને ત્યાં થયેલા સ્વયંવરમાં ભાંગી સીતાની પ્રાપ્તિરૂપ મહોત્સવ-મહા આનન્દ મેળવનાર રઘુકૂલભૂષણ રામચન્દ્ર સ્વરૂપધારી શ્રીપુરુષોત્તમ.

શંકરના પ્રચણ્ડ ધનુષને ભાંગી સીતા સમ્બન્ધી મહોત્સવ પ્રાપ્ત થયા પછી શું થયું. તે સ્પષ્ટ કરે છે કે :

**સીતાપતિઃ ||૭૮૩||**

જનકકન્યા સીતાના પતિ-સ્વામી.

**ભૃગુપતિગર્વપર્વતનાશકઃ ||૭૮૪||**

ભૃગુકુલમાં શ્રેષ્ઠ અને એકવીસ વાર નક્ષત્રી પૃથ્વી કરીને મહાન ગર્વિષ્ઠ બનેલા પરશુરામના મહાન ગર્વરૂપ પર્વતને-અતિ માનના ઢગેઢગને સીતાને ગ્રહણ કરી અયોધ્યા જતાં માર્ગમાં નાશ કરનાર અર્થાત્ તેમના અત્યન્ત અભિમાનને ધનુષ્યને ચઢાવી ઉતારનાર એવા રામચન્દ્ર પરમાત્મા.

**અયોધ્યાસ્થમહાભોગ-યુક્તલક્ષ્મીવિનોદવાન્ ।।**
**કૈકેયીવાક્યકર્તા ચ પિતૃવાક્પરિપાલકઃ ।।૧૩૮।।**

## અયોધ્યાસ્થમહાભોગયુક્તલક્ષ્મીવિનોદવાન્ ।।૯૮૫।।

અયોધ્યા રાજધાનીમાં રહેલા મહારાજાઓને શોભે તેવાં સુન્દર વિલાસનાં સાધનો સહિત લક્ષ્મીરૂપ સીતાના વિનોદથી ક્રીડાના આનન્દથી યુક્ત એવા શ્રીરામચન્દ્રરૂપ પ્રભુ.

## કૈકેયીવાક્યકર્તા ।।૯૮૬।।

કૈકેયીએ કહેલાં વચનો પ્રમાણે વર્તનાર.

## પિતૃવાક્પરિપાલકઃ ।।૯૮૭।।

પિતાની વાણીને પાલનાર.

પિતા-દશરથે કૈકેયીના વચનથી બંધાયેલા હોઈ કહેલી વનવાસ જવા સમ્બન્ધી વાણીને ( આજ્ઞાને ) સર્વ પ્રકારે પાલન કરનાર આપ પ્રભુ છે. પોતે પિતાની આજ્ઞા પૂર્ણપણે પાલન કરનાર હોવાથી ધર્મજ્ઞ વશિષ્ઠ ગુરુ આદિઓએ વાર્યા છતાં પણ પોતાના નિશ્ચયથી જે લેશ પણ ચલાયમાન થતા નથી. માટે જ તે શ્રીરામભદ્રને પિતાની આજ્ઞા પૂર્ણપણે પાલન કરનાર એવા પ્રભુ એમ કહે છે.

**વૈરાગ્યબોધકોઽનન્ય-સાત્વિકસ્થાનબોધકઃ ।**
**અહલ્યાદુઃખહારી ચ ગુહસ્વામી સલક્ષ્મણઃ ।।૧૩૯।।**

## વૈરાગ્યબોધકઃ ।।૯૮૮।।

સર્વ વસ્તુઓના ત્યાગપૂર્વક વૈરાગ્યનો અન્ય ભક્તજનોને ઉપદેશ કરનાર અર્થાત્ તેમની બુદ્ધિમાં સંસારનો અનુરાગ દૂર કરી પરમાત્મત્વ ઉપર રાગને ઉત્પન્ન કરનાર તેવા શ્રીરામચન્દ્ર ભગવાન્.

## અનન્યસાત્વિકસ્થાનબોધકઃ ।।૯૮૯।।

અન્યજન રહિત શુદ્ધ સત્ત્વમય વનના નિવાસનો પોતે તેવી રીતે વનવાસ સેવીને બોધ આપનાર અર્થાત્ વનમાં નિવાસ કરવો એ જ શુદ્ધ સત્ત્વમય નિવાસસ્થાન છે એમ સર્વને જણાવનાર પ્રભુ.

## અહલ્યાદુઃખહારી ।।૯૯૦।।

ગૌતમ મુનિવરની પત્ની અહલ્યાના પતિ શાપ વડે થયેલા શલ્યાપણાના દુઃખને દૂર કરવાના સ્વભાવવાળા શ્રીરઘુનન્દન પરમાત્મા.

**ગુહસ્વામી ||૭૯૧||**

ગુહ નામે ભિલ્લરાજના સ્વામી-પાલક અર્થાત્ તેને પોતાના શરણે રાખનાર શ્રીરામ પ્રભુ.

**સલક્ષ્મણઃ ||૭૯૨||**

લક્ષ્મણ સહિત રહેનાર શ્રીરામ પ્રભુ.

પોતાના કનિષ્ઠ બન્ધુ-સુમિત્રાના પુત્ર લક્ષ્મણ સાથે વનમાં નિવાસ કરનાર આપ પ્રભુ છો. રામાયણાદિ ગ્રન્થોમાં લક્ષ્મણ તથા સીતા સહિત જ રામે ચૌદ વરસ વનવાસ કર્યો છે એમ સુપ્રસિદ્ધ જ છે. તેથી અહિં લક્ષ્મણ સહિત એવા રામસ્વરૂપ પ્રભુ એમ કહે છે.

**ચિત્રકૂટપ્રિયસ્થાનો દણ્ડકારણ્યપાવનઃ ||**
**શરભંગસુતીક્ષ્ણાદિપૂજિતોઽગસ્ત્યભાગ્યભૂઃ ||૧૪૦||**

**ચિત્રકૂટપ્રિયસ્થાનઃ ||૭૯૩||**

ચિત્રકૂટ પર્વત એ જ છે પ્રિય સ્થાન જેમનું એવા.

**દણ્ડકારણ્યપાવનઃ ||૭૯૪||**

૧. પોતાના ચરણના સંચાર વડે દાણ્ડકારણ્યને પવિત્ર કરનાર.
૨. પોત-પોતાના આશ્રમસ્થાનો કરી દાણ્ડકારણ્યનું રક્ષણ કરનાર ઋષિઓનું રક્ષણ-પાવન કરનાર એવા શ્રીરામસ્વરૂપ પરમાત્મા.

**શરભંગસુતીક્ષ્ણાદિપૂજિતઃ ||૭૯૫||**

શરભંગ અને સુતીક્ષ્ણ એ જેમાં મુખ્ય છે એવા મુનિઓ વડે પૂજાયેલા-અતિથિસત્કાર વડે આતિથ્ય કરાયેલા શ્રીરામચન્દ્રરૂપ ભગવાન્.

**અગસ્ત્યભાગ્યભૂઃ ||૭૯૬||**

૧. અગસ્ત્ય ઋષિના ભાગ્યથી તેમના આશ્રમમાં દર્શન આપવાને જનારા.
૨. અગસ્ત્ય ઋષિએ કરેલા પરમ તપોબલના ફલરૂપે તેમના આશ્રમમાં આવિર્ભાવ પામનાર. અગસ્ત્ય ઋષિના ભાગ્યના સ્થાનરૂપ શ્રીરામ પ્રભુ.

**ઋષિસમ્પ્રાર્થિતકૃતિર્વિરાધવધપણ્ડિતઃ ||**
**છિન્નશૂર્પણખાનાસઃ ખરદૂષણઘાતકઃ ||૧૪૧||**

**ઋષિસમ્પ્રાર્થિતકૃતિઃ ||૭૯૭||**

અરણ્યવાસી ઋષિઓએ રાક્ષસોને મારવા સારી રીતે જેમની પ્રાર્થના કરી છે એવા શ્રીરામભદ્ર સ્વરૂપધારી શ્રીપુરુષોત્તમ.

**વિરાધવધપણ્ડિતઃ ॥૬૯૮॥**

'વિરાધ' નામના રાક્ષસનો વધ કરવામાં પ્રવીણ-હોંશિયાર.

**છિન્નશૂર્પણખાનાસઃ ॥૬૯૯॥**

રાવણની બહેન શૂર્પણખા નામની રાક્ષસી તેના નાકને છેદનાર અર્થાત્ લક્ષ્મણ દ્વારા શૂર્પણખાના નાકને છેદનાર શ્રીરામચન્દ્ર પરમાત્મા.

**ખરદૂષણઘાતકઃ ॥૭૦૦॥**

ખર-દૂષણ નામના રાક્ષસોનો ઘાત કરનાર રઘુનન્દન શ્રીરામભદ્ર.

**એકબાણહતાનેક-સહસ્રબલરાક્ષસઃ ॥**

**મારીચઘાતી નિયત-સીતાસમ્બન્ધશોભિતઃ ॥૧૪૨॥**

**એકબાણહતાનેકસહસ્રબલરાક્ષસઃ ॥૭૦૧॥**

૧. હજારોગણું જેમનામાં બલ છે એવા અનેક રાક્ષસોને એક જ બાણ વડે નાશ પમાડનાર.

૨. હજારગણું જેમાં બળ છે એવા એક જ બાણ વડે અનેક રાક્ષસોને હણનાર-નાશ પમાડનાર એવા શ્રીરઘુવીર રામ સ્વરૂપધારી પરમાત્મા.

**મારીચઘાતી ॥૭૦૨॥**

મારીચ રાક્ષસને મારવાના સ્વભાવવાળા શ્રીરામચન્દ્ર.

**નિયતસીતાસમ્બન્ધશોભિતઃ ॥૭૦૩॥**

માયિક સીતાનું રાવણે હરણ કર્યું છતાં પણ નિરન્તર સ્થાયી રહેનાર સીતા-લક્ષ્મીના સમ્બન્ધથી શોભાને પ્રાપ્ત કરનાર પ્રભુ.

**સીતાવિયોગનાટ્યશ્ચ જટાયુર્વધમોક્ષદઃ ।**

**શબરીપૂજિતો ભક્તહનુમત્પ્રમુખાવૃતઃ ॥૧૪૩॥**

**સીતાવિયોગનાટ્યશ્ચ ॥૭૦૪॥**

સીતાના વિયોગરૂપી નટના જેવી વર્તણૂક કરનાર.

સીતાજી શ્રીલક્ષ્મીજીનું સ્વરૂપ છે. અને શ્રીરામચન્દ્ર શ્રીવિષ્ણુના સ્વરૂપ છે. લક્ષ્મીને પ્રભુએ હૃદયનું સ્થાન આપેલું છે. જે રાવણે સીતાનું હરણ કર્યું. તે છાયાસ્વરૂપ સીતાનું હરણ કરેલું છે. વસ્તુતસ્તુ વિષ્ણુસ્વરૂપ રામનો અને લક્ષ્મીરૂપ સીતાનો વિયોગ જ નથી. હૃદયમાં નિવાસ કરતાં લક્ષ્મી-સીતાનો નિરન્તર શ્રીરામચન્દ્રજી સાથે સંયોગ છે. પ્રથમ ઉપરના નામમાં પણ એમ જ જણાવી ગયા છીએ માટે જ અહિં સીતાવિયોગરૂપ નાટક કરનાર પરમાત્મા એમ કહે છે. એ સીતા

વિયોગરૂપ નાટક કરવાનું પ્રયોજન પ્રભુને એટલું જ કે લોકોને પીડા કરનાર, દેવોને બન્દીખાને નાંખનાર રાવણનો નાશ કરવાનો મુખ્ય હેતુ અને પ્રજાને સુખ પ્રાપ્ત કરવાનું જ મુખ્ય કારણ છે. તેથી જ રાવણે કરેલું છાયા સીતાનું હરણ અને તજ્જનિત વિયોગ આપે અંગીકાર કરેલો છે.

### જટાયુર્વધમોક્ષદઃ ॥૭૦૫॥

જટાયુ નામના ગીધ પક્ષીને મૃત્યુ સમયે મોક્ષ આપનાર.

### શબરીપૂજિતઃ ॥૭૦૬॥

ભિલ્લની સ્ત્રી શબરી વડે પૂજાએલા-સત્કાર પામેલા શ્રીરઘુવીર રામચન્દ્ર.

### ભક્તહનુમત્પ્રમુખાવૃત્તઃ ॥૭૦૭॥

૧. વિભીષણ આદિ ભક્તોથી અને હનુમાન વગેરેથી વીંટાયેલા.
૨. હનુમાન જેમાં મુખ્ય છે એવા સુગ્રીવ, અંગદ આદિ ભક્તો વડે વીંટાયેલા શ્રીરામ.

**દુન્દુભ્યસ્થિપ્રહરણઃ સપ્તતાલવિભેદનઃ ।**
**સુગ્રીવરાજ્યદો વાલી-ઘાતી સાગરશોષણઃ ॥૧૪૪॥**

### દુન્દુભ્યસ્થિપ્રહરણઃ ॥૭૦૮॥

દુન્દુભિ નામે દૈત્યનાં હાડકાંઓને પગના અંગૂઠા વડે ફેંકી દેનાર શ્રીરઘુનન્દન પરમાત્મા.

માર્ગમાં જતાં દુન્દુભિદૈત્યના પર્વત જેવાં પડેલાં હાડકાંઓને ભગવાન્ રામચન્દ્રે પોતાના પગના અગૂંઠા વડે ચાલીશ ગાઉ દૂર ફેંકી દીધા હતા, એવા મહાન પ્રભાવવાન્ શ્રીરામભદ્રરૂપ આપ ભગવાન્ છો. રામાયણમાં રામનું એ ચરિત્ર સ્પષ્ટ દર્શાવ્યું છે. તેથી અહીંયા પણ તેને સ્પષ્ટ કરે છે.

### સપ્તતાલવિભેદનઃ ॥૭૦૯॥

સાત તાલોને-તાડનાં ઝાડોને એક જ બાણથી એકકાલવછિન્ન વીંધી નાંખનાર શ્રીરઘુવીર.

### સુગ્રીવરાજ્યદઃ ॥૭૧૦॥

વાનરરાજ સુગ્રીવ તે કિષ્કિન્ધાનગરીનું રાજ્ય આપનાર.

### વાલીઘાતી ॥૭૧૧॥

વાલી વાનરનો ઘાત કરનાર-નાશ કરનાર શ્રીરામચન્દ્ર.

### સાગરશોષણઃ ॥૭૧૨॥

સાગરને શોષી લેનાર અર્થાત્ અગ્નિ દૈવત અસ્ત્ર વડે શુષ્ક બનાવનાર

પ્રતાપવાન રામચન્દ્ર ભગવાન્.

**સેતુબન્ધનકર્તા ચ વિભીષણહિતપ્રદઃ ।।**
**રાવણાદિશિરચ્છેદી રાક્ષસાઘૌઘનાશકઃ ।।૧૪૫।।**

## સેતુબન્ધનકર્તા ।।૭૧૩।।

સમુદ્રમાં વૃક્ષ પર્વત વગેરે નાંખીને સેતુ-પુલ બાંધનાર.

## વિભીષણહિતપ્રદઃ ।।૭૧૪।।

વિભીષણને હિત-ભક્તિ ઉત્તમ પ્રકારે આપનાર પ્રભુ.

## રાવણાદિશિરચ્છેદી ।।૭૧૫।।

રાવણ જેમાં મુખ્ય છે એવા કુમ્ભકર્ણ વગેરે દુષ્ટ દૈત્યોનો શિરચ્છેદ કરવાનો જેમનો સ્વભાવ છે એવા રામચન્દ્ર સ્વરૂપ પરમાત્મા.

## રાક્ષસાઘૌઘનાશકઃ ।।૭૧૬।।

૧. રાક્ષસોના પાપસમુદાયનો નાશ કરનાર.
૨. રાક્ષસોરૂપી પાપોના સમૂહનો નાશ કરનાર.

શ્રીરામચન્દ્ર પરમાત્મસ્વરૂપ છે. આપે પોતાના સન્નિધાનમાં જ અનેક રાક્ષસોનો નાશ કરી તેમનાં પૂર્વજન્મમાં અને આ જન્મનાં સર્વ પાપો દૂર કરેલાં છે. તેમ દૈત્યો સર્વ જગતને પીડા ઉત્પન્ન કરનાર હોવાથી તેમને પાપનું રૂપક આપેલું છે. તેથી જ અહીંયાં રાક્ષસોના પાપોને નષ્ટ કરનાર તથા રાક્ષસોરૂપ પાપના સમુદાયને દૂર કરનાર એમ કહે છે.

**સીતાऽભયપ્રદાતા ચ પુષ્પકાગમનોત્સુકઃ ।।**
**અયોધ્યાપતિરત્યન્ત-સર્વલોકસુખપ્રદઃ ।।૧૪૬।।**

## સીતાભયપ્રદાતા ।।૭૧૭।।

સીતાને અભય આપનાર.

પોતાની પ્રિયતમા સીતાને હું રાક્ષસોનો નાશ કરીશ એમ જણાવી અભય આપી તેના ભયને દૂર કરેલો છે. એમ રામાયણાદિમાં સ્પષ્ટ છે માટે અહિં સીતાને અભય આપનાર શ્રીરામચન્દ્ર પ્રભુ.

## પુષ્પકાગમનોત્સુકઃ ।।૭૧૮।।

પુષ્પક વિમાનમાં બેસી અયોધ્યા જવાને ઉત્કણ્ઠા રાખનાર ઉત્સાહ ધરાવનાર શ્રીરઘુનન્દન.

## અયોધ્યાપતિઃ ॥૭૧૯॥

અયોધ્યા નગરીના પતિ-સ્વામી; રક્ષણ કરનાર.

## અત્યન્તસર્વલોકસુખપ્રદઃ ॥૭૨૦॥

સર્વ લોકોને અત્યન્ત સુખ આપનાર.

પરમાત્મા શ્રીરામચન્દ્રે દુષ્ટ દૈત્યોને વિદારણ કરી સર્વલોક દેવ પ્રભૃતિને પણ સુખ આપેલું છે. અને પોતાની સર્વ પ્રજાને પિતા માફક પાળી સારી રીતે સુખી કરી છે. એમ સર્વત્ર પ્રસિદ્ધ છે. એવી ઉચ્ચ પદ્ધતિની શાસનકલાને લીધે જ હજી સુધી પણ ''રામ રાજ્ય'' એમ કહી વખાણવામાં આવે છે, દષ્ટાન્ત તરીકે સ્મરણીય છે, એવી રીતે સર્વને ઉત્તમ પ્રકારનું સુખ આપનાર રામચન્દ્ર સ્વરૂપે આપ પ્રભુ જ છો.

**મથુરાપુરનિર્માતા સુકૃતજ્ઞસ્વરૂપદઃ ॥**
**જનકજ્ઞાનગમ્યશ્ચ ઐલાન્તપ્રકટશ્રુતિઃ ॥૧૪૭॥**

## મથુરાપુરનિર્માતા ॥૭૨૧॥

શત્રુઘ્ન સ્વરૂપે મધુવનમાં મથુરા નામની નગરીને નિર્માણ કરનાર-રચનાર શ્રીપુરુષોત્તમ.

## સુકૃતજ્ઞસ્વરૂપદઃ ॥૭૨૨॥

૧. સુકૃતને સ્વરૂપ આપનાર.
૨. સારી કૃતિને જાણનાર એવા સ્વરૂપને આપનાર પરમાત્મા.

જે પુણ્યને જાણનાર હોય તે 'સુકૃતજ્ઞ' કહેવાય છે. એવા સુકૃતજ્ઞ-પુણ્ય પ્રાપ્ત કરનાર ભગવદીય જનને સ્વરૂપ આપનાર એવા પ્રભુ તથા ભગવદીયોને નિજ સ્વરૂપનું દર્શન આપનારા એવા પ્રભુ તથા ભગવદીયોનાં સારાં કૃત્યોને જાણનાર આપ પરમાત્મા છો. તેથી તેવા નિજ ભક્તોને નિજ સ્વરૂપ દર્શાવે છે. માટે જ અહિં પ્રભુને, સુકૃતજ્ઞને સ્વ સ્વરૂપ આપનાર પ્રભુ એમ કથન કરે છે.

## જનકજ્ઞાનગમ્યઃ ॥૭૨૩॥

પોતાના રાજ્યની પ્રજાઓને પિતા માફક-અર્થાત્ આ મારા પિતા-પાલક છે એવા પ્રકારના જ્ઞાનને પ્રાપ્ત કરાવનાર શ્રીરામચન્દ્ર.

જ્યારે પ્રભુ રામચન્દ્ર આ ભૂમિનું પાલન કરતા હતા, ત્યારે સર્વ પ્રજાજનો તેમને પોતાના પિતા સમાન જ જાણતા હતા તેથી જ અહિં પિતા પેઠે જ્ઞાનગમ્ય એવા પ્રભુ એમ કહે છે.

## ઐલાન્તપ્રકટશ્રુતિઃ ||૭૨૪||

ભૂમિનો અન્ત પાતાલ ત્યાં સુધી જેમની મહાકીર્તિ શ્રવણગોચર થાય છે-પ્રસરી રહેલી છે એવા શ્રીરામાવતારધારી પરમાત્મા.

સમસ્ત ભૂમિમણ્ડલમાં તેમ તેના અવધિરૂપ પાતાલલોકમાં પણ સર્વજનો જેમનાં યશોગાન ગાય છે, એવા શ્રીરામસ્વરૂપે આપ પરમાત્મા જ છો. ભાગવતના આશય પ્રમાણે એમ પણ ભાવ ઉદ્‌ભવે છે કે ઐલ-પુરૂરવા પ્રભૃતિ પૂર્વકાલના અનેક ભૂપતિઓ દેવો સાથે જેમનાં યશોગાન સ્વર્ગમાં કરે છે, એવી જેમની કીર્તિ સર્વત્ર પ્રસરેલી છે એવા પ્રભુ આવા પ્રકારનો મહાન પ્રતાપ પ્રભુનો જ હોઈ શકે. રામાયણ-ભાગવતાદિમાં શ્રીરામપ્રભુનો પ્રભાવ પ્રકટ રીતે વર્ણવેલો છે. માટે જ ભૂમિના અન્ત સુધી તથા ઐલાદિ રાજાઓ સુધી જેમની કીર્તિ પ્રખ્યાત છે એમ અહિં કથન કરે છે.

(શ્રીરામચન્દ્રાવતારનાં નામો સમાપ્ત થયાં, હવે પરશુરામાવતારનાં નામોનો પ્રારમ્ભ કરે છે.)

**હૈહયાન્તકરો રામો દુષ્ટક્ષત્રવિનાશકઃ |**
**સોમવંશહિતૈકાત્મા યદુવંશવિવર્ધનઃ ||૧૪૮||**

## હૈહયાન્તકરઃ ||૭૨૫||

હૈહયકુલમાં શ્રેષ્ઠ કાર્તવીર્ય-સહસ્રાર્જુનનો અન્ત કરનાર-વિનાશ કરનાર પરશુરામરૂપધારી પરમાત્મા.

## રામઃ ||૭૨૬||

૧. મહેન્દ્ર પર્વત ઉપર સ્વરૂપાનન્દ વડે રમણ કરનાર.
૨. પોતાના સ્વરૂપાનન્દ વડે સર્વને રમાડનાર.
૩. યુદ્ધની ઈચ્છા ધરાવનારને સઙ્ગ્રામમાં-રણભૂમિમાં ડરાવનાર-રમાડનાર મહાપરાક્રમી પરશુરામ રૂપ પ્રભુ.

## દુષ્ટક્ષત્રવિનાશકઃ ||૭૨૭||

દુષ્ટ ક્ષત્રિયોનો વિનાશ કરનારા.

પ્રભુએ પરશુરામરૂપે ભૂતલ પર પ્રકટ થઈ દુષ્ટ ક્ષત્રિયોનો વિનાશ કરેલો છે. તે સર્વ ક્ષત્રિય રાજાઓ મદમાં છકી જઈ મુનિજનોનું અપમાન કરતા હતા, તેમની યજ્ઞક્રિયાઓને ભ્રષ્ટ કરતા હતા. તેમની સાત્ત્વિક પણ વિસ્મયજનક યજ્ઞ-સમ્પત્તિઓને હરતા હતા, તેથી પરમકૃપાનિધિ પ્રભુએ ભૃગુકુલમાં પરશુરામરૂપે પ્રકટ થઈ સર્વ મદોન્મત્ત ક્ષત્રિયોનો એકવીસવાર નાશ કરી નાખ્યો. એમ મહાભારતાદિમાં સ્પષ્ટ છે. એવું આશ્ચર્યકારક મહાપરાક્રમ કરનાર આપ પરમાત્મા જ છો.

( પરશુરામનાં નામો પૂરાં થઈ હવે શ્રીકૃષ્ણાવતારનાં નામો શરૂ થાય છે. )

## સોમવંશાહિતૈકાત્મા ।।૭૨૮।।

સોમવંશનું હિત કરવા માટે જ જેમનું ચિત્ત છે એવા શ્રીકૃષ્ણ.

સોમ-ચન્દ્રવંશનું સર્વે પ્રકારે હિત કરવું. બ્રહ્મજ્ઞાન, ધર્મજ્ઞાનપૂર્વક તેમનું રક્ષણ કરવું. તેથી જ આપે સૃષ્ટિ પર પ્રાદુર્ભાવ કરેલો છે તેનું રક્ષણ કરવામાં જ બીજાં અવતાર કાર્યો સમાઈ જાય છે. માટે અહિં સોમવંશના હિતરૂપ એક જ વાતમાં જેમનું ચિત્ત અન્તઃકરણ છે એવા શ્રીકૃષ્ણ એમ કહે છે.

## યદુવંશવિવર્ધનઃ ।।૭૨૯।।

યયાતિપુત્ર યદુરાજાના વંશને વિશેષ રીતે વધારનાર.

યદુ રાજાના વંશમાં આપનું પ્રાકટ્ય થવાનું છે, એવા હેતુથી જ આપે તો વંશને વિશેષ રીતે વૃદ્ધિ પમાડેલો છે, તેનું માહાત્મ્ય સર્વત્ર પ્રસરાવ્યું છે. વિષ્ણુપુરાણમાં કહે છે કે ''**યદોર્વંશં નર શ્રુત્વા સર્વપાપૈઃ પ્રમુચ્યતે**'' ( યદુરાજાના વંશને સાંભળવાથી મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થાય છે. ) આ પ્રમાણે યદુવંશનું માહાત્મ્ય સર્વત્ર ગણાય છે, એ પ્રભુના પ્રાકટ્યના પ્રભાવથી જ. માટે આપ જ તેની આવા પ્રકારની વૃદ્ધિ-ઉન્નતિ કરનાર છો.

**।।ઈતિ નવસ્કન્ધનામનિ।।**

## ||અથ દશમસ્કન્ધપૂર્વાર્ધનામાનિ ||

**પરબ્રહ્માવતરણઃ કેશવઃ ક્લેશનાશનઃ ||**
**ભૂમિભારાવતરણો ભક્તાર્થાખિલમાનસઃ ||૧૪૯||**

### પરબ્રહ્માવતરણઃ ||૭૩૦||

પરબ્રહ્મનો અવતાર-પ્રાકટ્ય એવા શ્રીકૃષ્ણ.

અક્ષરબ્રહ્મથી પૂર્ણ-પુરુષોત્તમ પરબ્રહ્મ કહેવાય છે. તે જ પોતે શ્રીકૃષ્ણચન્દ્ર આવિર્ભાવ પામ્યા છે. આપ શ્રીમુખથી આજ્ઞા કરે છે કે :

**''યસ્માત્ ક્ષરમ્ અતીતોઽહં અક્ષરાદપિ ચોત્તમઃ,**
**અતોઽસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ''**

(હું ક્ષરથી પર છું અને અક્ષરથી પણ ઉત્તમ છું, માટે જ લોકોમાં અને વેદમાં હું પુરુષોત્તમ એ નામથી પ્રસિદ્ધ-પ્રખ્યાત છું.) એ પુરુષોત્તમસંજ્ઞક પરબ્રહ્મ આપ શ્રીકૃષ્ણ શબ્દથી પણ ''**કૃષિર્ભૂવાચકઃ શબ્દઃ**'' એ મહાભારતના પ્રમાણાનુસાર પરબ્રહ્મપણું સિદ્ધ જ થાય છે. પ્રથમ 'શ્રીકૃષ્ણ' એ નામના વિવેચનમાં સ્પષ્ટ જણાવેલું છે. એટલે એ વિષયનું અહિંયા વિશ્લેષણ કરતા નથી. ગીતામાં પોતે અર્જુનજી શ્રીકૃષ્ણને ઉદ્દેશીને જ

**''પરં બ્રહ્મ પરં ધામ પવિત્રં પરમં ભવાન્,**
**પુરુષં શાશ્વતં દિવ્યાદિદેવમજં વિભુમ્''**

(આપ જ પરબ્રહ્મ છો. આપ જ પરમધામ છો, પરમ પવિત્ર છો, દિવ્ય પુરુષ છો, જન્મરહિત, સનાતન, સમર્થ આદિદેવ છો) આ પ્રમાણે સ્તુતિ કરે છે, માટે જ અવતરે-જેવા છે તે રૂપથી જ આવિર્ભાવ પામે તે અવતરણ; અને પ્રકટ થવું પરબ્રહ્માવતરણ એટલે પરબ્રહ્માવતરણરૂપ એવા શ્રીકૃષ્ણ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ જ છે.

### કેશવઃ ||૭૩૧||

૧. જેમના મસ્તકના કેશો ઘણા જ વિપુલ છે.
૨. 'ક' એટલે બ્રહ્મા અને 'ઈશ' એટલે શંકર. તે બન્નેને જેમનાથી અમૃત પ્રાપ્ત છે એવા.
૩. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર એ ત્રણે સ્વરૂપ જેમનાં છે એવા.
૪. કેશી નામના દૈત્યનો નાશ કરનાર.
૫. તેજના અંશરૂપ કેશ અર્થાત્ કિરણો જેમને છે એવા.

૬. કેશશક્તિ એટલે શિવ અને બ્રહ્માની શક્તિ પેઠે મહાશક્તિવાળા તે કેશવ.

ત્રિભુવનસુન્દર શ્રીકૃષ્ણના ઘણા જ વિપુલ અને સુન્દર કેશો છે, બ્રહ્મા-શંકરાદિ દેવો વારંવાર જેમની આરાધના કરે છે. જેમનાથી કેશવ એમ સંજ્ઞા પ્રાપ્ત થયેલી છે. તેમ અશ્વનું સ્વરૂપ ધારણ કરી વ્રજને વિદારણ કરવા આવેલા કેશીદૈત્યને મારવાથી પણ કેશવ નામથી પ્રસિદ્ધપણું પામેલા તે. વિષ્ણુપુરાણમાં નારદજી શ્રીકૃષ્ણ પ્રત્યે કથન કરે છે કે

**''યસ્માત્ ત્વયૈવ દુષ્ટાત્મા હતઃ કેશી જનાર્દન,**
**તસ્માત્ કેશવનામ્નાં ત્વં લોકે જ્ઞેયો ભવિષ્યસિ''**

(તમોએ દ્વેષી દુષ્ટાત્મા કેશીદૈત્યને નષ્ટ કર્યો, જેથી લોકમાં કેશવ એ નામથી પ્રસિદ્ધ થશો. મહાભારતમાં આપ આજ્ઞા કરો છો કે ''**અંશવો યે પ્રકાશન્તે મમ તે કેશસંજ્ઞિતા**'' (જે સૂર્યનાં કિરણો પ્રકાશમાન થાય છે, તે જ મારા કેશો ગણાય છે.) હરિવંશમાં પણ આપ ઉપદેશો છો કે ''સર્વ જીવોનો સ્વામી હું બ્રહ્મ એ સંજ્ઞાથી પ્રખ્યાત છું માટે મને સર્વના ઈશ-સ્વામી કેશવ એવા પરમાત્મા એમ કહે છે ઈત્યાદિ પ્રમાણોથી તથા અનેક કારણોથી સર્વશક્તિમાન ભગવાન્ શ્રીકૃષ્ણને કેશવ કહી સર્વ લોકો વર્ણવે છે.

## ક્લેશનાશનઃ ||૭૩૨||

ક્લેશોને નાશ કરનાર.

ગોરૂપા ભૂમિના તથા ભક્તજનોને અનેક ક્લેશને-પરિતાપને તો આપે ''હું પ્રકટ થઈશ'' એમ સંભળાવતાંની સાથે જ દૂર કરેલો છે. ભક્તજનોના ક્લેશોને અનેક રીતે પ્રભુએ પરિહાર કર્યા છે. એ ભાગવતાદિમાં સારી રીતે પ્રસિદ્ધ છે. જેથી જ ભગવાન્ ક્લેશનાશન કહેવાય છે.

## ભૂમિભારાવતરણઃ ||૭૩૩||

૧. ભારરૂપ દુષ્ટ ભૂપતિઓને મારી ભૂમિના ભારને દૂર કરનાર.
૨. ભૂમિના ભારને ઉતારવાના કારણથી અવતરણ પામનાર.
૩. ભૂમિથી તથા તેના ભારથી જે અલગ રહેલા છે, એવા શ્રીકૃષ્ણ પ્રભુ.

## ભક્તાર્થાખિલમાનસઃ ||૭૩૪||

૧. ભક્તોના અર્થોમાં જેમનું સમ્પૂર્ણ મન છે.
૨. ભક્તોના જે-જે મનોરથો છે, તે કેવે-કેવે પ્રકારે સિદ્ધ થાય-પૂર્ણ થાય એવું જેમનું અન્તઃકરણ છે એવા.
૩. ભક્તોને માટે તેમના સર્વ વિરોધી જરાસન્ધ દુર્યોધન વગેરેના ગર્વનો નાશ કરનાર એવા શ્રીકૃષ્ણ પ્રભુ.

**સર્વભક્તનિરોધાત્મા લીલાનન્તનિરોધકૃત્ ।।**
**ભૂમિષ્ઠપરમાનન્દો દેવકીશુદ્ધિકારણમ્ ।।૧૫૦।।**

## સર્વભક્તનિરોધાત્મા ।।૭૩૫।।

શ્રીગોકુલનિવાસી વ્રજભક્તો સાથે પ્રપઞ્ચ-સંસારના વિસ્મરણપૂર્વક રમણ કરવામાં જેમનો અત્મા-અન્તઃકરણ છે એવા પ્રભુ.

પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્રની દશવિધ લીલાઓમાંની સર્ગ-વિસર્ગ આદિ સાત લીલાઓનાં નામો નવમસ્કન્ધ સુધીનાં નામોમાં કહી ગયા. હવે અહિંથી દશમસ્કન્ધમાંની આઠમી નિરોધલીલા, તેનાં નામો પ્રકટ કરે છે.

પ્રથમ નિરોધ એટલે શું ? એમ સહજ પ્રશ્ન ઉદ્ભવે છે, તો તેને માટે ભગવાન્ વ્યાસચરણ ઉપદેશે છે કે ''**નિરોધો અસ્ય અનુશયનમ્ આત્મનઃ સહ શક્તિભિઃ**'' આ જીવાત્માનો સર્વશક્તિઓ સહવર્તમાન પરમાત્મામાં લય થવો, અર્થાત્ પ્રભુમાં એકનિષ્ઠા થવાથી સંસારની-પ્રપઞ્ચની વિસ્મૃતિ થવી તેને નિરોધ કહે છે. શ્રીમદાચાર્યચરણ પણ તત્ત્વદીપનિબન્ધ ગ્રન્થમાં આજ્ઞા કરે છે કે ''**નિરોધો અસ્ય અનુશયનં પ્રપઞ્ચે ક્રીડનં હરેઃ**'' સંસારમાં સર્વ પ્રભુની ક્રીડાલીલા છે, એમ સમજી સંસારાશક્તિને દૂર કરી પ્રભુમાં ભક્તિ પ્રેરી એક ચિત્ત થવું તે નિરોધ છે. ભગવાન્ શ્રીકૃષ્ણ નિજભક્તોને સંસારની આસક્તિથી મુક્ત કરી પોતાના સ્વરૂપમાં રમણ કરાવે છે. આનન્દ આપે છે. તેવા ભક્તોને પરમાત્મા વિના અન્ય કાંઈ પણ રુચિકર હોતું નથી. તેઓ ભગવત્સ્વરૂપમાં જ આનન્દનિમગ્ન બને છે. તેવાઓને જ આનન્દ આપવામાં પ્રભુનું અન્તઃકરણ છે.

## લીલાનન્તનિરોધકૃત ।।૭૩૬।।

૧. અનન્ત લીલાઓ વડે પ્રપઞ્ચને વિસારી રમણ કરનાર.
૨. લીલા-શક્તિ, અનન્ત-સંકર્ષણ, એ બન્ને વડે નિરોધ-દુષ્ટનો વિનાશ કરનાર એવા શ્રીકૃષ્ણ.

## ભૂમિષ્ઠપરમાનન્દઃ ।।૭૩૭।।

૧. ભૂમિમાં નિવાસ કરનાર વ્રજવાસી ભક્તોને પરમ-અત્યન્ત ઉત્કૃષ્ટ આનન્દ જેમનાથી છે એવા.
૨. મથુરાનગરીમાં પ્રકટ પરમ આનન્દરૂપ એવા શ્રીકૃષ્ણચન્દ્ર.

## દેવકીશુદ્ધિકારણમ્ ।।૭૩૮।।

૧. દેવકીજીની શુદ્ધિ-વસુદેવ સાથે વિવાહાદિ સંસ્કારના કારણરૂપ, અર્થાત્ તેવા સંસ્કાર થવાના નિમિત્તભૂત એવા.

૨. વિષ્ણુરૂપિણી દેવકીજીની શુદ્ધિ-પાવન થવાના કારણરૂપ એવા પ્રભુ.

જ્યારે-જ્યારે ભગવદીય જનોને આ સૃષ્ટિમાં અનેક કષ્ટો આવી પડે છે, ત્યારે ભગવાન્નું પ્રાકટ્ય થાય છે. તેથી વાસુદેવ તથા દેવકીજીને કંસ દ્વારા અનેક કષ્ટ આવી પડ્યાં, ત્યાર પછી જ પ્રભુનો પ્રાદુર્ભાવ થયો, માટે વિભુના આવિર્ભાવથી જ શ્રીદેવકીજી શુદ્ધ-વિમલ બન્યાં. પ્રભુના સ્મરણ માત્રથી જ જો શુદ્ધ થાય છે તો આપ અન્તરમાં પધારો-વિરાજો અને શુદ્ધતા થાય, એમાં શું આશ્ચર્ય !

**વસુદેવજ્ઞાનનિષ્ઠસમજીવનિવારકઃ ।।**
**સર્વવૈરાગ્યકરણસ્વલીલાધારશોધકઃ ।।૧૫૧।।**

## વસુદેવજ્ઞાનનિષ્ઠસમજીવનિવારકઃ ।।૭૩૯।।

૧. વસુ-વિષ્ણુને પ્રકાશ આપનાર વસુદેવમાં જ્ઞાનરૂપે જેમની નિરન્તર સ્થિતિ છે એવા શ્રીકૃષ્ણના સમાન જીવો (વસુદેવના પ્રથમ પ્રકટેલા છ પુત્રો)ને નિવારણ કરનાર-મારનાર.

૨. વસુદેવનું જ્ઞાન જે પુત્રોમાં સમાન જીવનપણું, તેને નિવારણ કરનાર-દૂર કરનાર.

ભગવાન્ વિષ્ણુ-વ્યાપકશીલ પ્રભુ, તેને જ 'વસુ' કહેવાય છે. શ્રુતિ ભગવતી વર્ણવે છે કે 'વિષ્ણુર્વસુઃ' વિષ્ણુ એ જ વસુ છે. કેમ કે સર્વમાં નિવાસ કરવાથી જ પ્રભુને વસુ એમ કથન કરવામાં આવે છે. એ કારણથી જ ઉપર વસુનો અર્થ 'વિષ્ણુ' કર્યો છે. વસુદેવ પોતે પ્રભુનું વિશુદ્ધ સત્વરૂપ જ છે. ભિન્ન નથી. વ્યાસચરણ ઉપદેશે છે કે **"સત્વં વિશુદ્ધં વસુદેવ સંજ્ઞિતમ્"** વિશેષ શુદ્ધ, સત્વસ્વરૂપ એ જ વસુદેવસંજ્ઞામાં રહેલું છે, એવા શુદ્ધ સત્ત્વમાં જ પ્રભુ જ્ઞાનરૂપે નિવાસ કરે છે. વસુદેવના પ્રથમ પ્રકટ થયેલા છ પુત્રોને કંસે માર્યા વિના છોડી દીધા હતા, પ્રભુએ જ નારદ દ્વારા કંસની બુદ્ધિમાં ફેરફાર કરાવી તેને મરાવ્યા છે. એમ કરવાનું કારણ તેમને શાપથી મુક્ત કરવા માટે જ અન્યથા નહિ.

## સર્વવૈરાગ્યકરણસ્વલીલાધારશોધકઃ ।।૭૪૦।।

૧. સર્વ વિષયોથી વૈરાગ્ય કરાવનારી પોતાના પ્રાકટ્યરૂપ લીલાના આધારભૂત દેવકીજીની શુદ્ધિ કરનાર-તેમના દોષને ટાળનાર.

૨. સર્વ વૈરાગ્યકારિણી પોતાની માયાને આજ્ઞા કરી લીલાના આધારરૂપ વ્રજભૂમિમાં પોતાને ઉપયોગી વસ્તુઓની શુદ્ધિ કરનાર.

૩. સર્વવૈરાગ્યકારિણી અને પોતાની લીલાના આધારરૂપ શ્રીદેવકીજીમાં, સ્ત્રીઓમાં સ્વાભાવિક રહેનારા વન્ધ્યત્વ, મૃતપ્રજાત્વ વગેરે દોષોને (કંસે મારેલા પુત્રોને આગળ પાછા લાવી) નિવારણ કરનાર એવા શ્રીકૃષ્ણ.

**માયાજ્ઞાપનકર્તા ચ શેષસમ્ભારસમ્ભૃતિઃ ।।**
**ભક્તક્લેશપરિજ્ઞાતા તન્નિવારણતત્પરઃ ।।૧૫૨।।**

### માયાજ્ઞાપનકર્તા ।।૭૪૧।।

માયા-યોગમાયાને આજ્ઞા આપનાર.

આ સ્કન્ધના બીજા અધ્યાયમાં "**ગચ્છ દેવિ વ્રજં ભદ્રે ગોપગોભિરલં-કૃતમ્**" હે દેવી ! અમ્બિકે ! ગોપો અને ગાયોથી શોભી રહેલા વ્રજમાં તમે જાઓ, એમ આપે યોગમાયાને આજ્ઞા કરેલી છે જેથી અહિં માયાને આજ્ઞા કરનાર પ્રભુ એમ કહે છે.

### શેષસમ્ભારસમ્ભૃતિઃ ।।૭૪૨।।

૧. બાકી રહેલી અપૂર્ણ સામગ્રીને સમ્પૂર્ણ કરનાર.
૨. શેષ-અનન્ત ભગવાન(બલદેવજી)ને આકર્ષણ કરી પોતાના પ્રાકટ્ય સારુ સામગ્રીની સમ્પત્તિને સિદ્ધ કરનાર.
૩. શેષબલદેવજી દેવકીના ગર્ભમાં સ્થાપન કરી તેમની પૂર્ણતા કરનાર.

### ભક્તક્લેશપરિજ્ઞાતા ।।૭૪૩।।

પોતાના પ્રાકટ્યથી ભક્તોના ક્લેશોને સારી રીતે જાણવાવાળા પ્રભુ.

### તન્નિવારણતત્પરઃ ।।૭૪૪।।

ભક્તજનોના ક્લેશોને નિવારણ કરવામાં તત્પર એવા શ્રીકૃષ્ણ ભગવાન્.

**આવિષ્ટવસુદેવાંશો દેવકીગર્ભભૂષણમ્ ।।**
**પૂર્ણતેજોમયઃ પૂર્ણઃ કંસાધૃષ્યપ્રતાપવાન્ ।।૧૫૩।।**

### આવિષ્ટવસુદેવાંશઃ ।।૭૪૫।।

જેમનો કામાંશ વાસુદેવના મનમાં પ્રવેશેલો છે એવા પ્રભુ, અહિં જે 'અંશ' શબ્દ છે તે પૂર્ણ આનન્દવાચક છે. એટલે જેમનો પૂર્ણ આનન્દ વાસુદેવના અન્તઃકરણમાં પ્રવેશેલો છે, એવા.

### દેવકીગર્ભભૂષણમ્ ।।૭૪૬।।

શ્રીદેવકીજીના ગર્ભનો અલંકાર-શણગાર તે રૂપ પ્રભુ. પોતે શ્રીદેવકીજીના ગર્ભનું ભૂષણ હોવાથી જ તેનામાં અદ્વિતીય પ્રભા સર્વત્ર પ્રસરેલી કંસાદિકે નિહાળી હતી. ભાગવતનું એ પ્રકરણ જોવાથી સ્પષ્ટ થશે.

### પૂર્ણતેજોમયઃ ।।૭૪૭।।

સર્વવ્યાપી તેજના સમૂહરૂપ ભગવાન્.

## પૂર્ણઃ ॥૭૪૮॥

ઐશ્વર્યાદિ વડે પરિપૂર્ણ-અખણ્ડિત.

## કંસાધૃષ્યપ્રતાપવાન્ ॥૭૪૯॥

કંસથી ન ગ્રહણ થઈ શકે તેવા અનિર્વાચ્ય પ્રતાપ-પ્રભાવ મહિમાવાળા એવા શ્રીકૃષ્ણ પ્રભુ.

**વિવેકજ્ઞાનદાતા ચ બ્રહ્માદ્યખિલસંસ્તુતઃ ।**
**સત્યો જગત્કલ્પતરુર્નાનારૂપવિભેદનઃ ॥૧૫૪॥**

## વિવેકજ્ઞાનદાતા ॥૭૫૦॥

કંસને વિવેક તથા જ્ઞાન આપનાર.

કંસરાજ મહા અસુર છતાં વસુદેવનાં વચનોથી શાંત બની બેનનો નાશ કર્યો નહિ એ વિવેક તથા જ્ઞાનને આપનાર આપ પ્રભુ છો. વળી દેવકીજીની છેલ્લી એક માયા-કન્યાને પછાડતાં-તે અમ્બિકા બની આકાશમાં અલોપ થઈ ગયાં ત્યાર પછી કંસે દેવકીજીને તથા વસુદેવને આશ્વાસન આપ્યું છે. તે પણ વિવેક અને જ્ઞાનથી ભરપૂર છે. તો તેવું જ્ઞાન મેળવવું એ પણ પ્રભુ કૃપાનું જ ફલ છે.

## બ્રહ્માદ્યખિલસંસ્તુતઃ ॥૭૫૧॥

૧. બ્રહ્મા, ઈન્દ્ર, રુદ્ર આદિ સર્વ દેવતાઓએ પોતાની કામનાઓને જણાવતાં જેમની સ્તુતિ કરી છે એવા.
૨. બ્રહ્માદિક સકલ દેવોએ અખિલ તત્ત્વરૂપે-પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે જેમની સ્તુતિ કરેલી છે એવા પરમાત્મા.

## સત્યઃ ॥૭૫૨॥

૧. સત્ય સ્વરૂપ.   ૨. ત્રિવિધ કાલમાં બાધ રહિત રહેનાર.
૩. ધર્મીના સત્યપણાને લીધે સત્ય.
૪. સત્યના કારણ રૂપ.
૫. સત્યવ્રત ધારી એવા શ્રીહરિ-શ્રીકૃષ્ણચન્દ્ર.

## જગત્કલ્પતરુઃ ॥૭૫૩॥

સ્થાવર-જંગમાત્મક જગતના કલ્પવૃક્ષરૂપ.

સ્વર્ગમાં રહેલું કલ્પવૃક્ષ ફક્ત દેવોને જ ફળ આપે છે. પરન્તુ પરમાત્મા અખિલ વિશ્વને તેવી જ રીતે ફળ અર્પણ કરે છે. તેમનાં કષ્ટો હરે છે. જેથી આપને જગત્કલ્પતરુ કહ્યા.

**નાનારૂપવિભેદનઃ ||૭૫૪||**

નાના પ્રકારના સાત્ત્વિક, રાજસ અને તામસ પ્રકૃતિવાળા બ્રહ્માદિક દેવસ્વરૂપોને મોહ ઉપજાવનાર. માટે જ આ સ્કન્ધમાં ''**ત્વન્માયયાં સંવૃતચેતસઃ**'' તમારી માયાથી મુગ્ધ બનેલા એવા અમો એમ કહી બ્રહ્માદિ દેવો સ્તુતિ કરે છે.

**ભક્તિમાર્ગપ્રતિષ્ઠાતા વિદ્વન્મોહપ્રવર્તકઃ ||**

**મૂલકાલગુણદ્રષ્ટા નયનાનન્દભાજનમ્ ||૧૫૫||**

**ભક્તિમાર્ગપ્રતિષ્ઠાતા ||૭૫૫||**

૧. ભક્તિમાર્ગમાં વિશેષે કરી સ્થિતિ કરનાર.

૨. ભક્તિમાર્ગની વિશેષ સ્થિતિ કરનાર સ્થાપના કરનાર.

કર્મ, જ્ઞાન ઈત્યાદિ અનેક માર્ગો પ્રભુને પ્રાપ્ત થવાને સારુ શ્રુતિ સ્મૃતિમાં દર્શાવ્યા છે. ભક્તિમાર્ગ પણ શ્રુતિ સ્મૃતિ સિદ્ધ જ છે. પરન્તુ વિશેષે કરી પ્રભુની સ્થિતિ તો ભક્તિમાર્ગમાં જ છે. કેમ કે ભક્તિથી જ સુલભ રીતે પ્રભુ પ્રાપ્ત થાય છે એમ વારંવાર શ્રવણગોચર કરાય છે. અનુભવાય છે. તેથી નિશ્ચય થાય છે કે ભક્તિમાર્ગમાં જ આપે સ્થિતિ કરી છે, ભક્તિમાર્ગને જ સ્થિર કરેલો છે.

**વિદ્વન્મોહપ્રવર્તકઃ ||૭૫૬||**

ભક્તિરહિત કેવળ જ્ઞાનનિષ્ઠ વિદ્વાનોમાં રહેલા મોહ-અમે મુક્ત છીએ એવા પ્રકારના અભિમાન વડે તત્ત્વનો પ્રકાશ નહિ કરનાર.

કેવળ એક જ્ઞાન જ મુક્તિ આપનાર છે એમ નથી, ભગવાન્ પોતે જ ગીતામાં આજ્ઞા કરે છે કે ''અનન્ય ભક્તિવડે જ હું પ્રાપ્ત થઈ શકું છું'' તો પ્રભુની પ્રાપ્તિમાં ભક્તિ જ મુખ્ય છે કેટલાક શુષ્ક જ્ઞાનીઓ પોતે મુક્ત થયા છીએ એમ માની ભગવાન્નિષ્ઠ ભગવદીયોને હસે છે પરન્તુ મિથ્યાભિમાનમાં તણાયેલા એટલું પણ જાણતા નથી કે, ભક્તજનને નિન્દા-સ્તુતિ સર્વ સમાન છે. તેઓને કોઈ પણ વસ્તુમાં ભેદભાવ નથી, કેવળ પ્રભુના પ્રેમમાં જ એકતાન બની ગયેલા છે. એટલે તેમને હસો તો પણ શું ? એમાં હસનારાઓના જ્ઞાનની જ પરીક્ષા થાય છે. તેઓ જ હાસ્યપાત્ર બને છે. પોતે જ પોતાને બ્રહ્મ માની અભેદ દર્શાવી ભેદને સિદ્ધ કરે છે.

**મૂલકાલગુણદ્રષ્ટા ||૭૫૭||**

૧. મૂલ-સર્વ પ્રાણી માત્રના આધાર ભૂતકાલમાં ઉત્પત્તિ સ્થિતિ નાશ કરવા સારુ સાત્વિક, રાજસ અને તામસ ગુણોના દ્રષ્ટા-જોનાર.

૨. સર્વના મૂલભૂત શ્રીકૃષ્ણના જન્મ સમયે કાલના શ્રેષ્ઠ ગુણોને દર્શાવનાર-પ્રેરણા કરનાર એવા પ્રભુ.

**નયનાન્દભાજનમ્ ।।૭૫૮।।**

પ્રગટ થયેલા ભગવાન્‌ના દર્શનથી વસુદેવનાં નયનોને આનન્દ પ્રાપ્ત કરાવનાર અર્થાત્ વસુદેવનાં નેત્રોને આનન્દના સ્થાનરૂપ શ્રીકૃષ્ણ ભગવાન્.

**વસુદેવસુખાબ્ધિશ્ચ દેવકીનયનામૃતમ્ ।**

**પિતૃમાતૃસ્તુતઃ પૂર્વસર્વવૃત્તાન્તબોધકઃ ।।૧૫૬।।**

**વસુદેવસુખાબ્ધિઃ ।।૭૫૯।।**

૧. વસુદેવને હર્ષથી થનાર સુખનાં સાગરરૂપ.

૨. વસુદેવને સ્નાન કરવા સારુ હર્ષરૂપ સમુદ્ર જેમનાથી છે એવા પ્રભુ.

**દેવકીનયનામૃતમ્ ।।૭૬૦।।**

૧. દુઃખમાં સન્તાપ પામતાં શ્રીદેવકીજીનાં નેત્રોને અત્યન્ત શીતલ કરનાર અમૃતરૂપ.

૨. દેવકીજીનાં ચક્ષુઓને જેમનાથી અમૃત છે-સુખ છે એવા પ્રભુ.

**પિતૃમાતૃસ્તુતઃ ।।૭૬૧।।**

૧. પિતા અને માતા (વસુદેવ-દેવકીજી)એ જન્મ સમયે જેમની સ્તુતિ કરી છે એવા.

૨. પિતા સહિત માતાએ જેમની સ્તુતિ કરી છે એવા.

૩. પ્રથમ પિતાએ પછી માતાએ જેમની સ્તુતિ વિજ્ઞપ્તિ કરી છે એવા શ્રીકૃષ્ણ પ્રભુ.

**પૂર્વસર્વવૃત્તાન્તબોધકઃ ।।૭૬૨।।**

માતા-પિતા વદુદેવ-દેવકીજીને પૂર્વજન્મમાં સમ્પૂર્ણ વૃત્તાન્તનો બોધ કરનાર પૂર્વ જન્મનાં કરેલાં તપ આદિની સમાપ્તિને જણાવનાર.

વસુદેવ અને દેવકી પૂર્વના બે જન્મમાં ભગવાન્‌ની અત્યન્ત તપશ્ચર્યા કરી ભગવત્સદશ પુત્રની અભિલાષા કરવા લાગ્યાં અને તેવા વરદાનની માગણી કરી. જેથી એ બન્ને જન્મોમાં ભગવાન્ અંશરૂપે તેમને ત્યાં પ્રકટ થયા હતા. પરન્તુ તેમની તપશ્ચર્યાના પ્રમાણમાં કાંઈ વિશેષ આનન્દ થયેલો નહિ માટે આ તેમના ત્રીજા જન્મમાં પોતે પૂર્ણ રીતે પ્રકટ થઈ અપૂર્વ ભગવદાનન્દ આપવાને જ પ્રભુએ તેમને પૂર્વનું સર્વ વૃતાન્ત બોધ કરી દર્શાવ્યું છે. અપૂર્વ પરમ આનન્દમય પોતાના સ્વરૂપનો તે બન્નેને અનુભવ કરાવ્યો છે.

**ગોકુલાગતિલીલાપ્ત-વસુદેવકરસ્થિતિઃ ।।**

**સર્વેશત્વપ્રકટનો માયાવ્યત્યયકારકઃ ।।૧૫૭।।**

**ગોકુલાગતિલીલાપ્તવસુદેવકરસ્થિતિઃ ।।૭૬૩।।**

૧. ગોકુલમાં લીલા કરવાને પધારવા માટે આપ્ત પ્રિયજન વસુદેવજીના કર-હાથમાં

સ્થિતિ કરનાર.

૨. ગોકુલને ગતિ પમાડવા, લીલા કરવા જેવા શ્રીબાલકૃષ્ણ પ્રભુ.

**સર્વેશત્વપ્રકટનઃ ||૭૬૪||**

૧. સર્વને નિયમમાં રાખવાના સામર્થ્યબલને પ્રકટ કરનાર.

૨. સર્વ આશ્ચર્યને પ્રકટ કરનાર.

**માયાવ્યત્યયકારકઃ ||૭૬૫||**

માયા-યોગમાયા (શ્રીગોકુલમાં શ્રીયશોદાજીના ઉદરથી પ્રકટ થયેલાં પુત્રી) ના સ્થાનનો ફેરફાર કરનાર એવા પ્રભુ.

**જ્ઞાનમોહિતદુષ્ટેશઃ પ્રપઞ્ચાસ્મૃતિકારણમ્ ||**
**યશોદાનન્દનો નન્દભાગ્યભૂગોકુલોત્સવઃ ||૧૫૮||**

**જ્ઞાનમોહિતદુષ્ટેશઃ ||૭૬૬||**

દેવકીજીના અષ્ટમ ગર્ભનો જન્મ શ્રવણ કરી ''આ કાળ છે'' એમ જ્ઞાન થવાથી દુષ્ટ કંસ રાજાને મોહિત વિહ્વલ (આકુલ-વ્યાકુલ) કરનાર એવા શ્રીપૂર્ણ પુરુષોત્તમ.

**પ્રપઞ્ચાસ્મૃતિકારણમ્ ||૭૬૭||**

યશોદાજીને (પોતાને પુત્ર અવતર્યો કે તેનું જ્ઞાન ન રહે તેવા પ્રકારની) અસ્મૃતિ-વિસ્મૃતિના કારણરૂપ ભગવાન્.

પ્રભુએ યશોદાજીને ભાન ન રહે તેવી વિસ્મૃતિ આપવાથી જ વસુદેવજી પુત્રીને લઈ પુત્ર સ્થાપન કરી ગયા તેનું ભાન ન રહ્યું તેથી જ પ્રપઞ્ચમાં વિસ્મૃતિ થવાના કારણરૂપ પ્રભુ એમ અહિં જણાવ્યું છે.

**યશોદાનન્દનઃ ||૭૬૮||**

૧. યશોદાજીને આનન્દ આપનાર.

૨. યશોદાજીના સર્વ મનોરથોને પરિપૂર્ણ કરી સમૃદ્ધિ આપનાર.

**નન્દભાગ્યભૂગોકુલોત્સવ ||૭૬૯||**

૧. શ્રીનન્દરાયજીની ભાગ્યરૂપ ભૂમિ શ્રીગોકુલમાં આનન્દરૂપ-ઉત્સવરૂપ.

૨. શ્રીનન્દરાયજીની ભાગ્યભૂમિ શ્રીગોકુલમાં આનન્દ-ઉત્સવને પ્રવર્તાવનાર.

૩. શ્રીનન્દરાયજીના ભાગ્ય નિમિત્ત ભૂમિ-પૃથ્વીમાં તથા શ્રીગોકુલમાં જેમનાથી આનન્દ પ્રાપ્ત થાય છે, તેવા પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર.

**નન્દપ્રિયો નન્દસૂનુર્યશોદાયાઃ સ્તનન્ધયઃ ||**

## પૂતનાસુપયઃપાતા મુગ્ધભાવાતિસુન્દરઃ ॥૧૫૯॥

### નન્દપ્રિયઃ ॥૭૭૦॥

૧. નન્દરાયજીને અત્યન્ત પ્રિય એવા.
૨. નન્દરાયને અનેક કામનાઓથી પરિપૂર્ણ કરનાર.

### નન્દસૂનુઃ ॥૭૭૧॥

નન્દરાયજીના સૂનુ-પુત્ર.

### યશોદાયાસ્તનન્ધયઃ ॥૭૭૨॥

યશોદાજીના સ્તનોને ધાવનાર.

### પૂતનાસુપયઃપાતા ॥૭૭૩॥

૧. પૂતના રાક્ષસીના પ્રાણો અને દૂધને પાન કરનાર-પીનાર.
૨. પૂતના રાક્ષસીના ઉદરમાં રહેલા પ્રાણો સહિત દૂધનું પાન કરનાર એવા ભગવાન્ શ્રીકૃષ્ણ.

### મુગ્ધભાવાતિસુન્દરઃ ॥૭૭૪॥

મુગ્ધભાવ-બાલ્ય ભાવ (ભયભીતપણું, સમજણ રહિતપણું વગેરે) વડે અત્યન્ત સુન્દર-અત્યન્ત શોભાવાન એવા પ્રભુ.

પયનું પાન કરતાં પૂતનાના પ્રાણોને આકર્ષણ કરી તેના ભયંકર શરીર પર ક્રીડા કરતી વખતના ભય અને આહ્લાદજનક ચિત્રને ઉદ્દેશી આ નામ જણાવેલું છે.

## સુન્દરીહૃદયાનન્દો ગોપીમન્ત્રાભિમન્ત્રિતઃ ॥
## ગોપાલાશ્ચર્યરસકૃત્ શકટાસુરખણ્ડનઃ ॥૧૬૦॥

### સુન્દરીહૃદયાનન્દઃ ॥૭૭૫॥

વ્રજસુન્દરીઓના હૃદયોમાં આનન્દરૂપ, વ્રજવનિતાઓનાં હૃદયોમાં જેમનાથી આનન્દ પ્રાપ્ત થાય છે એવા પરમાત્મા.

જ્યારથી ભગવદ્પ્રાદુર્ભાવ શ્રીગોકુલમાં થયો છે, ત્યારથી જ વ્રજઅંગના ઓનાં અન્તઃકરણમાં આનન્દનો મહોદધિ-સુખનો સાગર ઊછળી રહ્યો છે. એમ સ્પષ્ટ ભાગવતના આ સ્કન્ધમાં જણાવેલું છે.

### ગોપીમન્ત્રાભિમન્ત્રિત ॥૭૭૬॥

ગોપી સમ્બન્ધી મન્ત્રો વડે ચોમેરથી રક્ષણ પામેલા-રક્ષાયેલા.

પૂતનાનો વધ કર્યા પછી સર્વ ગોપીજનોએ એકત્ર થઈ ભગવાન્ની રક્ષા **'અવ્યાદજોંઘ્રિમણિમાન્'** વગેરે મન્ત્રોથી કરેલી છે. તેને ઉદ્દેશી ગોપીજનો વડે

રક્ષાયેલા પ્રભુ એમ કહે છે.

## ગોપાલાશ્ચર્યરસકૃત્ ।।૭૭૭।।

સર્વ ગોપાલોને આશ્ચર્યજનક રસ ઉત્પન્ન કરનાર.

પારણામાં પોઢેલા શિશુરૂપ આપે પોતાના એક ચરણને ઊંચો કરી શકટને ઊંધું કર્યું અને તે રૂપમાં રહેલા શકટાસુરનો નાશ કર્યો છે. બાલક છતાં આવું અદ્‌ભુત કર્મ કરવાથી સર્વ નન્દાદિ ગોપોને ઘણું આશ્ચર્ય પ્રકટ થયું છે. માટે અહિં સર્વ ગોપોને આશ્ચર્યકારક રસ ઉત્પન્ન કરનાર એવા શ્રીકૃષ્ણ એમ નામનો પ્રકાશ કરે છે.

## શકટાસુરખણ્ડન ।।૭૭૮।।

શકટ-ગાડાના રૂપમાં રહેલા માયાવી દૈત્યના ટુકડે-ટુકડા કરનાર.

શકટના રૂપમાં દૈત્ય જ હતો. જો એમ ન હોય તો શ્રીનન્દરાયજીને સમૃદ્ધિને વધારવા પધારેલા પ્રભુ શકટમાં રહેલાં દૂધ-દધિ-માખણ વગેરેનો વૃથા નાશ કરે નહિ. કેમ કે એથી નન્દરાયની સમૃદ્ધિ વધારવાને બદલે ઊલટી ઘટાડાય છે, માટે અહિં શકટરૂપે રહેલા દૈત્યનો નાશ કરનાર એમ સત્ય પ્રતિપાદન કરેલું છે.

**નન્દવ્રજજનાનન્દી નન્દભાગ્યમહોદયઃ ।।**
**તૃણાવર્તવધોત્સાહો યશોદાજ્ઞાનવિગ્રહઃ ।।૧૬૧।।**

## નન્દવ્રજજનાન્દી ।।૭૭૯।।

શ્રીનન્દરાયજીને તથા વ્રજનિવાસી જનોને આનન્દ પ્રકટ કરનાર પ્રભુ.

## નન્દભાગ્યમહોદયઃ ।।૭૮૦।।

નન્દરાયજીના ભાગ્યનો મહાન ઉદય-પૂર્ણ પ્રકાશને કરનાર તેમના ભાગ્યના મહાન ઉદયરૂપ શ્રીકૃષ્ણ.

ભગવાન્‌નો સારી રીતે સમ્બન્ધ થયા સિવાય આવી રીતે ભાગ્યનો મહાન ઉદય કોઈને પણ સમ્ભવતો નથી. પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્રને ઉત્સંગમાં રમાડનાર, તેમનું લાલન-પાલન કરનાર વ્રજરાજ નન્દરાયજી ભૂરિ ભાગ્યવાન હોય એમાં શું આશ્ચર્ય છે. અનેક જન્મની સંસિદ્ધિથી ભગવત્કૃપા થયે જ આવું ઉત્તમ ફલ પ્રાપ્ત થાય છે.

## તૃણાવર્તવધોત્સાહઃ ।।૭૮૧।।

૧. વા વંટોળિયાના સ્વરૂપે આવેલા માયાવી તૃણાવર્ત દૈત્યનો વધ-નાશ કરવામાં ઉત્સાહ-ઉત્કણ્ઠા ધરાવનાર.
૨. વ્રજવાસીજનોને તૃણાવર્તનો વધ કરી ઉત્સાહ-આનન્દ ઉત્સવ આપનાર પરમાત્મા.

## યશોદાજ્ઞાનવિગ્રહઃ ||૭૮૨||

યશોદાજીને જ્ઞાન થવા સારુ પોતાના સ્વરૂપનો પ્રકાશ કરનાર એવા પ્રભુ.

આપે બગાસું આવતાં શ્રીયશોદાજીને પોતાનું મુખકમલ વિપુલ કરી સકલ વિશ્વમય વૈરાટ દેહનો પ્રકાશ કરાવ્યો છે. જેથી શ્રીયશોદાજીને ભગવત્સ્વરૂપનું જ્ઞાન થયું છે એમ આ સ્કન્ધના પૂર્વાર્ધમાં સ્પષ્ટ છે. જેથી યશોદાજીને જ્ઞાન થવા પોતાના સ્વરૂપને દર્શાવનાર પ્રભુ એમ ઉપદેશે છે.

**બલભદ્રપ્રિયઃ કૃષ્ણઃ સંકર્ષણસહાયવાન્ ||**
**રામાનુજો વાસુદેવો ગોષ્ઠાંગણગતિપ્રિયઃ ||૧૬૨||**

## બલભદ્રપ્રિયઃ ||૭૮૩||

૧. બલ વડે ભદ્રપ્રિય-કુશલ અર્થાત્ મંગલરૂપ.
૨. બલદેવજીને પ્રિય લાગનાર.
૩. બલદેવજી (પોતાના વડીલબન્ધુ) જેમને બહુ પ્રિય છે એવા શ્રીપુરુષોત્તમ શ્રીકૃષ્ણ.

## કૃષ્ણઃ ||૭૮૪||

૧. શત્રુઓને રણરંગભૂમિમાં આકર્ષણ કરનાર.
૨. ગોપબાળકોની સાથે રમણ કરતાં ગાયોના ટોળામાં વાછડાનાં પૂછડાં પકડીને ખેંચનાર.
૩. કૃષ્ણ-ઘનશ્યામ વર્ણ હોવાથી કૃષ્ણનામનું વિવેચન પ્રથમના નામમાં સ્પષ્ટ રીતે કરેલું છે. એટલે અહિં ફરીથી કથન કરતા નથી. ત્યાં જોવાથી અવગત થશે.

## સંકર્ષણસહાયવાન્ ||૭૮૫||

૧. સારી રીતે શત્રુઓને આકર્ષણ કરે, ખેંચે તે સંકર્ષણ કહેવાય છે. અર્થાત્ સંકર્ષણ બલદેવજીને જેમને સહાયભૂત છે એવા.
૨. સંકર્ષણ બલદેવને સહાય કરનાર પરમાત્મા.

## રામાનુજઃ ||૭૮૬||

લોકોને રમણ કરાવનાર તે રામ અર્થાત્ રામ-બલરામના નાના ભાઈ કનિષ્ઠ બંધુ એવા પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર.

## વાસુદેવઃ ||૭૮૭||

૧. વસુદેવના પુત્ર હોવાથી વાસુદેવ.
૨. અખિલ બ્રહ્માણ્ડમાં સર્વત્ર વ્યાપીને રહેનાર.
૩. સર્વને નિવાસસ્થાન આપી અન્ન વસ્ત્રાદિક વડે આચ્છાદન કરનાર; તેમનું

ભરણ-પોષણ કરનાર.

૪. પોતે સર્વભૂતમાત્રના હૃદયવાસમાં નિવાસ કરી શોભનાર, ક્રીડા કરનાર, વિજય મેળવનાર, વ્યવહાર કરનાર અને શિક્ષા આપનાર તે વાસુદેવ.

શ્રીકૃષ્ણનું 'વાસુદેવ' એવું નામ થવાના કારણમાં એક સ્મૃતિ જણાવે છે કે "**સર્વભૂતાધિવાસશ્ચ વાસુદેવસ્તતઃ સ્મૃતઃ**" સર્વ પ્રાણીમાત્રનાં અન્તરમાં નિવાસ કરવાથી પ્રભુને વાસુદેવ કહે છે. તથા વિષ્ણપુરાણમાં

**"સર્વાણિ તત્ર ભૂતાનિ વસન્તિ પરમાત્મનિ**
**ભૂતેષુ ચ સ સર્વાત્મા વાસુદેવ ઈતિ સ્મૃતઃ"**

સકલ ભૂત પ્રાણીમાત્ર તે પરમાત્મામાં નિવાસ કરીને રહે છે, અને પરમાત્મા તે સર્વત્ર વાસ કરી રહેલા છે જેથી સર્વાત્મા પરમાત્માને આ સર્વ લોકમાં વાસુદેવ કહી સ્મરણ કરાય છે. એમ મહાભારતમાં તથા અનેક સ્થળે ઉપર પ્રમાણે જ વાસુદેવ સંજ્ઞા થવાના હેતુઓ દર્શાવ્યા છે. પરન્તુ વિસ્તૃત થવાના ભયથી આટલેથી જ વિરામ પામીએ છીએ.

## ગોષ્ઠાંગણગતિપ્રિયઃ ॥૭૮૮॥

૧. ગોષ્ઠ ગૌશાલાના આંગણામાં ગતિ ઘૂંટણિયા ખેંચી ચાલવાનું જેમને બહુ પ્રિય છે એવા.

૨. ગૌશાલાના આંગણામાં ઢીંચણીયે ચાલવાની ગતિથી વ્રજનિવાસી જનોને અધિક પ્રિય લાગતા એવા શ્રીગોકુલચન્દ્ર પ્રભુ.

**કિંકિણીરવભાવજ્ઞો વત્સપુચ્છાવલમ્બનઃ ॥**
**નવનીતપ્રિયો ગોપીમોહસંસારનાશકઃ ॥૧૬૩॥**

## કિંકિણીરવભાવજ્ઞઃ ॥૭૮૯॥

કિંકિણી અલંકારની ઝીણી-ઝીણી ઘૂંઘરીઓમાં થતા શબ્દના ભાવને જાણનાર.

અહિં એવો ભાવ લેવાનો છે કે, જેમ વાઘને અનુસરી નૃત્યકાર નૃત્ય કરે છે, તેમ પરમાત્મા કિંકિણીના અવાજને અનુસરી પોતે નૃત્ય કરો છો. એટલે કિંકિણીમાં થતા ભાવમય સત્ય સૂરોને અનુસરીને આપ નૃત્ય કરો છો. એમ બાલ્યાવસ્થામાં પણ આપે સર્વ નિજજનોને અદ્‌ભુત ચાતુર્ય દર્શાવી તેમને બાલભાવનો આનન્દ અર્પણ કર્યો છે. એ વ્રજવાસીઓનાં અહોભાગ્ય છે.

## વત્સપુચ્છાવલમ્બનઃ ॥૭૯૦॥

વત્સો-વાછડાંઓનાં પૂછડાંઓને ગ્રહણ કરી તેમની પાછળ-પાછળ ગતિ કરનાર-ચાલનાર.

**નવનીતપ્રિયઃ ||૭૯૧||**

નવનીત-માખણ જેમને ઘણું જ પ્રિય-વહાલું છે એવા નન્દનન્દ શ્રીકૃષ્ણ.

**ગોપીમોહસંસારનાશકઃ ||૭૯૨||**

ગોપીજનોને બાલલીલાનાં દર્શનથી જે મોહ થયો, તેવા મોહથી જ સંસાર-અહન્તામમતાત્મક ભાવને નાશ કરનાર.

ભગવાન્ બાલલીલામાં મુગ્ધ બની ગયેલાં વ્રજાંગનાઓ સંસારનું ભાન ભૂલી ગયાં અને બાલક-શ્રીકૃષ્ણમાં જ તલ્લીન થઈ ગયાં. જેથી અહિં ગોપીજનોના સંસારને નાશ કરનાર પ્રભુ એમ કહે છે.

**ગોપબાલકભાવજ્ઞઃ ચૌર્યવિદ્યાવિશારદઃ ||**

**મૃત્સ્નાભક્ષણલીલાસ્યમાહાત્મ્યજ્ઞાનદાયકઃ ||૧૬૪||**

**ગોપબાલકભાવજ્ઞઃ ||૭૯૩||**

ગોપબાલકના ભાવને જાણનાર.

આજ અમુક ઘેર ચોરી કરીને માખણ ખાઈએ તો સારું એવા સર્વ ગોપબાલકોનાં અન્તરમાં ઉદ્ભવતા ભાવો-વિચારો-ઈચ્છાઓ તેને સારી રીતે આપ જાણી જતા હતા, અને તે જ પ્રમાણે કરી ગોપબાલકોની સાથે રમણ-ખેલ કરતા હતા. માટે તેમના ભાવને જાણનાર ભગવાન્ એમ કહે છે.

**ચૌર્યવિદ્યાવિશારદઃ ||૭૯૪||**

ચોરી કરવાની વિદ્યામાં નિપુણ-ચતુર કુશળ એવા શ્રીવ્રજપતિ આનન્દઘન પુરુષોત્તમ.

**મૃત્સ્નાભક્ષણલીલાસ્યમાહાત્મ્યજ્ઞાનદાયકઃ ||૭૯૫||**

''શ્રીકૃષ્ણે માટી ખાધી'' એમ ગોપબાલકોની વાણી સાંભળીને શ્રીયશોદાજીએ મુખ જોવા સારું શ્રીકૃષ્ણને કહ્યું ત્યારે મૃત્તિકાભક્ષણરૂપ લીલા વડે યુક્ત વદનારવિન્દને ખુલ્લું કરી શ્રીયશોદાજીને પોતાના મુખમાં અખિલ બ્રહ્માણ્ડ દર્શાવી સ્વમાહાત્મ્યનું જ્ઞાન આપનાર એવા પ્રભુ.

**ધરાદ્રોણપ્રીતિકર્તા દધિભાણ્ડવિભેદનઃ ||**

**દામોદરો ભક્તવશ્યો યમલાર્જુનભઞ્જનઃ ||૧૬૫||**

**ધરાદ્રોણપ્રીતિકર્તા ||૭૯૬||**

ધરા રૂપ યશોદાજી, વસુમાં મુખ્ય એવા દ્રોણરૂપ નન્દરાયજી, એ બન્નેને પ્રીતિ-પ્રેમ કરનાર-ઉપજાવનાર પ્રભુ.

**દધિભાણ્ડવિભેદન: ||૭૯૭||**

મન્થન કરવામાં દહીંના પાત્રને-ગોળીને રીસમાં વિશેષ કરી ભાંગી નાખનાર-ફોડી નાખનાર.

**દામોદર: ||૭૯૮||**

૧. દામ-દોરડું જેના ઉદર ઉપર વિરાજે છે એવા.
૨. દમ-ઈન્દ્રિયોનું દમન કરવું વગેરે સાધનોથી ઉદાર-સર્વોત્કૃષ્ટ-શ્રેષ્ઠ બનેલી-નિર્મલ થયેલી બુદ્ધિ વડે પ્રાપ્ત થઈ શકે તેવા શ્રીકૃષ્ણ પ્રભુ.

જ્યારે દધિમન્થનની ગોળી પોતાને સ્તનપાન ન કરાવ્યું તેની રીસમાં શ્રીકૃષ્ણે ફોડી નાખી, ત્યારે કુપિત બની યશોદાજી દોરડાથી તેમને બાંધવાનો પ્રયત્ન કરવા લાગ્યાં; એ કથાને ઉદ્દેશીને અહિં દામોદર સંજ્ઞા પ્રભુને આપેલી છે. વળી પ્રમાણો પણ જણાવે છે. બ્રહ્મપુરાણમાં કહે છે કે :

**''તયોર્મધ્ય ગતં બદ્ધં દામ્ના ગાઢં તથોદરે,**
**તતશ્ચ દામોદરતાં સ યયૌ દામબન્ધનાત્''**

(તે બાલક શ્રીકૃષ્ણના મધ્યભાગમાં બન્ધન આવવાથી, તેમ ઉદરમાં સજ્જડ રીતે દોરનું બન્ધન લાગુ થવાથી, આપ દોરનું બન્ધન પામવાને લીધે દામોદર સંજ્ઞાને પામેલા છે. વ્યાસ ભગવાન્ પણ પ્રકારાન્તરથી જણાવે છે કે :

**''દામાનિ લોકનામાનિ તાનિ યસ્યોદરાન્તરે,**
**તેન દામોદરો દેવઃ શ્રીધરત્વં સમાશ્રિતઃ''**

(ચૌદ લોક સંજ્ઞક દામ-દોર જેમના ઉદરમાં વિરાજે છે. તેથી તેમને 'દામોદર' એવા પ્રભુ એમ કથન કરવામાં આવે છે.) વગેરે પ્રમાણોથી શ્રીકૃષ્ણનું 'દામોદર' એવું અભિધાન સિદ્ધ જ છે.

**ભક્તવશ્ય: ||૭૯૯||**

ભક્તને વશ-આધીન થઈ રહેનારા.

શ્રીયશોદાજી પ્રભુને દોરડાથી વારંવાર બાંધતા છતાં બંધાયા નહિ, પરન્તુ પછી તેમને બહુ શ્રમિત થયેલાં જાણી કૃપાનિધિ પ્રભુ તત્કાલ સરલ રીતે બંધાઈ ગયા. એ પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ બ્રહ્માદિક જેમની સ્તુતિ કરે છે છતાં શ્રીયશોદાજીને વશ બની ગયા. એ અન્ય કાંઈ જ નહિ પણ આપે જગતમાં હું આવો ભક્તને આધીન-વશીભૂત છું એમ સ્પષ્ટ ભક્તપ્રિયતા દર્શાવી છે.

**યમલાર્જુનભઞ્જન: ||૮૦૦||**

જોડે-જોડે ઊગેલાં બે સાદડ વૃક્ષોને ભાંગી નાખનાર.

**બૃહદ્‌વનમહાશ્ચર્યો વૃન્દાવનગતિપ્રિયઃ ।।**
**વત્સઘાતી બાલકેલિર્બકાસુરનિષૂદનઃ ।।૧૬૬।।**

## બૃહદ્‌વનમહાશ્ચર્ય ।।૮૦૧।।

૧. મહાવનમાં મહાન આશ્ચર્ય કર્મ કરનાર.
૨. મહાવનમાં કરેલાં કર્મથી વ્રજવાસીઓને અત્યન્ત આશ્ચર્ય કરનાર પ્રભુ.

મહાવન-વ્રજભૂમિમાં પૂતનાવધ, શકટખંડન, તૃણાવર્તનાશ, યમલાર્જુન-ભઞ્જન, આદિ અનેક આશ્ચર્યજનક કર્મો બાલ્યાવસ્થામાં જ આપે કરેલાં છે. એમ આ સ્કન્ધના પૂર્વાર્ધમાં સ્પષ્ટ દર્શાવ્યું છે. જેથી અહિં મહાન વિસ્મયકારક તેમ વ્રજવાસીઓને ઘણું જ આશ્ચર્ય થાય તેવાં કર્મ કરનાર પ્રભુ એમ જણાવે છે.

## વૃન્દાવનગતિપ્રિયઃ ।।૮૦૨।।

૧. વૃન્દાવનમાં ગતિ કરવાનું-જવાનું જે મને ઘણું પ્રિય છે એવા.
૨. વૃન્દાવનમાં ગતિ-ક્રીડા-લીલા કરવાનું જેમનો પ્રીતિ ઉપજાવનાર છે એવા શ્રીવૃન્દાવનેન્દુ ભગવાન્ શ્રીકૃષ્ણ.

## વત્સઘાતી ।।૮૦૩।।

વત્સનું રૂપ ધારી આવેલા મદોન્મત્ત દૈત્યને બલદેવજી દ્વારા નાશ કરનાર-મારનાર પ્રભુ.

## બાલકેલિઃ ।।૮૦૪।।

૧. ગોપબાલકોની સાથે ક્રીડા-રમત કરનાર.
૨. (જગન્નિયન્તા પરમાત્મા આપ છો છતાં) લૌકિક બાલક જેવી જેમની-ક્રીડા છે એવા શ્રીપૂર્ણ પુરુષોત્તમ પ્રભુ.

## બકાસુરનિષૂદનઃ ।।૮૦૫।।

બગલાના રૂપને ધારણ કરનાર, બકાસુર દૈત્યનો સારી રીતે વિનાશ કરનાર.
(અહીંથી ક્ષેપક અધ્યાયમાં રહેલાં ભગવન્નામો જણાવે છે.)

**અરણ્યભોક્તાપ્યથવા બાલલીલાપરાયણઃ ।।**
**પ્રોત્સાહજનકશ્ચૈવમ્ અઘાસુરનિષૂદનઃ ।।૧૬૭।।**

## અરણ્યભોક્તા ।।૮૦૬।।

અરણ્ય-ગાયોને ચરવવાના વનમાં સ્થિતિ કરી ભોજન કરનાર શ્રીકૃષ્ણ.

## બાલલીલાપરાયણઃ ।।૮૦૭।।

૧. બાળક સમાન (સવારનું ભોજન વનમાં કરવારૂપ) ક્રીડા કરવામાં તત્પર-તૈયાર

રહેનાર.
૨. બાલકોની લીલા પરિપૂર્ણ કરવા જેમનું ગમન છે એવા.
૩. બાલલીલા એ જ જેમનું ઉત્કૃષ્ટ-સર્વોત્તમ સ્થાન છે એવા શ્રીગોપાલ પરમાત્મા.

**પ્રોત્સાહજનકઃ ||૮૦૮||**

ગોપબાલકોમાં રમત કરતાં-કરતાં ''હું પહેલો હું પહેલો'' વગેરે શબ્દોથી અત્યન્ત ઉત્સાહ-ઉમંગ-ઊલટને ઉત્પન્ન કરનાર એવા પ્રભુ.

**અઘાસુરનિષૂદનઃ ||૮૦૯||**

અજગરના દેહને ધારણ કરવાવાળા અઘાસુરી દૈત્યને નષ્ટ કરનાર.

**વ્યાલમોક્ષપ્રદઃ પુષ્ટો બ્રહ્મમોહપ્રવર્ધનઃ ||**
**અનન્તમૂર્તિઃ સર્વાત્મા જંગમસ્થાવરાકૃતિઃ ||૧૬૮||**

**વ્યાલમોક્ષપ્રદઃ ||૮૧૦||**

અજગર દેહધારી અઘાસુરને ઉત્તમ પ્રકારે મોક્ષ આપનાર-નિજધામમાં અંગીકાર કરી મુક્તિ-જન્મ-મરણ રહિત કરનાર.

**પૃષ્ઠ ||૮૧૧||**

અજગર રૂપવાળા અઘાસુરના ગળામાં મુખથી પ્રવેશ કરી અત્યન્ત વૃદ્ધિ પામનાર એવા શ્રીપુરુષોત્તમ.

**બ્રહ્મમોહપ્રવર્ધનઃ ||૮૧૨||**

ચતુર્મુખ બ્રહ્માને મહામોહ વધારનાર.

ગોપબાલકો સહ વર્તમાન હાથમાં અનેક વસ્તુઓ લઈ ભોજન કરતાં ગોધન દૂર ચાલ્યું ગયું. એટલે સર્વ ગોપબાલોને ધૈર્ય આપી આપ શ્રીકૃષ્ણ હસ્તકમલમાં દહીં અને ભાતના કોળિયા સહિત જ ગોધનને પાછું વાળવા પધાર્યા. પરન્તુ બ્રહ્માજીએ એ ગોધનને તથા સર્વ બાલકોએ પોતાની યોગશક્તિ વડે અદશ્ય કરી નિદ્રાધીન બનાવી દીધા, એટલે પોતાને મોહ પમાડવા આવેલા બ્રહ્માજીને મોહ પમાડવા જેટલા વત્સો, જેટલાં બાલકો વગેરે હતાં તેટલાં અને તેવાં જ રૂપો ધારણ કરી બ્રહ્માને પણ મુગ્ધ-દિગ્મૂઢ-સ્તબ્ધ બનાવી દીધા. એ આ સ્કન્ધના તેરમા અધ્યાયના આખ્યાનને ઉદ્દેશી બ્રહ્મદેવને મોહ વધારનાર શ્રીકૃષ્ણ ભગવાન્ એમ કથન કરે છે. (મોહ પમાડવા કેવી રચના કરી હતી તેનાં નામો ઉપદેશે છે.)

**અનન્તમૂર્તિઃ ||૮૧૩||**

અનન્ત-સઙ્ખ્યા ન કરી શકાય, તેટલી જેમની વત્સો તથા ગોપાલોની

મૂર્તિઓ છે એવા શ્રીકૃષ્ણ.

(પ્રથમ ભગવાન્નું બાહ્ય સ્વરૂપ ઉપરના નામથી જણાવી હવે સર્વાન્તરયામી સ્વરૂપ કહે છે.)

**સર્વાત્મા ॥૮૧૪॥**

સર્વના અન્તર્યામી-સર્વના આત્મારૂપ.

**જંગમસ્થાવરાકૃતિઃ ॥૮૧૫॥**

જંગમ-ગોપબાલકો તથા વત્સ વગેરે. અને સ્થાવર વસ્ત્ર આભરણ લાકડીઓ શીકાં વાદ્યો વગેરે, એ સર્વ સ્થાવર-જંગમ આકૃતિઓ સ્વરૂપોને ધારણ કરનાર ભગવાન્ શ્રીપુરુષોત્તમ.

**બ્રહ્મમોહનકર્તા ચ સ્તુત્ય આત્મા સદાપ્રિયઃ ॥**
**પૌગણ્ડલીલાભિરતિર્ગોચારણપરાયણઃ ॥૧૬૯॥**

**બ્રહ્મમોહનકર્તા ॥૮૧૬॥**

લક્ષ્મીનું મોહન-વિતર્ક અર્થાત્ ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રનું ન જાણી શકાય, ન વિચારી શકાય તેવું અપરિમિત ઐશ્વર્ય છે, એવા પ્રકારનો વિતર્ક તે મોહન ગણાય છે. બ્રહ્માજીને તેવા પ્રકારનું મોહન કરનાર.

અહિં એવી શંકા ઊઠે છે. ''૮૧૨ બ્રહ્મમોહપ્રવર્ધનઃ'' એવું નામ કહી પછીથી આ નામનું કથન કરવામાં એક જ અર્થ જેવું હોવાથી પુનરુક્તિ દોષ થાય છે ! તેના પ્રત્યુત્તરમાં કથન કરવાનું કે પ્રથમનું '૮૧૨'મું નામ મોહ પમાડવાના અર્થમાં છે. અને આ '૮૧૬'મું નામ તો મોહ પમાડનાર નહિ, પરન્તુ મોહથી થયેલા ફલને-લાભને સૂચવનાર છે. એટલે મોહ પામવાને લીધે જ પ્રભુના અપરિમિત આશ્ચર્યના દર્શનનો લાભ-ફલ બ્રહ્મદેવને થયેલો છે, એ પ્રથમના તાત્પર્યથી કેવલ ભિન્ન જ છે, જેથી ફલિતાર્થ હોવાને લીધે પુનરુક્તિ દોષ થતો નથી.

**સ્તુત્યઃ ॥૮૧૭॥**

બ્રહ્મદેવ વડે સ્તુતિ-સ્તવન કરવા યોગ્ય.

**આત્મા ॥૮૧૮॥**

સર્વ દેહધારીઓના આત્મારૂપ પરમાત્મા શ્રીકૃષ્ણ.

**સદાપ્રિયઃ ॥૮૧૯॥**

સર્વકાલમાં સર્વને પ્રિય લાગે તેવા.

(વધારેલા ક્ષેપક અધ્યાય ઉપરથી કહેલાં નામો પૂરાં થયાં.)

**પોગણ્ડલીલાભિરતિઃ ||૮૨૦||**

સાત વર્ષથી અગિયારમાં વર્ષ સુધીની અવસ્થાને પૌગણ્ડાવસ્થા કહે છે. તે પૌગણ્ડાવસ્થાની લીલા-ક્રીડા વડે સર્વ સ્થાનમાં રમણ કરનાર.

**ગોચારણપરાયણઃ ||૮૨૧||**

૧. સ્વચ્છ અને સુન્દર ચારા, જલ વગેરેથી ગાયોનું સારી રીતે પોષણ કરવું એ જ જેમનું પરમ-ઉત્તમ સ્થાન છે એવા.
૨. ગાયોનું પોષણ કરવા વડે જ જેમનું અયન-સ્થાન છે એવા, ગાયો, વત્સો ચરાવનાર અન્ય ગોપબાલકો સાથે વૃન્દાવનમાં જેમનું હરવું થાય છે એવા પ્રભુ શ્રીહરિ.

**વૃન્દાવનલતાગુલ્મવૃક્ષરૂપનિરૂપકઃ ||**
**નાદબ્રહ્મપ્રકટનો વયઃપ્રતિકૃતિસ્વનઃ ||૧૭૦||**

**વૃન્દાવનલતાગુલ્મવૃક્ષરૂપનિરૂપકઃ ||૮૨૨||**

વૃન્દાવનની લતાઓ, નાના વૃક્ષો, મોટાં-મોટાં તરુવરો વગેરેમાં જેમનું જેવું રૂપ જેમની જેવી શોભા, જેમની જેવી ફૂલફળ વગેરેની સમ્પત્તિ, તે જ પ્રમાણે ઉત્પ્રેક્ષા કરી બરાબર રીતે વર્ણન કરનાર શ્રીકૃષ્ણ.

**નાદબ્રહ્મપ્રકટનઃ ||૮૨૩||**

નાદ-ગાન એ જ શબ્દબ્રહ્મને પ્રકટ કરનાર પરમાત્મા. નાદ ગાનરૂપ ઓંકાર એ શબ્દબ્રહ્મનું મૂળ છે. ત્યાંથી જ સર્વ શબ્દો પ્રગટ થયા છે. ઓંકાર અક્ષરબ્રહ્મનું સ્વરૂપ છે, અક્ષરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્રનું સ્વરૂપ છે. જેથી શબ્દબ્રહ્મને પ્રકટ કરનાર પ્રભુ શ્રીકૃષ્ણ એમ જણાવે છે.

**વયઃપ્રતિકૃતિસ્વનઃ ||૮૨૪||**

પક્ષીઓના શબ્દો સાંભળી તે જ પ્રમાણે પ્રતિશબ્દો કરનાર બાલકૃષ્ણ પ્રભુ.

**બર્હિનૃત્યાનુકરણો ગોપાલાનુકૃતિસ્વનઃ ||**
**સદાચારપ્રતિષ્ઠાતા બલશ્રમનિરાકૃતિઃ ||૧૭૧||**

**બર્હિનૃત્યાનુકરણઃ ||૮૨૫||**

મોરનાં નૃત્યનું અનુકરણ કરનાર અર્થાત્ મોર જેમ નાચે છે તે પ્રમાણે અનુકરણ કરી નાચનાર શ્રીનટવરવેશધારી શ્રીકૃષ્ણ.

**ગોપાલાનુકૃતિસ્વનઃ ||૮૨૬||**

ગાયોનું પાલન કરનાર ગોપાલોના શબ્દોને અનુસરી શબ્દ કરનાર. તે

પ્રમાણે આચરણ કરનાર ગોપરૂપધારી શ્રીહરિ.

**સદાચારપ્રતિષ્ઠાતા ।।૮૨૭।।**

સત્પુરુષોના આચાર સ્થાપન કરનાર.

સત્પુરુષોનો આચાર એવો હોય છે કે ''કનિષ્ઠ ભ્રાતાએ પોતાના જ્યેષ્ઠ બન્ધુ શ્રમિત થયા હોય તે સમયે તેમના ચરણ ચાંપવા વગેરે સેવા કરવી જોઈએ.'' તો તેવા સદાચારનું સદાચારપણું સ્થાપન કરનાર.

**બલશ્રમનિરાકૃતિઃ ।।૮૨૮।।**

પોતાના વડીલબન્ધુ બલદેવજીના શ્રમને (પગચમ્પી, વાયુ ઢોળી વગેરે કરી) નિવારણ કરનાર.

**તરુમૂલકૃતાશેષતલ્પશાયી સખિસ્તુતઃ ।।**
**ગોપાલસેવિતપદઃ શ્રીલાલિતપદામ્બુજઃ ।।૧૭૨।।**

**તરુમૂલકૃતાશેષતલ્પશાયી ।।૮૨૯।।**

વૃક્ષના મૂલ પાસે ગોપબાલકોએ રચેલી (કોમળ નવપલ્લવ તથા પુષ્પની) શય્યામાં પોઢવાના સ્વભાવવાળા એટલે પર્ણ-પુષ્પની શય્યા-સેજમાં પોઢનાર.

**સખીસ્તુતઃ ।।૮૩૦।।**

સરખા સ્વભાવવાળા સ્નેહી મિત્રજનોએ જેમનું યશોગાન ગાયું છે એવા શ્રીકૃષ્ણ પ્રભુ.

**ગોપાલસેવિતપદઃ ।।૮૩૧।।**

ગોપબાલકોએ પગચમ્પી કરીને જેમના ચરણકમલનું સેવન કર્યું છે એવા ગોવિન્દ ભગવાન્.

**શ્રીલાલિતપદામ્બુજઃ ।।૮૩૨।।**

શ્રી-લક્ષ્મીજીએ સ્નેહપૂર્વક જેમના ચરણારવિન્દોને સેવ્યા છે, એવા મનોહર પરમાત્મા.

**ગોપસમ્પ્રાર્થિતફલદાનનાશિતધેનુકઃ ।।**
**કાલીયફણિમાણિક્યરઞ્જિતશ્રીપદામ્બુજઃ ।।૧૭૩।।**

**ગોપસમ્પ્રાર્થિતફલદાનનાશિતધેનુકઃ ।।૮૩૩।।**

સુદામા તથા સુબલ આદિ ગોપબાલકોએ ભોજન કરવા પ્રાર્થના કરી માગેલા તાડના ઝાડોનાં ફલોને આપી ગર્દભ-ગધેડાના આકારમાં રહેલા ધેનુકાસુર નામના બલવાન દૈત્યનો વિનાશ કરનાર શ્રીકૃષ્ણચન્દ્ર.

## કાલીયફણિમાણિક્યરઞ્જિતશ્રીપદામ્બુજઃ ।।૮૩૪।।

૧. કાલીય નાગના ફણામણ્ડલ પર નૃત્ય કરવાથી તેના મસ્તક ઉપર રહેલા માણેકમણિ વડે લાલ બનેલા અત્યન્ત રમણીય જેમનાં ચરણકમલો છે એવા.
૨. કાલીય નાગની ફણાઓના માણેકથી રક્ત જેમનાં લક્ષ્મી સમ્બન્ધી ચરણો છે એવા કાલીયને દમન કરનાર શ્રીકૃષ્ણ.

**દષ્ટિસઞ્જીવિતાશેષ-ગોપગોગોપિકાપ્રિયઃ ।।**
**લીલાસમ્પીતદાવાગ્નિઃ પ્રલમ્બવધપણ્ડિતઃ ।।૧૭૪।।**

## દષ્ટિસઞ્જીવિતાશેષગોપગોગોપિકાપ્રિયઃ ।।૮૩૫।।

અમૃતમયી દષ્ટિની વૃષ્ટિ વડે સઞ્જીવન કરેલા સમગ્ર ગોપો, ગાયો અને ગોપિકાઓના પ્રિય-પ્રાણરૂપ જીવનરૂપ શ્રીવ્રજચન્દ્ર પૂર્ણ પુરુષોત્તમ.

## લીલાસમ્પીતદાવાગ્નિઃ ।।૮૩૬।।

૧. લીલા માત્રમાં-અનાયાસે સહજ દાવાનલને સારી રીતે પાન કરનાર-પીનાર પરમાત્મા.
૨. લીલા-ક્રીડા-આનન્દ કરવા સારુ દાવાગ્નિને પાન કરનાર પ્રભુ.

## પ્રલમ્બવધપણ્ડિતઃ ।।૮૩૭।।

પ્રલમ્બાસુર દૈત્યનો વધ કરવા શ્રીબલરામને આજ્ઞા આપવામાં ચતુર.

**દાવાગ્ન્યાવૃતગોપાલ-દષ્ટ્યાચ્છાદનવહ્નિપઃ ।।**
**વર્ષાશરદ્વિભૂતિશ્રીર્ગોપીકામપ્રબોધકઃ ।।૧૭૫।।**

## દાવાગ્ન્યાવૃતગોપાલદષ્ટ્યાચ્છાદનવહ્નિપઃ ।।૮૩૮।।

દાવાનલ વડે ઘેરાયેલા ગોપબાલકોની દષ્ટિઓ આંખોને મીંચાવી દાવાગ્નિને પાન કરનાર-પી જનાર પરમદયાલ શ્રીકૃષ્ણચન્દ્ર.

## વર્ષાશરદ્વિભૂતિશ્રીઃ ।।૮૩૯।।

૧. વર્ષાઋતુ અને શરદઋતુ એ બન્નેની તે-તે સમયમાં પ્રકટ થયેલી વિભૂતિ-સમ્પત્તિ વડે જેમનામાં શોભા-સુન્દરતા છે એવા.
૨. વર્ષા તથા શરદઋતુની તે કાલમાં ઉપજેલી વિભૂતિ-સામગ્રી તેના સૌન્દર્ય રૂપ-શોભા રૂપ ભગવાન્ શ્રીકૃષ્ણ.

## ગોપીકામપ્રબોધકઃ ।।૮૪૦।।

ગોપીજનોમાં પ્રકર્ષ રીતે કામનો બોધ કરનાર-મદન રસનો ઉદય કરનાર.

**ગોપીરત્નસ્તુતાશેષવેણુવાદ્યવિશારદઃ ।।**
**કાત્યાયનીવ્રતવ્યાજસર્વભાવાશ્રિતાંગનઃ ।।૧૭૬।।**

### ગોપીરત્નસ્તુતાશેષવેણુવાદ્યવિશારદઃ ।।૮૪૧।।

૧. ગોપીજન (એ જ) રત્નો વડે સ્તુતિ કરે કેઃ- સમગ્ર વેણુવાદ્યના વિશારદ પ્રકાશક, એટલે ગોપીજનોમાં વિષ્ણુવાદ્યનું વર્ણન કરવા સ્તુતિ થાય તેમ કરવા વિવિધ પ્રકારના ધ્વનિને પ્રકાશ કરનાર, શ્રીમુરલીધર પ્રભુ.
૨. સર્વશ્રેષ્ઠ ગોપીજનોથી સ્તુતિ કરાય-વખણાય તેવી રીતે વેણુવાદ્યને વગાડનાર.

### કાત્યાયનીવ્રતવ્યાજસર્વભાવાશ્રિતાંગનઃ ।।૮૪૨।।

૧. હેમન્ત ઋતુના પ્રથમ-કારતક માસમાં કહેલા કાત્યાયની વ્રતના નિમિત્તે કુમારિકા ગોપીજનો સર્વ ભાવથી જેમને આશ્રયે પ્રાપ્ત થયેલાં છે એવા.
૨. કાત્યાયની વ્રતના નિમિત્ત વડે કુમારિકા ગોપબાલિકાઓને સર્વ ભાવથી આશ્રય આપનાર કૃપાનિધિ શ્રીકૃષ્ણ.

**સત્સંગતિસ્તુતિવ્યાજસ્તુતવૃન્દાવનાઙ્ઘ્રિપઃ ।।**
**ગોપક્ષુચ્છાન્તિસંવ્યાજવિપ્રભાર્યાપ્રસાદકૃત્ ।।૧૭૭।।**

### સત્સંગતિસ્તુતિવ્યાજસ્તુતવૃન્દાવનાઙ્ઘ્રિપઃ ।।૮૪૩।।

સત્‌ભગવદ્‌ભક્ત અથવા ભગવાન્‌ની સંગતિ-સમાગમને વખાણવાના ઉદ્દેશથી વૃન્દાવનનાં તરુવરોની સ્તુતિ-વખાણ-શ્લાઘા કરનાર.

તાત્પર્ય કેઃ સત્પુરુષો, નિરન્તર દુઃખયુક્ત હોય છે તો પણ તેમનાથી પરદુઃખ જરાયે ખમી શકાતું નથી; તેથી પરદુઃખને દૂર કરવા પોતે અનેક દુઃખો સહન કરે છે એવા પરોપકારી છે. માટે અહિં વનમાં વૃક્ષોરૂપે રહેલા સત્પુરુષો જ છે. કેમ કે તે અનેક તાપોને સહન કરી બીજાઓને અનેક રીતે શાન્તિ આપે છે, તાપ વેઠતાં છતાં પણ કરમાતા નથી. સત્પુરુષોનો સ્વભાવ જ એવો છે કે દુઃખોને નિવારણ કરવાથી જ પોતે સુખી બને. આ સ્કન્ધના અધ્યાયમાં પ્રભુ વૃક્ષોના ઉદાહરણથી સજ્જનોને સ્તવે છે. તે જ હેતુથી આ નામ યોજાએલું છે.

### ગોપક્ષુચ્છાન્તિસંવ્યાજવિપ્રભાર્યાપ્રસાદકૃત્ ।।૮૪૪।।

ગોપબાલકોની ક્ષુધા-ભૂખની શાન્તિ થવાના કારણને આગળ કરી યજ્ઞ કરનારા બ્રાહ્મણોની પત્નીઓને પ્રસાદ-અનુગ્રહ-કૃપા કરનાર પરમ કૃપાનિધિ શ્રીકૃષ્ણ પરમાત્મા.

**હેતુપ્રાપ્તેન્દ્રયાગસ્વકાર્યગોસવબોધકઃ ।।**

## શૈલરૂપકૃતાશેષરસભોગસુખાવહઃ ॥૧૭૮॥

### હેતુપ્રાપ્તેન્દ્રયાગસ્વકાર્યગોસવબોધકઃ ॥૮૪૫॥

૧. હેતુ-ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગની પ્રાપ્તિ માટે ઈન્દ્રયાગ (ઈન્દ્રનું જેમ પૂજન થાય તેવા)ને કરવા નન્દાદિ સકલ ગોપજનોએ તૈયાર કરેલી સામગ્રીથી તે યજ્ઞ ન કરતાં તે જ સામગ્રી વડે ખાસ કરવા યોગ્ય ગાય, બ્રાહ્મણ અને ગિરિરાજના પૂજનરૂપ ગોસવયજ્ઞનો નન્દાદિ સર્વ ગોપોને બોધ-ઉપદેશ કરનાર.

૨. પૂર્વના કારણથી પ્રાપ્ત થયેલા ઈન્દ્રયાગને ઠેકાણે પોતાના સમ્બન્ધી કાર્યરૂપ, કર્તવ્યરૂપ ગોસવયજ્ઞને કરનાર-ઉપદેશ આપનાર.

### શૈલરૂપકૃતાશેષરસભોગસુખાવહઃ ॥૮૪૬॥

શૈલ-પર્વતનું સ્વરૂપ ધારણ કરી શ્રીનન્દ, સુનન્દ આદિ ગોપ અને ગોપીજનોએ સમ્પાદન કરેલા છ પ્રકારના રસનો સારી રીતે ઉપભોગ કરી તેમને સુખ-આનન્દ આપનાર.

ષડ્રસોના સાહિત્યનો આસ્વાદ ગ્રહણ કરી ઈન્દ્રદેવ, જેવું સુખ નન્દાદિને આપત, તેના કરતાં વિશેષ સુખનો લાભ આપે જાતે ષડ્રસોને અંગીકાર કરી નન્દાદિને આપેલો છે. કેમ કે પ્રભુ પોતે જ રસમય છે. અખણ્ડાનન્દરૂપ છે. એ જેટલા અંશે આનન્દ-સુખ અર્પણ કરી શકે તેનું અણુમાત્ર સુખ પણ આપવાને ઈન્દ્રાદિ દેવ સમર્થ નથી. માટે પોતાના ભક્તજનોને ક્ષણિક આનન્દ ન મળતાં, અખણ્ડ આનન્દ પ્રાપ્ત થાય તેવા હેતુથી જ આપે મદોન્મત્ત બનેલા ઈન્દ્રના યાગને નિવારી ગોસવયજ્ઞનો સમારમ્ભ કરી પોતે જ તેમની ષડ્રસથી રસમય બનેલી સામગ્રીને અંગીકાર કરી આરોગ્યા છે.

## લીલાગોવર્ધનોદ્ધારપાલિતસ્વવ્રજપ્રિયઃ ॥
## ગોપસ્વચ્છન્દલીલાર્થગર્ગવાક્યાર્થ બોધકઃ ॥૧૭૯॥

### લીલાગોવર્ધનોદ્ધારપાલિતસ્વવ્રજપ્રિયઃ ॥૮૪૭॥

૧. લીલા માત્રમાં-સુખરૂપે ગાયોની વૃદ્ધિ કરનાર, ગોવર્ધન ગિરિરાજને છત્રની પેઠે ઊંચો રાખી પોતાના વ્રજની પ્રિયાઓ-સુન્દરીઓનું પાલન કરનાર.

૨. ગોવર્ધનને લીલામાત્રમાં ધારણ કરવાવડે શ્રીનન્દરાયજીના ધનનું તથા વ્રજવાસી પ્રિયજનનું રક્ષણ કરનાર-પાળનાર એવા ગિરિરાજધારી મુરલીધર શ્રીકૃષ્ણ પ્રભુ.

### ગોપસ્વચ્છન્દલીલાર્થગર્ગવાક્યાર્થ બોધકઃ ॥૮૪૮॥

ગોપોને સ્વચ્છન્દ-ભય વિનાની મનગમતી લીલાઓ કરવા માટે, પ્રથમ

શ્રીનન્દરાયજીએ જણાવેલાં યાદવોના પુરોહિત ગર્ગ મુનિનાં વચનોનો તાત્પર્યાર્થનો નન્દરાયજીના મુખ દ્વારા પુનઃબોધ કરનારા-જણાવનાર.

યાદવોના પુરોહિત ગર્ગાચાર્યે પ્રથમ શ્રીકૃષ્ણ જગન્નિયન્તા પ્રભુ છે, દુષ્ટોનો વિનાશ કરવા અને ભક્તોનો દૈવી જીવોનો ઉદ્ધાર કરવા ભૂતલ પર વિરાજ્યા છે-પ્રકટ થયા છે, એમ શ્રીનન્દરાયજીને જણાવેલું; તે જ વચનો ગિરિરાજને ધારણ કરવાથી આશ્ચર્યચકિત થયેલ ગોપોને નન્દરાયજીએ જણાવેલાં છે. એ ભગવદિચ્છાથી જ નન્દરાયજીએ શ્રીકૃષ્ણના સત્ય સ્વરૂપને ગોપો આગળ નિવેદન કર્યું છે. આ સ્કન્ધના ૨૬મા અધ્યાયના નામનું સ્ફુરણ કરનાર છે.

**ઈન્દ્રધેનુસ્તુતિપ્રાપ્તગોવિન્દેન્દ્રાભિધાનવાન્ ।।**
**વ્રતાદિધર્મસંસક્તનન્દક્લેશવિનાશકઃ ।।૧૮૦।।**

## ઇન્દ્રધેનુસ્તુતિપ્રાપ્તગોવિન્દેન્દ્રાભિધાનવાન્ ।।૮૪૯।।

૧. ઈન્દ્રની ધેનુ-કામધેનુએ કરેલી સ્તુતિના કારણથી ઈન્દ્રે કરેલા ગોવિન્દ નામને પ્રાપ્ત કરવાવાળા.

૨. ઈન્દ્ર અને કામધેનુએ સ્તુતિ કરવાથી ગોવિન્દેન્દ્ર એવી સંજ્ઞાને ધારણ કરનાર ગોવર્ધનધારી પ્રભુ.

હરિવંશમાં કથન કરે છે કે : "**અહં કિલેન્દ્રો દેવાનાં ત્વં ગવામિન્દ્રતાં ગતઃ**" (હું દેવનો ઈન્દ્ર છું અને આપ ગાયોના ઈન્દ્ર બન્યા છો.) મહાભારતમાં પણ "**નષ્ટાં વૈ ધરણીં પૂર્વમવિન્દં વૈ ગુહાં ગતામ્**" (નાશ પામેલી ભૂમિને ગુહામાં પ્રવેશ કરી પ્રથમ મેં જાણેલી છે.) વળી હરિવંશમાં "**ગાં વાણીં વિદતે ભવાન્**" (આપ ગાં-વાણીને જાણનાર છો) વગેરે પ્રમાણોથી ગાયોના ઈન્દ્રને અથવા ગાં-પૃથ્વીના ઈન્દ્રને વા ગા-વાણીને વિન્દતિ-જાણનાર તેનો ગોવિન્દ શબ્દથી વ્યવહાર કરાય છે. એ પ્રમાણેના ભાવોને સૂચવનાર આ ગોવિન્દ શબ્દ છે. પ્રભુમાં એ સર્વ ભાવો રહેલા છે. જેથી આપને ગોવિન્દ કહી સર્વ ભક્તજનો સ્તવે છે-વર્ણવે છે.

## વ્રતાદિધર્મસંસક્તનન્દક્લેશવિનાશકઃ ।।૮૫૦।।

વ્રત એકાદશીનો ઉપવાસ વગેરે જેમાં મુખ્ય છે એવા ધર્મ ઉપર વિશેષ આશ્રયનો વિશેષ કરી નાશ કરવાવાળા. ભગવાન્ પોતાના સન્નિધાનમાં છતાં બીજા વ્રતોમાં આસક્તિ રાખવી એ ક્લેશને ઉપજાવનાર જ છે એમ આ નામનો આશય સ્પષ્ટ જણાય છે.

**નન્દાદિગોપમાત્રૈષ્ટવૈકુણ્ઠગતિદાયકઃ ।।**
**વેણુવાદસ્મરક્ષોભમત્તગોપીવિમુક્તિદઃ ।।૧૮૧।।**

**નન્દાદિગોપમાત્રૈષ્ટવૈકુણ્ઠગતિદાયકઃ ||૮૫૧||**

શ્રીનન્દરાયજી જેમાં મુખ્ય છે એવા સર્વ ગોપોને ઈષ્ટ-વૈકુણ્ઠ લોકોને જોવાની ઉત્કટ ઉત્કણ્ઠાને-અભિલાષાને શાન્ત કરવા વૈકુણ્ઠગતિ-વૈકુણ્ઠ લોક તરફ જવાના માર્ગને અર્પણ કરનાર પરમાત્મા શ્રીકૃષ્ણ.

**વેણુવાદસ્મરક્ષોભમત્તગોપીવિમુક્તિદઃ ||૮૫૨||**

વેણુવાદ-મનોહર મુરલીનાદને શ્રવણ કરતામાં કામવિકારને પ્રાપ્ત થઈ મદોન્મત્ત બનેલાં ભગવાન્‌નાં સમીપમાં જવાને તૈયાર થયેલાં છતાં આપ્તજનોએ ન જવા દેતા ઘરમાં પૂરી રાખેલાં ગોપીજનોએ પ્રાણોને ત્યાગ કર્યા, તેવાં ગોપીજનોને વિશેષ કરી મુક્તિ (અહન્તામમતાત્મક સંસારમાંથી છૂટવું જન્મ-મરણ રહિત થવું તે) આપનાર એવા પ્રભુ.

**સર્વભાવપ્રાપ્તગોપીસુખસંવર્ધનક્ષમઃ ||**
**ગોપીગર્વપ્રણાશાર્થતિરોધાનસુખપ્રદઃ ||૧૮૨||**

**સર્વભાવપ્રાપ્તગોપીસુખસંવર્ધનક્ષમઃ ||૮૫૩||**

સર્વભાવ-સર્વત્ર ભગવાન્ જ છે એમ વિચારી અનેક સાંસારિક ભાવનાઓને વિસારી પરમાત્મા શ્રીકૃષ્ણચન્દ્રને શરણ આવેલાં ગોપીજનોના સુખને-રાસોત્સવોથી થનારા આનન્દને સારી રીતે વૃદ્ધિ કરવામાં સમર્થ.

**ગોપીગર્વપ્રણાશાર્થતિરોધાનસુખપ્રદઃ ||૮૫૪||**

રાસલીલાના મહાન આનન્દથી ગોપીજનોને થયેલા ગર્વ અભિમાનનો સારી રીતે વિનાશ કરવા તિરોધાન-અન્તર્ધાન (ગુપ્ત થઈ જવું તે) અર્થાત્ ગોપીજનોના મણ્ડળમાંથી અદશ્ય થઈને અન્તઃકરણમાં સ્થિતિ કરી સર્વ ગોપાંગનાઓને (વિરહાનુભવપૂર્વક આસક્તિનું) ઉત્તમ પ્રકારનું સુખ આપનાર રાસેશ્વર પ્રભુ.

**કૃષ્ણભાવવ્યાપ્તવિશ્વગોપીભાવિતવેષધૃક્ ||**
**રાધાવિશેષસમ્ભોગપ્રાપ્તદોષનિવારકઃ ||૧૮૩||**

**કૃષ્ણભાવવ્યાપ્તવિશ્વગોપીભાવિતવેષધૃક્ ||૮૫૫||**

શ્રીકૃષ્ણમય સર્વ ભાવનાઓથી આખું વિશ્વ જેમને વ્યાપ્ત થયેલું જણાય છે. એવાં ગોપીજનોએ પોતાના હૃદયમાં જેવા-જેવા પ્રકારની લીલા સમ્બન્ધી વેશની ભાવના કરી સ્મરણ કર્યું તેવા-તેવા પ્રકારનાં વેશોને-સ્વરૂપોને ધારણ કરનાર વિવિધ રૂપધારી શ્રીકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ.

**રાધાવિશેષસમ્ભોગપ્રાપ્તદોષનિવારકઃ ||૮૫૬||**

શ્રીરાધાજીની સાથે અન્યથી અધિક થયેલા સમ્ભોગ-સંયોગ વડે તેમનામાં ઉપજેલા દોષ-ગર્વ-અભિમાનને પ્રથમની માફક અન્તર્ધાન થઈ-ગુપ્ત થઈ નિવારણ કરનાર-દૂર કરનાર એવા શ્રીહરિ.

**પરમપ્રીતિસંગીતસર્વાદ્ભુતમહાગુણઃ ||**
**માનાપનોદનાક્રન્દગોપીદષ્ટિમહોત્સવઃ ||૧૮૪||**

**પરમપ્રીતિસંગીતસર્વાદ્ભુતમહાગુણઃ ||૮૫૭||**

અત્યન્ત પ્રેમમયી ભાવનાઓથી (અન્તર્ધાન થયા પછી ગોપિકાઓએ) જેમનું ગાન કરેલું છે એવા, સર્વને મહાન આશ્ચર્યકારક તથા કોઈમાં પણ ન હોઈ શકે તેવા સર્વોત્તમ ગુણોને ધારણ કરનાર શ્રીકૃષ્ણ પ્રભુ.

આ સ્કન્ધની રાસપઞ્ચાધ્યાયીમાં ગોપીજનોએ ભગવાન્‌નાં વિપ્રયોગથી પીડા પામતાં ગોપીગીતમાં ''**જયતિ તેઽધિકં**'' વગેરે શ્લોકથી ભગવાન્‌ના ગુણોનું ગાન કરેલું છે. ત્યાં જ સર્વને આશ્ચર્ય લાગે તેવા પ્રભુનાં ચરિત્રો દર્શાવ્યાં છે. તે જ આશયોનું આ નામ છે.

**માનાપનોદનાક્રન્દગોપીદષ્ટિમહોત્સવઃ ||૮૫૮||**

માન-અભિમાન દૂર થવાથી ભગવાન્‌ના વિરહ વડે થયેલા આક્રન્દમાં-રુદનમાં લીન બનેલા વ્રજાંગનાઓનાં નયનકમલોને જેમનાથી મહાન ઉત્સવ આનન્દ (શ્રીકૃષ્ણ પ્રકટ થયા) થાય છે એવા રાસાભિલાષી શ્રીકૃષ્ણચન્દ્ર.

**ગોપિકાવ્યાપ્તસર્વાંગઃ સ્ત્રીસમ્ભાષાવિશારદઃ ||**
**રાસોત્સવમહાસૌખ્ય-ગોપીસમ્ભોગસાગરઃ ||૧૮૫||**

**ગોપિકાવ્યાપ્તસર્વાંગઃ ||૮૫૯||**

૧. ગોપીજનોમાં જેમનું અંગે-અંગ વ્યાપ્ત થયેલું છે. અર્થાત્ અંગે-અંગો મેળવીને ગોપાંગનાઓને દૃઢ આલિંગન કરનાર.
૨. ગોપિકાઓએ સર્વ અંગોથી જેમને આલિંગન કર્યું છે એવા શ્રીકૃષ્ણ.

**સ્ત્રીસમ્ભાષાવિશારદઃ ||૮૬૦||**

સ્ત્રી-ગોપીજનોને સારી રીતે પ્રશ્નનો પ્રત્યુત્તર આપવામાં ચતુર-કુશળ.

**રાસોત્સવમહાસૌખ્યગોપીસમ્ભોગસાગરઃ ||૮૬૧||**

૧. રાસોત્સવ-રાસક્રીડામાં ઉત્પન્ન થતું મહાસુખ-અધિક આનન્દ તે સમ્બન્ધી વ્રજવનિતાઓ વિષે સમ્ભોગ અર્થાત્ ઉત્તમ પ્રકારના અનુભવ, સ્વસ્વરૂપાનન્દ

સમ્બન્ધી અનુભવ તેના સાગરરૂપ-પરિપૂર્ણ અખણ્ડ આનન્દ સ્વરૂપ એવા રાસવિહારી ગિરિરાજધારી શ્રીપુરુષોત્તમ.

૨. રાસોત્સવના મહાસુખનો ગોપીજનોને સમ્ભોગ-સારી રીતે ઉપભોગ થવા સારું સાગર-સમુદ્ર સમાન પરિપૂર્ણ પરમાત્મા.

**જલસ્થલરતિવ્યાપ્તગોપીદષ્ટ્યભિપૂજિતઃ ।।**
**શાસ્ત્રાનપેક્ષકામૈકમુક્તિદ્વારવિવર્ધનઃ ।।૧૮૬।।**

## જલસ્થલરતિવ્યાપ્તગોપીદષ્ટ્યભિપૂજિતઃ ।।૮૭૨।।

જલ અને સ્થલ એટલે શ્રીયમુનાજી તથા શ્રીવૃન્દાવનમાં રમણ કરવાથી પરિપૂર્ણ રીતે પ્રસન્ન થયેલાં ગોપીજનોની દષ્ટિઓ વડે પ્રેમપૂર્વક કટાક્ષ નિક્ષેપ કરવા વડે સર્વત્ર તરફ પૂજાએલા, અલંકૃત થયેલા, શોભાયમાન બનેલા એવા શ્રીકૃષ્ણ પ્રભુ.

## શાસ્ત્રાનપેક્ષકામૈકમુક્તિદ્વારવિવર્ધનઃ ।।૮૭૩।।

૧. શાસ્ત્રની અપેક્ષા મર્યાદાથી રહિત એટલે અલૌકિક દિવ્ય એવા કામની અભિલાષા રૂપ મુખ્ય મુક્તિદ્વારને વિશેષ કરી વધારનાર.

૨. શાસ્ત્રની અપેક્ષા વિના કેવળ સ્નેહ વડે-પ્રેમલક્ષણા ભક્તિ વડે ભગવત્સ્વરૂપમાં કામના-નિષ્ઠા પ્રાપ્ત કરનાર એટલે કે ચિત્તને ઉત્તમ રીતે ભગવદ્રૂપમાં સ્થાપન કરનાર ભક્તજનોને રાસોત્સવ સમ્બન્ધી કથાના કથનરૂપે મુક્તિ મેળવવાના દ્વારરૂપ ઉપાયને વિશેષ રીતે વૃદ્ધિ કરનાર શ્રીપુરુષોત્તમ.

**સુદર્શનમહાસર્પગ્રસ્તનન્દવિમોચકઃ ।।**
**ગીતમોહિતગોપીધૃક્શંખચૂડવિનાશકઃ ।।૧૮૭।।**

## સુદર્શનમહાસર્પગ્રસ્તનન્દવિમોચકઃ ।।૮૭૪।।

સુદર્શન નામના મહાન સર્પ-અજગરથી ગળાયેલા નન્દરાયજીને વિશેષ મુક્ત કરનાર-છોડાવનાર શ્રીકૃષ્ણ પરમાત્મા.

સુદર્શન નામનો વિદ્યાધર સૌન્દર્યના ગર્વમાં મદોન્મત્ત થયેલો હોવાથી સર્વનો અનાદર કરતો હતો, એક દિવસે વિમાનમાં બેસી જતા માર્ગમાં આવતાં કદ્રૂપા અંગિરામુનિને જોઈ રૂપના ગર્વથી છકેલો બની હાસ્ય કરવા માંડ્યું. તે હેતુથી અંગિરામુનિના શાપને લીધે અજગર ભાવને પામેલો તે શાપથી મુક્ત થવા શ્રીનન્દરાયને ગળ્યા એટલે નન્દરાયજીને મૂકાવતાં, શ્રીકૃષ્ણના ચરણનો સ્પર્શ થતાં પુનઃ વિદ્યાધરના સ્વરૂપને પામેલો છે. તેથી અહિં સુદર્શન નામનો મહાસર્પ એમ જણાવ્યું તેનાથી નન્દરાયજી આપે છોડાવેલા છે. માટે નન્દરાયજીને મુક્ત કરનાર પ્રભુ એમ કથન કરે છે.

## ગીતમોહિતગોપીધૃક્શંખચૂડવિનાશકઃ ।।૮૭૫।।

ભગવાનની મુરલીના ગાનથી મોહિત બની ગયેલાં જેથી પ્રભુના સન્નિધાન પધારતાં ગોપીજનોને માર્ગમાં પકડી હરણ કરી જનાર શંખચૂડ નામના પ્રચણ્ડ યક્ષને સારી રીતે નાશ કરનાર–મારનાર મદનમોહન.

**ગુણસંગીતસન્તુષ્ટિઃ ગોપીસંસારવિસ્મૃતિઃ ।**
**અરિષ્ટમથનો દૈત્યબુદ્ધિવ્યામોહકારકઃ ।।૧૮૮।।**

## ગુણસંગીતસન્તુષ્ટિઃ ।।૮૭૬।।

ગુણોનું સારી રીતે ગાન કરવાથી સન્તોષ પામનાર એવા પ્રભુ.

જ્યારે શ્રીકૃષ્ણ ગાયોને ચરાવવા દિવસે વૃન્દાવનમાં પધારે ત્યારે પ્રભુમાં પ્રેમનિમગ્ન બનેલાં ગોપીજન વિરહવ્યાકુળ થઈ ઉચ્ચસ્વરથી ગોવિન્દના ગુણોનું ગાન કરતાં હતાં. પરમ દયાનિધાન પોતે વનમાં પધાર્યા છતાં પણ નિરંતર અન્તર્યામી રૂપે તેમના અન્તરમાં નિવાસ કરી ગુણગાનોને શ્રવણ કરી બહુ જ સન્તુષ્ટ બનતા હતા, અને તેમને પણ સન્તુષ્ટ કરતા હતા. એ હેતુને દર્શાવનાર આ નામ છે.

## ગોપીસંસારવિસ્મૃતિઃ ।।૮૭૭।।

૧. ગોવિન્દના ગુણગાનમાં લીન બનેલાં ગોપીજનને સંસાર–પ્રપઞ્ચની વિસ્મૃતિ કરાવનાર–સંસારને ભૂલાવનાર.
૨. ગોપાંગનાઓના હૃદયમન્દિરમાં વિરાજી તેમને ભગવત્સમ્બન્ધી સાહિત્ય–સામગ્રીની સારી રીતે સ્મરણ આપનાર.

## અરિષ્ટમથનઃ ।।૮૭૮।।

આખલાના સ્વરૂપને ધારણ કરનાર અરિષ્ટ નામના મહાન દૈત્યને મથન કરનાર–મારનાર પ્રભુ.

## દૈત્યબુદ્ધિવ્યામોહકારકઃ ।।૮૭૯।।

દૈત્ય–કંસરાજાને નારદજીનાં વચનો દ્વારા બુદ્ધિમાં વ્યામોહ કરાવનાર.

પોતાના અષ્ટમગર્ભ–બાળકને વસુદેવજીએ પ્રપઞ્ચ કરી નન્દરાયજીને ત્યાં સ્થાપન કર્યો છે. એમ નારદજીથી કંસરાજાએ જાણ્યું તેથી વસુદેવનો મુખ્ય અપરાધ છે, એમ કંસ રાજાની બુદ્ધિમાં ભેદ થયો. એવી રીતે નારદમુનિ દ્વારા કંસને મોહ ઉપજાવનાર આપ પ્રભુ જ છો. પોતાને પ્રકાશ થવાનો હવે સમય છે. એમ જાણીને જ આપે નારદ દ્વારા પ્રસિદ્ધ થઈ કંસને ઝંખવાણો પાડી બુદ્ધિમાં મોહ ઉપજાવી તેના નાશનો ઉપાય વિચાર્યો છે. એ જ ભાવને સૂચવનાર આ નામ છે.

**કેશીઘાતી નારદેષ્ટો વ્યોમાસુરવિનાશકઃ ।।**
**અક્રૂરભક્તિસંરાદ્ધપાદરેણુમહાનિધિઃ ।।૧૮૯।।**

## કેશીઘાતી ।।૮૭૦।।

અશ્વનું સ્વરૂપ ધારણ કરી આવેલા કેશી નામના દૈત્યનો ઘાત કરનાર-વિનાશ પમાડનાર.

## નારદેષ્ટઃ ।।૮૭૧।।

૧. નારદમુનિની કંસને નાશ કરવા સમ્બન્ધી ઈષ્ટ અભિલાષા જેમનાથી સિદ્ધ થનાર છે એવા.
૨. નારદમુનિના ઈષ્ટદેવરૂપ ભગવાન્.

## વ્યોમાસુરવિનાશકઃ ।।૮૭૨।।

મયદાનવના પુત્ર વ્યોમાસુરનો નાશ કરનાર.

## અક્રૂરભક્તિસંરાદ્ધપાદરેણુમહાનિધિઃ ।।૮૭૩।।

૧. પરમ ભગવદ્ભક્ત અક્રૂરજીએ પ્રેમલક્ષણા ભક્તિ વડે જેમનો ચરણકમલના રેણુ -(રજ) રૂપ મહાનિધિ-અક્ષય ભણ્ડાર ઉપાસના કરવા લાયક જાણ્યો છે. એવા ભગવાન્.
૨. અક્રૂરજી ભક્તરાજે પરમભક્તિ વડે પ્રભુના ચરણરજની પ્રાપ્તિ થઈ એ જ મહાન નિધિ-એ જ અધિક લાભ જેમનાથી પ્રાપ્ત કર્યો છે મેળવ્યો છે એવા શ્રીકૃષ્ણ પરમાત્મા.

વ્રજમાં જતાં અક્રૂરજીના હૃદયમાં પ્રેમમય ભાવો પ્રકટ થયા છે અને વ્રજની રજમાં પોતે આળોટી તે રજને શિરમાં ધારણ કરી છે. એ જ પરમ લાભ અક્રૂરજીને પ્રાપ્ત થયો છે. એવો ઉત્તમ લાભ આપનાર આપ પ્રભુ જ છો. એ જ આશય આ નામમાં રહેલો છે.

**રથાવરોહશુદ્ધાત્મા ગોપીમાનસહારકઃ ।।**
**હૃદસન્દર્શિતાશેષવૈકુણ્ઠાક્રૂરસંસ્તુતઃ ।।૧૯૦।।**

## રથાવરોહશુદ્ધાત્મા ।।૮૭૪।।

રથ ઉપર વિરાજતી વખતે શુદ્ધ-વિકાર રહિત જેમનો આત્મા-અન્તઃકરણ છે એવા પ્રભુ.

અક્રૂર સાથે મથુરાનગરમાં પધારતી વખતે આપ રથમાં વિરાજિત થયા ત્યારે સર્વ ગોપીજનો તેમના માર્ગને રૂન્ધી મર્મમાં કટાક્ષપૂર્વક અનેક રીતે વચનો કહી ભાવો

દર્શાવવા લાગ્યાં, છતાં આપ તેમનાં આ હાવભાવોથી લેશ પણ વિકારયુક્ત ન થતાં ધૈર્ય રાખી રથને ચલાવવાની પ્રેરણા કરવા લાગ્યા. તે જ આશયને લઈ અહિં રથમાં વિરાજતી વખતે વિકારથી રહિત શુદ્ધ ચિત્તધારી પ્રભુ એમ કહ્યું છે.

**ગોપીમાનસહારકઃ ।।૮૭૫।।**

ગોપીજનોને મનને હરણ કરનાર અર્થાત્ મથુરાપુરીમાં પધારતી વખતે ગોપજનોનાં મનને-ચિત્તને સાથે લઈ રથમાં વિરાજનાર શ્રીકૃષ્ણચન્દ્ર.

**હ્રદસન્દર્શિતાશેષવૈકુણ્ઠાક્રૂરસંસ્તુતઃ ।।૮૭૬।।**

૧. હ્રદ-બ્રહ્મહ્રદ (યમુનાજીના મોટા હ્રદ)માં સારી રીતે સમ્પૂર્ણ વૈકુણ્ઠલોકના દર્શનને પ્રાપ્ત કરનાર અક્રૂરજીએ જેમની સુન્દર રીતે સ્તુતિ કરી છે એવા પ્રભુ શ્રીપુરુષોત્તમ.

૨. 'અ' એટલે વાસુદેવ (શ્રીકૃષ્ણ) 'શેષ' એટલે બલદેવજી, વૈકુણ્ઠલોક એ ત્રણે વસ્તુઓ યમુનાજીના હ્રદમાં-ધરામાં અક્રૂરજીને દર્શાવનાર એવા સર્વ સમર્થ પરમાત્મા.

**મથુરાગમનોત્સાહો મથુરાભાગ્યભાજનમ્ ।।**
**મથુરાનગરીશોભાદર્શનોત્સુકમાનસઃ ।।૧૯૧।।**

**મથુરાગમનોત્સાહઃ ।।૮૭૭।।**

૧. શ્રીમથુરા નગરીમાં જવાને ઉત્સાહ ધરાવનાર-ઉમંગ રાખનાર.

૨. મથુરાપુરી તરફ જતી વખતે અક્રૂરજીને જેમનાથી ઉત્સાહ-ઉમંગ થાય છે એવા પ્રભુ.

**મથુરાભાગ્યભાજનમ્ ।।૮૭૮।।**

મથુરા નગરીને ભાગ્ય સમ્પત્તિના સ્થાનરૂપ-મૂળ-હેતુરૂપ પરમાત્મા.

**મથુરાનગરીશોભાદર્શનોત્સુકમાનસઃ ।।૮૭૯।।**

૧. મથુરા નગરીની શોભાને નિહાળવા ઉત્સાહવાળું જેમનું મન છે એવા.

૨. મથુરાપુરીમાં નિવાસ કરનારા પુણ્યવાન જનોએ પોતાની શોભાનું-સૌન્દર્યનું દર્શન આપવામાં જેમનું હૃદય ઘણું જ ઉમંગી છે.

**દુષ્ટરઞ્જકઘાતી ચ વાયકાર્ચિતવિગ્રહઃ ।।**
**વસ્ત્રમાલાસુશોભાઙ્ગઃ કુબ્જાલેપનભૂષિતઃ ।।૧૯૨।।**

**દુષ્ટરઞ્જકઘાતી ।।૮૮૦।।**

૧. દુષ્ટ કન્સાદિકોને સારી રીતે ધોયેલાં વસ્ત્રો આપી મનોરઞ્જન કરનાર ધોબીને

મારનાર–નાશ કરનાર.

૨. દુષ્ટ કંસ રાજાના મનને નિરન્તર રઞ્જન કરનારાઓનો ઘાત કરનાર.

**વાયકાર્ચિતવિગ્રહઃ ॥૮૮૧॥**

વાયક–દરજીએ જેમના દેહને વિવિધ વસ્ત્રો વડે સુન્દર–શોભાયુક્ત બનાવ્યો છે એવા પ્રભુ.

જો કદાચ 'વાયકાચિતવિગ્રહઃ' એવો પાઠ હોય તો તેનો અર્થ પણ પ્રથમની પેઠે જ કરવો કેમકે અર્ચ્ અને અઞ્ચ્ બન્ને ધાતુઓનો પૂજન અર્થ થાય છે. એટલે શરીરને વસ્ત્રો વડે અલંકારવામાં–શોભાયુક્ત બનાવવામાં બન્ને ધાતુ પ્રવર્તે છે.

**વસ્ત્રમાલાસુશોભાઙ્ગઃ ॥૮૮૨॥**

વસ્ત્ર ઉપર પુષ્પની માલાઓ ધારણ કરવાથી જેમનું અંગ અત્યન્ત શોભાયમાન બનેલું છે એવા.

**કુબ્જાલેપનભૂષિતઃ ॥૮૮૩॥**

કુબજાએ ઘસી તૈયાર કરેલા સુગન્ધી લેપન ચન્દનથી ઘણું જ રમણીય જેમનું શરીર છે એવા.

**કુબ્જાસુરૂપકર્તા ચ કુબ્જારતિવરપ્રદઃ ॥**
**પ્રસાદરૂપસન્તુષ્ટહરકોદણ્ડખણ્ડનઃ ॥૧૯૩॥**

**કુબ્જાસુરૂપકર્તા ॥૮૮૪॥**

શરીરે ત્રણ ઠેકાણેથી વાંકી એવી કુબજાને સુન્દર સ્વરૂપવાળી બનાવનાર પ્રભુ.

**કુબ્જારતિવરપ્રદઃ ॥૮૮૫॥**

કુબજાની સાથે રતિ–રમણ કરવા રૂપ વરદાન આપનાર શ્રીકૃષ્ણચન્દ્ર.

**પ્રસાદરૂપસન્તુષ્ટહરકોદણ્ડખણ્ડનઃ ॥૮૮૬॥**

યજ્ઞસ્થાનમાં રહેલા કંસ રાજાને પ્રસન્ન થઈ મહાદેવજીએ અર્પણ કરેલા કોદણ્ડ ધનુષને ખણ્ડન કરનાર–ભાંગી નાખનાર મહાબલધારી ભગવાન્ શ્રીપુરુષોત્તમ.

**શકલાહતકંસાપ્તધનૂરક્ષકસૈનિકઃ ॥**
**જાગ્રત્સ્વપ્નભયવ્યાપ્તમૃત્યુલક્ષણબોધકઃ ॥૧૯૪॥**

**શકલાહતકંસાપ્તધનૂરક્ષકસૈનિકઃ ॥૮૮૭॥**

પોતે જ ભાંગી નાખેલા ધનુષના કકડાઓ વડે ધનુષનું રક્ષણ કરનારા

કંસરાજાના સમ્બન્ધી યોદ્ધાઓને ચોપાસથી માર મારનાર શ્રીકૃષ્ણ પ્રભુ.

**જાગ્રત્સ્વપ્નભયવ્યાપ્તમૃત્યુલક્ષણબોધકઃ ।।૮૮૮।।**

જાગ્રતાવસ્થા, સ્વપ્નાવસ્થા અને નિદ્રાવસ્થા એ ત્રણ અવસ્થાઓમાં ભયથી વ્યાપ્ત બનેલા કંસરાજાને મૃત્યુનાં ચિહ્નો દર્શાવનાર-જણાવનાર એવા.

શ્રીકૃષ્ણ મારો કાલ છે. એમ જાણી ભયભીત બનેલો કંસ, રાત્રિ-દિવસ શ્રીકૃષ્ણને જ જોવા લાગ્યો. અને પોતાનાં મૃત્યુસૂચક અનેક ચિહ્નોનો અનુભવ કરવા લાગ્યો એ પ્રમાણે આ સ્કન્ધના ૪૨ અધ્યાયમાં સ્પષ્ટ જણાવ્યું છે. તે જ ઉદ્દેશથી અહિં ત્રણે અવસ્થામાં મૃત્યુનાં ચિહ્નોને જણાવનાર પ્રભુ એમ કહે છે.

**મથુરામલ્લ ઓજસ્વી મલ્લયુદ્ધવિશારદઃ ।।**

**સદ્યઃકુવલયાપીડઘાતી ચાણૂરમર્દનઃ ।।૧૯૫।।**

**મથુરામલ્લઃ ।।૮૮૯।।**

મથુરાપુરીમાં મલ્લની માફક સ્વચ્છન્દ રીતે લીલા-ક્રીડા કરનાર મહાબલસમ્પન્ન શ્રીકૃષ્ણ.

**ઓજસ્વી ।।૮૯૦।।**

૧. યુદ્ધમાં ઉત્સાહ ધરાવનાર.

૨. યુદ્ધમાં વિશેષ પ્રયત્ન કરનાર પ્રભાવશાલી પ્રભુ.

**મલ્લયુદ્ધવિશારદઃ ।।૮૯૧।।**

મલ્લોની સાથે યુદ્ધ કરવામાં હોંશિયારી જણાવનારા સર્વસમર્થ પરમાત્મા.

**સદ્યઃકુવલયાપીડઘાતી ।।૮૯૨।।**

રંગભૂમિનું દર્શન થતાંની સાથે તરત જ ‘કુવલયાપીડ’ નામના હાથીનો નાશ કરનાર.

**ચાણૂરમર્દનઃ ।।૮૯૩।।**

ચાણૂર નામના અત્યન્ત બલિષ્ઠ મલ્લને મર્દન કરી નાંખનાર-મસળી નાંખનાર પરમાત્મા.

**લીલાહતમહામલ્લઃ શલતોશલઘાતકઃ।।**

**કંસાન્તકો જિતામિત્રો વસુદેવવિમોચકઃ ।।૧૯૬।।**

**લીલાહતમહામલ્લઃ ।।૮૯૪।।**

૧. પ્રયાસ વિના સહજમાં જ મોટા-મોટા મલ્લોને મારનાર.

૨. આગળ થનારી લીલાને સરલ કરવા માટે મોટા મોટા મલ્લોનો નાશ કરનાર

શ્રીકૃષ્ણચંદ્ર.

**શલતોશલઘાતકઃ ||૮૯૫||**

શલ તથા તોશલ નામના બન્ને મલ્લોને નષ્ટ કરનાર-મારનાર.

**કંસાન્તકઃ ||૮૯૬||**

કંસરાજાનો અન્ત-નાશ કરનાર.

રંગભૂમિમાંથી એકદમ કૂદકો મારી બડબડાટ કરી રહેલા કંસના કેશોને ગ્રહણ કરી પૃથ્વી પર પછાડી સર્વસમર્થ શ્રીકૃષ્ણ પ્રભુએ કંસનો ધ્વંસ કરેલો છે, એમ સ્પષ્ટ ૪૪મા અધ્યાયમાં છે. તેથી જ કંસનો નાશ કરનાર પ્રભુ એમ કથન કરે છે.

**જિતામિત્રઃ||૮૯૭||**

સર્વ શત્રુઓને જીતનાર.

સર્વમાં મુખ્ય એવા કંસનો વિનાશ કરવાથી સર્વનો પરાજય થયો મનાય જેથી શત્રુઓને જીતનાર પરમાત્મા એમ અહિં જણાવે છે.

**વસુદેવવિમોચકઃ ||૮૯૭||**

વસુદેવજીને બન્ધનથી મુક્ત કરનાર-છોડાવનાર શ્રીકૃષ્ણચન્દ્ર.

અહિં કેવળ વસુદેવજીને છોડાવનાર એમ કહ્યું છે, પરન્તુ દેવકીજી સહિત એવા શ્રીવસુદેવને મુક્ત કરનાર પ્રભુ એમ સમજી લેવું. કેમ કે વસુદેવનું અંગ જ દેવકીજી છે. શાસ્ત્રમાં સ્ત્રીને પતિનું અંગ ગણવામાં આવી છે. એટલે અહિં કેવળ પતિનું નામ જણાવવાથી સ્ત્રીનો પણ આશય છે એમ સમજવું.

**જ્ઞાતતત્ત્વપિતૃજ્ઞાનમોહનામૃતવાઙ્મયઃ ||**
**ઉગ્રસેનપ્રતિષ્ઠાતા યાદવાધિવિનાશકઃ ||૧૯૭||**

**જ્ઞાતતત્ત્વપિતૃજ્ઞાનમોહનામૃતવાઙ્મયઃ ||૮૯૯||**

જેમણે ભગવત્સમ્બન્ધી તત્ત્વને-જ્ઞાનને જાણ્યું છે એવાં માતા-પિતા વસુદેવ તથા દેવકીને જ્ઞાન(માયારૂપ)થી મોહ પમાડી પોતાના ઉપર પુત્રભાવ થવા માટે અમૃતમય મીઠાં વચનોને કથન કરનાર કંસશત્રુ શ્રીકૃષ્ણ.

**ઉગ્રસેનપ્રતિષ્ઠાતા ||૯૦૦||**

૧. ઉગ્રસેન (કંસ અને દેવકીના પિતા અને શ્રીકૃષ્ણના માતામહ)ની રાજ્યસિંહાસન પર પ્રતિષ્ઠા કરનાર.
૨. મર્યાદાનું પાલન કરવા ઉગ્રસેન રાજાના સન્મુખ સ્થિતિ કરનાર-નમ્રતાથી વિરાજિત થનાર. અર્થાત્ ઉગ્રસેનને રાજ્યાસન આપી પોતે તેમની આજ્ઞા માની સર્વ કાર્યભાર ઉપાડી લેનાર નીતિકુશલ શ્રીકૃષ્ણ.

## યાદવાધિવિનાશકઃ ||૯૦૧||

સર્વ યાદવોની પીડાને વિનાશ કરનાર-દૂર કરનાર પ્રભુ. કંસરાજાના ભયથી આમતેમ ગુપ્ત રીતે ભટકી રહેલા સર્વ યાદવોને બોલાવી સમૃદ્ધિપૂર્વક મથુરા નગરીમાં વસાવી તેમનાં અનેક દુઃખોને આપે દૂર કરેલાં છે. માટે યાદવોની પીડાઓનો નાશ કરનાર એવા પરમાત્મા એમ કહે છે.

**નન્દાદિસાન્ત્વનકરો બ્રહ્મચર્યવ્રતે સ્થિતઃ ||**
**ગુરુશુશ્રૂષણપરો વિદ્યાપારમિતેશ્વરઃ ||૧૯૮||**

## નન્દાદિસાન્ત્વનકરઃ ||૯૦૨||

નન્દરાયજી જેમાં મુખ્ય છે એવા સર્વ ગોપજનોને મધુર વચનો વડે શાન્ત કરનાર-આશ્વાસન આપનાર.

## બ્રહ્મચર્યવ્રતે સ્થિતઃ ||૯૦૩||

ઉપનયન-જનોઈ ધારણ કરવાનો સંસ્કાર પૂર્ણ થયે બ્રહ્મચર્યવ્રત પાળી વિદ્યાભ્યાસ કરવા ગુરુને ઘેર નિવાસ કરનાર બ્રહ્મચારી શ્રીકૃષ્ણ પરમાત્મા.

## ગુરુશુશ્રૂષણપરઃ ||૯૦૪||

૧. ઉજ્જયની નગરીમાં નિવાસ કરતા ગુરુવર્ય સાંદીપનિમુનિની શુશ્રૂષા-સેવા કરવામાં હંમેશા સાવધાન રહેનાર ગુરુભક્તિપરાયણ પ્રભુ.
૨. સાંદીપનિ ગુરુજીની સેવા કરવી એ જ જેમને સર્વોત્તમ કાર્ય છે એવા પરમાત્મા.

## વિદ્યાપારમિતેશ્વરઃ ||૯૦૫||

૧. સર્વ વિદ્યાઓના પારને પામી ગયેલા સર્વેશ્વર પ્રભુ,
૨. સર્વ વિદ્યાઓના પારને પ્રાપ્ત થયેલા તે જ ઈશ્વર-સમર્થ પ્રભુ.

શાસ્ત્રમાં ચૌદ પ્રકારની વિદ્યાઓ ગણાય છે. ચાર વેદ (ઋગ્ યજુઃ, સામ અને અથર્વ) છ અંગ (છન્દ, કલ્પ, નિરુક્ત, જ્યોતિષ, શિક્ષા અને વ્યાકરણ), ન્યાયશાસ્ત્ર, મીમાંસાશાસ્ત્ર, પુરાણ અને ધર્મશાસ્ત્ર એમ મળી ચૌદ થાય છે. પ્રભુ તો સર્વ વિદ્યાઓના અધીશ્વર છે તે માટે તે થોડા સમયમાં સર્વ વિદ્યાઓના પારને પામી જાય એ વિસ્મય થવા જેવું નથી.

**સાન્દીપનિમૃતાપત્યદાતા કાલાન્તકાદિજિત્ ||**
**ગોકુલાશ્વાસનપરો યશોદાનન્દપોષકઃ ||૧૯૯||**

## સાન્દીપનિમૃતાપત્યદાતા ||૯૦૬||

પોતાના ગુરુ સાન્દીપનિમુનિને સમુદ્રમાં મૃત્યુ પામેલા તેમના પુત્રને

સજીવન કરી અર્પણ કરનાર.

**કાલાન્તકાદિજિત્ ||૯૦૭||**

કાલ (મૃત્યુ) અને અન્તક (યમરાજ) વગેરેના વિવિધ પ્રકારના વિઘ્નોને વિદારણ કરી તેમને જીતનાર, પોતાને આધીન બનાવનાર.

**ગોકુલાશ્વાસનપરઃ ||૯૦૮||**

૧. ઉદ્ધવજી દ્વારા, ગોકુલમાં નિવાસ કરનારા નિજજનોના ચિત્ત-અન્તઃકરણને સમાધાન કરવામાં લઘુક્ત-ઉદ્યોગશીલ.
૨. ગોકુલનિવાસી સ્વજનોના ચિત્તનું સમાધાન કરવું એ જ જેમનું સર્વોત્તમ કાર્ય છે એવા પ્રભુ.
૩. ગોકુલવાસી આપ્તજનોનું સમાધાન કરી તેમને શાન્તિ આપી રક્ષણ કરનાર.

**યશોદાનન્દપોષકઃ ||૯૦૯||**

ઉદ્ધવજી દ્વારા સન્દેશો મોકલી યશોદા તથા નન્દરાયજીના પ્રાણોને પોષણ કરનાર સર્વના પ્રાણરૂપ.

**ગોપિકાવિરહવ્યાજમનોગતિરતિપ્રદઃ ||**
**સમોદ્ધવભ્રમરવાક્ ગોપિકામોહનાશકઃ ||૨૦૦||**

**ગોપિકાવિરહવ્યાજમનોગતિરતિપ્રદઃ ||૯૧૦||**

ગોપિકાઓના બહિર્દષ્ટિએ જણાતા વિરહના ઉદ્દેશથી-અર્થાત્ તે નિમિત્તને માની વ્રજમાં જઈ તેમનાં મનોમન્દિરમાં વિરાજી પ્રીતિનું સુખ આપનાર.

**સમોદ્ધવભ્રમરવાક્ ||૯૧૧||**

૧. ભગવાનના સમાન જ ઉદ્ધવજી ત્યાં વિરાજિત છતાં, ગોપીજનો પ્રત્યે ભ્રમરના ગુઞ્જારવ રૂપે જેમની વાણી છે એવા પ્રભુ.
૨. શ્રીકૃષ્ણના સરખા એવા ઉદ્ધવ અને ભ્રમર (સન્દેશહારક હોવાથી)ની વાણીરૂપે જેમની વાણી છે એવા.

**ગોપિકામોહનાશકઃ ||૯૧૨||**

ગોપિકાઓને ભગવાન્ના વિરહથી પ્રકટ થયેલા મોહને-ચિત્તભ્રમને ઉદ્ધવજીનાં વચનો દ્વારા નાશ કરનાર-દૂર કરનાર પ્રભુ.

**કુબ્જારતિપ્રદોઽક્રૂરપવિત્રીકૃતભૂગૃહઃ ||**
**પૃથાદુઃખપ્રણેતા ચ પાણ્ડવાનાં સુખપ્રદઃ ||૨૦૧||**

## કુબ્જારતિપ્રદઃ ।।૯૧૩।।

પૂર્વમાં પ્રતિજ્ઞાપૂર્વક વરદાન આપેલું તેથી કુબ્જાને રતિ-સૂરતાનન્દ આપનાર પરમાત્મા શ્રીકૃષ્ણ.

## અક્રૂરપવિત્રીકૃતભૂગૃહઃ ।।૯૧૪।।

ભક્તરાજ અક્રૂરજીને ત્યાં પધારી તેમનાં ઘર ભૂમિ તથા ગૃહસ્થતાની સર્વ સામગ્રીને પવિત્ર કરનાર-પાવન કરનાર ભક્તપ્રિય ભગવાન્ વાસુદેવ.

જો 'અક્રૂરપવિત્રકૃતભૂગૃહઃ' એવો પાઠ હોય તો અક્રૂરજીને ઘેર પધારીને ભૂમિના દેશો તથા ગ્રહોને પવિત્ર કરનાર એવો અર્થ કરવો.

## પૃથાદુઃખપ્રણેતા ।।૯૧૫।।

૧. પૃથા-કુન્તાજીને કૌરવોએ આપેલાં વિષદાન, અગ્નિદાહ વગેરે દુઃખોની હકીકત અક્રૂરજીને કહેનાર જણાવનાર.

૨. સન્દેશાથી જ કુન્તાજીનાં અનેક કષ્ટોને ઉત્કૃષ્ટ રીતે નષ્ટ કરનાર શ્રીહરિ.

## પાણ્ડવાનાં સુખપ્રદઃ ।।૯૧૬।।

અક્રરજીદ્વારા સન્દેશો મોકલાવીને જ યુધિષ્ઠિર વગેરે પાણ્ડુરાજાના પાંચ પુત્રોને સારી રીતે સુખ-શાન્તિ આપનાર આનન્દકન્દ શ્રીકૃષ્ણચન્દ્ર.

**।।ઈતિ દશમસ્કન્ધપૂર્વાર્દ્ધનામાનિ।।**

# ।। અથ દશમસ્કન્ધોત્તરાર્ધનામાનિ ।।

### જરાસન્ધસમાનીતસૈન્યઘાતી વિચારકઃ ।।
### યવનવ્યાપ્તમથુરાજનદત્તકુશસ્થલિઃ ।।૨૦૨।।

## જરાસન્ધસમાનીતસૈન્યઘાતી ।।૯૧૭।।

મગધદેશના અધિપતિ જરાસન્ધ રાજાએ સત્તરવાર ત્રેવીસ-ત્રેવીસ અક્ષૌહિણી સૈન્ય આણ્યું, તેને હણવાના, નાશ કરવાના સ્વભાવવાળા પ્રભુ.

અક્ષૌહિણી સેનાનું માપ મહાભારતાદિ ગ્રન્થોમાં નીચે પ્રમાણે જોવામાં આવે છે કે, ૨૧૮૭૦ રથો, ૨૧૮૭૦ હાથી, ૬૫૬૧૦ ઘોડેસવાર અને ૧૦૯૭૫૦ પાયદલ એ રીતે કુલ ૨૧૮૭૦૦ સૈનિકોની સંખ્યાને એક અક્ષૌહિણી કહેવાય છે.

તેવી ત્રેવીસ અક્ષૌહિણી સેનાની તૈયારી કરી સત્તરવાર મથુરાપુર ચઢાઈ કરી હતી, અને દરેક વખતે શ્રીકૃષ્ણે તે સેનાઓને સારી રીતે નાશ કરેલો છે. એ જ તાત્પર્યને જણાવનારું આ નામ છે.

**વિચારકઃ ।।૯૧૮।।**

વિચાર કરનાર પ્રભુ.

જ્યારે અઢારમી વાર જરાસન્ધ ત્રેવીસ અક્ષૌહિણી મહાન સેનાને લઈ આવ્યો, ત્યારે પોતાના સર્વ યાદવ બંધુઓને કુશસ્થલીમાં લઈ જવા સારું આપે બળદેવજી સાથે રાજનીતિ સમ્બન્ધી વિચારો કરેલા તેને જ ઉદ્દેશી અહિં વિચાર કરનાર એવા પ્રભુ એમ કથન કરે છે.

**યવનવ્યાપ્તમથુરાજનદત્તકુશસ્થલિઃ ।।૯૧૯।।**

યવનરાજના ત્રણ કરોડ સૈન્ય વડે અર્થાત્ કાલયવનથી વ્યાપ્ત-ઘેરાયેલા મથુરામાં નિવાસ કરનારા લોકોને સ્થિતિ કરવા સારુ કુશસ્થલીને અર્પનારા.

**દ્વારકાદ્ભુતનિર્માણવિસ્માપિતસુરાસુરઃ ।।**
**મનુષ્યમાત્રભોગાર્થભૂમ્યાનીતેન્દ્રવૈભવઃ ।।૨૦૩।।**

**દ્વારકાદ્ભુતનિર્માણવિસ્માપિતસુરાસુરઃ ।।૯૨૦।।**

શ્રીદ્વારકાનગરીની અદ્‌ભુત આશ્ચર્ય પમાડે તેવી રમણીય રચનાથી દેવો અને દૈત્યોને વિસ્મય ઉત્પન્ન કરનાર-આશ્ચર્યચકિત બનાવનાર.

**મનુષ્યમાત્રભોગાર્થભૂમ્યાનીતેન્દ્રવૈભવઃ ।।૯૨૧।।**

સર્વ મનુષ્ય માત્રને ભોગ-સ્વર્ગ સમાન સુખનો અનુભવ કરવા સારુ ભૂમિમાં-શ્રીદ્વારકાપુરીમાં ઈન્દ્રના વૈભવો-પારિજાતતરુ આદિ ઉપભોગ કરવા લાયક ઐશ્વર્યોને આણનાર-સ્થાપન કરનાર શ્રીપુરુષોત્તમ.

દરેક દિશાના લોકપાલોએ પોતાનો સર્વ વૈભવ દ્વારકામાં સ્થાપન કર્યો છે તેમ સત્યભામાના આગ્રહથી આપે ઈન્દ્ર સાથે યુદ્ધ કરી પારિજાત વૃક્ષને લાવી દ્વારકામાં સ્થાપન કર્યું છે માટે, સર્વજનોના ઉપભોગ સારુ ઈન્દ્રના વૈભવોને ભૂમિમાં લાવનાર પ્રભુ એમ કહે છે.

**યવનવ્યાપ્તમથુરાનિર્ગમાનન્દવિગ્રહઃ ।।**
**મુચુકુન્દમહાબોધયવનપ્રાણદર્પહા ।।૨૦૪।।**

**યવનવ્યાપ્તમથુરાનિર્ગમાનન્દવિગ્રહઃ ।।૯૨૨।।**

કાલયવને ઘેરી લીધેલી મથુરાપુરીમાંથી નીકળતી વખતે પોતાની પાસે

આયુધ વગેરે નહિ હોવાથી શુદ્ધ સચ્ચિદાનન્દમય જેમનો દેહ છે એવા સચ્ચિદાનન્દ સ્વરૂપવાન શ્રીકૃષ્ણ.

**મુચુકુન્દમહાબોધયવનપ્રાણદર્પહા ॥૯૨૩॥**

માંધાતા રાજાના પુત્ર મુચુકુન્દને ઘણા જ કાળની નિદ્રામાંથી જગાડનારા કાલયવનના પ્રાણો અને તેના પક્ષના જરાસન્ધાદિ રાજાઓના દર્પને-અભિમાનને દૂર કરનાર-નાશ કરનાર શ્રીહરિ.

૫૧મા અધ્યાયમાં કાલયવનના ભયથી જાણે દોડી જતા હોય, તેમ શ્રીકૃષ્ણે ગુફામાં પ્રવેશ કર્યો, તેમની પાછળ કાલયવને પણ પ્રવેશ કર્યો. ત્યાં ઘણા કાલની નિદ્રામાં સૂતેલા મુચુકુન્દ રાજાને, આ શ્રીકૃષ્ણ છે એમ જાણી, તેમને લાત મારી એટલે જાગૃત થતાં તે મુચુકુન્દના નેત્રનાં તેજથી કાલયવન ભસ્મીભૂત થઈ ગયો. એ કથાના આશયનો બોધ કરનારું આ ભગવતનામ છે.

**મુચુકુન્દસ્તુતાશેષ-ગુણકર્મમહોદયઃ ॥**
**ફલપ્રદાનસન્તુષ્ટિઃ જન્માન્તરિતમોક્ષદઃ ॥૨૦૫॥**

**મુચુકુન્દસ્તુતાશેષગુણકર્મમહોદયઃ ॥૯૨૪॥**

ભક્તરાજ મુચુકુન્દે જેમનો સમ્પૂર્ણ ગુણકર્મના મહોદયને-ઐશ્વર્યના પ્રભાવ સ્તવ્યો છે-વર્ણવ્યો છે એવા પ્રભુ.

**ફલપ્રદાનસન્તુષ્ટિઃ ॥૯૨૫॥**

ભક્તિરૂપ અમોઘ ફલનું દાન કરી મુચુકુન્દ રાજાને સમ્પૂર્ણ રીતે સન્તુષ્ટ કરનાર-પ્રસન્ન કરનાર.

**જન્માન્તરિતમોક્ષદઃ ॥૯૨૬॥**

બીજા જન્મે મુચુકુન્દ રાજાને મોક્ષ આપનાર.

પ્રભુનાં દર્શનથી તાત્કાલિક જ મોક્ષ થવો જોઈએ, છતાં મુચુકુન્દ રાજાને પૂર્વનાં અવશિષ્ટ કર્મ અન્ય બ્રાહ્મણદેહ આપી તેને મોક્ષ આપેલો છે. કેમ કે જ્યાં સુધી કર્મો બાકી હોય છે, ત્યાં સુધી તેને ભોગવ્યા સિવાય જન્મમરણથી રહિત થવાતું નથી. એવી પોતાની શાસ્ત્રસિદ્ધ મર્યાદાનો ભંગ ન થાય, માટે આપે અન્ય જન્મે મોક્ષ આપેલો છે એમ જાણવું. પુષ્ટિભક્તિને તો કેવળ ભગવાનનું સેવન જ ઈષ્ટ છે, તેમને મોક્ષાભિલાષની કાંઈ જરૂર નથી. તે તો પ્રભુની પ્રેમમયી ભક્તિપૂર્વક વિપ્રયોગદશામાં આરાધના કરવાથી જ ભગવત્કૃપાપાત્ર બની આનન્દમય સ્વરૂપનો અનુભવ કરે છે. એથી બીજો કોઈ પણ અધિક આનન્દ જ નથી. અસ્તુ.

**શિવબ્રાહ્મણવાક્યાપ્તજયભીતિવિભાવનઃ ॥**

## પ્રવર્ષણપ્રાર્થિતાગ્નિદાનપુણ્યમહોત્સવઃ ।।૨૦૬।।

## શિવબ્રાહ્મણવાક્યાપ્તજયભીતિવિભાવનઃ ।।૯૨૭।।

શંકર અને બ્રાહ્મણોના (''તારો જય થાવ'' એવા વરદાન રૂપી) વાક્યોને મેળવી અઢારમી વાર યુદ્ધ કરવા આવેલા જરાસન્ધનો જય થવા સારુ અર્થાત્ શિવ તથા બ્રાહ્મણોના વાક્યોને સત્ય કરવા માટે પોતાનામાં ભયની ભાવના કરનાર, એટલે જાણે જરાસન્ધથી ભયભીત થયા હોય એમ સર્વને દર્શાવિનાર.

ભગવાન્નો સર્વત્ર વિજય જ છે. તેમને જરાસન્ધાદિ શત્રુઓથી ભય પામવાનું એ ખરું જોતાં નટરચના જેવું છે. એવા પ્રકારનો લીલાવિનોદ કરવાની જ અભિલાષા છે; એમ સમજવું. અથવા જ્યારે સત્તરવાર શ્રીકૃષ્ણથી પરાભવ પામી જરાસન્ધ લજ્જિત બની ગયો, ત્યારે ભગવાન્ શંકરનું આરાધન કરી, બ્રાહ્મણોના આશીર્વાદો મેળવી અઢારમીવાર યુદ્ધ કરવા યાદવો ઉપર ચડી આવ્યો. એટલે તે શંકર અને ભૂદેવોના વરદાનો ઉપર લોકોનો વિશ્વાસ ન ઊઠી જાય તે માટે આપ પરાભવ પામવાથી નાઠા હોય એમ સર્વત્ર દર્શાવ્યુ છે. વસ્તુતઃ પ્રભુ અજિત જ છે.

## પ્રવર્ષણપ્રાર્થિતાગ્નિદાનપુણ્યમહોત્સવઃ ।।૯૨૮।।

'પ્રવર્ષણ' નામના પર્વત પર્યન્ત પાછળ દોડીને જેમની (શ્રીકૃષ્ણ અને બલદેવની) સાથે યુદ્ધ કરવાની પ્રાર્થના-યાચના કરી છે, એવી યાચનાના ઉદ્દેશથી પર્વત ઉપર ચઢી જવાને લીધે ચારે પાસેથી પર્વતને અગ્નિદાન કરી સળગાવી જરાસન્ધના મોટા પુણ્યના મહોત્સવને મિથ્યા-વૃથા કરનાર પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર.

જરાસન્ધના ભયથી નાસી શ્રીકૃષ્ણ તથા બલરામ પ્રવર્ષણ પર્વતમાં ગુપ્ત થઈ ગયા. એટલે તેમની પૂંઠ પકડી એ પર્વત પર્યન્ત આવેલા જરાસન્ધે આખા પર્વતની ચારે બાજુએ અગ્નિ સળગાવી એમ માન્યું કે બન્ને જણ ભસ્મીભૂત થઈ ગયા, પરન્તુ વસ્તુતસ્તુ દ્વારકામાં જ પધારેલા હતા. એ પ્રમાણે તેને છેતરી વરદાનથી મેળવેલા તેના મહાપુણ્યના મહોત્સવને આપે ફોકટ કરી નાંખ્યો છે. એમ સ્પષ્ટ ભાગવતના આ સ્કન્ધના ૫૨ (બાવન) અધ્યાયમાં છે. એ ઉદ્દેશથી જ આ નામ કથન કરેલું છે.

## રુક્મિણીરમણઃ કામપિતા પ્રદ્યુમ્નભાવનઃ ।।
## સ્યમન્તકમણિવ્યાજપ્રાપ્તજામ્બૂવતીપતિઃ ।।૨૦૭।।

## રુક્મિણીરમણઃ ।।૯૨૯।।

રુચિ ઉત્પન્ન કરે તેને 'રુક્મ' કહેવાય છે એટલે તે રુક્મના (સુવર્ણના) જેવો જેનો વર્ણ છે. એવાં રુક્મિણીજીને રમાડનાર, અર્થાત્ લક્ષ્મીરૂપ સૌન્દર્ય સ્વરૂપ શ્રીરુક્મિણીજીમાં રમણ કરનાર પ્રભુ.

## કામપિતા ||૯૩૦||

શ્રીશંકરે પોતાની દૃષ્ટિ વડે બાળીને ભસ્મીભૂત કરેલા કામદેવના પિતા-જનક-ઉત્પન્ન કરનાર શ્રીપુરુષોત્તમ.

શ્રીશંકરે મોહિત કરવા આવેલા કામદેવને પોતાના તૃતીય લોચનથી ભસ્મીભૂત કરી નાખ્યો. જ્યારે તેની પત્ની રતિએ સજીવન કરવા શંકરની પ્રાર્થના કરી ત્યારે શ્રીકૃષ્ણથી રુક્મિણીમાં પ્રકટ થશે એમ વરદાન આપેલું એમ શિવપુરાણ આદિમાં છે. તે શમ્ભુના વરદાનને સત્ય કરવા, અને રતિનું પ્રિય કરવા, આપે તેને પ્રકટ કરેલો છે. જેથી કામપિતા એમ કહી અહિં પ્રભુને પ્રતિપાદન કરે છે.

## પ્રદ્યુમ્નભાવનઃ ||૯૩૧||

પ્રદ્યુમ્ન જેમનું નામ છે એવા મોટા પુત્રને પ્રકટ કરનાર.

## સ્યમન્તકમણિવ્યાજપ્રાપ્તજામ્બૂવતીપતિઃ ||૯૩૨||

સ્યમન્તક મણિને લાવવાના નિમિત્તથી પ્રાપ્ત થયેલાં જામ્બુવતી (રીંછપતિ જામ્બુવાન્‌ની પુત્રી)ના પતિ-પાલન કરનાર સ્વામી શ્રીકૃષ્ણ.

**સત્યભામાપ્રાણપતિઃ કાલિન્દીરતિવર્ધનઃ ||**
**મિત્રવિન્દાપતિઃ સત્યાપતિર્વૃષનિષૂદનઃ ||૨૦૮||**

## સત્યભામાપ્રાણપતિઃ ||૯૩૩||

૧. (સત્યઃ ભામઃ યસ્યાઃ) પોતાનું કાર્ય સિદ્ધ કરવામાં જેમનો સત્ય-યથાર્થ (દૃઢ આગ્રહપૂર્વક) રોષ છે એવાં સત્યભામાના પ્રાણનાથ.
૨. સત્યભામાના પ્રાણતુલ્ય પતિ-ભરથાર શ્રીપુરુષોત્તમ.

## કાલિન્દીરતિવર્ધનઃ ||૯૩૪||

૧. કાલિન્દી-સૂર્યની પુત્રી યમુનાજીની રતિ-પ્રીતિને વધારનાર.
૨. યમુનાજીમાં પોતાની પ્રીતિને વધારનાર.

## મિત્રવિન્દાપતિઃ ||૯૩૫||

વિન્દ અને અનુવિન્દની બહેન મિત્રવિન્દાના પતિ-સ્વામી.

## સત્યાપતિઃ ||૯૩૬||

નગ્નજિત રાજાની કન્યા સત્યાના પતિ.

## વૃષનિષૂદનઃ ||૯૩૭||

નગ્નજિત રાજાને ત્યાં પણમાં મૂકેલા સાતે વૃષભો-સાંઢોને સારી રીતે સત્વ

રહિત કરનાર અર્થાત્ એકી સમયે તેમને નાથી બલહીન બનાવનાર પરમ સમર્થ શ્રીકૃષ્ણ પ્રભુ.

**ભદ્રાવાઞ્છિતભર્તા ચ લક્ષ્મણાવરણક્ષમઃ ।।**
**ઈન્દ્રાદિપ્રાર્થિતવધનરકાસુરસૂદનઃ ।।૨૦૯।।**

**ભદ્રાવાઞ્છિતભર્તા ।।૯૩૮।।**

શ્રુતકીર્તિ રાજાની પુત્રી ભદ્રાના મનવાઞ્છિત (હૃદયમાં ઈચ્છા કરેલા) ભર્તા–પતિ.

**લક્ષ્મણાવરણક્ષમઃ ।।૯૩૯।।**

મદ્રદેશના નરેશની પુત્રી લક્ષ્મણાને વરવામાં સમર્થ પરમાત્મા.

**ઇન્દ્રાદિપ્રાર્થિતવદનરકાસુરસૂદનઃ ।।૯૪૦।।**

ઈન્દ્રાદિ દેવો વડે જેનો નાશ કરવા માટે પ્રાર્થના કરવામાં આવી છે એવો નરકાસુર નામના દૈત્યનો નાશ કરનાર.

ભૂમિપુત્ર નરકાસુર ઈન્દ્રાદિ દેવોનો પરાભવ કરી અદિતિનાં મણિમય કુણ્ડલોને હરી લાવ્યો હતો, જેથી દેવોએ સ્તુતિ કરી શ્રીકૃષ્ણને તેનો નાશ કરવા પ્રેર્યા, એવી રીતે આપ પ્રભુએ તેનો નાશ કરી અદિતિનાં કુણ્ડળો આપી દેવોને પ્રસન્ન કરેલા છે. એ આ સ્કન્ધમાં ૫૯મા અધ્યાયમાં સ્પષ્ટ છે.

**મુરારિઃ પીઠહન્તા ચ તામ્રાદિપ્રાણહારકઃ ।।**
**ષોડશસ્ત્રીસહસ્રેશઃ છત્રકુણ્ડલદાનકૃત્ ।।૨૧૦।।**

**મુરારિઃ ।।૯૪૧।।**

'મુર'નામના દૈત્યના શત્રુ.

**પીઠહન્તા ।।૯૪૨।।**

નરકાસુરના સેનાપતિ પીઠ નામના અસુરને હણનાર.

**તામ્રાદિપ્રાણહારકઃ ।।૯૪૩।।**

તામ્ર જેમાં મુખ્ય છે એવા અન્તરિક્ષ, શ્રવણ, વિભાવસુ, વસુ, નભસ્વાન્ અને અરુણ વગેરે મુરદૈત્યના પુત્રોના પ્રાણોને હરણ કરનાર–તેમનો નાશ કરનાર.

**ષોડશસ્ત્રીસહસ્રેશઃ ।।૯૪૪।।**

સોળ હજાર સ્ત્રીઓના ઈશ–સ્વામી.

નરકાસુરે પોતાના ઉપભોગ માટે અનેક રાજાઓની સોળ હજાર દિવ્ય કન્યાઓને હરી લાવી તેમને પરણવાના વિચારથી અન્તઃપુરમાં રાખી હતી. તે

નરકાસુરનો નાશ કરી એ સોળ હજાર સ્ત્રીઓને તેમની અભિલાષા જાણી આપ જ વરેલા છે. એમ આ સ્કન્ધના ૫૮મા અધ્યાયમાં કથન કરેલું છે તે જ હેતુથી અહિં સોળ હજાર સ્ત્રીઓના સ્વામી એમ આજ્ઞા કરે છે.

### છત્રકુણ્ડલદાનકૃત્ ||૯૪૫||

ઈન્દ્રનું છત્ર ઈન્દ્રને તથા અદિતિનાં કુણ્ડળો અદિતિને અર્પણ કરનાર પૂર્ણ પુરુષોત્તમ.

**પારિજાતાપહરણો દેવેન્દ્રમદનાશકઃ ||**

**રુક્મિણીસમસર્વસ્ત્રી-સાધ્યભોગરતિપ્રદઃ ||૨૧૧||**

### પારિજાતાપહરણઃ ||૯૪૬||

બલપૂર્વક દેવોના વૃક્ષ પારિજાતને હરણ કરનાર શ્રીકૃષ્ણ ભગવાન્.

### દેવેન્દ્રમદનાશકઃ ||૯૪૭||

દેવોના ઈન્દ્રને પરાજય પમાડી તેનામાં રહેલા મહાન ઐશ્વર્ય સમ્બન્ધી મદને-અભિમાનને નાશ કરનાર.

### રુક્મિણીસમસર્વસ્ત્રીસાધ્યભોગરતિપ્રદઃ ||૯૪૮||

લક્ષ્મીના અંશરૂપ સર્વ સ્ત્રીઓ હોવાથી રુક્મિણી સમાન જ સર્વ સ્ત્રીઓ વડે પ્રાપ્ત થનાર ભોગને લીધે ઉત્કર્ષ રીતે અર્પણ કરનાર શ્રીમદનમોહક કૃષ્ણ.

**રુક્મિણીપરિહાસોક્તિવાક્તિરોધાનકારકઃ ||**

**પુત્રપૌત્રમહાભાગ્યગૃહધર્મપ્રદર્શકઃ ||૨૧૨||**

### રુક્મિણીપરિહાસોક્તિવાક્તિરોધાનકારકઃ ||૯૪૯||

૧. રુક્મિણી પ્રત્યે થયેલી પરિહાસોક્તિ વડે હાસ્યવિનોદનાં વચનો વડે રુક્મિણીજીની વાણીને તિરોધાન-સ્થમ્ભન કરનાર-બંધ કરી દેનાર.

૨. રુક્મિણીજી સાથે થયેલી હાસ્યવિનોદ રૂપ વાણીને તિરોધાન કરનાર-ફેરફાર કરનાર અર્થાત્ જુદે સ્વરૂપે તેને પ્રતિપાદન કરનાર.

૩. રુક્મિણીજીના હાસ્યવિનોદવાળી વાણીથી પોતાને થયેલા તિરોધાન સ્થમ્ભનની પેઠે તેમના મનમાં સ્થમ્ભન-સ્થિરતા કરનાર.

### પુત્રપૌત્રમહાભાગ્યગૃહધર્મપ્રદર્શકઃ ||૯૫૦||

પુત્ર અને પૌત્ર સમ્બન્ધી મહાન ભાગ્યરૂપ ગૃહધર્મ-ગૃહસ્થાશ્રમીઓના ધર્મને ઉત્તમ રીતે બીજા જનોને દર્શાવનાર પ્રભુ.

કોઈક સ્થળે ''પુત્ર...ધર્મપ્રવર્તકઃ'' એવો પાઠ જોવામાં આવે છે. ત્યાં પુત્ર

અને પૌત્ર સમ્બન્ધી મહાભાગ્યરૂપ ગૃહસ્થાશ્રમીઓના ધર્મને ઉત્તમ રીતે પ્રવર્તાવનાર એમ અર્થ કરવો.

**શમ્બરાન્તકસત્પુત્ર-વિવાહહતરુક્મિકઃ ।।**
**ઉષાપહૃતપૌત્રશ્રીર્બાણબાહુનિવારકઃ ।।૨૧૩।।**

### શમ્બરાન્તકસત્પુત્રવિવાહહતરુક્મિકઃ ।।૯૫૧।।

શમ્બરાસુરને નાશ કરનાર-પ્રદ્યુમ્ન (શ્રીકૃષ્ણના પુત્ર)ના પુત્ર અનિરુદ્ધના વિવાહમાં બલદેવજી દ્વારા રુક્મિક (રુક્મિણીના ભાઈ)ને હણનાર-મારનાર.

### ઉષાપહૃતપૌત્રશ્રીઃ ।।૯૫૨।।

બાણાસુરની પુત્રી ઉષાને માટે તેની સખી ચિત્રલેખાએ યોગશક્તિથી હરણ કરેલા પોતાના પૌત્ર અનિરુદ્ધની શ્રી-સમ્પત્તિ છે જેમનાથી એવા પરમાત્મા શ્રીકૃષ્ણ.

જ્યારે બાણાસુરે બન્દીખાને નાંખેલા પોતાના પૌત્ર અનિરુદ્ધને મુક્ત કરવા આપ પધાર્યા, ત્યારે સ્ત્રી સાથે અનેક સમ્પત્તિ પણ અનિરુદ્ધને પ્રાપ્ત થઈ એટલે જેમનાથી અનિરુદ્ધને સમ્પત્તિ પ્રાપ્ત થઈ છે એવા પ્રભુ એમ નામ કહે છે.

### બાણબાહુનિવારકઃ ।।૯૫૩।।

બાણાસુરના બાહુઓને નિવારણ કરનાર-છેદી નાંખનાર.

શ્રીશંકરના વરદાનને સત્ય કરવા બાણાસુરના હજાર બાહુઓમાંથી ચાર બાહુઓ કાયમ રાખી બાકીની ભુજાઓને આપે છેદી નાંખેલી છે. એમ આ સ્કન્ધના ૬૩મા અધ્યાયમાં કથન કરેલું જેથી અહિં બાણના બાહુઓને નિવારણ કરનાર પ્રભુ એમ જણાવે છે.

**શીતજ્વરભયવ્યાપ્તજ્વરસંસ્તુતષડ્ગુણઃ ।।**
**શંકરપ્રતિયોદ્ધા ચ દ્વન્દ્વયુદ્ધવિશારદઃ ।।૨૧૪।।**

### શીતજ્વરભયવ્યાપ્તજ્વરસંસ્તુતષડ્ગુણઃ ।।૯૫૪।।

શીતજ્વર (ટાઢથી આવતો તાવ)ના ભયને પ્રાપ્ત થયેલા જ્વરે (ઊના તાવે) જેમના ઐશ્વર્યાદિ છ ગુણોની સ્તુતિ કરી છે એવા ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્ર.

આ સ્કન્ધના ૬૩મા અધ્યાયમાં જણાવવામાં આવ્યું છે કે, બાણાસુરની સાથે યુદ્ધ કરતાં, તેને સહાય કરવા ગણો સહિત ભગવાન્ શંકર પણ પધારેલા હતા, તે ગણોમાંના ઉષ્ણજ્વર નામના ગણે ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રતિ ઉપદ્રવ કરતાં, તેનો પરાભવ કરવા આપે શીતજ્વર છોડેલો છે. અને તે પ્રભુના શીતજ્વરથી પીડા પામતાં

ઉષ્ણજ્વરે પ્રભુના પ્રભાવને વર્ણવી સ્તુતિ કરી છે. તેને ઉદ્દેશી આ નામનો પ્રકાશ કરેલો છે. અણિમા લઘિમાદિ ચ ઐશ્વર્યના ગુણોને તો 'ષડ્ગુણઃ' એ ભગવાન્‌ના નામમાં વર્ણવી ગયા છીએ.

**શંકરપ્રતિયોદ્ધા ||૯૫૫||**

શંકરના પ્રતિપક્ષ કરી યુદ્ધ કરનાર, શ્રીશંકરની સામા યુદ્ધ કરનાર શ્રીવાસુદેવ પ્રભુ.

**દ્વન્દ્વયુદ્ધવિશારદઃ ||૯૫૬||**

સામ-સામા થઈને યુદ્ધ કરવામાં કુશલ-નિપુણ.

**નૃગપાપપ્રભેત્તા ચ બ્રહ્મસ્વગુણદોષદૃક્ ||**
**વિષ્ણુભક્તિવિરોધૈકબ્રહ્મસ્વવિનિવારકઃ ||૨૧૫||**

**નૃગપાપપ્રભેત્તા ||૯૫૭||**

નૃગરાજાના પાપને દૂર કરનાર.

નૃગરાજા બ્રાહ્મણોને ઘણું જ દાન આપતા હતા, એક દિવસ એમ બન્યું કે, એક બ્રાહ્મણને શાસ્ત્ર વિધિ પ્રમાણે તેમણે ગાયનું દાન આપ્યું, તેવામાં તે બ્રાહ્મણને ત્યાંથી ગાય નાસી ગઈ અને રાજાની ગૌશાળામાં પ્રવેશ કર્યો; એટલે અજાણમાં તે જ ગાયને કોઈ બીજા બ્રાહ્મણને દાનમાં આપવામાં આવી. હવે પ્રથમ જે બ્રાહ્મણ દાનમાં તે ગાયને લઈ ગયો હતો તે બ્રાહ્મણની શોધ કરતાં-કરતાં એ જ ગાયને લઈ જતાં પેલાં બીજા બ્રાહ્મણોને માર્ગમાં મળ્યો. જેથી આ ''મારી ગાય છે મારી ગાય છે'' એમ પરસ્પર બ્રાહ્મણોને કલહ થવા લાગ્યો, તેનું સમાધાન કરવા પોતે રાજાએ પણ અનેક આગ્રહપૂર્વક બન્નેને સમજાવવા માંડ્યા; પણ કોઈએ માન્યુ નહિ, અને રાજાનો અચાનક કાળ થયો. તે પ્રાયશ્ચિત્તના યોગે રાજાને કાચીંડાનો જન્મ લેવો પડ્યો. યાદવના રાજકુમારો રમતાં-રમતાં ત્યાં આવી પહોંચતાં, હવડ-કૂવામાં તેને જોયો. જેથી તેનો ઉદ્ધાર કરવા બહુ જ પ્રયાસ કર્યો છતાં કાંઈ પણ વળ્યું નહિ; એટલે તે વાત સર્વેએ આવી ભગવાન્ શ્રીકૃષ્ણને નિવેદન કરી, આપ પ્રભુએ કરકમલના સ્પર્શથી લીલામાત્રમાં જ તેનો ઉદ્ધાર કરી કાચીંડાની યોનિમાંથી મુક્ત કર્યો. એમ આ સ્કન્ધના ૬૪મા અધ્યાયમાં જણાવેલું છે. તે નૃગરાજાને બ્રહ્મસ્વના પાપથી દૂર કરનાર પ્રભુ એમ કહે છે.

**બ્રહ્મસ્વગુણદોષદૃક્||૯૫૮||**

૧. બ્રહ્મસ્વના ગુણ અને દોષોને જોનાર.
૨. બ્રહ્મસ્વમાં રહેલા ગુણ અને દોષો બીજાને દર્શાવનાર.

૩. નૃગરાજાને બ્રહ્મસ્વથી થયેલા દોષ અને ગુણો અન્ય પુરુષોને દર્શાવિનાર.

બ્રાહ્મણો સમ્બન્ધી કોઈ પણ દ્રવ્ય-વસ્તુને બ્રહ્મસ્વ કહેવામાં આવે છે. એ બ્રહ્મસ્વને અજાણપણામાં પણ ગ્રહણ કરવાથી અમાપ થાય છે, તો જાણી જોઈને હરણ કરવામાં આવે તો કેટલું બધું પાપ થાય ? એમ આપે યદુરાજ કુમારોને જણાવ્યું છે. વળી બ્રહ્મસ્વમાં એક મહાન ગુણ પણ રહેલો છે કે વારંવાર અગણિત દાન બ્રાહ્મણોને આપવાથી ભગદર્શનરૂપ અતુલ ફલ પણ ઉપલબ્ધ થાય છે. નૃગરાજાએ અજાણપણામાં બ્રહ્મસ્વ હરણ કરવાથી સેંકડો વર્ષ કાચીંડાનો જન્મ અનુભવ્યો તેમ પુષ્કળ દાન આપવાથી ભગવદ્દર્શનરૂપ દિવ્ય ફલ પણ પ્રાપ્ત કર્યું. પ્રભુએ બ્રહ્મસ્વના ગુણ અને દોષોને સર્વત્ર પ્રસરાવવાના હેતુથી જ યદુરાજ કુમારોને ઉપદેશ આપેલો છે, માટે અહિં શ્રીકૃષ્ણચન્દ્રને બ્રહ્મસ્વના ગુણદોષને જોનાર તથા દર્શાવિનાર કહ્યા.

## વિષ્ણુભક્તિવિરોધૈકબ્રહ્મસ્વવિનિવારકઃ ।।૯૫૯।।

વિષ્ણુએ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રની ભક્તિમાં વિરોધ આવવા અર્થાત્ પ્રતિબન્ધ થવા સારુ એક સાધારણ મોટું કારણ બ્રહ્મસ્વ-બ્રાહ્મણને અર્પણ કરેલું ખૂંચી લેવું તે છે, તેવા બ્રહ્મસ્વનું વિશેષ રીતે નિવારણ કરનાર અર્થાત્ તજ્જન્ય પાપને દૂર કરનાર શ્રીહરિ શ્રીકૃષ્ણ.

**બલભદ્રાહિતગુણો ગોકુલપ્રીતિદાયકઃ ।।**
**ગોપીસ્નેહૈકનિલયો ગોપીપ્રાણસ્થિતિપ્રદઃ ।।૨૧૬।।**

## બલભદ્રાહિતગુણઃ ।।૯૭૦।।

બલભદ્રજીમાં શોકરહિતપણું આનન્દી સ્વભાવ વગેરે ગુણોને સ્થાપન કરનાર પ્રભુ.

## ગોકુલપ્રીતિદાયકઃ ।।૯૭૧।।

બલદેવજી દ્વારા ગોકુલ નિવાસી (નન્દ-યશોદા વગેરે) જનોને પ્રીતિ આનન્દ હર્ષ સમર્પણ કરનાર પ્રભુ.

## ગોપીસ્નેહૈકનિલયઃ ।।૯૭૨।।

ગોપીજનોનો સ્નેહ-પ્રેમ તેના સ્થાનરૂપ પરમાત્મા શ્રીકૃષ્ણચન્દ્ર.

## ગોપીપ્રાણસ્થિતિપ્રદઃ ।।૯૭૩।।

૧. ગોપાંગનાઓના પ્રાણોને સ્થિતિ (બલદેવજી દ્વારા) અર્પણ કરનાર-શાંતિ આપનાર.
૨. ગોપીજનોના પ્રાણોમાં સ્થિતિ કરનાર.

૩. ગોપવનિતાઓની સ્થિતિ પોતાના પ્રાણ વિષે કરનાર શ્રીગોપીજનવલ્લભ પ્રભુ.

**વાક્યાતિગામિયમુનાહલાકર્ષણવૈભવઃ ।।**

**પૌણ્ડ્રકત્યાજિતસ્પર્દ્ધઃ કાશીરાજવિભેદનઃ ।।૨૧૭।।**

## વાક્યાતિગામિયમુનાહલાકર્ષણવૈભવઃ।।૯૬૪।।

બલદેવજીના વાક્યને અતિક્રમણ કરનાર–નહિ માનનાર શ્રીયમુનાજીને હલ વડે આકર્ષણ કરવામાં ખેંચવામાં જેમનો વૈભવ મહાસામર્થ્ય છે. એવા બલદેવરૂપ સંકર્ષણસ્વરૂપ શ્રીભગવાન્ પૂર્ણ પુરુષોત્તમ.

## પૌણ્ડ્રકત્યાજિતસ્પર્ધઃ।।૯૬૫।।

પૌણ્ડ્રકરાજાની સ્પર્ધાને છોડાવનાર.

કરુષદેશનો અધિપતિ પૌણ્ડ્રક શ્રીકૃષ્ણના જેવો પોતાનો સર્વ વેશ રાખી હું કૃષ્ણ છું, હું વાસુદેવ છું. એમ કહી શંખ–ચક્ર–ગદા–પદ્મ, ગરુડનું વાહન વગેરે સર્વ શ્રીકૃષ્ણનાં જ ચિહ્નોને ધારણ કરતો હતો, તેમની સ્પર્ધા કરતો હતો, દૂત દ્વારા પણ શ્રીકૃષ્ણને એમ કહેવડાવી યુદ્ધની માંગણી કરી, એટલે પ્રભુએ તેના નગરને ઘેરી લઈને તેનો નાશ કર્યો તેથી અહિં પૌણ્ડ્રકની સ્પર્ધાને છોડાવનાર કહે છે.

## કાશીરાજવિભેદનઃ।।૯૬૬।।

મિથ્યા વાસુદેવ પૌણ્ડ્રકના મિત્ર કાશીરાજને નાશ કરનાર–મારનાર.

**કાશીનિદાહકરણઃ શિવભસ્મપ્રદાયકઃ ।।**

**દ્વિવિદપ્રાણઘાતી ચ કૌરવાખર્વગર્વનુત્ ।।૨૧૮।।**

## કાશીનિદાહકરણઃ ।।૯૬૭।।

ચક્રને આજ્ઞા આપી કાશીનગરીનો અત્યન્ત દાહ કરનાર બાળનાર એવા શ્રીકૃષ્ણચન્દ્ર.

કાશીપુરીને બાળવાનું મુખ્ય કારણ આ છે કે, કાશીરાજાના પુત્ર સુદક્ષિણે પોતાના પિતાનો નાશ કરનાર શ્રીકૃષ્ણનો નાશ કરવા સારુ બ્રાહ્મણો દ્વારા દક્ષિણાગ્નિમાં હોમ આપી અગ્નિને દ્વારકા નગરનો વિનાશ કરવા પ્રેર્યો. જેથી ચક્ર વડે પોતાના નગરનું રક્ષણ કરી ચક્રને પ્રભુએ આજ્ઞા આપી કાશીનગરને બાળી ભસ્મીભૂત કરી નાખ્યું એમ ભાગવતના આ સ્કન્ધના ૬૬ અધ્યાયમાં દર્શાવ્યું છે, પરન્તુ અહિં આચાર્યચરણ અન્ય નામથી હેતુ દર્શાવે છે કે :

## શિવભસ્મપ્રદાયકઃ।।૯૬૮।।

ભગવાન્ શમ્ભુજીને ભસ્મ અર્પણ કરનાર પરમાત્મા.

ભસ્મરૂપ આભૂષણોથી શોભાયમાન બનનાર શંકરને આપે સકલ કાશીપુર બાળીને શરીરને શણગારવા ઘણી જ ભસ્મ-વિભૂતિ અર્પણ કરેલી છે અર્થાત્ કાશીનગર વિશ્વનાથ શ્રીશિવજીનું મનાય છે. પોતાના કૃપાપાત્ર શમ્ભુના નગરને કેમ બળાય ? છતાં પોતાના જનની અભિલાષા (શરીરને શોભાવવા સમ્બન્ધી) પૂર્ણ કરવા તથા આસુરી જીવોથી ભરપૂર અપવિત્ર બની રહેલી કાશીનગરીને પવિત્ર કરવા ભસ્માવશેષ કરેલી છે.

## દ્વિવિદપ્રાણઘાતી ॥૯૬૯॥

દ્વિવિદ વાનર પ્રાણનો ઘાત કરવાના સ્વભાવવાળા શ્રીપુરુષોત્તમ.

ભૌમાસુર (નરકાસુર)ના પરમમિત્ર દ્વિવિદ વાનરના પ્રાણોનો આપે બલદેવજી દ્વારા નાશ કરાવેલો છે એમ આ સ્કન્ધના ૬૭મા અધ્યાયમાં છે જેથી દ્વિવિદના પ્રાણોનો નાશ કરનારા પ્રભુ એમ કહેવાવ છો.

## કૌરવાખર્વગર્વનુત્ ॥૯૭૦॥

કૌરવોના અત્યન્ત ગર્વને નાશ કરનાર-ઉતારનાર શ્રીકૃષ્ણ પ્રભુ.

દુર્યોધનાદિ સકલ કૌરવોના અપૂર્વ ગર્વને-લક્ષ્મીના મહાન મદને ઉતારવાના કારણમાં આ સ્કન્ધના ૬૮મા અધ્યાયમાં સ્પષ્ટ છે કે, શ્રીકૃષ્ણના તૃતીયનાં પત્ની જામ્બુવતીના પુત્ર સામ્બે પોતાના ઉપર આસક્ત થયેલી કૌરવરાજની રાજકુમારી લક્ષ્મણાનું હરણ કર્યું તેથી કોપાયમાન બની સર્વ કૌરવો એકત્ર થઈ સામ્બનો પરાભવ કરી અને તેને બન્દીવાન્ બનાવ્યો એ શ્રીકૃષ્ણ પ્રભૃતિના જાણવામાં આવતાં યુદ્ધ સમારમ્ભ કરવા લાગ્યા પરન્તુ સમ્બન્ધીઓમાં પરસ્પર કલહ ઉત્પન્ન ન થાય તેથી બલરામ કૌરવોના મનનું સમાધાન કરવા અને સામ્બને સ્ત્રી સાથે તેડી લાવવા હસ્તિનાપુર પધાર્યા. કૌરવોએ તેમનું પણ મહાન અપમાન કર્યું. જેથી ક્રોધાયમાન થઈ બલદેવજી દ્વારા પ્રભુએ તેમના મહાન અભિમાનને ઉતારી નાખ્યું છે તે જ આગળ જણાવે છે કે :

**લાંગલાકૃષ્ટનગરીસંવિગ્નાખિલનાગરઃ ॥**
**પ્રપન્નાભયદઃ સામ્બપ્રાપ્તસન્માનભાજનમ્ ॥૨૧૯॥**

## લાંગલાકૃષ્ટનગરીસંવિગ્નાખિલનાગરઃ ॥૯૭૧॥

હલની અણીથી ખેંચેલી નગરીને લીધે તેમાં નિવાસ કરનારા સર્વ નાગરિકજનોને વિકલ કરનાર બલદેવજી દ્વારા પીડા આપનાર શ્રીકૃષ્ણ પુરુષોત્તમ.

મહામદોન્મત્ત બનેલા દુર્યોધનાદિ કૌરવોના મદને ઉતારવા મહાબલવાન બલદેવજીએ પોતાના આયુધ હલની અણીથી હસ્તિનાપુરનગરને ઉપાડી

ગંગાનદીમાં નાખી દેવા માંડ્યું. જેથી કૌરવોનો ગર્વ ગલિત થઈ ગયો. બલદેવજી દ્વારા એવું પ્રભાવશીલ મહત્કર્મ કરનાર આપ શ્રીકૃષ્ણ જ છો, એમ જાણવું.

### પ્રપન્નાભયદઃ ।।૯૭૨।।

શરણે આવેલા જનોને અભય આપનાર.

પોતાની નગરીને ઉપર કહેવા પ્રમાણે ગંગામાં પડતી જોઈને તથા તેમાં નિવાસ કરનાર નાગરિકજનોની પીડાને નિહાળી સર્વ કૌરવો પ્રભાવસમ્પન્ન બલદેવજીને શરણ પ્રાપ્ત થયા. ભગવાન્ પોતે શરણે આવેલાઓને તો અભય જ આપે છે માટે શરણ થયેલા હસ્તિનાપુરના લોકોને અભય આપનાર પણ આપ પરમાત્મા શ્રીકૃષ્ણ જ છો.

### સામ્બપ્રાપ્તસન્માનભાજનમ્ ।।૯૭૩।।

જામ્બુવન્તીના પુત્ર સામ્બને લીધે પ્રાપ્ત થયેલા સત્કારપૂર્વક સન્માનને ભોગવનાર.

બલરામથી અભય મેળવી દુર્યોધનાદિ કૌરવોએ વધૂ સહિત સામ્બને વળાવી અનેક પ્રકારની ઉત્તમ પહેરામણી યાદવોને આપી છે. જેથી અહીં સામ્બને લીધે સન્માનને ભોગવનાર એમ કહે છે.

**નારદાન્વિષ્ટચરણો ભક્તવિક્ષેપનાશકઃ ।।**
**સદાચારૈકનિલયઃ સુધર્માધ્યાસિતાસનઃ ।।૨૨૦।।**

### નારદાન્વિષ્ટચરણઃ ।।૯૭૪।।

દેવર્ષિ નારદજીએ જેમનાં ચરણોને શોધ્યાં છે-જોવાની વાઞ્છના કરી છે.

પ્રભુને અનેક સ્ત્રીજનો છે એમ જાણી, એમની સાથે પોતે એકલા એકકાલાવચ્છિન્ન સર્વના મન્દિરોમાં નિવાસ કરી વિલાસાદિ સર્વ ગૃહસ્થાશ્રમનાં કર્મો શી રીતે કરે છે? એ ભગવલ્લીલાનો અનુભવ કરવા નારદજી ભગવાન્ની પટરાણીઓના જુદા-જુદા નિવાસગૃહોમાં દાખલ થયા, અને સર્વત્ર પ્રભુને નાના પ્રકારના વ્યવસાયમાં વિરાજિત થયેલા નિહાળ્યા. એમ આ સ્કન્ધના ૬૯મા અધ્યાયમાં દર્શાવેલું છે. તેને ઉદ્દેશી આ નામનો પ્રકાશ કરે છે :

### ભક્તવિક્ષેપનાશકઃ ।।૯૭૫।।

ભક્ત નારદજીના ચિત્તવિક્ષેપનો નાશ કરનાર.

દરેક ભગવન્મન્દિરમાં પ્રભુને વિવિધ કર્મમાં ગૂંથાયેલા ભાળી, તેમની માયાનો વૈભવ તેમનું સામર્થ્ય અલૌકિક-અચિન્ત્ય સમજી નારદજીના અન્તઃકરણમાં કંઈ-કંઈ તરંગો થવા લાગ્યા, અને આશ્ચર્યચકિત થઈ ગયા. તેથી નારદજીના ચિત્તમાં ઉત્પન્ન થયેલી વિક્ષેપતા-વિકલતાને આપ પ્રભુએ કૃપા કરી દૂર

કરેલી છે. જેથી અહિં ભક્તના ચિત્તની વિક્ષેપતાને નાશ કરનાર-એમ જણાવે છે.

**સદાચારૈકનિલયઃ ||૯૭૬||**

સત્પુરુષોનો જે આચાર તે આચારના મૂળરૂપ-સ્થાનરૂપ ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્ર.

શિષ્ટ પુરુષોનો શાસ્ત્રમાં જેવો આચાર માન્ય કરવામાં આવ્યો છે જેમકે : "**બ્રાહ્મે મુહૂર્તે ચ ઉત્થાય પરબ્રહ્મં વિચિન્તયેત્. અહરહઃ સન્ધ્યામુપાસીત**" (બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી પરબ્રહ્મનું ચિન્તન-ધ્યાન કરવું, તથા નિરન્તર સન્ધ્યોપાસન કરવું.) વગેરે સત્પુરુષોના પરમ્પરાપ્રાપ્ત આચારોને માન્ય કરવા જોઈએ આપ પ્રભુ સર્વ જગતના નિયન્તા છતાં લોકસઙ્ગ્રહાર્થ એ સર્વ આચારોને શાસ્ત્ર વિધિ પ્રમાણે પાલન કરી રહ્યા છે. માટે એમને આ સ્થાને શિષ્ટજનોના આચારના સ્થાનરૂપ પ્રભુ એમ નામ દ્વારા વર્ણવ્યા છે.

**સુધર્માધ્યાસિતાસનઃ||૯૭૭||**

દ્વારકાનગરમાં સ્થાપન કરેલી સુધર્મા નામની રાજસભાના મધ્યસ્થાનમાં જેમનું સિંહાસન સ્થાપન કરેલું છે એવા પ્રભુ.

**જરાસન્ધાવરુદ્ધેન વિજ્ઞાપિતનિજક્લમઃ ||**
**મન્ત્ર્યુદ્ધવાદિવાક્યોક્તપ્રકારૈકપરાયણઃ ||૨૨૧||**

**જરાસન્ધાવરુદ્ધેન વિજ્ઞાપિતનિજક્લમઃ||૯૭૮||**

૧. જરાસન્ધે દિગ્વિજયમાં જીતી લઈ જેમને બન્દીખાને નાખેલા છે તેવા રાજાઓએ જેમને પોતાનું દુઃખ વિશેષે કરી જણાવેલું છે એવા પ્રભુ.
૨. જરાસન્ધરાજાએ દિગ્વિજય કરી બન્દીવાન્ બનાવી દીધેલા અનેક રાજાઓએ જેમને પોતાનું દુઃખ નિવેદન-અર્પણ કર્યું છે એવા.

**મન્ત્ર્યુદ્ધવાદિવાક્યોક્ત-પ્રકારૈક-પરાયણઃ||૯૭૯||**

મન્ત્રી-પ્રધાનપદમાં નિયત થયેલા ઉદ્ધવજી વગેરેનાં વાક્યોમાં કથન કરેલો (મનુ બૃહસ્પતિ આદિના મતાનુસાર) પ્રકાર જ જેમને સર્વોત્કૃષ્ટ રીતે આશ્રય કરવા યોગ્ય છે-માન્ય રાખવા લાયક છે એવા પ્રભુ.

એક દિવસે ભગવાન્ શ્રીકૃષ્ણ સુધર્માસભામાં વિરાજિત થતાં જ જરાસન્ધે બન્દીવાન્ બનાવેલા રાજાઓનો એકાન્ત દૂત આવ્યો અને ત્યાર પછી યુધિષ્ઠિરની રાજસૂય યજ્ઞ કરવાની ઈચ્છાને વિદિત કરવા દેવર્ષિ નારદજી પણ પધાર્યા. તે બન્ને કાર્યો કરવાં યોગ્ય જ છે તેમાં શી રીતે વર્તવું ? તે સમ્બન્ધમાં રાજનીતિકુશલ ઉદ્ધવજીને પૂછવામાં આવ્યું, તેમણે દર્શાવેલા પ્રકાર પ્રમાણે જ આપ વર્ત્યા છો. એમ ૭૧મા અધ્યાયમાં સ્પષ્ટ છે. તેથી જ અહિં ઉદ્ધવજીનાં વાક્યોમાં કહેલો પ્રકાર જ

જેમને આશ્રય-માન્ય કરવા યોગ્ય છે એવા પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર એમ કહે છે.

**રાજસૂયાદિમખકૃત્ સમ્પ્રાર્થિતસહાયકૃત્ ।।**
**ઈન્દ્રપ્રસ્થપ્રયાણાર્થમહત્સમ્ભારસમ્ભૃતિઃ ।।૨૨૨।।**

## રાજસૂયાદિમખકૃત્।।૯૮૦।।

રાજસૂયાદિ યજ્ઞને સમ્પાદન કરનાર.

રાજસૂયાદિ યજ્ઞોનું કર્મ એવું વિષમ છે કે : ભગવદિચ્છાએ જ પાર પડી શકે છે, કેમ કે સર્વ રાજાઓમાં જ્યારે બલથી, ધનથી અને પ્રભાવથી વર્ચસ્વ-શ્રેષ્ઠત્વ હોય તો જ રાજસૂયયજ્ઞ થઈ શકે. યુધિષ્ઠિરરાજાને એ પ્રતાપ અર્પણ કરનાર આપ જ છો. તેથી જ તેમને રાજસૂયયજ્ઞ સાધ્ય થયો છે એ નિઃસંશય છે જેથી આપ રાજ્યાદિ યજ્ઞને સમ્પાદન કરનાર પ્રભુ એમ નામ જણાવે છે.

## સમ્પ્રાર્થિતસહાયકૃત્ ।।૯૮૧।।

પ્રાર્થના કરવાથી સહાય કરનાર એવા પ્રભુ શ્રીકૃષ્ણ.

પાણ્ડવોની પ્રાર્થનાથી જ મહાબલવાન્ જરાસન્ધનો વધ કરવાનો ઉપાય દર્શાવી આપે દિગ્વિજયમાં સહાય કરેલી છે. અર્થાત્ પ્રભુની કૃપાદષ્ટિથી જ સર્વત્ર પાણ્ડવોનો દિગ્વિજય થયેલો છે જેથી આ સ્થાને પ્રાર્થના કરવાથી સહાય આપનાર પરાત્મા એમ ઉપદેશે છે.

## ઇન્દ્રપ્રસ્થપ્રયાણાર્થમહત્સમ્ભારસમ્ભૃતિઃ।।૯૮૨।।

પાણ્ડવોની રાજધાની ઈન્દ્રપ્રસ્થ નગરીમાં પ્રયાણ કરવા-જવા માટે મહાપુરુષોને યોગ્ય મહારાજાઓને લાયક રત્નાદિ પદાર્થોની સામગ્રીનો જેમને સારી રીતે સઞ્ચય-સઙ્ગ્રહ છે એવા શ્રીપુરુષોત્તમ.

**જરાસન્ધવધવ્યાજમોચિતાશેષભૂમિપઃ ।।**
**સન્માર્ગબોધકો યજ્ઞક્ષિતિવારણતત્પરઃ ।।૨૨૩।।**

## જરાસન્ધવધવ્યાજમોચિતાશેષભૂમિપઃ ।।૯૮૩।।

જરાસન્ધના વધ-નાશને ઉદ્દેશી બન્દીખાનામાંથી અનેક રાજાઓને મુક્ત કરનાર.

બ્રાહ્મણનો વેશ ગ્રહણ કરી ભીમસેન અને અર્જુન સાથે જરાસન્ધના નગરમાં પ્રવેશ કરી તેની સામે ભિક્ષામાં દ્વન્દ્વયુદ્ધ માંગ્યું. અને ભીમસેન દ્વારા યુક્તિપૂર્વક તેનો વિનાશ કર્યો જેથી બન્દીવાન બનેલા અનેક નૃપતિઓ મુક્ત થઈ પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. એમ ૭૧મા અધ્યાયમાં સ્પષ્ટ છે. માટે જરાસન્ધના વધ દ્વારા રાજાઓને છોડાવનાર.

**સન્માર્ગબોધકઃ ॥૯૮૪॥**

સન્માર્ગ–ભક્તિમાર્ગનો ઉપદેશ કરનાર.

બન્દીખાનામાંથી મુક્ત કરેલા રાજાઓને સન્માર્ગ એટલે ભક્તિમાર્ગનો બોધ આપે આપેલો છે જેથી પ્રભુ 'સન્માર્ગબોધક' છે.

**યજ્ઞાક્ષિતિવારણતત્પરઃ ॥૯૮૫॥**

૧. યજ્ઞમણ્ડપના ઋત્વિજો–યજ્ઞ કરનારા બ્રાહ્મણોને વરણ કરવામાં યજ્ઞ સમ્બન્ધી કાર્યોની યોજના કરવામાં તત્પર–સાવધાન રહેનાર.

૨. યજ્ઞની ક્ષિતિ–દૂષણને નિવારણ કરવામાં તત્પર–કુશળ.

યજ્ઞોમાં અનેક વિઘ્નો ઉપસ્થિત થાય છે, તેમ દ્રવ્યના અભાવને લીધે અનેક દૂષણો પણ આવે છે. તે સર્વને સારી રીતે સુધારી દ્રવ્ય પૂર્તિ કરવી એ કાર્યો સમ્પાદન કરવા પ્રભુ જ સમર્થ છે. એવા મહાકર્મો સાધવામાં પ્રભુની કૃપા આવશ્યક છે. યુધિષ્ઠિર રાજાના રાજસૂયયજ્ઞમાં પ્રભુકૃપાના બલથી જ તે સર્વ કાર્યો સિદ્ધ થયાં હતાં તે જ આ નામથી જણાવે છે.

**શિશુપાલહતિવ્યાજજયશાપવિમોચકઃ ।**
**દુર્યોધનાભિમાનાબ્ધિશોષબાણવૃકોદરઃ ॥૨૨૪॥**

**શિશુપાલહતિવ્યાજજયશાપવિમોચકઃ॥૯૮૬॥**

શિશુપાલના નાશનું નિમિત્ત લઈ વિષ્ણુદૂત જયના શાપને મુક્તિ આપનાર શ્રીકૃષ્ણચન્દ્ર.

સનકાદિક મુનિઓએ ભગવાન્ વિષ્ણુના પાર્ષદો–દ્વારપાલોને જય–વિજય નામથી પ્રસિદ્ધ ગણાય છે તેમને શાપ આપેલો છે. તેમાંના જય ત્રીજા જન્મમાં શિશુપાલ થઈ અવતરેલા છે. તે પોતાના ભક્ત છે. માટે તેમનો ઉદ્ધાર કરવાને જે પ્રભુએ શિશુપાલનો નાશ કરેલો છે નહિ કે તેના દુર્વચનથી પીડા પામી–ક્રોધી બની નાશ કરેલો છે. સર્વાન્તર્યામી પ્રભુ સર્વનું સર્વ સ્થલે કલ્યાણ જ કરે છે, તેમને કોઈનું પણ અનિષ્ટ કરવામાં પ્રયોજન નથી. તો પછી ભક્તનું ક્યાંથી અનિષ્ટ કરે ? પ્રથમ શાપ સમ્બન્ધી સર્વ હકીકત આવી ગઈ હોવાને લીધે વિશેષ સૂચન કરતા નથી.

**દુર્યોધનાભિમાનાબ્ધિશોષબાણવૃકોદરઃ॥૯૮૭॥**

દુર્યોધનરાજાના અભિમાનરૂપ સમુદ્રને અથવા દુર્યોધનરૂપ અભિમાનના સાગરને શોષણ કરવા માટે વૃકોદર–ભીમસેન જેમને બાણરૂપ છે.

દુર્યોધનને મયદાનવે રચેલી દિવ્ય સભામાં જલસ્થાને સ્થલની ભ્રાન્તિ થઈ એટલે ભીમસેન વગેરેએ તેમનું અન્ધપુત્ર વગેરે કહી ઉપહાસ્ય કર્યું, જેથી છત્રપતિ

દુર્યોધનને ઘણું જ વિષમ લાગ્યું એ કથાને ઉદ્દેશી અહિં ઉપર પ્રમાણે ભગવન્નામ પ્રતિપાદન કરે છે.

**મહાદેવવરપ્રાપ્તપુરશાલ્વવિનાશકઃ ।।**
**દન્તવક્ત્રવધવ્યાજવિજયાઘૌઘનાશકઃ ।।૨૨૫।।**

## મહાદેવવરપ્રાપ્તપુરશાલ્વવિનાશકઃ ।।૯૮૮।।

૧. મહાદેવના વરદાનથી જેણે પુર-'સૌભ'નામના વિમાનને મેળવ્યું છે તેવા શાલ્વ રાજાનો નાશ કરનાર.
૨. મહાદેવના વરદાન અને સૌભવિમાન જેને પ્રાપ્ત થએલું છે, તેવા શાલ્વ રાજાનો વિશેષ કરી નાશ કરનાર.

## દન્તવક્ત્રવધવ્યાજવિજયાઘૌઘનાશકઃ।।૯૮૯।।

દન્તવક્ત્ર રાજાના વધ કરવાના મિષથી-નિમિત્તથી વિજય નામના વૈકુણ્ઠના દ્વારપાળના પાપસમુદાયનો નાશ કરનાર પ્રભુ.

જય અને વિજય નામના દ્વારપાલોમાંથી વિજય પોતાના ત્રીજા જન્મમાં દન્તવક્ત્ર થયા હતા. અહિં પણ બ્રાહ્મણના શાપરૂપ પાપસમુદાયનો નાશ કરવાના હેતુથી જ દન્તવક્ત્રનો નાશ કરેલો છે. માટે તે નિમિત્તથી વિજયના પાપસમૂહનો નાશ કરનાર પ્રભુ.

**વિદૂરથપ્રાણહર્તા ન્યસ્તશસ્ત્રાર્થવિગ્રહઃ ।।**
**ઉપધર્મવિલિપ્તાઙ્ગસૂતઘાતી વરપ્રદઃ ।।૨૨૬।।**

## વિદૂરથપ્રાણહર્તા ।।૯૯૦।।

દન્તવક્ત્રના ભાઈ વિદૂરથના પ્રાણને હરણ કરનાર શ્રીહરિ.

## ન્યસ્તશસ્ત્રાર્થવિગ્રહઃ।।૯૯૧।।

૧. પોતે પોતાના સ્થાનમાં સ્થાપન કર્યા છે શસ્ત્ર તથા અસ્ત્ર જેમણે એવા દેહધારી પ્રભુ.
૨. શસ્ત્ર તથા અસ્ત્ર વડે થતા યુદ્ધનો ત્યાગ કરનાર પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર.

વિદૂરથનો નાશ કર્યા પછી ભગવાન્ શ્રીકૃષ્ણને કોઈ સાથે યુદ્ધનો પ્રસંગ પ્રાપ્ત થયો નથી. એમ શ્રીમદ્ભાગવતમાં સ્પષ્ટ જણાય છે, માટે ત્યાર પછી આપે શસ્ત્ર-અસ્ત્રથી યુદ્ધ નહિ કરવું એમ નિશ્ચય કરેલો એટલા જ માટે અહિં શસ્ત્ર-અસ્ત્રથી થતા યુદ્ધનો ત્યાગ કરનાર પ્રભુ એવા અર્થસૂચક નામની પ્રેરણા કરેલી છે.

## ઉપધર્મવિલિપ્તાઙ્ગસૂતઘાતી ।।૯૯૨।।

સ્વધર્મથી રહિત ગૌણ ધર્મથી થયેલા પાપ વડે જેમનું અંગ લિપ્ત-વ્યાપ્ત બનેલું છે એવા સૂતપુરાણીને મારવાના સ્વભાવવાળા પ્રભુ.

પોતાનો જે ધર્મ છે, તેથી કોઈ અન્યધર્મનો આશ્રય કરી તે પ્રમાણે વર્તવું એને ઉપધર્મ કહેવામાં આવે છે. એ ઉપધર્મ મુખ્ય ધર્મથી ગૌણ મનાય છે. સૂતપુરાણી સંકર જાતિના હોય શૂદ્ર છે. જેથી બ્રહ્માસન ઉપર વિરાજી વક્તૃત્વ કરવાનો એમનો અધિકાર નથી, છતાં બ્રહ્માસન પર બેસી વક્તા બનેલા છે. એ ગૌણ ઉપધર્મનું આચરણ એમણે કરેલું છે. વળી બલદેવજી ત્યાં પધાર્યા તેમને નિહાળવા છતાં પણ ઊઠી ઊભા થઈ સૂતપુરાણીએ સત્કાર કર્યો નહિ. કારણ કે વક્તૃત્વના-બ્રહ્મત્વના અભિમાનમાં હતા. તેમના તેવા પાપને જાણી ભગવાને બલદેવજી દ્વારા તેમનો નાશ કરેલો છે. એ કથાને ઉદ્દેશી આ નામને પ્રકટ કરે છે.

### વરપ્રદઃ ||૯૯૩||

વરદાનને અર્પણ કરનાર.

સૂતપુરાણીનો નાશ કર્યા પછી શૌનકાદિક ઋષિઓના યજ્ઞની સમાપ્તિ કરવા માટે સૂતપુરાણીને બદલે તે વક્તાના સ્થાન પર બલદેવજીએ તેમના પુત્રને સ્થાપન કર્યો. અને ચિરઞ્જીવ રહેવાનું વરદાન આપી પુરાણ કહેવાનો અધિકાર આપ્યો છે. આ પ્રમાણે સૂતપુરાણીને હણી તેમના પુત્રને પુરાણકથન કરવાનું ઋષિઓના યજ્ઞને સમાપ્ત કરવાનું વરદાન બલદેવજી દ્વારા આપનાર આપ પ્રભુ છો. જેથી અહિં 'વરપ્રદાનઃ' એમ જણાવે છે.

**બલ્વલપ્રાણહરણપાલિતર્ષિશ્રુતિક્રિયઃ ||**
**સર્વતીર્થાઘનાશાર્થતીર્થયાત્રાવિશારદઃ ||૨૨૭||**

### બલ્વલપ્રાણહરણપાલિતર્ષિશ્રુતિક્રિયઃ ||૯૯૪||

ઈલ્વલ દૈત્યના પુત્ર બલ્વલ દૈત્યના પ્રાણને હરણ કરી અર્થાત્ બલદેવજી દ્વારા તેને મારી ઋષિઓની શ્રુતિઓ-વેદોમાં પ્રતિપાદન કરેલી ક્રિયાઓનું રક્ષણ કરનાર શ્રીપુરુષોત્તમ-શ્રીકૃષ્ણચન્દ્ર.

### સર્વતીર્થાઘનાશતીર્થયાત્રાવિશારદઃ ||૯૯૫||

સકલ તીર્થોનાં પાપનો નાશ કરવા સારુ તીર્થયાત્રા કરવામાં ચતુર.

તીર્થોમાં અનેક પાપીજનો પોતાનાં પાપોને દૂર કરવા આવી સ્નાનાદિક ક્રિયાઓ કરે છે. તેથી ઘણા કાલ સુધી એમ બનવાથી તીર્થો પણ દૂષિત બને છે-પાપયુક્ત થાય છે. એટલે તેવાં તીર્થોનાં પાપને વિદારણ કરવા તેને પવિત્ર કરવા આપ પ્રભુ પણ તીર્થયાત્રા કરો છો. બલદેવજી દ્વારા આપે જ સર્વ તીર્થાટન કરેલું છે. બલદેવજી સંકર્ષણ પરમાત્માનું સ્વરૂપ છે અને સંકર્ષણ પોતે સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાનનું જ સ્વરૂપ છે. એટલે તીર્થયાત્રા કરનાર બલદેવજી છે. છતાં અહિંયા

તીર્થયાત્રા કરવામાં વિશારદ આપ શ્રીકૃષ્ણ જ છે; એ વાસ્તવિક જ છે.

**જ્ઞાનક્રિયાવિભેદેષ્ટફલસાધનતત્પરઃ ।।**
**સારથ્યાદિક્રિયાકર્તા ભક્તવશ્યત્વબોધકઃ ।।૨૨૮।।**

**જ્ઞાનક્રિયાવિભેદેષ્ટફલસાધનતત્પરઃ।।૯૯૬।।**

જ્ઞાન અને ક્રિયા (કર્મ) એ બન્ને ભેદો વડે, માર્ગ વડે પામવા યોગ્ય જે ફલ તેને તે-તે માર્ગ પ્રમાણે વર્તનારાઓને તેવે પ્રકારે સાધનમાં અર્થાત્ તે-તે ફલને પ્રાપ્ત કરવામાં તત્પર-સમર્થ એવા પ્રભુ.

શુભ અને અશુભ સર્વ કર્મો જ્ઞાનનિષ્ઠ થતાં નષ્ટ થઈ જાય છે એમ સર્વત્ર પ્રસિદ્ધ છે. ભગવાન્ બલદેવજી સમ્પૂર્ણ જ્ઞાનવાન છે માટે ભગવદ્ભક્તિમાં નિષ્ઠાવાન્ છે. તેમને તીર્થયાત્રા વગેરે કર્મમાં આધીન બનવાની કાંઈ પણ આવશ્યક્તા નથી. પરન્તુ જ્ઞાનમાં અનધિકારી ઋષિઓને કર્મોમાં જ અતિશય શ્રદ્ધા ઉત્પન્ન કરવા આપે તીર્થાટનાદિ કર્મો સ્વીકારેલાં છે. જેથી જ્ઞાન તથા કર્મ બન્નેને આપ પ્રતિપાદન કરનાર છે. જેવો-જેવો જેનો અધિકાર છે. તેને તેવાં-તેવાં ફલો પ્રાપ્ત કરવામાં ભગવાન્ સહાયવાન થાય છે. તે જ આશયને આ નામ પ્રતિપાદન કરે છે-સૂચવે છે.

**સારથ્યાદિક્રિયાકર્તા ।।૯૯૭।।**

અર્જુનની સારથ્યાદિ ક્રિયા કરનાર ભગવાન્ હરિ.

**ભક્તવશ્યત્વબોધક ।।૯૯૮।।**

હું ભક્તને વશ-આધીન છું એમ બોધ કરનાર.

અર્જુનનું સારથિપણું કરવું તથા બલદેવજીનો અભિપ્રાય દુર્યોધનનો નાશ થવામાં ન હતો. છતાં ભક્તજનોનું પ્રિય કરવા દુર્યોધનનો નાશ કરવામાં આપે અનુમતિ આપી એટલું જ નહિ. પરન્તુ ભીમસેન દ્વારા આપે જ દુર્યોધનનો નાશ કર્યો. એમ કરીને બલદેવજીને 'હું ભક્તવશ છું' એમ દર્શાવી આપ્યું છે. જેથી અહિં ભક્તાધીનતાનો બોધ કરનાર એવા પ્રભુ એમ કથન કરે છે. (૯૯૭ અને ૯૯૮ એમ બન્ને નામો પાણ્ડવોમાં પોતાનો પક્ષપાત દર્શાવનારા દુર્યોધનના યુદ્ધ પ્રસંગના સમયને સૂચવનારાં છે.)

**સુદામારંકભાર્યાર્થ-ભૂમ્યાનીતેન્દ્રવૈભવઃ ।।**
**રવિગ્રહનિમિત્તાપ્તકુરુક્ષેત્રૈકપાવનઃ ।।૨૨૯।।**

**સુદામારંકભાર્યાર્થભૂમ્યાનીતેન્દ્રવૈભવઃ ।।૯૯૯।।**

પોતાની સાથે સાન્દીપનિ ગુરુને ત્યાં અભ્યાસ કરનાર પરમ દરિદ્રી સુદામા

નામના બ્રાહ્મણની પત્ની-સ્ત્રીને માટે ઈન્દ્રના દિવ્ય વૈભવને ભૂમિમાં લાવનાર.

**રવિગ્રહનિમિત્તાપ્તકુરુક્ષેત્રૈકપાવનઃ ||૧૦૦૦||**

૧. સૂર્યગ્રહણના નિમિત્ત વડે પ્રાપ્ત થએલા કુરુક્ષેત્રને પવિત્ર કરનાર.
૨. સૂર્યગ્રહને ઉદ્દેશી જેમણે કુરુક્ષેત્રને પવિત્ર કર્યું છે. એવા ભગવાન્ શ્રીપુરુષોત્તમ.

**નૃપગોપીસમસ્તસ્ત્રીપાવનાર્થાખિલક્રિયઃ ||**
**ઋષિમાર્ગપ્રતિષ્ઠાતા વસુદેવમખક્રિયઃ ||૨૩૦||**

**નૃપગોપીસમસ્તસ્ત્રીપાવનાર્થાખિલક્રિયઃ||૧૦૦૧||**

યુધિષ્ઠિર આદિ રાજાઓ, ગોપીજનો અને બીજી સમસ્ત સ્ત્રીઓ માટે પવિત્ર કરવાને સ્નાનાદિ સમ્પૂર્ણ ક્રિયાઓ જેમની છે એવા પ્રભુ શ્રીકૃષ્ણ.

સૂર્યગ્રહણ નિમિત્ત કુરુક્ષેત્રમાં પધારવાનું અને ત્યાં સ્નાનાદિક સકલ ક્રિયા કરવાનું ભગવાન્‌ને મુખ્ય કારણ ભક્તોને દર્શન આપી તેમના ઉપર અનુગ્રહ કરવો એ જ છે, તે જ તાત્પર્યનું આ નામ છે.

**ઋષિમાર્ગપ્રતિષ્ઠાતા||૧૦૦૨||**

૧. ઋષિઓ-દ્વૈપાયનાદિઓએ કહેલા માર્ગમાં-સિદ્ધાન્તમાં પોતાની સ્થિતિ કરનાર.
૨. ઋષિઓના માર્ગમાં રહેનાર અર્થાત્ મુનિઓએ દર્શાવેલા સિદ્ધાન્ત પ્રમાણે વર્તન કરનાર ભગવાન્ શ્રીકૃષ્ણ.

પ્રભુ સર્વત્ર સ્વતન્ત્ર છે. આપનું મુનિજનોના માર્ગમાં અનુસરણ એ સર્વ લોકસઙ્ગ્રહાર્થ છે. મુનિઓ-ઋષિઓ દ્વારા સિદ્ધાન્તોને પ્રવર્તાવનાર આપ જ છો. માટે તે સિદ્ધાન્તો પ્રમાણે સર્વ અનુસરે એટલા માટે જ આપ તેવા માર્ગ-સિદ્ધાન્તને અનુસરો છો. અનુમોદન આપો છો. સર્વને તેમ વર્તન કરવા સૂચના કરો છો. તેથી જ અહિં ઋષિઓના સિદ્ધાન્તમાં રહેનાર પ્રભુ એમ ઉપદેશે છે.

**વસુદેવમખક્રિયઃ||૧૦૦૩||**

વસુદેવના મખ-યજ્ઞની ક્રિયાઓ જેમની છે અથવા જેમનાથી તે ક્રિયાઓ થઈ રહેલી છે એવા પ્રભુ.

ભગવાન્ શ્રીકૃષ્ણ સ્વયં યજ્ઞરૂપ છે (પ્રથમ તત્સમ્બન્ધી વિવેચન થઈ ગયું છે.) તો પછી તે યજ્ઞની સકલ ક્રિયાઓ આપની હોય. અને પોતાના આધારથી ચાલી રહી હોય, એમાં શું આશ્ચર્ય છે ? માટે જ આ નામમાં વસુદેવની યજ્ઞક્રિયાઓનું સ્વામિત્વ પ્રભુમાં યોજે છે.

**વસુદેવજ્ઞાનદાતા દેવકીપુત્રદાયકઃ ||**

## અર્જુનસ્ત્રીપ્રદાતા ચ બહુલાશ્વસ્વરૂપદઃ ।।૨૩૧।।

### વસુદેવજ્ઞાનદાતા ।।૧૦૦૪।।

દ્વૈપાયનાદિ મુનિઓ દ્વારા વસુદેવજીને પોતાના સમ્બન્ધી જ્ઞાનને અર્પણ કરનાર ભગવાન્ શ્રીવાસુદેવ.

ભગવાન્ શ્રીકૃષ્ણ પર વસુદેવજીને પુત્રવાત્સલ્ય પ્રેમ હતો જેથી પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન તેમને થવામાં પુત્રપ્રેમ બાધારૂપ થાય, માટે આપે દ્વૈપાયન(વ્યાસ) નારદાદિ દ્વારા નિજરૂપ સમ્બન્ધી ઉત્તમ જ્ઞાન પોતાના પિતા વસુદેવજીને આપેલું છે.

### દેવકીપુત્રદાયકઃ ।।૧૦૦૫।।

દેવકીજીના પુત્રોને અર્પણ કરનાર.

કંસરાજાએ દેવકીજીના પ્રથમ પ્રકટ થયેલા કીર્ત્તિમન્ત આદિ છ પુત્રોને નષ્ટ કર્યા હતા. જ્યારે શ્રીકૃષ્ણ સ્વયં ભગવાન્ છે એમ દેવકીજીને દઢ રીતે સમજવામાં આવ્યું, ત્યારે તે છ બાલકોને નિરીક્ષણ કરવાની શ્રીકૃષ્ણ પાસે માગણી કરી એટલે આપે તે કીર્તિમન્ત વગેરે છએ બાલકોને ભૂમીનારાયણ પાસેથી લાવી તેમને સ્વાધીન કર્યા અને પછીથી તેમનો મોક્ષ થયેલો છે. એ ૮૫મા અધ્યાયમાં સ્પષ્ટ છે. જેથી અહિં શ્રીદેવકીજીને પુત્રો આપનાર પ્રભુ એમ કહે છે.

### અર્જુનસ્ત્રીપ્રદાતા ।।૧૦૦૬।।

પોતાના વડીલબંધુ બલદેવજી વગેરેને શાંત પાડી નિજસખા ભક્ત અર્જુનને સ્ત્રી-પોતાનાં બહેન સુભદ્રા પ્રકર્ષ-ઉત્તમ રીતે અર્પણ કરનાર ભગવાન્ શ્રીપુરુષોત્તમ.

### બહુલાશ્વસ્વરૂપદઃ ।।૧૦૦૭।।

મિથિલાનગરીમાં નિવાસ કરનાર પોતાના ભક્ત બહુલાશ્વરાજાને ઘેર જઈ નિજ સ્વરૂપનું દર્શન આપનાર પરમ કૃપાળુ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર.

## શ્રુતદેવેષ્ટદાતા ચ સર્વશ્રુતિનિરૂપિતઃ ।।
## મહાદેવાદ્યતિશ્રેષ્ઠો ભક્તિલક્ષણનિર્ણયઃ ।।૨૩૨।।

### શ્રુતદેવેષ્ટદાતા ।।૧૦૦૮।।

પોતાના એકાન્ત પરમભક્ત શ્રુતદેવ નામના બ્રાહ્મણને નિજ દર્શન રૂપ ઈષ્ટ વસ્તુને તથા મનોવાઞ્છના પ્રમાણે અર્પણ કરનાર દયાનિધિ શ્રીકૃષ્ણ.

### સર્વશ્રુતિનિરૂપકઃ ।।૧૦૦૯।।

૧. સર્વ શ્રુતિ-વેદોએ પોતાના સામર્થ્ય પ્રમાણે જેમનું નિરૂપણ-સ્તુતિગાન કર્યું છે

એવા.

૨. સકલ શ્રુતિગણો વડે પ્રતિપાદિત પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્ર.

''**વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યઃ**'' (સકલ વેદો વડે હું જ જાણવા યોગ્ય છું) એમ આપ શ્રીમુખથી અર્જુનજીને ઉપદેશ કરો છો. એટલે નિખિલ નિગમ-વેદોમાં નિરૂપણ કરવામાં આવેલી મુખ્ય વસ્તુ તે આપ શ્રીકૃષ્ણ જ છો. અન્ય નહિ. ભગવાનના પારને પામવામાં સ્વયં શ્રુતિઓ પણ સમર્થ નથી, પછી અન્ય તો ક્યાંથી જ હોય ? ભગવતી શ્રુતિ વર્ણવે છે કે

**''પ્ર તત્તે અદ્ય શિપિવિષ્ટ નામાર્યઃ શંસામિ વયુનાનિ વિદ્વાન્ ।**
**તં ત્વા ગૃણામિ તવસમતવ્યાન્ ક્ષયન્તમસ્ય રજસઃ પરાકઈતિ''**

(હે શિપિવિષ્ટ ! હે વિષ્ણો ! લોકમાં અને વેદોમાં પ્રસિદ્ધ એવા આપના નામની હું પ્રશંસા કરું છું તમે જ મારા સ્વામી છો, જ્ઞાન પ્રાપ્ત કરવાના ઉપાયોને જાણવાવાળા છો, વિદ્વાન્ છો, માટે હું સ્તુતિ કરું છું. હું તો ક્ષુદ્ર જીવ માત્ર છું અને આપ તો સર્વથી મહાન છો. આ લીલાત્મક પ્રપઞ્ચથી પર ગૂઢ રૂપે રહેલા છો. તેથી આપના અગણિત ગુણગાન મહિમાને સ્તવન કરવા પ્રવૃત્ત થયેલો છું.) ''**ન તે મહિત્વમન્વશ્રુવન્તિ**'' (આપના અપાર મહિમાને કોઈ પણ શ્રવણ કરી શક્તા નથી.) ''**ઉભે તે વિશ્વરજસી...**'' ''**યતો વાચો નિવર્તન્તે**'' ગીતા. ''**માં તુ વેદ ન કશ્ચન...**'' ઈત્યાદિ અનેક શ્રુતિ-સ્મૃતિઓમાં ભગવાન્‌નો અપાર મહિમા-પ્રભાવ વર્ણવેલો છે.

પાછળ ''ગૂઢાત્મા સર્વવેદેષુ'' એ ૪૭મા નામમાં વિસ્તૃત રીતે આ વિષય આવી ગયેલો હોવાથી અત્રે આટલેથી જ વિરામ પામીએ છીએ.

આ સ્કન્ધના ૮૭મા અધ્યાયમાં ''**જય જય જહ્યજામિતિ...**'' એ શ્લોકોમાં ગોપાંગનારૂપ શ્રુતિગણોએ ભગવાનનો અગણિતગુણગણ મહિમા સ્પષ્ટ રીતે કથન કરેલો છે. જેથી અહિં પોતાના સામર્થ્ય પ્રમાણે-સ્વશકત્યનુસાર શ્રુતિ ગણો જેમનું નિરૂપણ કરે છે. એવા પ્રભુ એમ કહે છે.

## મહાદેવાદ્યતિશ્રેષ્ઠઃ ॥૧૦૧૦॥

મહાદેવ જેવા મુખ્ય છે એવા બ્રહ્માદિ દેવોથી પણ અત્યન્ત શ્રેષ્ઠ-વિશેષ પ્રશંસનીય એવા પ્રભુ.

ભૃગુ આદિ મુનિઓએ સર્વથી શ્રેષ્ઠ કોણ દેવ છે ? એ સમ્બન્ધનો નિર્ણય કરતાં સર્વોત્તમપણું ભગવાનમાં જ સિદ્ધ કરેલું છે. એમ ૮૯મા અધ્યાયમાં સ્પષ્ટ જણાવેલું છે. જેથી અહિં મહાદેવાદિ સકલ દેવોમાં શ્રેષ્ઠ એવા પ્રભુ શ્રીકૃષ્ણ, એમ ભગવન્નામને પ્રતિપાદન કરે છે.

**ભક્તિલક્ષણનિર્ણયઃ ||૧૦૧૧||**

ભક્તનાં લક્ષણોનો નિર્ણય જેમનાથી છે એવા પ્રભુ.

ભગવદનુગ્રહરૂપ ભક્તિનાં લક્ષણોનો નિર્ણય-સિદ્ધાન્ત આપનાથી જ થાય છે. આપ જેને અનુગ્રહ કરવાની ઈચ્છા કરો છો તેનાં લૌકિક ઉપર રુચિ કરાવનાર ધનાદિ સાધનોને આપ હરી લો છો. અને પોતાના તરફ તેના અન્તઃકરણનું આકર્ષણ કરો છો. જેથી ભગવત્કૃપાપાત્ર બનેલા ભક્તને ભક્તિનાં સમ્પૂર્ણ લક્ષણો સાધ્ય થાય છે. ભગવાન્‌ની પૂર્ણ કૃપા વિના તેવાં ભક્તિનાં ચિહ્નો પ્રાપ્ત કરવાં એ અશક્ય છે. માટે અહિં ભક્તિનાં લક્ષણો-ચિહ્નોનો નિર્ણય જેમનાથી છે એવા પ્રભુ એમ કથન કરે છે.

**વૃકગ્રસ્તશિવત્રાતા નાનાવાક્યવિશારદઃ ||**
**નરગર્વવિનાશાર્થહૃતબ્રાહ્મણબાલકઃ ||૨૩૩||**

**વૃકગ્રસ્તશિવત્રાતા||૧૦૧૨||**

શકુનિપુત્ર વૃક-ભસ્માસુર દૈત્ય વડે પીડાયુક્ત બનેલા શંકર, પ્રભુનું રક્ષણ કરનાર ભગવાન્ શ્રીકૃષ્ણ.

કેટલાક ''ભગવાને મોહિનીરૂપ ધારણ કરી વૃકાસુરને છેતરી નાશ કરી શ્રીશંકરનું રક્ષણ કર્યું છે'' એમ કહે છે. પરન્તુ આ સ્કન્ધના અધ્યાયમાં તો ભગવાને બ્રાહ્મણ બટુકનું સ્વરૂપ ધારણ કરી, ભસ્માસુરને પોતાની માયામાં મોહ પમાડી ભસ્મીભૂત કરેલો છે અને મહાદેવનું રક્ષણ કર્યું છે. એમ સ્પષ્ટ જણાવે છે. વાસ્તવિક રીતે જોતાં એ જ યોગ્ય છે.

**નાનાવાક્યવિશારદઃ ||૧૦૧૩||**

અનેક પ્રકારનાં વાક્ય બોલવામાં વિશારદ.

યુક્તિપ્રયુક્તિપૂર્વક વિવિધ રીતે વચનચાતુર્યનો પ્રકાશ કરી, વાણી બોલવામાં કુશલતા કરનાર વાણીપતિ આપ શ્રીપુરુષોત્તમ સિવાય અન્ય કોણ સમર્થ હોય ? એવા સુન્દર વાક્ચાતુર્ય વડે ભસ્માસુરને ભસ્મીભૂત કરી ભસ્મધારી શંકરનું આપે ગૌરવ સાચવેલું છે. જેથી અહિં નાના પ્રકારનાં વાક્ય બોલવામાં વિશારદ-ચતુર પરમાત્મા શ્રીકૃષ્ણચન્દ્ર એમ કહે છે.

**નરગર્વવિનાશાર્થહૃતબ્રાહ્મણબાલકઃ ||૧૦૧૪||**

નર-અર્જુનજીને થયેલા ગર્વનો નાશ કરવા માટે બ્રાહ્મણના બાલકોને હરણ કરનાર ભગવાન્ શ્રીકૃષ્ણ.

(દ્વારકાનગરમાં નિવાસ કરનાર એક બ્રાહ્મણની પત્નીને બાલક અવતરી

તરત જ મરી જતાં હતાં. તે મરેલા બાલકનું શબ લઈ તે બ્રાહ્મણ રાજસભામાં ભગવાન્ શ્રીકૃષ્ણ પાસે આવી ઘણો જ તિરસ્કાર આપતો હતો. એ પ્રમાણે તેનાં નવ બાલકો મરણશરણ થઈ ગયાં. નવમું મરેલું બાલક લઈ જ્યારે રાજસભામાં પ્રવેશ કરી શ્રીકૃષ્ણને ફિટકાર કરવા લાગ્યો, ત્યારે તે સમયે ત્યાં પોતાના બલનો મહાન ગર્વ ધારણ કરતા અર્જુન ત્યાં બેઠેલા હતા. તેમણે સર્વ યાદવોના સામર્થ્યનો તિરસ્કાર કરી બ્રાહ્મણોના બાલકનું રક્ષણ કરવાનું પોતે માથે લીધું. અને પુનઃ એવો પ્રસંગ આવે તો મને જણાવવું, એટલે હું બાલકનું રક્ષણ કરીશ. જો મારાથી તેમ નહિ થઈ શકે તો અગ્નિમાં પ્રવેશ કરી બળી મરીશ. આવી અર્જુનની દૃઢ પ્રતિજ્ઞા જાણી, તેમના પર વિશ્વાસ લાવી, બ્રાહ્મણ દશમી વખતે બાલક પ્રસવનો પ્રસંગ પ્રાપ્ત થતાં, અર્જુનને પોતાને ઘેર તેડી ગયો. ત્યાં અર્જુને પ્રસૂતિના સ્થાનને શરપઞ્જરથી-બાણનું પાંજરુ બનાવી વાયુ પણ પ્રવેશ ન કરી શકે તેવું બનાવ્યું, પરન્તુ આ સમય બાલક પ્રસવ થતાંની સાથે જ દેહ સહિત ઉડી ગયું, પ્રથમ તો માત્ર જીવ જ જતો હતો. આમ થવાને લીધે અર્જુનજીનું મહાન અભિમાન ગલિત થઈ ગયું.) એ આ સ્કન્ધના ૮૯ મા અધ્યાયના પ્રસંગને અનુસરી આ નામ પ્રકટ કરેલું છે.

**લોકાલોકપરસ્થાનસ્થિતબાલકદાયકઃ ।।**
**દ્વારકાસ્થમહાભોગનાનાસ્ત્રીરતિવર્ધનઃ ।।૨૩૪।।**

## લોકાલોકપરસ્થાનસ્થિતબાલકદાયકઃ ।।૧૦૨૫।।

લોકાલોક પર્વતથી પણ પર-આગળ એવા સ્થાનમાં રહેલા બાળકને લાવી આપનાર શ્રીકૃષ્ણ.

અનેક પ્રયાસ કરવા છતાં બાળકની પ્રાપ્તિ ન થઈ, ત્યારે અર્જુને અગ્નિમાં પ્રવેશ કરી બળી મરવા માંડ્યું. એટલે તેને રક્ષણ કરવા અને બ્રાહ્મણને શાંત પમાડવા પ્રભુએ હરાયેલા બ્રાહ્મણના શિશુને લોકાલોક નામક સ્થાનથી પર રહેલા સર્વોત્તમ ભગવત્સ્થાનમાંથી લાવી બ્રાહ્મણને અર્પણ કર્યો. આ પ્રમાણે પ્રભુના પ્રભાવને પ્રત્યક્ષ કરી અર્જુને પોતાના અન્તઃકરણમાં નિશ્ચય કર્યો કેઃ- સર્વથી વિશેષ પ્રભાવશીલ સમર્થ ભગવાન્ શ્રીકૃષ્ણ જ છે. લોકના અનુગ્રહ માટે દૈવી જીવોનો ઉદ્ધાર કરવાને જ આપ ભૂતલ પર પધારો છો. એ આપ સર્વ સમર્થ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્રની લીલામાત્ર જ છે.

## દ્વારકાસ્થમહાભોગનાનાસ્ત્રીરતિવર્ધનઃ ।।૧૦૨૬।।

૧. દ્વારકા નગરીમાંના મહાવૈભવને માટે વિવિધ પ્રકારની વનિતાઓમાં રતિ-કામકેલી સમ્બન્ધી પ્રીતિને વધારનાર ભગવાન્.

૨. દ્વારકાનગરનો મહાન વૈભવ નાના પ્રકારની સ્ત્રીઓમાં રતિ-પ્રીતિ વધારનાર

જેમનાથી છે એવા પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર.

**મનસ્તિરોધાનકૃતવ્યગ્રસ્ત્રીચિત્તભાવિતઃ ।।**

**મનસ્તિરોધાનકૃતવ્યગ્રસ્ત્રીચિત્તભાવિતઃ।।૧૦૧૭।।**

મનોવૃત્તિનું તિરોધાન-હરણ-આકર્ષણ થવાને લીધે વ્યગ્ર-વિહ્વલ બનેલી નિજ પત્નીઓએ પોતાના અન્તઃકરણમાં ભાવના કરાતા અર્થાત્ જેમ સ્ફુરણ થાય તેમ કલ્પના કરાતા એવા ભગવાન્ શ્રીકૃષ્ણ.

ભગવાન્નાં પ્રેમમય મધુર ભાષણોથી દૃઢ આલિંગનથી જેમની મનોવૃત્તિઓ ભગવન્મય જ બની ગઈ છે એવા ભગવાન્નાં પટારાણીઓ, નિરન્તર મધુર આલાપથી પ્રભુમાં વિવિધ ભાવનાઓ કરી તેમનાં યશોગાન વિહ્વલ બની ઉન્મત્તવત્-જડવત્ ગાયા જ કરે છે. આ સ્કન્ધના ૯૦મા અધ્યાયમાં ‘‘**કુરરિ ! વિલપસિ ત્વં...**’’ ત્યાંથી આરમ્ભી ‘‘**હંસ ! સ્વાગતમ્ આસ્યતામ્**’’ ઈત્યાદિ શ્લોકો પર્યન્ત તે સ્પષ્ટ દર્શાવેલું છે. એ જ આશયનો આ નામ પ્રકાશ કરે છે.

**।।ઈતિ દશમસ્કન્ધનામાનિ।।**

## ।। અથ એકાદશસ્કન્ધનામાનિ ।।

## મુક્તિલીલાવિહરણો મૌશલવ્યાજસંહૃતિઃ ।।૨૩૫।।

### મુક્તિલીલાવિહરણઃ ।।૧૦૧૮।।

મુક્તિલીલા પોતાના સ્વરૂપની સ્થિતિમાં વિહાર-ક્રીડા રમણ કરનાર શ્રીકૃષ્ણચન્દ્ર.

એકાદશસ્કન્ધમાં ભગવાન્‌ની દશવિધ લીલાઓમાંની મુક્તિલીલા વર્ણવી છે. ભાગ.૨ ।૧૦।૬માં કહે છે કે "**મુક્તિઃ હિત્વા અન્યથારૂપં સ્વરૂપેણ વ્યવસ્થિતિઃ**" (અન્યથા રૂપનો ત્યાગ કરી નિજસ્વરૂપમાં સ્થિતિ કરવી એ મુક્તિ છે.) ભગવાને મહાભારતના યુદ્ધ પ્રસંગથી તથા બ્રાહ્મણના શાપનિમિત્તે સકલ યાદવકુલને સંહારી, ભૂમિના ભારને ઉતારી પોતાના અવતારનું પ્રયોજન સિદ્ધ કર્યું પછી નિજ સ્વરૂપમાં સ્થિતિ કરી છે, અને તેવામાં જ ઉદ્ધવજીએ કરેલા પ્રશ્નોના ઉત્તરો આપે આપેલા છે, તે જ આ સ્કન્ધની મુખ્ય પ્રવૃત્તિ છે. માટે તેમાં મુક્તિલીલા છે. એમ સર્વસિદ્ધ છે, એટલે તેવી મુક્તિલીલામાં વિહાર કરનાર-રમણ કરનાર એવા પ્રભુ એમ કહે છે.

### મૌસલવ્યાજસંહૃતિઃ ।।૧૦૧૯।।

બ્રાહ્મણે આપેલા શાપના હેતુથી જામ્બુવતીપુત્ર સામ્બના ઉદરમાંથી નીકળેલા મુસલના યોગ વડે થયેલા યુદ્ધના મિષને આગળ કરી યાદવકુલનો સંહાર કરનાર શ્રીપુરુષોત્તમ.

## શ્રીભાગવતધર્માદિબોધકો ભક્તિનીતિકૃત્ ।।
## ઉદ્ધવજ્ઞાનદાતા ચ પઞ્ચવિંશતિધા ગુરુઃ ।।૨૩૬।।

### શ્રીભાગવતધર્માદિબોધકઃ ।।૧૦૨૦।।

૧. શ્રીમદ્‌ભાગવત શાસ્ત્રમાં કહેલા ધર્માદિનો બોધ કરનાર-ઉપદેશ આપનાર.
૨. શોભા યુક્ત ભાગવત-ભગવાન્‌ના ભક્તો કે કવિ, હરિ, અન્તરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર દ્રુમિલ, ચમસ અને કરભાજન વગેરેના ધર્મોનો ઉપદેશ આપનાર.
૩. વસુદેવજીને નારદ દ્વારા ધર્મનો બોધ કરનાર.
૪. નારદરૂપે જગતમાં ધર્મોપદેશ કરનાર ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્ર.

નારદજી પોતે ભગવાનનું જ સ્વરૂપ છે. ગીતામાં આપ આજ્ઞા કરો છો કે "**દેવર્ષીણાં ચ નારદઃ**" (દેવર્ષિઓમાં હું નારદ રૂપે છું.) એ ભગવદ્‌વાક્યથી સિદ્ધ થાય છે કે, નારદજી આપનાથી પૃથક્ નથી કિન્તુ ભગવદ્રૂપ છે, જેથી નારદરૂપે વસુદેવજીને બોધ આપનાર શ્રીકૃષ્ણ એમ કહે છે.

## ભક્તિનીતિકૃત્ ॥૧૦૨૧॥

૧. ભક્તિની નીતિને-જ્ઞાનને પ્રાપ્ત કરાવનાર.

૨. નવ યોગેશ્વરોનાં વચનોથી જનકરાજાની ભક્તિમાં સ્થિતિ કરનાર ભગવાન્ વાસુદેવ પ્રભુ.

## ઉદ્ધવજ્ઞાનદાતા ॥૧૦૨૨॥

પોતાના એકાન્ત ભક્ત ઉદ્ધવજીનો શોક દૂર કરે તેવા ઉત્તમ જ્ઞાન આપનાર પરમાત્મા શ્રીપુરુષોત્તમ.

## પઞ્ચવિંશતિધા ગુરુઃ ॥૧૦૨૩॥

પચીસ પ્રકારના ગુરુ-તત્ત્વનો બોધ-ઉપદેશ કરનાર જેમને છે એવા અવધૂત વેશધારી શ્રીદત્તાત્રેય સ્વરૂપવાન્ ભગવાન્ શ્રીકૃષ્ણ.

તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કરનારને ગુરુ ગણવામાં આવે છે, પુરાણમાં કહે છે કે :

**"ગુશબ્દસ્ત્વન્ધકારોઽસ્તિ રુશબ્દસ્તન્નિરોધકૃત્,**
**અન્ધકારનિરોધિત્વાદ્ ગુરુરિત્યભિધીયતે"**

('ગુ' શબ્દ અન્ધકારવાચી છે અને 'રુ' શબ્દ તેનો નિરોધ કરનાર છે, એટલે અજ્ઞાનરૂપ અન્ધકારનો તત્ત્વબોધરૂપ દીપક પ્રકટાવી નાશ કરનાર ગુરુ કહેવાય છે.) અવધૂત દત્તાત્રેયે તેવા પચીસ ગુરુ કર્યા હતા, અને તે દ્વારા તત્ત્વબોધ પ્રાપ્ત કર્યો હતો. તે દત્તાયેત્ર ભગવાન્ પોતે શ્રીકૃષ્ણનું જ સ્વરૂપ છે. તેથી અહિં પચીસ પ્રકારના જેમના ગુરુ છે એવા પ્રભુ એમ ભગવન્નામનું પ્રતિપાદન કરે છે :

**આચારમુક્તિભક્ત્યાદિવક્તા શબ્દોદ્ભવસ્થિતિઃ ॥**
**હંસો ધર્મપ્રવક્તા ચ સનકાદ્યુપદેશકૃત્ ॥૨૩૭॥**

## આચારમુક્તિભક્ત્યાદિવક્તા ॥૧૦૨૪॥

કામના રહિત-ફલની અપેક્ષા વિના વર્ણાશ્રમ, કુલાચાર, મુક્તિ, ભક્તિ વગેરેને તથા ઉપધર્મને વદનાર-જણાવનાર પ્રભુ.

## શબ્દોદ્ભવસ્થિતિઃ ॥૧૦૨૫॥

શબ્દ-વાણીના ઉદ્ભવ ઉત્પત્તિસ્થાનમાં જેમની સ્થિતિ છે એવા ભગવાન્ શ્રીકૃષ્ણ.

વાણીનું ઉત્પત્તિસ્થાન વિવરાદિમાં એટલે તે જોવામાં આવતા આધારચક્ર, મણિપૂરચક્ર અને વિશુદ્ધિચક્ર વગેરેમાં છે. ભગવાન્ તેમાં પ્રવેશ કરી વાણીને ઉત્પન્ન કરે છે. પ્રથમ પ્રભુ નાદવાન્ પ્રાણની સાથે હૃદયસ્થ આધારચક્રમાં પ્રવેશી મનોમય મધ્યમસંજ્ઞક વાઙ્મય સૂક્ષ્મ સ્વરૂપને નિહાળે છે અને વાણીરૂપે મણિપૂરચક્રમાં-કણ્ઠસ્થાનમાં તથા વિશુદ્ધિચક્રમાં તથા તાલુસ્થાનમાં પ્રાપ્ત થઈ, જિહ્વાસ્થાનમાં

પ્રકટ થાય છે એટલે હ્રસ્વ, દીર્ઘ, પ્લુત, ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત, અકારાદિ વર્ણો વગેરે વૈખરીસંજ્ઞક થઈ અત્યન્ત સ્થૂલ થાય છે. વેદશાખામય બની વિશેષ વિસ્તૃત બને છે. પ્રભુ પોતે આ પ્રમાણે હ્રદયાદિમાં સ્થિતિ કરવાથી જ વાણી વર્ણરૂપે વિસ્તાર પામેલી છે. શ્રુતિ પણ કહે છે કે

**''ચત્વારિ વાક્પરિમિતાનિ પદાનિ તાનિ વિદુર્બ્રાહ્મણા યે મનીષિણઃ.**
**ગુહા ત્રીણિ નિહિતા નેંગયન્તિ તુરીયં વાચો મનુષ્યા વદન્તિ''.**

નાદબ્રહ્મના હ્રદય, કણ્ઠ, તાલુ અને જિહ્વા એમ ગુપ્ત ચાર સ્થાનો છે તે વિશેષ વિદ્વાનો હોય તે જ જાણી શકે છે. તેમાંના ગુહા-હ્રદયાદિમાં રહેલા મધ્યમ સંજ્ઞક ત્રણ ગુપ્ત સ્થાનોને મનુષ્યો સ્પર્શ કરી શક્તા નથી, તેથી જિહ્વાસ્થ ચતુર્થ વૈખરી વાણી મનુષ્યો વદે છે-ઉચ્ચારે છે. એ પ્રમાણે નાદબ્રહ્મનો સર્વત્ર વિસ્તાર કરનાર આપ છો. માટે વાણીના ઉત્પત્તિસ્થાનમાં સ્થિતિ કરનાર પ્રભુ એમ કહે છે.

### હંસઃ ||૧૦૨૬||

૧. અહન્તામમતાત્મક સંસારને હણનાર.

૨. પરમાત્માના સ્વરૂપને જાણનાર હંસરૂપધારી ભગવાન્ શ્રીકૃષ્ણ.

### ધર્મપ્રવક્તા ||૧૦૨૭||

સંશયછેદનપૂર્વક મુમુક્ષુ-મુક્તિની ઈચ્છા રાખનારા ભક્તજનોના ધર્મને ઉત્તમ રીતે વદનાર-કથન કરનાર શ્રીપુરુષોત્તમ.

### સનકાદ્યુપદેશકૃત્ ||૧૦૨૮||

સનકાદિક ચાર બ્રહ્મચારી મુનિઓને બ્રહ્મનો ઉપદેશ આપનાર બોધ કરનાર પ્રભુ.

**ભક્તિસાધનવક્તા ચ યોગસિદ્ધિપ્રદાયકઃ ||**
**નાનાવિભૂતિવક્તા ચ શુદ્ધધર્માવબોધકઃ ||૧૩૮||**

### ભક્તિસાધનવક્તા ||૧૦૨૯||

૧. ભક્તિનાં સાધનોને કહેનાર.

૨. ઉદ્ધવજીને પોતાની પ્રાપ્તિ થાય માટે મુખ્ય સાધન રૂપ ભક્તિને કથન કરનાર ભગવાન્ શ્રીકૃષ્ણ.

### યોગસિદ્ધિપ્રદાયકઃ ||૧૦૩૦||

યોગ વડે પ્રાપ્ત થનારી સિદ્ધિઓને આપનાર.

ભગવાનમાં તે રૂપે ચિત્તની ધારણા કરવી એનું નામ યોગ કહેવાય છે. તેવો યોગાભ્યાસ કરવાથી અણિમા, લઘિમા આદિ પૂર્વોક્ત આઠ પ્રકારની મુખ્ય તેમ

બીજી પણ અનેક સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. સર્વસિદ્ધિઓના અધિપતિ આપ શ્રીકૃષ્ણચન્દ્ર છો. યોગ-ભક્તિયોગથી પોતાની સેવા કરનારને પ્રભુ તેવી સિદ્ધિઓ સમર્પણ કરે છે જેથી અહિં યોગસિદ્ધિઓને આપનાર પરમાત્મા શ્રીપુરુષોત્તમ એમ નામનું કથન કરી ઉપદેશ કરે છે.

## નાનાવિભૂતિવક્તા ||૧૦૩૧||

નાના પ્રકારની વિભૂતિ-ઐશ્વર્યાદિક સ્થાનને કથન કરનાર ભગવાન્ શ્રીકૃષ્ણ.

ભગવાને ગીતામાં અર્જુનજીને તથા આ સ્કન્ધના ૧૬ અધ્યાયમાં ઉદ્ધવજીને પોતાને વિભૂતિયોગ ઉત્તમ રીતે વર્ણવેલો છે. તેને જ ઉદ્દેશી અહિં જુદા-જુદા પ્રકારની વિભૂતિઓ કથન કરનાર-વદનાર એવા પ્રભુ એમ કહે છે.

## શુદ્ધધર્માવબોધકઃ ||૧૦૩૨||

શુદ્ધ ધર્મનો ઉદ્ધવજીને બોધ કરનાર પ્રભુ.

પ્રભુની પ્રાપ્તિ થાય તેવા ધર્મનો તથા વેદોમાં પ્રતિપાદન કરેલા શ્રૌત અને સ્મૃતિઓમાં દર્શાવેલા સ્માર્ત ધર્મને ‘શુદ્ધધર્મ’ કહેવામાં આવે છે. તેવા ધર્મનો ઉપદેશ આપે ભક્તવર્ય ઉદ્ધવજીને આપેલો છે. તે આ સ્કન્ધમાં સ્પષ્ટ દર્શાવેલો છે. જેથી શુદ્ધ ધર્મનો બોધ કરનાર પ્રભુ એવા નામનો નિર્દેશ કરે છે.

**માર્ગત્રયવિભેદાત્મા નાનાશંકાનિવારકઃ ||**
**ભિક્ષુગીતાપ્રવક્તા ચ શુદ્ધસાઙ્ખ્યપ્રવર્તકઃ ||૨૩૯||**

## માર્ગત્રયવિભેદાત્મા ||૧૦૩૩||

કર્મ, જ્ઞાન અને ભક્તિ એ ત્રણે માર્ગોના વિશેષ ભેદોમાં ફલભેદથી જેમનું અન્તઃકરણ છે એવા ભગવાન્ શ્રીકૃષ્ણ.

## નાનાશંકાનિવારકઃ ||૧૦૩૪||

વિવિધ પ્રકારની શંકાઓનું નિવારણ કરનાર.

યમ કોણ ? નિયમ કોણ ? શમ કોને કહેવાય ? દમ કોને કહેવાય ? ઈત્યાદિ અનેક પ્રકારની ઉદ્ધવજીની શંકાઓનું સમાધાન કરનાર; તેમના પ્રશ્નોનો ઉત્તર દઈ નિર્ણય આપનાર આપ ભગવાન જ છો. જેથી અહિં નાના પ્રકારની શંકાને દૂર કરનાર ભગવાન્ શ્રીકૃષ્ણ એમ જણાવે છે.

## ભિક્ષુગીતાપ્રવક્તા ||૧૦૩૫||

અવન્તી-ઉજ્જૈનમાં રહેનાર ભિક્ષુ-સંન્યસ્ત દશામાં આવેલા વૈરાગસમ્પન્ન બ્રાહ્મણે જે ગાયેલું ભગવદ્ગાન તેને ભિક્ષુગીતા કહે છે. તે

ભિક્ષુગીતાનો સમ્મત-માન્ય કરેલો તાત્પર્યાર્થ ઉદ્ધવજીને જણાવનાર એવા ભગવાન્ શ્રીપુરુષોત્તમ.

## શુદ્ધસાઙ્ખ્યપ્રવર્તકઃ ||૧૦૩૬||

શુદ્ધ સાઙ્ખ્યમાર્ગને પ્રવર્તાવનાર પ્રભુ.

ભગવાન્ કપિલ મુનિએ કહેલો ઈશ્વરનું પ્રતિપાદન કરનારો શુદ્ધ સેશ્વર સાઙ્ખ્યવાદ તે આપે ઉદ્ધવજીને ૨૨મા અધ્યાયમાં સ્પષ્ટ દર્શાવેલો છે. ભગવાન્ની માયારૂપ આત્મશક્તિ આકાશાદિ તત્ત્વોની અનુક્રમે ઉત્પત્તિ, પછી તે તત્ત્વોની એકમેકમાં પ્રથમના અનુક્રમ પ્રમાણે લય એ પ્રમાણે ઉત્પત્તિ, સ્થિતિ અને લય ભગવચ્છક્તિરૂપ પ્રકૃતિથી પ્રતિપાદન કરી તત્ત્વસઙ્ખ્યાનો નિર્ણય કરી, આ આત્મા છે, આ અનાત્મા છે, તેનો વિવેક કરવો એ સાઙ્ખ્યવાદ છે. આ સાઙ્ખ્યવાદને વદનાર તેને પ્રવર્તાવનાર ભગવાન્ શ્રીકૃષ્ણ છે.

**મનોગુણવિશેષાત્મા જ્ઞાપકોક્તપુરૂરવાઃ ||**
**પૂજાવિધિપ્રવક્તા ચ સર્વસિદ્ધાન્તબોધકઃ ||૨૪૦||**

## મનોગુણવિશેષાત્મા ||૧૦૩૭||

મન વડે પ્રાપ્ત થનાર સત્વ, રજ અને તમોગુણ વડે વિશેષ આત્મા એવા દેવાદિકો જેમનાથી છે અથવા એવા દેવાદિકો જેમના છે. એવા પરમાત્મા શ્રીકૃષ્ણચન્દ્ર.

આ વિશ્વની દરેક વસ્તુઓ ત્રિગુણાત્મક છે. વધારે સત્વગુણ હોવાથી દેવો, ઋષિઓ, વિશેષ રજોગુણ હોવાથી અસુરો, મનુષ્યો તથા અધિક તમોગુણ હોવાથી રાક્ષસ, ભૂત, પ્રેત, પિશાચ વગેરે કહેવાય છે. તેવા સમયમાં તેમનું જ મુખ્ય પ્રાધાન્ય છે. એમ ૨૨મા અધ્યાયમાં છે. તથા તેવી જ રીતે શમ, દમ એ સત્ત્વપ્રકૃતિ છે, શમ, મદ, તૃષ્ણા, રજ. પ્રકૃતિ અને ક્રોધ, લોભ, મોહ એ તમઃ પ્રકૃતિ છે. એવી જ રીતે કર્મ, ધર્મ, તપ, સુખ, ભક્તિ, ધ્યાન, જ્ઞાન, એમ સર્વ ત્રિગુણાત્મક છે તે સર્વ ભગવદિચ્છાથી જ પ્રવર્તી રહ્યું છે. આ સ્કન્ધના ચોવીસમા અધ્યાયમાં ઉત્તમ રીતે ભગવાનને ઉદ્ધવજીને તે સમ્બન્ધમાં ઉપદેશ કરેલો છે માટે અહિં ત્રણ ગુણો વડે વિશેષ આત્માઓ જેમને છે એમ કહે છે.

## જ્ઞાપકોક્તપુરૂરવાઃ ||૧૦૩૮||

પુરૂરવારાજાના દૃષ્ટાન્તથી ઉદ્ધવજી પ્રત્યે તત્સમ્બન્ધી જ્ઞાનનું કથન કરનાર.

ઉપરના નામમાં જણાવેલા ત્રિગુણાત્મક ભાવોમાં મનુષ્ય તન્મય બને છે, તો તેમને જન્મ-મરણ નિરન્તર રહે છે માટે ઉદ્ધવજીને તેવા ગુણોમાં આસક્તિ રહે

નહિ તેમ કરવા માટે ઐલપુત્ર પુરૂરવા રાજાના દષ્ટાન્તથી ભગવાને જ્ઞાન આપ્યું છે એ આ સ્કન્ધના ૨૬મા અધ્યાયમાં દર્શાવ્યું છે તે જ આશયનો આ નામ પ્રકાશ કરે છે.

## પૂજાવિધિપ્રવક્તા ।।૧૦૩૯।।

પૂજનવિધિને કથન કરનાર શ્રીપુરુષોત્તમ.

મર્યાદાની દષ્ટિએ પૂજનવિધિના ત્રણ પ્રકાર માનવામાં આવ્યા છે. વેદોક્ત, તન્ત્રોક્ત તથા મિશ્ર એમ તેના મુખ્ય ત્રણ પ્રકાર છે. તેમાં વેદવિધિ પ્રમાણે જ કેવલ પૂજન કરવામાં આવે એ વેદોક્ત, તન્ત્રવિધિ પ્રમાણે કરવામાં આવતું પૂજન તે તન્ત્રોક્ત અને વેદવિધિ તથા તન્ત્રવિધિનું મિશ્રણ કરી જે પૂજનવિધિ કરવામાં આવે છે તેને મિશ્ર કહે છે. તે ત્રણેય પ્રકારની પૂજનવિધિ ઉદ્ધવજીને ભગવાને ૨૭ અધ્યાયમાં શ્રીમુખથી કહેલો છે. માટે પૂજાવિધિ કથનાર એવા પરમાત્મા શ્રીકૃષ્ણ એમ સ્ફુટ કરે છે.

## સર્વસિદ્ધાન્તબોધકઃ ।।૧૦૪૦।।

૧. સર્વ સિદ્ધાન્તોમાં ગુણ અને દોષોને જણાવનાર.
૨. સર્વ મતોથી પ્રશંસા કરીને નિજ સિદ્ધાન્તનો અર્થાત્ પોતે કરેલા નિશ્ચયાર્થનો બોધ કરનાર-ઉપદેશ આપનાર ભગવાન્ વાસુદેવ.

**લઘુસ્વમાર્ગવક્તા ચ સ્વસ્થાનગતિબોધકઃ ।।**
**યાદવાઙ્ગોપસંહર્તા સર્વાશ્ચર્યગતિક્રિયઃ ।।૨૪૧।।**

## લઘુસ્વમાર્ગવક્તા ।।૧૦૪૧।।

થોડા પ્રયાસમાં સિદ્ધ થનાર પોતાનો ભક્તિમાર્ગને વદનાર ઉદ્ધવજી પ્રત્યેક કથન કરનાર ભગવાન્ શ્રીકૃષ્ણ.

## સ્વસ્થાનગતિબોધકઃ ।।૧૦૪૨।।

૧. પોતાના વૈકુણ્ઠ ગોલોકસ્થાન પ્રત્યેની જે ગતિ તેને બોધ કરનાર અર્થાત્ હવે હું મારા ધામમાં ગતિ કરીશ એમ ઉદ્ધવજીને જણાવનાર.
૨. નિજભક્તોના સ્થાનની ગતિનો બોધ-ઉપદેશ આપનાર પોતાના સ્થાન (બદરીકાશ્રમ )માં જવાની ઉદ્ધવજીને ઉપદેશ કરનાર સર્વાન્તર્યામી ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્ર.

## યાદવાઙ્ગોપસંહર્તા ।।૧૦૪૩।।

યાદવોનાં અંગો દેહોના ઉપસંહાર તિરોધાન કરનાર શ્રીકૃષ્ણ પ્રભુ.

બ્રાહ્મણ શાપનું કારણ મુખ્ય કરી યાત્રામાં ગયેલા સર્વ યાદવો પરસ્પર મદ્યપાન કરી મદોન્મત્તની પેઠે યુદ્ધ કરતાં પરસ્પર વાંસના ઘર્ષણથી પ્રજ્વલિત

થયેલો અગ્નિ જેમ વનનો નાશ કરે તેમ સકલ યદુકુલનો નાશ-તિરોભાવ થઈ ગયો. એ સર્વ આપ પ્રભુની ઈચ્છાથી જ બનેલું છે. ભૂમિના ભારને ઉતારવા દેવતાઓ સાથે ભગવાન્ યાદવકુલમાં પ્રગટ થયા હતા, તે પોતાનું તે કાર્ય પૂર્ણ કરી આપે પણ સ્વસ્થાનમાં ગતિ કરી-નિજધામમાં પધાર્યા તે જ હવે જણાવે છે કે :

**સર્વાશ્ચર્યગતિક્રિયઃ ||૧૦૪૪||**

૧. સર્વને આશ્ચર્ય થાય તેમ નિજધામમાં ગતિ કરવાની જેમની મનોહર ક્રિયા છે એવા પ્રભુ.

૨. સર્વજનો વિસ્મય પામે તેવી રીતે જેમની આસુર વ્યામોહલીલા રૂપ ક્રીડા છે એવા ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્ર.

ભગવાન્‌ને જ્યારે નિજધામમાં પ્રવેશ કરવાની ક્રિયા-લીલા કરી ત્યારે સર્વ દેવતાઓ જેમના દર્શનાર્થ આવેલા હતા ? પુષ્પમય વૃષ્ટિ થતી હતી, એ આશ્ચર્ય નહિ તો બીજુ શું ? તે સમયે સર્વ બ્રહ્માદિ દેવો પ્રભુના સન્નિધાનમાં છતાં આપની ગતિને કોઈ પણ જાણી શક્યું નથી એટલા જ માટે અહિં સર્વાશ્ચર્ય રીતે આસુરવ્યામોહની લીલાક્રિયા કરનાર પ્રભુ એમ શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે.

**||ઈત્યૈકાદશસ્કન્ધનામાનિ||**

## ।। અથ દ્વાદશસ્કન્ધનામાનિ ।।

**કાલધર્મવિભેદાર્થવર્ણનાશનતત્પરઃ ।।**

**બુદ્ધો ગુપ્તાર્થવક્તા ચ નાનાશાસ્ત્રવિધાયકઃ ।।૨૪૨।।**

### કાલધર્મવિભેદાર્થવર્ણનાશનતત્પરઃ ।।૧૦૪૫।।

ભયંકર કાલે કરેલો ધર્મનો વિભેદ-લોપ તેથી બ્રહ્માદિ વર્ણોનો થયેલો નાશ-વર્ણનો લોપ થઈ એકાકાર થવાપણું તેમ થવાથી ધર્મનું રક્ષણ કરનાર અથવા ધર્મનું રક્ષણ કરવામાં ઉદ્યોગશીલ રહેનાર કાલ-ધર્મને પ્રવર્તાવનાર ભગવાન્ શ્રીકૃષ્ણ.

સર્વ કાલના ધર્મોનો પ્રકાશ કરનાર આપ પ્રભુ છો. ગીતામાં આજ્ઞા કરે છે કે : ''**મત્તઃ સર્વં પ્રવર્ત્તતે**'' (મારાથી જ સર્વ પ્રવૃત્ત થઈ રહ્યું છે) તો આ પ્રમાણે કાલધર્મને પ્રવૃત્ત કરતાં છતાં આપ ધર્મનું તો સર્વ સમયે રક્ષણ જ કરો છો. ધર્મનો લોપ થાય ત્યારે ધર્મનું રક્ષણ કરવા ભૂતલ પર પ્રકટ પણ થાવ છો. અર્જુન પ્રત્યે ગીતામાં તેને માટે સ્પષ્ટ રીતે ઉદ્‌ઘોષ કરી આપે આજ્ઞા કરી છે કે ''**ધર્મસંસ્થાપનાર્થાય સમ્ભવામિ યુગે યુગે**'' (ધર્મનું સારી રીતે સ્થાપન કરવા યુગે-યુગે હું પ્રકટ થાઉં છું.) ધર્મનું પાલન કરવામાં પ્રભુની આ પ્રમાણે દઢ પ્રતિજ્ઞા છે જેથી અહિં લુપ્ત થયેલા ધર્મનું રક્ષણ કરનાર શ્રીકૃષ્ણ એમ નામનો પ્રકાશ કરે છે.

### બુદ્ધઃ ।।૧૦૪૬।।

પોતાની મેળે જ સર્વ ધર્મ અને અધર્મના સ્વરૂપને જાણનાર.

### ગુપ્તાર્થવક્તા ।।૧૦૪૭।।

ગુપ્ત, ગૂઢ એવા અર્થરૂપ ધર્મનું વદનાર.

ભગવાન્ સર્વ જગતનું નિરન્તર કલ્યાણ જ કર્યા કરે છે. માટે પોતે જેમાં ગૂઢ અર્થ હોય છે એવા ઉત્તમ ધર્મનું કથન કરે છે. પાખણ્ડી પુરુષો જેમ ધર્મને દૂષિત ન કરે એટલા માટે ''**અહિંસા પરમો ધર્મઃ**'' અહિંસા એ જ પરમ સર્વોત્કૃષ્ટ ધર્મ છે. ઈત્યાદિ વચનોનું આપ પ્રસિદ્ધ રીતે ઉચ્ચારણ કરી ધર્મનો ઉપદેશ કરો છો. જેથી ગૂઢાર્થરૂપ ધર્મના વક્તા પરમાત્મા શ્રીકૃષ્ણચન્દ્ર એમ નામનું નિદર્શન કરે છે.

### નાનાશાસ્ત્રવિધાયકઃ ।।૧૦૪૮।।

સૌગત અને ચાર્વાક વગેરે ભેદો વડે નાસ્તિકોનાં ભિન્ન-ભિન્ન પ્રકારનાં શાસ્ત્રોને રચનાર-પ્રકટ કરનાર.

સર્વ જગત્‌ની ઘટમાલા ભગવદિચ્છા વડે જ નભી રહી છે. એમ પ્રથમ જણાવી ગયા છીએ. જે સમયે જેવો દેશકાલ હોય, જેવા યુગને પ્રવર્તાવવાની

આપની અભિલાષા હોય, તે જ પ્રમાણે સર્વ વસ્તુઓની રચના પ્રભુ કરે છે. ભગવાને યુગ ધર્મને પ્રવર્તાવવા માટે જ સૌગત અને ચાર્વાક વગેરે નાસ્તિક મતનાં જુદી-જુદી પદ્ધતિનાં શાસ્ત્રોને, તે-તે આચાર્યો દ્વારા પ્રવર્તાવ્યાં છે એ સર્વ યુગધર્મની પ્રેરણા કરનાર આપ પ્રભુ જ છો, સર્વ જગતને વ્યામોહમાં નાંખવું એ કંઈ સાધારણ કાર્ય નથી. જેથી માનવામાં આવે છે કે તેમાં પણ પ્રભુનો આશય છે માટે જ અહિં નાનાશાસ્ત્રવિધાયક એવા સર્વસમર્થ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર એમ કહે છે.

**નષ્ટધર્મમનુષ્યાદિલક્ષણજ્ઞાપનોત્સુકઃ ||**

**આશ્રયૈકગતિજ્ઞાતા કલ્કિઃ કલિમલાપહઃ ||૨૪૩||**

## નષ્ટધર્મમનુષ્યાદિલક્ષણજ્ઞાપનોત્સુકઃ ||૧૦૪૯||

જેમનો ધર્મ નષ્ટ-તિરોહિત થઈ ગયો છે એવા મનુષ્ય વગેરેના લક્ષણો ચિહ્નોને જણાવવામાં ઉત્સાહ ધરાવનાર.

સત્ય, તપ, દયા, ધર્મ, શમ, દમ, ઈત્યાદિ કલિયુગના આગમનથી નષ્ટ થશે. દ્રવ્યની જ મુખ્યતા મનાશે. "**યસ્યાસ્તિ વિત્તં સ નરઃ કુલીનઃ**" જેને દ્રવ્ય છે એ જ કુલીન, એ જ વિદ્વાન, એ જ ગુણવાન બનશે. અલ્પ આયુષ્ય, મ્લેચ્છપ્રાય વર્તન, પ્રજાઓનું ભક્ષણ કરનાર રાજાઓ, પરદારાની અભિલાષા, સ્વસ્ત્રીઓનો ત્યાગ વગેરે વગેરે અધમ પ્રાય મનુષ્યોનાં ચિહ્નો આ સ્કન્ધના બીજા અધ્યાયમાં જણાવેલાં છે. શ્રીશુકદેવજી દ્વારા તેવાં આગામી લક્ષણોને પ્રકટ કરવામાં ઉત્સાહ ધરાવનાર આપ પ્રભુ જ છો. અહિં સ્પષ્ટ કરે છે.

## આશ્રયૈકગતિજ્ઞાતા ||૧૦૫૦||

આભાસ (સહજ માત્ર જણાઈ આવવું તે) અને લય જેમાં છે થાય છે તો આશ્રયને ગતિને જણાવનાર અથવા જાણનાર.

પૂર્વ સ્કન્ધમાં મુક્તિ પર્યન્તની ભગવાનની લીલાઓનાં નામો વર્ણવ્યાં હવે આશ્રયલીલાનાં નામોને વ્યક્ત કરે છે. શુકદેવજી ઉપદેશે છે કે :

"**આભાસશ્ચ નિરોધશ્ચ યતશ્ચાધ્યવસીયતે,**

**સ આશ્રયઃ પરબ્રહ્મ પરમાત્મેતિ શબ્દ્યતે**" (ભાગ.૨|૧૦|૭)

આભાસ એટલે દષ્ટિએથી જણાઈ આવતું આ સર્વ કાર્ય આવિર્ભાવરૂપે વ્યક્ત થાય છે તે, એમ નિરોધ એટલે તેનો તિરોધાન થઈ દષ્ટિ લય-પ્રલય થાય છે તે, એમ નિરોધ અને આભાસ અથવા આવિર્ભાવ અને તિરોભાવ એ બન્નેની વ્યવસ્થા જેમનાથી થાય છે, તે જ આશ્રય છે તે જ સર્વનું શરણ-સ્થાન છે. તેમને જ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ વગેરે કહી વ્યવહાર કરાય છે. તે આભાસ અને નિરોધ રૂપ

આશ્રયગતિને જાણનાર ભગવાન્ શ્રીકૃષ્ણ જ છે. માટે જ આ નામનો પ્રકાશ કરે છે.

**કલ્કિઃ ||૧૦૫૧||**

૧. કલ્કિ અવતાર રૂપ ભગવાન્. ૨. શત્રુઓને કકળાટ કરાવનાર.
૩. કલિયુગને છેદનાર-નાશ કરનાર શ્રીકૃષ્ણચન્દ્ર.

કલિયુગના અન્તમાં સમ્ભલ નામના ગામમાં નિવાસ કરનાર વિષ્ણુયશા નામના બ્રાહ્મણને ત્યાં કલિયુગનો નાશ કરવા દુષ્ટાચરણને શરણ થયેલા મ્લેચ્છપ્રાય રાજાઓનો વિનાશ કરવા પ્રભુ દશમો કલ્કિ અવતાર ગ્રહણ કરશે, એમ આ સ્કન્ધના બીજા અધ્યાયમાં કથન કરવામાં આવ્યું છે. તે જ આ ભગવન્નામ છે.

**કલિમલાપહઃ ||૧૦૫૨||**

કલિયુગના મલ-પાપોને પોતાનું પ્રાકટ્ય કરી હરણ કરનાર-દૂર કરનાર શ્રીહરિ.

**શાસ્ત્રવૈરાગ્યસમ્બોધો નાનાપ્રલયબોધકઃ ||**
**વિશેષતઃ શુકવ્યાજપરીક્ષિજ્જ્ઞાનબોધકઃ ||૨૪૪||**

**શાસ્ત્રવૈરાગ્યસમ્બોધઃ ||૧૦૫૩||**

૧. શ્રીમદ્ભાગવતશાસ્ત્રને શ્રવણ કરવાથી સર્વ વિષયોથી નિવૃત્ત થવારૂપ વૈરાગ્ય તથા સુન્દર બોધ પરીક્ષિત રાજાને જેમનાથી થયો છે એવા ભગવાન્.
૨. શ્રીભાગવત શાસ્ત્ર વડે વૈરાગ્ય થવા સારુ પરીક્ષિત રાજાને સુન્દર રીતે બોધ આપનાર-ઉપદેશ કરનાર ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્ર.

**નાનાપ્રલયબોધકઃ ||૧૦૫૪||**

નાના પ્રકારના એટલે નિત્ય, નૈમિત્તિક, પ્રાકૃતિક અને આત્યન્તિક એવા ચાર પ્રકારના પ્રલય કે જેમાં સર્વ લય પામી જાય તેવા મહાકાલનો બોધ કરનાર ભગવાન્ શ્રીકૃષ્ણ.

**વિશેષતઃ શુકવ્યાજપરીક્ષિજ્જ્ઞાનબોધકઃ ||૧૦૫૫||**

વિશેષ રીતે શ્રીશુકદેવજીના નિમિત્તથી અર્થાત્ શ્રીશુકદેવજીના સ્વરૂપને ધારણ કરી પરીક્ષિત રાજાને જ્ઞાનનો બોધ કરનાર એટલે જ્ઞાન પ્રાપ્ત થવાના મુખ્ય સાધન રૂપ શ્રીમદ્ભાગવતશાસ્ત્રનો યથાર્થ ઉપદેશ આપનાર પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર.

**શુકેષ્ટગતિરૂપાત્મા પરીક્ષિદ્દેહમોક્ષદઃ ||**
**શબ્દરૂપો નાદરૂપો વેદરૂપો વિભેદનઃ ||૨૪૫||**

**શુકેષ્ટગતિરૂપાત્મા ||૧૦૫૬||**

૧. શુકને અત્યન્ત ઈષ્ટ ગમ્યગતિ-જ્ઞાન તદ્રૂપ જેમનો આત્મા-સ્વરૂપ છે એવા.

૨. શુકદેવજીના ઈષ્ટ પરીક્ષિતરાજાની ગતિરૂપ આત્મા જેમનો છે એવા શ્રીપુરુષોત્તમ.

**પરીક્ષિદ્દેહમોક્ષદઃ ||૧૦૫૭||**

પરીક્ષિત રાજાને મનુષ્યદેહથી મોક્ષ આપનાર.

**શબ્દરૂપઃ ||૧૦૫૮||**

શબ્દ બ્રહ્મરૂપ.

અકારાદિ સર્વ અક્ષરો બ્રહ્મરૂપ ''**અકારો વાસુદેવઃ સ્યાત્**'' એમ કોશમાં કથન કરે છે. સર્વ શબ્દ માત્ર આકારથી જ શુદ્ધ ઉચ્ચારણમાં આવી શકે છે અને આકાર એ ભગવાન્ શ્રીકૃષ્ણનું જ સ્વરૂપ છે. સર્વ શબ્દમાત્રનું પ્રાકટ્ય તેમાંથી જ થાય છે. જેથી અહિં શબ્દરૂપ પ્રભુ એમ કહે છે.

**નાદરૂપઃ ||૧૦૫૯||**

નાદ-પ્રણવ (ઓંકાર) તે રૂપ પ્રભુ.

ભગવાન્ સર્વ વેદોમાં પ્રણવરૂપ છે. આપ આજ્ઞા કરો છો કેઃ ''**પ્રણવઃ સર્વવેદેષુ**'' (સર્વ વેદોમાં હું પ્રણવ-ઓંકારરૂપ છું.) ઓંકાર નાદરૂપ છે. અહિં ભગવાનને નાદરૂપ જણાવે છે.

**વેદરૂપઃ ||૧૦૬૦||**

ઋગ્વેદ આદિ ચાર વેદો, તે રૂપ ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રભુ.

સર્વ વેદો ભગવાન્‌ના નિશ્વાસ રૂપે છે. એમ પ્રથમ કહી ગયા છીએ, એટલે આપ પ્રભુ તે વેદોથી ભિન્ન નથી પરન્તુ વેદરૂપ જ છો જેથી અહિં આપ તે વેદરૂપ શ્રીપૂર્ણપુરુષોત્તમ એમ જણાવે છે. તેમ ''**વેદાનાં સામવેદો અસ્મિ**'' વેદોમાં હું સામવેદ છું, એમ આપે ગીતામાં પણ આજ્ઞા કરી છે. તેથી પણ આપ વેદરૂપ છે એમ સિદ્ધ જ છે.

**વિભેદનઃ ||૧૦૬૧||**

ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ એમ એક વેદના ચાર પ્રકારે વિભાગ કરનાર, તેમ તેની શિષ્યો દ્વારા શાખા-પ્રશાખાઓ કરનાર ભગવાન્ વ્યાસસ્વરૂપ શ્રીકૃષ્ણચન્દ્ર.

**વ્યાસઃ શાખાપ્રવક્તા ચ પુરાણાર્થપ્રવર્તકઃ ||**
**માર્કણ્ડેયપ્રસન્નાત્મા વટપત્રપુટેશયઃ ||૨૪૩||**

**વ્યાસઃ ||૧૦૬૨||**

વેદનો વિસ્તાર કરનાર પરાશરથી સત્યવતીમાં થયેલા શ્રીભગવાનનો

અવતાર તે રૂપ શ્રીકૃષ્ણચન્દ્ર.

**શાખાપ્રવક્તા ||૧૦૬૩||**

વેદની શાખાઓને શિષ્યો દ્વારા પ્રવર્તાવનાર.

**પુરાણાર્થપ્રવર્તકઃ ||૧૦૬૪||**

પુરાણોના લક્ષણરૂપ અર્થને પ્રવર્તાવનાર-બોધ કરનાર વ્યાસ સ્વરૂપ ભગવાન્ શ્રીપુરુષોત્તમ.

**માર્કણ્ડેયપ્રસક્ષાત્મા ||૧૦૬૫||**

માર્કણ્ડેય ઋષિ પર કૃપાપૂર્ણ જેમનો આત્મા અન્તઃકરણ છે એવા પ્રભુ.

**વટપત્રપુટેશયઃ ||૧૦૬૬||**

માર્કણ્ડેયમુનિને માયાનું દર્શન કરાવતી વખતે મહાસમુદ્રમાં વટવૃક્ષના પત્રથી બનેલા પડિયા પર શયન કરનાર બાલમુકુન્દ શ્રીકૃષ્ણચન્દ્ર.

**માયાવ્યાપ્તમહામોહદુઃખશાન્તિપ્રવર્તકઃ ।**
**મહાદેવસ્વરૂપશ્ચ ભક્તિદાતા કૃપાનિધિઃ ||૨૪૭||**

**માયાવ્યાપ્તમહામોહદુઃખશાન્તિપ્રવર્તકઃ ||૧૦૬૭||**

માયા વડે વ્યાપ્ત થયેલા જે મહામોહ, અત્યન્ત અજ્ઞાન, તેથી ઉત્પન્ન થયેલું માર્કણ્ડેય ઋષિને દુઃખ, તેની શાન્તિ-નિવૃત્તિને પોતાનાં દર્શન આપી પ્રવર્તાવનાર અર્થાત્ પોતાનું દર્શન કરાવી માર્કણ્ડેય ઋષિના દુઃખને નિવૃત્ત કરનાર-શાન્ત કરનાર ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્ર.

**મહાદેવસ્વરૂપઃ ||૧૦૬૮||**

૧. શ્રીમહાદેવરૂપ.
૨. મહાદેવ-શ્રીશંકરના સ્વરૂપથી પુનઃ માર્કણ્ડેય ઋષિને દર્શન આપનાર.

મહાદેવ-શ્રીશંકર તે આપ ભગવાન્ શ્રીકૃષ્ણનું જ સ્વરૂપ છે. આપે ગીતામાં આજ્ઞા કરી છે કે "**રુદ્રાણાં શંકરશ્ચાસ્મિ**" (એકાદશ રુદ્રમાં હું શંકર છું.) આ પ્રમાણે ભગવદાજ્ઞાનુસાર જ અહિં મહાદેવસ્વરૂપધારી શ્રીકૃષ્ણ પ્રભુ એમ કથન કરે છે.

**ભક્તિદાતા ||૧૦૬૯||**

માર્કણ્ડેય ઋષિને ભક્તિરૂપ વર પ્રદાન કરનાર.

માર્કણ્ડેયઋષિ તપશ્ચર્યા કરતા હતા ત્યાં શંકરે પધારી વરદાન માગવાનું કહેતાં તેમણે અન્ય વરદાન નહિ માગતાં કેવલ પ્રભુ "શ્રીકૃષ્ણની ભક્તિ મને દૃઢ હો" એમ માંગણી કરી અને શંકરે તેવી ભક્તિ થવાનું વરદાન આપ્યું જેથી અહિં 'ભક્તિદાતા' શંકર સ્વરૂપે ભક્તિ આપનાર શ્રીકૃષ્ણ ભગવાન્ એમ કહે છે.

**કૃપાનિધિઃ ||૧૦૭૦||**

અતિદુર્લભ ભક્તિના આપનાર હોવાથી કૃપા-દયાનાનિધિ-ભંડાર, પરમ કૃપાનિધિ શ્રીકૃષ્ણચન્દ્ર.

**આદિત્યાન્તર્ગતઃ કાલો દ્વાદશાત્મા સુપૂજિતઃ ।**
**શ્રીભાગવતરૂપશ્ચ સર્વાર્થફલદાયકઃ ||૨૪૮||**

**આદિત્યાન્તર્ગતઃ ||૧૦૭૧||**

સૂર્યમણ્ડલના મધ્યમાં રહેનારા નારાયણસ્વરૂપ શ્રીકૃષ્ણપ્રભુ.

**કાલઃ ||૧૦૭૨||**

૧. વિશ્વને ક્ષણ, લવ, ઘટી, પલ વગેરેથી કલનાર-નિયમિત કરનાર પ્રભુ.
૨. કાલરૂપ ભગવાન્ શ્રીપુરુષોત્તમ.

**દ્વાદશાત્મા ||૧૦૭૩||**

'ધાતૃમય' પ્રભૃતિ બાર સૂર્યરૂપ આત્મા-સ્વરૂપ જેમનાં છે એવા શ્રીકૃષ્ણ.

**સુપૂજિત ||૧૦૭૪||**

બારે સૂર્યના ઉપાસકોએ તે-તે મન્ત્રો વડે સુન્દર રીતે પૂજેલા સૂર્યરૂપ ભગવાન્ શ્રીપૂર્ણ પુરુષોત્તમ.

**શ્રીભાગવતરૂપઃ ||૧૦૭૫||**

૧. શ્રીમદ્ભાગવત શાસ્ત્રમાં અનુક્રમથી જેમના સ્વરૂપનું નિરૂપણ કરેલું છે એવા.
૨. શ્રીમદ્ભાગવતમાં જેમનું સ્વરૂપ છે એવા શ્રીભગવાન્ નન્દનન્દન શ્રીકૃષ્ણચન્દ્ર.

**સર્વાર્થફલદાયક ||૧૦૭૬||**

૧. શ્રીમદ્ભાગવત સ્વરૂપ વડે સર્વાર્થ એટલે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ રૂપ ફલને અર્પણ કરનાર.
૨. સર્વ અર્થોનું ફલ ભક્તિને અર્પણ કરનાર. ૩. સર્વ પુરુષાર્થરૂપ ફલોને આપનાર.
૪. સર્વ અર્થ સ્વરૂપ આપ ભગવાન જ, તદ્રૂપ ફલ એટલે આપના આનન્દમય ફલાત્મક સ્વરૂપનું દર્શન આપનાર ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્ર.

**|| ઈતિ દ્વાદશસ્કન્ધનામાનિ ||**

શ્રીમહાપ્રભુ શ્રીમદાચાર્યચરણ આપ ગ્રન્થની સમાપ્તિમાં તેનો ઉપસંહાર કરતાં આજ્ઞા કરે છે કે :

**ઈતીદં કીર્તનીયસ્ય હરેર્નામસહસ્રકમ્ ।**

**પઞ્ચસપ્તતિવિસ્તીર્ણં પુરાણાન્તરભાષિતમ્ ॥૨૪૯॥**

જેમ પુરાણાન્તરના પંચોતેર નામનો અધિક વિચાર કરેલો છે એવા સકલ દુઃખ સમુદાયને હરણ કરવાવાળા કીર્તન-સંકીર્તન કરવા યોગ્ય શ્રીહરિના-શ્રીકૃષ્ણચન્દ્રના એક હજાર નામો આ પ્રમાણે સમાપ્ત થયાં. આ શ્લોકમાં જે પુરાણાન્તરનાં પંચોતેર નામો કહેલાં છે તેને યથા મતિ કહૂં છું :

| | | |
|---|---|---|
| શુકવાગમૃતાબ્ધીન્દુઃ | કોટિસૂર્યસમપ્રભઃ | બ્રહ્મકોટિપ્રજાપતિઃ |
| સુધાકોટિસ્વાસ્થ્યહેતુઃ | કામધુક્કોટિકામદઃ | સમુદ્રકોટિગમ્ભીરઃ |
| તીર્થકોટિસમાહ્વયઃ | સુમેરુકોટિનિષ્કમ્પઃ | કોટિબ્રહ્માણ્ડવિગ્રહઃ |
| કોટ્યશ્વમેધપાપઘ્નઃ | વાયુકોટિમહાબલઃ | કોટીન્દુજગદાનન્દી |
| શિવકોટિપ્રસાદકૃત્ | અમાની | માનદઃ |
| જનાર્દનઃ | અધોક્ષજઃ | ઉપેન્દ્રઃ |
| ઈન્દ્રાવરજઃ | ત્રિલોકાત્માઃ | વિશ્વમૂર્તિઃ |
| પૃથુશ્રવાઃ | રઘુનાથઃ | રામચન્દ્રઃ |
| રામભદ્રઃ | રઘુપ્રિયઃ | અનન્તકીર્તિઃ |
| પુણ્યાત્મા | પુણ્યશ્લોકૈકભાસ્કરઃ | અહલ્યાદુઃખહારી |
| ગુહસ્વામી | સલક્ષ્મણઃ | શરભંગસુતીક્ષ્ણાદિપૂજિતઃ |
| અગસ્ત્યભાગ્યભૂઃ | જટાયુર્વધમોક્ષદઃ | શબરીપૂજિતઃ |
| દુન્દુભ્યસ્થિપ્રહરણઃ | સપ્તતાલવિભેદનઃ | ચિત્રકૂટપ્રિયસ્થાનઃ |
| દણ્ડકારણ્યપાવનઃ | ઋષિસમ્પ્રાર્થિતકૃતિઃ | વિરાધવધપંડિતઃ |
| સર્વસાક્ષી | નન્દવ્રજજનાનન્દી | રામાનુજઃ |
| વાસુદેવઃ | અરણ્યભોક્તા | બાલલીલાપરાયણઃ |
| પ્રોત્સાહજનકઃ | અઘાસુરનિસૂદનઃ | વ્યાલમોક્ષપ્રદઃ |
| પુષ્ટઃ | બ્રહ્મમોહપ્રવર્ધનઃ | અનન્તમૂર્તિઃ |
| સર્વાત્મા | જંગમસ્થાવરાકૃતિઃ | બ્રહ્મમોહનકર્તા |
| સ્તુત્યઃ | આત્મા | સદાપ્રિયઃ |
| કાલીયફણિમાણિક્યરંજિતશ્રીપદામ્બુજઃ | | વેણુવાદ્યવિશારદઃ |
| વેણુવાદ્યસ્મરક્ષોભમત્તગોપીવિમુક્તિદઃ | | સદ્યઃ કુવલયાપીડઘાતી |
| ચાણૂરમર્દનઃ | સાન્દીપનિમૃતાપત્યદાતા | કાલાન્તકાદિજિત્ |
| સહસ્રકવચચ્છેદી | સુદામારંકભાર્યાર્થભૂમ્યાનીતેન્દ્રવૈભવઃ | ષોડશસ્ત્રીસહસ્રેશઃ |
| બુદ્ધઃ | ગુપ્તાર્થવક્તા | ચતુર્મૂર્તિઃ સાક્ષી |

(હવે આપ ગ્રન્થકાર ફલશ્રુતિ જણાવે છે)

**ય એતત્ પ્રાતરુત્થાય શ્રદ્ધાવાન્ સુસમાહિતઃ ।**

**જપેદ્ અર્થાહિતમતિઃ સ ગોવિન્દપદં વ્રજેત્ ।।૨૫૦।।**

અર્થ : જે આ પુરુષોત્તમસહસ્રનામસ્તોત્રને પ્રભાતમાં ઊઠી, અવ્યગ્રચિત્ત-શાન્ત અન્તઃકરણપૂર્વક શ્રદ્ધાવાન્ બની લૌકિક પદાર્થોમાં ચિત્તને દૂર કરીને જપે, પુનઃ પઠન કરે, તે પુરુષ ગોવિન્દના-ગોબ્રાહ્મણાદિના ઈન્દ્ર શ્રીગોવર્દ્ધનધરના પદને-સ્થાનને વા શ્રીગિરિરાજધરણના ચરણકમલને શરણ-પ્રાપ્ત થાય. એ તો નિઃસંશય જ છે.

ઉપર પ્રમાણે શ્રદ્ધાવાન પ્રાતઃકાલમાં ઊઠી આ સ્તોત્રનું પઠન કરનાર, લૌકિક પદાર્થોમાં મન નહિ રાખનાર સાધન-સમ્પન્ન પુરુષને પ્રભુપદ પ્રાપ્ત થાય એમ ફલ કહ્યું પરન્તુ તેમ કરવા અશક્ય હોય નિઃસાધન હોય તેને શું ? એમ શંકા થતાં તેવાને પણ આ સ્તોત્રપાઠના પઠનનું ફલ થાય છે એમ દર્શાવે છે કે :

**સર્વધર્મવિનિર્મુક્તઃ સર્વસાધનવર્જિતઃ ।**

**એતદ્ધારણમાત્રેણ કૃષ્ણસ્ય પદવીં વ્રજેત્ ।।૨૫૧।।**

અર્થ : સર્વધર્મથી વિહીન હોય, સર્વ સાધનથી વિમુખ થયેલો હોય, તો પણ જે આ સ્તોત્રનું પઠન કરે તો તેના ધારણ માત્રથી જ શ્રીકૃષ્ણચન્દ્રની પદવીને પામે.

તાત્પર્ય કે : ભલે સર્વસાધનહીન હોય, પરન્તુ ભગવન્નામોચ્ચારણનો મહિમા જ એવો અપરિમિત છે કે તેનું વારંવાર પઠન થતાં જ આપોઆપ સર્વ યોગ્યતા પ્રાપ્ત થાય છે. પ્રભુ કૃપાનિધાન છે જેમની કૃપાથી પાંગળો પણ ગિરિવર ઉલ્લંઘે છે. મૂંગો પણ પ્રખર વક્તા થાય છે. તો પછી નિજ ભક્ત અધિકારી થાય એમાં શું આશ્ચર્ય છે ? વળી પ્રભુની પ્રાપ્તિમાં પણ જે મુખ્ય છે; સાધન સમ્પત્તિ ગૌણ છે એમ પણ શ્લોકથી સિદ્ધ કરે છે.

**હર્યાવેશિતચિત્તેન શ્રીભાગવતસાગરાત્ ।।**

**સમુદ્ધૃતાનિ નામાનિ ચિન્તામણિનિભાનિ હિ ।।૨૫૨।।**

અર્થ : ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રમાં ચિત્તને પરોવી મેં શ્રીમદ્ભાગવત રૂપી મહાસાગર માંથી ચિન્મામણિ સમાન ભગવન્નામોને સુન્દર રીતે અવતરણ કરેલાં છે.

તાત્પર્ય કે : આપ શ્રીમદાચાર્યચરણે પ્રભુના સાક્ષાત્ આવિર્ભાવથી જ આ સ્તોત્ર પ્રકટ કરેલું છે, એટલે સ્તોત્રમાં અન્તર્ગત રહેલાં ભગવન્નામોનું પાઠ સમયે પુનઃ પુનઃ ઉચ્ચારણ થતાં જ અન્તઃકરણમાં ભગવાન્નો આવિર્ભાવ થાય એ સાધારણ જ છે. કેમ કે જેવા આવેશથી પ્રકટ કરવામાં આવેલી વસ્તુઓ હોય, તેની અસર તેવા જ પ્રકારની હૃદય ઉપર તરત જ થાય છે એ સહજ નિયમ છે.

વળી ઉપરના જ વિષયને પુનઃ દઢ કરે છે કે :

**કણ્ઠસ્થિતાન્યર્થદીપ્ત્યા બાધન્તેઽજ્ઞોનજં તમઃ ।**
**ભક્તિં શ્રીકૃષ્ણદેવસ્ય સાધયન્તિ વિનિશ્ચિાતમ્ ।।૨૫૩।।**

અર્થ : આ પુરુષોત્તમસહસ્રનામસ્તોત્રને કણ્ઠમાં ધારણ કરે-મુખ પાઠ કરે તો અર્થના પ્રકાશ વડે મુખપાઠ કરનારના અજ્ઞાનથી પ્રકટ થયેલા અન્ધકારને નાશ કરે, દૂર કરે અને શ્રીકૃષ્ણદેવની ભક્તિને સાધે અર્થાત શ્રીકૃષ્ણની ભક્તિ પ્રાપ્ત થાય એમ નિશ્ચય છે, નિર્વિવાદ જ છે.

તાત્પર્ય : વારંવાર સ્તોત્રના પાઠથી અર્થજ્ઞાન થાય અને અર્થનો પ્રકાશ થવાથી હૃદયની મલિનતા દૂર થઈ, અજ્ઞાનનો નાશ થાય એટલે વિમલ બનેલા હૃદયમકમલમાં ભગવત્પ્રેમ પરિમલ પ્રસાર પામે જેથી ભક્તિ સિદ્ધ થાય એ સ્વાભાવિક જ છે.

ભગવન્નામસ્મરણનું માહાત્મ્ય જેટલું વર્ણન કરીએ તેટલું ઓછું છે, એવા આશયથી તેની પરાકાષ્ઠા જણાવે છે.

**કિમ્બહૂક્તેન ભગવાન્ નામભિઃ સ્તુતષડ્ગુણઃ ।**
**આત્મભાવં નયત્યાશુ ભક્તિં ચ કુરુતે દઢામ્ ।।૨૫૪।।**

અર્થ : વળી વિશેષ તો શું વર્ણન કરું ? કિન્તુ આ સહસ્ર નામોથી ષડ્ગુણ ઐશ્વર્ય સમ્પન્ન પરમસુન્દર ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રની સ્તુતિ કરેલી છે, જેથી આ સ્તોત્રનો પાઠ કરનારને થોડા જ સમયમાં પ્રભુ નિજ સ્વરૂપને પ્રાપ્ત કરાવે અને નિજ ભક્તિને દઢ કરે એ સત્ય જ છે.

**યઃ કૃષ્ણભક્તિમ્ ઈહ વાઞ્છતિ સાધનૌઘૈઃ**
**નામાનિ ભાસુરયશાંસિ જપેત્ સ નિત્યમ્ ।।**
**તં વૈ હરિઃ સ્વપુરુષં કુરુતેઽતિશીઘ્રમ્-**
**આત્માર્પણં સમધિગચ્છતિ ભાવતુષ્ટઃ ।।૨૫૫।।**

અર્થ : અનેક સાધનોના સમૂહથી જે શ્રીકૃષ્ણ ભગવાન્ની ભક્તિની વાઞ્છના-અભિલાષા કરતો હોય, તેણે તેવાં શ્રમરૂપ સાધનોમાં નહિ પડતાં, જેમાં પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્રના પ્રકાશવાળા યશો વર્ણવેલા છે એવાં આ સહસ્રનામોનો નિરન્તર જપ કરવા પાઠ કરવો, તેમ કરનારને આપ શ્રીહરિ તત્કાલ જ નિજજન બનાવે છે, અને ભક્તિભાવથી સન્તુષ્ટ બની પ્રસન્ન થઈ તેણે કરેલા આત્મસમર્પણને આપ સુન્દર રીતે જાણો છો અથવા તેનાં ભાવથી સન્તુષ્ટ થઈ આપ તેને નિજ સ્વરૂપનું દાન કરો છો.

(ગ્રન્થના અન્તમાં નિજજનોનું મંગલ ઈચ્છતા શ્રીમદાચાર્યચરણ મંગલાચરણ કરી ગ્રન્થની પરિસમાપ્તિ કરે છે.)

**શ્રીકૃષ્ણ કૃષ્ણસખ વૃષ્ણિવૃષાવનીધ્રુક–**
**રાજન્યવંશદહનાનપવર્ગવીર્ય ।।**
**ગોવિન્દ ગોપવનિતાવ્રજભૃત્યગીત ।**
**તીર્થશ્રવઃ શ્રવણમંગલ પાહિ ભૃત્યાન્ ।।૨૬૫।।**

અર્થ : હે શ્રીકૃષ્ણ ! હે કૃષ્ણ–અર્જુન મિત્ર ! વસુદેવાદિ યાદવો ધર્મ અને પૃથ્વીનો દ્રોહ કરનારા અન્ય રાજાઓના વંશને બાળી ભસ્મીભૂત કરવામાં અતુલબલ સમ્પન્ન હે પ્રભો ! હે ગોવિન્દ ! હે ગોપાંગનાઓ અને ગોપભક્તો વડે ગાન કરાતા, હે તીર્થરૂપ કીર્તિશાલી, હે શ્રવણ કરતામાં જ પરમ કલ્યાણનિધાન વિભો ! આપ નિજ ભક્તજનોનું પાલન કરો–રક્ષણ કરો.

(નામચન્દ્રિકા નામની ટીકાના પ્રકટ કરનારા પઞ્ચમગૃહાધિપતિ શ્રીરઘુપતિ નિજ રચિત ટીકાને શ્રીકૃષ્ણચરણમાં સમર્પણ કરે છે.)

**કૃષ્ણનામસહસ્રાક્ષમાલેયં વાઙ્મણિમયી**
**ગ્રથિતા શ્રુતિસૂત્રેણ રચિતા કૃષ્ણપાદયોઃ ।।૧।।**
**શ્રીવિઠ્ઠલતનૂજેન રુક્મિણીગર્ભસમ્ભવા ।।**
**રઘુનાથેન ગાથેયં નામસુવ્યરચિ સ્ફુટમ્ ।।૨।।**

અર્થ : શ્રીકૃષ્ણનાં સહસ્રનામરૂપ વાણીમય મણિઓવાળી શ્રીમદાચાર્યજીએ ગ્રથેલી આ માળાને શ્રુતિ પ્રમાણો રૂપ સૂત્રથી રચીને શ્રીકૃષ્ણના ચરણકમલમાં નિવેદન કરી છે. તે આ નામચન્દ્રિકા ટીકાને શ્રીરુક્મિણીજીના ગર્ભમાં પ્રકટ થયેલા અને શ્રીપ્રભુચરણના (પઞ્ચમ) પુત્ર રઘુનાથજીએ સ્પષ્ટ રીતે રચેલી છે.

**શ્રીકૃષ્ણચન્દ્રચરણામૃતસેવનેન શ્રીવલ્લભાનલકૃપાબલસંશ્રયેન ।।**
**ટીકા સુગુર્જરાગિરા ગ્રથિતા મયેયં નિત્યં પ્રસીદતુ તતઃ કિલગોકુલેન્દુ ।।**

અર્થ : શ્રીકૃષ્ણચન્દ્રચરણામૃત સેવવાથી શ્રીવલ્લભાનલ કૃપાબલ પામવાથી ।। ટીકા રચી સરસ ગુર્જર વાણીમાં તો તેથી પ્રસન્ન નિત ગોકુલચન્દ્રમા હો ।।૧।।

**સમાપ્તમિદં ગુર્જરગિરાનુવાદસંવલિતં નામચન્દ્રિકાટીકાસમન્વિતં**
**પુરુષોત્તમસહસ્રનામસ્તોત્રમ્ સમાપ્તમ્ ।**

## મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત

# ।। ત્રિવિધલીલાનામાવલી ।।

(ગુર્જરગિરાનુવાદસંવલિતા)

શ્રીમદાચાર્યચરણ શ્રીમદ્વલ્લભાધીશ્વરના પરમ પાવન વંશમાં ભૂષણ સમાન શ્રીગોકુલોત્સવજીએ આ ગ્રન્થ ઉપર વિસ્તારથી વિવૃત્તિ લખેલી છે. તેમાં તેઓશ્રી મંગલાચરણ કરે છે :

**નામામિ શ્રીમદાચાર્યપદાબ્જં તન્મહાશયમ્ ।**
**ઉષરં સરસીકૃત્ય સુરભીકૃતવત્સ્વયમ્ ।।૧।।**
**ભાવયે સતતં શ્રીમદ્વિઠ્ઠલેશપદામ્બુજમ્ ।**
**યેન સ્વકરુણાસારૈઃ સિઞ્ચિતં હૃદયં મમ ।।૨।।**
**અતો નામાવલીકલ્પદ્રુમભાવફલાનિ હિ ।**
**અદ્ભુતાન્યુદિતાન્યત્ર ભોગ્યાનિ સુહૃદા પરમ્ ।।૩।।**

અર્થ : પોતે ઉખર ભૂમિને સરોવર સમાન સુન્દર બનાવીને સુગન્ધિમાન્ કરી દે તેવા મહાન આશયવાળા શ્રીમહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્યના ચરણારવિન્દને હું નમન કરું છું.

શ્રીમદ્વલ્લભાધીશ્વરનો મહિમા મહાન છે અપાર છે, કેવલ નિષ્ફલ ક્ષારવાળી ઉખરભૂમિ સરખા કલિદોષથી ભરપૂર જીવોને શરણે લઈ તેમનાં જીવનનું સાફલ્ય કરે છે. તેમને મિષ્ટ જળવાળા સરોવર સદૃશ કરીને સુગન્ધિમાન ભાવ રસસમ્પન્ન કરી દે છે. તે મહાપ્રભુજીના ચરણાવિન્દને વન્દન કરી આ ઉત્તમ ગ્રન્થની સમાપ્તિમાં અન્તરાય ન થાય માટે મંગલ કરે છે।।૧।।

શ્રીમદાચાર્યચરણને વન્દન કરી કરુણામયમૂર્તિ શ્રીવિઠ્ઠલેશ્વરના ચરણનું પણ ચિન્તન કરે છે :

જેમણે પોતાની દયામય દષ્ટિની વૃષ્ટિનાં જલબિન્દુઓથી મારા હૃદયને સિંચન કર્યું છે, એવા શ્રીમદ્વિઠ્ઠલેશ્વર પ્રભુના ચરણકમળની નિરન્તર ભાવના કરું છું ।।૨।।

એટલા જ માટે અદ્ભુત રીતે ઉદય પામેલા અહીં આ નામાવલીરૂપ કલ્પવૃક્ષનાં ભાવમય ફલો સત્પુરુષોને અત્યન્ત ઉપભોગ કરવા યોગ્ય છે–સેવન કરવા જેવાં છે।।૩।।

પરમ કૃપાનિધાન ભગવાને પોતાના પ્રાકટ્યના સમયમાં કલિકાલના દોષોમાં ડુબેલા જીવોનો ઉદ્ધાર કેમ થાય! એમ વિચારીને પ્રથમ પોતાનું નામ

લીલાત્મક શ્રીભાગવત્ પ્રકટ કર્યું. ત્યાર પછી પણ આગળ કલિદોષ વૃદ્ધિંગત થતાં શ્રીમદ્ ભાગવતનું પણ શ્રવણ પઠન અશક્યવત્ બની ગયું એટલે નિજજનો ઉપર કૃપા વરસાવવાને મહાકૃપાસિન્ધુ દીનબન્ધુ શ્રીમદાચાર્યચરણે શ્રીભાગવતમાંથી ઉદ્ધાર કરીને સહસ્રનામો પ્રકટ કર્યાં. જેનું પઠન કરવાથી સમ્પૂર્ણ ભાગવતાર્થનું જ્ઞાન સિદ્ધ થાય છે. તે આપે શ્રીપુરુષોત્તમ સહસ્રનામના આરમ્ભમાં ''**સહસ્રં યૈસ્તુ પાઠતૈઃ પઠિતં સ્યાચ્છુકામૃતમ્**'' એ શ્લોકમાં સ્પષ્ટ જણાવેલું છે. તે સહસ્ર નામમાં પણ સમુદાય રૂપે સર્વ અવતારોનાં ચરિત્ર તથા ધર્મસહિત નામોનું નિરૂપણ કરેલું હોવાથી નિરોધલીલામાં દશમસ્કન્ધમાં દર્શાવેલાં ભગવલ્લીલાત્મક નામો તેમનાથી ભિન્ન છે એટલે મુખ્યપણાએ તેમનું જ્ઞાન થતું નથી. અને બધાયે નામોમાં સાધારણ પ્રવૃત્તિ થાય છે. સત્ત્વ, રાજસ, તામસ એમ ત્રણ પ્રકારના ભકતોનો નિરોધ પ્રભુમાં થવા માટે ત્રણ પ્રકારની લીલા પ્રભુએ નિરોધ પ્રકરણ-દશમસ્કન્ધમાં કરેલી છે. તે ત્રિવિધ લીલા-બાલલીલા, પ્રૌઢલીલા અને રાજલીલાને દર્શાવનારાં જે-જે નામો છે તે-તે નામોનો ઉદ્ધાર કરીને અહિં નિરૂપણ કરવામાં આવેલાં છે, તેમાંયે પણ કેટલાંક નિત્યલીલાન્તર્ગત મૂળસ્વરૂપનાં નામો છે. પ્રથમ મૂળસ્વરૂપનાં નિત્યલીલાના પ્રસંગમાં રહેલાં નામોને નિરૂપણ કરે છે.

આરમ્ભમાં આ નામ નિરૂપણ સફલ છે; તેનો પાઠ કરનાર તેનું કીર્તન કરનાર સજ્જનને ઉત્તમોત્તમ ફલ પ્રાપ્તિ થાય છે એમ શ્રીમદ્વલ્લભાધીશ પ્રથમ પ્રતિજ્ઞા પૂર્વક આજ્ઞા કરે છે કે :

**નામાવલીં પ્રવક્ષ્યામિ કેશવસ્યાતિવલ્લભામ્ ।**
**યસ્યાઃ સંકીર્તનાદ્ વિષ્ણુરાત્માનં સમ્પ્રયચ્છતિ ।।૧।।**

અર્થ : શ્રીકૃષ્ણને અત્યન્ત વલ્લભ-પરમ પ્રિય નામાવલીને હું ઉત્કર્ષપણે કથન કરું છું જેનું સુન્દર કીર્તન કરવાથી વિષ્ણુ-સર્વ વ્યાપકથી પણ પર પરમાત્મા રસવ્યાપ્ત વિભુ પોતાના આત્માના-સ્વરૂપાનન્દનું દાન કરે છે.

'કેશવ' શબ્દમાં ક + ઈશ એમ બે શબ્દોથી બ્રહ્મા અને શંકરને પણ મોક્ષ આપનાર મહાન મહિમાવાન્ પ્રભુ. વળી 'કેશ' શબ્દથી કુટિલ કેશોનાં સૌન્દર્યની પણ સ્ફુરણા થઈ આવે છે. બાલ અવસ્થામાં વાંકડા કેશકલાપનું વેષ્ટન અતીવ રમણીય હોય, તેથી બાલ-લીલાત્મક ભગવાન્નાં નામો-નામાવલી હું ઉત્કર્ષે કરીને-સરસ રીતે કથન કરનાર છું એમ પ્રતિજ્ઞા કરે છે, પોતાનો નિશ્ચય દર્શાવે છે. ઉત્કર્ષપણાથી કથન કરવાનું જણાવી જે-જે લીલા કરી અને જે-જે ભક્તોનો નિરોધ કર્યો તેવાં-તેવાં નામોનું કથન પણ સૂચન કરે છે. અત્યન્ત વલ્લભ-ઘણાં જ પ્રિય એમ વિશેષણ આપીને પ્રભુનું તેવું-તેવું સૌન્દર્ય નિરખીને પ્રેમનું પૂર ઉદય પામતાં તે-તે

ચરિત્ર અને તે-તે નામ પણ અત્યન્ત પ્રેમ પ્રાપ્ત કરાવે એમ ભાવ પ્રગટ કરે છે, એમ કરવાથી માહાત્મ્યનાં જ્ઞાનપૂર્વક સુદઢ સ્નેહ ઉત્પન્ન થતાં આગળ ઉપર મુક્તિરૂપે ફલ પણ મળશે.

જ્યારે મુક્તિરૂપ ફલ પ્રાપ્ત થશે જ તો સ્વરૂપાનન્દરૂપ ફલ પ્રથક્ દર્શાવવાનું શું કારણ ? આ શંકાનું સમાધાન કરે છે.

મુક્તિરૂપ ફલ કરતાં સ્વરૂપાનન્દની પ્રાપ્તિ થવા રૂપ ફલ ઉત્તમોત્તમ છે. મુક્તિરૂપ ફલમાં માત્ર એક્તાનું જ ભાન થાય છે. સ્વરૂપાનન્દનો સાક્ષાત્ અનુભવ મળતો નથી. માટે દર્શાવે છે કે : જે નામાવલીનું સુન્દર ભાવપૂર્વક-પ્રેમમાં આર્દ્રાર્દ્ર બનીને કીર્તન કરતાં વિષ્ણુ-સર્વવ્યાપ્ત પરમાત્મા અક્ષરબ્રહ્મથી પણ પર પુરુષોત્તમ-અખણ્ડાનન્દઘન વિષ્ણુ પોતાના આત્માના સ્વરૂપાનન્દનું દાન કરે છે. દાન કરવામાં પણ 'સમ્' ઉપસર્ગ કહ્યો છે. માટે ભક્તજનને આધીન બની સર્વદા તેમનાં સન્નિધાનમાં સ્થિતિ કરીને પોતાના સ્વરૂપનો અનવધિ આનન્દ આપે છે એમ સિદ્ધ થાય છે એમ ભગવદીયોએ સર્વ સમર્પણ પ્રભુને કર્યું છે, તેમ ભગવાન્ પણ તેવા સર્વોત્તમ ભગવદીયોને પોતે સર્વ સમર્પણ કરે છે. એમ ભાવ છે. એટલે ભક્તજન પોતાનો આત્મા પ્રભુને નિવેદન કરે તો પ્રભુ પણ પોતાનો આત્મા ભક્તને અર્પણ કરે એ સર્વથા સિદ્ધ જ છે. ભાગવત્ ૯ ।૪ અધ્યાયમાં ''**મદન્યત્તે ન જાનન્તિ નાહં તેભ્યો મનાગપિ**'' મારાથી બીજી કોઈ પણ વસ્તુ તે મારા ભક્તો જાણતા નથી અને હું પણ તેમનાથી અન્ય કંઈ પણ વસ્તુ જાણતો નથી. માટે જ આ નામાવલીનું સારી રીતે કીર્તન કરવાથી પ્રભુ પોતાના અત્માનું દાન કરે છે. એમ શ્રીમહાપ્રભુની પ્રતિજ્ઞા યુક્તિયુક્ત જ રહેલી છે.

આ પ્રમાણે ફલ પ્રદર્શિત કરીને પ્રથમ બાલલીલાનાં નામ જણાવે છે.

## શ્રીકૃષ્ણાય નમઃ ।।૧।।

શ્રીકૃષ્ણને નમસ્કાર.

આ નિત્ય લીલાસ્થ મૂલ નામ જાણવું, કેમ કે અહિં 'કૃષ્ણ' શબ્દથી પરમકાષ્ઠાપન્ન વસ્તુ અક્ષરાતીત-અખણ્ડાનન્દ સ્વરૂપ પ્રભુ એમ આજ્ઞા કરે છે, તે જ કૃષ્ણ બહાર સૃષ્ટિમાં નિજરમણની ઈચ્છા થતાં મૂલરૂપ શ્રી-લક્ષ્મી-આધિદૈવિક શક્તિ સહિત રમણ કરે છે, એટલે તે શ્રીસહિત કૃષ્ણને શ્રીકૃષ્ણ એમ કહેલું છે. ''**સ્વધામનિ બ્રહ્મણિ રંસ્યતે નમઃ**'' પોતાના ધામસ્વરૂપ-નિજમન્દિરરૂપ અક્ષરબ્રહ્મમાં ધામી રમણ કરનાર છે. તેમને નમન હો. ''એમ ભાગવતમાં તેથી જ જણાવ્યું. તે જ પોતે તાદશી ભક્તજનોનો નિરોધ સિદ્ધ થવા આ લોકમાં પ્રકટ થાય છે માટે અવતારરૂપ પણ કહેવાય છે. તેવા શ્રીકૃષ્ણને નમસ્કાર.

આ નામાવલીમાં નામનો નિર્દેશ કરતાં સર્વત્ર નમસ્કાર કરેલા છે. કારણ કે દોષવાન્ જીવોને નમન કરવું એ વિના અન્ય કંઈ પણ ઉદ્ધારનું સાધન નથી. અમારી દીનતા જોઈને આપ જ કૃપા કરો. એમ 'નમઃ' કહીને પોતાનો આશય વ્યક્ત કરે છે. શ્રીમદાચાર્યચરણે ''નિઃસાધન ફલાત્મા'' નિઃસાધન જીવોના ફલ સ્વરૂપ આપ છો. એમ આજ્ઞા કરી છે તે પ્રમાણે અહિં પણ તેવો જ પોતાનો અભિપ્રાય પ્રકટ કરે છે.

નામોમાં અન્તે ચતુર્થી વિભક્તિ દર્શાવીને નમન સ્વરૂપ જ અહિં વિનિયોગ માન્યો છે. ભગવદીય જનોનો વિનિયોગ-સંકલ્પ પોતાના શ્રેષ્ઠ-પ્રિયતમને પ્રણામ કર્યા વિનાનો અન્ય શું હોઈ શકે ?

ત્રિવિધલીલાનાં નામોનાં આરમ્ભમાં બાલલીલાનાં નામોની શરૂઆત થાય છે, એમ સૂચન કર્યું હોવા છતાં, આ પ્રથમ મૂલસ્વરૂપનું નામ કેમ રહેલું છે ? એ શંકાના સમાધાનમાં નિવેદન કરે છે કે :

ભગવાન્‌ની સર્વ લીલાઓ નિત્ય જ છે. તેમ બાલલીલા પણ નિત્ય જ છે. તેથી તે મૂલસ્વરૂપ પણ સર્વલીલામાં મૂલભૂત જ હોવાથી બાલલીલામાં તેનો સમાવેશ થઈ શકે, આરમ્ભમાં 'કેશવ' પદથી બાલલીલાનું સૌન્દર્ય જ સૂચવ્યું. યશોદાજીના ઉત્સંગમાં ખેલતું યશોદોત્સંગલાલિત સ્વરૂપ જ મૂલરૂપ છે, એટલા માટે 'શ્રીકૃષ્ણાય નમઃ' એમ પ્રથમ મૂલરૂપ નામનું ઉચ્ચારણ કરી વન્દન કર્યું તેથી કરીને તેને સ્વરૂપ નામનું ઉચ્ચારણ કરી વન્દન કર્યું તેથી કરીને તે-તે સ્વરૂપ, તે-તે લીલાઓ. તે-તે લીલાના અન્તર્ગત ભક્તજનો નિરન્તર તે જ પ્રમાણે લીલા સહિત જ રહેલા છે. એમ વ્યવસ્થા પ્રમાણે સર્વયોજના કરવામાં આવેલી છે ।।૧।।

કૃષ્ણને શબ્દથી પરાત્પર-પરમકાષ્ઠાપન્ન વસ્તુ કહેવામાં આવેલી છે તો તે વસ્તુનું સ્વરૂપ કેવું હોય ? એમ જિજ્ઞાસા ઉત્પન્ન થાય; વળી મૂલસ્વરૂપ તો અલૌકિક છે, અને ભક્તો તો જીવો લૌકિકવત્ છે, તો તેમનું મૂલસ્વરૂપથી કરવામાં આવતી નિત્ય લીલામાં અન્તર્ગત પણું ક્યાંથી હોઈ શકે ? તે બન્ને શંકાઓનું સમાધાન કરવામાટે આગળનું નામ કહે છે :

## નરાકૃતયે નમઃ ।।૨।।

**નરના આકારવાળા ભગવાનને નમન.**

નર સમાન જેમની આકૃતિ છે, આ દૃષ્ટાન્ત લૌકિક આપેલું છે પરન્તુ ઉપર કહેલા કૃષ્ણ શબ્દથી સદાનન્દ સ્વરૂપ એ જ નરાકૃતિ પ્રભુ એમ કહીને મૂલભૂત પુરુષને જ એક નર કહે છે, અન્ય તો દૃષ્ટાન્ત દર્શાવવા તેમને જ પુરુષ રૂપ કહ્યા છે; વાસ્તવિક રીતે જોતાં પુરુષ તો મૂલ સ્વરૂપ પોતે જ છે; અન્ય નહિ. માટે જ સર્વના પતિપણાએ તેમનું જ ભજન કરવું એમ કહ્યું. સ્ત્રીઓ જેમ પતિનું ભજન સેવન કરે

તેમ સર્વ પ્રાણી માત્ર પ્રભુનું સેવન કરે. આ પક્ષમાં નરરૂપ આકૃતિ જેમને છે. એવો પદ સમ્બન્ધ કરવો. આ પ્રમાણે પર વસ્તુ શ્રીકૃષ્ણનું સ્વરૂપ દર્શાવી પ્રથમ શંકાનું સમાધાન કર્યું.

નરોનો સમૂહ નાર, 'નાર' એટલે જીવસમૂહ એમ કથન કર્યું હોવાથી 'નર' પદથી ભક્તોના જીવ-આકૃતિ તે સ્વરૂપ અર્થાત્ ભક્તસ્વરૂપ, માટે ભક્તોનો દેહ પ્રાણ ઇન્દ્રિય અન્તઃકરણ-જીવ-આત્મા વગેરે સર્વ સ્વરૂપ શ્રીકૃષ્ણ જ છે. તેથી તે ભક્તોનું પણ લૌકિકત્વ નહિ પણ અલૌકિકત્વ જ છે "**તમદ્ભુતં બાલકમ્**" એ જન્મપ્રકરણના શ્લોકમાંના વિવરણમાં "**આત્માકાર્ય ચ ભૂતાનિ**" એ કારિકામાં ભક્તોના દેહ-ઇન્દ્રિય પ્રાણ અન્તઃકરણ જીવ-આત્માદિ સર્વ ભગવદ્રૂપ જ જણાવ્યા છે, અને તેથી તેમનું અલૌકિકત્વ જ સિદ્ધ થાય છે. આ રીતે બીજી શંકાનું સમાધાન પણ આ નામથી કરે છે.

એટલે નર સમાન જેમની આકૃતિ છે. નરરૂપ જેમની આકૃતિ છે, અથવા ભક્તસ્વરૂપ નરાકૃતિ શ્રીકૃષ્ણને નમસ્કાર હો ।।૨।।

જ્યારે શ્રીકૃષ્ણ જ મૂલરૂપ નરાકૃતિ છે તો પરબ્રહ્મપણે કહેવાતા ભગવાન્ કોણ ? એ શું બીજા હશે ? તેનો નિર્ણય કરે છે.

## પરબ્રહ્મણે નમઃ ।।૩।।

પરબ્રહ્મને પ્રણામ.

એ જ પરબ્રહ્મ છે અન્ય નહિ. જ્યાં-જ્યાં બ્રહ્મપદ હોય ત્યાં-ત્યાં તે અક્ષરબ્રહ્મ પરત્વે છે એમ જાણવું. અને તે અક્ષરબ્રહ્મ પરબ્રહ્મ શ્રીકૃષ્ણની વિભૂતિ છે. એટલા માટે જ અહિં બ્રહ્મ શબ્દની પહેલાં 'પર' શબ્દ યોજેલો છે. "**અક્ષરાદપિ ચોત્તમઃ**" એ ભગવદ્વાક્ય અક્ષરથી પર-સર્વથી પર પરબ્રહ્મ શ્રીપુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ છે. એમ ઉપદેશ કરે છે. આ નામથી લોકમાં અને વેદમાં પ્રસિદ્ધ પુરુષોત્તમ સર્વથી અતીત શ્રીકૃષ્ણ જ છે એમ જણાવે છે ।।૩।।

આ પ્રમાણે બન્ને સ્વરૂપે તે હોવા છતાં મૂલસ્વરૂપ જ તે છે. અવતાર લીલા પણ તેજ તે-તે સ્વરૂપે કરે છે. એમ આગળ દર્શાવવાને તેવું નામ પ્રકટ કરે છે.

## યદુકુલચૂડામણયે નમઃ ।।૪।।

યદુકુલના મુકુટમણિ વાસુદેવને વન્દન.

મથુરાલીલા અને દ્વારકાલીલા પણ નિત્ય જ છે. એમ સૂચન કરવાને મૂલસ્વરૂપનું જ આ નામ છે. એમ ન હોય તો હમણાં પ્રાકટ્યનો અભાવ છે તેથી તેવું નામ પ્રારમ્ભમાં ન કહે. જેમ લોક વેદથી અતીત સ્વરૂપમાં વ્રજપતિત્ત્વ-નન્દ નન્દનત્વ અને યશોદોત્સંગલાલિતત્વ એ સર્વ નિત્યલીલાના અન્તર્ગત હોવાથી

નિત્યજ છે, તેમ લોકવેદમાં પ્રસિદ્ધ છતાં યદુકુલ ચૂડામણિત્વ વસુદેવ દેવકીનન્દનત્વ વગેરે પણ નિત્ય જ છે એમ જાણવું. એટલા માટે ''**યદૂનાં નિજનાથાનામ્**'' એ શ્લોકમાં પોતે જ જેમના નાથ છે એવા યાદવોને કંસનો ભય છે એમ જાણી યોગમાયાને આજ્ઞા કરી, આ આજ્ઞા પ્રકટ થતાં પહેલાં કરેલી છે, એટલે પ્રકટ થતાં પહેલાં પણ આપ યાદવોના નાથ તો છે જ. એમ ન હોય તો પ્રકટ થયા પછી નાથ કહે, પ્રથમ ન કહે માટે યદુનાથત્વ પ્રભુનું સદૈવ સિદ્ધ છે. શ્રીવસુદેવજીએ પણ સ્તુતિ કરતાં આ વાતને વધારે સ્પષ્ટ કરી છે. ''**સં એવ સ્વપ્રકૃત્યેદમ્**'' શ્લોકના સુબોધિનીમાં નિરૂપણ કરે છે કેઃ તે એ જ ભગવાન્ પોતાના આધિદૈવિક સ્વભાવથી નિજ અર્થને માટે જ આ ત્રિગુણાત્મક જગત્ પ્રકટ કરી તેની પાછળ આપ અપ્રવિષ્ટ છો છતાં જાણે પ્રવેશ કરતા હો એમ ભાસમાન્ થાઓ છો. અન્ય માટે જગત્ પ્રકટ કર્યું હોય તો જગત્ સૃષ્ટિમાં પ્રવિષ્ટ થવાની અપેક્ષા રહે છે પણ સ્વાર્થ માટે પ્રકટ કરેલી સૃષ્ટિમાં આપ અપ્રવિષ્ટ જ છે. છતાં ભોગને માટે કારણપણાએ આવિર્ભાવ પામતા અન્ય સૃષ્ટિના નિયમાનુસાર જાણે પ્રવિષ્ટ થયા હોય તેમ ભાસે છે. વાસ્તવિક રીતે જોતાં આપ નિજ રમણાર્થ સૃષ્ટિ રૂપ જ થયેલા હોવાથી આપને નવીન પ્રવેશ કરવાપણું હોતું જ નથી. કારણ કે સદા સર્વદા આપ સર્વરૂપ જ છે. એટલે આજે જ દેવકીનન્દન વસુદેવસુત કે યદુકુલશિરોમણિ પ્રભુ છે એમ નથી કિન્તુ નિરન્તર જ આપ સર્વ લીલામય સર્વરૂપ જ–યદુકુલમુકુટમણિ જ છે.

યદુકુલના ચૂડામણિ–શિરોમણિ–માથાના મુકુટમણિરૂપ શ્રીકૃષ્ણ હોવાથી રાજસભક્તોનો નિરોધ કરવાને કરેલી સર્વ રાજસલીલા પણ નિત્ય જ સમજવી. એટલા માટે જ ''**જયતિ જનનિવાસઃ**'' એ અ.૯૦ના શ્લોકમાં સર્વલીલાઓનું નિત્યત્વ 'જયતિ' પદથી જણાવ્યું છે. યદુકુલનું જ આ લોકમાં પ્રાકટ્ય કરવાથી આ લોકમાં પોતાનું યદુકુલ ચૂડામણિત્વ પણ પ્રસિદ્ધ થઈ જાય એમ આશય છે. મણિ જે સ્થાનમાં જડવામાં આવ્યો હોય તેનું શ્રેષ્ઠત્વ જેમ પ્રસિદ્ધ થાય છે તેમ ભગવાન્ પણ યદુકુલના મહાન ઉત્કર્ષને સર્વત્ર પ્રસિદ્ધ કરે છે.

આ પ્રમાણે એ નામમાં ''**યદોશ્ચ ધર્મશીલસ્ય**'' ત્યાંથી આરમ્ભીને ''**માયા–મનુષ્યસ્ય વદસ્વે વિદ્વન્**'' એ જન્મ પ્રકરણના પ્રથમાધ્યાયના શ્લોકોનાં સર્વ ચરિત્રની પ્રશ્ન પરંપરાના ભાવનો સમાવેશ કરેલો છે. માટે પૂર્ણ મૂલસ્વરૂપમાં તે–તે વ્યૂહના અંશથી તે–તે કાર્ય થયેલાં હોવાથી તેવાં–તેવાં નામોનું નિરૂપણ કરવામાં આવેલું છે એમ આશય માનવો ।।૪।।

પરમાત્મારૂપ પ્રભુના ચારિત્રને જ્ઞાપન કરનાર નામનું નિરૂપણ કરે છે :

## વસુદેવનન્દનાય નમઃ ।।૫।।

વસુદેવનન્દનને વન્દન.

વસુદેવના નન્દન-તેમને આનન્દ આપનાર ''વસુદેવગૃહે સાક્ષાત્'' વસુદેવના ભવનમાં આપ સાક્ષાત્ પ્રકટ થશે એમ દર્શાવેલું હોવાથી આ નામ પણ મૂલરૂપ જ છે. ભગવાને માયાને આજ્ઞા કરી ત્યાર પછી **''આવિવેશાંશભાગેન''** એમ કહ્યું એટલે પોતે તે વસુદેવના નન્દન પણ થયા એમ ભાવી અર્થનું ભાન કર્યું અને ''સ બિભ્રત્ પૌરુષં ધામ'' તે વસુદેવજી પુરુષ સમ્બન્ધી ભગવત્સમ્બન્ધવાન પરમધામ-દિવ્ય તેજને ધારણ કરવા લાગ્યા. આ શ્લોકમાં શ્રીવસુદેવને અત્યન્ત આનન્દદાયિની લોકોત્તર-દિવ્ય શોભા પ્રાપ્ત થયાનું કહ્યું. એટલા માટે નન્દન-આનન્દ કરનાર એમ નામનો અર્થ થયો. વળી વસુદેવ શુદ્ધ સત્ત્વ સ્વરૂપ છે. શુદ્ધ સત્ત્વગુણ પણ ભગવાનના આધારભૂત અલૌકિક નિત્ય રહેલો ગુણ છે તેનું અધિષ્ઠાન કરીને જ આપ પ્રકટ થાય છે. તેથી વસુદેવને આનન્દ કરવાપણું પણ નિત્ય મૂલભૂત જ છે. એમ જ્ઞાપન કર્યું. એમ ન હોય તો પ્રકટ થતાં પહેલાં તેમને આનન્દ કરવાનું ન કહે, માટે શ્રીવસુદેવને આનન્દનું દાન પણ નિત્ય મૂલભૂત જ એમ સિદ્ધ થયું।।૫।।

અવતારના કારણને કથન કરનારું નામ જણાવે છે.

## ભૂમિક્લેશભારહારાય નમઃ ।।૬।।

ભૂમિના ક્લેશરૂપ ભારનું હરણ કરનાર શ્રીહરિને નમસ્કાર.

ભૂમિ ભગવાન્‌ની ભક્ત છે તેનો ક્લેશ સન્તાપ સાક્ષાત્ પૂર્ણ સ્વરૂપ પ્રકટ કરીને પોતાના ચરણનો સમ્બન્ધ પ્રાપ્ત કરાવીને દૂર કર્યો. તેને શાન્ત કરી શ્રીનન્દરાયજીના આંગણામાં રિંગણ કરીને આપે તેના સન્તાપને દૂર કર્યો છે તે આગળ દર્શાવશે, ભૂમિના તાપને દૂર કરનાર સંકર્ષણાંશ છે અને તે અંશથી ભૂમિના ભારને હરણ કરેલો છે ।।૬।।

## પુણ્યશ્રવણકીર્તનાય નમઃ ।।૭।।

પુણ્યરૂપ જેમનું શ્રવણ કીર્તન છે એવા પ્રભુને પ્રણામ.

પુણ્યરૂપ-ભાગ્યરૂપ અથવા પાપને દૂર કરનારું જેમનું શ્રવણ કીર્તન છે. ''ગાં પૌરુષીં મે શ્રૃણુતામરાઃ'' ત્યાંથી આરમ્ભી ભગવાન્‌નાં વાક્ય શ્રવણ કર્યા પછી કીર્તન, અને બ્રહ્માજીનું દેવો તથા ભૂમિ પ્રત્યે તેનું કથન, તથા દેવો અને પૃથ્વીનું બ્રહ્મા દ્વારા તે વાક્યોનું શ્રવણ અને ફરી પાછું કીર્તન કરવું, એ સઘળું ભૂમિના ભાગ્યને અભિનન્દન કરવા રૂપ છે. શ્રીસુબોધિનીજીમાં શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે **''ભૂમિઃકૃતાર્થા જાતા''** આ વૃત્તાન્ત જાણીને જ ભૂમિ કૃતાર્થ થઈ ગઈ, તો પણ

બ્રહ્માજી વાણી વડે પૃથ્વીને આશ્વાસન આપીને સ્વધામ પોતાના સત્યલોકમાં ગયા. બ્રહ્માજીએ ભૂમિને સુન્દર વાણી વડે બહુ-બહુ પ્રશંસા વાક્યો કહ્યાં. પૃથ્વીમાં ભગવાનનું આગમન પ્રથમ સમ્ભવિત નહોતું પરન્તુ હમણાં પોતાનું પધારવું થશે. એમ બ્રહ્માજીનાં આશ્વાસનથી નિશ્ચિત થયું. તેથી એ ભૂમિના ભાગ્યનું અત્યન્ત મહત્ત્વ છે તે અભિનન્દન આપવા યોગ્ય છે. એ આશય આ નામમાં દર્શાવે છે ।।૭।।

બ્રહ્માજી દ્વારા દેવોને આજ્ઞા કરીને સાક્ષાત્ ભગવાન્ પણ શ્રીવસુદેવના અન્તરમાં પ્રવેશ કરવા લાગ્યા-આવિર્ભાવ પામવા લાગ્યા. અને તે દ્વારા શ્રીદેવકીજીમાં પ્રવેશ કર્યો. એવા તાત્પર્યને નિરૂપણ કરનાર નામ ઉપદેશે છે :

## કલિમલસંહતિકલનયશઃપુઞ્જાય નમઃ ।।૮।।

કલિરૂપ કંસના પાપરૂપ સ્વભાવને સારી રીતે હણનાર જેમનો યશસમૂહ છે એવા પ્રભુને પ્રણામ.

ભગવાનનો પ્રવેશ થયા પછી કોઈક અલૌકિક કાન્તિ શ્રીવસુદેવ દેવકીજીમાં પ્રકટ થઈ. તે કાન્તિનું દર્શન કરતાં જ કંસને પોતાના હણનારનું પ્રાકટ્ય થશે એમ જ્ઞાન થવા છતાં પણ વિવેક ઉત્પન્ન થયો. અને અપરાધ કરવાનો વિચાર માંડી વાળ્યો એમ ''**ઈતિ ઘોરતમાદ્ ભાવાત્**'' એ શ્લોકમાં સ્પષ્ટ જણાવ્યું. જે કંસરાજા પ્રથમ મહાદુષ્ટ સ્વભાવવાળો તો હતો જ. પરન્તુ પ્રભુ પ્રાકટ્યનું પ્રત્યક્ષ જ્ઞાન થવા છતાં અપરાધ કરવાથી નિવૃત્ત થઈ ગયો, એ જ ભગવાનનો પ્રભાવ.

કલિરૂપ પાપરૂપ કંસના મલ-પાપરૂપ દુષ્ટ સ્વભાવને સારી રીતે નાશ કરે તેવો જેમનો યશ સમુદાય છે એવા મૂલમાં પુઞ્જ શબ્દ મુકીને આ તો સાધારણ જ કાર્ય છે. ત્યાર પહેલાં પણ આપે યશ પ્રકટ કરેલું જ છે. એવા અનન્ત-અસાધારણ યશનાં પુઞ્જો પ્રભુમાં પૂર્વથી જ ચાલ્યાં આવે છે, એમ જ્ઞાપન કર્યું. અથવા સંહતિનો અર્થ સમૂહ કરીને કલિરૂપ કંસના દુષ્ટ સ્વભાવના સમૂહને દૂર કરનાર વળી પ્રથમ વસુદેવ અને દેવકીજીને કંસે આપેલા ક્લેશથી મહાન ચિન્તા રહી હતી, પણ ભગવાનનો પ્રવેશ થતાં તે સર્વ ચિન્તા શાન્ત થઈ.।।૮।।

## ભક્તિમાર્ગપ્રવર્તકાય નમઃ ।।૯।।

ભક્તિમાર્ગ પ્રવર્તાવનાર શ્રીકૃષ્ણને નમન.

મથુરામાં નિવાસ કરનાર સર્વે પૂર્વે કર્મમાં વ્યગ્ર રહેનારા હતા તેઓ ભગવદીય હોવાથી તેમનો નિરોધ પ્રભુમાં થવા માટે નિમિત્તભૂત કંસથી તેમની કર્મવ્યગ્રતા-કર્મના મોહને દૂર કર્યો, ફલનું દાન કરવા ભક્તિમાર્ગ વર્તાવી સર્વ ન જુવે તેમ પ્રકટ થયા અને શુદ્ધ સત્વાત્મક તે બન્ને વસુદેવ દેવકીજીને આનન્દનું દાન કરીને ભક્તિમાર્ગ પ્રકટ કર્યો. તેથી પ્રસન્ન થયેલા વસુદેવજીએ દશહજાર ગાયો મનથી આપી

તે બન્ને દમ્પતિ માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સુદઢ સ્નેહમાં આકુળ-વ્યાકુળ બની ગયાં. તેથી જ બોલ્યા કે: '**સમુદ્વિજે ભવદ્ધેતોઃ**' આપને માટે અમને કંસથી ઉદ્વેગ થાય છે પોતાનાં બન્ધન અને મરણનો વિચાર દૂર કરી પ્રભુના કારણે ઉદ્વેગ થાય છે. એ તેમનો પ્રભુમાં આત્માથી પણ અધિક સ્નેહ છે. તેઓ અત્યન્ત રસમાં નિમગ્ન બની-તરબોળ થઈ જઈને આ પ્રમાણે પ્રભુને નિવેદન કરે છે. એ જ પ્રભુએ આનન્દ-સ્નેહરસનું દાન કરી તે બન્નેમાં ઉત્તમોત્તમ ભક્તિમાર્ગનું પ્રથમ મંડાણ કર્યું. એમ ન કર્યું હોત તો તેમના મુખમાંથી આવાં વચનો નીકળવાનો સમ્ભવ જ નહોતો. વળી વસુદેવજી શુદ્ધ સત્વાત્મક હોવાથી ભગવાનનો જ આશ્રય કરનાર હતા. પ્રભુનો દઢ આશ્રય કરનાર પુરુષને ભગવદીયજનને કોઈ પણ દિવસ ક્લેશ કે ચિન્તા જેવું થવું જ ન જોઈએ. છતાં પ્રભુએ પોતે જ તેમને તે પ્રમાણે ક્લેશ અને ચિન્તા કરાવીને પોતાના સ્વરૂપાનન્દનું દાન કરેલું છે-તેમનામાં ભક્તિમાર્ગ પ્રકટાવ્યો છે. "**યસ્યાહમનુગૃહ્ણામિ**" એ વાક્યાનુસાર નિજજનોને સર્વથી વિખૂટા પાડી-પ્રથક્ કરીને પ્રભુ તેમને અંગીકાર કરે છે. માટે ભગવાનની ઈચ્છાથી તેમને ક્લેશ ચિન્તા વગેરે થવું, પ્રભુપ્રેમમાં નિમગ્ન બની જવું, તથા ભક્તિમાર્ગનો ઉદય થવો વગેરે સર્વ પણ ઘટી શકે છે. શ્રીવસુદેવ અને દેવકીજીના અન્તર પ્રવેશ કર્યા પછી તેમને નિરોધ સિદ્ધ થયો. તેઓ મન, વચન અને કાયાથી પ્રભુમાં જ લીન બન્યાં એ તેમનામાં ભક્તિમાર્ગની પ્રવૃત્તિ થયેલી હોવાથી આ તેવું નામ યોજેલું છે ।।૯।।

ભક્તિમાર્ગની પ્રવૃત્તિ કર્યા પછી સર્વ ભક્તોને ફળ કેવા પ્રકારનું થશે. એક સ્વરૂપનું થશે કે બહુસ્વરૂપનું થશે ? એમ શંકા કરીને આગળનું નામ યોજે છે :

## ભક્તજનકલ્પવૃક્ષાય નમઃ ।।૧૦।।

ભક્તજનોના કલ્પવૃક્ષ સ્વરૂપ પ્રભુને નમસ્કાર.

ભક્તજનોના કલ્પવૃક્ષરૂપ, કલ્પવૃક્ષ જેમ જેની જેવી આકાંક્ષા હોય તેમ તેને તેવી આકાંક્ષા પૂર્ણ કરે છે. તેમ જેવો ભક્ત જે રીતે ભગવાનનું ભજન કરે, તેવા પ્રકારનું તેને ફલદાન પ્રભુ કરે છે. એમ ભાવ છે. આ સર્વ પ્રકાર ગર્ભસ્તુતિમાં સ્પષ્ટ દર્શાવેલો છે. તેનું સૂચન કરનાર આ નામ છે ।।૧૦।।

હવે સાક્ષાત્ આવિર્ભાવ સમયનું નામ દર્શાવે છે :

## દેવકીનન્દનાય નમઃ ।।૧૧।।

શ્રીદેવકીનન્દનને વન્દન.

અકસ્માત્ સાક્ષાત્ પરમાનન્દના સ્વરૂપનું પ્રાકટ્ય થતાં જ દેવકીજીને પરમ આનન્દ પ્રાપ્ત થયો, "**નન્દયતીતિ નન્દનઃ**" આનન્દ આપે તે નન્દન કહેવાય, ભગવાન્ દેવકીજીના નન્દન-આનન્દ આપનાર થયા. તેમ "**દેવક્યાં દેવરૂપિણ્યામ્**"

એ આવિર્ભાવ સમયના શ્લોકમાં કહ્યા પ્રમાણે દેવકીજી સર્વ દેવતામય-સર્વ દેવ સ્વરૂપિણી હતાં, તેથી તેમનાં પ્રાકટ્ય પ્રસંગે સર્વ દેવોને પણ સ્વતઃ સિદ્ધ જ આનન્દનો આવેશ થઈ ગયો, તેથી પણ આ નામની યોજના યુક્તિ યુક્ત જ છે. ''**અથ સર્વગુણોપેતઃ**'' ત્યાંથી આરમ્ભી ''**પ્રાચ્યાં દિશીન્દુરિવ**'' ત્યાં સુધીના સન્દર્ભનું દ્યોતક આ નામ માનવું. તેથી જેમ પૂર્વ દિશામાં ચન્દ્રમાનું પ્રાકટ્ય થાય તેમ દેવકીજીમાં શ્રીપુરુષોત્તમનું પ્રાકટ્ય થયેલું છે. ચન્દ્ર રાત્રિમાં તારાઓને આનન્દદાયી થાય છે. તેમ આ પણ શ્રીકૃષ્ણચન્દ્ર સ્ત્રીજનોમાં આનન્દદાયી થશે એમ પણ સૂચવ્યું, માટે 'દેવકી' પદ મૂકવામાં આવ્યું છે. આ મૂલ રૂપ જ છે. અને એનું જ અવતાર રૂપપણું છે, તેથી તે-તે કાર્ય સિદ્ધ કરવા તે-તે અંશ સહિત અવતાર થાય છે. એ પ્રકારથી આ નામ શ્રીદેવકીજીમાં પ્રદ્યુમ્નાંશ છે. એમ જણાવનારું છે. તથા બાળલીલાના અન્તર્ગત જ છે એમ સૂચન કરનારું છે. એટલા માટે પુત્રપણાને દર્શાવનાર 'નન્દન' પદ પણ આપેલું છે, શ્રીસુબોધિનીજીમાં ''**જાયમાને જનાર્દને**'' એ શ્લોકનાં વિવરણમાં અનિરુદ્ધાંશથી ધર્મનું રક્ષણ કરે છે, સંકર્ષણાંશથી જ્ઞાન દ્વારા મુક્તિનું દાન કરે છે અને પ્રદ્યુમ્નાંશથી શ્રીદેવકીજીમાં પ્રકટ થઈ ભક્તિમાર્ગ પ્રકટાવે છે-પ્રવૃત્ત કરે છે. એમ ત્રણ અવતારોથી ત્રણ કાર્ય સિદ્ધ કરવાને ત્રણ વ્યૂહના ત્રણ અવતારો છે।।૧૧।।

આ પ્રમાણે સકલ-કલા-પરિપૂર્ણ સચ્ચિદાનન્દ સ્વરૂપવાન્ ભગવાન્ દેવકીજી અને વસુદેવજીના આગળ અકસ્માત્ પ્રાદુર્ભાવ પામ્યા. એવું આગળ આશ્ચર્ય પામ્યાનું વર્ણન આવે છે, તે દર્શાવનાર નામ કથન કરે છે :

## વસુદેવદેવકી પુણ્યપુઞ્જફલાય નમઃ ।।૧૨।।

શ્રીવસુદેવ તથા દેવકીજીના પુણ્યોનાં પુઞ્જરાશિના ફલરૂપ વાસુદેવને નમન.

શ્રીવસુદેવ દેવકીજીનાં પુણ્યોનો પુઞ્જ-રાશિ-ઢગલાના ફલરૂપ પ્રભુ છે. પુણ્ય પદથી ભાગ્ય પણ સૂચવે છે. ભાગ્ય વિના એવું સુન્દર ફલ પ્રાપ્ત જ ન થાય, તેમનાં પુણ્યપુઞ્જના અથવા તો ભાગ્યરાશિના ફલરૂપે જ આપ પ્રકટ થયા છે, ભાગ્ય અને પુણ્યનાં ઘણાં કાળથી સંચિત થયેલા રાશિ-ઢગલાના ઢગલા જ્યારે થાય ત્યારે જ તેના ફલરૂપે પ્રભુ પ્રકટ થાય, નહિ તો નહિ જ. સાધારણ પુણ્યથી તેવો પરમ લાભ જ થાય. એમ કહી ફલનું અલૌકિકપણુ દર્શાવ્યું; કાર્ય અને કારણ એક જાતિના જ હોય એવો સ્વાભાવિક નિયમ છે. માટે ભાગ્ય અને ફલ અહિં અલૌકિક જ કહ્યાં. જો કે પૂર્વજન્મમાં તે બન્ને જણાએ અત્યન્ત તપ આચરેલું છતાં તે તપ પણ સાધન કહેવાય, તેવાં સાધનોથી પ્રભુ અસાધ્ય છે. એટલે આમ અલૌકિક; ફલરૂપ થવામાં આપની મૂલ ઈચ્છાનું જ કારણ છે, વરદાન આપ્યું એટલે તપ પણ અલૌકિક, તેથી

ભાગ્યનિધિ પણ અલૌકિક, અને તેથી ઉત્પન્ન થયેલું ફલ પણ સર્વથા અલૌકિક જ એમ આશય છે; અથવા શ્રીવસુદેવ શુદ્ધ સત્વાત્મક ભગવાનના આવિર્ભાવના સ્થાનરૂપ, તેમ શુદ્ધ સત્વાત્મકપણાએ પ્રકટ થયેલા શ્રીદેવકીજી સર્વદેવતામયી વિષ્ણુરૂપા, એમ બન્નેનો ભાગ્ય-સમુદાય-પુણ્યપુઞ્જનો સંયોગ પ્રાપ્ત થતાં પ્રભુનું પ્રાકટ્ય થયું. તેથી 'પુઞ્જ' પદ મૂકવામાં આવ્યું. અને તેમનો ભાગ્યનિધિ અને પુણ્યનિધિ નિરૂપણ કર્યો, જો કે સર્વના કાર્ય માટે ભગવાનનો આવિર્ભાવ થયો છે. તો પણ પ્રાદુર્ભાવના સ્થાનરૂપ તો એ બન્ને જ છે. માટે તેમના ભાગ્યરાશિના ફલરૂપ એમ કહેવામાં આવ્યું છે. આગળ બાલલીલાનો અનુભવ પણ તેમને થયેલો છે એ ''**એતાવન્તિ દિનાન્યાસન્**'' વગેરે કંસ વધ પછીના શ્લોકોમાં કથન કરેલું છે ।।૧૨।।

ભગવાન્ જો કે સર્વ અલૌકિકધર્મના પ્રાકટ્ય સહિત જ પ્રકટ થયા છે. તો પણ તે-તે મનોરથો પૂર્ણ કરવા, એમ ધારી નિરન્તર અલૌકિક ધર્મનું પ્રત્યક્ષ પ્રાકટ્ય કરે તો ભક્તોને તેવા માહાત્મ્યરૂપ જ્ઞાનથી મુક્તિ જ થાય. પણ ભક્તિમાર્ગની રીતિ પ્રમાણે સ્વરૂપાનુભવ થાય નહિ. માટે ભગવાને ભક્તજનોમાં માહાત્મ્યજ્ઞાન હોવા છતાં તેમનામાં લૌકિક ભાવ જ દૃઢ કરેલો છે. તેથી તેવા પ્રકારનું નામ દર્શાવે છે :

## દેવકીમનઃપ્રમોદજનકાય નમઃ ।।૧૩।।

શ્રીદેવકીજીનાં મનને પ્રમોદ કરનાર પ્રભુને પ્રણામ.

અત્યાર સુધી દેવકીજી પરમ આનન્દ પ્રાપ્ત કરીને આશ્ચર્યરસમાં જ નિમગ્ન બની સ્થિર થઈ ગયાં હતાં; ત્યાર પછી તેવા પુત્રમાં પુત્રબુદ્ધિ જ થઈ. માહાત્મ્યબુદ્ધિ ન થઈ, અને ''આવો મારો પુત્ર'' એમ સ્નેહરસમાં જ તરબોળ થઈ ગયાં ''**જન્મ તે મય્યસૌ પાપો મા વિદ્યાત્**'' વગેરે શ્લોકોથી પ્રાર્થના કરવા લાગ્યાં. ભગવાન્ પણ પોતાનું અલૌકિક સ્વરૂપ દર્શાવી તેમના આશય પ્રમાણે લૌકિક બાલક બની ગયા. જેનો નાલ પણ છેદાયો નથી તથા જે બસ્તીથી યુક્ત છે, એવા પ્રાકૃત શિશુરૂપ પ્રભુને જોઈને દેવકીજીના મનમાં બહુ જ પ્રમોદ થયો, અલૌકિક ધર્મ હોવા છતાં તેને પ્રકટ રાખવામાં આવે તો તે ગુપ્ત રાખી શકાય નહિ. રૂપાન્તર હોય તો જ અન્યત્ર સ્થાપન કરી શકાય. કંસરાજાએ કરેલા ઉપદ્રવને લીધે સંકટ ઉત્પન્ન થવાથી દેવકીજીને ભય લાગ્યો. તે ભય દૂર થતામાં લાગલો જ પુત્ર-વાત્સલ્યરૂપ ધર્મ પ્રકટ થતાં તેમને મનમાં પ્રમોદ પ્રકટ થયો તેનું કારણ આ પોતે પ્રભુ જ છે।।૧૩।।

સાક્ષાત્ ભગવાન્ પ્રકટ થાય તો તત્ત્વબુદ્ધિ કેમ ન થાય? એ શંકાનું નિરૂપણ કરતાં કહે છે કે :

## બ્રહ્માદિવાક્યપરિપાલકાય નમઃ ।।૧૪।।

બ્રહ્માદિક ભક્તોની વાણીના પાલન કરનાર કૃષ્ણને નમસ્કાર.

વસુદેવ અને શ્રીદેવકીજીને પૂર્વજન્મમાં બ્રહ્માએ પ્રજા ઉત્પન્ન કરવા આજ્ઞા કરી. ત્યારે તેમણે અત્યન્ત તપ કર્યું. ભગવદ્રૂપ થઈને તપ કર્યું, તેથી ભગવાન્ પ્રસન્ન થયા. તો પણ પ્રજોત્પત્તિ માટે આજ્ઞા કરેલી હોવાથી કામનાથી તપ કરેલું, એટલે ભગવત્સ્વરૂપનું જ્ઞાન નહિ હોવાથી પરમ સૌન્દર્યયુક્ત પ્રભુને નિરખીને તેમના જેવા સુતને જ વરદાનમાં માગ્યા ત્યારે ત્રણવાર ભગવાન્ પુત્રરૂપે પ્રકટ્યા. પ્રથમ પૃશ્નિગર્ભ, પછી વામન અને આ સમયે દેવકીનન્દન થયા. હાલમાં પ્રદ્યુમ્નાંશથી સૃષ્ટિને પ્રકટ કરશે. એ રીતે બ્રહ્માની આજ્ઞાનું પરિપાલન કર્યું અથવા બ્રહ્માદિક ભક્તોના પ્રજાસર્ગ કરવારૂપ વાક્યને પરિપાલન કરનાર એમ કહી અલૌકિક ભાવ જ ઉત્પાદન કર્યો. ભગવદ્ભાવ નહિ. એટલા માટે જ ''**મોહિતૌ મમ માયયા**'' મારી માયાથી મોહ પામેલા એમ કહ્યું, અથવા બ્રહ્માદિદેવોએ પ્રાર્થના કરી ત્યારે ''**અહં પ્રાદુર્ભવિષ્યામી**'' હું પ્રકટ થઈશ એમ પ્રથમ જે વાક્ય કહ્યું હતું તેનું પરિપાલન કરનાર સત્ય પ્રતિજ્ઞાવાન્ ભગવાન્ માટે જ ગોપીગીતમાં ''**વિખનસાર્થિતો વિશ્વગુપ્તયે**'' બ્રહ્માએ પ્રાર્થના કરી ત્યારે વિશ્વનું સંરક્ષણ કરવા માટે આપ ઉદય પામ્યા એમ શ્રીમદ્ગોપાંગનાઓ ગાન કરે છે. કેવલ બ્રહ્માના વાક્યનું જ પાલન કર્યું એમ નહિ પરન્તુ સર્વ ભક્તોને દાન કરવાનું પણ જે વચન આપેલું તે સર્વનું પણ પાલન કરનાર એમ 'આદિ' શબ્દ અને 'પરિ' ઉપસર્ગથી જ્ઞાપન કરે છે, આમ છતાં મુખ્યપણે તો જેમનો નિરોધ પોતાનામાં સિદ્ધ થયો છે. એવા જનોને આનન્દનું દાન કરવા આવિર્ભાવ પામ્યા. અને તેથી જ અલૌકિક વેદાતીત સદાનન્દ સ્વરૂપવાન્ હોવા છતાં લૌકિક બાલક થઈને વ્રજમાં ગમન કર્યું.

અહિંયા સાક્ષાત્ પૂર્ણ સ્વરૂપનું પ્રાકટ્ય થયા પછી તેવા સ્વરૂપના આનન્દથી તે-તે અદ્ભુત સ્વરૂપનું અવલોકન કરવું વગેરે 'તમદ્ભુતમ્' ઇત્યાદિ શ્લોકોના ભાવવાળા નામોનું કથન કરવું ઉચિત છે છતાં તેનો ત્યાગ કરી પ્રથમ 'બભૂવ પ્રાકૃત શિશુઃ' એ શ્લોકના ભાવને સૂચન કરનાર નામ કેમ કહ્યું ? તેનો પ્રત્યુત્તર આપતાં કહે છે '**પુરુષોત્તમસ્તુ નન્દગૃહ એવ**' પુરુષોત્તમનું પ્રાકટ્ય તો નન્દરાયજીને ઘેર જ થયું છે. એમ સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે, એ વાક્યથી લીલાસ્થ ભક્તજનો માટે પ્રધાનપણે પ્રભુનું પ્રાકટ્ય શ્રીનન્દરાયજીના ગૃહે જ છે. પરન્તુ ત્યાં થયેલું પ્રાકટ્ય માયાના આવરણ સહિત છે. લીલાસ્થ ભક્તોની પેઠે રાજસ સાત્વિક ભક્તોનો નિરોધ કરવો જ જોઈએ. તેથી શ્રીવસુદેવદેવકીજીના ગૃહમાં તે માયાના આવરણને દૂર કરીને પ્રકટ થયા એ કાર્ય હમણાં કરવું શક્ય નથી, એમ વિચારી તેવા અદ્ભુત સ્વરૂપનું તિરોધાન કરી લોક વેદથી અતીત સદાનન્દ સ્વરૂપ પ્રકટ કરી તે વ્રજમાં પધાર્યા માટે હાલમાં તેવા કાર્ય કારણના અભાવથી અદ્ભુત બાલકના ભાવને

સૂચવનાર નામ ન કહેતાં પ્રથમ પ્રાકૃત શિશુના ભાવને સૂચન કરતું નામ કહ્યું.

વળી ભગવાને પ્રથમ મુગ્ધભાવ દર્શાવીને ભક્તોમાં લૌકિકભાવની સ્થાપના કરીને લીલા કરી નથી માટે તે લીલાઓ બાલલીલાના અન્તર્ગત ન હોઈ શકે તેથી પ્રથમ અદ્ભુત લીલા ન કથન કરતાં પ્રથમ પ્રાકૃત શિશુની લીલા કહી. આમ છતાંએ પૂતનાદિના મારણના પ્રસંગમાં માહાત્મ્યનું જ્ઞાન કરનાર નામો બાલલીલામાં જણાવ્યાં છે. પ્રૌઢલીલામાં તો માહાત્મ્યનું જ્ઞાનપૂર્વક જ સ્નેહ દૃઢ કરવાનો છે તેથી ત્યાં માત્ર તેજ નામો કહેવામાં આવેલાં છે ।।૧૪।।

મથુરામાંથી નીકળતી વખતે માયાનું કાર્ય વૃષ્ટિ તથા મેઘગર્જના વગેરે થયું તે જોઈ વસુદેવજી ખિન્ન થતાં તેમના ખેદને દૂર કરવા 'શેષોઽન્વગાત્' એ શ્લોકમાં સૂચવેલા નામને જણાવે છે.

## શેષાદિભક્તસેવિતચરણાય નમઃ ।।૧૫।।

શેષાદિક ભક્તો વડે સેવન કરાય છે ચરણો જેમનાં એવા બાલમુકુન્દને વન્દન.

'આદિ' પદથી શેષ માયા એટલે સર્વને વ્યામોહ કરનારી વૃષ્ટિ અને ગર્જના થઈ. તેથી સર્વ લોકો જાગ્રત થયા નહિ; કેમ કે બહુ વૃષ્ટિ અને બહુ ગર્જના થાય તો જ લોકો જાગ્રત થાય છે પ્રભુને ગુપ્ત કાર્ય કરવાનું હતું. માટે પ્રભુની ઈચ્છાથી જ મન્દ વૃષ્ટિ અને મન્દ ગર્જના થઈ. પ્રભુની સેવા કરવાના હેતુથી જ થઈ તે સમયે સર્પરાજ શેષ સિવાય સર્વનો અભાવ હતો એટલે 'આદિ' શબ્દ વ્યર્થ જાય. માટે શેષની સાથે માયા વૃષ્ટિ-ગર્જના વગેરે પણ હતાં. શેષ તો શય્યારૂપે ભગવાનનો નિરન્તર સેવક જ છે. તેમ માયા પણ પ્રભુનાં કાર્યને સાધનારી દાસીરૂપ જ છે. એટલે તે સર્વ મળીને પ્રભુના ચરણોની સેવા કરે એ યોગ્ય જ કહ્યું. જો કે વૃષ્ટિ વગેરે કાર્ય પ્રથમ થયું છે, પછી શેષનું આગમન છે, પરન્તુ વૃષ્ટિ આદિ વસુદેવને દુઃખદાયક થવાથી તે ગૌણ છે. અને શેષ તેમનું નિવારણ કરનાર હોવાથી સુખરૂપ છે. તેથી તે મુખ્ય છે માટે પ્રથમ તે શેષનું ગ્રહણ કરીને 'શેષાદિ' એમ કહે છે. આ પ્રમાણે શેષરાજનો નિરોધ નિરૂપણ કરવામાં આવેલો છે. પ્રભુનું પ્રાકટ્ય પણ નિરોધ માટે જ છે ।।૧૫।।

શ્રીયમુનાના તટની નિકટ પ્રભુસહિત વસુદેવજી આવ્યા તેમના નિરોધને સૂચન કરનાર નામ જણાવે છે.

## કાલિન્દીવેગહર્ત્રે નમઃ ।।૧૬।।

કાલિન્દીના વેગને હરણ કરનાર બાલકૃષ્ણને પ્રણામ.

કાલિન્દીનો વેગ બે પ્રકારનો છે. એક સ્વભાવસિદ્ધ વેગ 'ભયાનકાવર્ત' એ શ્લોકનાં વિવરણમાં ગમ્ભીર ભયાનક અગાધ જલસમૂહનો વેગ, વાયુને લીધે તરંગો સહિત ફીણ વગેરે કાલકૃત વેગના દોષો છે. ભયાનકપણુ સેંકડો વમળોથી વ્યગ્રતા

થવી વગેરે સ્વાભાવિક દોષ છે, આ પ્રમાણે ક્રૂર અને દોષદુષ્ટ હોવા છતાં ભયથી શ્રીકૃષ્ણને માર્ગ આપે છે. દરેક નદીઓ સમુદ્રની પત્નીઓ છે. રામાવતારમાં સમુદ્રે માર્ગ આપ્યો ન હતો ત્યારે તેને શોષણ કરી નાખ્યો તો પછી આ કાલિન્દી તો તેની સ્વલ્પ બલવાળી ભાર્યા છે. હું માર્ગ નહિ આપું તો સ્વરૂપથી જ ભ્રષ્ટ થઈ જઈશ એમ વિચારીને તેણે સમુદ્રની પેઠે માર્ગ આપ્યો, અથવા આગળ અનેક ગોપીજનરૂપ લક્ષ્મીઓની સાથે મારાં જલમાં ક્રીડા કરશે એમ સમજી સન્તોષ પ્રાપ્ત કરીને પણ માર્ગ આપ્યો, માટે અહિં કાલિન્દીના વેગને હરણ કરનાર એમ કહે છે, જેથી ઉભય વેગરૂપ દોષને દૂર કરીને પછીથી તેને પોતાની પ્રીતિવાળી બનાવે છે. એમ કરવાનું કારણ કે તે કલિયુગને ખણ્ડન કરનાર ક્લેશ માત્રને હરણ કરનાર સૂર્યની પુત્રી છે તે જો કાલકૃત અને સ્વભાવબુદ્ધિ વેગોના ત્રિવિધ દોષોથી ગ્રસ્ત હોય તો તે યોગ્ય નથી. એમ કરુણા લાવી તેના પ્રવાહ સ્વરૂપને છોડાવી પોતાના સમ્મુખ કરી દીધી. એટલા માટે અહિં 'શ્રીયમુના' એમ મૂલ પદ નહિ મૂકતાં 'કાલિન્દી' પદ મૂક્યું. કાલિન્દીના વેગથી ઉત્પન્ન થયેલા ત્રિવિધ દોષો પ્રભુએ હરણ કર્યા. ત્યાર પછી તે દોષરહિત–નિર્દુષ્ટ શ્રીયમુનાસ્વરૂપે ભગવત્પ્રીતિપાત્ર બન્યાં; કાલિન્દીના સ્વભાવનો વિજય પ્રભુએ કર્યો ત્યારે તે પિતૃધર્મવાન્ એટલે પિતાની પેઠે કલિના દોષને દૂર કરવાપણાના ધર્મને પ્રાપ્ત થયાં તેથી જ કલિન્દપુત્રી કાલિન્દી એમ પિતૃનામને સાર્થક કરનાર થયાં માટે પિતાના નામનો નિર્દેશ કરી અહિં 'કાલિન્દી' શબ્દનો પ્રયોગ કર્યો.

આ પ્રમાણે પ્રવાહસ્થ જીવ હોય તે પણ પૂર્વ સ્વભાવનો ત્યાગ કરી ઉત્તમ સ્વભાવવાન્ થઈને ભગવાનના સમ્મુખ થાય છે. તથા પ્રભુ પોતે અન્યના પણ દોષ દૂર કરી તેને ઉત્તમ સ્વભાવવાન્ બનાવીને શરણ ગ્રહણ કરે છે. એમ ભાવ પણ પ્રકટ થાય છે વળી 'કાલિન્દી' પદથી અન્ય આશય પણ સ્ફુરે છે–'કલિ' એટલે ભગવાનની સાથેનો કલહ અથવા તો ભક્તજનોનો પરસ્પર કલહ, તે કલહને ખણ્ડન કરે તેવાં કાલિન્દી શ્રીયમુનાજી. કલહ તો ભગવાનના આવિર્ભાવ થયા પછી તેમના સંયોગમાં તેમની સાથે છે તે કલહના ખણ્ડનરૂપ ધર્મ કેમ સિદ્ધ થાય ? એવી ચિન્તાથી ઉત્પન્ન થયેલા તે કાલિન્દીના વેગને હરણ કરનાર ભગવાનનો પ્રાદુર્ભાવ થયો તેમ સંયોગ થશે અને કલહ પણ થશે, તેમ મારા કલહને દૂર કરવારૂપ ધર્મ પણ સિદ્ધ થશે જ. એટલા માટે સન્તોષપૂર્વક માર્ગ આપ્યો એમ સુબોધિનીમાં દર્શાવ્યું છે. તેમ સર્વની ગતિ ભગવાન્ હોવાની માર્ગદાતા તો તે જ છે છતાં ભગવાન્ પણ માર્ગ આપનાર એમ કહીને કાલિન્દીનો શ્રીયમુનાજીનો અત્યન્ત જ ઉત્કર્ષ દર્શાવ્યો છે।।૧૬।।

ત્યાર પછી માર્ગની પેઠે નદી ઉતારીને ગોકુલમાં ગયા તેનું સૂચક નામ કથન કરે છે :

## યોગમાયાધિપતયે નમઃ ||૧૭||

યોગમાયાના અધિપતિને નમસ્કાર.

ભક્તોને યોગ પ્રાપ્ત કરાવવાને જે અન્તરંગ માયા પ્રકટ કરી તેના અધિપતિ-અધ્યાપક-અધ્યક્ષ પોતે છે. એટલે આપની આજ્ઞાનું કાર્ય માયાએ કર્યું. યશોદાજીમાં પોતાનું પ્રાકટ્ય કરી સર્વને મોહ ઉપજાવ્યો. વળી પ્રભુ તેના અધિપતિ છે. માટે જ તેમની આજ્ઞાથી અન્ય કાશી ક્ષેત્ર વગેરે તીર્થોમાં તે માયા ગયાં છે. એમ જણાવ્યું.||૧૭||

યશોદાજીના શયનમાં સ્થાપન કર્યા પછી ગોકુલપતિપણાએ પ્રકટ થયા તે નામનો નિર્દેશ કરે છે :

## ગોકુલપતયે નમઃ ||૧૮||

ગોકુલના પતિને નમન.

સમ્પૂર્ણ ગોકુલના રાજા નન્દ છે તે અત્યાર સુધી અપુત્ર જ હતા પરન્તુ હવે પુત્ર થવાથી તે પુત્ર આગળ ગોકુલના પતિ થશે. સર્વથા પતિત્વ ધર્મ તો ભગવાનમાં જ શોભે છે. તેથી 'પતિ' પદ મૂક્યું. એમ કરવાથી સમ્પૂર્ણ ગોકુલને પોતાના જ પરિગ્રહરૂપે ભગવાને અંગીકાર કર્યું છે એમ જણાવ્યું. આગળ ઉપર "**મન્નાથં મત્પરિગ્રહમ્**" "હું જેનો નાથ છું, હું જેના પરિગ્રહ રૂપે-આત્મીય રૂપે રહેલો છું એવા વ્રજનું રક્ષણ કરવું આવશ્યક છે" એમ તેથી જ ભાગવતમાં જણાવેલું છે. સર્વ ગોકુલના પતિ હોવાથી પતિ પેઠે સર્વનું પરિપાલન કરનાર તે જ છે.||૧૮||

પતિત્વ ધર્મ પ્રકટ કર્યો તે પણ નામ જણાવે છે :

## ગોપીજનવલ્લભાય નમઃ ||૧૯||

ગોપીજનોને અત્યન્ત પ્રિય પ્રભુને પ્રણામ.

ગોપીજનોને વલ્લભ પરમપ્રિય અથવા ગોપીજનો જેમને પરમપ્રિય છે એવા. આ પ્રમાણે પરસ્પરનું વલ્લભત્વ પરમપ્રિયપણું દર્શાવીને તે બન્નેમાં પરમ રસાત્મક આનન્દ સ્વરૂપનો જ અન્યોન્ય આવિર્ભાવ થયો એમ સૂચન કર્યું. જેમ ઘણા કાલે મળેલાં પ્રિય અને પ્રિયાને આનન્દ પ્રકટ થાય છે. તેમ અહિં પણ શ્રીકૃષ્ણ અને ગોપીજનોને પરસ્પર આનન્દ પ્રકટ્યો છે.||૧૯||

થયેલા આનન્દથી પોતે ઉત્સવ રૂપ થયા તે નામ સૂચવે છે.

## ગોકુલોત્સવાય નમઃ ||૨૦||

ગોકુલના ઉત્સવરૂપ શ્રીગોકુલેશ્વરને નમન.

સમગ્ર ગોકુલને ઉત્સવરૂપ, અથવા સર્વગોકુલમાં ઉત્સવરૂપ, કેમ કે તે સમયે

સર્વ નિવાસ કરનારાઓના મનમાં પરમ આનન્દદાયી મહોત્સવ થયો હતો કારણ કે પોતાનો પ્રભાવ જ તેવો છે. અથવા ગોકુલનો ઉત્સવ જેમને છે એવા પ્રભુ એમ કહીને ભક્તોનું અવલોકન કરી ભગવાનને પણ મહાન આનન્દરૂપ મહોત્સવ થયો છે. એમ સ્પષ્ટ કર્યું માટે સર્વ જનોનું ત્યાં આગળ ભૂષણ અલંકારાદિ સર્વ પરિધાન કરી આવવું થયું એમ કહેલું છે. આ પ્રમાણે '**નન્દસ્ત્વાત્મજ**' એ શ્લોકથી આરમ્ભી '**નવનીતૈશ્ચ ચિક્ષિપુ**' એ શ્લોક પર્યન્તના ઉત્સવના આનન્દને પ્રકાશ કરનાર આ નામ છે।।૨૦।।

દાન મહોત્સવ સૂચક નામ કહે છે :

## અખિલાશાપૂરકાય નમઃ ।।૨૧।।

સર્વની આશાઓને પૂરણ કરનાર નન્દનવનને વન્દન.

કેટલાક વિદ્વાન્ બ્રાહ્મણો કેટલાક યાચકો, સૂત માગધ બન્દીજનો, કેટલાક સ્ત્રીજનો શ્રીનન્દરાયજીને ઘેર પુત્રનો જન્મ થાય તો અમે આજ અભિલાષાઓ પૂર્ણ કરીશું એમ આશા રાખનાર હતા. ભક્તોને તો પ્રભુ પ્રકટ થાય તેવી જ આશા હતી. એમ સર્વની ભિન્ન-ભિન્ન આશાઓને પોતે પ્રકટ થઈ પૂર્ણ કરી. તેમ થતાં નન્દરાય પણ મહાન મનવાળા મહાન ઉદાર બનીને જેને જેવી આશા હતી તેને તેવું દાન આપવા લાગ્યા, એવી રીતે નન્દરાય દ્વારા તેમની આશાઓને પૂર્ણ કરનાર પ્રભુ છે. ભક્તોની આશાઓ પોતે સાક્ષાત્ પ્રકટ થઈને પૂરશે એમ કહીને આશાપૂરક ધર્મ પ્રભુનો નિરૂપણ કર્યો. વળી '**અવાદ્યન્ત વિચિત્રાણિ વાદિત્રાણિ**' એ વાક્યથી વાજીન્ત્રોના નાદથી સર્વ દિશામાં પોતાની કીર્તિ પૂર્ણ કરીને ભગવાન્‌નો આવિર્ભાવ થયો તેમ 'આશા' પદથી પ્રકટ કર્યું. આમ કહીને અસુરો સિવાય સર્વને સર્વથા આનન્દ થયો એમ સિદ્ધ કર્યું.।।૨૧।।

યશોદાજીની પણ આશાને પૂર્ણ કરી તેમ કહે છે :

## યશોદાયા સ્તનન્ધયાય નમઃ ।।૨૨।।

શ્રીયશોદાજીને સદાસર્વદા એમ જ દુઃખ હતું કે મને ક્યારે પુત્ર થાય ? અને ક્યારે મારા પુત્રને હું લાલન-પાલન કરી સ્તનપાન કરાવું ? ''**યચ્ચ દુઃખં યશોદાયાઃ**' જે દુઃખ યશોદાજીને હતું તે દુઃખ મને કાંઈક થાઓ, એમ નિરોધ લક્ષણ ગ્રન્થમાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે, ત્યાં યશોદાજીના દુઃખને દર્શાવ્યું છે. તે દુઃખ હમણાં પ્રભુના પ્રાકટ્યથી નષ્ટ થયું. નાલચ્છેદ થયા પછી સ્નાન કરીને માતાના પડખામાં સ્થાપન થયેલો પુત્ર પોતાની મેળે સ્તનપાનની આકાંક્ષા રાખે છે, માતા પણ પોતે જ સ્તનપાન કરાવે છે. તેનું દ્યોતક નામ છે. પરન્તુ તે આશાપૂરણ કરનાર હોવાથી તે પ્રકરણમાં તેને રાખવામાં આવ્યું છે।।૨૨।।

એ જ પ્રમાણે નન્દરાયની પણ આશા પૂર્ણ કરી તે આશયને દર્શાવનાર નામનો નિર્દેષ કરે છે :

## નન્દમનોમોદકાય નમઃ ॥૨૩॥

**નન્દરાયજીના મનને આનન્દ કરનાર નન્દનન્દનને વન્દન.**

શ્રીનન્દરાયજીને પણ પુત્ર ઉત્પન્ન થવાની આશાએ કંઈ કંઈ મનોરથો થતા હતા, તે સર્વ પૂર્ણ થયા. મારું અહોભાગ્ય છે કે મને આવો પુત્ર થયો. સૌભાગ્ય દિવસ જોવાનો પ્રસંગ આવ્યો. એમ બહુ જ આનન્દથી પ્રભુને માટે ઉત્તમોત્તમ વસ્તુ લાવવાને જાતે મથુરા પધાર્યા. તેથી જ **''ભગવદર્થમ્ ઉત્તમવસ્તૂનામ્ આનયનાર્થં મથુરાં ગતવાન્''** ભગવાનને ક્રીડા-રમણ કરવા વગેરે માટે ઉત્તમ વસ્તુઓ લાવવાને મથુરામાં નન્દરાયજી ગયા એમ શ્રીસુબોધિનીમાં ઉપદેશે છે।।૨૩।।

## પૂતનાન્તકાય નમઃ ॥૨૪॥

અવિદ્યારૂપ પૂતનાનો નાશ કરનાર પ્રભુને પ્રણામ.

ભગવાન્ ભક્તોને આનન્દનું દાન કરવા અને પોતાનામાં તેમનો નિરોધ સિદ્ધ કરવા માટે પ્રકટ થયા છે. આનન્દનું દાન અને નિરોધ એ બન્ને પઞ્ચપર્વા અવિદ્યાનો નાશ થયા વિના બનવું અશક્ય છે-અસમ્ભવિત છે. એમ ધારી પ્રથમ અવિદ્યારૂપ પૂતના મારી. તેથી જ શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે : **''અવિદ્યા પૂતના નષ્ટા, અતઃ પરં નિરોધઃ સુગમઃ''** અવિદ્યા પૂતના નષ્ટ થઈ હવે પછી તેમને નિરોધ સુગમ રીતે સિદ્ધ થશે. આ પૂતનાના નિમિત્તથી વ્રજમાં વસતા અનેક બાલકોની પણ રક્ષા કરી માટે કહ્યું છે કેઃ **''એકં ભગવતઃ કાર્યં બહ્વાર્થાનાં ચ સાધકમ્''** ભગવાન્નું એક કાર્ય પણ બહુ જ અર્થનું સાધક થાય છે. અવસ્થાન્તરમાં થઈ શકે તેવું કાર્ય આપે છેક જ બાલ્યાવસ્થામાં કરીને અલૌકિકપણું દર્શાવ્યું તો પણ મુગ્ધ ભાવથી જ-બાલભાવથી જ કાર્ય કરીને સર્વમાં પોતાના સમ્બન્ધમાં બાલભાવ-લૌકિકભાવ જ સ્થાપન કર્યો. તેમનામાં અલૌકિક ભાવ ઉત્પન્ન નહિ કરતાં કેવલ બાલલીલાની જ ચેષ્ટા દૃષ્ટિમાં આણી તેવો જ ભાવ કાયમ કર્યો।।૨૪।।

મુગ્ધભાવ જ સિદ્ધ કર્યો, તો પછી પૂતના મારવાનું જ્ઞાન અને તેને મુક્તિનું દાન કેમ સમ્ભવે ? એ શંકાના નિવારણરૂપ નામ કહે છે :

## સુકૃતજ્ઞાય નમઃ ॥૨૫॥

સુન્દર કર્તવ્યને જાણનાર ગોકુલેશને નમન.

સુન્દર-અથવા અત્યન્ત કર્તવ્યને સમજનાર આ સર્વ **''ગાઢં કરાભ્યાં ભગવાન્''** એ શ્લોકમાં 'ભગવાન્' પદથી જ નિરૂપણ કરે તે. એ પોતે પ્રભુ સર્વતન્ત્ર,

સ્વતન્ત્ર હોવાથી સર્વ કાર્ય કરવામાં સમર્થ હોવાથી સ્ત્રીને મારવામાં તેમને દોષ નથી. પોતે વીર્યવાન ઈશ્વર છે. એટલે તેને મારવાનું સામર્થ્ય ધરાવે છે. યશસ્વી છે તેથી અલૌકિક ચરિત્ર કરે છે. શ્રીયુક્ત છે. તેથી બીજા પ્રકારથી તેનું મારણ કરતા નથી. જ્ઞાનવાન છે તેથી દોષ જાણીને પણ તેને મારવું આવશ્યક માને છે વૈરાગ્યવાન છે, તેથી દૈત્યપક્ષની પુતનાનો વધ કરવામાં દોષ નથી એમ સમજે છે. ઉપર જણાવેલા ષડ્ઐશ્વર્યના ગુણો ધારણ કરનાર ભગવાન્ ધર્મિરૂપ છે, તેથી તેને મોક્ષનું પણ દાન કરે એ યુક્ત જ છે. અથવા પુતનાના સુકૃત્યને પણ તે પોતે જાણે છે. આ પુતના સમસ્ત વ્રજના બાલકોને ભક્ષણ કરનારી છે. આ સમયે આ ભગવાન્ છે માટે તેમનું ભક્ષણ કરી જઉં એવો તેને ભગવદ્ભાવ થયેલો છે. તેવા ભાવથી ભક્ષણ કરવા તત્પર થઈ હતી. તે તેનું પરમ સુકૃત છે. એ સુકૃતને મહાપુણ્યને પ્રભુ જાણે છે. તેથી તેને મુક્તિ આપે છે. ભગવદ્બુદ્ધિથી ગ્રહણ કરવામાં બાલકોનો અન્તરમાં પ્રવેશ થયો છતાં તેનામાં આસુરભાવનો પ્રવેશ થયો નહિ. એ પણ એનું સુકૃત જ છે–પરમ પુણ્ય જ છે. એ આપ જાણનાર હોવાથી મોક્ષ આપ્યો. આમ થવાથી ભગવત્સમ્બન્ધ થાય તો પણ ભગવાન્ સ્વકીય ફલનું દાન કરે છે; એવો ભાવ રહેલો છે, વળી પુતના ભગવાનના ભ્રમથી બાલકોને ભક્ષણ કરતી એટલે મારે માટે આ વ્રજના બાલકોને આસુર સમ્બન્ધ પ્રાપ્ત થયો, જેથી તે બાલક સમ્બન્ધી સુકૃતને પણ આપ સમજે છે. માટે તેમને પ્રાણ દ્વારા પોતાના અન્તરમાં પ્રવેશ કરાવીને તેમને હૃદયમાં ધારણ કર્યા. અને પૂતનાને મુક્તિ આપી એ સર્વ આશય પણ આ નામમાં રહેલો છે।।૨૫।।

### પૂતના મોક્ષદાત્રે નમઃ ।।૨૬।।

પૂતનાને મોક્ષનું દાન કરનાર બાલકૃષ્ણને નમસ્કાર.

અવિદ્યા દૂર કરી ભક્તોનો નિરોધ કર્યો તેનું સૂચન કરનાર નામ કહે છે :

### ભક્તમનોરોધકાય નમઃ ।।૨૭।।

ભક્તજનના મનને નિરોધ કરનાર પ્રભુને પ્રણામ.

આટલા દિવસ સુધી અમો અસાવધ હતા માટે પૂતના ઘરમાં ઘુસી ગઈ–પ્રવેશ કરી બાલકની પાસે આવી પહોંચી. હવે સાવધાન રહેવું જોઈએ એમ સર્વજનોએ ભગવાનમાં નિષ્ઠા કરી પોતાનું ચિત્ત પ્રભુમાં સ્થિર કર્યું. આ પ્રમાણે ભક્તોના મનનો નિરોધ થયો માટે ભક્તોના મનને નિરોધ કરનાર પ્રભુ એમ નિરૂપણ કર્યું।।૨૭।।

પૂતનાને માર્યા પછી તેના સ્વરૂપને જોઈ તથા શબ્દને સાંભળી સર્વ ભયભીત થઈ ગયા. પરન્તુ ભગવાન્ તો તેના હૃદય ઉપર નિર્ભય રહીને ક્રીડા કરતા હતા, એટલે પોતાના કરતાં શ્રેષ્ઠ આ નિર્ભય બાલક છે એમ સર્વજન જોવા લાગ્યા

એ આશયને સ્પષ્ટ કરતું નામ કહે છે :

### ગોકુલાભયદાનચરિત્રાય નમઃ ||૨૮||

ગોકુલને અભયદાન આપનારું જેમનું ચરિત્ર છે એવા શ્રીકૃષ્ણને નમસ્કાર.

પૂતનાના હૃદય ઉપર ક્રીડન કરીને પોતાનું અભયપણું જણાવ્યું. તેથી સર્વ ગોકુલને પણ આજથી અભય છે, એમ સર્વને નિશ્ચય થયો. ભયકારક પ્રસંગ આવી પહોંચે તો પણ તે નષ્ટ જ થશે એમ ત્યારથી આરમ્ભી સર્વને નિશ્ચિત થવાથી તેમનો ભય સર્વથા નષ્ટ થઈ ગયો||૨૮||

ભગવાન્ નિરોધનું દાન કરવાને પધારેલા છે. જો પ્રપઞ્ચમાં આસક્તિ થાય તો નિરોધ સિદ્ધ થાય નહિ. માટે પ્રભુએ તેમના પ્રપઞ્ચની નિવૃત્તિ કરેલી છે. તેનું સૂચન કરતું નામ જણાવે છે :

### ભક્તપ્રપઞ્ચવિસ્મારકાય નમઃ ||૨૯||

ભક્તના પ્રપઞ્ચનું વિસ્મરણ કરાવનાર વિભુને વન્દન.

પૂતનાના વક્ષઃસ્થલમાં વિરાજમાન ભગવાનને ઉપાડી સ્નાન, અભિષેક, વસ્ત્ર, અલંકાર વગેરે તેમને પહેરાવી ઉદય સૂચક વિધાન વિઘ્ન દૂર થઈ ઉદય થાય તેવો વિધિ યશોદાજી કરવા મંડ્યા અને તેના ઉત્સવમાં તલ્લીન બની ગયાં. તેમને ભગવાનમાં વિશેષ આસક્તિ થઈ, પ્રપઞ્ચને વિસરવા લાગ્યાં તે પ્રકરણને સૂચન કરનાર આ નામ છે||૨૯||

પછી બાલકને નિદ્રા પ્રાપ્ત થતાં તેમને પોઢાવ્યા, ત્યાર પછી ઉત્સવમાં આવેલા લોકોનું સન્માન કરવામાં યશોદાજી વગેરે પ્રભુને ભૂલી જઈ લૌકિકમાં આસક્ત થયાં, તેમ બીજા અભ્યાગત બ્રાહ્મણોનું સ્વાગત કરવામાં વ્યાપ્ત બન્યા. અને તે-તે દાન વસ્તુને ગ્રહણ કરવામાં બ્રાહ્મણો પણ આસક્ત થયા. તેમને પણ ભગવદ્ વિચાર ન થયો. એમ સર્વની પણ બહિર્મુખતા થઈ ગઈ. ''**સઞ્જાત નિદ્રાક્ષમ્**'' એ શ્લોકમાં એ જ જણાવ્યું છે. એમ ભગવાન્‌ની જ્ઞાનશક્તિનું તિરોધાન થતાં પરમાર્થ દૃષ્ટિ તિરોભૂત થઈ ગઈ. એમ થવાથી બહિર્મુખતા આવી જાય એ સહજ જ છે. ત્યારે પ્રભુ સાક્ષાત્ સ્વયં વિરાજમાન હોવા છતાં તેમને ત્યાગ કરી અન્યત્ર આસક્તિ થાય એ તો અત્યન્ત જ અયુક્ત ગણાય માટે તે આસક્તિને પણ પ્રભુએ દૂર કરી તેવું નામ દર્શાવે છે :

### શકટભેદન બાલચરિત્રાય નમઃ ||૩૦||

શકટને ભાગવારૂપ બાલચરિત્ર જેમનું છે. એવા બાલકૃષ્ણને નમન.

જ્યારે સર્વજનોને લૌકિકમાં આસક્ત થયેલા જોયા ત્યારે આ મારા હોવા

છતાં પણ લોકમાં આસક્ત છે. એમ જાણીને આપને રૂદન થયું નહિ, તેથી પણ કાર્યસિદ્ધિ નહિ થાય એમ માની સ્તન પાનની ઈચ્છા કરતાં શકટને જ ઉંધું ફેંકી દીધું. ભગવાનના ઉપર અન્ય સર્વ રસો સ્થાપન કરવા યોગ્ય નથી-શક્ય નથી. એમ કરવાથી બહિર્મુખતા થઈ જાય તેમ કરવા એ પ્રભુની ઈચ્છા નથી માટે આપે કોઈની પણ બહિર્મુખતા ન થાય તેથી કરીને સર્વ રસોને પાડ્યા. છાયામાં શકટની નીચે પોઢાવેલા પ્રભુ અન્યરસોથી પ્રાપ્ત બહિર્મુખતાને અને તેની છાયાને પણ અંગીકાર કરતા નથી. એમ સિદ્ધ કરવાને શકટને પાડ્યું તેમના લૌકિક રસોનો નાશ કર્યો આ એક પ્રકારનો ઉત્પાત થયો. એમ માની ભયને લીધે પ્રભુમાં નિષ્ઠા કરવા લાગ્યા. આ બન્ને નામથી પ્રપઞ્ચની વિસ્મૃતિ કરીને ભક્તોનો નિરોધ સિદ્ધ કરેલો છે. ''**લોકે સ્વાસ્થ્યં તથા વેદે**'' ''**લોકાર્થી ચેત્ ભજેત્ કૃષ્ણમ્**'' પ્રભુ લૌકિકમાં તથા વૈદિક મર્યાદામાં નિજજનનું સ્વાસ્થ્ય કરતા નથી. પ્રભુ તો જે લૌકિકનું સેવન કરનાર છે. તેના લોકનો સર્વથા નાશ જ કરે છે. એ મહાપ્રભુજીના વાક્યાનુસાર અહિં પણ ભગવાને સર્વ ભક્તજનોનાં લૌકિક રસોને દૂર કરી પોતાના ભગવદ્રસમાં નિષ્ઠાવાન્ કર્યા-પોતાની સ્વરૂપાસક્તિનું દાન કર્યું. પૂર્વમાં પૂતના અવિદ્યા નાશ કરી રક્ષા કરીને વાણીનો વિનિયોગ વાચનિક નિરોધ પોતાનામાં સિદ્ધ કર્યો એ પ્રમાણે વાચિક અને કાયિક નિરોધ પ્રભુમાં સિદ્ધ થયો।।૩૦।।

હવે માનસિક નિરોધ સિદ્ધ કર્યો તે જણાવે છે :

## તૃણાવર્તવિમર્દકાય નમઃ ।।૩૧।।

તૃણાવર્ત નામક દૈત્યનું મર્દન કરનાર શ્રીકૃષ્ણને પ્રણામ.

વંટોળીયારૂપે તૃણાવર્ત આવ્યો ત્યારે પોતે સ્થાપન કરેલા સ્થાનમાં પ્રભુને શોધતાં ન પ્રાપ્ત થવાને લીધે યશોદા વગેરે માતાઓને મૂર્છા પ્રાપ્ત થતાં સુધી મહાન શોક થયો તેમનું મન પ્રભુમાં એક નિષ્ઠાવાળું થઈ ગયું એ તેમના મનનો નિરોધ છે. આગળ પણ તૃણાવર્તના માર્યા પછી પ્રભુ પ્રાપ્ત થઈ આવતાં ''**મૃત્યુમુખાત્ પ્રમુક્તમ્**'' મૃત્યુના મુખમાંથી બચી ગયેલા તેમને નિરખીને પરમ આશ્ચર્ય પામી જતાં તેમને સર્વ પ્રપઞ્ચની વિસ્મૃતિ થઈ ગઈ. કેવલ ભગવાનમાં આસક્તિ થવાને લીધે પરમ આનન્દ સ્વરૂપમાં લીન થઈ ગયું. આ પણ મનનો નિરોધ થયો. આવું પ્રભુનું આશ્ચર્યકારક ચરિત્ર એમાં સર્વ નન્દાદિકો પણ વિચારવા લાગ્યા કે ''**અહો બતાત્યદ્ભુતમ**'' અહો આ બાલક ક્રૂર રાક્ષસે દૂર લઈ લીધાં છતાં પાછો આવ્યો, અને હિંસક રાક્ષસ પોતાના પાપે પોતે જ મૃત્યુ પામ્યો એ કેવું અત્યન્ત આશ્ચર્યકારક બન્યું છે. એમ આશ્ચર્ય પામી પોતાના પુત્રમાં કૃત્રિમ ભગવતત્ત્વનું જ્ઞાન થયું. ।।૩૧।।

પરન્તુ જ્યાં સુધી ભગવાનમાં અસમ્ભાવના દૂર થાય નહિ ત્યાં સુધી તેમાં

દઢાસક્તિ પણ થાય નહિ. માટે અસમ્ભાવનાની નિવૃત્તિ કરવા પોતાના સ્વરૂપમાં જ તેનું ભગવત્સ્વરૂપ દઢાસક્તિ થાય. પણ ભક્તિ વિના સાક્ષાત્ ભગવાનનું ગાન કરી શકાય નહિ જેથી પ્રથમ ભક્તિનિરૂપક નામ કહે છે :

## ભક્તિસ્વાસક્તિજનકાય નમઃ ||૩૨||

ભક્તિ વડે પોતાનામાં આસક્તિ ઉત્પન્ન કરનાર કૃષ્ણને નમસ્કાર.

એક સમયે પુત્ર સ્નેહથી પોતાના ખોળામાં પુત્રને પધરાવીને પરમ સુન્દર સ્મિત હાસ્ય સહિત મનોહર મુખનું લાલન કરતાં શ્રીયશોદા મોહ પામ્યા. પ્રભુમાં આસક્ત થઈ ગયાં અહિં ભક્તિરૂપે પોતાનામાં સ્નેહાસક્તિ શ્રીયશોદાજીની દર્શાવી ભગવાન્ ભક્તિરૂપપણાથી પોતાના સ્નેહને પ્રકટ કરે છે. તેથી ભક્તિ એ પ્રભુની આસક્તિની સાધિકા છે, એમ સિદ્ધ થાય છે. આ નામમાં એ નિરૂપણ કર્યું. ||૩૨||

ભક્તિ કહ્યા પછી જ્ઞાનનું નિરૂપણ કરતાં તેને જ્ઞાપન કરનાર નામ કહે છે :

## યશોદામોહનાશકાય નમઃ ||૩૩||

યશોદાજીના મોહને નાશ કરનાર શ્રીહરિને નમન હો.

ભક્તિ થયા પછી પોતાના મુખ કમલમાં અખિલ બ્રહ્માણ્ડમાં દેખાયું તેનું દર્શન થતાં પ્રપઞ્ચના આધારરૂપ પોતે હોવાથી બ્રહ્મજ્ઞાન પણ તેમને થયું તેથી પ્રભુમાં તેમને અસમ્ભાવના અસમ્ભવિત બુદ્ધિ હતી તે દૂર થઈ મોહનાશ પામ્યો. તેવા પ્રકારના ભાવયુક્ત આ નામ છે.

યશોદામાતાનો સ્નેહ પુત્ર ઉપર સ્વરૂપથી જો કે અલૌકિક હતો તો પણ પ્રથમથી જ આવો લૌકિક ધર્મથી વિરુદ્ધ સ્નેહ થાય તો પુત્રમાં અલૌકિકત્વ બુદ્ધિ થાય. આમ પુત્રમાં લૌકિક વિરુદ્ધ અલૌકિક ધર્મનું દર્શન ભયજનક હોવાથી ક્વચિત્ વિપરીત સમ્ભાવના થતાં જીવન જ ન ટકી શકે માટે જ્ઞાન સમ્પાદન કરીને તે સર્વનો તિરોભાવ કરી દીધો. પછી લૌકિક પ્રમાણે વિસ્મયપણું પ્રકટાવી લોકસિદ્ધ પુત્રત્વ ભાવરૂપ સ્નેહ સ્થાપન કર્યો. અથવા પુત્રના તેવા સ્વરૂપનું દર્શન થવાથી વિસ્મય પામીને મોહિત થઈ ગયા. એટલે તેવા વિસ્મયજનક મોહને દુર કરીને પુત્રપણાનો ભાવ જ સ્થાપન કર્યો એ રહસ્યસૂચક આ નામ છે||૩૩||

નામ કરણ સંસ્કાર સમયનું નામ દર્શાવે છે :

## રામાનુજાય નમઃ ||૩૪||

બલરામના નાના ભાઈને નમન.

શ્રીભાગવતમાં **''બાલયોરનયોઃ સંસ્કારાન્ કર્તુમર્હસી''** તમે આ બન્ને બાલકોનો સંસ્કાર કરવાને યોગ્ય છો એમ કહીને નન્દરાયજીને પોતાના પુત્રમાં અને વસુદેવના પુત્રમાં કાંઈ ભેદ નથી એમ જણાવે છે. કારણ કે અત્યન્ત સ્નેહીજનોનું

હૃદય સરલ અને નિર્મલ હોય છે. તેમનો સ્વભાવ જ ઊંચા પ્રકારનો હોય છે. ગર્ગાચાર્ય પણ નન્દરાયની અભેદ બુદ્ધિ જાણી પ્રથમ બલરામનું નામકરણ કરે છે. એમ ન હોય તો નન્દરાયજીને ઘેર તો જયેષ્ઠ શ્રીકૃષ્ણ છે. માટે બલરામનું પ્રથમ નામકરણ ન જ કરે. પણ અભેદભાવને લીધે જ આમ બન્યું. રામ પ્રથમ પોતાને ઘેર આવેલા છે. માટે રામ મોટા અને શ્રીકૃષ્ણ ત્યાર પછી પ્રકટ થયેલા પધારેલા હોવાથી તે નાના જેથી રામના અનુજ–નાના બન્ધુ એમ કથન કર્યું.

અથવા પ્રથમ રામ પધારવાથી અમારું ભાગ્ય ખીલ્યું. અને તેથી શ્રીકૃષ્ણ પ્રકટ્યા. તેમનાં પગલાં થવાથી જ અમારે ત્યાં શ્રીકૃષ્ણનો આવિર્ભાવ થયો. માટે રામ અગ્રજ પ્રથમ પધારેલા છે. તેથી તેમનું નામકરણ પ્રથમ થવું જોઈએ માટે રામ અગ્રજ–મોટાભાઈ અને શ્રીકૃષ્ણ જ નાનાભાઈ આ પ્રમાણે નન્દરાયજીના આશય સમજી અહિં રામાનુજ નામથી પ્રભુને નિરૂપણ કરે છે.

વળી અહિં નિરોધ કરાવી પોતાનામાં આસક્તિ ઉત્પન્ન કરવાની છે. તે જ્યારે રસનો સ્થાયી ભાવ થઈ રસ વૃદ્ધિંગત થાય ત્યારે જ બને. તો હવે શૃંગાર રસનો સ્થાયી ભાવ રતિ છે. રતિને વધારવાને સ્વરૂપ ધર્મ હોવો જોઈએ. તે સ્વરૂપ ધર્મવાન રામ છે માટે 'રમયતીતિ રામઃ' રમણ કરાવે તે રામ એમ કહીને રામનું રતિવર્ધકત્વ પ્રતિપાદન કર્યું. તેવા રામના અનુજ અર્થાત્ રતિવર્ધક ધર્મરૂપ રામના પાછળ પ્રકટ થયેલા પ્રભુ. રામરૂપે રતિવર્ધક સ્વરૂપે સર્વના હૃદયમાં રતિને વધારીને પ્રથમ અન્તરમાં પ્રકટ થાય છે. માટે રામાનુજ એમ કહ્યું.

અથવા રામ એ વેદાત્મક ક્રિયાશક્તિ રૂપ છે. તેને લક્ષ્ય કરીને જ આપ પ્રકટ થાય છે. જ્યાં વેદોક્ત ધર્મ હોય, ત્યાં આપ પ્રકટ થાય છે. એટલા માટે લીલાના અવસરમાં સ્થળે બલદેવજી સાથમાં રહેલા છે. તેમને આગળ કરીને જ આપ સર્વ લીલા કરે છે. ત્યાં પણ બલદેવજીને સાથમાં રાખે છે. માટે આ નામની યોજના કરેલી છે।।૩૪।।

ત્યાર પછી ભક્તજનનાં અન્તઃકરણમાં રતિને વધારીને ભાવરૂપે તેમાં આપ સ્થિર થાય તે ભાવને દર્શાવનાર નામ કહે છે :

## કૃષ્ણાય નમઃ ।।૩૫।।

શ્રીકૃષ્ણચન્દ્રને વન્દન હો.

ભાવાત્મક આનન્દકન્દ રસઘન શ્રીકૃષ્ણ છે, સદા સર્વદા આપ આનન્દ સ્વરૂપે જ વિરાજમાન છે. પોતે જ નિજજનોના અન્તઃકરણમાં પ્રકટ થઈને સ્વરૂપાનન્દનું દાન કરે છે, તેથી શ્રીકૃષ્ણ નામથી આપનો મુખ્યપણે વ્યવહાર થાય છે।।૩૫।।

## વાસુદેવાય નમઃ ||૩૬||

**શ્રીવાસુદેવને અભિવન્દન.**

વાસુદેવ પ્રભુ મોક્ષનું દાન કરનાર છે. પ્રપઞ્ચ વિસ્મૃતિ થતાં ભગવદાસક્તિ થવાથી સ્વરૂપાનન્દનો અનુભવ થાય છે. તેથી ક્ષણે-ક્ષણે ભક્તોની પોતાનામાં લયાવસ્થા થાય છે. જેથી આ નામ કહ્યું. ''**પ્રાગયં વસુદેવસ્ય**'' એ શ્લોકમાં ''પ્રથમ આ વાસુદેવના પુત્રપણાએ પ્રકટેલા'' એવો વાસુદેવ પદનો અર્થ સ્પષ્ટ દર્શાવતું આ નામ છે||૩૬||

## અનન્તગુણગમ્ભીરાય નમઃ ||૩૭||

**અનન્ત ગુણોથી ન જાણી શકાય તેવા શ્રીહરિને નમસ્કાર.**

અનન્ત ગુણોએ કરીને ગમ્ભીર કોઈનાથી ન સમજી શકાય તેવા આગાધ. તેથી જ ''**બહૂનિ સન્તિ નામાનિ રૂપાણિ**'' પ્રભુનાં નામ અને સ્વરૂપો અનન્ત છે તેનો પાર પામી શકાય તેમ નથી. એમ શ્લોકના આશયને સૂચવનાર આ નામ છે||૩૭||

ગુણોની ગમ્ભીરતા ગહનતા જણાવી હવે રૂપોની ગમ્ભીરતા જણાવે છે :

## અદ્ભુતકર્મણે નમઃ ||૩૮||

**જેમના અદ્ભુત કર્મો છે તેવા શ્રીકૃષ્ણને નમન.**

જેમનાં બહુ જ આશ્ચર્યકારક કર્મ છે, જેથી જેવા ગુણો જેવા રૂપો તેવાં-તેવાં કાર્યો એક નિષ્ઠા રાખીને ચિન્તન કરવું જોઈએ એમ કરનારા પ્રભુ સૂચવ્યું|૩૮|

અદ્ભુત કર્મ કરનારા શ્રીકૃષ્ણનું જ્ઞાન કેમ થાય? તે સમજાવનારું નામ ઉપદેશ છે :

## ગોકુલચિન્તામણિયે નમઃ ||૩૯||

**ગોકુલમાં ચિન્તામણિ રૂપ ગોકુલેશને પ્રણામ.**

ગોકુલમાં ચિન્તામણિ અર્થાત્ જેમ ચિન્તામણિ ચિન્તન કરતાની સાથે તે-તે ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ કરાવે અને અનિષ્ટને-દુઃખને વિનાશ કરે તેવી જ રીતે આ પ્રભુરૂપ ચિન્તામણિ ચિન્તા ( વિચાર ) કરતામાં જ ઈષ્ટ પ્રાપ્ત કરાવે અને દુઃખનો નાશ કરે. એવું ચિન્તામણિપણું પ્રભુએ ક્યાં બતાવ્યું તે દર્શાવે છે; પૂતનાના પયનું પાન કર્યું તે ગોકુલના શ્રેયને માટે તે દ્વારા પઞ્ચપર્વા અવિદ્યાનો નાશ કર્યો. સંચારાત્મક સંકટનો ભંગ કર્યો. અવિદ્યાના કાર્યરૂપ અને મોહાત્મક તૃણાવર્ત માર્યો એ પ્રમાણે ત્રણેય દોષ દૂર કરી આગળ વિશ્વરૂપનું દર્શન કરાવી જ્ઞાન ઉત્પાદન કર્યું ''**એષ વઃ શ્રેય આધાસ્યન્**'' એ શ્લોકના વિવરણમાં શ્રીમદાચાર્યચરણે ઉપર પ્રમાણે સ્પષ્ટ

દર્શાવેલું છે એ રીતે ગોકુલ શ્રેય વિધાતા ભગવાન્ જેના ચિન્તામણિ રૂપ છે।।૩૯।।

સ્વરૂપ જ્ઞાન અનિષ્ટ નિવૃત્ત થાય છે. એમ ઉપદેશ કરી ઈષ્ટ પ્રાપ્તિનું સ્વરૂપ કથન કરે છે :

## ગોપગોકુલનન્દનાય નમઃ ।।૪૦।।

ગોપ-શ્રીગોપીજનો અને ગોકુલને પરમ આનન્દ આપનાર શ્રીગોકુલેન્દુને વન્દન.

'ગોપ' પદથી શ્રીગોપીજન પણ ખરાં શ્રીમદગોપીજન ગુપ્ત છે-પ્રિયાઓ છે. વળી 'ગોકુલ' પદથી પણ ગોકુલમાં નિવાસ કરનાર સર્વનું સૂચન કર્યું. એમ ગોપીજન આદિ સર્વને પરમાનન્દનું દાન કરનાર આપ વિરાજે છે એમ નિરૂપણ કર્યું।।૪૦।।

એ મુખ્ય નામો જણાવી ગોકુલમાં વસતા સર્વ સમૂહના સંકટનો સંહાર કર્યો તે સૂચક નામ સૂચવે છે :

## ભક્તસર્વદુઃખનિવારકાય નમઃ ।।૪૧।।

ભક્તોનાં સર્વ દુઃખને દુર કરનાર પ્રભુને અભિવન્દન.

ભક્તોના સર્વ સંકટ હર્યા, અને આગળ ઉપર પણ હરશે. ભાગવતમાં ગર્ગાચાર્યે કહ્યું "**અનેન સર્વ દુર્ગાણિ યૂયમ્ અંજસ્તરિષ્યથ**" આ શ્રીકૃષ્ણથી તમે સર્વ સંકટ તરી જશો. આ દુર્ગરૂપ દુઃખોમાં અન્તઃકરણના કામ ક્રોધાદિક શત્રુઓ પણ ખરા જ. તેમને પણ નાશ કરશે જ. પૂર્વે એમણે સાધુજનોનું સંરક્ષણ કરવા દુષ્ટ દસ્યૂઓનો નાશ કર્યો હતો. તે તમારું અવશ્ય રક્ષણ કરશે જ. એ આશયનું સૂચન કરનાર આ નામ છે।।૪૧।।

આ કર્મસૂચક નામ કહીને ગુણસૂચક નામ કહે છે :

## મહાનુભાવાય નમઃ ।।૪૨।।

મહાનુભાવ ભગવાનને નમસ્કાર.

'મહાનુભાવ' એટલે મહાગુણવાન "**ય એતસ્મિન્ મહાભાગાઃ**" એ શ્લોકમાં ગુણોનું મહાનુભાવત્વ પ્રકટ કર્યું છે કેઃ-જે મહાનભાગ્યવાન મનુષ્યો પ્રભુમાં પ્રીતિ કરે છે તેને શત્રુઓ તથા કામ ક્રોધાદિક દુરાશયો પણ પરાભવ પમાડી શક્તા નથી એમ આપની મહાનુભવતા મહાગુણતા છે. વિશેષ રીતે તે અમ્બરીષાદિના ચરિત્રમાં સુપ્રસિદ્ધ છે તે જણાવનારું આ નામ છે।।૪૨।।

પરમ્પરાએ ગુણોનો અનુભાવ કહ્યો. સાક્ષાત્ સ્વરૂપના ગુણોના અનુભાવો કોણ જાણવાને શક્તિમાન છે. કારણ કે તે અનન્ત છે તે અનન્તપણાનું સૂચક નામ જણાવે છેઃ

## અચિન્ત્યગુણકર્મણે નમઃ ॥૪૩॥

ન ચિન્તન કરી શકાય તેવા અનન્ત ગુણો અને કર્મો જેમના છે એવા શ્રીહરિને નમન.

## નારાયણાય નમઃ ॥૪૪॥

શ્રીનારાયણને નમસ્કાર.

ગર્ગાચાર્ય કહે છે કે : ''**નારાયણ સમો ગુણે**'' આ તમારો બાળક ગુણોમાં નારાયણ સમાન છે, ત્રણ પ્રકારના નારાયણ છે. ૧.અક્ષર ૨.પુરુષ ૩.પુરુષ. અન્તર્યામી એ ત્રણે નારાયણના ગુણો વડે ત્રણ નારાયણ સમાન પ્રભુ છે. કર્મો તો તેમના કરતાંયે આપના અધિક છે અનુભાવાદિ માહાત્મ્ય પણ તે ત્રણે કરતાં વિશેષ છે. નરથી ઉત્પન્ન થયેલા નાર-જીવો તે જેમનું અયન-સ્થાન છે, એ અક્ષર પુરુષ નારાયણના પક્ષમાં જેટલા જીવો સૃષ્ટિમાં છે તે સર્વ ભગવદ્‌ગુણના સ્થાન કરનાર છે, તેટલા ગુણોનું ખ્યાપન કરવા માટે તેટલા સ્વરૂપે આપ થયા. દ્વિતીય પુરુષ નારાયણના સમ્બન્ધને યોગ્ય જીવોનો અંગીકાર કરવાથી પોતાની સમાનતા પ્રાપ્ત કરવાને સ્વભાવને નિવૃત્ત નિવારણ કરનાર અનુભાવવાન ગુણો કહેવામાં આવ્યા. તૃતીય પુરુષ અન્તર્યામી નારાયણ જીવને આધીન હોય તેમ તેના સર્વ કાર્યને પ્રેરનારા છે. એટલે ત્યાં ભક્તિ ઉત્પન્ન કરનારા અસાધારણ ગુણો જણાવ્યા એમ ત્રણે નારાયણના ત્રણ પ્રકારના ગુણો ભગવાન્ શ્રીકૃષ્ણમાં રહેલા છે, અને તે ગણી ન શકાય તેવા અગણિત અનન્ત છે. માટે ગુણોએ કરીને નારાયણ સમાન એમ કહ્યું. તેમ અનેક ધર્મરૂપે અર્થાત્ શ્રી શોભામાં-સૌભાગ્યમાં, કીર્તિમાં મહાનુભાવપણામાં પણ નારાયણ સમાન છે. પ્રથમ કહેલા પણ નારાયણ બ્રહ્માણ્ડની પર છે. બ્રહ્માણ્ડમાં પણ તેવા નારાયણ ત્રણ છે. એક વૈકુણ્ઠમાં લક્ષ્મી સહિત નારાયણ બીજા સૂર્યમણ્ડલમાં સર્વ વેદ સહિત વિરાજમાન નારાયણ અને પૃથ્વી પર સર્વ બ્રાહ્મણોમાં યશ નારાયણ રહેલાં છે. જેમ સર્વ જગજ્જનની અક્ષરાનન્દરૂપી સર્વ શોભા માત્રના નિધાનરૂપ લક્ષ્મીનું જગજ્જનકત્વ પરમાનન્દપણું અને સર્વથી અધિક શોભા વ્યાપિ વૈકુણ્ઠમાં રહેલા નારાયણ કરે છે. તેમ શ્રીકૃષ્ણ પણ વ્રજસીમન્તિની-શ્રીગોપીજનોને પરમ આનન્દપણું, સર્વાધિક શોભા-સૌભાગ્ય વગેરે કરે છે. તે શ્રીગુણ છે. તેમ કીર્તિ સૂર્યમાં રહેલી છે કારણ કે તે સર્વ શીતળતા અન્ધકાર અજ્ઞાન વગેરે દુઃખોનો નાશ કરે છે તેમ ભગવાન્ પણ સર્વ ભક્તો જન્મોના અજ્ઞાનાદિ અનેક દુઃખોનું નિવારણ કરી સુખ આપી પોતાની કીર્તિનું સ્થાપન કરે છે. સૂર્યની પેઠે ભાગવતાદિમાં આપ પ્રકાશ પામી રહેલા છે. તે કીર્તિગુણ છે. જેમ યજ્ઞનારાયણ અધિદૈવિકરૂપે સર્વનાં કાર્ય સિદ્ધ કરે છે. દૂર રહીને જ પોતાનું માહાત્મ્ય દર્શાવે છે. તેમ મહાનુભાવી ભગવાન્ પણ

પોતાનું માહાત્મ્ય અનુભાવ દર્શાવી રહ્યા છે. એ એમનો અનુભાવી ગુણ છે, છ નારાયણ સ્વરૂપથી છ ગુણો સાથેની સમાનતા નિરૂપણ કરીને શ્રીકૃષ્ણને ધર્મરૂપે નિરૂપણ કર્યા છે. માટે પરમ નિધાનરૂપ આ શ્રીકૃષ્ણ છે. તેમનું સાવધાનપણાએ પ્રપઞ્ચને પણ વિસારીને રક્ષણ કરો એમ ગર્ગાચાર્ય મુનિએ કહ્યું. જે હાર્દને દર્શાવનારું આ નામ છે।।૪૪।।

આ પ્રમાણે નિરોધ કર્તા તરીકે ઉત્સવ સમ્બન્ધી નામોનો નિર્દેશ કરી બેઠા-બેઠા શ્રીહરિ-બાલકૃષ્ણનું થોડું-થોડું ચલન થાય તેવી લીલાનાં નામો કહે છે.

## વ્રજાંગણરિંગણજાનુચરણારવિન્દાય નમઃ ।।૪૫।।

વ્રજનાં આંગણામાં રિંગણ રમણ કરનારાં એવા જાનું અને ચરણારવિન્દ જેમનાં છે એવા વ્રજેશ્વર સૂનુને નમન.

વ્રજાંગણમાં-શ્રીયશોદાજીના આંગણામાં, રિંગણ-અલ્પગતિવાળું રમણ જેમાં છે એવા જાનુઓ તથા ચરણારવિન્દો જેમનાં છે તેવા શ્રીકૃષ્ણ. "**જાનુભ્યાં સહ પાણિભ્યામ્**" એ મૂલ શ્લોકનાં સમ્બન્ધનું આ નામ છે મૂલમાં 'રામ' અને 'કેશવ' એ પદો છે. તેથી રમણ કરાવનાર-રતિને વૃદ્ધિ કરનાર અને અત્યન્ત સુન્દર એવા એ યુગલ બાલકો છે એમ દ્યોતન કરે છે. તેમ ચરણારવિન્દ પદથી પણ ચરણકમલની અત્યન્ત કોમલતા, અને મનોહરતાનું સૂચન કરે છે, એ પ્રભુનું વ્રજના આંગણામાનું રિંગણ સર્વ રીતે અતીવ રમણીય છે. તેમાંયે વળી વચમાં-વચમાં અલ્પગતિનાં ચલનવાળું, કોઈક સમય ભૂમિમાં સૂતાં-સૂતાં જ ગતિ કરતું, કોઈ સમય ઊઠી-ઊઠીને ગતિ કરતું, વિગેરે અનેક વિધ સ્વરૂપ લાવું હાસ્ય કરતું, ક્ષણમાં વિરાજેલું, ક્ષણમાં ચલાયમાન થતું પ્રભુનું રમણ યશોદાજી વગેરેને અત્યન્ત પ્રિય લાગતું હતું. વિગેરે આશયને વ્યક્ત કરે છે।।૪૫।।

આગળ ગતિને જ્ઞાપન કરનાર નામ જણાવે છે :

## વ્રજપંકાંકલેપનાય નમઃ ।।૪૬।।

વ્રજના પંકનું લેપન જેમને અંગમાં છે. એવા વ્રજવલ્લભને અભિવન્દન.

શ્રીઅંગમાં વ્રજના પંકનું કર્દમ-કાદવનું લેપન જેમને થયેલું છે એવા આંગણામાં ખેલતા બાલકના અંગમાં પંકનું લેપન થયેલું નિરખીને આ લોકમાં સર્વને જ આનન્દ થાય. અત્યન્ત શોભાજનક લાગે. બાલકના નિર્દોષ રમણને નિહાળી લૌકિકમાં પણ કોને આનન્દ ન થાય ? તો પછી આ અલૌકિક બાલકના સમ્બન્ધથી પંકનો-કર્દમનો અંગરાગ પ્રાપ્ત થતાં અલૌકિક શોભા-દિવ્ય આનન્દ પ્રકટ થાય એમાં શું આશ્ચર્ય ? અરે કર્દમનું પણ અલૌકિકપણું સિદ્ધ થઈ ગયું. તો તેમનાં સમ્બન્ધથી અન્યના દોષ દૂર થઈ અલૌકિક બને એમાં સન્દેહ શું ? પરન્તુ

ભગવત્સમ્બન્ધ તો સર્વ પ્રકારે અપેક્ષ્ય જ છે. તે સમ્બન્ધ થયા વિના-બ્રહ્મસમ્બન્ધ સિદ્ધ થયા વિના તેમ ન જ થાય એ નિર્વિવાદ જ છે. આ નામથી 'તાવંઘ્રિયુગ્મમ્' ત્યાંથી આરમ્ભીને '**મુગ્ધસ્મિતાલ્પદશનમ્**' ત્યાં સુધીના જેટલા ગતિના વિલાસો જેટલાં મોહક માધુર્યો વિલાસાદિક સહિત સ્વરૂપો, તેટલાં બધાયે નિરૂપણ કર્યા સમજવાં. આ બન્ને નામોથી બેઠાં-બેઠાં અલ્પગતિવાળું પ્રથમ ચલન, પછી આલસથી વલન કરવું-વળવું વિગેરે સહિતનું ચલન-ચાલવું, તથા માતા સાથે નાના પ્રકારની ક્રિયાવાળું ચલન, વગેરે ત્રિવિધલીલાનું નિરૂપણ કરેલું છે।।૪૬।।

આટલાં ચરિત્રોથી ભક્તોનો નિરોધ સિદ્ધ થયો કે નહિ ? તેવી પરીક્ષા કરનાર આગળ સ્થિતિ લીલારૂપ ચરિત્ર કરેલું છે તેને સૂચવનાર નામ કહે છે :

## ભક્તપરીક્ષાપરિપાલકાય નમઃ ।।૪૭।।

ભક્તોની પરીક્ષાનું પરિપાલન કરનાર પ્રભુને પ્રણામ.

તેમને નિરોધ સિદ્ધ થયો કે નહિ તેવી રીતની ભક્તોની પરીક્ષાનું પરિ-સર્વ રીતે પાલન કરનાર રક્ષણ કરનાર. તેવા પ્રકારની લીલાથી તેવો ભાવ ઉત્પન્ન કરીને પોતે જ તેના પાલન કરનાર થાય છે. આ નામમાં ભક્તોનો તથા માતાઓનો નિરોધ જણાવ્યો છે. તેમાં 'પર્યંગ નેતિ' એ મૂલ શ્લોકમાં સ્ત્રીઓનો અને "**શૃઙ્ગ્યગ્નિ દ્રષ્ટ્રી**" એ શ્લોકમાં માતાઓનો નિરોધ દર્શાવ્યો. સ્ત્રીઓ "કૌતુકાવિષ્ટ, રસાવિષ્ટ અને કામાવિષ્ટ" એમ ત્રણ પ્રકારે છે. કૌતુકાવિષ્ટ સ્ત્રીઓ તેમનાં દર્શનમાં જ નિષ્ઠા રાખનારાં છે. રસાવિષ્ટા સ્ત્રીઓ પ્રિયનાં દર્શન, કટાક્ષ, સ્પર્શ વગેરેથી રસાવેશ પામીને સ્થિતિ કરનારાં છે, અને કામાવિષ્ટ સ્ત્રીજનો એકાકી પ્રિયતમ અહિં પધારેલા છે એમ જાણી તેમનામાં રસાવિષ્ટ થયેલાં છે. પ્રભુએ તેવાં ત્રિવિધ સ્ત્રીજનોનો નિરોધ, પોતાના સ્વરૂપે કરીને કરેલો છે. તેમની પરીક્ષાનું પાલન પણ પોતે જ કરેલું છે. એવી જ રીતે માતાઓની પણ માતૃભાવની પરીક્ષા "**નજ્જનન્યૌ શેકાતે**" "તેમની માતાઓ તેમને નિવારણ કરવાને શક્તિમાન ન થયાં" એ મૂલ વચન પ્રમાણે પોતે જ કરેલી છે. માટે સર્વ સમુદાય વાચક આ નામ કહેલું છે.

અથવા ભક્તજનોનું પરીક્ષણ-ચારે તરફથી અવલોકન કરવું. તે ભક્ત અનુરક્ત સ્ત્રીજનો સર્વ સમક્ષ કંઈ પણ કરવાને અશક્તિમાન છે. માટે એકાન્તમાં સમયનું અવલોકન જ કર્યા કરે છે. તેમનું પરિપાલન કરનાર એટલે આમતેમ આકર્ષણ કરવાના નિમિત્તે એકાન્ત કરીને તેમના મનની અભિલાષાને પૂર્ણ કરનાર એમ પણ ભાવ છે. "**યર્હ્યંગના દર્શનીય કુમારલીલા**" આ પદમાં અંગના જનોને દર્શન કરવા યોગ્ય કોટિ કન્દર્પ લાવણ્ય સ્વરૂપનાં દર્શનની અભિલાષાને પૂર્ણ કરવાનું સ્પષ્ટ સૂચન કરેલું છે।।૪૭।।

## વ્રજહીરમેણયે નમઃ ||૪૮||

**વ્રજના હીરામણીરૂપ શ્રીકૃષ્ણને નમન.**

હીરો એ મુખ્ય મણિમાં ગણાય છે. સમ્પૂર્ણ વ્રજમણ્ડલ ભૂષણ રૂપ છે. તે વ્રજભૂષણ વ્રજરૂપ અલંકારનાં હીરા મણિ રૂપ પ્રભુ છે. અલંકારના મધ્યમાં રહેલો મણિ તેમાં મુખ્ય હોય છે. તેમ સર્વ વ્રજમાં પ્રભુ મુખ્ય નાયક છે. અથવા સર્વ વ્રજના શિરોમણિ છે. તેમાંયે વળી સમસ્ત વ્રજના બાલકોમાં મુખ્ય વિરાજમાન સર્વને પ્રકાશ કરનાર આપ પ્રકટ થયા છે ''**તતશ્ચ ભગવાન્**' ત્યાર પછી ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાના સમાન વયના–મિત્રરૂપ બાલક સાથે બલરામ સહિત વ્રજાંગનાઓને આનન્દ ઉત્પન્ન કરતા ક્રીડા કરતા હતા. એ મૂલ શ્લોકના ભાવને પ્રકટનાર આ નામ છે||૪૮||

રાજકુમારપણું દર્શાવી ઉચ્છુંખલ ચરિત્ર પણ કર્યું. તે દર્શાવનાર નામ કહે છે :

## ગોકુલધૂર્તચરિત્રાય નમઃ ||૪૯||

ગોકુલમાં ધૂર્તવત્ ચરિત્ર જેમનું છે, એવા શ્રીહરિને નમસ્કાર.

ગોકુલમાં ધૂર્તના જેવું જેમનું ચરિત્ર છે. '**વત્સાન્મુઞ્ચન્**' ત્યાંથી આરમ્ભી '**એવં ધાર્ષ્ટ્યાની**' ત્યાં પર્યન્ત વાછડાઓને સમય વિના છોડી મૂકવા. ઘરમાંનાં બાળકોને જાગ્રત કરવાં. માખણ ચોરી મર્કટોને ખવરાવી દેવું વગેરે–વગેરે પ્રભુનું અત્યન્ત ચરિત્ર એક ધૂર્તના જેવું જણાય છે. પણ સ્વયં સ્વરૂપે ધૂર્ત નથી. તેમનું ચરિત્ર પણ ધૂર્ત નથી. પરન્તુ ધૂર્તના જેવું માત્ર ભાસમાન થાય છે. ધૂર્ત કોઈને છેતરે તેમાં દુઃખ થાય છે. પણ પ્રભુનાં ચરિત્રથી સર્વને આનન્દ જ પ્રકટ થાય છે. માટે તે ધૂર્તવત્ ચરિત્ર દેખાય છે. વાસ્તવિક રીતે જોતાં તે આનન્દરૂપ હોઈ ભક્તજનોને પોતાનામાં નિરોધ સિદ્ધ કરાવવા માટે છે||૪૯||

આ પ્રમાણે ધૂર્તચરિત્ર કર્યા પછી ઠપકો દેવા આવેલાં ગોપીજનો પ્રભુનાં શ્રીમુખનું અવલોકન કરતાંમાં જ સર્વ ઠપકાની વાત ભૂલી ગયાં અને મનમાં રઞ્જન પામવાં લાગ્યાં તે હાર્દવાળું નામ સૂચવે છે :

## ભક્તવશીકરણચરિત્રાય નમઃ ||૫૦||

ભક્તોને વશ કરે તેવું ચરિત્ર કરનાર વ્રજ કુમારને પ્રણામ.

સુન્દર ચરિત્રોથી કુમારાવસ્થાના ચાપલ્યથી ભક્તોના મનને રઞ્જન કરીને નન્દકુમાર તેમને પોતાના આધીન બનાવી દે છે. એમ કરીને તેમના મનનો નિરોધ કરે છે.

પોતાના ઘરના દ્રવ્યની હાનિ થાય છતાં તે તેમને વશ કરનાર કેમ નીવડે ? તે દર્શાવનાર નામ કહે છે :

## નવનીતલવાહારાય નમઃ ।।૫૧।।

નવનીતના લેશને ભક્ષણ કરનાર નવનીતપ્રિયને વન્દન.

**'સ્તેયં સ્વાદ્વત્તિ'** એ મૂલના આશય પ્રમાણે ચોરી કરેલા માખણમાંથી થોડું જે અત્યન્ત સ્વાદિષ્ટ હોય તેનું જ ભોજન કરનાર. જે ગોપીજનો નવનીત વગેરે તૈયાર કરીને જ્યારે ભગવાન્ પધારશે ત્યારે કંઈક આપીશું ! એવા વિચારથી ઘરમાં સ્થાપન કરે છે તેનું કિઞ્ચિત નવનીત આપ અંગીકાર કરે છે. અને ગોપીજનો માખણ તૈયાર રાખીને કામકાજ માટે બહાર જાય છે. તેનું નવનીત માખણ આપ અંગીકાર કરતા નથી, પરન્તુ સર્વ મર્કટને ભક્ષણ કરાવી દે છે. જેમનું થોડું નવનીત આપ સ્વીકારે છે તે કૃતાર્થ થઈ જાય છે. અને બીજી હાનિ થતી નથી. સન્તોષ પામેલા હોવાથી પ્રભુને વશ થઈ જાય છે. એથી આપનું પ્રથમ કહેલું વશીકરણ પણ સહજ સિદ્ધ થાય છે. શ્રીયશોદામાતા પાસે જઈને ઠપકો આપે છે તે તો માત્ર ઉપરનો જ દેખાવ છે.

નવનીત પ્રભુને બહુ જ પ્રિય છે કેમ કે તે કોમલ અને રસરૂપ છે. પ્રભુને જે પ્રિય હોય તે થોડામાં થોડું પણ અર્પણ કરવામાં આવે તો સફળ થાય. એમ ગોપીજનોના મનનો ભાવ છે અથવા નવનીતમાં રસરૂપતા હોવાથી તે સ્નેહરૂપ જ છે. મારા નવનીત સ્નેહનો લેશ પણ પ્રભુ અંગીકાર કરે તો પણ હું કૃતાર્થ થાઉં એમ પણ શ્રીમતી ગોપાંગનાઓનો આશય સિદ્ધ થાય છે. ધૂર્તચરિત્રથી પણ જેમને સન્તોષ થાય છે. સ્નેહ ભૂલાતો નથી. એ એમના સુન્દર સ્નેહની પરીક્ષા છે અને સ્નેહથી જ નવનીતનો સ્વાદ લેતાં પરમાનન્દ પ્રાપ્ત થતાં તે વશીભૂત બની જાય છે. એ વશીકરણ રૂપ છે એમ ઉપરનાં બન્ને નામોનો સુન્દર-સુન્દર ભાવ છે ।।૫૧।।

જ્યાં સ્નેહની ઉત્પતિ થાય ત્યાં પ્રભુને પ્રીતિ થાય છે. તે સુચક નામ કહે છે :

## દધિદુગ્ધપ્રિયાય નમઃ ।।૫૨।।

દહીં અને દૂધ બન્ને જેમને પ્રિય છે એવા કૃષ્ણને નમસ્કાર.

દૂધને તાપ આપીને ક્લેશ આપવામાં આવે છે દધિને મન્થન કરીને આપવામાં આવે છે. તે બન્ને દૂધ અને દહીં પ્રભુને માટે ક્લેશ પ્રાપ્ત કરે છે. એ તેમનામાં અસાધારણ ધર્મ રહેલો છે. તેથી તે ભગવાન્‌ને બહુ પ્રિય લાગે છે. આમ હોવાથી મારા ધૂર્તપણાથી પણ ભક્તોનો સ્નેહ જો મારામાં સ્થિર રહેશે તો પણ તે મને પ્રીતિપાત્ર બનશે એવા આશયથી પ્રભુએ ચોરી વગેરેનું ધૂર્તવત્ કાર્ય કરેલું છે. દૂધનો વિકાર રૂપાન્તર દહીં છે તેને આ નામમાં પ્રથમ મૂકીને પછી દૂધ મૂકેલું છે આથી વિકારમય સ્થિતિમાં પણ મારામાં સ્નેહ પ્રકટ થાય તો પણ મને પ્રિય બને છે એમ સૂચવ્યું।।૫૨।।

એમનો ઠપકો પણ નિરોધને જ સાધનાર છે તેનું જ્ઞાપક નામ દર્શાવે છે :

## ક્ષીરકણાવલીઢમુખારવિન્દાય નમઃ ।।૫૩।।

દૂધના બિન્દુઓનો આસ્વાદ કરનાર હોવાથી તે વાળું જેમનું મુખારવિન્દ છે એવા પ્રભુને નમન.

બાલક દૂધનું પાન કરે ત્યારે મુખ ઉપર દૂધનાં બિન્દુઓ જોવામાં આવે છે. પ્રભુનાં મુખારવિન્દ ઉપર પણ દૂધનો આસ્વાદ લેતાં બિન્દુઓ લાગેલાં જોવામાં આવે છે. દૂધપાન ચોરીથી છાનું-માનું કરે છે તો પણ દૂધવાળું મુખ પ્રત્યક્ષ જોવામાં આવતાં છતાં જાણે કંઈ જ ન કર્યું હોય એમ સાધુની પેઠે સમીપમાં ઊભા રહે છે. 'સુપ્રતીકોઽયમાસ્તે' એ શ્લોકનાં આશયનું આ નામ છે.

અથવા ક્ષીરબિન્દુઓ વડે જેમનાં મુખારવિન્દનો આસ્વાદ લેવાયો છે. જો કે ક્ષીર દૂધનો સ્વાદ ભગવાને લીધો છે, તો પણ તેના મુખારવિન્દનો સમ્બન્ધ થતાં તેનો આસ્વાદ ક્ષીરને પણ થયો છે. બિન્દુરૂપથી તેમાં ચોટીને પોતે તેના આસ્વાદ લે છે તે ભવનું અત્યન્ત ઉદ્દીપક પણ આ નામ છે.

અથવા શ્રીમુખ ઉપર દુગ્ધ બિન્દુઓના દર્શનથી એમ દર્શાવે છે કેઃ ભક્તજનોએ સર્વરસ મને જ નિવેદન કરવો જોઈએ, મને જ પાવો જોઈએ. આવા પ્રકારના પ્રભુના શોભાયુક્ત મુખારવિન્દનું અવલોકન કરવામાં તેવા પ્રકારના ભાવો હૃદયમાં ઊભરાય અને તેથી તે ભગવદીઓ પ્રભુમાં અનુરક્ત તલ્લીન બની જાય છે. ''**શ્રીમુખાલોકિનીભિ**'' એ મૂલ શ્લોકમાં તે સર્વ ગોપીજનો પ્રભુનાં શ્રીમુખનું દર્શન કરવાને પધારેલાં છે નહિ કે ઠપકો દેવાને, ઠપકો દેવાનો તો ઉપરનો જ માત્ર દેખાવ છે ।।૫૩।।

મૃત્તિકાનું ભક્ષણ કર્યું તે નામ કહે છે :

## મૃત્સ્ના-ભક્ષણ-ભીત-યશોદા-
## તાડન-સન્ત્રાસ-નયનારવિન્દાય નમઃ ।।૫૪।।

માટીના ભક્ષણથી ભયભીત થયેલાં અને યશોદાના તાડનથી ત્રાસી ગયેલાં નયનકમલ જેમનાં છે એવા શ્રીકૃષ્ણને અભિવન્દન.

'**યશોદાભયસમ્ભ્રાન્તપ્રેક્ષણાક્ષમ**' આ શ્લોકના આશયને સૂચવતું આ નામ છે. પોતે મહાપુરુષ છે. શ્રીયશોદાજી તાડન કરે તો પોતાના સ્વરૂપમાં રહેલા અનન્ત જીવોને ક્લેશ થાય તેથી મહાપુરુષનો દ્રોહ થવાથી એમને કદાપિ ભવિષ્યમાં થનારું જ્ઞાન થાય નહિ, આવો યશોદાજીના સમ્બન્ધમાં એમને ભય હતો. પ્રભુને તો કોઈનો ભય છે જ નહિ, પરન્તુ યશોદાજી અપરાધી થાય તો તે જ્ઞાનના અધિકરણી ન થાય એવા ભયથી જ માત્ર ત્રાસપૂર્વક જોવું જેમનાં નયનકમલમાં રહેલું છે. વાસ્તવિક જોતાં ભગવાન્‌ને ભય પણ નથી અને ત્રાસ પણ નથી. ભગવાન્‌ને ભય અને ત્રાસ

સહિત ઈક્ષણ કરીને તાડન કરવાની બુદ્ધિ હરી લીધી અને પ્રશ્ન પૂછવાની પ્રેરણા કરી એટલે યશોદાજીએ માટી ખાવાનો પ્રશ્ન પૂછ્યો એમ શ્રીસુબોધિનીકાજીકાર આજ્ઞા કરે છે. મૃત્તિકાના ભક્ષણની વિહ્વલતાને સૂચન કરનાર આ નામ છે।।૫૪।।

માતાના વાક્યને સાંભળી મેં માટી ખાધી નથી એમ આપનું કથન થયું છે એ આશયને સૂચન કરતું નામ દર્શાવે છે :

## સર્વવિમોહકાય નમઃ ।।૫૫।।

સર્વને વિશેષ મોહ કરનાર પ્રભુને પ્રણામ.

ભગવાને સત્ય જ કહ્યું કે મેં માટી ખાધી નથી પણ તેમના સ્વરૂપનું કોઈને પણ જ્ઞાન થયું નહિ. મેં માટી ખાધી નથી પણ આ બાલકોએ માટી ખાધી છે. એ સર્વે મારા સમ્બન્ધ મિથ્યા ભાષણ કરે છે. આમ કહેવું સર્વથા સત્ય છે. ભગવાન્ કોઈ પણ વસ્તુના ભોક્તા થતા નથી. મેં ખાધું કે ભોગવ્યું, એ પ્રભુને નથી તો તે નિવેદનથી જ સન્તુષ્ટ થાય છે. ''**યસ્ય બ્રહ્મ ચ ક્ષત્રમ્**' 'અત્તા ચરાચરગ્રહણાત્' ભુક્તે વિશ્વભુક'' આ શ્રુતિસુત્રનાં વાક્યો બ્રહ્મને ભોક્તા-અત્તા-ભોગવનારા ખાનાર એમ પ્રતિપાદન કરે છે, પણ તે વાક્યો અક્ષર બ્રહ્મ પરત્વે છે. પુરાણ પુરુષોત્તમ સમ્બન્ધમાં તો નિવેદન જ મુખ્ય છે. નિવેદન કરવાથી જ સર્વ અંગીકાર કરી નિજજનોને પ્રસાદનું નિજ અધરામૃતનું દાન કરે છે. પ્રભુના આવા જ્ઞાનનું તેમને સ્ફુરણ ક્યાંથી ? કારણ કે આપે જ તેમને વિશેષ મોહયુક્ત કરી દીધાં છે।।૫૫।।

''**સમક્ષં પશ્ય મે મુખમ્**'' પ્રત્યક્ષ મારા મુખને જુઓ એ આશયનું નામ નિરૂપણ કરે છે :

## માહાત્મ્યપ્રદર્શકાય નમઃ ।।૫૬।।

માહાત્મ્યને દર્શાવનાર ભગવાનને વન્દન.

નિરોધ સિદ્ધ કરવાને આપે સર્વ ચરિત્રો કરેલાં છે. પરન્તુ દુષ્ટ આશય આવી જાય તો નિરોધ સિદ્ધ ન થાય. તેથી વિશ્વનું દર્શન પોતાના મુખારવિન્દમાં કરાવીને પોતાનું માહાત્મ્ય દર્શાવ્યું એટલે શ્રીયશોદાજીના ચિત્તમાં ઉત્પન્ન થયેલો દોષ માહાત્મ્ય દર્શાવીને દૂર કર્યો તે આ નામ સિદ્ધ કરે છે ।।૫૬।।

તેવાં દર્શન કરીને જેવું જ્ઞાન થયું તેવું નામ પ્રકટ કરે છે :

## પરબ્રહ્મત્વબોધકાય નમઃ ।।૫૭।।

પરબ્રહ્મપણાનો બોધ કરનાર ભગવાનને નમસ્કાર.

વિશ્વરૂપનું દર્શન કરી બાલક શ્રીકૃષ્ણ ઉપર પરબ્રહ્મ ભાવ શ્રીયશોદાજીને સિદ્ધ થયો. માતાને પરબ્રહ્મપણાના બોધક પોતે જ થયા છે, તેમને સ્વતઃજ્ઞાન થયું નથી. જો એમ ન માનવામાં આવે તો જ્ઞાન ઉત્પન્ન થયા પછી સ્નેહનો અંગીભૂત મોહ

ન સમ્ભવે. માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સ્નેહ જ ભક્તિ છે. એમ હોવાથી માહાત્મ્ય તો યથાસ્થિત જ્ઞાનને જ ગણાય એમ ભાવ છે. ભગવાને પ્રકટ કરેલું માહાત્મ્ય જ્ઞાન જ શ્રેષ્ઠ છે. તે જ સર્વોત્તમ જ્ઞાન છે. તેવું જ્ઞાન સ્વકીયને જ થાય છે. અન્યને પ્રભુબલ વિના પ્રમાણબલથી પ્રાપ્ત થયેલું જ્ઞાન પરોક્ષજ્ઞાન છે. તે વિપરીત થઈ જતાં પોતાનામાં જ આત્મપણું અહંભાવ ઉત્પન્ન કરાવે છે. પૂર્વોક્ત ભગવત્કૃપાએ પ્રાપ્ત થયેલું જ્ઞાન જ અત્યન્ત યોગ્ય છે. ગીતામાં ભગવાને '**મય્યાવેશ્ય મનો યે મામ્**'' ત્યાંથી આરમ્ભી ''**યે તુ સર્વાણિ કર્માણિ**'' એ શ્લોક સુધી સ્પષ્ટ રીતે ઉપદેશેલું છે કે : પરોક્ષ જ્ઞાનથી અવ્યક્ત બ્રહ્મસ્વરૂપમાં આસક્તિ થતાં અધિકતર અત્યન્ત ક્લેશનો અવકાશ છે. પરન્તુ પ્રભુમાં મનને પરોવી નિરન્તર પરમ શ્રદ્ધાપૂર્વક મનને સેવે છે, તે જ પરમ ભક્તિયોગવાન કહેવાય છે. સર્વ કર્મ મને સમર્પણ કરીને મારે પરાયણ રહીને અનન્ય ભક્તિયોગથી મારું ધ્યાન કરતા મારી સેવા કરે છે તેમનો ઉદ્ધાર કર્તા હું થાઉં છું. એમ ભગવત્સેવાથી કૃપા પ્રાપ્ત કરીને સમ્પાદન કરેલું જ્ઞાન જ ભગવદ્ભાવ સ્થિર કરે છે, પરબ્રહ્મત્વનો બોધ-પ્રકાશ આપે જ કરેલો છે, તે તાત્પર્યને વ્યક્ત કરતું નામ છે।।૫૭।।

ભગવાને બ્રહ્માનન્દ કરતાં ભજનાનન્દ મહાન છે. તેથી ભક્તિ સિદ્ધ થવા માટે જ યશોદાજીને પરબ્રહ્મનું જ્ઞાન કરાવી પુનઃ મોહાસક્ત કરી દીધાં તે આશયને જણાવનારું નામ છે.

## સર્વજનોનમાહાત્મ્યાય નમઃ ।।૫૮।।

સર્વજનોથી ગાન કરવામાં આવે એવું જેમનું માહાત્મ્ય છે એવા શ્રીકૃષ્ણને નમન.

''**ઇત્થં વિદિતતત્ત્વાયા**'' ત્યાંથી આરમ્ભી ''**હરિં સા મન્યતાત્મજમ્**'' આ શ્લોક પર્યન્તના તાત્પર્યને દર્શાવનારું આ નામ છે. ઋગ્, યજુઃ અને સામ એ વેદત્રયી ઉપનિષદ્ સાઙ્ખ્ય-યોગ, શૈવ-વૈષ્ણવ આદિ સર્વજનોએ જેમનું યશોગાન ગાયું છે. એવા માહાત્મ્યવાન પુત્રને યશોદાજી માનવા લાગ્યા તેથી પ્રભુએ પોતાની આધિદૈવિક સ્નેહમયી ભક્તિભાવવાળી માયાનો વિચાર કરી તેમને મોહાસક્ત કર્યા એ સિદ્ધ જ થઈ જાય છે।।૫૮।।

માતાની સંસારાસક્તિ દૂર કરવાને જે કર્યું તે ચરિત્ર કહે છે :

## દધિભાણ્ડભેત્ત્રે નમઃ ।।૫૯।।

દહીંની ગોળીને ભાંગનાર ભગવાનને વન્દન.

પ્રથમ 'ક્ષૌમં વાસ' એ શ્લોકમાં યશોદાજીની મહાન સંસારાસક્તિનું સૂચન કર્યું. તેના નિવારણ કરવાને સ્તનપાનની કામના કરતાં પોતાનામાં પ્રીતિ થાય તેમ કર્યું. દહીં વલોવવાના દંડને ઝાલી નિષેધ કરવા લાગ્યા, એટલે શ્રીયશોદાજી સ્તનપાન

કરાવવા લાગ્યા તે સમયે મુખકમલ નીરખવામાં સંસારાસક્તિ દૂર થઈ. તેવામાં ચુલા ઉપર મૂકેલું દૂધ ઉભરાવા લાગ્યું એટલે અતૃપ્ત પ્રભુને વિસારી દૂધ ઉતારવા ચાલ્યાં ગયાં તેથી પ્રભુને કોપ થયો. પ્રથમ દધિમન્થનનું કાર્ય ત્યજીને સ્વીકાર કર્યો તેમ હમણાં ન કર્યું એ મનમાં આવેશ થયો તેથી દધિમન્થનના પાત્રને ભાંગી નાખ્યું. **''લોકાર્થી ચેદ્ ભજેત કૃષ્ણં ... લોકો નશ્યતિ સર્વથા''** એ મહાપ્રભુજીના વાક્ય પ્રમાણે લૌકિકમાં આસક્તિ વિશેષ રાખે તો તે પ્રભુથી સહન થતું નથી તેનું લૌકિક નષ્ટ કરે છે. આમ માતાનું લૌકિક–દૂધનાં કરતાં પણ જેને જીવની માફક સાચવી રાખતાં તે જ વસ્તુ દધિ વગેરેનો નાશ કર્યો. વળી દધિમંથન કરી ઉત્પન્ન થયેલું નવનીત પણ અન્તગૃહમાં ગુપ્ત રાખતાં એટલે સર્વથા માતાને ગૃહમાં જ આસક્તિ છે. પોતાના ભજનમાં આવી ગૃહાસક્તિ થાય તે પ્રભુથી શી રીતે સહી શકાય ? તેથી દધિમન્થન પણ ભાંગ્યુ તેવા શ્રીકૃષ્ણ પ્રભુ।।૫૯।।

અતૃપ્ત પ્રભુને છોડી ગયાં, એ પ્રકટ દોષ થયેલો છે. તો પણ તેમનો નિરોધ તો કરવો જ જોઈએ. સ્નેહનો વિનિયોગ પ્રભુમાં થાય તો જ દોષ દૂર થાય. માટે અન્તગૃહમાં પ્રવેશ કરીને સ્નેહરૂપી નવનીત ખાધું એને અનુસરતું નામ આપે છે :

## ચૌર્યવિશંકિતેક્ષણાય નમઃ ।।૬૦।।

ચોરીના કર્મથી શંકાયુક્ત જેમનું નેત્ર છે તેવા નવનીત પ્રિય પ્રભુને પ્રણામ.

લોકદષ્ટિમાં ભગવાને નવનીતની ચોરી કરી છે એમ દેખાય છે. ખરું જોતાં તેમ નથી. ચોરી તો માતૃચરણ યશોદાજીએ જ કરી છે. કારણ કે પ્રભુ જે ઉપર બહુ જ પ્રીતિ કરે છે તેવું નવનીત જે સ્નેહરૂપ છે તેને ભગવાન્ ન જાણે તેમ ગુપ્ત રાખ્યું. તેમને આપ્યું નહિ. એટલે નવનીતનું ભક્ષણ કરીને માતાના સ્નેહને પોતાના તરફ દોર્યો. એમ કરવાથી દોષની નિવૃત્તિ થતાં પુત્રને ખાંડણીયા ઉપર ચડેલા જોઈ માતાને ક્રોધ ઉત્પન્ન ન થતાં હાસ્ય થયું. તામસના આવેશથી સમ્પાદન કરેલું નવનીત હતું તે નહિ સ્વીકારતાં મર્કટોને આપ્યું. આ રીતે માતાના દોષને દૂર કરવા છતાં સર્વથા તેમનો દોષ દૂર થયો નહિ. તેથી લૌકિક દષ્ટિથી પ્રભુને શિક્ષા કરવાની બુદ્ધિ થઈ. ઉલૂખલ સાથે બાંધવા માંડ્યા, પરન્તુ વારંવાર દોરડું બે આંગળ ઓછું ને ઓછું જ થવા લાગ્યું. એમ કરીને ભગવાને પોતે બન્ધન રહિત છે એમ દર્શાવ્યું. તે રહસ્યનો સ્ફોટ કરતું આ નામ છે।।૬૦।।

માતાને પોતાનું બન્ધન કરવામાં બહુ જ શ્રમ થયો જાણી પોતે જ કૃપા કરીને બંધાઈ ગયા. તે તાત્પર્યને કથન કરતું નામ ઉપદેશે છે :

## ભક્તાધીનાય નમઃ ।।૬૧।।

ભક્તાધીન ભગવાનને નમસ્કાર.

પ્રભુએ જાતે જ બન્ધન પ્રાપ્ત કરીને ભક્તાધીન દેખાડી આ નામ તે તત્ત્વને પ્રકટ કરનાર છે।।૬૧।।

## દામોદરાય નમઃ ।।૬૨।।

દોરડું જેમનાં ઉદરમાં છે એવા શ્રીદામોદરને વન્દન.

''એવં સન્દર્શિતા હ્યન હરિણા ભક્તવશ્યતા'' એ શ્લોકમાં દર્શાવ્યા પ્રમાણે પ્રભુએ દોરડાંથી બંધાઈને હું ભક્તને વશ છું એમ દર્શાવ્યું. સર્વને બન્ધનથી છોડાવનાર છતાં મારા ઉપર અત્યન્ત કૃપા કરીને પોતે બન્ધન સ્વીકારે છે. આવી કૃપા શિવવિરઞ્ચિ-બ્રહ્માદિ દેવોએ પણ પ્રાપ્ત કરી નથી તે આ ગોપી પ્રાપ્ત કરે છે. એ તેમનું અહોભાગ્ય છે. પ્રભુને થયેલું દોરડાનું બન્ધન પણ તેમને કીર્તિરૂપ-કીર્તિને વધારનારું જ બન્યું-પરમ શોભારૂપ થયું. લોકમાં દામ જેમના ઉદરમાં છે એવા દામોદર ભગવાન્, એ નામથી તેમનું સર્વત્ર યશોગાન થવા લાગ્યું।।૬૨।।

પ્રભુને આધીન કરી યશોદાજી ગૃહકાર્યમાં વ્યગ્ર થઈ ગયાં. તે દોષને દૂર કરવા આગળનું ચરિત્ર કરેલું છે, તે ચરિત્રદર્શક નામ કહે છે :

## યમલાર્જુનભઞ્જનાય નમઃ ।।૬૩।।

યમલાર્જુન નામના વૃક્ષોને ભાંગનાર ભગવાનને નમન.

કુબેર પુત્ર ગુહ્યકો સંસારાસક્ત થઈ, મદાવિષ્ટ થયા હતા. તેમના એ દોષથી તેઓ વૃક્ષપણાને પામ્યા, જેમના દોષોને દૂર કરવા-પોતાના તરફ તેમની વૃત્તિ થાય-નિરોધ સિદ્ધ થાય માટે આ ચરિત્ર કરેલું તે આશયને વ્યક્ત કરતું આ નામ છે।।૬૩।।

ભગવાન્ ભક્તોનો ઉદ્ધાર કરવાને પ્રકટ થયા છે. એટલે તે કાર્ય આપને કરવું જ રહ્યું. તેમ ભક્ત નારદજીની વાણીને પણ પૂર્ણ કરવી જ જોઈએ તો તે અર્થનું સમર્થન કરનાર નામ જણાવે છે :

## ભક્તવાક્યપરિપૂરકાય નમઃ ।।૬૪।।

ભક્તના વાક્યને પરિપૂર્ણ કરનાર નન્દકુમારને નમસ્કાર.

ભક્તશ્રેષ્ઠ નારદજીએ ગુહ્યકોને શાપ આપી વૃક્ષ બનાવ્યા અને તેમને શાપમુક્તિ પ્રભુથી જણાવી, તો તે પોતાના પરમભક્ત નારદજીની વાણી આપે પરિપૂર્ણ કરવી જ જોઈએ એમ જાણી વૃક્ષોનો ભંગ કર્યો. અને ભક્તની વાણીનું પાલન કરી ભક્તાધીનતા જણાવી।।૬૪।।

કુબેરના પુત્રોનો ઉદ્ધાર કર્યા પછી કદાચ તેમની સ્થિતિ પૂર્વના જેવી જ રહે એમ સન્દેહ થાય તેનું નિવારણ કરવા પૂર્વાવસ્થાના અભાવનું સૂચન કરનાર નામનો નિર્દેશ કરે છે :

## ભક્તિદાત્રે નમઃ ||૭૫||

ભક્તિનું દાન કરનાર પ્રભુને પ્રણામ.

"**વાણી ગુણાનુકથને**" એ મૂલના શ્લોક પ્રમાણે યક્ષોએ પ્રભુની પ્રાર્થના કરી કે : "અમારી વાણી આપના ગુણાનુવાદ ગાનારી હો. કાન આપની કથામાં તત્પર હો. વગેરે દરેક ઈન્દ્રિયો આપનાં જ કર્મમાં તલ્લીન થાઓ" એટલે પ્રભુએ "સઞ્જાતો મયિ ભાવો ધામ્" મારે વિષે તમને ભાવ થાઓ એમ તેમને આજ્ઞા કરી ભક્તિનું દાન કર્યું. તે ભાવ સ્પષ્ટ કરનારું આ નામ છે||૬૫||

પ્રથમ યશોદાજીના બન્ધનમાંથી મુક્તિ કહી. એ બન્ધન પણ આપની ઈચ્છાથી પ્રાપ્ત કરેલું, અને બન્ધન મુક્ત પણ આપ સ્વેચ્છાથી જ થયા છે. ભગવાનને બન્ધન કેમે કર્યું ઘટતું નથી. પ્રભુને બન્ધનનો સર્વથા અભાવ જ છે. એમ દર્શાવતું નામ જણાવે છે :

## સર્વેશ્વરાય નમઃ ||૭૬||

સર્વના ઈશ્વર પરમેશ્વરને અભિવન્દન.

સર્વના ઈશ્વર, સામાન્યપણે સર્વના નિયન્તા, સર્વના પ્રેરક પ્રભુ છે. તેમાંય વળી શ્રીમદ્‌ગોકુલમાં તો આપ સાક્ષાત્ પધારીને તેવાં-તેવાં ચરિત્રો કરવા માટે તેવી-તેવી પ્રેરણા કરનાર પોતે જ રહેલા છે. એટલે આપને અન્યકૃત બન્ધન છે જ નહિ||૬૬||

વળી બન્ધન પણ લોકવત્ ન હતું. રૂપાત્મક જ હતું. એટલે આત્માથી આત્માનું બન્ધન હોય જ નહિ તે સ્પષ્ટ કરે છે :

## સર્વાય નમઃ ||૭૭||

સર્વના ઈશ્વર-પરમેશ્વરને અભિવન્દન.

સર્વ સ્વરૂપ પ્રભુ પોતે જ છે, એ ન્યાયે દામ પણ આપ પોતે જ છે એટલે કોનાથી બન્ધન હોય ? "**કૃપયાસીત્ સ્વબન્ધન**" એ મૂલના વાક્યને અનુસરી ભગવાન્ શ્રીકૃષ્ણ આપની કૃપાથી જ યશોદાજીના બન્ધનને સ્વીકારી સ્વતઃ જ મુક્ત થયા છે. કેમ કે પોતે સર્વરૂપ છે સર્વના નિયામક છે||૬૭||

શ્રીનન્દરાયજીનો નિરોધ પણ કરવો જ જોઈએ. એમ વિચારીને તેમનામાં પ્રેરણા કરી તે દ્વારા બન્ધન મુક્ત થયા તે નામ કહે છે :

## નન્દવિમોચિતબન્ધનાય નમઃ ||૭૮||

શ્રીનન્દરાયે જેમનું બન્ધન મુક્ત કર્યું છે. એવા શ્રીકૃષ્ણને નમન.

કોણે આવું બન્ધન કર્યું ? કોનું આવું કઠોર કર્મ ? એમ પશ્ચાતાપ કરતા

નન્દરાયજીએ સત્ત્વર પ્રભુના બન્ધનને મુક્ત કર્યું, છોડી નાખ્યું, આ વિપરીત જોવામાં આવે છે. ભગવાને પોતાની મેળે પ્રાપ્ત કરેલા બન્ધનને પોતે જ છોડી શકે અન્ય નહિ. એટલે નન્દરાયજીએ પોતાના સંસારનું જ બન્ધન માયાનું બન્ધન મુક્ત કર્યું છે. ।।૬૮।।

આગળ ચરિત્રનો વિસ્તાર કરવા માટે અન્ય ગોપોનો પણ નિરોધ સિદ્ધ કરેલો છે. તેવું નામ કહે છે :

## ઉપનન્દપ્રિયાય નમઃ ।।૬૯।।

ઉપનન્દને પ્રિય પ્રભુને પ્રણામ.

ઉપનન્દગોપ સર્વ ગોપોમાં વૃદ્ધ હતાં જેમાં નન્દરાયજી તેમ ઉપનન્દ પણ મહાન પ્રશસ્ત પ્રસિદ્ધ હતા. તેમનો પણ પ્રેમ પ્રભુમાં અપૂર્વ હતો માટે તે ગોકુલમાં અનેક ઉત્પાતો થતા જોઈ ‘‘**ઉત્થાતવ્યમ્ ઈતો અસ્માભિઃ**’’ એ શ્લોકના કથન પ્રમાણે ગોકુલમાંથી વૃન્દાવનમાં જવાની સલાહ કરવા લાગ્યા. વિશાલવનમાં ક્રીડા કર્યા પછી વૃન્દાવનમાં ક્રીડા કરવાની આપને ઈચ્છા થઈ. એટલે ભગવાને જ ઉપાનન્દ ગોપમાં પ્રેરણા કરી. તેમના દ્વારા વૃન્દાવનમાં પ્રવેશ કરવા લાગ્યા.

વૃન્દાવનમાં ગમન કરતાં તે સમયનું નામ દર્શાવે છે :

## માતૃરુત્સંગતાય નમઃ ।।૭૦।।

માતાના ઉત્સંગમાં રહેલા-યશોદોત્સંગલાલિતને નમસ્કાર.

ગોકુલમાંથી વૃન્દાવન તરફ જતાં ‘‘**તથા યશોદારોહિણ્યૌ**’’ એ શ્લોક પ્રમાણે કૃષ્ણ અને બલરામને ઉત્સંગમાં લઈને તેમની કથાને શ્રવણ કરવામાં ઉત્સુક યશોદાજી અને રોહિણી બન્ને એક જ શકટ-ગાડામાં બેઠેલા શોભતાં હતાં એ પ્રસંગને અનુકૂલ આ નામ છે।।૭૦।।

ત્યાંથી આગળ જતાં સામાન્ય લીલાનું જ્ઞાપન કરનાર નામ કહે છે :

## વૃન્દાવનક્રીડારતાય નમઃ ।।૭૧।।

વૃન્દાવનની ક્રીડામાં રત-આનન્દ મેળવનાર વૃન્દાવનવિહારીને અભિવન્દન.

‘**વીક્ષ્યાસીદ્ ઉત્તમા પ્રીતિઃ**’ વૃન્દાવનને નિહાળી આપ શ્રીકૃષ્ણ અને બલરામને તેના ઉપર ઉત્તમ પ્રીતિ થવા લાગી એ આશયનું નામ છે।।૭૧।।

વૃન્દાવનની લીલામાં પ્રથમ વત્સચારણ પ્રસંગ આવે છે. તે નામ કહે છે :

## વત્સવાટચરાય નમઃ ।।૭૨।।

વત્સોને વાટમાં ચરાવનાર વત્સપાલ પ્રભુને પ્રણામ.

જેમાં વ્રજ વસનારા સર્વ માતા-પિતા વગેરે જોઈ શકે તેમ વ્રજસમીપની

ભૂમિના માર્ગમાં આ વત્સચારણ લીલા કરતા હતા "**અત્રાવિદૂરે વ્રજભુવઃ**" ત્યાંથી આરમ્ભી "**ચેરતુઃ પ્રાકૃતૌ યથા**" તે શ્લોક સુધીમાં સર્વ ક્રીડાઓનું અનુસન્ધાન આ નામમાં રહેલું છે. જો કે આ ક્રીડા બાલકોનું રઞ્જન કરવા તેમના દોષોને દૂર કરવા કરેલી હતી. છતાં વ્રજવાસીઓનાં દેખતાં કરેલી હોવાથી તેમનો પણ નિરોધ કરેલો છે. એમ આશય આ નામનો છે।।૭૨।।

પાલનીયપશુઓના દોષોને વિદારણ કરનારું નામ નિરૂપણ કરે છે :

## વત્સાસુરહન્ત્રે નમઃ ।।૭૩।।

વત્સાસુરનો વધ કરનાર વિભુને વન્દન.

જે લૌકિક જીવો હોય તે જ લૌકિક પશુઓને ચરાવે. ભગવાન્ તો અલૌકિક છે. તે તો નિર્દોષ પશુઓને, નિર્દોષ જીવોને પણ પાલન કરે છે. એટલે સર્વ વત્સોનો જે આસુરભાવ તે જ વત્સાપુર દૈત્ય રૂપે થયેલો હતો. તેનો વધ કરીને વત્સોનાં અન્તરમાં રહેલો આસુરભાવ દૂર કર્યો છે।।૭૩।।

પોતાના ચરિત્રથી બાલકોને પ્રપઞ્ચ રહિત બનાવી તેમના દમ્ભ દોષરૂપ બકાસુર, જેની બન્ને ચાંચો લોભ અને અસત્યરૂપ હતી તેને માર્યો તે નામનો ઉલ્લેખ કરે છે :

## બકવિદારણાય નમઃ ।।૭૪।।

બકાસુરને વિદારનાર બકારિને નમન.

આ પ્રમાણે લૌકિક અને અલૌકિક એમ ઉભય ચરિત્રનું દર્શન કરવાથી તેમનો મહિમા જાણવાથી આશ્ચર્ય રસમાં નિમગ્ન થઈ ગયેલા સર્વ ભાગ્યવન્ત શ્રીગોપગોપી જનોના દમ્ભ, લોભ અને અસત્યનું નિવારણ કરીને તેમને ભગવાન્‌માં પોતાના પર-પરાયણ બનાવ્યાં. તેથી તેમનાં સર્વ સંસારના તાપોની પરમ શાન્તિ થઈ. "**ઇતિ નન્દાદયો ગોપાઃ**" એ શ્લોકમાં નન્દરાયજી વગેરે ગોપગોપીજન શ્રીકૃષ્ણ અને બલરામની કથાઓને પ્રસન્ન થઈ કથન કરતા રમતા-આનન્દ કરતા સંસારની વેદનાને ભૂલી જવા લાગ્યા।।૭૪।।

હવે "**નિલાયનૈઃ સેતુબન્ધૈ**" ઇત્યાદિ શ્લોકમાં કહેલી કુમાર લીલાને અહિં બંધ રાખીને પૌગણ્ડ લીલા પ્રકટ કરી, તે બારમા અધ્યાયનાં નામોનું નિરૂપણ કરતાં પ્રથમ વૃન્દાવનના દૈત્ય સમ્બન્ધથી થયેલા દોષને નિવારણ કરવાનું સૂચન કરનાર નામ કહે છે :

## વૃન્દાવનચારિણે નમઃ ।।૭૫।।

વૃન્દાવનમાં વિચરનાર વિભુને નમસ્કાર.

‘‘**વૃન્દાવનં પુણ્યમતીવ ચક્રતુઃ**’’ આ મૂલ શ્લોકના વચનથી પોતાના ચરણકમલના સમ્બન્ધથી વૃન્દાવનને પુણ્યવાન્‌-લીલા યોગ્ય કરીને ‘‘**અહો અમી દેવવર**’’ વગેરે શ્લોકોથી બલભદ્રને બોધ કરતાં દશ રસસહિત સુન્દર ક્રીડા ભગવાને કરેલી છે, તેથી ‘વૃન્દાવનમ્‌’ અહિંથી આરમ્ભી ‘‘**એવં નિગૂઢાત્મગતિઃ**’’ ત્યાં સુધીનું આ નામ નિરૂપણ કર્યું એમ જાણવું।।૭૫।।

જ્યાં સુધી હું, મારો દેહ, એમ થતો દેહાધ્યાસ ન જાય ત્યાં સુધી નિરોધ થઈ શકે નહિ. તેથી તેનું નિરાકરણ કરનાર નામ કહે છે :

## ધેનુકાસુરખણ્ડનાય નમઃ ।।૭૬।।

ધેનુકાસુરને ખણ્ડન કરનાર પ્રભુને પ્રણામ.

ધેનુકાસુર દૈત્ય એ દેહાધ્યાસ રૂપ છે. એટલે ધેનુકાસુરનું ખણ્ડન કરીને-વિનાશ કરીને વ્રજવાસી જનોનો દેહાધ્યાસરૂપ દોષ જ દૂર કરેલો છે. તેમ કરવાથી તેમનો દેહાધ્યાસ નાશ પામ્યો. તેમને ભગવાનનો જ સતત અધ્યાસ થવા લાગ્યો. તેથી પ્રભુમાં નિરોધ સિદ્ધ થવામાં સરલતા થઈ।।૭૬।।

અધ્યાસ નષ્ટ થતાં ફલપ્રાપ્તિ થવી જોઈએ. તો તે સૂચક નામ જણાવે છે :

## ઉત્તાલતાલભેત્ત્રે નમઃ ।।૭૭।।

ઊંચા તાલ શબ્દ કરવામાં આવે તેમ તાલ વૃક્ષોને ભાંગી નાખનાર ભગવાનને અભિવન્દન.

ઊંચા તાલવાળા જે તાલવૃક્ષો, વા ઊંચે ગયેલો તાલ શબ્દ જે ક્રિયામાં થાય છે તેવા, અથવા ઊંચે ગયેલા તાલ શબ્દ જેમ થાય તેમ તાલ-તાડ વૃક્ષોને તોડનાર આ પ્રમાણે કહીને માત્ર ધેનુકાસુરને જ નહિ પરન્તુ બીજા તેના બહુ સાથીઓનો પણ નાશ કર્યો એમ સૂચન કરે છે. તે સર્વનું તાડન તાડવૃક્ષ ઉપર જ થયેલું. તેમનાં સમ્બન્ધથી જ સર્વ તાડનાં ઝુંડના ઝુંડ પડ્યાં, માટે તાડોને ભેદનાર એમ કહે છે .।।૭૭।।

તેમ કરવાથી સર્વને સુખ થયું. તે અર્થને સૂચવતું નામ દર્શાવે છે :

## સર્વપ્રાણિસુખસઞ્ચારકર્ત્રે નમઃ ।।૭૮।।

સર્વ પ્રાણી માત્રને સુખનો સઞ્ચાર કરનાર અસુરારિને નમસ્કાર.

તે તાલવન સુન્દર તૃણ-લતા-તરુ-ફલ વગેરેથી ભરચક હતું, પરન્તુ ધેનુકાસુરના ભયથી ત્યાં કોઈ પણ જઈ શક્તું નહિ. પ્રભુએ તેનો સંહાર કર્યો કે સર્વ પ્રાણીઓ માત્ર તેમાં સુખથી સઞ્ચાર કરવા લાગ્યા. ‘**તૃણં ચ પશવશ્ચેરુર્હત-ધેનુકકાનને**’ ધેનુકાસુરનો સંહાર થયાથી તે વનમાં સર્વ પશુઓ તૃણ ચરવા લાગ્યા.

આ આશયને અનુસરતું આ નામ છે.।।૭૮।।

દિવસે વનમાં લીલા કરીને સાયંકાલે પ્રભુ વ્રજમાં પધારે છે. એ તાત્પર્યને પ્રકટ કરનાર નામ કહે છે :

## ગોકુલસુખવાસાય નમઃ ।।૭૯।।

ગોકુલમાં સુખપૂર્વક વાસ કરનાર ગોકુલેશ્વરને વન્દન.

''**કૃષ્ણઃ કમલપત્રાક્ષઃ**'' કમલદલસમાન નયનધારી જેમનું શ્રવણ કીર્તન પુણ્ય-પરમ-પાવનરૂપ છે. એવા અનુસરનારા ગોપબાલકોથી સ્તુતિ કરાતા ભગવાન્ શ્રીકૃષ્ણ બલરામ સહિત વનમાંથી વ્રજમાં પધાર્યા. ''આ શ્લોકમાં કથન કર્યા પ્રમાણે દિવસે વૃન્દાવનમાં અને રાત્રિએ ગોકુલમાં પ્રભુનો નિવાસ છે. એમ આ નામથી સ્પષ્ટ કર્યું.।।૭૯।।

જે લીલા સર્વ રસમય છે-રસ સ્વરૂપ છે અને જે પુરુષાર્થરૂપ છે. તે-તે લીલાઓ ગોપબાલકો સાથે પ્રભુએ વનમાં પ્રકટ કરી છે. ગોકુલસ્થ ભક્તજનો-ગોપીજનોએ તે લીલાનું દર્શન કર્યું નથી. પરન્તુ ભગવાન્ જ્યારે વનમાંથી ગોકુલમાં પધારતાં, તે સમયે તેમનાં સ્વરૂપમાં જ તે-તે લીલાઓનો અનુભવ તેમને થતો, એટલે ગોકુલસ્થ ભક્તોને થતો હતો. જેથી તે રસમય લીલાનું જ્ઞાપન કરનાર પ્રથમ પુરુષાર્થરૂપ નામ નિવેદન કરે છે :

## ગોરજઃચ્છુરિતકુન્તલાય નમઃ ।।૮૦।।

ગાયોના રજથી વ્યાપ્ત કેશધારી ગોપબાલને નમન.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થો આ નામમાં યોજેલા છે. ગાયો ધર્મ છે. રજ-રજોગુણ એ અર્થ છે, તે રજની વ્યાપ્તિ કામ છે અને અલક-કેશ એ મોક્ષરૂપ છે. તે મોક્ષસ્થાનીય કેશમાત્ર સત્યનું જ અવલમ્બન કરનારા છે. ધર્મ, અર્થ, કામ સહિત હોય તેનો જ મોક્ષ થાય. એમ દર્શાવવા માટે તે સર્વની એક વાક્યતા કરી છે.

વળી કુન્તલો કામરૂપ છે. રજ એ રજોગુણ છે. અને ગાયો રસપોષક અનુભાવ છે. તેથી પુષ્ટ થતો શૃંગારરસ નિરૂપણ થાય છે. મયૂરપિચ્છ તથા તેનું બન્ધન એ વીર, અને અદ્‌ભુતરસ વનમાં પ્રકટેલાં પુષ્પોનો સમ્બન્ધ એ ભયાનક અને હાસ્યરસ, પ્રભુનાં સુન્દર નયનકમલ એ કરુણરસ, મનોહર મન્દહાસ્ય એ રૌદ્રરસ તથા વેણુનાદ શાન્તરસ ઉપજાવે છે. વળી બ્રહ્માનન્દને પ્રકટ કરતાં અનુસરનારા સેવકોએ જેમનું યશોગાન ગાયું એ ભક્તિરસને પ્રકાશ કરે છે. એ પ્રમાણે સર્વ રસયુક્ત રસઘન ભગવાનૂનું શ્રીગોપીજનો દર્શન કરે છે. તે ભાવ અહિં સ્ફૂરે છે. ।।૮૦।।

આ પ્રભુ તેવા સર્વ રસમય થઈને વેણુનાદ કરે છે, ત્યારે સર્વ ભક્તજનો વશીભૂત થઈ જાય છે, તેવું નામ જણાવે છે :

## વેણુવાદવિશારદાય નમઃ ||૮૧||

વેણુને વગાડવામાં પ્રવીણ પ્રભુને પ્રણામ.

વેણુનાદ કરવામાં સાત સ્વરો સહિત તાન-મૂર્છનાયુક્ત પ્રભુ ગાન કરે છે તેથી **''ગાયન્તં સ્ત્રિય કામયન્તે''** સ્ત્રીઓ ગાનારની કામના કરે છે. એમ સ્વાભાવિક દૃષ્ટિગોચર થાય છે એટલે ગાન કરવાથી શ્રીગોપીજનો વશ બને એ સહજ છે. તેમ કરીને તેમનો નિરોધ પોતામાં સિદ્ધ કર્યો છે-તેમની મનોવૃત્તિઓને પોતાનામાં ખેંચી છે.

વેણુ વગાડવામાં વાક્યરૂપ સરસ્વતી જેમને વિશેષ પ્રકટ થાય છે. જેમ-જેમ જે ભક્તજન સાથે સંકેત સ્થાનમાં દિવસે જે-જે લીલાઓ કરી તેમ-તેમ તે-તે લીલાઓના અનુભવ જણાવનારાં વચન સહિત ગાન કરવામાં આવતાં ભક્તજન વશ બની જાય છે. આ પક્ષમાં તે વેણુનાદનું શ્રવણ જેને જેવો સંકેત હોય તેને તેવું જ થાય છે. અન્યને તેમાંનું કંઈ પણ સૂચન થતું નથી. એ જ આપશ્રીના વેણુનાદની પ્રવીણતા-મહત્તા છે-ખુબી છે. જે ગૃહમાં જ રહેલાં હોવા છતાં તેમનું પોતાના વિરહાર્તિને જ્ઞાપન કરનારાં વાક્ય સહિત પાન કરવામાં આવે તો તેનું શ્રવણ અત્યન્ત આનન્દદાયક જ હોય એ નિઃસન્દેહ છે. એવા વેણુવાદનમાં પરમ ચતુર પ્રિયતમ કૃષ્ણ છે. તેમને અભિવન્દન કરે છે||૮૧||

આ પ્રમાણે ધર્મસહિત નામ કહીને કેવલ રસરૂપ જણાવે છે :

## વનકુસુમાવલીરચિતાકલ્પાય નમઃ ||૮૨||

વનમાં પુષ્પોની પઙ્ક્તિઓથી નટના વેષને રચનાર વિભુને વન્દન.

વનમાં પુષ્પોની પઙ્ક્તિઓથી જેમણે રમણીય નાટ્યકાર સમાન પરમ સુન્દર વેષ સજ્યો છે. જેમાં ઉપર જણાવેલા સર્વરસો મુર્તિમાન થઈ રહ્યા છે એવું પ્રભુનું રસાત્મક સ્વરૂપ આ નામમાં દર્શાવ્યું છે.||૮૨||

નટવર વેષથી સર્વને ભક્તિ પ્રકટ કરે છે તે સૂચવે છે :

## અનુગગીયમાનયશઃપુઞ્જાય નમઃ ||૮૩||

અનુસરનારા ભક્તજનો વડે જેમના યશ સમુદાયનું ગાન કરાય છે. એવા પુણ્યશ્લોકને અભિનન્દન.

જે-જે લીલાઓ વનમાં અનુભવવામાં આવી તે-તે જ લીલાઓનું જ્ઞાન ભક્તજનો કરે છે. તેમ કરતાં તેમનો નિરોધ પ્રભુમાં સિદ્ધ થાય છે. ૮૦-૮૩ એ ચારે નામો **''તં ગોરજચ્છુરિત..''** શ્લોકના સમ્પૂર્ણ આશયને પ્રકટ કરનાર જાણવાં||૮૩||

આવા પરમરમણીય ભગવત્સ્વરૂપનાં દર્શન કરતાં દિવસે ઉત્પન્ન થતો વિરહતાપ શાન્ત થઈ જાય છે. તે અર્થનું સમર્થન કરતું નામ ઉપદેશે છે :

## ગોપીતાપહારકાય નમઃ ||૮૪||

ગોપીજનોના સન્તાપને હરનાર શ્રીહરિને નમસ્કાર.

શ્રીમન્મુકુન્દ અખણ્ડ આનન્દકન્દ પ્રભુના વદનાદવિન્દ રૂપ મકરન્દનું પાન નેત્રરૂપ ભ્રમરોથી કરતાં-કરતાં શ્રીવ્રજાંગનાઓને દિવસે પ્રકટેલા પ્રભુના વિયોગાગ્નિના તાપ શાન્ત થઈ જતા હતાં. એમ "**તાપં જહુર્વિરહજમ વ્રજ-યોષિતોહ્ની**" એ શ્લોકના તાત્પર્યને વ્યક્ત કરનાર આ નામ છે||૮૪||

તે વ્રજાંગનાઓનો સત્કાર પ્રાપ્ત કરતાં પોતાનો પણ પરિશ્રમ શાન્ત થઈ જતો હતો તેનું સૂચન કરે છે :

## ગોપીનયનારવિન્દાર્ચિતાય નમઃ ||૮૫||

શ્રીગોપીજનના નયનારવિન્દથી અર્ચન કરાતા નટવર વિભુને નમન.

શ્રીમતી ગોપાંગનાઓનાં લજ્જા, હાસ્ય અને વિનયપૂર્વક કટાક્ષોનું વર્ષણ થતું એ જ પ્રભુનું અર્ચન-સન્માન હતું. તેવા પરમમનોહર સન્માનને માન્ય કરી આપ વ્રજમાં પધારતા પ્રથમ 'અક્ષિભૃંગઃ' એમ મૂલમાં ભંગપણું નિરૂપણ કર્યું. અને અહિં તેમનાં નેત્રોને અરવિન્દરૂપે જણાવે છે. એટલે પ્રભુના મુખારવિન્દના મકરન્દરસનું-મધુર મધુરરસનું પાન કરવામાં તેમના નેત્રો ભૃંગરૂપ-ભ્રમર-મધુમક્ષિકા રૂપ બન્યા હતાં માટે ત્યાં તેમના નેત્રો ભ્રમરરૂપે-મધુરમક્ષિકા સ્વરૂપે કહ્યાં. તેમ અહિં પ્રભુ પણ તેમના નયન કમલનું પાન કરવામાં ભૃગરૂપ-ભ્રમરરૂપ થયેલા છે. માટે તેમના નેત્રોને અરવિન્દ-કમલ રૂપે જણાવે છે. ભગવાન્‌ના રસસ્વરૂપનું દર્શન ગોપીજનોને થાય છે. અને ગોપીજનના નેત્ર સન્માન ઝીલીને પ્રભુ પણ પ્રસન્ન થાય છે. એટલે બન્નેને પરસ્પર રસજ્ઞતા હોવાથી બન્નેમાંયે ભૃંગત્વ સહજ સિદ્ધ છે. એમ સૂચન કરે છે. વળી 'અર્ચન' પદ કહીને જેમ દેવોનું અર્ચન કરવામાં આવતાં તે દેવો સન્તુષ્ટ થાય-પુષ્ટ થાય તેમ ભગવાનમાં તેમા સર્વધર્મ રહેલા છે. માટે જ "**શ્રીમદ્‌ગોકુલદૃક્‌પુષ્ટઃ**" શ્રીમાન ગોકુલસ્થ ભગવદીયોની દૃષ્ટિથી પુષ્ટપ્રસન્ન પ્રભુ એમ કહી શ્રીમદ્‌પ્રભુચરણ ભગવત્સ્તુતિ કરે તે||૮૫||

ગોકુલમાં પ્રવેશ કર્યા પછી માતાઓએ શ્રમને દૂર કરવાને કરેલા મર્દન સ્નાન-આભૂષણ ભોજનથી લઈને શયન પર્યન્તના સત્કારને સૂચન કરનાર નામ કહે છે :

## લૌકિકલીલાપ્રદર્શકાય નમઃ ||૮૬||

લૌકિક લીલા દર્શાવનાર ભગવાન્ શ્રીકૃષ્ણને પ્રણામ.

''**તયોર્યશોદારોહિણ્યૌ**'' ત્યાંથી આરમ્ભી ''**સંવિશ્ય વરશય્યાયામ્**'' એ શ્લોક પર્યન્તનું આ નામ છે. માતાઓ પ્રભુને મર્દન સ્નાન કરાવી કોમલ દૂધથી તૈયાર કરેલું અન્ન વગેરેનું પ્રાશન કરાવી શયન યોગ્ય વસ્ત્રાદિકથી સજાવી મનોહર શય્યામાં પોઢાવતા. ભગવાન્ વ્રજમાં સુન્દર શયનમાં પ્રવેશ કરી પોઢતા એમ મૂલમાં કહ્યું છે. તેનો આશય એવો છે કે : આપનું માતાઓ સાથે શયન થતું નહિ. પરન્તુ સમ્પૂર્ણ વ્રજમાં સ્વપ્રિયાઓની સાથે જ સુખપૂર્વક શયન કરતાં હતાં।।૮૬।।

ઈન્દ્રિયોના અધ્યાસરૂપ કાલિયાનાગ વ્રજમાં-યમુનાજલમાં નિવાસ કરે છે. તેનો નિવાસ કરવો જ જોઈએ તેમ અત્યાર સુધીમાં પોતાના તરફ વ્રજભક્તોનો નિરોધ સિદ્ધ થયો કે નહિ ? તેની પણ પરીક્ષા કરવી જોઈએ. વળી આગળ ઉપર શ્રીયમુનાજીમાં જલક્રીડા કરવા સારુ તેમને નિર્દોષ-વિશુદ્ધ કરવા જ જોઈએ. માટે એ સર્વ અભિપ્રાયને જ્ઞાપન કરનાર નામ કહે છે :

## વિષમૂર્ચ્છિતગોગોપાલજીવનદષ્ટયે નમઃ ।।૮૭।।

વિષથી મુર્છિત ગાયો અને ગોપાલકોના જીવન રૂપદષ્ટિ જેમની છે એવા પ્રભુને વન્દન.

કાલિન્દી શ્રીયમુનાજી કાલિયનાગના વિષથી દૂષિત થયાં છે. તેમનાં જલનું પાન કરવાથી ગાયો-ગોપાલો સર્વ મૂર્છિત થઈ ગયાં તેમને ભગવાને અમૃતમયવૃષ્ટિ કરતી દષ્ટિથી જોઈ જીવન આપ્યું. ''**એવં સ ભગવાન્**'' ત્યાંથી આરમ્ભી ''**ઈક્ષયામૃતવર્ષિણ્યા સ્વનાથાન્ સમજીવયદ્**'' આ શ્લોક સુધીના આશયને દર્શાવતું આ નામ છે।।૮૭।।

કાલિયના નિવાસથી થયેલા દોષને દેખી તેને દમન કરવા માટે પોતે જ શ્રીયમુનાજીમાં પ્રવેશ કર્યો તે નામ કહે છે :

## ભક્તપરીક્ષકાય નમઃ ।।૮૮।।

ભક્તોની પરીક્ષા કરનાર ભગવાનને અભિનન્દન.

પોતે શ્રીયમુનાજીમાં પ્રવેશ ન કરત તો અન્ય રીતે આપ તેનું દમન કરી શકે તેમ હતું. છતાં તેમાં પ્રવેશ કરી નાગથી વીંટળાઈ જઈને પોતાના તરફ વ્રજજનોનો કેવો પ્રેમ છે તેની પરીક્ષા કરી. તે સર્વ શ્રીયમુનાજીમાં પડવા લાગ્યા એમ તેમની કસોટી કરીને પોતે તેમના અનન્ય પતિ છે. એમ માન્ય કરી સર્પના બન્ધનથી આપોઆપ મુક્ત થઈ ગયા. એ આશયને સૂચન કરતું આ નામ દર્શાવ્યું।।૮૮।।

પરીક્ષા કર્યા પછી તેમને આશ્વાસન આપનારું નામ કહે છે :

## કાલિયફણિમાણિક્યરઞ્જિતશ્રીપદામ્બુજાય નમઃ ।।૮૯।।

કાલિયનાગથી ફણાના માણિક્ય મણિથી મનોરંજક જેમના ચરણારવિન્દ છે એવા નાગદમન પ્રભુને નમન.

કાલિયનાગના મસ્તકો ઉપર વિરાજમાન થઈ આપે નૃત્ય કર્યું. શ્રીકૃષ્ણ પોતે શેષશાયી જ છે. તેમને સર્પ પ્રસંગનો નિરન્તર અભ્યાસ છે. તે આ પ્રમાણે દમન કરે એ તો લીલા માત્ર જ છે. તેના વિષય મસ્તકો ઉપર નૃત્ય કરવું તે પણ સકલકલામાં કુશલ કૃષ્ણને જરા પણ વિષય નથી આવી લોકોત્તર નૃત્યલીલા દર્શાવી વ્રજવાસીઓને આશ્વાસન આપ્યું. શ્રીનટવર પ્રભુનું અલૌકિક નૃત્ય જોઈ તે સર્વને જીવ પ્રાપ્ત થયું આનન્દ પામ્યાં તે ભાવનું સૂચક આ નામ છે।।૮૯।।

કાલિયને દણ્ડ દીધો માટે અનુગ્રહ પણ કરવો જ જોઈએ તેથી તેવા પ્રકારના નામનો નિર્દેશ કરે છે :

## નાગપત્નીસમર્ચિતાય નમઃ ।।૯૦।।

નાગપત્નીઓ વડે સુન્દર રીતે અર્ચન કરાતા પ્રભુને નમસ્કાર.

નાગપત્નીઓએ પ્રભુને અર્ચન કર્યું. તેમની સ્તુતિ કરી. તે અર્ચન સામાન્ય કર્યું નથી. પરન્તુ સ્વાત્માર્પણ પૂર્વક કરેલું છે-ભક્તિમાર્ગની પદ્ધતિ પ્રમાણે કરેલું છે. માટે તેને અહિં સુન્દર અર્ચન-પૂજન, એમ કહે છે. તેવું કરેલું અર્ચન પણ કામનાયુક્ત હોવાથી તેમને વ્રજભક્ત જેવી ફલપ્રાપ્તિ થઈ નથી।।૯૦।।

## ભક્તાશ્રયજલસ્થલવિશોધકાય નમઃ ।।૯૧।।

ભક્તોના આશ્રયરૂપ જલ અને સ્થલને વિશેષ રીતે શુદ્ધ કરનાર પ્રભુને પ્રણામ.

વ્રજભક્તોને જલ લેવા માટે-સ્નાનાદિક કાર્ય માટે ઉપયોગમાં આવતું શ્રીયમુનાજલ તથા વૃન્દાવનાદિ સ્થલ પણ શુદ્ધ હોય તો જ ભક્તજનો તેમાં સુન્દર રીતે આશ્રય કરી શકે છે. માટે તેમના પતિ-સંરક્ષક પ્રભુને તેવા જલ સ્થલને વિશેષ કરીને શુદ્ધ કરવાં અવશ્ય કર્તવ્ય છે. અત્યાર સુધીમાં ત્યાં તૃણાદિક પણ નીપજતાં ન હતાં. પશુપક્ષી પણ લાભ મેળવી શકતાં ન હતાં. પોતાને પણ લીલામાં અન્તરાય કરનારાં હતાં. જેથી તે જલ અને સ્થલને સારી રીતે શુદ્ધ કરીને સર્વોપયોગી તેમ લીલોપયોગી બનાવ્યાં।।૯૧।।

સર્વ શુદ્ધિ સમ્પાદન કરીને નાનાવિધ ક્રીડાઓ પણ આપે તે સ્થલમાં કરી છે. તે દર્શાવનાર નામનો નિર્દેશ કરે છે :

## નાનાવિધક્રીડારતાય નમઃ ।।૯૨।।

નાના પ્રકારની ક્રીડામાં અનુરક્ત પ્રભુને વન્દન.

આ નામ આખા ૧૫ અધ્યાયના આશયને નિરૂપણ કરે છે. ત્યારે પહેલા ૧૪ અધ્યાયમાં દાવાનલ પાનનું ચરિત્ર આવે છે. તેવું ચરિત્ર આગળ ૧૬ અધ્યાયમાં આવતું હોવાથી અહિં નહિ કહેતાં શ્રીયમુનાજીની શુદ્ધિ કર્યા પછી ક્રીડા જ કર્તવ્ય છે માટે તેને સૂચવતું નામ પ્રથમ નિરૂપણ કર્યું.

નાના પ્રકારની જલ અને સ્થલની અનેક ક્રીડાઓમાં પ્રભુ નિરત-અનુરૂક્ત છે. વ્રજમાં ક્રીડા-રમણ કરતાં કરતાં ગ્રીષ્મ સમય પ્રકટ થયો. પરન્તુ તેના તાપ-ઉષ્ણતાના દોષને દૂર કરી વૃન્દાવનના વસન્ત સમાન સુન્દરગુણોને નિરખી રમણ કરવાને ભગવાને તેમાં પ્રવેશ કર્યો. એમ જણાવ્યા પછી 'પ્રવાલબર્હસ્તબક' એ શ્લોકથી આરમ્ભી 'એવં તૌ લોકચેષ્ટાભિઃ' ત્યાં સુધીની ક્રીડાઓને નિરૂપણ કરનાર આ નામ કહ્યું છે।।૯૨।।

ત્યાં રમણ સમયમાં પ્રલમ્બાસુર આવ્યો તે નામ જણાવે છે :

## પ્રલમ્બઘાતકાય નમઃ ।।૯૩।।

પ્રલમ્બને નાશ કરનાર ભગવાનને અભિવન્દન.

અન્તઃકરણના દોષરૂપ પ્રલમ્બાસુરને મારીને ભક્તોના અન્તઃકરણના દોષને દૂર કર્યો છે. જો કે તેનો વધ બલભદ્રે કરેલો છે. તો પણ તે સમયે બલભદ્રના સ્વરૂપમાં પ્રભુનો જ આવેશ થયો છે. તે દ્વારા ભગવાને જ તેનો નાશ કરેલો છે।।૯૩।।

પરમાત્મદોષરૂપ અજ્ઞાની આત્મારૂપ દાવાગ્નિ છે. તેનું નિવારણ પ્રભુએ કર્યું તે આશયનું નામ નિરૂપણ કરે છે :

## દાવાગ્નિપતિતગોકુલરક્ષકાય નમઃ ।।૯૪।।

દાવાગ્નિમાં પડેલા ગોકુલનું રક્ષણ કરનાર ગોકુલપતિને નમન.

અહિં તેમનો નિરોધ પોતાનામાં સિદ્ધ થાય તેથી જ આ ચરિત્ર છે. ગાયોએ તૃણના લોભથી ગાઢવનમાં પ્રવેશ કર્યો. સર્વ ગોપાલકો-ગોપબાલકો તેમને પ્રભુમાં પોતાના જ તુલ્ય જ્ઞાન હોવાથી રમણ કરવામાં આસક્ત થયા. એમ તેઓના આત્મામાં અજ્ઞાનપણું આવ્યું. તેમ થતાં શરણભાવ ન રહેતા ક્રીડા ન જ થાય. તેથી ત્યાં મુંજાટવિમાં તેમનો ક્લેશ નિરૂપણ કર્યો. તેટલામાં પોતાના આત્મદોષરૂપ દાવાગ્નિ પ્રકટ થવાથી તેમણે ભગવાનની શરણાગતિનો સ્વીકાર કર્યો કે પ્રભુએ તેમની રક્ષા કરી તે સૂચક આ નામ છે।।૯૪।।

## અગ્નિમુખાય નમઃ ।।૯૫।।

અગ્નિ જેમનાં મુખમાં છે તેમને નમસ્કાર.

પ્રભુનું મુખ-અગ્નિ છે. એટલે ઉત્પન્ન થએલો દાવાગ્નિ આપે આપના મુખમાં સમાવ્યો. જેથી અગ્નિ પોતાના આધિદૈવિક અધિષ્ઠાનરૂપ ભગવાનના વદનકમળમાં જ લીન થઈ ગયો, આમ કરીને પ્રભુએ સર્વભક્તજનના સર્વ દોષ દૂર કરીને તેમનો નિરોધ સિદ્ધ કર્યો।।૯૫।।

૧૭ અધ્યાયમાં ક્રીડામાં ઉપયોગી વર્ષા અને શરદ્ ઋતુઓનું વર્ણન. અને તેનું કાર્ય ૧૮ અધ્યાયમાં થયેલું છે. તે નામો દર્શાવે છે :

## સર્વર્તુક્રીડાવિલાસાય નમઃ ।।૯૬।।

સર્વ ઋતુઓની ક્રીડાઓના વિલાસ કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર.

સર્વ ઋતુઓનો રાજા વસન્ત ગણાય છે. તે રસસહિત સુન્દર શૃંગારના આત્મરૂપ છે. સર્વઋતુઓમાં વસન્તમાં પ્રકટ થાય છે. તેમનો પતિ વસન્ત નિરન્તર સર્વઋતુઓના ધર્મ સહિત પ્રભુનું સેવન કરે છે. કારણ કે તે વસન્તના પતિ-રક્ષક પ્રભુ છે તેથી તે તેમનું સેવન કરે છે. તેવી રીતે શરદઋતુમાં સર્વઋતુઓના ધર્મ પ્રકટ થાય છે માટે આ તેવું નામ કહ્યું।।૯૬।।

**'કુસુમિત વનરાજિ'** એ શ્લોકથી વિભાવ-અનુભાવ-ઉદ્દીપનભાવ વગેરે રસના ધર્મોને નિરૂપણ કરી સર્વત્ર રસનો ઉદ્બોધ કરવાને પ્રભુએ વેણુનાદ કર્યો તે સૂચક નામ સૂચવે છે :

## ગોકુલચારુવિચિત્રચરિત્રાય નમઃ ।।૯૭।।

ગોકુલમાં મનોહર આશ્ચર્યકારક જેમનું ચરિત્ર છે એવા ગોકુલેશને વન્દન.

કાર્ય વડે જ કારણનું નિરૂપણ કરી શકાય. પ્રભુએ વેણુનાદ કરતાંની સાથે તેનું શ્રવણ કરતાં જ વ્રજભક્તોનાં મનનું હરણ થયું, આ શ્રવણ પણ જે લીલાસ્થ ભક્તજન હતાં તેમને જ થયું, અન્યને નહિ, વિચિત્ર અત્યન્ત વિસ્મયકારક આપનું ચરિત્ર છે।।૯૭।।

આ વેણુના કૂજન માત્રનો ધર્મ કહ્યો, પછીથી ગાન કર્યું તે કહે છે :

## ગોપિકાધૈર્યવિમોચકવેણુનાદાય નમઃ ।।૯૮।।

ગોપિકાઓનાં ધૈર્યને વિમોચન કરે તેવો વેણુનાદ કરનાર બંસીધર ભગવાનને અભિવન્દન.

ગોપિકાઓએ વેણુનાદ સાંભળ્યો કે તેમનું ધૈર્ય ન રહી શક્યું-કામવેગથી તે સ્થિર રહેવાને પણ અશક્ત બની ગયાં. શ્રીકૃષ્ણના ચરિત્રનું સ્મરણ કરતાં કરતાં પણ તેમને વિસ્મરણ થવા લાગ્યું અને વિક્ષિપ્ત મનવાળા થઈ ગયાં, એવા ધૈર્યને વિશેષ રીતે મુકાવી દે તેઓ વેણુનાદ કરનાર શ્રીકૃષ્ણ છે।।૯૮।।

વેણુનાદના વર્ણનની આવશ્યક્તા છે. તેથી જેમ વર્ણન થાય તેમ તેને જ્ઞાપન કરનાર નામ જણાવે છે :

## ગોપિકાનયનપાનૈકપાત્રાય નમઃ ||૯૯||

ગોપીકાઓના નયનોને પાન કરવાના એક પાત્ર રૂપ પ્રભુને પ્રણામ.

ગોપિકાઓનાં નયનોને પાન કરવાનું એક જ માત્ર પાત્ર પ્રભુ છે. તેમને ભગવાનના દર્શન વિના બીજું કંઈ પણ દશ્ય-દર્શનીય-દર્શન કરવા યોગ્ય છે જ નહિ. પોતાની દ્રષ્ટિરૂપ અંજલિ વડે ભગવાનનાં દર્શન એ જ માત્ર ચક્ષુધારીઓનું-નેત્રવાળાઓનું પરમફલ છે. '**ચક્ષુષ્મતાં ફલમિદમ**' એ શ્લોકમાં શ્રીગોપીજનો એને જ ફલ તરીકે માન્ય કરે છે. 'ચક્ષુ' શબ્દથી સર્વ ઈન્દ્રિયોનું પરમોત્કૃષ્ટ ફલ ભગવાન્ છે. એમ પણ આશય છે. આ નામ '**બર્હાપીડં નટવરવપુઃ**' એ શ્લોકના અર્થને સમર્થન કરનારું છે. જેમ પાત્રમાં રહેલા રસનું પાન કરવાને માટે તૈયાર થયેલો પુરુષ પાત્ર હાથમાં ધારણ કરે છે તેમ સ્વરૂપાત્મક રસનું દાન વ્રજાંગનાઓને કરવા માટે થયેલા પ્રભુએ ગોપીજનોનાં નેત્રોને પાન કરવાને જ માત્ર પાત્રરૂપ ભવ્ય દિવ્ય નટવરવપુને આપે અંગીકાર કરેલું છે. એમ આ નામનો આશય છે||૯૯||

આ સ્વરૂપનો અનુભવ કર્યા પછી તેનું વર્ણન થયું તે નામ દર્શાવે છે :

## શ્રુતિરૂપગોપિકાવર્ણિતનિખિલગુણાય નમઃ ||૧૦૦||

શ્રુતિરૂપ ગોપિકાઓએ વર્ણન કર્યા છે સર્વ ગુણો જેમના એવા વિભુને વન્દન.

'અક્ષણ્વતાં ફલમિદમ્' એ શ્લોકથી આરમ્ભી '**ગા ગોપકૈરનુવનમ્**' એ શ્લોક પર્યન્ત અર્થાત્ ૧૮ અધ્યાયના ૭ - ૧૯ શ્લોક પર્યન્તનું આ નામ છે. તે શ્રુતિરૂપા શ્રીગોપીજન શ્રીગોકુલેશના ગુણાનુવાદ ગાતાં-ગાતાં તન્મય બની ગયાં-ભગવત્ક્રીડામય થઈ ગયાં. પ્રભુના અન્તરની પ્રાપ્તિ તેમને થઈ. આવી રીતે તેમનો આ સ્થાને પ્રભુમાં નિરોધ નિરૂપણ કર્યો છે||૧૦૦||

શ્રુતિરૂપ ગોપિકાઓનો નિરોધ કહીને હવે અનન્યપૂર્વા ગોપકન્યાઓનો પ્રભુમાં નિરોધ નિરૂપણ કરનારું નામ કહે છે :

## ગોપકન્યાવ્રતફલાય નમઃ ||૧૦૧||

ગોપકન્યાઓનાં વ્રતના ફલરૂપ ભગવાનને અભિવન્દન.

'હેમન્તે પ્રથમે માસી' ત્યાંથી આરમ્ભી '**કુમાર્યઃ કૃષ્ણચેતસઃ**' ત્યાં સુધી નિશ્ચયપૂર્વક દઢાસક્તિ નિરૂપણ કરી છે. તેમ ગોપકુમારીઓના વ્રતનું અન્યફલ પણ દર્શાવેલું છે. તે સર્વ ફલનું દાન કરનાર પ્રભુ છે. અન્તરમાં પ્રભુનો સાક્ષાત્કાર અનુભવતાં બહિર્ગત પૂજન અન્તરના અનુભવમાં અન્તરાયરૂપ થાય છે. તેથી તે

પૂજનનો પરિત્યાગ કરી આસક્તિ સ્વભાવે પ્રભુનાં જ ગુણગાન તેઓ કરે છે. કાલિન્દી કલિ-કલહ વગેરેનો નાશ કરનાર છે. ભગવાનના નિરોધ થવામાં અન્તરાયરૂપ ગણાતા ત્રણ દોષોને દૂર કરનાર છે. આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એમ ત્રિવિધ દોષ પ્રભુની પ્રાપ્તિમાં અન્તરાયરૂપ છે. વ્રજકુમારિકાઓના તે દોષ પ્રભુએ તેમને અસક્તિનું દાન કરીને શ્રીયમુનાજી દ્વારા હરી લીધાં છે. એ ફલ પ્રાપ્તિ સિદ્ધ થવાથી વ્રજકુમારિકાઓ યમુના જલમાં સ્નાન કરી વિહરવા લાગ્યાં।।૧૦૧।।

ભગવાને મુખ્ય ફલનું દાન કરવા ત્યાં જઈને જે કર્યું તે જણાવે છે :

## જલક્રીડાસમાસક્તગોપીવસ્ત્રાપહારકાય નમઃ ।।૧૦૨।।

જલક્રીડામાં સારી રીતે આસક્ત ગોપીઓનાં વસ્ત્રને હરણ કરનાર શ્રીહરિને નમન.

જલક્રીડામાં સારી રીતે આસક્ત એમ કહીને જલવિહાર કરતાં અન્તરમાં પ્રભુના અનુભવથી જ પૂર્ણતા માનીને આસક્ત થઈ ગયાં છે. તેમને બહારના સંગમની અપેક્ષાનું જ્ઞાન પણ નથી. એટલે જેમનામાં સર્વથી કન્યા વ્રજ-કુમારીકા ભાવ જ રહેલા છે. 'ગોપી' પદથી પણ ઈન્દ્રિયોનાં સંરક્ષણ પૂર્વક ભગવાનને ભોગ્ય તેઓ છે. એમ સ્પષ્ટ કરે છે. વસ્ત્રનો ત્યાગ કરીને સ્નાન કરવાનો કર્મમાર્ગની રીત મૌન-વસ્ત્રનો ત્યાગ-ક્રીડા અને દેહનું વિસ્મરણ એ ચાર દોષો ગણાય છે. પરન્તુ ભગવદાસક્તિમાં તો એ સર્વ ગુણરૂપ જ છે. તેમનાં સર્વ કર્મો તો ભગવાનમાં આસક્તિ થતાં દૂર થાય છે. એમ કર્મ દૂર થવાથી તેમનાં કર્મજનિત દોષોને દૂર કરવાને પોતે પધાર્યા. કેમ કે દીન સ્ત્રીજનોનું હિત કરનાર પ્રભુ પરમ કૃપાનિધાન છે. તેમની પણ માગણી પ્રભુ પોતાના પતિ બને તેવી જ હતી માટે તેમના અન્તરની અભિલાષાને પૂર્ણ કરવાને આપના પતિત્વનું દાન કરવા સ્વયં પધારી તેમનાં અને પોતાનાં અન્તરાયરૂપ વસ્ત્રને હર્યા।।૧૦૨।।

તેમનું સર્વ સિદ્ધ કર્યું પરન્તુ તેમના સર્વનો વિનિયોગ પોતાનામાં થવો જોઈએ. પુરુષત્વ ધર્મ તેમનામાં નથી. તો તે પણ સ્થાપન કરવો જોઈએ. જેથી મિત્રવર્ગ સાથે ત્યાં આવવું થયું તેવું નામ કહે છે :

## મુક્તોપસર્પકાય નમઃ ।।૧૦૩।।

જેમની સમીપમાં પ્રાપ્ત થનાર મુક્ત થાય છે, એવા કૃષ્ણને નમસ્કાર.

મુક્ત જીવોને પોતાના અન્તરમાં પ્રાપ્ત કરનારા, તે તો મુક્ત છે જ પોતાના અન્તરમાં રહેલાઓને પ્રકટ કરી અન્ય ન જાણી શકે તેમ પોતાના સંગમાં લીધેલા છે. એમ સુબોધિનીજીમાં સ્પષ્ટ આજ્ઞા કરી છે. વળી આગળ વસ્ત્રદાનની સાથે તેમનામાં

અન્તરમાં જ વ્રજકુમારિકાઓનો પ્રવેશ થયેલો છે. એમ નિરૂપણ કર્યું છે. એ પ્રકારે ગોપ કુમારિકાઓનો પણ નિરોધ નિરૂપણ કર્યો. પછી 'અથ ગોપૈઃ પરિવૃત' એમ કહીને આપ ગોપમણ્ડલથી વીંટલાઈ ગયા અર્થાત્ તે સર્વ કુમારિકાઓનો નિરોધ કરી ગોપબાળકોમાં ભળી ગયા।।૧૦૩।।

ગોપબાલકોને થયેલું લીલાસમ્બન્ધી જ્ઞાન કર્તવ્યથી વિપરીત અનિષ્ટનું પરિણામ કરનારું થાય તે ઠીક નહિ માટે તેમને જ્ઞાનનો ઉપદેશ કર્યો તે સૂચન કરે છે :

## વૃન્દાવનબોધકાય નમઃ ||૧૦૪||

વૃન્દાવન સમ્બન્ધી બોધ કરનાર કૃષ્ણને પ્રણામ.

**'નિદાઘાર્કાતપેતિગ્મે'** ત્યાંથી આરમ્ભી **'ઈતિ પ્રવાલસ્તબક !'** ત્યાં સુધીના તાત્પર્યને કહેનાર આનામાં વ્રજમાં ઉત્પન્ન થયેલાં છે. વૃક્ષો વધારે શ્રેષ્ઠ છે આ વૃન્દાવનમાં સર્વ ભગવદ્રૂપ છે. અહિંના આ વૃક્ષો પણ સર્વને ભગવદ્રૂપ સમજીને છાયા, પત્ર, ફલ વગેરે આપી સર્વનું સેવન-સન્માન કરે છે. એ એમનામાં અત્યુત્તમ ભગવદીયપણું રહેલું છે. એમ જ્ઞાનનો ઉપદેશ કર્યો. ગોપબાલકોને પણ તેવું જ્ઞાન થયું એ આથી સૂચન કરે છે।।૧૦૪।।

ગોપ બાલકોને અહિંનો સર્વ પદાર્થ ભગવદ્રૂપ-ભગવાનને જ માટે છે. એમ જ્ઞાન થયું છે. એટલે તેનું ગ્રહણ કરવું યોગ્ય નથી એમ માનીને તે ગોપ બાલકો ક્ષુધા ઉત્પન્ન થતાં પ્રભુની પાસે પ્રાર્થના કરવા લાગ્યાં. નહિ તો તેઓ વૃક્ષાદિનાં ફલાદિ ગ્રહણ કરીને પોતાની ક્ષુધા શાન્ત કરી શકત એટલે ભગવાનને પોતાના સ્વરૂપની પ્રાપ્તિમાં ઉપયોગી જેટલું જ્ઞાન તેટલું તેમનામાં સ્થાપન કરવાને પ્રથમ બાલલીલાની સિદ્ધિ માટે લોકાનુકુલ જ્ઞાન થાય, પછી ભગવદપ્રાપ્તિનું જ્ઞાન થાય, એમ બન્ને જ્ઞાન પ્રાપ્ત કરવાને યોગ્ય બ્રાહ્મણોનું અન્ન છે, એમ વિચારી બ્રાહ્મણોમાં બહિર્મુખતા છે, અને બ્રાહ્મણ પત્નીઓમાં ભક્તપણું જ છે એમ જણાવવા તથા તિરસ્કાર કરનારા બ્રાહ્મણોનું ભગવાન્ સમ્બન્ધમાં અજ્ઞાનપણું દર્શાવવા તેમને યાચના કરવાનો ઉપદેશ કરે છે. તે આશયનું નામ દર્શાવે છે :

## યજ્ઞભોક્ત્રે નમઃ ||૧૦૫||

યજ્ઞના ભોક્તા ભગવાનને વન્દન.

આ નામમાં વૈદિક જ્ઞાન કર્મનો નિર્ણય કરે છે. કર્મ કે જ્ઞાન પ્રભુ સમ્બન્ધમાં હોય તે શોભાયમાન છે. તે સમ્બન્ધ વિનાનું સત્ત્વશોધક નથી થતું. કર્મ અને જ્ઞાનમાં નિપુણ બ્રાહ્મણોને ગોપવાક્યો દ્વારા સ્મરણ કર્યા, તો પણ તેમને ભગવત્સ્વરૂપની સ્ફુર્તિ થઈ નહિ. કેમ કે તેમને જ્ઞાન અને કર્મમાં ભગવત્સમ્બન્ધ છે એમ ભાન થયેલું નથી. ભગવત્સમ્બન્ધ થવામાં તો કોઈ તાદશી ભગવદીય જનનો સમાગમ થતા

પરમ્પરાએ ભક્તિ થાય ત્યારે તે સર્વ કર્મજ્ઞાનનો વિનિયોગ પ્રભુમાં થઈ શકે બ્રાહ્મણોની પત્નીઓમાં કોઈ પણ એક બ્રાહ્મણપત્ની ભક્તિમતી હતી. તેના સમાગમથી બીજા બ્રાહ્મણપત્નીઓમાં ભગવદ્‌ભાવ જોઈને તેમનાં સંગથી બ્રાહ્મણોમાં જ્ઞાન સહિત ભક્તિ પ્રકટ થઈ. વળી '**દેશઃ કાલઃ પૃથગ્ દ્રવ્યં મન્ત્રતન્ત્રે**' દેશ, કાલ, દ્રવ્ય, મન્ત્ર, તન્ત્ર વગેરે સર્વ યજ્ઞાદિના ભોક્તા, અધિષ્ઠાતા, ફલદાતા ભગવાન જ છે. તેમના વિનાનું કર્મજ્ઞાન નકામું છે. એમ આશય આ નામ નિવેદન કરે છે.।।૧૦૫।।

સર્વ ભોક્તા છતાં યાચના કેમ કરી ? તેનું સમાધાન કરે છે :

## યજ્ઞભાગ ભુજે નમઃ ।।૧૦૬।।

યજ્ઞના ભાગને ભોગવનાર ભગવાનને અભિનન્દન.

યજ્ઞમાં સ્ત્રીઓને પણ વિભાગ હોય છે. સ્ત્રીઓ પોતાની ભક્ત છે. તેમના વિભાગને તેમની દ્વારા અંગીકાર કરવો તેમને પોતાના સ્વરૂપનું દાન કરવું નિરોધ કરવો એવો પ્રભુનો અભિપ્રાય છે. માટે યાચના કરી તે અયુક્ત નથી તેમના અન્નનો ભગવાનમાં વિનિયોગ થવાથી તેમની ભક્તિ પણ સિદ્ધ કરી. સુબોધિનીજીમાં ધર્મ રક્ષણ કરવા ભક્તિનું રક્ષણ અને પોતાના વાક્યનું રક્ષણ કરવાને આપે યાચના કરેલી છે. એમ આજ્ઞા કરી છે. તેમ કરીને યજ્ઞના ભાગને ભોગવ્યો છે।।૧૦૬।।

## ધર્મરક્ષકાય નમઃ ।।૧૦૭।।

ધર્મરક્ષક પ્રભુને પ્રણામ.

યજ્ઞ સમ્બન્ધી અન્નનો આધિદૈવિક સમ્બન્ધ વડે યજ્ઞરૂપ ધર્મ સિદ્ધ થયો અને ભગવદીય અન્ન ભોજનથી ભક્તિ પણ સિદ્ધ થઈ તથા '**તદહં ભક્ત્યુપહૃતમ્ અશ્નામિ**' એમ ઉચ્ચારેલા પોતાના વાક્યનું પણ સંરક્ષણ થયું।।૧૦૭।।

## યજ્ઞપત્નીપ્રસાદકાય નમઃ ।।૧૦૮।।

યજ્ઞપત્નીઓને અનુગ્રહ કરનાર શ્રીકૃષ્ણને નમન.

જેવો જેમને અધિકાર હતો તે પ્રમાણે તે યજ્ઞપત્નીઓ પર પ્રભુએ અનુગ્રહ કર્યો. મુખ્ય અનુગ્રહ તો એક વિપ્ર પત્નીને થયો જેના દ્વારા સામાન્ય પ્રસાદ અનુગ્રહ સર્વને થયો માટે તે સ્ત્રીઓનું ત્યાં જવું થયું હતું।।૧૦૮।।

ત્યાં ગયા પછી શું થયું ? તે સ્પષ્ટ કરે છે :

## સર્વજ્ઞાનનિવારકાય નમઃ ।।૧૦૯।।

સર્વના જ્ઞાનને નિવારણ કરનાર ભગવાનને વન્દન.

તેમના ગયા પછી તેમનાં દર્શન કરીને બ્રાહ્મણોનું અજ્ઞાન જતું રહ્યું.

ભગવત્સમ્બન્ધી જ્ઞાન તેમને પ્રકટ થયું. તેથી બ્રાહ્મણોમાં ભગવદ્ભક્તિ પણ ઉત્પન્ન થઈ. એક જ્ઞાન અને ભક્તિ બન્ને પણ તેમને પ્રાપ્ત થવા માટે અજ્ઞાનને નાશ કરનાર પ્રભુ એમ કહ્યું।।૧૦૯।।

અહિં સુધી બાલલીલાના નામો છે તેનો ઉપસંહાર કરે છે :

**ઈતિ બાલચરિત્રસ્ય નામ્નામષ્ટોત્તરં શતમ્ ।।**
**કૃષ્ણભક્તિ હૃદાનન્દિ કીર્તનાદ્ભક્તિ બોધકમ્ ।।૧।।**

આ પ્રમાણે બાલચરિત્રનાં એકસો આઠ નામો શ્રીકૃષ્ણની ભક્તિથી હૃદયમાં આનન્દ આપનાર કીર્તન કરવાથી ભક્તિનો ઉપદેશ કરનારાં છે. એમ સમજવું।।૧।।

।।ઈતિ બાલલીલા નામાવલી।।

## ।। અથ પ્રૌઢલીલાનામાનિ ।।

બાલચરિત્રના ફલને કહી આસક્તિ કરનાર ભગવચ્ચરિત્રને કથન કરવાની પ્રતિજ્ઞા કરે છે :

**નામન્યથ પ્રવક્ષ્યામિ યૈઃ સન્તુષ્યતિ કેશવઃ ।।**
**વક્ષ્યામિ ભક્તહૃદયે પરમાનન્દદાયકઃ ।।૧।।**

હવે એવાં નામો કહું છું કે : જે નામનાં કથનથી ભક્તજનના હૃદયમાં બાહ્ય અને આન્તર બન્ને પ્રકારે પરમાનન્દનું દાન કરનાર બ્રહ્મા તથા શંકરને મોક્ષ આપનાર ભગવાન્ શ્રીકૃષ્ણ સન્તુષ્ટ થાય તેવાં નામોને કહું છું એમ કહીને પ્રૌઢલીલાના નામોનું સૂચન કરે છે.

પ્રતિજ્ઞા કરીને નામોનું સૂચન કરે છે :

**અદ્ભુતબાલકાય નમઃ ।।૧।।**

આશ્ચર્યકારક બાલકને નમસ્કાર.

'બાલક' પદથી બાલલીલાનું સૂચન થાય છે. તો પણ 'અદ્ભુત' પદથી પ્રૌઢલીલાનું જ સૂચન થાય છે. અલૌકિક હોય એ જ અદ્ભુત આશ્ચર્યકારક હોય. પ્રભુ બાલક દેખાય છે તો પણ તેમના સર્વ ધર્મ અલૌકિક છે. લોકવત્ નથી. 'બાલ' એટલે બાલકોને જેમનાથી 'ક' એટલે સુખ છે. 'બાલ' = પુત્ર જેમના 'ક' એટલે બ્રહ્મા છે. બલ સમ્બન્ધી સર્વ 'બાલ' તેમના 'ક' = શિરરૂપ અર્થાત્ બલવાનોના મસ્તક મણિરૂપ આવા અદ્ભુત ધર્મવાન્ આ બાલક શ્રીકૃષ્ણ છે. આ પ્રમાણે માહાત્મ્યનું જ્ઞાપન કરનાર અલૌકિક ધર્મો અહિં હોવાથી તે પ્રૌઢલીલાનું સૂચન કરનાર છે. તેથી જન્મ પ્રકરણ ગત નામોને પ્રૌઢલીલામાં મૂકેલાં છે.

જો કે પ્રથમ કહેલી બાલલીલાના નામોમાં અવસ્થાના સાધનોથી વિરુદ્ધ ચરિત્ર કહેલું છે છતાં ત્યાં માહાત્મ્યનું જ્ઞાન કોઈ પણ સ્થલમાં કરેલું નથી. લૌકિક ભાવ જ સર્વમાં આપે સમ્પાદન કરેલો છે. ભક્તજનોને પણ બાલ્યસહિત જ અન્ય પ્રકારે સન્તોષ આપેલો છે. એટલે ત્યાં અલૌકિક રીતે જરા પણ પ્રકટ કરી નથી માટે તે જ બાલલીલા કહી શકાય. અહિં તેવું નથી. માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ સ્નેહ જ અહિં સ્થાપન કર્યો. માટે માહાત્મ્ય જ્ઞાનસૂચક અલૌકિક લીલા કરેલી હોવાથી સર્વથા પ્રૌઢલીલામાં સમાવેશ થઈ શકે. પ્રકટ થતી વખતે માહાત્મ્ય સહિત સ્વરૂપનું દર્શન આપે છે છતાં શ્રીદેવકીજીને બાલક બુદ્ધિ જ થઈ તે જણાવવાને 'અદ્ભુતબાલક' એમ એક પદથી નામનો નિર્દેશ કરે છે. નહિ તો મૂલમાં અદ્ભુત અને બાલક એમ બે પદો હોવાથી અહિં એક પદ ન કહેતાં ભિન્ન કહેત. વળી શ્રીવસુદેવ દેવકીજીને પ્રભુનાં અલૌકિક સ્વરૂપનું જ્ઞાન થયું હતું. સ્વરૂપ લોકમાં અને વેદમાં પ્રસિદ્ધ છે પરન્તુ

હમણા પ્રકટ થયું. એટલે તે જોવામાં આવી શકે છે પણ સ્મરણ કરવામાં કે વર્ણન કરવામાં પાર પામી શકાય તેવું તે નથી. એમ અદ્ભુતપદથી સૂચન કરે છે।।૧।।

રૂપ દર્શાવી હવે અલૌકિક શોભાને દર્શાવનાર નામ કહે છે :

**અમ્બુજેક્ષણાય નમઃ ।।૨।।**

કમલ સમાન નયનધારી દેવકી નન્દનને વન્દન.

અમ્બુજ-કમલ સમાન નેત્રવાળા, અમ્બુજા-લક્ષ્મી જેમનાં નેત્રમાં છે, અમ્બુજા-સૂર્ય ચન્દ્ર જેમનાં નેત્રો છે, અમ્બુજે-પઞ્ચાગ્નિવિદ્યાથી સાધ્ય કરેલા પુરુષમાં જેમનું જ્ઞાન છે, અમ્બુજા-લક્ષ્મીને, ઈ-કામ એજ જેમને ક્ષણ-સુખ છે, અમ્બુજે-જલમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માણ્ડમાં પાલન કરવા માટે ઈક્ષણ-દષ્ટિ જેમને છે અથવા અમ્બુજા-પૃથ્વીમાં જેમનું ઈક્ષણ-જોવું છે. એવા એમ વિવિધ પ્રકારથી ભગવાન્ શ્રીશોભાનું નિરૂપણ કર્યું છે. તથા આ સર્વ પ્રભુના અલૌકિક ધર્મોને જ્ઞાપન કરેલા છે. વળી અમ્બુજપદથી રસાત્મક્તાનું પણ જ્ઞાપન કર્યું. એટલા માટે જ આગળ ફલ પ્રકરણમાં સ્નિગ્ધ-સુન્દર-સ્નેહાળ દમ્પતિના ભાવરૂપ રસાત્મક્તા દર્શાવવામાં આવેલી છે. નેત્ર જ્ઞાનેન્દ્રિય છે. તેથી જ્ઞાનશક્તિનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

અલૌકિક જ્ઞાન શક્તિ કહીને ક્રિયા શક્તિ જણાવે છે :

**ચતુર્ભુજાત્તચક્રાસિગદાશંખાદ્યુદાયુધાય નમઃ ।।૩।।**

ચાર ભુજાઓમાં ચક્ર, પદ્મ, ગદા, શંખ જલરૂપ આયુધો જેમણે ધારણ કર્યા છે તેવા ચતુર્ભુજને અભિવન્દન.

ચારે ભુજાઓ ક્રિયા શક્તિ છે. જે ભગવાન્ ચતુર્વિધ કાર્ય કરવાને માટે પ્રકટ થયા છે. ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ ચારે પુરુષાર્થોના કાર્યોનું ચાર ભુજાઓથી નિરૂપણ કરે છે. તેવી ચાર ભુજાઓમાં તેજસ્તત્ત્વરૂપ 'ચક્ર' ભુવનતત્ત્વરૂપ 'પદ્મ', પ્રાણાત્મક વાયુતત્ત્વરૂપ ગદા, તથા જલતત્ત્વરૂપ શંખ એવાં આયુધો રહ્યાં છે. તેથી અલૌકિક ક્રિયાશક્તિનું સૂચક આ નામ છે. તેમ અહિં ચતુર્વ્યૂહમાં પ્રદ્યુમ્ન સ્વરૂપથી રસાત્મક્તાનું પણ સૂચન કરે છે।।૩।।

માહાત્મ્ય દર્શાવનાર નામ કહે છે :

**શ્રીવત્સલક્ષ્મણે નમઃ ।।૪।।**

શ્રીવત્સનું ચિહ્ન જેમને છે એવા પ્રભુને પ્રણામ.

શ્રીવત્સ એ અક્ષર બ્રહ્મરૂપ છે, સર્વાત્મક ભગવાન્નું શ્રીવત્સ બ્રહ્મનું મુખ્યલક્ષણ છે. આપે તેને જ હૃદયમાં ધારણ કરેલું છે. શ્રી-લક્ષ્મી, સ્પર્શ-સુખને સ્પષ્ટ કરવાના કારણરૂપ છે. તેના જનક-ઉત્પન્ન કરનાર તે છે. માટે તેને ધારણ કરવાથી આપની વત્સલતા અને રસજ્ઞતા સિદ્ધ થાય છે. આ નામમાં માહાત્મ્ય અને

સ્નેહ બન્ને પણ આવી જાય છે।।૪।।

## કૌસ્તુભાભરણગ્રીવાય નમઃ ।।૫।।

કૌસ્તુભમણિનું આભરણ જેમાં છે, એવા કણ્ઠવાળા શ્રીકણ્ઠપ્રભુને નમન.

જીવ માત્રાના આધિદૈવિક સ્વરૂપરૂપે આ મણિ રહેલો છે. મુક્ત જીવોની ત્યાં જ સ્થિતિ થાય છે. ભગવાન્ મુક્ત જીવોને સમીપમાં પ્રાપ્ત કરવા યોગ્ય છે. તેવા મુક્તજીવો લીલાસ્થ જ જાણવા, તેવા જીવોને આપે કણ્ઠમાં ભૂષણ તરીકે સ્થાપન કરેલા છે. તેથી પ્રભુ રસથી-પ્રેમભક્તિરસથી પરવશ થઈ જાય છે. એમ સૂચન કર્યું. આ નામથી માહાત્મ્ય તથા રસાભિજ્ઞતા બન્ને પણ જ્ઞાપન કરી દીધાં।।૫।।

તેવા સ્વરૂપનું દર્શન કરતાં મહાત્મ્યજ્ઞાનપૂર્વક સ્નેહ પ્રાપ્ત કરવાથી શ્રીદેવકીજી માતાને મુક્તિ જ થાય તો તેનો અભાવ કેમ થયો ? તે કહે છે :

## પીતામ્બરધારિણે નમઃ ।।૬।।

પીતામ્બરધારી પ્રભુને નમસ્કાર.

પીતામ્બર-માયા, તેને ધારણ કરવાથી મોહ ઉત્પન્ન કરે છે. માતાને માહાત્મ્યજ્ઞાન પ્રત્યક્ષ થયું છતાં માયાથી મોહ પામતાં મુક્તિ ન થઈ. અને બાલભાવ ઉત્પન્ન થયો.

પ્રથમ કૌસ્તુભમણિના વર્ણનમાં શ્રીસુબોધિનીજીમાં શ્રીમદાચાર્યચરણ જીવોના બે પ્રકાર કહે છે : કેટલાક ક્રિયાનિષ્ઠ જીવો અને કેટલાક 'જ્ઞાનનિષ્ઠ' જીવો, ક્રિયાનિષ્ઠ જીવો કરતાં જ્ઞાનનિષ્ઠ જીવો ઉત્તમ છે. માટે એવા મુક્ત જીવોને આપ કણ્ઠમાં આભરણ રૂપે ધારણ કરે છે, એમ કહ્યું. અને ક્રિયાનિષ્ઠ પ્રભુની માયામાં ફસાય છે તેથી તેમને મુક્તિ થતી નથી. એવું માયારૂપ પીતામ્બર ધારણ કરનાર પ્રભુ છે. એ પીતામ્બર માયારસને પણ આચ્છાદન કરે છે. માટે ભગવાનનું રસ સ્વરૂપ હોવા છતાં રસનું આચ્છાદન માયાથી થાય છે. એમ પણ આ નામથી સૂચવે છે।।૬।।

રસ સ્વરૂપ દ્યોતક નામનો નિર્દેશ કરે છે :

## નીલમેઘશ્યામાય નમઃ ।।૭।।

નીલ-શ્યામમેઘના જેવા શ્યામસુન્દરને વન્દન.

નવીન શ્યામમેઘ જેમ સર્વને પોતાના સમયમાં સુન્દરતા આપે છે, જલવૃષ્ટિ કરી તાપને શાન્ત કરે છે, અન્ન આપે છે, સર્વને પરમાનન્દનું દાન કરે છે. એમ ભગવાન્ પણ પૃથ્વીને, સ્વર્ગને, ધર્મને તથા ભક્તજનોને અનિષ્ટ દૂર કરી ઈષ્ટવસ્તુની પ્રાપ્તિ કરીને અત્યન્ત આનન્દ આપનાર છે. એમ આ નામથી પ્રતિપાદન કરે છે।।૭।।

આ સ્વરૂપ નિરૂપણ કરીને તેને યોગ્ય આભરણ દર્શાવનાર નામ કહે છે :

## નાનાકલ્પવિરાજિતાય નમઃ ।।૮।।

નાનાપ્રકારના આભૂષણોથી વિરાજમાન ભગવાનને અભિવંદન.

આ નામ 'મહાર્હવૈડુર્ય' એ શ્લોકમાં જણાવેલા આભરણોથી સુશોભિત ભગવાનનું સ્વરૂપ પ્રકટ કરે છે।।૮।।

પરમ સુન્દરતા-દર્શક નામ નિવેદન કરે છે :

## આત્મવિસ્માપકમાનુષવેષસૌન્દર્યનિધયે નમઃ ।।૯।।

આત્માને આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવા મનુષ્ય વેશના સૌન્દર્યના નિધિરૂપ પ્રભુને પ્રણામ.

સર્વના આત્માને આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવું આપનું સૌન્દર્ય છે. તેથી પ્રથમ અદ્ભુત પદ કહ્યું હતું. તેમ પ્રથમના બાલક પદથી તથા માનુષવેષસૌન્દર્ય વગેરે પદોથી અત્યન્ત સૌન્દર્યનું દ્યોતન થાય છે. '**ત્રૈલોક્યલક્ષ્મ્યૈકપદમ્**' એમ આગળ શ્લોકમાં ત્રણ લોકની લક્ષ્મીના એક જ સ્થાનરૂપ વપુને ધારણ કરનાર એમ કહ્યું છે. તેથી ત્રણે લોકમાં જે કંઈ સૌન્દર્ય છે. પ્રભુનાં સામાન્ય અંશરૂપ જ છે. એમ નિધિ પદથી નિરૂપણ કરે છે. આ પ્રમાણે સર્વાંશથી પૂર્ણ પ્રાકટ્ય કરવામાં અનિર્વચનીય માહાત્મ્યનું જ્ઞાપન થાય છે. 'વિરોચમાન વસુદેવ ઐક્ષત' એ શ્લોકના ભાવને દર્શાવનાર આ નામ છે।।૯।।

ઉપર પ્રમાણેના અદ્ભુતબાલકનું આગળ પ્રયોજન નહિ હોવાથી અન્યરૂપે વ્રજમાં પધાર્યા એટલે રમા-લક્ષ્મી પણ ત્યાં આવીને તેમની સેવા કરે છે. તે માહાત્મ્યને સૂચન કરનાર નામને દર્શાવે છે :

## રમાલાલિતપાદપદ્માય નમઃ ।।૧૦।।

રમાએ લાલન કર્યા છે ચરણકમલ જેમના એવા વિભુને નમસ્કાર.

રમા-લક્ષ્મી નિરન્તર પુરુષોત્તમ શ્રીકૃષ્ણની સેવામાં એકનિષ્ઠા રાખનાર છે. તે અહિં વ્રજમાં આવેલી છે. જ્યાં સુધી ભગવાનનું આ વ્રજમાં સાન્નિધ્ય છે. ત્યાં સુધી લક્ષ્મી પણ પ્રભુનાં સન્નિધાનમાં રહેવાનાં. ભગવાન્ પધાર્યા ત્યારથી વ્રજ પણ રમાનું રમણભુવન બન્યું. "**તત આરભ્ય નન્દસ્ય**" ત્યાંથી આરમ્ભી '**રમાક્રીડમભૂન્નૃપ**' ત્યાં સુધીનું આ નામ છે।।૧૦।।

ઉપરનાં નામોમાં માહાત્મ્યજ્ઞાનપૂર્વક પ્રભુમાં સુદૃઢ સ્નેહ પ્રકટ કર્યો, પરન્તુ મુગ્ધભાવ સહિત તેમનાં ચરિત્ર સમ્બન્ધી નામોને અહિં નિરૂપણ કરવાનાં નથી કારણ કે તે પ્રથમ બાલલીલાનાં છતાં પ્રૌઢલીલામાં ગણાતાં નામો કહીને, તે છોડી આગળ એકવિશમા અધ્યાયથી શરૂ થતાં નામો જણાવે છે. આરમ્ભમાં ભક્તને અન્યભજન વગેરે નિષિદ્ધ છે. માટે તેના નિવારણનું સૂચક નામ કહે છે :

## ભક્તહિતોપદેશકાય નમઃ ||૧૧||

ભક્તોને હિતનો ઉપદેશ કરનાર શ્રીકૃષ્ણને નમન.

આ નામ નન્દરાયજી વગેરેનો ઈન્દ્રયાગનો ઉદ્યમને જોઈ પોતાના ભક્તોને આપનું શરણવિના-ભજનવિના અન્ય યોગ્ય નથી. એમ હિતકારક વચનોનો ઉપદેશ પ્રભુએ કર્યો છે. તે આશયને જણાવનાર આ નામ છે||૧૧||

બાળકના ઉપદેશમાત્રથી પરંપરાગત ધર્મને તેઓએ મોટા હોવા છતાં કેમ ત્યાગ કર્યો તે સૂચન કરનાર નામ કહે છે :

## હવિર્મન્ત્રદેવતામૂલબોધકાય નમઃ ||૧૨||

હવિ-મન્ત્ર તથા દેવતાઓના મૂલનો બોધ કરનાર પ્રભુને પ્રણામ.

પ્રથમ શ્રીકૃષ્ણે નન્દરાયજીને પ્રશ્ન કર્યો, ત્યારે તેમણે "**પર્જન્યો ભગવાનિન્દ્ર**" એવું કહીને પર્જન્ય ભગવાન જ દેવતા રૂપે રહેલા છે. મેઘો તેના અવયવો મન્ત્રો છે, વૃષ્ટિનું જલ એ હવિ-હુતદ્રવ્ય છે. જેનાથી અન્ન પાકે છે. જલ અને અન્નથી જ સર્વજીવોનું જીવન ચાલે છે. એટલે એ દેવતા-ઈન્દ્ર સર્વને ઉપાસ્ય-સેવવા યોગ્ય છે. તેથી સર્વ તેનું ભજન-અર્ચન કરે છે અને અમે પણ તેમ કરવા તૈયાર થયા છીએ એમ ઉત્તર આપ્યો કે : "**તસ્માદ્ ગવાં બ્રાહ્મણાનામદ્રેશ્ચારભ્યતાં મખઃ**" ગાય, બ્રાહ્મણ અને પર્વતના યાગની શરૂઆત કરો. આપનો કરેલો યજ્ઞ વૈદિક નથી. માટે વૈદિક યજ્ઞ કરવો જોઈએ. જેમાં હવિ-મન્ત્ર અને દેવતા પ્રતિષ્ઠિત છે તે જ યજ્ઞ કહેવાય. અહિં ગાયોમાં હવિ, હુત, દ્રવ્ય બ્રાહ્મણોમાં મન્ત્ર, તેમ ગોવર્ધન ગિરિરાજ પોતે જ દેવતા છે. મૂલભૂત હવિ-મન્ત્ર અને દેવતાના પણ મૂલભૂત આ ગાય-બ્રાહ્મણ અને ગિરિરાજ છે. તેવો બોધ કરનાર પ્રભુ છે||૧૨||

## કૃતવેષમોહિતદેવપરીક્ષકાય નમઃ ||૧૩||

કરેલા વેષથી મોહિત થયેલા દેવની પરીક્ષા કરનાર વિભુને વન્દન.

પોતે રચેલા વેષથી મોહ પામેલા ઈન્દ્રદેવની પરીક્ષા કરનાર શ્રીકૃષ્ણે વિચાર્યું કે : "ક્યાં સુધી મારી સ્પર્ધા કરી શકે છે ?" જેથી સાત દિવસ પર્યન્ત શ્રીગોવર્ધનને ટચલી આંગળી ઉપર ધારણ કરીને તેની ઈન્દ્રની પરીક્ષા કરી. એથી પણ વિશેષ જો એણે વૃષ્ટિ કરી હોત તો તે પોતે જ પોતાના સ્વરૂપથી નષ્ટ થઈ જાત. વળી કરેલા વેષથી મોહિત ઈન્દ્રના નિમિત્તથી ભક્તોની પરીક્ષા કરનાર.

અથવા ઈન્દ્રે કરેલા ક્લેશથી ભક્તોના ઉપર કરુણા લાવીને તેમની રક્ષા કરવા ચારે તરફથી ઈક્ષણ-દષ્ટિ કરનાર. "**ગોપાયે સ્વાત્મયોગેન**" એમ વિચારપૂર્વક જે ઈક્ષણ-જોવું તેને કરનાર અથવા તો કરેલા વેશથી મોહિત થયેલા ઈન્દ્રને સર્વ તરફથી જ્ઞાન કરાવનાર. ઈન્દ્રને જ્ઞાન થતાં જ પ્રભુના ચરણને શરણ આવ્યો. શરણ આવ્યા

પછી પ્રભુએ પણ તેના પર પૂર્ણ કૃપા કરેલી છે।।૧૩।।

યજ્ઞ ભંગ થવાથી કોપાયમાન થયેલા ઈન્દ્રે પ્રલય સમયના મેઘોને છોડી વૃષ્ટિ કરી તો આખું જગત્ ડુબવું જોઈએ. તેમ થયું નહીં તેના કારણને દર્શાવનાર નામ દર્શાવે છે :

## એકદેશવૃષ્ટિવાયુદેવતાક્ષોભજનકાય નમઃ ।।૧૪।।

એકદેશમાં જ વૃષ્ટિથી અને વાયુથી ક્ષોભ ઉત્પન્ન કરનાર ભગવાનને અભિવંદન.

એકદેશમાં જ–માત્ર વ્રજમાં જ વૃષ્ટિથી અને વાયુથી શોભા ઉત્પન્ન કરનાર અથવા એકદા એક સમયે જ ઈશસર્વદા જે ઈશ નથી એવા ઈન્દ્રના મુખથી જ વૃષ્ટિ–વાયુ દેવતાને ક્ષોભ ઉત્પન્ન કરનાર, પોતે પ્રભુએ પ્રત્યક્ષ આજ્ઞા કરી નથી, ઈન્દ્રે કરી છે. માટે જેના ઉપર ઈન્દ્ર ક્રોધિત થયો તેટલા પ્રદેશ ઉપર જ તેણે તેમને ક્ષોભ પમાડ્યા છે. ''**નન્દાદિભ્યશ્ચુકોપ સઃ**'' નન્દાદિકો ઉપર તે કોપાયમાન થયો એમ તેથી જ કહ્યું. સર્વ પ્રલય કરવાની જ્યારે ભગવદાજ્ઞા હોય ત્યારે જ તેમ થઈ શકે એમ સમજવું।।૧૪।।

મૂલમાં તો ઈન્દ્રે મેઘાદિકોને ક્ષોભ ઉત્પન્ન કર્યો એમ કહ્યું છે. અહિં તો ભગવાન્ ક્ષોભ ઉત્પન્ન કરનાર છે એમ જણાવ્યું એનું શું કારણ ? તેનું નિરાકરણ કરતું નામ પ્રતિપાદન કરે છે :

## સર્વરૂપાય નમઃ ।।૧૫।।

સર્વરૂપ પ્રભુને પ્રણામ.

અહિં તો કાલાત્મક ભગવાને ઈન્દ્રના ગર્વનો પરિહાર કરવા માટે આ કરેલું છે. ઈન્દ્ર વૃષ્ટિ–વાયુદેવતા એ સર્વ રૂપે ભગવાન જ છે. તેમને પ્રેરણા કરનાર પણ પ્રભુ જ છે. એમ ન હોય તો કોડીમાત્રની કિમ્મતનો ઈન્દ્ર પ્રભુના સ્થાનમાં ઉપદ્રવ કરવાને કોણ સમર્થ? મારા યોગથી સર્વનું રક્ષણ કરું એમ સર્વનું રક્ષણ કરવામાં નિજયોગથી યુક્ત થઈને સર્વમાં સ્વયં પ્રવેશ કરી સર્વરૂપ થઈ સર્વની રક્ષા કરી।।૧૫।।

## વેદમાર્ગરક્ષકાય નમઃ ।।૧૬।।

વેદમાર્ગનું રક્ષણ કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર.

પાખણ્ડ માર્ગને દૂર કરીને વૈદિક–શ્રૌત વૈષ્ણવમાર્ગનું સંરક્ષણ કર્યું. તેમ પોતાના ભક્તજનોને અન્યનું સેવન સર્વથા અયોગ્ય છે–ભગવત્સેવામાં બાધક છે એમ આ નામથી દર્શાવ્યું।।૧૬।।

તે સર્વ અન્તરાય દુર કરીને પોતાનામાં જ નિજજનોને નિષ્ઠાવાળા કર્યા એથી આપ ભક્તિમાર્ગના પણ પ્રવર્તક થયા તે નામ કહે છે :

## ભક્તિમાર્ગપ્રવર્તકાય નમઃ ।।૧૭।।

ભક્તિમાર્ગ પ્રવર્તાવનાર ભગવાનને નમન.

પ્રભુએ શ્રીમદ્ગોપીજનોને પોતાનામાં નિષ્ઠાવાળા કર્યા તેથી જ તેઓ ચરણને શરણે આવ્યા. 'પાદમૂલમુપાયયુઃ' એમ મૂલમાં કથન કર્યું.।।૧૭।।

રક્ષા કરી તે પણ પોતાના સ્વરૂપથી જ કરેલી છે. અન્ય સાધનથી નહિ. તેમ કરે તો નિજજનોને અન્ય સમ્બન્ધ થતાં તેમનો નિરોધ સિદ્ધ ન થાય. તે જણાવે છે :

## ગોવર્ધનોદ્ધરણધીરાય નમઃ ।।૧૮।।

શ્રીગોવર્ધનને ઉદ્ધરણ કરવામાં ધીર શ્રીકૃષ્ણને વન્દન.

ગોવર્ધન ગિરિરાજને કેવળ સ્વકીયપણું સમ્પાદન કરી સ્વમાહાત્મ્યનું દર્શન કરાવ્યું. સાત દિવસ પર્યન્ત પર્વતને ધારણ કરીને સર્વની ક્ષુધા તૃષા વગેરે દેહધર્મો હરી લીધા. અને સર્વમાં માહાત્મ્યજ્ઞાનપૂર્વક સર્વથી અધિક સુદૃઢ સ્નેહ પ્રકટ કર્યો. એમ કરીને ભક્તિમાર્ગીય ધર્મનું પોષણ કરેલું છે।।૧૮।।

માત્ર પોતાના જ ભક્તજનોને માહાત્મ્યજ્ઞાનનું દર્શન કરાવ્યું એટલું જ નહિ પણ સર્વને જ તેવું જ્ઞાન કરાવ્યું તે જણાવે છે :

## સાર્વજનીનમાહાત્મ્યબોધકાય નમઃ ।।૧૯।।

સાર્વજનિક માહાત્મ્યનો બોધ કરનાર હરિને નમસ્કાર.

દેવ મનુષ્ય વગેરે સર્વ પ્રાણીમાત્રને ગિરિવર ધારણ કરીને પોતાનું માહાત્મ્ય દર્શાવ્યું. સર્વને માહાત્મ્યજ્ઞાન થયેલું હોવાથી ઈન્દ્રને પણ તે થયું છે।।૧૯।।

## ભક્તવિસ્માપકાય નમઃ ।।૨૦।।

ભક્તને વિસ્મય કરનાર ગોવર્ધનધારીને નમન.

ઈન્દ્ર પણ ભક્ત જ છે. પ્રભુએ તેને અધિકાર આપેલો હોવાથી તેને મદ થયો છે. ભક્તને તેવો મદ-ગર્વ થાય તે પ્રભુથી સહન થતું નથી. માટે મોહમુગ્ધ બનેલા ઈન્દ્રનો ઉદ્યમ નિષ્ફળ કરીને તેને વિસ્મય પમાડ્યો. તેના ગર્વને ઉતાર્યો. અને તેના સંકલ્પને નિષ્ફલ કર્યો.।।૨૦।।

## મોહનપ્રબોધોભયરક્ષકાદ્ભુતચરિત્રાય નમઃ ।।૨૧।।

મોહ અને જ્ઞાન એમ ઉભયનું રક્ષણ કરે તેવું અદ્ભુત જેમનું ચરિત્ર છે એવા ભગવાન્‌ને વન્દન.

ઈન્દ્રને મોહ પણ આપે જ કર્યો. અને પ્રબોધ-જ્ઞાનોપદેશ પણ આપે જ કર્યો. એમ ઉભય પ્રકારનું ચરિત્ર પ્રભુનું ઘણું અદ્ભુત રહેલું છે. એટલા માટે જ તેને ઈન્દ્રપદથી ભ્રષ્ટ ન કરતાં તેના અપરાધનો-દોષનો જ નાશ કર્યો. લૌકિક પ્રભુની પેઠે અધિકારથી ભ્રષ્ટ કર્યો નહિ એ પણ અલૌકિક્તા અદ્ભુતપણું જ પ્રભુનું છે।।૨૧।।

## લોકવેદોલ્લંઘનકરપ્રપક્ષભક્તસર્વદુઃખનિવારકાય નમઃ।।૨૨।।

લોકો અને વેદને ઉલ્લંઘન કરનારા શરણે આવેલા ભક્તના સર્વદુઃખોને નિવારણ કરનાર પ્રભુને પ્રણામ.

ભગવાન્ પરમ કૃપાનિધાન છે–અક્લિષ્ટકર્મા છે. લોકમાં અને વેદમાં પણ નિન્દા કરવામાં આવે તેવાં કર્મનો કરનાર હોય છતાં પોતાને શરણે આવે તો તેઓના ઉપર કરુણા કરીને તેમના અપરાધ ક્ષમા કરી દુઃખ નિવારણ કરે. ઈન્દ્રે પ્રથમ અપરાધ કર્યો પરન્તુ પુનઃ વિવેક પ્રાપ્ત કરતાં ભક્ત થઈ શરણે આવવાથી તેનાં સર્વ દુઃખ દૂર થઈ ગયાં. ''**મયા તેઽકારિ મઘવન્**'' ત્યાંથી આરમ્ભી 'ગમ્યતામ્' એ વચન સુધીમાં ઉપરનું સર્વ જણાવેલું છે. હવે પછી આ પ્રમાણે નિન્દિત કર્મ ન કરવું એમ પણ આપ ઉપદેશ આપે છે. એ સર્વનું અનુસન્ધાન આ નામથી કરવું।।૨૨।।

કેવલ ઈન્દ્રના દુઃખનું નિવારણ કર્યું. એટલું જ નહિ પણ તેના ઉપર મહાન અનુગ્રહ પણ કર્યો તે કહે છે :

## ઇન્દ્રસુરભીપ્રસાદકાય નમઃ ।।૨૩।।

ઈન્દ્ર તથા કામધેનું ઉપર અનુગ્રહ કરનાર શ્રીહરિને અભિવન્દન.

ઈન્દ્ર અને કામધેનું એ બન્નેની એક જ સ્થિતિ છે. અનુગ્રહ પણ એક જ પ્રકારનો છે, માટે એકપદમાં બન્નેનો સમાવેશ કર્યો. પ્રભુના અભિષેકની પ્રાર્થના કામધેનુએ કરી. ઈન્દ્રે અભિષેક કર્યો. એમ બન્નેએ પોતાનો સેવકધર્મ યથાર્થ બજાવ્યો. તેથી પ્રભુએ પ્રસન્ન થઈને તેમના ઉપર પ્રસાદ–અનુગ્રહ કર્યો. ઈન્દ્રનું ઈન્દ્રત્વ દૂર કરીને કામધેનુએ અભિષેક કરાવ્યો હોત તો પરસ્પર વૈમનસ્ય થવાનો પ્રસંગ આવત, તે થયું નથી. તેથી બન્નેમાં સમાનતા રહેલી હોવાથી એક પદમાં જ કહ્યું।।૨૩।।

પ્રભુનું ઈન્દ્રત્વસૂચક નામ પ્રદર્શિત કરે છે :

## ગોવિન્દાય નમઃ ।।૨૪।।

ગોકુલના ઈન્દ્રને નમન.

ઈન્દ્રના પણ ઈન્દ્ર પ્રભુ છે. એમ આપનું માહાત્મ્ય આપે પ્રકટ કર્યું. તેથી જ મૂલમાં કહ્યું છે કે ''**નિર્વૈરાણ્યં ભવંસ્તાત વૈરાણ્યપિ નિસર્ગતઃ**'' ક્રૂર હોવા છતાં પણ સર્વ રીતે નિર્વેર થઈ ગયાં. પરમાત્માના માહાત્મ્યથી જ આ સર્વ બનવું શક્ય છે. અભિષેક પામવાથી આપ ગોવિન્દ, ગોકુલેન્દ્ર, વ્રજેન્દ્ર, ગોપેન્દ્ર તથા ઈન્દ્રેન્દ્ર, દેવેન્દ્ર, સુરભીન્દ્ર વગેરે નામધારી થયા. આમ માહાત્મ્યજ્ઞાન સહિત સુદઢ સ્નેહથી સર્વનો નિરોધ કરાવ્યો।।૨૪।।

આટલાં ચરિત્ર કરવા છતાં સર્વથા માહાત્મ્યનું પરિજ્ઞાન થયું નહિ. જેથી ગોવર્ધન ધારણ કર્યા પછી જે સ્થાનમાં તે હતો તેવોને તેવો જ ત્યાં સ્થાપન કર્યો, પણ ભગવાનનું મિલન થતાં લૌકિક રીતિ જ કરવામાં આવી, અલૌકિક ભાવ સ્ફુર્યો

નહિ. એટલા માટે આગળનું ચરિત્ર કરવામાં આવ્યું તે નામ કહે છે :

## અત્યન્તભક્તનિરોધકાય નમઃ ||૨૫||

અત્યન્ત ભક્તના વિરોધ કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર.

જે ભક્ત હોય, તે તો અનુભાવથી દૃઢ આશ્રય કરી ભગવાનનું જ ભજન કરે. તેમાંએ તે જો નિરોધમાર્ગીય હોય તો તેનો પ્રભુ અવશ્ય નિરોધ કરે જ. નન્દરાયજીને અન્યભજન થયું તેટલા અંશમાં તેમનો ભાવ પ્રભુમાં ન્યૂન થયો. માટે તેમનો નિરોધ સિદ્ધ થવાને ભગવાન્‌ની પ્રેરણાથી વરુણના દૂતો તેમને લઈ ગયા, ત્યાં પ્રભુ પધાર્યા ત્યારે વરુણ દેવદાસની પેઠે ભજન-સ્તુતિ કરવા લાગ્યા. તેવું માહાત્મ્ય નિરીક્ષણ કરી ભગવાન્ ઉપર અલૌકિક બુદ્ધિ ઉત્પન્ન થઈ. આ નામ તે આશયને વ્યક્ત કરનાર છે||૨૫||

## વરુણાદિદેવપ્રબોધકાયે નમઃ ||૨૬||

વરૂણાદિક દેવોને ઉપદેશ કરનાર વિભુને અભિવન્દન.

વરુણદેવ તેમના સ્થાનમાં નિવાસ કરતાં ત્યાં અન્ય દેવો-સ્ત્રીઓ પણ નિવાસ કરે જ. તે સર્વને પોતાના જ્ઞાનનો બોધ કરનાર. એ સર્વ વરૂણાદિકો જાણે પ્રભુના ગર્ભથી જ દાસ હોય તેમ સેવન કરવા લાગ્યા. તે તાત્પર્યને પ્રકટ કરતું આ નામ છે||૨૬||

વરૂણ લોકમાં વરૂણાદિ દેવો પ્રભુના દાસ છે એમ જાણી ભગવાન્‌નું માહાત્મ્યજ્ઞાન દૃઢ થયું તેથી પ્રભુનો પરમ ઉત્કર્ષ જોવાની ઇચ્છા થતાં નન્દાદિકોને તેનું દર્શન કરાવ્યું તે કહે છે :

## વ્યાપિવૈકુણ્ઠપ્રદર્શકાય નમઃ ||૨૭||

વ્યાપી વૈકુણ્ઠને ઉત્કર્ષ રીતે દર્શાવનાર પ્રભુને નમન.

વ્યાપિવૈકુણ્ઠનું દર્શન કરાવી તેમની અવિદ્યાની નિવૃત્તિ થતાં અક્ષરાનન્દનો અનુભવ થવાથી તેમનો લય-મોક્ષ થઈ જાય. પરન્તુ તેનાથી ઉત્તમ ભજનાનન્દની પ્રાપ્તિ ન થાય. માટે મોક્ષાનન્દનું સુખ દર્શાવી તેમાંથી તેમનો ઉદ્ધાર કર્યો છે. તે ભાવ આ નામમાં રહેલો છે||૨૭||

વૈકુણ્ઠમાંથી ઉદ્ધાર કર્યાનું સ્પષ્ટ કથન કરે છે :

## વૈકુણ્ઠ- સ્થિત્યધિક-ભક્ત-ગૃહ-સ્થિતિ-બોધકાય નમઃ ||૨૮||

વૈકુણ્ઠમાં સ્થિતિ કરતાં અધિક ભક્તને ગૃહ સ્થિતિ છે. તેનો બોધ કરનાર હરિને વન્દન.

વ્યાપિવૈકુણ્ઠમાં નિવાસ કરી મોક્ષાનન્દ મેળવવો તેના કરતાં ભક્તજનને

ગૃહમાં નિવાસ કરવો અત્યન્ત ઉત્તમ છે. કારણ કે વૈકુણ્ઠમાં સર્વોપરિ જે પરબ્રહ્મ છે, તે જ મારા ગૃહમાં પ્રકટ વિરાજમાન છે. તેની હું સેવા કરું છું. તેમને સર્વ નિવેદન કરીને હું પ્રસાદ ગ્રહણ કરું છું. તેમની પ્રત્યેક આજ્ઞાને આધીન રહીને પ્રત્યક્ષ ભજનાનન્દને ભોગવું છું. એ સુખ એ આનન્દ મોક્ષાનન્દ કરતા અનેકાનેક રીતે ચઢી જાય તેવો પરમાનન્દ છે. એમ ઉપદેશ કરનાર।।૨૮।।

## મદન ગોપાલાય નમઃ ।।૨૯।।

મદનમૂર્તિ ગોપાલને પ્રણામ.

વૈકુણ્ઠમાં તો મોક્ષાવસ્થા અનુભવી. અહિં સાક્ષાત્ મદનમોહનમૂર્તિ પરમલાવણ્યના નિધાન પોતે જ ગોપાલરૂપે પ્રકટ થઈ આનન્દ આપી રહ્યા છે. એમ નન્દ વગેરે ગોપોને જ્ઞાન પ્રકટ થયું. ''કૃષ્ણેન ચોદ્ધૃતા'' એ શ્લોક પ્રમાણે કૃષ્ણ પદના અર્થને સમર્થન કરતું આ નામ છે।।૨૯।।

ગોકુલમાં ભગવાન્નું ઉચ્છૃંખલ ચરિત્ર જોવામાં આવે છે તો તેમને તેવું નિર્દોષજ્ઞાન કેમ થયું તે પ્રશ્નના પ્રત્યુત્તર રૂપ નામ કહે છે.

## અનાદિ બ્રહ્મચારિણે નમઃ ।।૩૦।।

અનાદિ બ્રહ્મચારી શ્રીકૃષ્ણને પ્રણામ.

જેમનાથી કોઈ આદિ નથી, જે સર્વના આદિ છે માટે સર્વના આદિભૂત બ્રહ્મચારી પ્રભુ પોતે જ છે. જે પુરુષો હાલમાં બ્રહ્મચર્ય વ્રત કરે છે, તે સર્વને મૂલ ભગવાન જ છે. કારણ કે પોતે સર્વત્ર ''**બ્રહ્મરૂપેણ ચરતિ વ્યાપ્નોતિ**'' બ્રહ્મરૂપથી વ્યાપ્ત રહેલા છે. સર્વ પદાર્થોમાં પ્રભુને આત્મબુદ્ધિ જ રહેલી છે. આત્મથી વ્યતિરિક્ત કોઈ વસ્તુ જ નથી. માટે બ્રહ્મચર્ય પણ પ્રભુમાં જ યથાર્થ રહેલું છે, જે સર્વદા નિજાનન્દથી પરિપૂર્ણ છે તેમને અન્યના આનન્દની અપેક્ષા જ નથી. પોતાથી અન્ય વસ્તુ કે આનન્દ છે જ નહિ, એટલે સર્વ પોતે જ. તેમનું બ્રહ્મચર્ય ખણ્ડિત થતું જ નથી. જેથી અનાદિ બ્રહ્મચારીત્વ પ્રભુમાં જ સિદ્ધ છે. છન્દ-વેદોથી સ્તુતિ કરાતા શ્રીકૃષ્ણના સ્વરૂપને જોઈ તેમને-નન્દાદિકોને તેવું નિર્દોષ જ્ઞાન થયું. સામાન્ય બ્રહ્મચારીઓને વેદાધ્યયન કરવું, તેમાં રહેલા ધર્મ પ્રમાણે આચરણ કરવું વગેરે હોય છે. પરન્તુ વેદો જ જેમની સ્તુતિ-યશોગાન ગાય છે. તેમને વૈદિકધર્મની આવશ્યક્તા નથી. તે પ્રભુનું અનાદિ બ્રહ્મચારીપણું દર્શાવ્યું તે યથાર્થ જ છે।।૩૦।।

આમ નિર્દોષ જ્ઞાન થવાથી હવે ફલ જ્ઞાન થવું જોઈએ. માટે ફલપ્રકરણની શરૂઆત દર્શાવતું નામ કહે છે :

## કન્દર્પકોટિલાવણ્યાય નમઃ ।।૩૧।।

કરોડો કામદેવ સમાન જેમનું લાવણ્ય-સૌન્દર્ય છે એવા વિભુને વન્દન.

'ભગવાનપિ' એ મૂલ શ્લોકમાં 'ભગવાન્' પદ ષડ્ગુણ ઐશ્વર્ય સમ્પન્ન સ્વરૂપ કોટિ-કોટિ કામને તિરસ્કાર કરે તેવું કમનીય લાવણ્ય ધારણ કરીને રહેલા પ્રભુના સ્વરૂપને સિદ્ધ કરે છે. આ નામથી તે જ દર્શાવ્યું છે।।૩૧।।

કોટિ કામદેવ સમાન કમનીય પ્રભુનું સ્વરૂપ શ્રુતિઓમાં ક્યાંયે સાંભળવામાં નથી આવતું છતાં તમે એમ કેમ કહો છો ? એ શંકાને નિવારણ કરતું નામ નિવેદન કરે છે :

## સર્વોપનિષત્તાત્પર્યગોચરાય નમઃ ।।૩૨।।

સર્વ ઉપનિષદ્‌ના તાત્પર્ય રૂપે દષ્ટિગોચર થતા શ્રીકૃષ્ણને નમન.

સર્વ ઉપનિષદ્‌નું જે તાત્પર્ય "**રસો વૈ સઃ**" તે પરમાત્મા રસ સ્વરૂપ છે એ શ્રુતિથી જ નિરૂપણ કરેલું છે. રસાત્મક સ્વરૂપ કોટિ-કોટિ કન્દર્પના લાવણ્યરૂપ જ હોઈ શકે. અરે કરોડો કામદેવ પણ તે સ્વરૂપ આગળ ઝાંખા થઈ જાય. અથવા સર્વ ઉપનિષદ્રૂપ શ્રીવ્રજસિમન્તિઓ તેમને બહાર ફલરૂપે અનુભવવામાં આવતું-દષ્ટિગોચર થતું રસાત્મક સ્વરૂપ. શ્રુતિઓને માટે જ-શ્રીગોપીજનો માટે જ આપે તેવું કોટિકકન્દર્પ લાવણ્ય સ્વરૂપ પ્રકટ કર્યું. અથવા સર્વ ઉપનિષદ્‌નું તાત્પર્ય ફલમાં એટલે ફલરૂપ રાસલીલામાં રહેલું છે. તેટલા માટે તેવા સ્વરૂપે આપ દષ્ટિગોચર થયા. આ પ્રમાણે સર્વ ઉપનિષદ્‌ના તાત્પર્યરૂપ દષ્ટિગોચર થવાથી આ લીલા નિત્ય છે. હમણાં માત્ર આ લોકમાં પ્રકટ કરી છે. માટે જ કહ્યું છે કે : "**અત્રૈવ લોકે પ્રકટમ્ આધિદૈવિકમ્ ઉત્તમમૂક**" આ લોકમાં ઉત્તમ આધિદૈવિક ચરિત્ર આપે પ્રકટ કર્યું છે ।।૩૨।।

ફલસ્વરૂપને જણાવનાર નામ કહે છે :

## ગોપિકારમણાય નમઃ ।।૩૩।।

ગોપિકાઓને રમાડનાર ભગવાનને અભિવન્દન.

અત્યાર સુધી ઈશ્વરભાવે આપ રહેલા હતા. પરન્તુ શરદઋતુથી પ્રફુલ્લ ફુલોવાળી પરિપૂર્ણ ચન્દ્રમણ્ડળથી મણ્ડિત અધિદૈવિક રાત્રિઓને જોઈને આપે સમસ્ત બ્રહ્મધર્મનો પરિત્યાગ કરી નાયકભાવથી રમણની ઈચ્છા પ્રકટ કરી. તેથી આપ ગોપિકાઓના રમણ થયા।।૩૩।।

એટલા વિલમ્બને ન સહન કરતાં તે કાર્ય સાધવા માટે યોગમાયાનો આશ્રય કર્યો તેને સૂચન કરતું નામ સૂચવે છે :

## સકલયોગાધિપતયે નમઃ ।।૩૪।।

સર્વયોગના અધિષ્ઠાતા યોગેશ્વરને નમસ્કાર.

સર્વ યોગમાત્રના અધિષ્ઠાતા-પતિ ભગવાન્ છે. તે-તે કાર્ય સાધવાને તે-તે યોગનો-યોગમાયાનો આશ્રય કરે છે. તે કાર્ય યોગમાયા જ સિદ્ધ કરી શકે. માટે

આપે તેનો આશ્રય કર્યો. યોગમાયા જ વસ્તુને જેવી હોય તેવીને તેવી જ બીજા સ્થાનમાં સ્થાપન કરી શકે. જેમ પ્રથમ પ્રભુની આજ્ઞાથી બલદેવજીને દેવકીજીના ઉદરમાંથી રોહિણીજીના ઉદરમાં સ્થાપન કર્યા. આ સમયે પણ રસમાં એની સ્વાભાવિક્તા હોવાથી તેનો જ આશ્રય કર્યો-સ્વીકાર કર્યો છે. તેથી આપ સર્વ યોગેશ્વરના પણ યોગેશ્વર છે।।૩૪।।

ભગવાને મન નવીન રચ્યું. લીલોપયોગી સર્વ સામગ્રી પણ નવી જ રચી, તેમ કામ પણ નવીન જ પ્રકટ કર્યો તે નામ કહે છે :

## અલૌકિક પૂર્ણકામજનકાય નમઃ ।।૩૫।।

અલૌકિક પૂર્ણકામને ઉત્પન્ન કરનાર શ્રીકૃષ્ણને નમન.

જ્યારે રસના નાયકભાવથી આપને રમણેચ્છા ઉત્પન્ન થઈ ત્યારે કામ પણ સ્વરૂપાત્મક અલૌકિક દિવ્ય-નવીન જ આપે પ્રકટ કર્યો. ભક્તજનને પણ વેણુ દ્વારા તેવો અલૌકિક કામ જ ઉત્પન્ન કર્યો. માટે જ શ્રીસુબોધિનીમાં આજ્ઞા કરી કે ''કામના પિતામહ મનને ઉત્પન્ન કર્યું, મનથી સંકલ્પ અને સંકલ્પથી કામ થાય. જેથી કામના પિતામહ-પિતાના પિતા મન'' એમ કહ્યું. કોઈ સ્થલે ''અલૌકિક પૂર્ણ કામબીજજનકાય નમઃ'' એવો પાઠ હોય તો કામબીજ-વેણુનાદને ઉત્પન્ન કરનાર એમ અર્થ કરવો. કારણ કે વેણુનાદ દ્વારા કામજનક પોતે જ છે।।૩૫।।

ભગવાન્‌ની રસરૂપતા નિરૂપણ કરીને તે રસનાં ઉદ્દીપક પણ પોતે જ છે. એમ આશય પ્રકટ કરતું નામ જણાવે છે :

## આશાપૂરકસત્યાત્મકામદીપકાય નમઃ ।।૩૬।।

આશાને પુરનાર-સત્ય-આત્મરૂપ-કામનો દીપક ઉદ્દીપન કરનાર ચન્દ્રરૂપ શ્રીકૃષ્ણચન્દ્રને પ્રણામ.

જ્યારે આપે દિવ્ય મન પ્રકટ કર્યું તે જ સમયે આધિદૈવિક ચન્દ્ર ઉદય પામ્યો. આપનું મન એ આધિદૈવિક દેવતા ચન્દ્ર છે. આ ચન્દ્ર રમણેચ્છાથી થયો છે. ''ગોપિકારમણાય નમઃ'' એ નામમાં એનો સમાવેશ થઈ જાય છે. પરન્તુ તેનું સ્વરૂપ કથન કરવું જોઈએ, માટે અહિં વિશેષ રીતે સ્વરૂપ દર્શાવતાં મૂલ ''**કકુભઃ કરૈર્મુખં પ્રાચ્યા વિલિમ્પન્**' કિરણોથી પ્રાચી-પૂર્વદિશાના મુખને લિમ્પન કરતો'' એમ કહ્યું. એ અર્થનું સૂચન થાય છે. અથવા ચર્ષણીઓની આશાને તેમના શોકને દૂર કરી પૂરી છે. તેથી પણ તે આશાપૂરક ચન્દ્ર છે. ચન્દ્ર-ઉડુ નક્ષત્રોનો અધિપતિ છે. એ વાત ખરી પણ નક્ષત્રના મધ્યમાં રહેલો આ ચન્દ્ર નથી, કે જે સત્વર અસ્ત પામી જાય. આ ચન્દ્ર ઉદય પામીને આકાશ મધ્યમાં આવી ત્યાં જ સ્થિર થઈ જાય તેવો સત્યરૂપ છે. રમણ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેનો અસ્ત જ થાય નહિ. વગેરે અલૌકિક ધર્મો

અહિં તેના દર્શાવવામાં આવ્યા છે. લૌકિકચન્દ્ર ન હોવાથી જ તે આત્મરૂપ છે. કામને ઉદ્દીપન કરવાથી જ તે રસના ઉદ્દીપન ભાવરૂપ થયો છે।।૩૬।।

આવા ચન્દ્રને જોઈ વેણુનાદ કર્યો. તેનું ગાન સાંભળી શ્રીગોપીજનો ત્યાં પધાર્યા તેનું સૂચક નામ દર્શાવે છે.

## શૃંગારવિભાવાદિયુક્તાય નમઃ ।।૩૭।।

શૃંગારરસના વિભાવાદિધર્મોથી યુક્ત વિભુને વન્દન.

મુખ્ય રસ જ્યારે તેના વિભાવાદિક ભેદોથી યુક્ત હોય ત્યારે જ રહી શકે. આલમ્બન વિભાવ, ઉદ્દીપન વિભાવ, સ્થાયી ભાવ વગેરે રસના ધર્મ છે. અહિં અલૌકિક શૃંગારરસમાં શ્રુતિરૂપ શ્રીમદ્ગોપીજન અને રસાત્મક પ્રભુ શ્રીકૃષ્ણનાં પરસ્પર આલમ્બનથી થયેલા વિભાવો છે. તેમ શરદઋતુના સૌભાગ્ય સમી પ્રફુલ્લિત મલ્લિકાઓ જેમાં ઝોલાં ખાઈ રહી છે તે વરદાનમાં આપેલી અલૌકિકરાત્રિઓ તથા અલૌકિક-આધિદૈવિક-સ્વરૂપાત્મક ચન્દ્ર એ ઉદ્દીપન વિભાવો છે. એમ રસના નામથી સૂચવાય છે।।૩૭।।

આમ કરવામાં પ્રથમ પ્રતિજ્ઞા કરી હતી તે જ કારણરૂપ છે, એમ કહે છે :

## સત્યવાચે નમઃ ।।૩૮।।

જેની વાણી સત્ય છે એવા પ્રભુને પ્રણામ.

''**મયેમા રંસ્યથ ક્ષપાઃ**'' એ શ્લોકમાં સૂચન કર્યા પ્રમાણે વસ્ત્રહરણ લીલાના પ્રસંગમાં આપે વ્રજકુમારિકાઓને રાત્રિઓ વરદાનમાં આપી હતી. તે પોતાની વાણીને સત્ય કરવા રમણનો આ પ્રસંગ ઉપસ્થિત કરી સર્વ લૌકિક રચના કરેલી છે, તે પોતાની પ્રતિજ્ઞા સત્ય કરી. માટે સત્ય વાણી વદનાર વિભુ એમ આશય વ્યક્ત કરે છે।।૩૮।।

ગોપીજન પધાર્યા પછી ધર્મસૂચક નામ કહે છે :

## કામોન્મત્તગોપાંગનામુક્તિદાત્રે નમઃ ।।૩૯।।

કામમાં ઉન્મત્ત બનેલાં ગોપાંગનાઓને મુક્તિને આપનાર મુકુન્દને વન્દન.

'**નિશમ્ય ગીતમ્**' આ મૂલ શ્લોકમાં વર્ણવેલા અનંગવર્ધક-કામોત્પાદક ગાન શ્રવણ કરતાંની જ સાથે એવો અનંગ વૃદ્ધિંગત થયો કે શ્રીગોપીજનોની ઉન્માદાવસ્થા થઈ. દેહનું પણ અનુસન્ધાન ન રહ્યું. તેવાં ગોપાંગનાઓને મુક્તિનું દાન કરનાર '**કૃષ્ણાગૃહીતમાનસા**' એ શ્લોકમાં ભગવાને તેમનાં મનનું ગ્રહણ કર્યું એમ કહ્યું. તેથી માત્ર મન જ નહિ, પણ મન સર્વઈન્દ્રિઓમાં મુખ્ય હોવાથી સર્વ ઈન્દ્રિય સહિત મન ગ્રહણ કર્યું. એટલે સત્ત્વર તેઓ પ્રભુ પાસે પધાર્યા. '**બ્રહ્મૈવ સન બ્રહ્માપ્યેતિ**' ''બ્રહ્મરૂપ થાય તો જ બ્રહ્મ પાસે જઈ શકાય'' તેથી ઈન્દ્રિયો સાથે મન પ્રભુમાં વિલીન થતાં તેમની મુક્તિ જ થઈ-પ્રભુએ જેમને મુક્તિનું દાન કર્યું, અથવા

પ્રથમ ભક્તજનોના આત્મામાં પોતાના આત્મા વડે આનન્દ પૂર્યો તેથી તેઓની મુક્તિ થઈ. કેમ કે મુક્તિમાં આત્માને જ આનન્દનો અનુભવ થાય છે. દેહેન્દ્રિયાદિને થતો નથી. પરન્તુ અહિં તો દેહેન્દ્રિયાદિક સહ આત્માને આનન્દ થયો છે. એ વિશેષતા છે. પ્રથમ આત્માને આનન્દ થયો. પછી મન આદિ સર્વ ઈન્દ્રિયોને આનન્દ થયો. એમ થતાં કામાદિ વિષયોનો પરિત્યાગ થઈ જતાં જ્ઞાન ભક્તિ આધિ સાધનો દ્વારા મહાન પરિશ્રમે મુક્તિ થાય છે. તે મુક્તિ અહિં બાધકરૂપ કામથી જ થઈ છે. માટે ''કામ ક્રોધમ્'' એ શ્લોકમાં કામ ક્રોધ અથવા સ્નેહ વગેરેથી મારે વિષે તન્મય થનારને મુક્તિ થાય છે એમ કહ્યું।।૩૯।।

બ્રહ્મ પામ્યા પછી તેમના મનની અભિલાષા તેથી પણ અધિક ફળ મેળવવાની હતી. તેવા અધિકારીની પરીક્ષા કરવા આગળ કહે છે :

## મુક્ત્યાધિકફ્લગોપીમનોમોહકાય નમઃ ।।૪૦।।

મુક્તિથી અધિક ફલ સમ્બન્ધમાં ગોપીજનોનાં મનને મોહ કરનાર **મદનમોહનને નમન.**

મુક્તિથી અધિક એવા સાક્ષાત્ પ્રભુના સમ્બન્ધમાં ગોપીજનના મનને મોહ પમાડવા માટે ''**વાચઃ પેશૈર્વિમોહયન્**'' એ શ્લોકથી આરમ્ભી ''**પ્રતિયાત ગૃહાન્**'' તે શ્લોક પર્યન્ત વચનો કહેલાં છે. ભગવાન્‌ને તો ભજન નથી ઘટતું કારણ કે સર્વનો લય થતાં શેષ પોતે જ રહે છે. એટલે એ ભજન કોનું કરે ? પોતાનાથી પર કોઈ છે જ નહિ. જેથી પોતાનું ભજન કરનારને પ્રભુ મુક્તિ આપે છે. પણ કોઈ દિવસ ભક્તિ આપતા નથી. માટે ગોપીજનોને પ્રથમ મુક્તિ આપી. બીજું ઉત્તમફલ અધિકાર વિના ન આપવું જોઈએ એમ માની ''**સ્વાગતં વો મહાભાગાઃ**'' ઈત્યાદિ નિષેધ વચનો કહ્યાં. તે ભાવસૂચક આ નામ છે।।૪૦।।

આ ગોપીજનો પૂર્ણ અધિકારવાન છે. તે દર્શાવવા તેવું નામ જણાવે છે :

## લોકવેદ-સર્વધર્મ-પરિત્યક્ત-
## ગોપીસેવિત-ચરણારવિન્દાય નમઃ।।૪૧।।

લોક અને વેદનો ત્યાગ કરનાર ગોપીજનોથી જેમનાં ચરણારવિન્દ સેવન કરાય છે એવા શ્રીકૃષ્ણ પ્રભુને **નમસ્કાર.**

ગોપીજનોએ લોક અને વેદના સર્વ ધર્મનો પરિત્યાગ કર્યો. કેવળ પ્રભુપરાયણ જ જેમની વૃત્તિ થઈ. માટે ''**સન્ત્યજ્ય સર્વવિષયયાન્ તવ**'' અમે સર્વ વિષયોને પરિત્યાગ કરીને આપણાં ચરણારવિન્દને શરણે આવેલા છીએ. ''**કા સ્ત્રયંગતે**'' કોણ એવી ત્રણે લોકમાં સ્ત્રી છે કે જે આપના મધુરપદોનાં અમૃતમય વેણુનાદથી મોહ પામી આર્યચરિત્રથી-સર્વધર્મથી ચલાયમાન ન થાય? એમ નિવેદન

કર્યું. વળી આગળ પણ 'કિંકરીણામ્' એમ કહીને પોતાનું સર્વ રીતે દાસત્વ દર્શાવ્યું. દાસત્વમાં લોકવેદાદિ ધર્મ રહી શકે જ નહિ. ભગવાનના ચરણારવિન્દની સેવા જ તેમનો ધર્મ હોઈ શકે આ નામમાં આ સર્વ આશય છે।।૪૧।।

અન્તર્ગૃહમાં રૂંધાયેલા ગોપીજનોને પ્રભુના સન્નિધાનમાં પધારવાને અન્તરાય હતો. તે અન્તરાયને દૂર કરનાર નામ કહે છે :

## ભક્તપ્રતિબન્ધનિવારકાય નમઃ ।।૪૨।।

ભક્તજનના પ્રતિબન્ધને નિવારણ કરનાર પ્રભુને પ્રણામ.

''**જહુર્ગુણમય દેહમ્**'' ગુણમયદેહનો ત્યાગ કર્યો. એ શ્લોક પ્રમાણે ગોપીજનોએ પોતાના દેહનો ત્યાગ કરી પ્રભુના અન્તરમાં પધાર્યા. એ રીતે પ્રભુએ તેમના પ્રતિબન્ધ-અન્તરાયને દૂર કર્યો છે।।૪૨।।

## અલબ્ધરાસગોપીસદ્યોમુક્તિપ્રદાયકાય નમઃ ।।૪૩।।

જેમને રાસ પ્રાપ્ત થયો નથી તેવાં ગોપીજનોને સદ્યમુક્તિ આપનાર મુકુન્દને વન્દન.

રાસવિલાસ જેમણે પ્રાપ્ત કર્યો નથી, એવાં ગોપીજનોને ભગવાને ધ્યાન માત્રથી જ સત્ત્વર મુક્તિ આપી છે. અન્તર્ગૃહગતા ગોપીજનોને તેમના પતિ પુત્રાદિકોએ ન જવા દીધાં અને ગૃહમાં એકાન્તસ્થાનમાં રૂંધી રાખ્યાં તે ગોપીજનોને ભગવદ્ વિરહરૂપે અગ્નિ પ્રગટ થવાથી તેમનાં અન્તરનાં પાપ બળી ગયાં અને ભગવાનના સ્વરૂપને અન્તરમાં પધરાવ્યું તેથી પુણ્યક્ષીણ થયાં. એ રીતે પાપ અને પુણ્યરૂપ કર્મનો ક્ષય થવાથી તેમની મુક્તિ થઈ. લૌકિકદેહ છૂટ્યા પછી તેમની મુક્તિ થતાં અલૌકિક દેહની પ્રાપ્તિ થઈ અને બીજાં સર્વ ગોપીજનો કરતાં પ્રથમ જ તે પ્રભુની સમીપમાં અલૌકિક દેહથી પ્રાપ્ત થયા છે।।૪૩।।

પરીક્ષા પછી તે પણ રાસમધ્યમાં સ્થિતિ કરનાર થયાં તે સૂચક નામ કહે છે :

## પરીક્ષિતગોપવધૂસેવિતચરણાય નમઃ ।।૪૪।।

પરીક્ષા કરેલા ગોપાંગનાઓથી જેમના ચરણોનું સેવન થાય છે એવા શ્રીગોપીજનવલ્લભને અભિવન્દન.

''**પુરુષભૂષણ દેહિ દાસ્યમ્**'' હે પુરુષોમાં ભૂષણરૂપ-શ્રેષ્ઠ પુરુષોત્તમ! આપનું દાસપણું આપો. આ શ્લોક પ્રમાણે પ્રભુ પાસે દાસત્વની માગણી કરતાં તેમની સેવા કરવા લાગ્યાં, ''**તાભિઃ સમેતાભિઃ**'' ''તે બધાં ગોપીજનોથી વીંટાયેલા ભગવાન્ નક્ષત્રોમાં ચન્દ્રની પેઠે દૈદીપ્યમાન દેખાવા લાગ્યા અથવા ચારે બાજુથી ઈક્ષણા કરાતાં ગોપીજનો વડે જેમનાં ચરણારવિન્દનું સેવન થાય છે એવા એમ પરીક્ષા કર્યા પછી ''**ઈતિવિક્લવિત તાસામ્**'' આ પ્રમાણે કહીને તેમનું હાસ્ય કર્યું.

અત્યન્ત ઉત્કૃષ્ટ–અતિ ઉત્તમ હાસ્ય કર્યું. એમ કરીને પરિહાસનું જ્ઞાપન કરનાર પોતાની અપેક્ષા સૂચવનાર પ્રભુ છે. વળી પ્રથમ હાસ્ય કરીને પરિહાસનું જ્ઞાપન કરી પછી પ્રેમપૂર્વક ચારે તરફ અવલોકન કરતાં એવા ગોપાંગનાઓનું સૂચન કરનાર પરિક્ષિત પદ છે. તેમ તેવા પ્રકારનું ભગવાન્નું અવલોકન થયા પછીથી તે ગોપીજનોનું પણ તેવું જ અવલોકન થયું–તેથી ચારે તરફથી ઈક્ષણ–જોવાની ઈચ્છા જેમને વિષે થઈ છે એવાં તે ગોપીજનો. અહિં ઈક્ષણ એ મુખ્ય વિલાસ છે. તેનું કથન કરવાથી તેની સાથે બીજા બધાયે વિલાસના અંગોનું કથન પણ સમજી લેવું. માટે **'પ્રિયેક્ષણોત્ફુલ્લમુખીભિઃ'** પ્રિય પ્રભુનું નિરીક્ષણ કરવાથી પ્રફુલ્લ મુખવાળાં ગોપીજનોએ એમ મૂળમાં કહ્યું. એ આશયનું આ નામ છે।।૪૪।।

આ પ્રમાણે રમણ પ્રાપ્ત કર્યા પછીથી તેમને લૌકિક ન્યાય પ્રમાણે મદ અને માન થયાં. તેથી પોતાના આત્માને સર્વ સ્ત્રીઓમાં પરમ શ્રેષ્ઠ માનવા લાગ્યાં. તે માન મુકાવનાર નામનો નિર્દેષ કરે છે.

## નિજજનસ્મયધ્વંસનસ્મિતાય નમઃ ।।૪૫।।

નિજજનના ગર્વને ખંડન કરનાર મન્દહાસ્ય જેમનું છે. એવા **શ્રીમદનમોહનને નમન.**

પ્રથમ 'ઉદારહાસદ્વિજકુન્દદીધિતિ' ઉદાર હાસ્યયુક્ત દન્તરૂપ કુન્દપુષ્પની કાન્તિ જેમનાં મુખારવિન્દ ઉપર ઝળકી રહી છે એવા શ્રીકૃષ્ણ નક્ષત્રગણમાં ચન્દ્ર સમાન દેદીપ્યમાન દેખાય છે. હાસ્ય સહિત દન્ત તે કુન્દપુષ્પ છે. કુન્દપુષ્પ રાતાં હોય છે. અધરો રાતાં હોય છે. પણ હાસ્યની ઝલકથી તે ધોળા થઈ ગયા. અહિં કુન્દપુષ્પપણું દન્તોનું દર્શાવ્યું તે સ્નેહને કામમાત્રની ઉપાધિવાળો જણાવવા માટે. પ્રથમ ઉપાધિ રહિત સ્નેહ હતો પણ ભગવાને રસશાસ્ત્રમાં સૂચન કરેલી રીતિ પ્રમાણે એ સ્વરૂપાનન્દનું દાન કરવાને તેના સજાતીય કામની ઉપાધિવાળો સ્નેહ હમણાં ઉત્પન્ન કર્યો એમ જણાવવાને સ્નેહરૂપ દાંતોને દ્વિજરૂપે કથન કરીને દીધિતિ પદથી તેનું અત્યન્ત કાન્તિમાનપણું પણ સૂચન કર્યું. શ્રીમતિ સ્વામિનિઓને નિરન્તર નિરુપધિ જ સ્નેહ જ હોય તો ખણ્ડિતાદિ ભાવોનો સમ્ભવ ન થાય. અને તેમ થવાથી બન્ને પરસ્પર પૂર્ણ રસભોગ પણ અસમ્ભવિત જ રહે. માટે નિરૂપધિ અંશને આચ્છાદન કરી પોતે કામની ઉપાધિવાળા સ્નેહને સમ્પાદન કર્યો. એમ થતાં લૌકિક રીતિના સ્નેહથી તેવા જ પ્રકારના રમણનું સૂચન થયું. પૂર્ણમનોરથને પ્રાપ્ત કરનારું રમણ નહિ. જેથી ઉદાસીનતા–નિરપેક્ષપણાએ તેમનાં સન્તોષાર્થે રમણ કરે છે એમ કહ્યું. એટલા માટે 'એવૈણાપ ઈવ' મૃગાંક ચન્દ્રની પેઠે એમ દષ્ટાન્ત આપ્યું. કલંકી ચન્દ્રની સમાનતા દર્શાવીને લૌકિક નાયક પેઠે વિકારપણાનું સૂચન કર્યું. તે મનોરથ

પૂર્ણ હોવા છતાં અપૂર્ણ થાય છે. વળી ક્રમે કરીને પણ થાય છે. કંઈ સદાયે પૂર્ણ જ હોય છે એમ નથી, તેવું અહિં પણ જાણવું. આમ હોવાથી પ્રભુએ હમણાં માત્ર લૌકિક રીતિ જ સ્વીકાર કરેલી છે. એટલે તે શ્રીગોપીજનોને માન-ગર્વ પણ થયો. જો કેવલ અલૌકિક તેમની પ્રપત્તિશરણ હોત તો માન સમ્ભવત જ નહિ. તે માનને ખણ્ડન કરનાર મન્દ-મન્દ હાસ્ય જેમને થાય છે. એવા પ્રભુ મદનના પણ માનને ખણ્ડન કરીને તેને મુગ્ધમોહ ઉપજાવનાર મદનમોહન હોય એમાં શું આશ્ચર્ય?

પ્રથમ પ્રભુનું ઉદાર વિશાલ હાસ્ય હતું. પણ પાછળથી માન ઉત્પન્ન થતાં આપે તેવા હાસ્યનો સંકોચ કર્યો. તેને સંકેલી લીધું. તેમ કરતાં જ તેમનું માન ઊતરી ગયું. માન ઊતર્યું ન હોત તો અકસ્માત આપ અન્તર્ધાન થઈ જતાં સાથે જ તેમને સન્તાપ કેમ ઉત્પન્ન થાય કેમ કે માનવતી વનિતાઓને તાપ હોતો જ નથી. માટે સન્દેહ થાય છે કે : માન ઊતરી ગયાં છતાં ભગવાન્ તિરોધાન અન્તર્ધાન કેમ થયા તેનો પ્રત્યુત્તર આપે છે :

પ્રભુ અન્તર્ધાન ન થાય તો તેમને પૂર્ણરસનું દાન જ ન સમ્ભવે. આપને તો શ્રીગોપીજનોને પૂર્ણરસનું દાન કરવું છે. તેવું દાન વિપ્રયોગ રસનો અનુભવ થાય તો જ થઈ શકે. તે વિના થઈ શકે જ નહિ. માટે તેમને પ્રથમ વિપ્રયોગ રસનો અનુભવ કરાવ્યો છે. સર્વ પ્રકારે શરણત્વ સિદ્ધ ન થાય માટે એમનામાં માન ગયું છે છતાં મદ તો રહેલો જ છે. એટલે પૂર્ણશરણ નથી-આદર્શરૂપ દીનતા પ્રાપ્ત થઈ નથી. તેઓ પોતાના આત્માને સર્વ સ્ત્રીઓમાં પરમ સૌભાગ્યવાન માનવા લાગ્યાં છે. તે મદને-સૂક્ષ્મરૂપે રહેલા માનને મસળી નાંખવા પુનઃ પરમકૃપા-પરમપ્રસન્નતા મેળવવા આપ તિરોધાન થઈ ગયા. લૌકિકરીતિએ માનનું નિવારણ કરે તો માન તો રહે જ. સમૂલ માન મર્દન થાય તો ક્ષણે-ક્ષણે માન પ્રકટ થાય નહિ અને અલૌકિક રીતે રસદાન કરવામાં તો સર્વથા માનનો લોપ થવો જ જોઈએ. જેથી તિરોધાન થઈને સર્વ રીતે તેમનામાં અન્તઃકરણપ્રવેશ કરીને સર્વકાર્ય કરવામાં સમર્થ-પરમેશ્વરે અલૌકિક રીતિએ તે માન નિર્મૂલ કરી નાખ્યું. આ નામમાં તો જેટલા અંશે લૌકિકસ્નેહ સ્થાપન કર્યો તેટલા અંશમાં તેનું માન મન્દસ્મિતથી મર્દન કરી નાખ્યું. વિશેષ અંશમાં નહિ. એવા અભિપ્રાયને પ્રતિપાદન કરનાર છે.।।૪૫।।

અધિક અંશે શાન્ત કરવા અને પુનઃ અનુગ્રહ કરવા પ્રસન્નતા દર્શાવવા પોતે તિરોધાન થઈ ગયા. તે સૂચક નામ કહે છે :

## કાયિકતિરોભાવિતગોપીપુઞ્જાય નમઃ ।।૪૬।।

કાયાથી કરાયેલા અન્તર્ધાનવાળાં ગોપીજનો જેમણે એવા શ્રીકૃષ્ણને પ્રણામ.

આપ કાયાથી અન્તર્ધાન થઈ ગયા પણ ગોપીજનોનાં અન્તઃકરણમાં પ્રકટ

હતા અથવા ભક્તોના કાયિક સમ્બન્ધને સારુ જે બહાર પ્રકટ હતા તે તિરોધાન થયા. તેવો પ્રભુનો તિરોભાવ ગોપીજનોને જોવામાં આવ્યો તેવા ભાવયુક્ત બનાવ્યાં છે ગોપીજનોને જેમણે એવા ભગવાન્ છે।।૪૬।।

એક સ્વામિનીજી નિર્દોષ હતા. તેમને સંગમાં લીધાં તે કહે છે :

## રાધાસહચરાય નમઃ ।।૪૭।।

રાધા સહિત ગમન કરનાર રાધાવલ્લભપ્રભુને નમસ્કાર.

શ્રીરાધા પ્રભુની સહચરી થયાં છે. પ્રભુ પણ તેમના સહચર છે. જેવી જેમની પ્રીતિ તેમ આપ વર્તન કરે છે. વ્રત કરનાર વ્રજકુમારિકાઓમાં જે મધ્યમાં રહેલાં હતાં તે શ્રીરાધા નામથી પ્રસિદ્ધ છે. તેમનાં આપ એકાન્તમાં સહચર થયા. તે એકાન્તમાં પ્રભુની સહચારિણી થયાં છે।।૪૭।।

તિરોધાન થયા પછી શ્રીગોપીજનોની અવસ્થાનું જ્ઞાપન કરે છે.

## વિરહવ્યાકુલગોપાંગનાન્વેષિતમાર્ગાય નમઃ ।।૪૮।।

વિયોગથી ગભરાતાં ગોપાંગનાઓથી જેમના માર્ગનો શોધ કરાય છે એવા શ્રીકૃષ્ણને નમસ્કાર.

પ્રથમ કહ્યા પ્રમાણે લૌકિકરીતિએ કરેલા સ્નેહની નિવૃત્તિ થતાં અલૌકિક શુદ્ધસ્નેહ અન્તરમાં સ્થિત છે. જે સ્નેહ થતાં સંયોગદશામાં પણ અસિંચનકારક હોય તો આર્દ્ર થતાં સન્તાપ જનક થાય છે-પ્રભુને દષ્ટિથી નિરખતાં છતાં અત્યન્ત નિકટપણું ન હોવાથી સન્તાપ ઉત્પન્ન કરનાર હોય છે. તો આ તો પ્રભુનું તિરોધાનપણું થયું છે-સર્વથા બહાર અદર્શન છે. એટલે વિશેષ સન્તાપ ઉત્પન્ન કરે એમાં આશ્ચર્ય જ શું? તેથી વિરહાગ્નિમાં આકુળ-વ્યાકુળ બની ગભરાતાં ગોપાંગનાઓ વડે જેમનાં માર્ગનું અન્વેષણ-શોધન થાય છે તેવા પ્રભુ. ''**અન્તર્હિતે માનવતિ**'' ત્યાંથી આરમ્ભી ''**એવં દર્શયન્ત્યસ્તાઃ**'' ત્યાં પર્યાન્તનું આ નામ છે।૪૮।

પોતાની સંઘાથે જે સહચરી હતાં તેમને માન થયું તે કહે છે :

## જ્ઞાનતુલ્યભક્તભ્રાન્તિજનકાય નમઃ ।।૪૯।।

જ્ઞાન વડે સમાન ભક્તની ભ્રાન્તિને ઉત્પન્ન કરનાર પ્રભુને પ્રણામ.

''**આત્માનં મેનિરે**'' એ શ્લોકમાં સૂચના કર્યા પ્રમાણે સર્વ ગોપીજનો પોતાને જ અત્યન્ત માન આપવા લાગ્યા પ્રભુને નહિ, તેથી પ્રભુ અન્તર્ધાન થયા હતા. તેમ આ સહચરી શ્રીસ્વામિનીને પણ થયું. એ પણ પોતાના મનમાં સર્વ ગોપીઓને તજીને મને આ ભજે છે, માટે સર્વમાં અધિક શ્રેષ્ઠ છું એમ જ્ઞાન થયું. એટલે તે પણ સર્વ ગોપીજન તુલ્ય બન્યાં. તેમનું જ્ઞાન તેમના જેવું થયું. આ વન

પ્રદેશ અત્યન્ત રમણીય છે. તેથી સ્વાર્થ માટે આ ત્યાં જાય છે. કંઈ મારે માટે જતા નથી. તો અન્યને સારુ મારે શ્રમ શા માટે લેવો જોઈએ ? એમ સહચરીને ગર્વ થયો, એટલે ભગવાન્‌ની કૃપાના અનધિકારિણી થયાં. પ્રસાદ-અનુગ્રહ પ્રાપ્ત કરવાનું અજીર્ણ થયું. એટલે બ્રહ્માદિકોને મોક્ષ આપનાર દેહેન્દ્રિયાદિથી રહિત પરમાનન્દરૂપ શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા કે : ''**ન પારયે અહં ચલિતુમ્**'' હું ચાલવાને શક્તિમાન નથી, આપનું જ્યાં મન હોય ત્યાં લઈ જાઓ. એટલે '**સ્કન્ધમ્ આરુહ્યતામ્**' એમ ભ્રાન્તિજનક-અશક્ય વચન ઉચ્ચારણ કર્યું. તે આશય દર્શાવતું આ નામ છે ||૪૯||

તેમની સમીપમાંથી પ્રભુ અન્તર્ધાન થયા. તેમને પણ મૂર્છા સુધીની પ્રથમનાં ગોપીજનોનાં જેવી જ અવસ્થા થઈ. એટલે આ સર્વનું જીવન ટકી રહે માટે સમીપમાં-આટલામાં જ પ્રભુ છે-પ્રિયતમ છે એમ એમને બોધ થયો તે નામ જણાવે છે :

## નિકટસ્થિતિબોધકાય નમઃ ||૫૦||

સમીપમાં મારી સ્થિતિ છે એમ બોધ કરનાર પ્રભુને વન્દન.

''**હા નામ રમણ પ્રેષ્ઠ**' એ શ્લોકમાં હે નાથ ! હે રમણ ! હે પ્રિયતમ ! હે મહાભુજ આપ ક્યાં છો? એમ બોલી આકુળ-વ્યાકુળ થઈને ગભરાતાં શ્રીસ્વામિનીજીના સમીપમાં ફરતાં-ફરતાં અન્ય ગોપીજનો આવી પહોંચ્યા. તેઓ પોતાને જોવા લાગ્યાં-પોતાનું સર્વ વૃત્તાન્ત તેમને નિવેદન કર્યું. એટલે દરેકને પણ પોતાના દોષની સ્ફુર્તિ થઈ આવી કે : આપણા જ દોષથી ભગવાન્ દૂર થયા છે-અન્તર્ધાન થઈ ગયા છે. બાકી એ પ્રિયતમ તો આપણી નિકટમાં જ વસે છે એમ સર્વને બોધ થયો. તેનું સૂચક આ નામ છે||૫૦||

પોતાના દોષને દૂર કરવા ગુણવાન એ જ એક સાધન છે એમ જાણીને તે કરવા લાગ્યાં :

## ગોપીવર્ણિતનિખિલગુણાય નમઃ ||૫૧||

શ્રીગોપીજનોએ જેમનાં સકલગુણો ગાયા છે એવા શ્રીગોપીજનવલ્લભને અભિવન્દન.

'**જયતિ તે અધિકમ્**' એ શ્લોકથી આરમ્ભી ''**યત્તે સુજાત ચરણામ્બુરુહમ્**' એ શ્લોક પર્યન્તનાં શ્રીગોવિન્દના યશોગાનનું સૂચન કરનાર આ નામ છે||૫૧||

ગાન કરવા છતાંયે શુદ્ધિ ન થઈ. તેને સૂચવતું નામ કહે છે :

## ભક્તશુદ્ધિવિલમ્બનાય નમઃ ||૫૨||

ભક્તોમાં શુદ્ધિનો વિલમ્બ કરનાર શ્રીહરિને નમસ્કાર.

ભક્તરૂપ શ્રીગોપીજનોમાં શુદ્ધિનો વિલમ્બ કરનાર પ્રભુ છે. સ્તુતિ કરવાથી

જેટલી પરીક્ષા કરવી જોઈએ તેટલી સર્વ પણ કરી. સ્નેહની બે જ અવસ્થા તેમાં સ્થિત થઈ. મૂર્છાવસ્થામાં પ્રલાપ પણ થયા. અને સ્વરૂપસ્થિતિમાં ગુણગાન થવું જોઈએ તે પણ સિદ્ધ થયું. તથાપિ આપ પ્રકટ ન થયા એ તેમની શુદ્ધિમાં વિલમ્બ થયો છે।।૫૨।।

સર્વ સાધનહીન થયાં ત્યારે દીનતા પ્રાપ્ત થઈ એટલે રુદન કરવા લાગ્યાં. ત્યારે પ્રભુ તેમના મધ્યમાં આવિર્ભાવ પામ્યા-પ્રકટ થયા તે કહે છે :

## દીનકૃપાપ્રકટિતરૂપાય નમઃ ।।૫૩।।

દીન ઉપર કૃપાથી જેમણે સ્વરૂપ પ્રકટ કર્યું છે એવા શ્રીગોકુલચન્દ્રને નમન.

જ્યારે તેઓ સર્વ સાધનથી હીન-નિઃસાધન થઈને દીન બની ગયાં, ત્યારે આપે દયા વિચારી આપનું સ્વરૂપ પ્રકટ કર્યું. માટે જ કહ્યું છે કે ''**ભક્તાનાં દૈન્યમેવૈકં હરિતોષણસાધનમ્**'' ભક્તજનોને હરિને પ્રસન્ન કરવાનું એક જ માત્ર સાધન દીનતા છે. પ્રકટ થયા પછી નિરખતાં સાથે જ ''**પ્રીત્યુત્ફુલ્લદશો જાતાઃ**'' સર્વ પ્રીતિથી પ્રફુલ્લ દષ્ટિવાળાં બન્યાં, એમ મૂલમાં કહ્યું।।૫૩।।

જેમ તનુઓ પ્રાણ આવવાથી જાગ્રત થાય, તેમ પ્રભુના મનથી જ સર્વનું અભ્યુત્થાન થયું, મન પણ પ્રસન્ન બન્યું. એમ દર્શાવે છે :

## સર્વમનોનયનાહ્લાદકાય નમઃ ।।૫૪।।

સર્વના મન અને નયનોને પ્રસન્ન કરનાર પ્રભુને પ્રણામ.

બહાર આનન્દ મેળવવામાં નયનનો ઉપયોગ. અન્તરમાં આનન્દ મેળવવામાં મનનો ઉપયોગ. બન્નેનું અહિં સાર્થક થયું. મન કર્મપ્રધાન છે. નયન જ્ઞાનપ્રધાન છે. એટલે જ્ઞાન અને કર્મ બન્ને આવવાથી જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય એમ સર્વ ઈન્દ્રિયોનો આનન્દ દર્શાવ્યો. ''**કાચિત્ કરામ્બુજમ્**'' ત્યાંથી આરમ્ભી ''**ચકાસ ગોપીપરિષદ્ગતોર્ચિતઃ**'' ત્યાં સુધી તે-તે ક્રિયાનું નિરૂપણ આ નામથી થઈ ગયું।।૫૪।

આગળ સન્દેહ દૂર કરવાને પ્રશ્ન કર્યો તે નામ કહે છે :

## ગોપિકાવાક્યવિચારકાય નમઃ ।।૫૫।।

શ્રીગોપિકાઓનાં વાક્યોને વિચારનાર વિભુને વન્દન.

'મિથો ભજન્તિ' વિગેરે શ્લોકોથી પ્રભુ શ્રીગોપીજનોનાં વાક્યોનો વિચાર કરીને પ્રત્યુત્તર આપે છે. તેનું સૂચન કરનાર આ નામ છે।।૫૫।।

પ્રથમ પ્રશ્નની સર્વ વ્યવસ્થા કહીને પોતાની સર્વથી ભિન્ન જ વ્યવસ્થા છે. ''**નાહં તુ સખ્યઃ**'' હે સખીઓ ! હું તો તેમાંનો કોઈ પણ પ્રકારનો નથી, પણ સર્વથી ભિન્ન છું'' શ્લોકાનુસાર નામનો નિર્દેષ કરે છે :

## સર્વધર્મનિર્ધારકાય નમઃ ||૫૬||

સર્વ ધર્મને અત્યન્ત ધારણ કરનાર ભગવાનને અભિવન્દન.

અન્ય વિષયમાં તો આત્મારામ-આપ્તકામાદિરૂપ પ્રભુની વ્યવસ્થા હોય છે. પરન્તુ શ્રીગોપીજન સમ્બન્ધમાં તેમ નથી. જે ભગવત્પ્રિયાઓએ પ્રભુને માટે સર્વસ્વનો પરિત્યાગ કર્યો હતો, તેમના આગળ પ્રભુ સર્વથા આધીન-વશીભૂત રહેલા છે. તેમના સ્નેહનો બદલો પોતે આધીન થઈ વર્તન કરે તો પણ વળી શકે એમ નથી એમ માને છે. ત્યાં સર્વ ધર્મ ધારણ કરનાર આપ છો||૫૬||

"**મયા પરોક્ષ ભજતા**" એ શ્લોકના ભાવને દર્શાવતું નામ કહે છે :

## સર્વરસાભિજ્ઞાય નમઃ ||૫૭||

સર્વ રસમાં અભિજ્ઞ-સર્વથા જ્ઞાનવાન ભગવાન્‌ને નમન.

અહિં સર્વ પદ મૂકેલું છે. એટલે સંયોગ અને વિપ્રયોગના જે-જે અનન્ત રસભાવો તે સર્વનું અહિં સૂચન કરે છે. "**પ્રિયાઃ પ્રિયસ્ય પ્રતિરૂઢમૂર્તયઃ**" એ શ્લોકથી પ્રિયના સ્વરૂપમાં આવિષ્ટ થયેલાં પ્રિયાઓ રસની અધિક્તા થવાથી પુંભાવને પ્રાપ્ત થયેલાં તે પણ વિપરીત ભાવ પણ કથન કર્યો છે. ઈત્યાદિ સર્વ રસોના અભિજ્ઞ-સમ્પૂર્ણ જ્ઞાનવાન ભગવાન્ છે. માટે પોતાને તેવા રસોનો અનુભવ થવા અને તેમને-શ્રીમદ્‌ગોપીજનોને અન્તરમાં આનન્દનું દાન કરવા "**મયા પરોક્ષં ભજતા**" પરોક્ષમાં ભજન કરનાર-આપના તરફ સ્નેહવૃત્તિને દર્શાવનાર હું છું તેથી અન્તર્ધ્યાન થયો હતો, એમ કહી સર્વ રસની અભિજ્ઞતાનું સૂચન કર્યું.

પ્રથમ કાયા અને મનથી રસનો અનુભવ કર્યો. હમણાં પ્રશ્નથી વાચિકરસનો અનુભવ કર્યો. આ પ્રમાણે પણ સર્વ રસની અભિજ્ઞતા દર્શાવી. અહિંથી શ્રીગોપીજનો સર્વથા નિર્દોષ શુદ્ધ થઈ ગયાં એટલે રાસક્રીડાનો આરમ્ભ થાય છે. ત્યાં જ આપની સર્વ રસની અભિજ્ઞતા-જાણકારપણું આપોઆપ સિદ્ધ થઈ જાય છે. વળી સર્વ રસો જેમાં છે એવો રાસ, તેમાં અભિજ્ઞ-સમ્પૂર્ણ જ્ઞાનવાન. જ્યાં સુધી ગોપીજનોનાં મનમાં ભાવપૂર્વક સર્વનો પરિત્યાગ કરી ચરણના મૂલમાં શરણ આવેલાં અમારો પરિત્યાગ કેમ કરે ? એમ નિશ્ચય ન હોય અને સન્દેહ રહ્યા કરતો હોય ત્યાં સુધી રસના સમૂહરૂપ રાસ સિદ્ધ ન જ થાય. એવા જ્ઞાનથી ભગવાને પ્રશ્નોત્તર કરીને સન્દેહ દૂર કર્યો. ત્યારપછી "**તત્રારભત ગોવિન્દઃ**" ત્યાંથી આરમ્ભી "**કૃષ્ણવિક્રીડિતં વીક્ષ્ય**" એ શ્લોક પર્યન્ત જે-જે રસો કહ્યા તે-તે સર્વ રસોના અભિજ્ઞ પ્રભુ છે. આ પ્રમાણેના આશયને સૂચન કરતું આ નામ છે||૫૭||

## રાસમણ્ડલાનેકરૂપાય નમઃ ||૫૮||

રાસમણ્ડલમાં અનેક રૂપધારી રાસબિહારી શ્રીહરિને નમસ્કાર.

**"તાસાં મધ્યે દ્વયોર્દ્વયો"** બે-બે ગોપીજનોના મધ્યમાં આપે તેટલાં સ્વરૂપો પ્રકટ કરી રાસરમણ કરેલું છે. ગોપીમણ્ડલમાં મણ્ડિત-શોભાયમાન ભગવાન્ મુખ્ય ષોડશ-સોળ ગોપીજનોમાં અષ્ટ-આઠ સ્વરૂપે પ્રકટ થઈ બન્નેની મધ્યમાં વિરાજમાન થઈને સર્વને સમાન માન તથા આનન્દનું દાન કર્યું. અહિં તેવો આશય સ્પષ્ટ કર્યો છે।।૫૮।।

આ પ્રમાણે નૃત્ય વગેરેથી પૂર્ણ રસ ઉછળવા લાગ્યો. સર્વ ગોપીજનોમાં પ્રત્યેકની સાથે રમણીય રમણ કર્યું તે નામ દર્શાવે છે :

## ઉદ્દીપ્તકામરસપૂરકાય નમઃ ।।૫૯।।

ઉદ્દીપન પામેલા કામરસને પૂર્ણ કરનાર રસિકેશ્વરને પ્રણામ.

નૃત્ય વગેરેથી ઉદ્દીપન પામેલા કામરસને પરિપૂર્ણ કરનાર ભગવાન્ શ્રીકૃષ્ણે જેટલાં ગોપીજનો હતાં, તેટલાં પોતાના સ્વરૂપો કરીને તેમની સકલ કામનાઓને પૂરણ કરી. **"એવં પરિષ્વંગ"** ત્યાંથી આરમ્ભી **"કૃત્વા તાવન્તમઃત્માનમ્"** એ શ્લોક પર્યન્તના આશયને દર્શાવનાર આ નામ છે।।૫૯।।

## અતિક્રાન્તમર્યાદાય નમઃ ।।૬૦।।

મર્યાદાને અતિક્રમણ કરનાર શ્રીહરિને વન્દન.

મર્યાદા-શાસ્ત્રક્રમને અતિક્રમણ કરનાર પ્રભુ. મહાસૌરત પ્રસંગમાં શાસ્ત્ર મર્યાદાનો ક્રમ રહી શક્તો નથી. માટે ગજેન્દ્રતુલ્ય લીલા આપે સ્વીકારેલી છે. કામશાસ્ત્રમાં દર્શાવેલા તિથિક્રમાનુસાર નાયક નાયિકાના વિભાગ પ્રમાણે નિયમપૂર્વક રમણ-સુરત પ્રસંગ થાય તે મર્યાદાનુકૂલ કહેવાય. પરન્તુ જ્યાં તેવી મર્યાદા રહી ન શક્તી હોય અને સમુદ્રત ક્રીડન થતું હોય તેને મહાસૌરત કહેવામાં આવે છે. ત્યાં શાસ્ત્ર નિયમ રહી શક્તો નથી તેમ કહ્યું।।૬૦।।

શ્રીગોપીજનોના ઉદ્દીપ્ત કામની પૂર્તિ થઈ ગઈ. એટલે તેઓમાં દીનતા આવી તેનું જ્ઞાપન કરનાર નામ કહે છે :

## ભક્તદૈન્યનિવારકાય નમઃ ।।૬૧।।

ભક્તજનનાં દૈન્યને નિવારણ કરનાર ગોપીપ્રિય ભગવાનને અભિનન્દન.

અત્યન્ત વિહાર કરવાથી સુરત-ક્રીડાના અન્તમાં ઉત્પન્ન થયેલ દીનતાને નિવારણ કરનાર શ્રીમદનમોહન શ્રીકૃષ્ણે **"તાસામતિવિહારેણ શ્રાન્તાનામ્"** અત્યન્ત વિહારથી શ્રમિત થયેલાં શ્રીવ્રજસીમન્તિનીઓનાં વદનોને કરૂણા લાવી પ્રેમપૂર્વક લૂંછી નાખ્યા, શ્રમજલનાં બિન્દુઓને દૂર કર્યા. 'ભક્તિદૈન્ય' એમ પાઠ હોય તો ભક્તિ રૂપ દૈન્ય ધર્મની પ્રકરતા દેખાતી હતી તેને નિવારણ કરી આ પ્રમાણે તેમનાં

સમસ્ત દુઃખનું નિવારણ કરીને તેઓમાં પરમાનન્દનું સ્થાપન કર્યું. ।।૬૧।।

શ્રમ નિવારણ કરવા જલક્રીડા કરી તેનું સૂચન કરતાં જણાવે છે :

## યમુનાકીર્તિજનકાય નમઃ ।।૭૨।।

શ્રીયમુનાજીની કીર્તિને ઉત્પન્ન કરનાર યમુના વિહારી પ્રભુને પ્રણામ.

આપે જલક્રીડા કરીને શ્રીયમુનાજીની કીર્તિ સમસ્ત જગતમાં પ્રસાર કરી દીધી. શ્રીમદાચાર્યચરણ શ્રીયમુનાષ્ટકમાં આજ્ઞા કરે છે કે "**ઇયં તવ કથાધિકા**" હે શ્રીયમુનાજી સર્વમાં આપની કથા તો અત્યન્ત અધિક છે-સર્વોત્તમ છે. કારણ છે કે સકલગોપીજનોના સંગમ સમયે ઉત્પન્ન થયેલાં શ્રમનાં જલબિન્દુઓથી તમારાં સર્વગાત્રોનો સંગમ થયો છે. અર્થાત્ એવા તમે પરમ પવિત્ર અને સકલ પરિશ્રમને દૂર કરનાર-શાન્ત કરનાર છે. આ પ્રમાણે શ્રીયમુનાજીની કીર્તિ આપે વધારેલી છે. અહિં સુધી રાસલીલાસ્થ નામો નિરૂપણ કર્યા।।૬૨।।

શ્રીગોપીજનોનો ફલસહિત નિરોધ બતાવી જેમનો નિરોધ નથી થયો. તેમને નિરોધ કરવો આવશ્યક છે. તેને સૂચવતું નામ નિવેદન કરે છે :

## સુદર્શનમોચકાય નમઃ ।।૭૩।।

સુદર્શન નામક ભક્તને મુક્ત કરનાર મુકુન્દને નમસ્કાર.

પ્રભુના ભક્તને અન્ય ભજન સર્વથા ન જ કરવું જોઈએ. છતાં તેવું કરવામાં આવતાં ક્લેશ થાય જ. જેથી નન્દરાયને શિવરાત્રિ કરવાથી ક્લેશ થયો હતો-સર્પ ગળી ગયો હતો. ભગવાને તેમને મુક્ત કર્યા અને સર્પ પણ મુક્ત થઈને સુદર્શન રૂપે થયો. તેવી ક્રૂર સર્પયોનિમાંથી મુક્ત કરનાર પ્રભુ છે. "**પાદસ્પર્શ હતોશુભઃ**" આપનાં ચરણકમળનાં સ્પર્શ માત્રથી જ જેનાં અશુભ શાન્ત થઈ ગયા, જેનું કલ્યાણ થયું. આ નામમાં અન્યધર્મનિવૃત્તિપૂર્વક શ્રીનન્દરાયજીનો નિરોધ દર્શાવ્યો।।૬૩।।

## બલદેવાભીષ્ટદાત્રે નમઃ ।।૭૪।।

શ્રીબલદેવજીને અત્યન્ત ઈષ્ટ વસ્તુનું દાન કરનાર બલદેવાનુજને નમન.

અહિંથી પુષ્ટિમર્યાદામાર્ગીય ભક્તનો નિરોધ કરવા માટે પ્રવૃત્તિરૂપ નામલીલાનું કથન કરે છે. તે લીલા વેદ સ્વરૂપ શ્રીબલદેવ દ્વારા હોઈ શકે માટે તેમના સહિત તે લીલા કરીને તેમનું અત્યન્ત ઈચ્છિત પૂર્ણ કરવું. તે સૂચવતું આ નામ કહ્યું છે।।૬૪।।

## શંખચૂડઘાતકાય નમઃ ।।૭૫।।

શંખચૂડ નામના દૈત્યનો ઘાત કરનાર પ્રભુને પ્રણામ.

પ્રવૃત્તિ દોષરૂપ છે. માટે દૈત્યનું આગમન થયું તેનો વધ કરીને તે પ્રવૃત્તિને

દોષ રહિત કરી. તેનું સૂચન આ નામથી કરે છે. આ પ્રમાણે આ પ્રવૃત્તિ નિર્દોષ હોવાથી તેનો ફલ પ્રકરણમાં સમાવેશ કર્યો છે।।૬૫।।

નિવૃત્તરૂપ નામલીલાને સૂચન કરનાર કહે છે :

## ગોપીક્લેશનાશકગુણાર્ણવાય નમઃ ।।૭૬।।

શ્રીગોપીજનોનાં ક્લેશને નાશ કરનાર ગુણના સાગરરૂપ પ્રભુને વન્દન.

''**ગોપ્યઃકૃષ્ણે વનં યાતે**'' ગોપીજનો શ્રીકૃષ્ણ જ્યારે વનમાં પધારતાં ત્યારે તેમની પાછળ પોતાના ચિત્તને દોડાવતાં કૃષ્ણલીલાઓનું ઉચ્ચસ્વરથી ગાન કરતાં-કરતાં પોતાના દિવસો દુઃખથી પસાર કરતાં હતાં. એ શ્લોકથી આરમ્ભી પ્રભુની લીલાઓનું ગાન ગોપીજનોએ કર્યું છે. તે આશયને સૂચવતું આખા અધ્યાયના રહસ્યરૂપ આ નામ છે એમ સમજવું।।૬૬।।

સ્વરૂપનું કાર્ય ગુણોથી કેમ થાય ? તે સન્દેહ શાન્ત કરતું નામ કહે છે :

## સ્વસમાનગુણાય નમઃ।।૭૭।।

સ્વરૂપ સમાન ગુણવાન ભગવાનને અભિવન્દન.

જેવું સ્વરૂપ તેવા જ ગુણો. છતાં તેમાંયે આટલી વિશેષતા છે. ગુણો વડે આન્તર રમણ થાય છે. સ્વરૂપ વડે બહીરમણ થાય છે. તેમાં આન્તરરમણ પરમ ફલરૂપ ''**આન્તરં તુ પરં ફલમ્**'' એમ મહાપ્રભુજીએ આજ્ઞા કરેલી હોવાથી આન્તર રમણ જ વિશેષ છે. આન્તરરમણ ગુણગાન કરવાથી સિદ્ધ થતું હોવાને લીધે ગુણોનો મહાન ઉત્કર્ષ છે. પ્રભુ સર્વના જીવનદાતા છે. માટે પણ ગુણોનો ઉત્કર્ષ વિશેષ છે. શ્રીગોપીજનો દિવસે ગુણગાન કરીને અન્તરમાં પ્રભુનું રમણ પ્રાપ્ત કરતાં હતાં. બહિઃરમણ કરતાં તે આન્તરિકરમણ પરમ રમણીય ફલરૂપ છે. તેથી આ નામ '**રેમિરેઽહઃસુતચિત**' એ શ્લોકના આશયને વ્યક્ત કરનાર જાણવું।।૬૭।।

ભગવાન્‌નાં ગુણો અનન્ત અને અગાધ છે. તેમાં કેવા ગુણોનું ગાન દિવસે ગોપીજનો કરતાં હતાં ? તે દર્શાવે છે :

## સર્વવશીકરણદ્વાદશવિધચરિત્રાય નમઃ ।।૭૮।।

સર્વને વશ કરનાર બાર પ્રકારનાં ચરિત્ર જેમનાં છે એવા નન્દનન્દનને વન્દન.

સર્વ દેવાંગના વગેરે સ્ત્રી માત્રને વશીકરણ કરવા માટે બાર પ્રકારનું જેમનું ચરિત્ર છે. સમ્પૂર્ણ દિવસમાં બાર મુહૂર્તે પ્રભુનું એક-એક ચરિત્ર હોવાથી બાર પ્રકારનાં ચરિત્ર થયાં. તે ચરિત્રોને ૨૪ શ્લોકથી ગોપીજનો ગાન કરે છે. આ તો માત્ર એક જ દિવસના ચરિત્રનું જ ગાન કર્યું. તેવાં પ્રત્યેક દિવસોનાં ચરિત્ર હોવાથી તે અનન્ત છે. માટે તેને પ્રથમ સાગરરૂપે દર્શાવી દીધાં છે. આ નામમાં સમસ્ત યુગલ

ગીતનો સમાવેશ છે।।૬૮।।

અહિં સુધી ફલ પ્રકરણનાં નામો કહ્યાં. તેમાં નિવૃત્તિરૂપ ભજન માર્ગ પ્રકટ કર્યો. જેથી સર્વ વ્રજભક્ત સર્વ લૌકિક વૈદિકધર્મનો પરિત્યાગ કરી ભગવત્પરાયણ થઈ ગયા.

હવે ૩૩મા અધ્યાય ( ત્રણ પ્રક્ષિપ્ત અધ્યાય બાદ કરતા )થી આરમ્ભી રાજસ પ્રકરણનાં નામો નિરૂપણ કરે છે. પ્રથમ આ પ્રકરણમાં પ્રદ્યુમ્નરૂપ ભગવાનની જે વસુદેવના સુત છે એમ સિદ્ધ કરવા વંશવૃદ્ધિરૂપ સૃષ્ટિનું કાર્ય રાજસલીલાથી કર્યું. તેથી રાજભક્તો સમ્બન્ધવાન અને અસમ્બન્ધવાન એમ બે પ્રકારનાં છે. એ સર્વ નિરોધ ચાર પ્રકરણથી થાય છે. પ્રકરણના પ્રારમ્ભમાં રાજસલીલા કરવા માટે પ્રવૃત્તિરૂપ કર્મમાર્ગ સ્પષ્ટ કરેલો છે. તેમાં લૌકિક અરિષ્ટ વિઘ્ન ઉપસ્થિત થાય તો કર્મમાર્ગની પ્રવૃત્તિ થઈ શકે નહિ માટે અરિષ્ટરૂપ વિઘ્નરૂપ દૈત્યનો નાશ કર્યો તે નામ કહે છે :

**વૃષભાસુરવિધ્વંસિને નમઃ ।।૬૯।।**

વૃષભાસુર દૈત્યનો વિનાશ કરનાર વાસુદેવને નમસ્કાર.

સ્વરૂપથી જ તે દૈત્ય વૃષભરૂપે હતો. માટે તેને વૃષભાસુર કહ્યો છે. ખરું જોતાં તે અરિષ્ટરૂપ છે તેથી અરિષ્ટાસુર પણ કહેવાય. કેવલ પાપરૂપ અને ધર્મમાં પ્રતિબન્ધક હતો. શરીર નાશ પામે એટલે શારીરિક ધર્મ કરી શકાય નહિ. માટે તેના શરીરનો નાશ કરવાથી કર્મમાર્ગ પ્રવૃત્ત થશે એમ જાણી પ્રભુએ તેનો નાશ કર્યો. વળી અત્યાર સુધી પ્રમેયમાર્ગ જ પ્રવર્તાવ્યો હતો. હવે પ્રમાણમાર્ગ જ આ રાજસ પ્રકરણમાં મુખ્ય કહેવાનો છે. જેથી તદનુકૂલ રાજસ માર્ગ પ્રકટ કરે છે. એમ આ નામથી સૂચવ્યું. પ્રથમ નારદજીના આગમનની સાથે ભક્તિમાર્ગનો વિરોધ ઉત્પન્ન થયો. એટલે ભક્તિમાર્ગની ભૂમિકા અદશ્ય થઈને જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગ પ્રવૃત્ત થયો. તે બન્નેરૂપ-જ્ઞાનકર્મમાર્ગ રૂપ નારદજીને છે. આ સર્વ શ્રીસુબોધિનીમાં નિરૂપણ કર્યું છે. અહિં અતિવિસ્તાર થવાના કારણે જણાવતા નથી સુજ્ઞ જીજ્ઞાસુએ ત્યાંથી જાણી લેવું।।૬૯।।

અરિષ્ટનો વધ પછી ગોકુલમાં બલભદ્ર સહિત પ્રવેશ કર્યાનું કથન છે. તેથી પ્રમાણયુક્ત ક્રિયાશક્તિ સહિત આપ શ્રીમદ્‌ગોપીજનોનાં નયનોને ઉત્સવરૂપ થયા- એટલે તે વ્રજાંગનાઓનાં નેત્રકમળોનાં તારા રૂપ થયા. આ પ્રમાણે તેમનો નિરોધ સિદ્ધ થયો હોવાથી આ પ્રકટ કરેલા સ્વરૂપનું પ્રયોજન નથી એમ વિચારી રાજસલીલા કરવાની ઈચ્છા પ્રભુને છે એમ જાણી નારદજીએ કંસને સર્વ વસ્તુસ્થિતિનો બોધ કર્યો તેનું જ્ઞાપન કરનાર નામ પ્રકટ કરે છે :

**નારદાદિબોધિતાક્લિષ્ટકર્મણે નમઃ ।।૭૦।।**

નારદજીએ આદિથી લઈને સર્વ કર્મ જેમનાં બોધન કર્યાં છે એવા ભગવાન્‌ને નમન.

પ્રથમ ગોકુલમાં રહી પ્રભુએ કરેલાં સર્વ કર્મો નારદજીએ કંસને સમજાવ્યા અને એ જ દેવકીજીના અષ્ટમ ગર્ભરૂપ કૃષ્ણ છે કે જેમણે તમારા મોકલેલા સર્વ રાક્ષસોનો વિધ્વંસ કરી નાખ્યો. વસુદેવે તેમને પોતાના મિત્ર નન્દરાયજીને ત્યાં તેમને મૂક્યા છે એમ અત્યાર સુધીનું સર્વ વૃત્તાન્ત જણાવી દીધું. ''**અરિષ્ટે નિહતે ગોષ્ઠે**'' ત્યાંથી આરમ્ભી ''**ન્યસ્તૌ સ્વમિત્રે નન્દે વૈ**'' શ્લોક સુધીના આશયને દર્શાવનાર આ નામ છે।।૭૦।।

નારદજીનું કથન સાંભળી કંસરાજાને અત્યન્ત દુર્બુદ્ધિ ઉત્પન્ન થઈ અને વસુદેવને મારવા પ્રવૃત્ત થયો. ત્યારે નારદજીએ તેને રોક્યો. ભગવાનની ઈચ્છા જ એમ હોવાથી રોકાયો. નહિ તો નારદજીનું કથન તે માન્ય જ ન કરે એવો તે દુરાગ્રહી હતો. તે વૃત્તાન્તનું સૂચક નામ સૂચવે છે :

## દુષ્ટદુર્બુદ્ધિનાશહેતવે નમઃ ।।૭૧।।

દુષ્ટની દુર્બુદ્ધિને નાશ કરવાના કારણરૂપ દેવકીનન્દનને અભિવન્દન.

દુષ્ટ કંસની વસુદેવનો વધ કરવાની ઉત્પન્ન થયેલી દુષ્ટ બુદ્ધિને નારદ દ્વારા રોકનાર પ્રભુ છે. '**નિશમ્ય**' ત્યાંથી આરમ્ભી '**નિવારિતો નારદેન**'' ત્યાં સુધીના તાત્પર્યને દર્શાવનાર આ નામ છે।।૭૧।।

દુર્બુદ્ધિ દૂર કરી વસુદેવને બન્દીખાને નાંખવાનું જ્ઞાન ઉત્પન્ન કર્યું તે આશયને સ્ફુટ કરનાર નામ દર્શાવે છે :

## શિષ્ટજ્ઞાનદીપકાય નમઃ ।।૭૨।।

શિષ્ટ જ્ઞાનના દીપકરૂપ પ્રભુને પ્રણામ.

વધ કરવો એ અશિષ્ટ વ્યવહાર છે. આયુધ લઈ સામો યુદ્ધ કરવા આવે તેનો નાશ થાય એ ન્યાય્ય છે, વસુદેવ કંસનો ધ્વંસ કરવા તત્પર ન હોવા છતાં તેનો વધ કરવા કંસે ઈચ્છા કરી. પરન્તુ ભગવાને તેનામાં નારદ દ્વારા શિષ્ટ જ્ઞાન ઉત્પન્ન કર્યું. અને નાશ કરવાને બદલે બન્ધન કરવા તૈયાર થયો. પોતાની દષ્ટિએ રાજદ્રોહીને બન્ધન આપવું એ શિષ્ટ પ્રણાલી છે. એવું જ્ઞાન દુષ્ટ કંસમાં નારદ દ્વારા પ્રભુએ જ ઉત્પન્ન કર્યું એટલે ''**તત્સુતૌ મૃત્યુમાત્મનઃ**'' તે બન્ને વસુદેવના પુત્રો પોતાનું મૃત્યુ છે એમ જાણી લોહમય પાશોથી વસુદેવને બન્ધન કર્યું–કારાગ્રહમાં પૂર્યા. નારદજીએ એકાન્ત જણાવેલું વૃત્તાન્ત કંસે જાણ્યું. તેણે સર્વ આપ્તજનોને જણાવ્યું અને કેશીદૈત્યને વ્રજમાં મોકલ્યો. મુષ્ટિક, ચાણૂર વગેરે મહામલ્લોને સૂચના આપી ધનુર્યાગ કરવાની આજ્ઞા આપી, તે નિમિત્તે વ્રજમાં શ્રીકૃષ્ણને આમન્ત્રણ આપવા અક્રૂરજીને મોકલ્યા. આ બધું જ્ઞાન પણ ભગવદિચ્છાથી જ કંસને પ્રકટ થયું. કેશી વગેરે દૈત્યોને પણ તે પ્રમાણે આચરણ કરવાનું જ્ઞાન થયું, તે પણ ભગવદિચ્છા જ.

જેટલું પ્રયોજન તેટલું જ જ્ઞાન પ્રભુની પ્રેરણાથી જ પ્રકટ થાય છે. માટે આ સર્વ શિષ્ટજ્ઞાનના પ્રદીપક પ્રભુ જ છે. ''**પ્રતિયાતે દેવર્ષૌ**'' ત્યાંથી આરમ્ભી ''**એવમ્ આદિશ્ય ચાક્રૂસ્મ**'' તે શ્લોક પર્યન્તના સર્વ અભિપ્રાયને દર્શાવતું આ નામ છે।।૭૨।।

## કેશ્યાદિમહાદુષ્ટનિબર્હણાય નમઃ ।।૭૩।।

કેશી વગેરે મહાદુષ્ટ દૈત્યોને નાશ કરનાર શ્રીકૃષ્ણને નમન.

અત્યાર સુધી સ્વચ્છન્દચારી દૈત્યો પોતાની મેળે જ આવી ઉપદ્રવ કરતા. હવે તો ખાસ કંસની આજ્ઞાથી જ આવેલા છે. ''**કેશી તુ કંસપ્રહિતઃ**'' કંસે મોકલેલો કેશીદૈત્ય એમ સ્પષ્ટ કંસે મોકલેલો તે આવ્યો છે. કેશી આદિ-વ્યોમાસુર, ચાણૂર આદિ સર્વનો વિનાશ કરનાર. આ સ્થળે કેશીનો જ નાશ કરે છે પણ આગળ બીજાનું પણ તેમજ થવાનું છે એવા આશયથી આદિ પદ મૂકેલું છે. અથવા કેશીદૈત્ય આદિથી જ મહાદુષ્ટ હતો તેનો વિનાશ કરનાર એમ પણ યોજના થઈ શકે।।૭૩।।

આ પ્રમાણે વ્રજનું સર્વ કાર્ય સમ્પન્ન થયું. એટલે નારદજી વ્રજમાં આવ્યા. તેનું બોધક નામ જણાવે છે :

## નારદાદિવન્દિતચરણાય નમઃ ।।૭૪।।

નારદજીએ પ્રથમ વન્દન કરાયાં છે ચરણો જેમનાં એવા શ્રીયશોદાનન્દનને વન્દન.

નારદજીએ આદિમાં પોતાના અપરાધની ક્ષમા માગી. ચરણારવિન્દમાં વન્દન કરી વિનન્તિ કરેલી હોવાથી આ નામ ઉપસ્થિત થયું. '**દેવર્ષિરૂપસંગમ્ય**' ત્યાંથી આરમ્ભી ''**એવં યદુપતિ કૃષ્ણમ્**'' એ શ્લોક પર્યન્તનું તાત્પર્ય દર્શાવનાર આ નામ છે. નારદજીએ પ્રભુને વિનવ્યા એ કોઈના પણ જાણવામાં આવ્યું નહિ. કેશીદૈત્યને વિદારી વ્રજને સુખી કર્યું. એટલું જ માત્ર વ્રજવાસીઓના જાણવામાં આવ્યું।।૭૪।।

એક દિવસે પ્રભુ વિના ગોપ બાલકો જ વનમાં ગયા, ત્યાં ચોર અને ચોરપાલની ક્રીડા કરતાં વ્યોમાસુર આવ્યો, તેને માર્યો તે નામ જણાવે છે :

## વ્યોમાદિદુષ્ટપીડિતગોપગોપીરક્ષકાય નમઃ ।।૭૫।।

વ્યોમાસુરે પ્રથમ દોષયુક્ત કરી પીડેલા ગોપ અને ગોપીજનોનું રક્ષણ કરનાર શ્રીકૃષ્ણને નમન.

મયપુત્ર મહામાયાવી વ્યોમાસુરે આરમ્ભમાં આવીને પોતાની માયાથી દોષયુક્ત કરેલા-પોતાના પારકાના વિવેકથી શૂન્ય બની ગયેલા અને તેથી પીડા પામતાં-ગુફામાં રૂંધાયેલા-પૂરી દીધેલા ગોપ બાલકોનું રક્ષણ ભગવાને કર્યું. જો તેમનું રક્ષણ ન કર્યું હોત તો મૃત્યુ પામેલા તે બાલકોની માતાઓ પણ ખેદ પામી મૃત્યુ પામતા. જેથી તે બાલકોનું રક્ષણ કરી તેમની માતાઓનું પણ રક્ષણ કર્યું. ઢાંકી દીધેલા ગુફાના દ્વારમાંથી તેમને બહાર કાઢી ગોકુલમાં આણ્યાં. આ પ્રમાણે બન્નેનું સંરક્ષણ કરીને

તેમની પોતાનામાં આસક્તિ અને પોતાના સિવાય અન્યમાં વિરક્તિ નિરૂપણ કરી જેમ આગળ ઉપર લીલાસ્થ ગોપીજનોને પણ સર્વત્ર વિરક્તિપૂર્વક પોતાનામાં આસક્તિ દઢ કરેલી છે. વિવરણમાં પણ તેમ જ શ્રીમહાપ્રભુજી ઉપદેશે છે. તેથી અહિં ગોપી પદ લીલાસ્થ ગોપીજન વાચક પણ સમ્ભવી શકે છે. નિરન્તર વૈરાગ્યના જ્ઞાનપૂર્વક ભગવદ્ભાવની સ્ફુર્તિ કરવાથી મથુરા નગરમાં ગમન સમયે પણ તે ગોપીજનોની રક્ષા કરી એ ઉભય અર્થનું સમર્થન કરનાર આ નામ નિરૂપણ કર્યું છે।।૭૫।।

શ્રીમદ્ગોકુલમાં ફલરૂપ-માનસી સેવારૂપ સદ્ભક્તિ સ્થાપન કરવાની છે. તેથી અક્રૂરજીનું આગમન નિરૂપણ કરે છે :

## સદ્ભક્તિહેતવે નમઃ ।।૭૬।।

સદ્ભક્તિના હેતુરૂપ ભગવાન્‌ને નમસ્કાર.

આ ૩૫ અધ્યાયમાં ભક્તિમાર્ગનું સ્થાપન કરવામાં આવે છે. ‘‘**અક્રૂરાગમન ભક્તિઃ ફલં ચૈવ હિ માનસમ્**’’ ‘‘અક્રૂરજીનું આગમન ભક્તિરૂપ છે. અને તેમના મનમાં ભગવત્સ્વરૂપના ભાવની સ્ફુરણા થવી-માનસી સેવન થવું એ ફલ છે’’ અક્રૂરજીને એવી સદ્ભક્તિનું દાન કરનાર પ્રભુ છે. ‘‘**સાત્ત્વિકશ્ચેદ્ અભિમુખસ્તદા ભવતિ ભક્તિમાન્, અન્યથા દૈત્યસંસર્ગે સ્તબ્ધા ભક્તિર્ભવેદ્ધ્રુવમ્**’’ ‘‘જ્યારે સાત્ત્વિકભાવ પ્રાપ્ત કરી પ્રભુના સન્મુખ થાય ત્યારે ભક્તિમાન થાય છે. નહિ તો દૈત્યોનો સંગ થવાથી ભક્તિ હોય તે પણ સ્તબ્ધ જ થઈ જાય છે’’ અક્રૂરજીને દૈત્યનો સંસર્ગ હોવાથી એમનાં અન્તરમાં રહેલી ભક્તિ સ્તબ્ધ થઈ ગઈ હતી. પરન્તુ સંસર્ગ છૂટી જતાં ‘‘**ગચ્છન્ પથિ મહાભાગઃ**’’ મહાભાગ્યવાન્ અક્રૂરજી માર્ગમાં જતાં-જતાં કમલનયન ભગવાન્ શ્રીકૃષ્ણમાં પરમભક્તિને પામ્યાં, અને આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા. એ શ્લોકના ભાવને પ્રગટ કરતું આ નામ છે. દૈત્યનો સંસર્ગ છુટતાં ભક્તિ ઉત્પન્ન થઈ. પરન્તુ તે સર્વનું પરમ કારણ તો ભગવાન જ છે. તેથી તે ભક્તિના હેતુરૂપ છે।।૭૬।।

અક્રૂરજીના નિરોધનું જ્ઞાપન કરનાર નામ કહે છે :

## અક્રૂરાદિભક્તમનોરથપરિપૂરકાય નમઃ ।।૭૭।।

અક્રૂર આદિ ભક્તના મનોરથને પરિપૂર્ણ કરનાર પ્રભુને પ્રણામ.

આ પ્રકરણમાં અક્રૂરજી આદ્યભક્ત છે. તેમને માર્ગમાં આવતાં જે-જે મનોરથો થયા હતા, તે સર્વ મનોરથને પ્રભુએ પૂર્ણ કર્યા. ‘**કિં મયાચરિતમ્**’ ત્યાંથી આરમ્ભી ‘‘**ગૃહીત્વા પાણિના પાણિમ્**’’ ત્યાં સુધીના સર્વ આશયને સ્ફુટ કરતું આ નામ છે. જો કે આ અક્રૂરજી સર્વથા ભક્ત જ હતા, છતાં અસુર સમાગમ થવાથી ભક્તિ તિરોહિત થઈ ગઈ હતી. તે પ્રભુનું સાન્નિધ્ય પ્રાપ્ત કરતાં પ્રકટ થઈ. પ્રથમ ભક્ત જ થાય પછી પ્રભુપ્રાપ્તિના મનોરથ કરે. તે-તે મનોરથોને પૂર્ણ કરનાર પ્રભુ

થાય છે. તેમાંયે આધિદૈવિક અક્રૂરજીને મુક્તિનું જ્ઞાપન કરનાર પ્રભુ છે. એટલા માટે અહિં 'પરિ' ઉપસર્ગ મુકવામાં આવ્યો છે।।૭૭।।

અક્રૂરજીને ભગવત્પ્રાપ્તિ થઈ. તેમને બલદેવ સહિત પોતાના ગૃહમાં લઈ ગયા. અનેકવિધ સત્કાર કરી અત્યન્ત માન આપ્યું. એટલે તેમણે કંસનું સર્વવૃત્તાન્ત જણાવ્યું. તે સાંભળી નન્દાદિગોપોને મથુરા નગરના ઉત્સવનું દર્શન કરવા કાલે જઈશું એમ આજ્ઞા કરી. તે નામ કહે છે :

## નન્દાદિગોપમથુરાગમનોત્સવહેતવે નમઃ ।।૭૮।।

નન્દાદિ ગોપોને મથુરા જવાના હેતુરૂપ નન્દકિશોરને નમસ્કાર.

કૌતુક થાય એટલા માટે યાત્રામાં ઉત્સવ કરવામાં આવે છે. તેવા ઉત્સવના કારણરૂપ શ્રીકૃષ્ણ છે. કેમ કે તેવી બુદ્ધિને ઉત્પન્ન કરનાર-પ્રેરણા કરનાર પોતે જ છે. "**શ્રુત્વા અક્રૂરવચઃ કૃષ્ણઃ**" ત્યાંથી આરમ્ભી "**એવમ્ અઘોષયત્ ક્ષત્તે**" એ શ્લોક પર્યન્તનું આ નામ છે।।૭૮।।

અહિં સુધી તામસ ભક્તોનો નિરોધ જેમ કરવો જોઈએ તેમ કર્યો. હવે આગળ રાજસ ભક્તોનો નિરોધ કરવાને તેમનાં દુઃખ દૂર કરવા માટે શ્રીકૃષ્ણ કાલાત્મારૂપે થયા છે. એમ બન્ને જણ પણ શત્રુના વીરોનો વિનાશ કરવા તે-તે કાર્યને અનુકૂલ થઈ ગયા. મૂલમાં કહ્યું છે કે :

"**શ્રુત્વા અક્રૂરવચઃ કૃષ્ણઃ**" અક્રૂરજીનું વચન શ્રવણ કરી પરવીરોને હણનાર શ્રીકૃષ્ણ અને બલદેવે હાસ્ય કરી રાજાની ગુપ્ત આજ્ઞા પિતાને જણાવી તે આશય સ્પષ્ટ કરતું નામ જણાવે છે :

## ભક્તદુઃખમૂલોચ્છેદકાય નમઃ ।।૭૯।।

ભક્તોના દુઃખનો મૂલરૂપ કંસનો ઉચ્છેદ કરનાર વસુદેવનન્દનને વન્દન.

ભક્તરૂપ માતા-પિતાના અથવા સમસ્ત ભક્તજનનાં દુઃખના મૂલભૂત કંસ રાજા છે. તેનો ધ્વંસ કરવાથી શાખા જેવા જરાસન્ધાદિ સર્વનો વિનાશ સહજ થઈ જશે. એમ વિચારી દુઃખવૃક્ષના મૂલરૂપ કંસનો ધ્વંસ કરવા તત્પર થયા. અથવા ભક્તને દુઃખદાયી સર્વ દુર્જનો મૂલરૂપ જ છે. એટલે કંસથી આરમ્ભી ક્રમેક્રમે સર્વદુષ્ટોનો વિધ્વંસ કરનાર ભગવાન્ છે. માટે આપ મથુરામાં પધાર્યા છે।।૭૯।।

મથુરામાં જવાનો નિશ્ચય થયા પછી ગોપાંગનાઓને અત્યન્ત દુઃખ થવા લાગ્યું. મહાન દીનતા સિદ્ધ થઈ તેને સૂચન કરતું નામ કહે છે :

## ગોપિકામનઃકાર્પણ્યશીલહેતવે નમઃ ।।૮૦।।

ગોપિકાઓનાં મનની દીનતાના સ્વભાવના કારણરૂપ ભગવાન્‌ને અભિવન્દન.

પ્રભુનો વિપ્રયોગ થશે. એમ થવાથી તેમનાં અન્તઃકરણમાં સ્વાભાવિક દીનતા પ્રકટ થઈ. દીનતા એ ભક્તિની અન્તિમ અવસ્થા છે. અત્યાર સુધી તો દિવસે વિરહથી દીન બની જતાં. સાયંકાલે વનમાંથી પધારતાં પ્રભુનાં દર્શનથી સંગમ પ્રાપ્ત કરતાં આનન્દ થતો હતો. હવે તો તેવું પણ નહિ થાય. દિવસ અને રાત્રિ વિરહ અવસ્થામાં જ રહેવું પડશે. દિવસો કેમ જશે ? રાત્રિમાં કેમ રહેવાશે ? એવી-એવી અત્યન્ત પીડાઓ થવા લાગી. અહર્નિશ અત્યન્ત ઝુરવાથી દઢભક્તિ સિદ્ધ થઈ જતાં તેમનો સમ્પૂર્ણ પોતાનામાં નિરોધ થાય માટે વિયોગ પ્રાપ્ત કરાવી પ્રભુએ દીનતાનું દાન કર્યું. દિનરાત વિપ્રયોગ દશામાં તે-તે લીલા સહિત અન્તરમાં પ્રિયતમ પ્રભુનું પ્રાકટ્ય થાય. અને બહાર પણ તેમને પ્રસંગ થાય. તેવો નિશદિન અનુભવ કરનારાં ભક્તજનોની તેમાંને તેમાં જ સ્થિતિ રહે, તેમ કરવાથી જ સુદઢ ભક્તિ સિદ્ધ થાય અને આગળનું કાર્ય પણ થાય. તેમ વિચાર કરીને જ ભગવાન્ શ્રીવ્રજસીમન્તિનીઓને દિનતાના કારણરૂપ થયા છે. '**ગોપ્યસ્તાસ્તદુપશ્રુત્ય**' ત્યાંથી આરમ્ભી ''**વિશોકા અહની નિન્યુઃ**'' તે શ્લોક પર્યન્તના રહસ્યને દર્શાવનાર આ નામ છે।।૮૦।।

આવી અવસ્થામાં ગોપીજનોનું જીવન કેમ ટક્યું ? તે દર્શાવે છે :

## ગોપિકાવિરહનાશકવાક્યપુઞ્જાય નમઃ ।।૮૧।।

ગોપિકાઓના વિરહને વિનાશ કરનારાં વાક્યો જેમનાં છે એવા શ્રીમથુરેશપ્રભુને પ્રણામ.

દૂત દ્વારા ''હું આવીશ'' એમ ''**સાન્ત્વયામાસ સપ્રેમૈઃ**'' વગેરે વાક્યોથી ભગવાને ગોપીજનોને સાન્ત્વન આપ્યું. એ જ તેમના જીવનરૂપ થયું. પ્રભુ પધારશે એવી આશાએ જ તેમનું જીવન ટકી રહ્યું।।૮૧।।

ત્યાર પછી રથ ઉપર બેસી આગળ પધાર્યા. યમુનાજીના કિનારા પર જલપાનાદિ કરીને આપ રથ પર વિરાજમાન થયા. જ્યારે અક્રૂરજી સ્નાન કરવા તત્પર થતાં જલમાં ભગવાનનું દર્શન થયું ત્યારે સન્દેહ થયો. તે સન્દેહને પ્રભુએ દૂર કર્યો તે જણાવે છે :

## ભક્તસંશયચ્છેદકાય નમઃ ।।૮૨।।

ભક્તના સંશયને છેદનાર ભગવાનને નમસ્કાર.

ભક્ત અક્રૂરજીનાં મનમાં લૌકિકભાવથી રથસ્થ ભગવાન્ છે. એમ જ્ઞાન રહેલું. પરન્તુ જલમાં તેમનું સ્વરૂપ જોતાં સંશય થયો કે આ ખરા કે બહાર રથમાં રહેલા છે એ ખરા? પ્રભુએ પોતાનું અલૌકિક માહાત્મ્યજ્ઞાન કરી સ્વરૂપનું દર્શન આપીને તેમના તે સંશયનો નાશ કર્યો. આ નામ ''**અક્રૂરસ્તાવુપામન્ત્ર્ય**''થી આરંભી ''**ગિરા ગદ્ગદયા સ્તૌષીત્**'' તે પર્યન્તના તાત્પર્યને સૂચન કરનાર છે।।૮૨।।

કેવું સ્વરૂપ દર્શાવી સંશય દૂર કર્યો તે દર્શાવે છે :

## વ્યાપિવૈકુણ્ઠવાસિને નમઃ ||૮૩||

વ્યાપિ વૈકુણ્ઠમાં વસનાર શેષશાયી વિષ્ણુને નમન.

પોતાના સ્વરૂપ સહિત વ્યાપિવૈકુણ્ઠનું દર્શન કરાવ્યું. માયાનું અપહરણ કર્યું, ત્યારે જ તેવા સ્વરૂપનું દર્શન અક્રૂરજીને થયું. તેમણે પણ પરમ પ્રેમપૂર્વક પ્રભુની પ્રાર્થના કરી||૮૩||

તેવા પ્રભુના દર્શનથી અક્રૂરજીએ જેવી સ્તુતિ કરી તેવું નામ કહે છે :

## અક્રૂરાદિભક્તસ્તુતાનન્તગુણાય નમઃ ||૮૪||

અક્રૂર છે આદિ જેમને એવા ભક્તજનોએ સ્તુતિ કર્યા છે અનન્તગુણો જેમનાં એવા પ્રભુને પ્રણામ.

શ્રીયમુનાજીમાં જલમાં ભગવદ્દર્શન પ્રાપ્ત થતાં બીજા ભક્તો જેમ પ્રભુનું સ્તવન કરતા હતા. તેમ અક્રૂર પણ પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. સર્વ સ્તુતિ કરનાર ભક્તોનો સઙ્ગ્રહ થાય માટે અહિં આદિ પદ મૂકવામાં આવ્યું છે. ''**નતોસ્મ્યહં ત્વાખિલહેતુહેતુમ્**'' આ શ્લોકથી આરમ્ભી ''**ઋષીકેશ નમસ્તુભ્યમ્**'' એ શ્લોક પર્યન્તની સ્તુતિના આશયરૂપ આ નામનો નિર્દેશ કરેલો છે||૮૪||

કંસની પ્રેરણાથી બોલાવાને આવેલા અક્રૂરને આવું અલૌકિક દર્શન કેમ થયું ? ભગવાને પણ કેમ દર્શન આપ્યું ? તે જણાવે છે :

## સત્યપ્રતિજ્ઞાય નમઃ ||૮૫||

સત્યપ્રતિજ્ઞા જેમની છે એવા ભગવાનને અભિવન્દન.

જો કે અક્રૂરજી કંસ દૈત્યની પ્રેરણાથી આવેલા આસુર સમ્બન્ધવાન હતા તો પણ પ્રથમ મથુરામાંથી આવતાં ભગવાને પોતાના પ્રમેયબલથી જ મૂલ ભક્ત હોવાથી પોતાના તરફ તેમનું આકર્ષણ કર્યું. તેમનામાં ભક્તિનો ગૂઢ રહેલો અંકુર પ્રકટ થઈ વૃદ્ધિંગત થતાં પ્રભુનાં સમ્બન્ધી અનેકવિધ મનોરથો કરવા લાગ્યા. અને પ્રભુનું જ શરણ અન્તઃકરણથી સ્વીકાર કર્યું. એટલે મહાત્મ્યજ્ઞાન દર્શાવી તેમની ભક્તિને દૃઢ કરવી જોઈએ એમ પ્રભુએ નિજ જાણી વિચાર્યું અને પોતાના સ્વરૂપનું દર્શન આપ્યું. એમાં પ્રભુની પ્રતિજ્ઞા જ મુખ્ય હેતુરૂપ છે. આપને એવી પ્રતિજ્ઞા છે કે : ''**સકૃદેવ પ્રપન્નાય**'' એકવાર ''હું આપનો છું'' એમ કહીને શરણમાં આવે તેને પોતાનો કરવો. તે પ્રતિજ્ઞા સત્ય કરવાને અક્રૂરજીનો આપે સ્વીકાર કરેલો છે, ૩૭ અધ્યાયમાં અક્રૂરજીએ મનોહર સ્તુતિ કરીને પ્રભુને પરમ સન્તુષ્ટ કર્યા. તેમણે પ્રભુનું ચતુર્વિધ માહાત્મ્ય જાણ્યું. પ્રથમ તેવા માહાત્મ્યનું તેમને જ્ઞાન નહોતું.

વળી રાજસભક્તોનો નિરોધ કરવાને પ્રવૃત્ત થયેલા પ્રભુ ગમે તે પ્રમાણે જો ચરણને શરણ પ્રાપ્ત થયેલા ભગવદીયોનો નિરોધ ન કરે તો પોતાની પ્રતિજ્ઞાનો ભંગ થાય. નિજજનોનો નિરોધ સિદ્ધ કરવા માટે તો આપનું પ્રાકટ્ય છે. તો તેવા અસુર સમ્બન્ધવાનને પણ વૈકુણ્ઠ દર્શાવી માહાત્મ્યજ્ઞાન કરાવ્યું. તે અભિપ્રાય સૂચક આ નામ છે. યમુનાજલમાંથી અક્રૂરજી બહાર નીકળ્યા ત્યારે પ્રભુએ પ્રશ્ન કર્યો કે : ''જે જોયું તે હૃદયમાં સ્થિર છે કે નહિ ? અદ્‌ભુત વસ્તુ શું જોવામાં આવી ?'' એ પ્રમાણે તેમને પ્રસન્ન કર્યા।।૮૫।।

ઉત્તરમાં જે જણાવ્યું, તેનું સૂચન કરનાર નામ કહે છે :

## સ્વગુણપ્રતિબોધકાય નમઃ ।।૮૬।।

પોતાના ગુણોનો પ્રતિબોધ કરનાર ભગવાનને વન્દન.

આ લોકમાત્રમાં જે કંઈ અદ્‌ભુત છે તે સર્વ આપ જ છો. હે સમર્થ ભગવાન્ ! આપનું દર્શન કરનાર મેં બીજુ શું આશ્ચર્ય જોયું હોય ? આવા પોતાના અદ્‌ભુત ગુણોનો બોધ ભગવદિચ્છાએ જ સિદ્ધ થાય છે. માટે તેમને તે ગુણોનું ઉદ્‌બોધન કરનાર પ્રભુ જ છે. વળી મથુરાના સમીપમાં પ્રભુ પધાર્યા ત્યારે અક્રૂરજીને કહ્યું કે : તમે મથુરામાં પ્રવેશ કરો. એટલે તેમણે હું આપ બન્નેને લીધા વિના મથુરામાં પ્રવેશ નહિ કરું એમ જણાવી, ''**નાહં યુવાભ્યાં રહિતઃ**'' વગેરે છ ગુણોરૂપ ૬ શ્લોકથી પ્રાર્થના કરી. જો માહાત્મ્ય સહિત ભગવાનની સ્થિતિ હૃદયમાં ન હોય તો પ્રભુની પ્રાર્થના ન કરે. આમ પ્રાર્થના દ્વારા પુનઃ પણ પોતાના ગુણોનો પ્રબોધ કરનાર પ્રભુ જ છે।।૮૬।।

અક્રૂરજીને સમજાવી વિદાય કર્યા. પોતે મથુરાનું દર્શન કરવા ઉત્સુક થયા તે આશયને સૂચવતું નામ કહે છે :

## મથુરાદર્શનોત્સુકાય નમઃ ।।૮૭।।

મથુરાને જોવામાં ઉત્સુક ભગવાનને નમસ્કાર.

''**અથાપરાહ્ણે ભગવાન્**'' ''સાંજના સમયમાં બલદેવ તથા ગોપોથી વીંટાઈને શ્રીકૃષ્ણ દર્શનની ઈચ્છાથી મથુરા નગરમાં પ્રવેશ કરવા લાગ્યા'' આ મૂલ શ્લોકમાં 'દિદક્ષુઃ' અને 'પરિવારિત' દર્શનની ઉત્કણ્ઠા કરતા તથા પરિજનોથી વીંટળાયેલા એ બન્ને પદો પ્રભુની મથુરા દર્શનની ઉત્કણ્ઠાને પ્રકટ કરે છે।।૮૭।।

પ્રભુ સર્વ સાધન સહિત જ પધારે છે, તેટલા માટે ભગવાન્ કૃષ્ણ એ પદને સૂચવનાર નામ કહે છે :

## સ્વાધારવૈકુણ્ઠસ્થાપકાય નમઃ ।।૮૮।।

પોતાના આધારરૂપ વૈકુણ્ઠને સ્થાપન કરનાર ભગવાન્ કૃષ્ણને નમન.

આપે મથુરામાં નિવાસ કરનાર ભક્તજનોને આનન્દનું દાન કરવા માટે

મથુરામાં પ્રવેશ કરેલો છે. મૂલમાં કહ્યું છે : **'મથુરામનયદ્રામં કૃષ્ણં ચૈવ દિનાત્યયે'** સાંજના સમયે મથુરામાં રામ અને કૃષ્ણને લઈ ગયાં. આ શ્લોકમાં રામરતિકર્તા અને શ્રીકૃષ્ણ પણ સદાનન્દ ફલરૂપ છે. એમ વિવરણમાં દર્શાવ્યું છે. વળી આગળ પણ સાંજના સમયે સંકર્ષણ સહિત ભગવાન્ કૃષ્ણ એમ કહ્યું છે. તેથી ભગવત્પદથી સર્વ ધર્મસહિત ભગવાન્ મથુરામાં પધાર્યા છે. આપનો આવિર્ભાવ ભક્તજનના ઉદ્ધારાર્થ જ તેમને આનન્દ આપવા માટે જ છે. એમ હોવાથી રામ એ અક્ષર સ્વરૂપ છે. અને વૈકુણ્ઠ પણ અક્ષરરૂપ છે. ભગવદ્ધામના આધારભૂત શ્રીપુરુષોત્તમ ત્યાં જ પ્રકટ થાય છે. અન્યત્ર નહિ જ. જેમ સર્વત્ર પુરુષોત્તમનો આવેશ થાય તેમ અક્ષરાનન્દરૂપ અલૌકિક વૈકુણ્ઠ ધર્મ સ્થાપન કર્યા. તેથી તેવા પ્રકારનું આ નામ કહેલું છે. વળી હવે આપ મથુરાસ્થ ભક્તનો નિરોધ કરવાને પ્રવૃત્ત થયા છે. જેમ જન્મપ્રકરણમાં પ્રાદુર્ભાવ સમયમાં **''અથ સર્વગુણોપેતઃ કાલઃ પરમશોભનઃ''** જ્યારે સર્વ ગુણોથી યુક્ત શોભન કાળ હતો. ત્યારે આપ પ્રકટ થયા. ત્યાં અલૌકિક આધિદૈવિક સર્વ ધર્મો દર્શાવ્યા હતા. તેમ મથુરા પ્રવેશમાં પણ અલૌકિક સર્વ ધર્મ કરવા જોઈએ. માટે આપે સર્વ સ્થલમાં આધ્યાત્મિક અલૌકિક ધર્મો પ્રકટ કરેલા છે. કેવલ દૈત્યનો વિનાશ કરવા સમ્બન્ધી જ મથુરાલીલા છે એમ નથી. તેમ હોય તો આપનો સાક્ષાત્ પ્રવેશ થાય જ નહિ. આપનો પ્રાદુર્ભાવ આ નગરીમાં થયેલો તે સમયે આપ સર્વ ધર્મસહિત પ્રાદુર્ભાવ પામેલા. તો આ પ્રવેશ સમયે પણ તેવાં સર્વ ધર્મયુક્ત થઈને પ્રવેશ કરી સ્વધર્મ સ્થાપન કરીને તે નગરીને પોતાની નગરી કરી દીધી. એટલા માટે ભગવદ્દર્શન થયા પછી પણ તે નગરી-મથુરા ચારે પુરુષાર્થરૂપ થઈ ચાર શ્લોકથી નગરીનું વર્ણન કરી તેના ચાર પુરુષાર્થો દર્શાવ્યાં. કંસાદિના વિનાશ માટે પણ પ્રવેશ કહેવામાં આવ્યો છે. ત્યાં કાલ સ્વરૂપે જ પ્રવેશ કર્યો છે. માટે સંકર્ષણ સહિત આકર્ષણ કરનાર કાલ સહિત પ્રવેશ છે એમ જાણવું. અને ભક્તોના આનન્દ માટે જ્યાં પ્રવેશ છે ત્યાં રામ સહિત-રતિવર્ધક રમણ સહિત શ્રીકૃષ્ણનો પ્રવેશ છે. વગેરે-વગેરે આ નામનો આશય સમજવો।।૮૮।।

આનન્દનો અનુભવ કરવા માટે અલૌકિક કારણની પણ અપેક્ષા છે. તો તેનું સૂચક નામ જણાવે છે :

## પૌરપુરન્ધ્રીપુણ્યજનકાય નમઃ ।।૮૯।।

પુરજનોની પતિવ્રતા સ્ત્રીઓના ભાગ્યનો ઉત્પન્ન કરનાર મથુરેશ્વરને નમસ્કાર.

'પુરન્ધ્રી' પદથી પતિવ્રતા સ્ત્રીઓનું સૂચન કરે છે. પતિવ્રતાઓનું પરમ વ્રત પોતાના પતિ સમ્બન્ધમાં જ હોય તેવા પતિવ્રત ધર્મથી પણ ઉત્કટ પુણ્ય ઉત્પન્ન થાય છે. તો પણ તે ભગવદાનન્દનો અનુભવ થવામાં સાધનરૂપ થતું નથી. માત્ર

લૌકિકપતિના આનન્દના સાધનરૂપજ તે બને છે. પરન્તુ પ્રભુએ સર્વ ધર્મ સહિત પોતાના સ્વરૂપનું દર્શન આપીને તેમના મહાન ભાગ્યને પ્રકટ કર્યું છે. પ્રભુનાં પ્રવેશ થવારૂપ દર્શન થતાં તેમને ભગવદાનન્દનો સાક્ષાત્ અનુભવ થયો. ''**હૃષ્યત્ત્વચો જહુઃ**'' એ મૂલ શ્લોકમાં દર્શાવ્યા પ્રમાણે મથુરાનગરીની નાગરિકાઓને પ્રપઞ્ચના વિસ્મરણપૂર્વક ભગવાન્‌માં આસક્તિ થઈ. તેથી વ્યવહારનાં સર્વકાર્યને વિસારી-વિસારીને પ્રભુનાં અનિમેષ દૃષ્ટિથી દર્શન કર્યા અને ભાન ભૂલી ગયાં. કોઈ વિપરીત વસ્ત્ર ધારણ કરવા લાગ્યા. કોઈ એક જ આંખે અંજન આંજવા લાગ્યાં. કોઈ કંઈને કંઈ જ આભુષણો પહેરવા લાગ્યા. આમ તેમની અવસ્થા થઈ. અલૌકિક ભાગ્ય વિના તેમનામાં આવો દિવ્યભાવ પ્રકટ થાય નહિ તેવું ભાગ્ય પ્રકટ કરનાર ભગવાન જ હોય. આ નામ ''**હર્મ્યાણિ ચૈવારુરુહુઃ**'' ત્યાંથી આરમ્ભી ''ઊચુઃ પૌરા અહો ગોપ્યઃ'' એ શ્લોક પર્યન્ત આશયને દર્શાવનારું છે।।૮૯।।

જેમને ભગવાનમાં ભાવ છે તેમની સ્થિતિ ઉપર પ્રમાણે કથન કરી. પણ જેમનાં હૃદયમાં દુષ્ટતા છે તેમને શું થાય છે ? તે કહે છે :

## રજકાદિદુષ્ટનાશકાય નમઃ ।।૯૦।।

ધોબી આદિ દુષ્ટનો નાશ કરનાર પ્રભુને પ્રણામ.

રજક-ધોબી-રંગારાનું પણ કામ કરનાર દુષ્ટ વિચારના નીચનો તેમણે પ્રવેશ કરતાંમાં જ ઉત્તમ વસ્ત્રની માગણી કરતાં તે ન આપ્યાં એટલે તેનો નાશ કર્યો. અને આદિ શબ્દથી બીજાઓનાં આન્તરિક દોષોને નાશ કર્યા-દૂર કર્યા. તેને નહિ તો નીચપણામાં સમાનતા હોવા છતાં અન્યમાં ભગવદ્‌ભાવ ન થાય. પ્રથમ રજક એકલાને જ માર્યો છે. બીજાઓને દોષ બુદ્ધિ દૂર થવાથી ભગવાનમાં ભાવ ઉત્પન્ન થયો છે. તેથી આ પ્રમાણે કહ્યું।।૯૦।।

## વસ્ત્રાદ્યનેકાકલ્પભૂષિતરૂપાય નમઃ ।।૯૧।।

વસ્ત્ર વગેરે અનેક સાધનોથી સુશોભિત જેમનું સ્વરૂપ છે તેવા ભગવાનને વન્દન.

આ નામ ''**વાસિત્વાત્મપ્રિયે વસ્ત્રે**'' પોતાને પ્રિય એવાં બે વસ્ત્રોને પરિધાન કરી એ શ્લોકના આશયને જણાવનાર છે. રજકને માર્યા પછી વાક્ય-દરજી આવ્યો. તે વસ્ત્ર પરિધાન કરાવવામાં અત્યન્ત ચતુર હતો. ભગવાનનું દર્શન કરી સન્તુષ્ટ થઈને તેમને યથાયોગ્ય સુન્દર વસ્ત્રો પરિધાન કરાવ્યા. અને ભૂષણ રચના પણ સર્વોત્તમ પ્રકારની કરી. તેનું સૂચન કરે છે।।૯૧।।

પછી સુદામા માળીને ઘેર પધાર્યા. તેણે પણ પ્રભુને સારી રીતે શોભાવ્યા તે દર્શાવે છે :

## વાયકસુદામભક્તાલંકૃતાય નમઃ ।।૯૨।।

વાયક અને સુદામા એ બન્ને ભક્તો વડે અલંકૃત થયેલા કૃષ્ણને અભિવન્દન.

વાયક-દરજી અને સુદામા માળી એ બન્ને ભગવાનનાં દર્શન થતામાં જ દોષથી નિવૃત્ત થઈ ગયા. પ્રભુના પરમ ભક્ત બન્યા. અને તે બન્નેએ તેમનું અત્યન્ત સન્માન કર્યું. આભૂષણ સુગન્ધિમાન પુષ્પમાલાઓ વગેરેથી પ્રભુને અલંકૃત કર્યા. વસ્ત્ર પરિધાન કરાવી વાયકે અને સુગન્ધયુક્ત પુષ્પ માલાઓ ધરાવી સુદામાએ પ્રભુને શોભાવ્યા||૯૨||

## અત્યુદારાય નમઃ ||૯૩||

અત્યન્ત ઉદાર એવા શ્રીહરિને નમસ્કાર.

પ્રસન્ન થયેલા પ્રભુએ પ્રાર્થના પ્રમાણે તેમને વરદાન આપ્યું. અલ્પદાન કરવા છતાં બહુ દાન આપે તો જ ઉદારતા ગણાય છે. ભગવાને તેમના દાન કરતાં પણ વિશેષ વરદાન આપીને પોતાની અત્યન્ત ઉદારતા દર્શાવી. ''**પ્રણતાય પ્રપન્નાય દદતુર્વરદૌ વરાન**'' શરણે આવેલા અને પ્રણામ કરતા તેને વરદાન આપનારા તે બલરામ અને શ્રીકૃષ્ણે ઘણા વરદાનો આપ્યાં, એ શ્લોકનાં આશયને જણાવતું આ નામ છે||૯૩||

આગળ ચાલતાં કુબ્જા આવી તે નામ દર્શાવે છે :

## કુબ્જાનુલેપાલંકૃતાય નમઃ ||૯૪||

કુબ્જાના ચન્દનથી અલંકૃત પ્રભુને નમન.

કુબ્જાના ચન્દનને અંગીકાર કરી તેનો નિરોધ કર્યો||૯૪||

## કુબ્જાદિભક્તસહજદોષદૂરીકરણાય નમઃ ||૯૫||

કુબ્જ-વક્રતા વગેરે ભક્તોના સહજ દોષોને દૂર કરનાર પ્રભુને પ્રણામ.

તે કેવલ નામથી જ કુબ્જા જ નહોતી. પરન્તુ અંગથી પણ તે કુબ્જા જ-વાંકીચુકી હતી. કણ્ઠ અને પગે એમ ત્રણે અંગે વાંકી હતી એટલે તેને ત્રિવક્રા પણ કહેવામાં આવતી. એવા તેના શરીરના દોષો પ્રભુએ સ્પર્શ કરીને દૂર કર્યા. માત્ર આ શારિરીક દોષો જ દૂર કર્યા એટલું જ નહિ પરન્તુ તેનામાં સર્વોત્તમ ગુણોનું પણ સ્થાપન કર્યું. ત્યારથી તેનું અન્તઃકરણ પ્રભુમાં રહેવા લાગ્યું||૯૫||

## સ્વલીલૌપયિકરૂપાભિવ્યઞ્જકાય નમઃ ||૯૬||

સ્વલીલામાં ઉપયુક્ત રૂપને પ્રકાશ કરનાર પ્રભુને વન્દન.

પોતાની લીલામાં ઉપયોગમાં આવનાર એવા તેના સુન્દર સ્વરૂપને આપે પ્રકટ કર્યું. લક્ષ્મી સમાન ભાગ્ય આપી અલૌકિક સૌભાગ્ય પ્રકાશ કર્યું. મુકુન્દ શ્રીકૃષ્ણના સ્પર્શમાત્રથી જ તે સમાન-સુકોમલ અંગવાળી વિશાલ નિતમ્બ અને

સ્તન પ્રદેશવાળી ઉત્તમ પ્રમદા-રમણીય રમણી થઈ. "**સા તદર્જુસમાનાંગા**" આ શ્લોકના ભાવનું આ નામ છે।।૯૬।।

## મથુરામહોત્સવાય નમઃ ।।૯૭।।

મથુરાના મહોત્સવરૂપ ભગવાનને અભિવન્દન.

કુબ્જાને વરદાન આપી-સમાન અંગવાળી બનાવી રાજમાર્ગમાં આપ પધારવા લાગ્યા. ત્યારે સર્વ પ્રજાજનના મનમાં મહાન મહોત્સવ થવા લાગ્યો. પ્રભુનાં દર્શન કરી પુરજનો સર્વ વિસરી જઈને પ્રભુનું દર્શન કરવા લાગ્યા-તેમના તરફ આસક્ત થયા. સ્ત્રીઓ પણ તેમનાં દર્શનથી કામવેગ ઉત્પન્ન થતાં પોતાના આત્માનું પણ ભાન ભુલીને વેણી-કંકણ-વસ્ત્ર વગેરેની સુવ્યવસ્થા વિસારી તેમને વિપરીત રીતે ધારણ કરીને ચિત્રમાં ચિત્રેલાં હોય તેમ ચકિત બની ગયાં. વગેરે ભાવને જણાવતું આ નામ છે।।૯૭।।

આ પ્રમાણે સર્વનો પણ નિરોધ કર્યો તે કહે છે :

## દૈત્યધર્મનિવારકાય નમઃ ।।૯૮।।

દૈત્યપણાના ધર્મનું નિવારણ કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર.

પ્રથમ મથુરામાં વસનારા સર્વને દૈત્યનો સંસર્ગ હોવાથી તેઓ દૈત્યપણાના ધર્મવાળા-આસુરીભાવવાળા હતા. પ્રભુના પ્રવેશ થતાંની સાથે જ દૈત્યધર્મ નષ્ટ થઈ ગયા. પ્રથમ મથુરામાં પ્રવેશ કરતી વખતે "**સ્વાધારવૈકુણ્ઠસ્થાપકાય નમઃ**" એ નામ કહ્યું હતું. એટલે પોતાના સર્વધર્મો સહિત આપ પધારેલા હોવાથી પુરજનોમાં તે-તે ધર્મોનું સ્થાપન આપે કરેલું છે. અને તેમના આસુરધર્મો તો સહજ રીતે નષ્ટ થઈ ગયા. ભગવાને આ બધું પોતાના સ્વરૂપબલથી કર્યું. સાધનબલથી નહિ, કેમ કે ભગવાનનાં દર્શન થતાંની સાથે સર્વમાં સર્વ ઉત્તમધર્મો પ્રવેશ પામ્યા હતા. તેમણે કંઈ સાધન તો કર્યા જ ન હતાં. આ ભગવાનનું માહાત્મ્ય જ છે. તેથી તેમનાં આન્તરિક સર્વ દૈત્યધર્મનો નાશ થયો છે।।૯૮।।

હવે બાહ્યના દૈત્યધર્મોનો પણ નાશ કરવો જોઈએ તેથી આપે ધનુષનો ભંગ કર્યો તેને સૂચન કરનાર નામ કહે છે :

## ધનુર્ભંગ બોધિતકાલાય નમઃ ।।૯૯।।

ધનુષ્યના ભંગથી કાલનો બોધ કરનાર કૃષ્ણને નમન.

ધનુષ્યનો ભંગ કરીને કંસરાજાને કાલનું જેમણે સૂચન કર્યું છે તે ધનુષ્યનો ભંગ થવાથી તેનો શબ્દ સર્વ જગત્‌માં વ્યાપ્ત થઈ ગયો. અને તેથી કંસરાજાને પોતાના કાલનું જ્ઞાન ઉત્પન્ન થયું અને રાત્રિ-દિવસ મહાભય પામવા લાગ્યો.।।૯૯।।

## અતિસામર્થ્યબોધિતાક્લિષ્ટકર્મચરિત્રાય નમઃ ||૧૦૦||

અત્યન્ત સામર્થ્યમાં પણ બોધન કરેલું છે; સરલ કર્મ જેમણે એવા ચરિત્રવાળા પ્રભુને પ્રણામ.

ધનુષનું રક્ષણ કરનાર સૈનિકો અને તેની સહાયતામાં કંસે મોકલેલી ચતુરંગિણી સેનાનો પ્રભુએ ધનુષના ટુકડાથી જ નાશ કરી નાખ્યો. આવા અત્યન્ત સામર્થ્યવાળા કાર્યમાં પણ જાણે સામાન્ય સરળતા દર્શાવનારું જેમનું સુન્દર ગતિ વિલાસવાળું ચરિત્ર છે. બાલક હોવા છતાં આવું મહાન કાર્ય કરવું એ ક્લિષ્ટરૂપ છે. છતાં જેમણે રમતમાત્રમાં કર્યું, એટલે સેનાને માર્યા પછી યુદ્ધનો મહાન વેગ છોડી દઈ અત્યન્ત મનોહર કોમલ સ્વરૂપવાન થયા અને પ્રસન્ન નેત્રકમલથી પુરસમ્પત્તિ-ઓને નિરીક્ષણ કરતાં-કરતાં મથુરા નગરમાં ભ્રમણ કરવા લાગ્યાં. ''**બલં ચ કંસ પ્રહિતમ્**'' એ શ્લોકથી આરમ્ભી ''**તેજઃ પ્રાગલ્ભ્યરૂપં ચ**'' એ શ્લોક પર્યન્તના ભાવને જણાવનારું આ નામ છે||૧૦૦||

## મૃત્યુધર્મબોધકાય નમઃ ||૧૦૧||

મૃત્યુ ધર્મનો બોધ કરનાર વિપ્રને વન્દન.

ધનુર્ભંગના ભયંકર શબ્દને સાંભળી કંસને ભય ઉત્પન્ન થવાથી નિદ્રા પ્રાપ્ત થવા ન લાગી, દુઃસ્વપ્ન થવા લાગ્યાં અને પોતાના મરણને પોતાના સામું જ જોવા લાગ્યો. એ પ્રમાણે પ્રભુએ તેને મૃત્યુ ધર્મનો બોધ કર્યો. ''**પશ્યન્ મરણ સંત્રસ્તો**'' વગેરે શ્લોકના આશયને દર્શાવનાર આ નામ કહ્યું છે||૧૦૧||

રાત્રિ જતાં પ્રાતઃકાલમાં કંસરાજાએ મલ્લક્રીડાને અવલોકન કરવા નગર નિવાસીજન વગેરે સર્વને આમન્ત્રણ આપ્યા-બોલાવ્યા. ત્યારે ભગવાન્ પણ તે રંગમણ્ડપમાં મલ્લલીલાનું નિરીક્ષણ કરવા પધાર્યા. તે સમયે રંગદ્વાર આગળ કુવલયાપીડ નામનો મદોન્મત્ત માતંગ સ્થાપન કરવામાં આવેલો તેને માર્યો તે કહે છે :

## કુવલયાપીડઘાતકાય નમઃ ||૧૦૨||

કુવલયાપીડને ઘાત કરનાર ભગવાનને અભિવન્દન.

'કુ' એટલે પૃથ્વી, 'વલય' એટલે માણ્ડલ, આખી પૃથ્વીના માણ્ડલને પીડારૂપ-ત્રાસ આપનાર મહા, મદોન્મત્ત માતંગ કે જે પ્રાણીઓનો નાશ કરવામાં કાલરૂપ થયો હતો તેવા કાલરૂપ હાથીને પ્રભુએ માર્યો. ભગવાન્ તો કાલના પણ કાલ છે. તેના પણ નિયન્તા છે. એટલે તેના-ગજેન્દ્રના પણ આપ દણ્ડધારી થયા છે||૧૦૨||

## ગજદન્તવરાયુધાય નમઃ ||૧૦૩||

હાથીના દન્તનું જ સુન્દર આયુધ જેમને છે એવા કંસરિપુને નમસ્કાર.

કંસાદિક સર્વ શત્રુઓ આ સમયે પ્રભુને કાળરૂપે જોતા હતા એમ સૂચન કરે છે।।૧૦૩।।

જો કે આ સમયે પ્રભુએ વીરરસ પ્રકટ કર્યો હતો. સમ્ભવિત પણ તે જ રસ હોઈ શકે, છતાં ભગવાન્ તો અક્લિષ્ટ કર્મા છે-લીલામાત્રમાં જ સર્વ સિદ્ધ કરે તેમ છે. તેથી તે સર્વને આનન્દકારક જ દેખાવા લાગ્યા. તેવા આશયનું નામ જણાવે છે :

## નિખિલજનમનોનયનાહ્લાદકાય નમઃ ।।૧૦૪।।

સર્વ મનુષ્યોનાં મન અને નયનોને આનન્દ આપનાર-આનન્દકન્દકૃષ્ણને નમન.

વીર વેષ હોવા છતાં સકલ જનનાં મનને તથા નયનોને ભય નહિ ઉપજાવતાં કેવલ આનન્દ જ પ્રકટ કરતાં હતાં. નેત્ર દ્વારા તેમના અન્તઃકરણમાં પ્રવેશ કરીને પ્રસન્નતા આપીને સર્વ ઈન્દ્રિયોને પણ પ્રસન્ન કરતા હતા. ''**નિરૂઢસ્વેદ-કનિકા-વદનામ્બુરુહો બભૌ**'' મુખકમલ પર આવેલાં પ્રસ્વેદ બિન્દુઓથી દેદીપ્યમાન દેખાતા શોભતા હતા. આ શ્લોકનું સૂચક આ નામ છે।।૧૦૪।।

જેમનો જેવો અધિકાર હતો તેવા રસાવિભાવવાળા પ્રભુને નિરખવા લાગ્યા, તે જણાવે છે :

## સર્વરસાવિર્ભાવકાય નમઃ ।।૧૦૫।।

સર્વરસના આવિર્ભાવવાળા રસાત્મક શ્રીકૃષ્ણને વન્દન.

અહિં રંગમણ્ડપમાં વિવિધ વિચારના સજ્જનો આવેલા સગુણભાવવાળા, નિર્ગુણભાવવાળા પણ હતા. તે સર્વ પ્રાણીમાત્રને પ્રભુ તેવા-તેવા રૂપે દેખાવા લાગ્યા. મનુષ્યમાં નવ પ્રકારે વા દશ પ્રકારે રસનું વહન થાય છે. જેથી જે રસમાં મુખ્યતા હતી તેને તે રસરૂપ થઈને પ્રભુએ દર્શન આપ્યાં. એક જ રસઘન જુદા-જુદા ભાવથી જુદા-જુદા રસરૂપે દર્શન આપવા લાગ્યા. ભયપર રૌદ્ર સ્વભાવવાળા મલ્લોને ભગવાન્ વિદ્યુત-સમાન વેગવાળા કે જેના સપાટામાંથી પલાયન કરવું અશક્ય થાય. તેવા ભયંકર રૌદ્રરસરૂપે જણાયા, સાધારણ રાજસ સ્વભાવના પુરુષોને પુરુષશ્રેષ્ઠરૂપે અદ્‌ભુત રસયુક્ત જણાયા, કામદેવની સેનારૂપે સ્ત્રીઓ હોય છે. તેમને પોતાના પતિ નાયકને જોયા ન હતા, પ્રભુને જોઈને તેમને મૂર્તિમાન પતિનું-કામનું સ્મરણ થઈ આવ્યું. પોતાના પતિને નિરખીને તે સનાથ થયાં. શૃંગારરસના ભાવને પ્રાપ્ત કરવા લાગ્યાં, ગોપોને પોતાના સ્વજન-આ અમારા બન્ધુ છે એમ ભાન થવાથી હાસ્યરસ થવા લાગ્યો. દુષ્ટ રાજાઓને ભગવાનને જોતામાં યુદ્ધની બુદ્ધિ ઉત્પન્ન થઈ, પરન્તુ તેમને શાસ્ત્ર શિક્ષા કરનાર રૂપે જોયાથી સામા ન થઈ શક્યા. પણ તેમનામાં વીરરસ સ્ફુર્યા. પોતાનાં માતા-પિતાને શિશુબાળકરૂપે દેખાયા. એટલે તેમને કરુણારસ પ્રકટ થયો. કંસરાજાને મૃત્યુરૂપે જણાતા તે ભયાનકરસ રૂપ થયા.

ભગવત્સ્વરૂપમાં નિષ્ઠા રાખનારા પરન્તુ તે સ્વરૂપને નહિ જાણનાર-અવિદ્વાન ભક્તોને સ્નેહ પ્રકટ થયેલો હોવાથી રુધિર બિન્દુઓથી યુક્ત ભગવાન્‌ને જોઈ બિભત્સરસ થવા લાગ્યો. યોગીજનોને પરમપુરુષ-પરમતત્ત્વરૂપે શ્રીપુરુષોત્તમ સ્વરૂપે જણાયા. ત્યાં શાન્તરસ સ્ફુરે છે. યાદવોએ તો પોતાના પરમ દૈવતરૂપે નિહાળ્યા. તેમના તરફ તેમને ભક્તિરસ ઉત્પન્ન થયો. શાસ્ત્રના નિયમ પ્રમાણે **''અષ્ટૌ નટ્યૈ રસાઃ''** નાટ્યમાં આઠ જ રસ મુખ્ય છે. શ્રીમહાપ્રભુજી, શ્રીસુબોધિનીજીમાં તેથી મુખ્ય આઠ પ્રકારે અહિં રસ સિદ્ધ કરે છે. અને શાન્તરસ અને ભક્તિરસનું સામાન્યતઃ સૂચન કરીને સમજી લેવાની આજ્ઞા કરે છે. આ પ્રમાણે **''મલ્લાન્ મશનિઃ''** એ શ્લોકના સમ્પૂર્ણ આશયને પ્રકટ કરનાર આ નામ છે।।૧૦૫।।

સ્ત્રીજનોએ મૂર્તિમાન કામદેવરૂપે નિરખ્યા આવા પ્રસંગે પણ તેમને પ્રત્યક્ષ કામરૂપ દષ્ટિગોચર થાય એમ કેમ બન્યું ? તે કહે છે :

## નિખિલકામિનીપ્રેમાવલોકિતાય નમઃ ।।૧૦૬।।

સકલ કામિનીઓથી પ્રેમપૂર્વક નિરખાતા શ્રીગોપીજનવલ્લભને અભિવન્દન.

જો કે સર્વને જ પોતાના અધિકાર પ્રમાણે પ્રભુ ઉપર ભાવ પ્રકટ થયો છે. તો પણ તે સર્વમાં મુખ્ય તો સ્ત્રીઓ જ છે. તેમનાં અન્તઃકરણમાં સ્વાભાવિક કોમલતા હોવાથી રસિકવર પ્રભુને સાક્ષાત્-મૂર્તિમાન કામદેવરૂપે જુવે એ નવાઈ નથી. પ્રભુ પણ તેમને માટે જ તેવા રૂપે થયા છે. તેવા શુદ્ધ ભાવયુક્ત થઈને પ્રભુનું દર્શન તો તેમણે જ કર્યું હતું. માટે તેમને તેવી રીતે પ્રભુએ દર્શન આપ્યાં. જેવો જેમનો ભાવ તેવી રીતે પ્રભુ થાય છે. એમ આપનો પ્રભાવ સર્વત્ર પ્રસિદ્ધ જ છે. કામિનીપદ પણ તેથી જ તેમને માટે વાપર્યું છે. આગળ ગણ મલ્લોની સાથે યુદ્ધ કરતી વખતે પોતાના અત્યન્ત કોમલ કોટિકન્દર્પલાવણ્ય પ્રિયતમ પ્રભુને પરિશ્રમથી પ્રસ્વેદનાં બિન્દુઓ ઝરવાં લાગ્યાં, ત્યારે પણ આ કોમલાંગી કામિનીઓનાં કાળજાં કપાઈ જતાં હતાં **'તદ્‌બલાબલવદ્યુદ્ધમ્'** એ શ્લોકમાં તે નિરૂપણ કરેલું છે. તે કામિનીઓનાં પ્રેમોદ્‌ગારો જાણી પ્રભુએ પણ તેમને પ્રસન્ન કરવા મલ્લોને મારવાનો નિશ્ચય કરી તે જ પ્રમાણે યુદ્ધ કરવા લાગ્યા. **''નિરીક્ષ્ય તાવુત્ત પુરુષૌ જનાઃ''** ત્યાંથી આરમ્ભી **''જનેષ્વેવં બ્રુવાણેષુ''** આ શ્લોક પર્યન્તનું આ નામ એમ જાણવું।।૧૦૬।।

હવે દૈત્યોને મારવા જ જોઈએ એમ માની તે પ્રમાણે દર્શાવે છે :

## ચાણૂરાદિમહામલ્લદૈત્યગર્વનિબર્હણાય નમઃ ।।૧૦૭।।

ચાણૂર આદિ મહામલ્લરૂપ દૈત્યોના ગર્વને સંહાર કરનાર કૃષ્ણને પ્રણામ.

અત્યન્ત બલવાન ચાણૂર આદિ મોટા-મોટા મલ્લોરૂપ દૈત્યોના ગર્વને નાશ કરનાર પોતે છે. આ નામ **''ચાણૂરો વાક્યમ્ અબ્રવીત્''** ત્યાંથી આરમ્ભી **''ચાણૂરે**

**મુષ્ટિકે કૂટે શલે તોસલકે હતે**'' ત્યાં પર્યન્તના ભાવને જણાવનાર છે.।।૧૦૭।।

## કંસઘાતકાય નમઃ ।।૧૦૮।।

કંસનો ઘાત કરનાર કૃષ્ણને નમન.

મલ્લોનો વિનાશ કરી સિંહાસન ઉપર બેઠેલા કંસને ઠેકડો મારી પકડી ભૂમિમાં પછાડીને નાશ કર્યો. ''**હતેષુ મલ્લાવર્યેષુ**'' ત્યાંથી આરમ્ભી ''**કંસ પરેતં વિચકર્ષ ભૂમૌ**'' ત્યાં સુધીના શ્લોકના આશયને સૂચન કરનાર આ નામ છે.।।૧૦૮।।

દુષ્ટોને વિદારણ કરી ભક્તનાં દુઃખને દૂર કર્યા. તેનું સૂચન કરે છે :

## વસુદેવકીદુઃખવિદારકાય નમઃ ।।૧૦૯।।

વસુદેવ અને દેવકીજીનાં દુઃખને વિદારણ કરનાર શ્રીહરિને નમસ્કાર.

શ્રીવસુદેવ અને દેવકીજીને કંસરાજાએ બન્દીખાને નાંખી અનેક દુઃખ આપ્યાં. તે દુઃખોને દૂર કરી તેમનો પોતાનામાં નિરોધ સિદ્ધ કર્યો. ''**માતરં પિતરં ચૈવ મોચયિત્વા ચ બન્ધનાત્**'' માતા અને પિતાને બન્ધનમાંથી મુક્ત કરી તેમને વન્દન કર્યું. એ શ્લોકથી આરમ્ભી ''**સસ્વજાતે ન શંકિતૌ**'' એ શ્લોક સુધીના આશયને વ્યક્ત કરતું આ નામ છે.।।૧૦૯।।

પ્રભુએ પોતાનું યદુપતિપણું પ્રકટ કર્યું ને નામ પ્રકટ કરે છે :

## યદુકુલનલિનીવિકાશકાય નમઃ ।।૧૧૦।।

યદુકુલ એ જ નલિનીને ખીલાવનાર યદુપતિને વન્દન.

યદુરાજાનું કુલ એ જ કમલિનીને વિકાસ કરનાર સૂર્ય સમાન ભગવાન્ છે. યદુકુલરૂપ કમલ એમ ન કહ્યું અને કમલિની એમ સ્ત્રીજાતિ કેમ દર્શાવી ? તેનું સમાધાન કરે છેઃ- પતિ વિના સ્ત્રી દુઃખી થાય તેમ યદુકુલ તેના નેતા વિના સ્ત્રીવત્ દુઃખી થતું હતું. પતિ વિના સ્ત્રીના દુઃખનો પરિહાર કોણ કરે ? ભગવાન્ પધાર્યા એટલે તેમનાં દુઃખો દૂર થયાં. રાત્રિમાં સૂર્ય વિના કમલિની અકળાય-કરમાય છે, અત્યન્ત અન્ધકારમાં ઘેરાઈ જાય છે. અસુરરૂપ તિમિર દલને દળનાર ભગવાન્ ભાસ્કરનો ઉદય થતાં યદુકુલ કમલિની સર્વ પ્રકારે વિકાસ પામે-ખીલી ઉઠે એ યુક્ત જ છે. આ પ્રમાણે સ્ત્રીનું દૃષ્ટાન્ત આપી પ્રભુએ પોતાનો પતિત્વધર્મ યદુકુલને માટે પ્રકટ કર્યો છે. નલિની-કમલિની મૂલમાં રસયુક્ત હોવાથી જ સૂર્ય પણ તેનો વિકાસ કરનાર થાય છે. જો રસયુક્ત ન હોય તો સૂર્ય ઉદય પામતાં છતાં તે સુકાઈ જાય. તેમ યદુકુલમાં પણ ધર્મનિષ્ઠ-ભગવદ્રસમાં નિષ્ઠા રાખનાર ભાવસમ્પન્ન ભગવદીય જ પ્રસન્ન થયા. જે અસુરતુલ્ય યાદવો હતા તેમનો તો સર્વથા વિનાશ જ થઈ ગયો. તેમનો વિકાસ પ્રભુના પધારવાં છતાં પણ ન થયો. ''**ઉવાચ પિતરાવેત્ય**'' ત્યાંથી આરમ્ભી ''**ગૃહેષુ રેમિરે સિદ્ધાઃ કૃષ્ણરામા ગતજ્વરા**'' એ શ્લોક પર્યન્તના ભાવને સ્ફુટ કરતું આ નામ છે.।।૧૧૦।।

કાલાત્મક ભગવાનના પધારવાથી લૌકિક કાલ ધર્મો શાન્ત થઈ ગયા. તેનું જ્ઞાપન કરનાર આ નામ દર્શાવે છે :

## કાલદુઃખનિવારકાય નમઃ ॥૧૧૧॥

કાલના દુઃખોનું નિવારણ કરનાર ભગવાનને અભિવન્દન.

યાદવો અહોરાત્રિ મુકુન્દપ્રભુના મુખારવિન્દને જોઈ-જોઈ પ્રસન્ન થવા લાગ્યા. જે મુખારવિન્દ દયા દષ્ટિની વૃષ્ટિ કરનારું પ્રસન્ન-પ્રસન્ન સ્મિત હાસ્યને ઝરનારું પરમ મોહક હતું. આવા પરમ રમણીય ભગવાનના વદનકમલની મધુર સુધાને પોતાના નેત્રકમલથી પાન કરતામાં જ વૃદ્ધ યાદવો યુવાન બની ગયા. અને યુવાન યાદવો હતા તે મહાબલવાન સૌન્દર્યવાન ભાગ્યવાન બની ગયા. સુબોધિનીમાં '**સદયસ્મિતવીક્ષણમ્**' એ પૂર્વપદમાં દયાપૂર્વક સ્મિત કરતાં, નિરીક્ષણ કરવામાં ત્રણ ધર્મો દર્શાવ્યા છે. દયા ધર્મસ્થાને છે. સ્મિત ભક્તિસ્થાને છે. અને વીક્ષણ, નિરીક્ષણ એ જ્ઞાનસ્થાને છે. એમ ધર્મ, ભક્તિ, અને જ્ઞાન એ ત્રણે ધર્મો આપના મુખારવિન્દમાં સ્થિત છે. તે દ્વારા લૌકિક ભાવો પણ ભગવાનના સ્વરૂપમાં સ્થિર થાય છે. તેવી રીતે સર્વનો નિરોધ પ્રભુમાં સિદ્ધ થયો છે. પ્રભુમાં તેમનો નિરોધ થયો એટલે તે લોકો કાલને પણ અતિક્રમણ કરી જાય અને વૃદ્ધના યુવાન બની જાય એમાં આશ્ચર્ય શું ? આમ લૌકિક ધર્મોને શાન્ત કરી તેમનામાં અલૌકિક ધર્મોને પ્રકટ કર્યા॥૧૧૧॥

હવે વસુદેવજીએ પ્રભુના પ્રાકટ્યથી આરમ્ભી અત્યાર સુધીમાં સંસ્કાર કરવામાં પુણ્યદાન વગેરે પ્રત્યક્ષ કંઈ પણ કર્યું નહોતું. તે સર્વ પુત્રોનો ઉપનયન સંસ્કાર કરીને તે પ્રસંગનાં દાનાદિ આપ્યાં. તે જણાવે છે.

## પ્રદર્શિતસદાચારાય નમઃ ॥૧૧૨॥

સદાચારને ઉત્તમ પ્રકારે દર્શાવનાર પ્રભુને પ્રણામ.

જો કે ભગવાનને સંસ્કાર કરવાનું કંઈ પણ કારણ નથી તો પણ યદુકુલમાં પ્રકટ થયા. માટે કુલના નિયમ પ્રમાણે તેમ કરવું જોઈએ. જો ન કરે તો સદાચારનો ઉચ્છેદ થાય. કુલપરંપરાના ધર્મનું પરિપાલન કરવું એ સદાચાર છે. તેવો સદાચાર અવશ્ય કર્તવ્યરૂપ છે. '**અથ શૂરસુતો રાજન્**' ત્યાંથી આરમ્ભી '**ગર્ગાદ્યદુકુલાચાર્યાત્**' એ શ્લોક સુધીનું આ નામ છે. વળી જેમણે સદાચારના ધર્મ પ્રકર્ષ-ઉત્તમ રીતે દર્શાવ્યા છે તેવા, ભગવાનમાં વસુદેવજીએ આવા ધર્મોનો વિનિયોગ કરવાથી તે સદાચારો પણ પરમ ઉત્કર્ષરૂપ થયા અને આ સમયે જ તેવા પ્રકારના થયા તેથી આ નામ યોજવામાં આવ્યું॥૧૧૨॥

દ્વિજત્વ સંસ્કાર થયા પછી વેદાધ્યયન કરવું વિધિ પ્રાપ્ત છે. પછી ધનુર્વિદ્યા અને ત્યાર પછી ગુરુદક્ષિણા આપવી જોઈએ. તો તે નામ કહે છે :

## સાન્દીપનિમૃતાપત્યદાત્રે નમઃ ||૧૧૩||

સાન્દીપનિના મરેલા બાલકને આપનાર કૃષ્ણને નમન.

ભક્તજનોને નિરોધ સિદ્ધ થવા માહાત્મ્ય સૂચક ચરિત્ર કથન કરવું જોઈએ. તેથી ગુરુના મૃત પુત્રને લાવી આપ્યાનું દર્શાવ્યું. તેમ કહીને તેમની પાસે સર્વ વિદ્યા કલાઓનું શિક્ષણ મેળવી આવી સુન્દર ગુરુદક્ષિણા આપી એમ દરેકનો આશય વ્યક્ત કર્યો. આ નામ '**ગુરુકુલેવાસમ્**' ત્યાંથી આરમ્ભી '**તથેતિ તેનોપનીતં ગુરુપુત્રમ્**' ત્યાં પર્યન્તના આશયને જણાવનાર આ નામ છે||૧૧૩||

ત્યાર પછી મથુરામાં પધારી પોતાના સર્વ બન્ધુજનોનાં દુઃખોને દૂર કરવા જોઈએ-તેમની સંભાળ લેવી જોઈએ. માટે પ્રથમ નન્દાદિકોના મનનું સમાધાન કરવા ઉદ્ધવને મોકલ્યા. તે જણાવે છે :

## નન્દાદિજ્ઞાનબોધકાય નમઃ ||૧૧૪||

નન્દાદિકોને જ્ઞાનનો બોધ કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર.

નન્દરાયજી વગેરેને ભગવાન્ ઉપર ભાવ તે સુદઢ જ છે. પરન્તુ તે ભાવ લૌકિક જ છે. તેને અલૌકિક કરવો જ જોઈએ. માટે ઉદ્ધવ દ્વારા તેમને જ્ઞાનોપદેશ કર્યો. તેથી માહાત્મ્ય જ્ઞાનપૂર્વક પ્રભુમાં તેમનો સુદઢ સ્નેહ થાય અને અલૌકિક પ્રકારથી પ્રભુને પ્રાપ્ત કરી શકે. આ નામ '**ગચ્છોદ્ધવ વ્રજમ્**' ત્યાંથી આરમ્ભી 'વિનાચ્યુતાત્' એ શ્લોક સુધીના આશયને દર્શાવે છે||૧૧૪||

એ પ્રમાણે યશોદાજીને પણ અલૌકિકભાવ થયો. પણ તેમનો સ્નેહરસ નિરન્તર કાયમ જ રહ્યો. તે સૂચવે છે :

## યશોદાસ્નેહરક્ષકાય નમઃ ||૧૧૫||

યશોદાના સ્નેહનું સંરક્ષણ કરનાર ભગવાનને વન્દન.

યશોદાજીને જ્ઞાન થયું તો પણ તેમનો સ્નેહ અસ્ખલિત હતો. પ્રભુનાં સર્વ ચરિત્રો સંભારી સંભારીને વિરહથી આકુલ-વ્યાકુલ થઈ ગયાં અને અશ્રુપાત કરવા લાગ્યા. '**ઈતિ સંસ્મૃત્ય સંસ્મૃત્ય**' ત્યાંથી આરમ્ભી '**શૃણ્વન્ત્યશ્રૂણ્યવાસ્ત્રાક્ષીત્**' તે શ્લોક પર્યન્તના ભાવને પ્રકટ કરતું આ નામ જ્ઞાન ઉત્પન્ન થવા છતાં પણ યશોદાજીના સ્નેહનું રક્ષણ પ્રભુએ કર્યું છે એમ સ્પષ્ટ દર્શાવે છે.||૧૧૫||

ગોપિકાઓનું પણ સમાધાન કર્યું તે કહે છે :

## ગોપિકાદિલૌકિકભાવદોષદૂરીકરણાય નમઃ ||૧૧૬||

ગોપિકાઓને પ્રથમ જ લૌકિક ભાવ હતો તેને દૂર કરનાર ગોપીજન પ્રિય પ્રભુને પ્રણામ.

ઉદ્ધવજીને અવલોકન કરતાંની સાથે ગોપીજનોને તેમના ભગવદીયત્વનો નિશ્ચય થતાં જ લૌકિકભાવ થયેલો અને માન પણ પ્રાપ્ત થયું. તેથી ત્રણ દોષો ઉત્પન્ન થયા. તે દોષો સાધ્ય હોવાથી ચિકિત્સા કરીને તેમને દૂર કર્યા. આ નામ '**રહસ્યપૃચ્છન્**' ત્યાંથી આરમ્ભીને '**પ્રિયતમાદિષ્ટમાકર્ણ્ય**' તે શ્લોક પર્યન્તના અર્થને સૂચવનાર છે. પ્રથમ ઉદ્ધવજીની ભગવત્તુલ્ય આકૃતિ જોઈને તેમને ભગવદ્રૂપ સમજી ગોપીજનોને લૌકિક માન ઉત્પન્ન થયું. માન પણ વિરોધમાં અવરોધરૂપ છે. ઉદ્ધવજીએ પ્રભુનો સન્દેશો કહીને તેને દૂર કર્યું. તેઓ ગદ્ગદ્ કણ્ઠથી પ્રભુના પ્રસંગોને સંભારી-સંભારીને પ્રેમમાં નિમગ્ન થઈ જવાં લાગ્યા. એટલે શુદ્ધ થયાં- તેમનાં દોષો શાન્ત થઈ ગયા. તે આશય આ નામનો છે।।૧૧૬।।

આ પ્રમાણે ઉપદેશ ક્યાંથી ઉદ્ધવજીને પણ ઉપદેશ લાગ્યો. તે કહે છે :

## ઉદ્ધવાદિમધ્યમભાવબોધકાય નમઃ ।।૧૧૭।।

ઉદ્ધવાદિકોના હીનભાવને જ્ઞાપન કરનાર કૃષ્ણને નમન.

પ્રથમ ઉદ્ધવજી પરમ ભક્ત હતા. '**નોદ્ધવોણ્વપિ મન્યૂનઃ**' ''ઉદ્ધવજી મારાથી જરા પણ ન્યૂન ઉતરતા નથી'' આ પ્રમાણે ભગવાને તેમની સ્તુતિ કરેલી હતી. તો પણ શ્રીસ્વામિનીઓનાં હૃદયમાં રહેવા ભાવરૂપ ભક્તિમાર્ગનું તેમને જ્ઞાન ન હતું. તે તો જ્યારે વ્રજમાં પધાર્યા અને શ્રીમદ્ વ્રજસુન્દરીઓના ભાવને જોયો ત્યારે પોતાની અલ્પતા તેમના સમજવામાં આવી. અને ગોપીજનોનાં સૌભાગ્યની-તેમના ભાવની પ્રશંસા કરવા લાગ્યા. શ્રીગોપવધૂઓનાં જેવો તેમને ભાવ પ્રકટ તો થયો પરન્તુ તેમના જેવી અવસ્થા તો ઉદ્ધવજીને ઉત્પન્ન જ ન થઈ. અને પોતાનામાં ન્યૂનતા જ સ્ફુરવા લાગી. પોતાના અન્તઃકરણમાં શ્રીગોપીજનોને ગુરુરૂપ માનવા લાગ્યા. અને તેમનાં ચરણારવિન્દની રજને વારંવાર વન્દન કરવા લાગ્યા. તેથી જ મૂળમાં '**વન્દે નન્દવ્રજસ્ત્રીણામ્**' એમ કહ્યું. તે શ્રીવ્રજાંગનાઓ જ સફલ શરીરધારી છે. અન્ય ભક્તજનોના કરતાં તેમની કોટિ ઘણા જ ઉંચા પ્રકારની છે. તે તો શું પણ તેમનાં ચરણકમળોની રજ પણ વન્દનીય છે એમ નિશ્ચય કરી નાંખ્યું. પ્રભુએ આ પ્રમાણે ઉદ્ધવાદિ ભક્તોની હીનતાનો બોધ કરેલો છે-તેમનાં અન્તઃકરણમાં કિઞ્ચિત્ રહેલું ભક્તત્વનું અભિમાન જ્ઞાનીપણાનું અભિમાન ચૂર્ણ-ચૂર્ણ કર્યું. તે આશયને આ નામ વ્યક્ત કરે છે।।૧૧૭।।

ઉપદેશના ફલનું સૂચક નામ નિવેદન કરે છે :

## સ્વનિષ્ઠમનોદોષનાશકાય નમઃ ।।૧૧૮।।

પોતાનામાં રહેલા મનના દોષને નાશ કરનાર શ્રીહરિને નમસ્કાર.

પોતાને ઉદ્દેશી રહેલા મનના દોષને એટલે શ્રીનન્દરાય યશોદાજી વગેરેને

પુત્ર ભાવરૂપ-લૌકિક ભાવરૂપ દોષને અને શ્રીવ્રજસીમન્તિનીઓને '**નિઃસ્વં ત્યજન્તિ ગણિકાઃ**' નિર્ધનને ગણિકાઓ તજી દે છે. ફલ વિનાના વૃક્ષને પક્ષીઓ તજે છે. વગેરે-વગેરે વચનોથી પ્રભુને ઉદ્દેશી ઠપકારૂપ દર્શાવેલા લૌકિક દોષને નાશ કરનાર. ઉદ્ધવજી દ્વારા પ્રભુએ શ્રીગોપીજનોને ઉપદેશ આપ્યો ત્યારથી આરમ્ભી તેમને પોતે અલૌકિક સાક્ષાત્ નિત્યલીલામાં રમણ કરી રહેલા છે એવા પ્રકારનું જ્ઞાન થયું. ભગવાન્માં સાક્ષાત્ પુરુષોત્તમપણાનું જ્ઞાન થયું. તથા પોતાના આત્મામાં તેમનાથી અભેદપણાની પ્રતીતિ થઈ. આ પ્રમાણે થવાથી તેમનું સર્વ અજ્ઞાન દોષ લુપ્ત થઈ ગયું. તે દોષનો ઉદ્ધવ દ્વારા નાશ કરનાર પ્રભુ પોતે જ છે. ''**નન્દાદયો અનુરાગેણ**'' ત્યાંથી આરમ્ભી ''**રતિર્નઃકૃષ્ણ ઈશ્વરે**'' એમ પ્રાર્થના શુદ્ધ હૃદયથી નન્દાદિકોએ કરી તે અભિપ્રાય સૂચક આ નામ છે।।૧૧૮।।

આમ મુખ્ય ભક્તોનું સાન્ત્વન કરી રાજસ હોવાથી પ્રથમ કુબ્જાનું સાન્ત્વન કરે છે. તે નામ જણાવે છે :

## કુબ્જાદિમનોરથપૂરકાય નમઃ ।।૧૧૯।।

કુબ્જાદિકોના મનોરથ પૂર્ણ કરનાર ભગવાનને વન્દન.

રાજસ ભક્તોમાં પ્રથમ કુબ્જાના મનોરથ પૂર્ણ કર્યા છે. માટે તેને પ્રથમ કહેવામાં આવ્યું।।૧૧૯।।

## અક્રૂરાદિભક્તસન્માનહેતવે નમઃ ।।૧૨૦।।

અક્રૂરાદિક ભક્તોના સન્માનના કારણરૂપ કૃષ્ણને અભિવન્દન.

અક્રૂરાદિ ભક્તોને ઘેર ભગવાન્ પધારી તેમને સન્માન આપ્યું. ''**ત્વં નો ગુરુઃપિતૃવ્યશ્ચ**'' તમે અમારા ગુરુ-વડિલ છો, પિતૃવ્ય-કાકા છો. એમ કહી આપે અક્રૂરને સન્માન આપ્યું. એટલે બધાયે યાદવો તથા પ્રજાજનો તેમને જ્ઞાન આપવા લાગ્યા, તેથી અક્રૂરાદિક ભક્તોના સન્માનના કારણરૂપ પ્રભુ જ છે. કુબ્જાના પ્રસંગમાં મનોરથ પૂર્ણ કર્યાનું જણાવ્યું. અહિં સન્માન આપવાનું જણાવે છે. અધિકાર પ્રમાણે ભાવનો પણ ભેદ છે, એમ જાણવું।।૧૨૦।।

ઉપરના નામમાં આદિ પદ છે. તેથી અન્ય ભક્તોનું સન્માન પણ આવી જાય છે. જેથી તેવું નામ કહે છે :

## ભક્તહિતચિન્તકાય નમઃ ।।૧૨૧।।

ભક્તોના હિતનું ચિન્તન કરનાર પ્રભુને પ્રણામ.

પોતાના પરમ ભક્ત પાણ્ડવોના હિતનો વિચાર કરનાર તેમનું હિત થાય તેમ કર્તવ્ય કરનાર, અક્રૂરજી સાથે પાણ્ડવોના હિત સમ્બન્ધનો વિચાર કરેલો છે. અને

તેમની સ્થિતિ જાણવાને માટે અક્રૂરજીને હસ્તિનાપુરમાં મોકલ્યા. ''**પિતર્યુ પરતે બાલાઃ**'' આ શ્લોકથી આરમ્ભી ''**વિજ્ઞાય તદ્ વિધાસ્યામ**'' એ શ્લોક પર્યન્તના અભિપ્રાયને દર્શાવનાર આ નામ છે।।૧૨૧।।

આવા વિચારથી પાણ્ડવોની સ્થિતિ થઈ તે જણાવે છે :

## પાણ્ડવસ્થાપકાય નમઃ ।।૧૨૨।।

પાણ્ડવોને સ્થાપન કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર.

''**યથા શં સુહૃદાં ભવેત્**'' જેમ સમ્બન્ધીજનોને-સ્નેહીઓને સુખ થાય તેમ કરવું જોઈએ. એવા વિચારથી જ પાણ્ડવોને સ્થાપન કરેલા છે. જ્યારે પાણ્ડવોની પ્રભુએ સંભાળ લીધી ત્યારથી તેઓ સ્થિર થયા।।૧૨૨।।

## કુન્તીપ્રીતિહેતવે નમઃ ।।૧૨૩।।

કુન્તાજીની પ્રીતિના કારણરૂપ કૃષ્ણ ભગવાનને નમન.

કુન્તાજી પરમ ભક્તા છે. અક્રૂરજી જ્યારે ખબર લેવા આવ્યા ત્યારે તેમના મનમાં થયું કે ભગવાને અમને પોતાના સમજી અમારી સંભાળ લીધી. તેથી મનમાં સન્તોષ પામવા લાગ્યા. સદ્ભાવ ઉત્પન્ન થયો. પ્રભુનો અમારા ઉપર મહાન અનુગ્રહ થયો એમ માનવા લાગ્યાં. અને અતિશય પ્રેમપુરઃસર પ્રભુની સ્તુતિ કરવા લાગ્યાં. પછી દીનભાવ પ્રકટ થયો. એટલે અક્રૂરજીએ જે સન્દેશો સાન્ત્વનનો પ્રભુએ કહ્યો હતો તે તેમને જણાવી શાન્ત કર્યા. વિદૂરજીએ પણ તેમાં સાથ આપી કુન્તાજીને આશ્વાસન આપ્યું. આ નામ '**પૃથા તુ ભ્રાતરમ્**' ત્યાંથી આરમ્ભી '**સાન્ત્વયામાસતુ**' એ શ્લોક સુધીના આશયને જણાવનાર છે।।૧૨૩।।

એમ સાન્ત્વન કરવાથી શત્રુએ કરેલું દુઃખ શાન્ત ન થાય તેવું નામ કહે છે :

## પ્રૌઢલીલાવબોધકાય નમઃ ।।૧૨૪।।

પ્રૌઢલીલા જ્ઞાપન કરનાર ભગવાનને અભિવન્દન.

જો ધૃતરાષ્ટ્રને ઉપદેશ આપવાથી તે સમાન દૃષ્ટિવાળા થઈને કૌરવોમાં અને પાણ્ડવોમાં સમાન પ્રીતિવાળા બને તો સારું નહિ તો સુહૃજ્જનોનું જેમ પ્રિય થાય તેમ આપણે યત્ન કરીશું. એવા ભગવાનના વચનોથી તેમ પુત્રોની દૈવી ઉત્પત્તિ તેમનું બલ વગેરે દર્શાવીને કુન્તાજીને શાન્ત કર્યા. આવું ભગવાન્નું કાર્ય એ પ્રૌઢલીલાનું સૂચક છે. તેથી પ્રૌઢલીલાને બોધન કરનાર ભગવાન્ એમ કહ્યું।।૧૨૪।।

સ્તુતિ કરવામાં આવતાં માહાત્મ્યજ્ઞાનપૂર્વક શરણ પ્રાપ્ત કરવાથી પ્રભુ સર્વ પ્રકારે પોતાના જનનું પરિપાલન કરે છે. તેનો નિર્દેશ કરે છે.

## ભક્તપક્ષબોધકાય નમઃ ।।૧૨૫।।

ભક્તના પક્ષને બોધન કરનાર શ્રીકૃષ્ણને વન્દન.

ભગવાન્ ભક્તનો પક્ષ કરે છે જ. એમ બીજાઓને બોધ કરનાર પોતે જ થાય છે. માટે ભક્ત દ્વારા તેમનું સાન્ત્વન કર્યું છે. ।।૧૨૫।।

ભક્તકુન્તાનું સાન્ત્વન કરી ધૃતરાષ્ટ્રને બોધ આપે છે :

## ધૃતરાષ્ટ્રજ્ઞાનબોધકાય નમઃ ।।૧૨૬।।

ધૃતરાષ્ટ્રને જ્ઞાનનો બોધ કરનાર પ્રભુને પ્રણામ.

પ્રથમ અક્રૂરજી દ્વારા ધૃતરાષ્ટ્રને જ્ઞાનનો ઉપદેશ કર્યો **'ભો ભો વૈચિત્ર્યવીર્ય'** ત્યાંથી આરમ્ભી **'તસ્માદ્ લોકમ્ ઈમં તાત'** એ શ્લોક સુધીમાં પછી ઈશ્વરને આધીન સર્વ વિશ્વ છે. મારી કંઈ પોતાની પ્રવૃત્તિ નથી એવું પણ જ્ઞાન ધૃતરાષ્ટ્રને થયું. તે બન્ને પ્રકારના જ્ઞાનનો બોધ કરનાર પોતે જ છે. માટે આ નામ કહ્યું।।૧૨૬।।

ઈશ્વરે ઉપદેશેલા ધર્મ-અધર્મના વિવેકનું જ્ઞાન પરિત્યાગ કરીને તેવી પ્રવૃત્તિ-અસમાનભાવની પ્રવૃત્તિ કેમ થાય ? તે કહે છે :

## ઇચ્છાવાદસ્થાપકાય નમઃ ।।૧૨૭।।

ઈચ્છાવાદનું સ્થાપન કરનાર ભગવાનને નમસ્કાર.

ધૃતરાષ્ટ્રે ભગવદિચ્છાવાદને અંગીકાર કરીને ઉત્તર આપ્યો. એટલે તે સમયે ભગવાને જ તેમના અન્તઃકરણમાં ઈચ્છાવાદ પ્રકટ કર્યો. ભગવાન્‌ની ઈચ્છા ભવિષ્યમાં આ પ્રમાણે જ થવાની છે એવું જ્ઞાન ધૃતરાષ્ટ્રને સ્ફુર્યું. તે પોતે તેમનામાં ઈચ્છાવાદને સ્થાપન કરેલો છે તેથી જ. **'યથા વદસિ કલ્યાણિ'** ત્યાંથી આરમ્ભીને **'ઈશ્વરસ્ય વિધિં કાનુ'** તે શ્લોક પર્યન્તના તાત્પર્યને પ્રકટ કરનાર આ નામ છે. એમ જાણવું।।૧૨૭।।

જો કે સર્વ વસ્તુમાં સર્વ ઠેકાણે ઈશ્વર ઈચ્છા જ નિયામક થાય છે. તો પણ શાસ્ત્રનું જ્ઞાન થયું હોવા છતાં ભગવાનના જ્ઞાનમાં પણ પ્રવૃત્તિ કેમ થતી નથી ? તેનું સૂચન કરનાર નામ કહે છે :

## માયાપ્રવર્તકાય નમઃ ।।૧૨૮।।

માયાને પ્રવર્તાવનાર પ્રભુને નમન.

સર્વ પ્રાણીમાત્રને માયાનો મોહ હોવાથી ભગવાનના માર્ગમાં તેમની પ્રવૃત્તિ થતી નથી. **'યો દુર્વિમર્શપથયા'** જેના માર્ગનો વિચાર પણ ન થઈ શકે તેવી પોતાની માયા વડે સમગ્ર સૃષ્ટિને પ્રકટ કરીને તેમાં પ્રવેશ કરી સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ એમ ત્રણે ગુણોનો જે વિભાગ કરે છે, જેમની ક્રીડાના તન્ત્રરૂપ આ સંસારચક્રની ગતિને દુઃખથી પણ કોઈ જાણી શકતું નથી. એવા પરમેશ્વરને નમસ્કાર. એમ આ મૂલ ભાગવતના શ્લોકમાં દર્શાવ્યું છે. એ શ્લોકમાં જેનો માર્ગ સમજાય નહિ

તેવી જેમની માયા છે એમ કહ્યું છે તે માયાને પ્રવર્તાવનાર પ્રભુ વિના અન્ય કોણ હોઈ શકે ? તે આશય આ નામનો છે।।૧૨૮।।

## સર્વાભિવન્દિતચરણારવિન્દાય નમઃ ।।૧૨૯।।

સર્વથી અભિવન્દન કરાય છે ચરણારવિન્દ જેમના એવા ભગવાનને અભિવન્દન.

સર્વ બ્રહ્માદિક પ્રાણીમાત્ર જેમનાં ચરણમાં પ્રણામ કરે છે, એવું જેમનું અપરિમિત માહાત્મ્ય છે તેમને નમસ્કાર વિના બીજું કંઈ પણ થઈ શકે નહિ. કેમ કે પ્રાણીમાત્ર સર્વ તેમની માયાને આધીન રહેલાં છે એમ આ નામ જ્ઞાપન કરે છે।।૧૨૯

હવે પ્રૌઢલીલાના નામનો ઉપસંહાર કરે છે :

**એવં શ્રીકૃષ્ણનામાનિ પ્રૌઢલીલાવબોધને ।**
**કીર્તિસામ્યતિપુણ્યાનિ શતં વિંશતિરષ્ટ ચ ।।૧।।**

અર્થ : આ પ્રમાણે પ્રૌઢલીલાનું બોધન કરવામાં અર્થાત્ પ્રૌઢલીલાનો ઉપદેશ કરનારા, સમજાવનારાં શ્રીકૃષ્ણના ૧૨૮ પવિત્ર નામોને કીર્તન કર્યાં-કહ્યાં.

( આ શ્લોકમાં નામો ૧૨૮ જણાવ્યાં છે. પરન્તુ અનુક્રમથી ગણતાં એકસોને ઓગણત્રીસ ( ૧૨૯ ) થયાં છે. શા કારણથી એક નામ વધે છે તે સમજી શકાતું નથી. ટીકાકારે કાંઈ પણ ખુલાસો કર્યો નથી )

**।।ઈતિ પ્રૌઢલીલા નામાનિ।।**

# ।। અથ રાજલીલાનામાનિ ।।

રાજલીલાના નામોનો આરમ્ભ કરે છે :

**અતઃ પરં પ્રવક્ષ્યામિ રાજલીલામુપાશ્રિતઃ ।।**

**કૃતવાન્ યાનિ કર્માણિ તાનિ નામાનિ મુક્તયે ।।૧।।**

અર્થ : હવે પછી રાજલીલાનો આશ્રય કરીને શ્રીકૃષ્ણે જે-જે કર્મો કર્યાં તે-તે કર્મોને પ્રકાશ કરનારાં નામોને મુક્તિ પ્રાપ્ત કરવા માટે તે-તે અધિકારના ભેદથી આનન્દ મેળવવા માટે હું કથન કરું છું. ।।૧।।

પ્રથમ નામનો નિર્દેશ કરે છે :

**ક્ષાત્રધર્મપ્રવર્તકાય નમઃ ।।૧।।**

ક્ષત્રિયના ધર્મને પ્રવર્તાવિનાર પ્રભુને પ્રણામ.

અત્યાર સુધી ભગવાન્ પોતાના પ્રમેયબલથી જ સર્વ કાર્ય કરતા હતા. સાધનબલનો જરા પણ ઉપયોગ થતો નહિ. હવે તો રાજકીય લીલામાં પ્રવૃત્ત થયેલા છે માટે તે 'રાજલીલા' કહેવાય છે. તે રાજલીલા પ્રમાણરૂપા છે. માટે તેમાં સાધનની જ મુખ્યતા છે. રાજસભક્તોના નિરોધમાં પણ ભગવાનની કૃતિ એ જ સાધન છે, અન્ય સાધન સમજવાનું નથી. આ લીલામાં છ પ્રકારનાં કાર્ય કરવાના છે :

૧. ભૂમિનાં ભારનું હરણ
૨. સાધુ-સત્પુરુષોનું રક્ષણ
૩. દુષ્ટોનું નિકન્દન
૪. ભક્તિનું પ્રકાશન
૫. ધર્મનું પરિપાલન અને
૬. અધર્મનું નિવારણ.

આ બધાં કાર્યો કરવાને ભૂતલ ઉપર ભગવાન્ પધારેલાં છે. તે સર્વ કાર્યો કરવા માટે ક્ષત્રિય ધર્મની જ પરમ આવશ્યક્તા છે. માટે ભગવાને ક્ષત્રિય ધર્મનો અંગીકાર કરેલો છે. ઉપનયન થયા પછી સર્વ ધનુર્વિદ્યાનું અધ્યયન કરીને આપ મથુરામાં પધાર્યા તે પ્રસંગ પ્રૌઢલીલામાં આવી ગયો છે. તે ક્ષત્રિધર્મ ધારણ કર્યાનું સૂચન છે. તે ધર્મ સ્વીકારીને જ તેમણે તે-તે કાર્યો કરેલાં છે. મૂલમાં તે સર્વને માટે આ પ્રમાણે જણાવ્યું છે કે :

**''ચિન્તાયામાસ ભગવાન્ હરિઃ કારણમાનુષઃ,**
**તદ્દેશકાલાનુગુણં સ્વાવતારપ્રયોજનમ્,**
**એતદર્થોઽવતારોઽયં ભૂભારહરણાય મે,**

**સંરક્ષણાય સાધુનાં કૃતોઽન્યેષાં વધાય ચ''**

( ભા.દ.ઉ. ૬-૯ )

અર્થ: કારણવશાત્ મનુષ્યરૂપ પ્રકટ કરનાર ભગવાન્ શ્રીહરિ તે-તે દેશકાલને અનુકૂલ પોતાના અવતારના પ્રયોજનનો વિચાર કરવા લાગ્યા કે ભૂમિના ભારને હરણ કરવા, સત્પુરુષોનું સંરક્ષણ કરવા અને દુષ્ટોનો વધ કરવા માટે આ મારો અવતાર મેં લીધો છે. ।।૬-૯।।

પ્રથમ કહી ગયા તે રાજસલીલાનાં ૬ કાર્યો હતાં. પરન્તુ ભગવાનનો અવતાર થવામાં મુખ્ય ૪ હેતુઓ પણ છે. પૃથ્વીના ભારનું હરણ, સાધુઓનું સંરક્ષણ, દુષ્ટોનું નિવારણ, અને ભક્તિનું પ્રવર્તન એ ચારે પ્રધાનભૂત-મુખ્ય છે. તેમાં ભૂમિના ભારને નિરાકરણ કરવું-દૂર કરવું એ રાજસ છે, રક્ષા કરવી એ સાત્ત્વિક છે, દુષ્ટોનો નિગ્રહ એ તામસ અને ભક્તિની પ્રવૃત્તિ કરવી એ નિર્ગુણ છે. દુષ્ટોનો નાશ કરવાથી જ માત્ર પૃથ્વીનો ભાર દૂર થતો નથી કેમ કે પુનઃ પણ તેવા દુષ્ટો ઉત્પન્ન થઈ શકે છે. પરન્તુ પ્રભુએ તો તેમને હણીને ફરીથી તેવા ઉત્પન્ન ન થાય તેમ કર્યું. રક્ષા પણ થાય ભાર પણ દૂર થાય તથા ભક્તિનું સ્થાપન-સર્વત્ર પ્રવૃત્તિ પણ સારી રીતે થઈ શકે. એમ સર્વનો વિચાર કરેલો છે. એટલે જરાસન્ધની સાથે ક્ષત્રિધર્મ પ્રમાણે યુદ્ધ જ કરવું શ્રેષ્ઠ છે એમ આપે વિચાર્યું. અત્યાર સુધી કંસરાજાના સમયમાં યાદવોમાં ક્ષત્રિધર્મ લુપ્ત જ થઈ ગયો હતો. તેમનામાં તે ધર્મ લાવવાની અત્યન્ત આવશ્યક્તા હતી. માટે ભગવાને પોતે જ આગળ થઈને ક્ષત્રિધર્મને પ્રવર્તાવ્યો છે. 'અસ્તિ પ્રાપ્તિશ્ચ કંસસ્ય' એ શ્લોકથી આરમ્ભી 'વિરામાયાપ્યધર્મસ્ય' એ શ્લોક સુધીના આશયને જણાવનાર આ નામ છે. ।।૧।।

## દિવ્યયુદ્ધવિશારદાય નમઃ ।।૨।।

દિવ્ય યુદ્ધ કરવામાં ચતુર એવા શ્રીકૃષ્ણને નમસ્કાર.

દિવ્ય-અલૌકિક યુદ્ધમાં પ્રવીણ પ્રભુ છે. દિવ્ય આયુધો આકાશમાંથી ઉતરી આવ્યાં, તેમને ગ્રહણ કરી દિવ્ય યુદ્ધ કર્યું. ભાથામાંથી બાણો લેતાં તેમને સાંધતાં, ખેંચીને મૂકતામાં તો અસઙ્ખ્ય બની જતાં હતાં. અને પરિભ્રમણ કરતાં ચક્રની પેઠે સર્વત્ર વિદ્યમાન હોય તેવાં જણાતાં હતાં. તેથી હાથી-ઘોડા પાયદળ વગેરે સર્વસેનાનો સંહાર થઈ જતો હતો. યુદ્ધ ભૂમિમાં રુધિરની નદી વહન થવા લાગી. આ પ્રમાણે મનુષ્યથી ન થઈ શકે તેવું દિવ્ય યુદ્ધ જરાસન્ધ સાથે ભગવાને કર્યું. અને પોતાની યુદ્ધ પ્રવિણતા પ્રકટ કરી. પ્રભુને આવું યુદ્ધ પણ માત્ર ક્રીડારૂપ જ હતું તેથી જ તેને 'વિક્રીડિતં તજ્જગદીશયો' એમ મૂળમાં દર્શાવ્યું છે, એમ દર્શાવી ભગવાન્નું અક્લિષ્ટ કર્મ-કલેશ વિના સહજ રીતે થઈ શકે તેવું કર્મ છે એમ જ્ઞાપન કર્યું. 'એવં

**ધ્યાયતિ ગોવિન્દ**' ત્યાંથી આરમ્ભી '**નિર્જગ્મતુઃ સ્વાયુધાઢ્યૌ**' ત્યાં પર્યન્તનું આ નામ જાણવું ।।૨।।

## જરાસન્ધસમાનીતસૈન્યઘાતકાય નમઃ ।।૩।।

જરાસન્ધે આણેલાં સૈન્યોનો ઘાત કરનાર કૃષ્ણને નમન.

''તતોઽભૂત્ પરસૈન્યાનાં હૃદિ વિત્રાસવેપથુઃ'' ''ત્યાર પછી શત્રુઓની સેનાના હૃદયમાં પુષ્કળ ત્રાસ પામવાથી કમ્પારો થવા લાગ્યો'' ત્યાંથી આરમ્ભી ''અક્ષિણ્વં તદ્‌બલં સર્વં વૃષ્ણયઃ કૃષ્ણદેવતાઃ'' શ્રીકૃષ્ણ જેમના દેવતા છે એવા યાદવોએ જરાસન્ધના સર્વ સૈન્યનો નાશ કર્યો. એ શ્લોક પર્યન્તના આશયને સૂચવતું આ નામ છે ।।૩।।

## દ્વારકાપુરનિર્માણહેતવે નમઃ ।।૪।।

દ્વારકાપુરના નિર્માણ કરવાના કારણરૂપ શ્રીકૃષ્ણ પ્રભુને પ્રણામ.

''**તં દૃષ્ટ્વાચિન્તયત્કૃષ્ણઃ**'' ત્યાંથી આરમ્ભી ''**સર્વં પ્રત્યર્પયામાસુર્હરિં ભૂમિગતં નૃપ**'' ત્યાં સુધી એટલે ભા.ઉ.અ.૫૦માંના ૪૬-૫૭ શ્લોક પર્યન્ત કાલયવન અને જરાસન્ધના ત્રાસથી પ્રજાને પીડા પામતી જોઈને સમુદ્રમાં બાર યોજન વિસ્તારવાળું મહાન કિલ્લાવાળું દેવતાઓએ આપેલી સર્વ સમૃદ્ધિઓથી ભરેલું સુન્દર દ્વારકા નગર ભગવાને નિર્માણ કર્યું; એમ વર્ણવેલું છે. તેના આશયને દર્શાવનાર આ નામ છે ।।૪।।

## ભક્તાચિન્ત્યસુખદાત્રે નમઃ ।।૫।।

ભક્તોને અચિન્ત્ય સુખનું દાન કરનાર ભગવાનને વન્દન.

ભક્તજનો યાદવો શત્રુઓથી ઉત્પન્ન થયેલા ભયને લીધે અત્યન્ત આકુળ-વ્યાકુળ થવા લાગ્યા. તેમનાં ત્રાસને દૂર કરવા માટે એક જ રાત્રિમાં સમુદ્ર મધ્યે ભવ્ય અને દિવ્ય નગર કરી તેમને તેમાં નિવાસ કરાવી અત્યન્ત સુખ આપ્યું કે જેનો મનથી પણ વિચાર થઈ શકે નહિ. જાણે સાક્ષાત્ વૈકુણ્ઠમાં જ નિવાસ કરતા હોય તેમ તે સર્વ પ્રજાજનો તે નગરમાં નિવાસ કરીને પરમ સુખી થવા લાગ્યા. આ નામ ''**તત્ર યોગ પ્રભાવેણ નીત્વા સર્વજનં હરિ**'' એ શ્લોકના ભાવને પ્રગટ કરનાર નામ જાણવું ।।૫।।

## યવનાન્તકાય નમઃ ।।૬।।

કાલયવનનો અન્ત કરનાર વિભુને અભિવન્દન.

ગુફામાં પ્રવેશ કરી કાલયવનનો નાશ કર્યો-તેને ભસ્મીભૂત કર્યો તેનું સૂચન કરે છે. ''**તં વિલોક્ય વિનિકાન્તમ્**'' ત્યાંથી આરમ્ભી ''**દેહજેનાગ્નિના દગ્ધો ભસ્મસાદભવત્ ક્ષણાત્**'' એ શ્લોકોના તાત્પર્યને પ્રકટ કરનાર આ છે. નિરપરાધી

મુચુકુન્દને ઢોંગ કરી સૂતેલા આ કૃષ્ણ છે એમ સમજી લાત મારી, તેથી જાગ્રત થઈ સૂતેલા ઉઠીને દિશાઓનું અવલોકન કરતાં તેમણે કાલયવનને જોયો. પોતાના ક્રોધથી તેના શરીરમાં રહેલો અગ્નિ જેમ બહારના અગ્નિના સ્પર્શથી પ્રકટ થાય તેમ પ્રકટ થયો, અને કાલયવન ક્ષણવારમાં ભસ્મીભૂત થઈ ગયો. પ્રભુની ઈચ્છાથી જ મુચુકુન્દ દ્વારા તેનો નાશ થયો છે. ।।૬।।

## મુચુકુન્દપ્રસાદકાય નમ ।।૭।।

મુચુકુન્દ ઉપર અનુગ્રહ કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર.

કાલયવનનો નાશ થયા પછી ભગવાને પોતાનું દર્શન મુચુકુન્દને આપ્યું. પ્રભુના દર્શનથી પ્રસન્ન થઈ તેણે તેમની સ્તુતિ કરી. પ્રભુએ તેને વરપ્રદાન કરીને તમે મને પ્રાપ્ત થશો, એમ જણાવ્યું. ભગવાન્‌ના મહામનોહર સ્વરૂપનાં દર્શન કરી ગર્ગમુનિનાં વચનોને સ્મરણ કરીને મુચુકુન્દ બહુ જ પ્રસન્ન થયો. તે પ્રસન્ન થવા રૂપ અનુગ્રહ પ્રભુએ જ કરેલો છે. ''**કો નામ સ પુમાન્ બ્રહ્મન્**'' એ શ્લોકથી આરમ્ભી ''**ત્વં વૈ મામુપેષ્યસિ કેવલમ્**'' ત્યાં પર્યન્ત શ્લોકનાં આશયને જણાવનાર આ નામ છે. ।।૭।।

## સર્વદેવતામનોરથપૂરકાય નમઃ ।।૮।।

સર્વ દેવોના મનોરથ પૂર્ણ કરનાર શ્રીકૃષ્ણને નમન.

ભગવાને કાલયવનનો વિનાશ કરીને તેના મ્લેચ્છ સૈન્યોનો પણ નાશ કર્યો. તથા તેમનું સર્વ ધન દ્વારકામાં મોકલાવી દીધું. આ પ્રમાણે તામસ-મ્લેચ્છોનો નાશ કરી સર્વ દેવોના મનોરથને પૂરણ કર્યા. ''**શિવબ્રાહ્મણવાક્ય પરિપાલકાય નમઃ**'' આ નામ પ્રથમ છે અને ત્યાર પછી ''**સર્વ દેવતામનોરથપૂરકાય નમઃ**'' એવું નામ આવે છે. પરન્તુ સુબોધિનીજીના આરમ્ભમાં તેનો ક્રમ એવો નથી. શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુ શ્રીમદાચાર્યચરણે જેવી રીતે આજ્ઞા કરેલી છે તે પ્રમાણે જ અહિં ક્રમ લીધો છે. પ્રથમ સર્વ મ્લેચ્છોનો વિનાશ કરી દેવોને પ્રસન્ન કર્યા. ત્યાર પછી જરાસન્ધ આવ્યો. અને શ્રીકૃષ્ણે પલાયન-નાસવા માંડ્યું. તેના કારણમાં ''**શિવબ્રાહ્મણવાક્ય પરિપાલકાય નમઃ**'' એ નામ આપવામાં આવેલું છે. તેથી એવી રીતે ક્રમ લેવો એ જ યોગ્ય છે. ।।૮।।

સમર્થ ઈશ્વર હોવા છતાં તેમણે જરાસન્ધથી પલાયન કેમ કર્યું ? તેનું કારણ દર્શાવતું નામ કહે છે :

## શિવબ્રાહ્મણવાક્ય પરિપાલકાય નમઃ ।।૯।।

શિવ અને બ્રાહ્મણોના વાક્યોને પરિપાલન કરનાર શ્રીકૃષ્ણને પ્રણામ.

સત્તરવાર જરાસન્ધ હાર્યો. ત્યારે શંકરને પ્રસન્ન કરવા મોટું તપ કર્યું. એટલે ભગવાન્ શંકરે પ્રસન્ન થઈ તેને બ્રાહ્મણોનું સેવન કરવાનું સૂચન કર્યું. કેમ કે બ્રાહ્મણ ભક્ત શ્રીકૃષ્ણ બ્રાહ્મણોની વાણીને મિથ્યા નહિ કરે. ત્યારે જરાસન્ધે પોતાને ઘેર આવી બ્રાહ્મણોને બોલાવી પોતાના સિંહાસન ઉપર વિરાજમાન કર્યા. તેથી પ્રસન્ન થયેલા બ્રાહ્મણોએ તેને સિંહાસન પણ પાછું આપ્યું અને વરદાન આપ્યું કે તું શત્રુને જીતીશ તથા ત્રણ લોકમાં તું કોઈ દિવસ પણ પરાજય નહિ પામે. આમ શંકર તથા બ્રાહ્મણોના આશીર્વાદને મેળવી ૧૮મી વાર યાદવો સામે યુદ્ધ કરવા ૧૮ અક્ષૌહિણી સેના લઈને આવ્યો. ભગવાન્ બ્રહ્મણ્યદેવ છે. શંકર પણ પોતાના ભક્ત છે, તેમનાં વચનનું પાલન કરવું જોઈએ. તેથી જરાસન્ધની સાથે ૧૮મી વાર યુદ્ધ ન કરતાં પલાયન કર્યું. પ્રભુને ભય તો હોય જ નહિ. માટે જરાસન્ધના ભયથી તો નાઠા જ નથી. એ રહસ્યને દર્શાવનાર આ નામ છે.

આ કથા ભાગવતમાં નથી પુરાણાન્તરમાં છે. તો તેવું પુરાણાન્તર પ્રકરણનું નામ અહિં શા માટે મૂકવું જોઈએ ? તેનું સમાધાન કરે છે. સત્તરવાર જરાસન્ધની સાથે વિજય મેળવનાર સર્વ સમર્થ શ્રીકૃષ્ણને અઢારમી વખત વિજય મેળવવો અશક્ય નથી જ. એમ છતાં તેમ કર્યું-પલાયન કર્યું અને જરાસન્ધને વિજય અપાવ્યો. તેનું કારણ શિવ અને બ્રાહ્મણોના વચનનું પાલન કરવા માટે જ. ભલે તેનું ભાગવતમાં સ્પષ્ટ સૂચન કર્યું નથી, પણ દિગદર્શન તો કરેલું જ છે. તેમના વાક્યનું પાલન કરીને તેમના ઉપર પણ અનુગ્રહ કરેલો છે. એમ કરવાથી શિવ અને બ્રાહ્મણો નો પણ નિરોધ પ્રભુમાં સિદ્ધ થયો છે. તેમનાં મન પ્રભુમાં વિશેષ સંલગ્ન થયાં છે. આ નામ ''**નીયમાને ધને ગોભિઃ આજણામ જરાસન્ધઃ**'' ત્યાંથી આરમ્ભી ''**અન્વધાવદ્રથાનીકૈરીશયોરપ્રમાણવિત્**'' ત્યાં સુધીના શ્લોકોના આશયને વ્યક્ત કરનાર છે. ।।૯।।

## દૈત્યમોહનચરિત્રાય નમઃ ।।૧૦।।

દૈત્યને મોહ ઉત્પન્ન કરાવે તેવા ચરિત્રવાન ભગવાનને અભિવન્દન.

પલાયન કરતાં-કરતાં મોટા ગિરિ ઉપર બલદેવ અને શ્રીકૃષ્ણ ચઢી ગયા. તે પર્વતને ચારે તરફ કાષ્ટ ખડકી બાળી દેવામાં આવતાં, જરાસન્ધે તેઓ બળી ગયા હોવા જોઈએ એમ વૃથા માન્ય કરી સેના સહિત વિદાય થઈ ગયો. આ પ્રમાણે દૈત્યને મોહ ઉપજાવનારું જેમનું ચરિત્ર છે. આ પર્વતનું નામ પ્રવર્ષણ હતું. ભગવાન્ તેના ઉપર નિરન્તર અત્યન્ત વૃષ્ટિ કરતા. મેઘવૃષ્ટિ તો કોઈ વખત ક્વચિત્ થાય. પરન્તુ પ્રભુની વૃષ્ટિ તો નિરન્તર આ પર્વત ઉપર થઈ હતી. પર્વતોના અધિષ્ઠાતા ભગવાન્ વિષ્ણુ છે. 'પર્વતાનામધિપતિ' એમ શ્રુતિ છે. માટે પોતે જ તેમાં વર્ષણ કરતા. એમ

પ્રભુ વૃષ્ટિ કરે છે તેથી જ સૃષ્ટિમાં જલવૃષ્ટિ થઈ રહી છે. આ પ્રમાણે પ્રભુ વૃષ્ટિ ન કરે તો સૃષ્ટિમાં મેઘવૃષ્ટિ થાય જ નહિ. વળી આ પ્રવર્ષણ પર્વત ઉપર ઠંડી ઘણી જ પડતી હતી કેમ કે તે નિરન્તર મેઘથી આચ્છાદિત રહેતો હતો. એટલે સૂર્યનો અને અગ્નિનો સમ્બન્ધ જ ન થતો. તેણે પ્રભુને વિનન્તિ કરી પોતાની શીતળતા દૂર કરવાનું નિવેદન કર્યું. ભગવાન્ તેનું પ્રિય કરવા તે પર્વત ઉપર ચઢ્યા અને તેના શૈત્યનું-ઠંડીનું નિવારણ કર્યું. આવું ભગવાન્‌નું ચરિત્ર અત્યન્ત અદ્‌ભુત છે. તેમાં દૈત્ય જરાસન્ધ વગેરે મોહ પામી જાય તેમાં આશ્ચર્ય શું છે ? ।।૧૦।।

## રુક્મિણીમનોરથપૂરકાય નમઃ ।।૧૧।।

રુક્મિણીના મનોરથને પૂર્ણ કરનાર વિભુને વન્દન.

વિદર્ભરાજ ભીષ્મકની કન્યા રુક્મિણી ભગવાન્‌ના રૂપ-ગુણો નારદજી દ્વારા સાંભળીને તેમની કામના કરવા લાગ્યાં અને પત્ર આપી બ્રાહ્મણને દૂત તરીકે ત્યાં મોકલ્યો. પ્રભુએ બ્રાહ્મણ દ્વારા સ્નેહરૂપ સન્દેશાને ધ્યાનમાં લઈને પોતે વિદર્ભ નગરમાં પધારી તેના મનોરથને પૂર્ણ કર્યો. પ્રભુનું આગમન સાંભળી રુક્મિણી પ્રસન્ન થઈ ગયાં. તેનું સૂચક આ નામ છે.

## રુક્મિણીગાન્ધર્વવિવાહાય નમઃ ।।૧૨।।

રુક્મિણીએ ગાન્ધર્વ વિવાહ કર્યો છે જેમનો એવા શ્રીકૃષ્ણને નમસ્કાર.

રુક્મિણીએ પોતાની ઈચ્છાથી ( પત્રમાં લખ્યું હતું કે હું તો આપને વરેલી જ છું, વળી પોતાનો શ્રીહસ્ત એમના શ્રીહસ્તમાં આપીને જ રથ ઉપર વિરાજમાન થયા હતા ) જ જેમની સાથે ગાન્ધર્વ વિવાહ કરેલો છે. અથવા રુક્મિણી સાથે તેમની ઈચ્છાથી ગાન્ધર્વ વિવાહ કરનાર પ્રભુ છે ''**કન્યા ચાન્તઃ પુરાત પ્રાગત્**'' એ શ્લોકથી આરમ્ભી ''**તાં રાજકન્યા રથમારુરુક્ષતિ જહાર કૃષ્ણ**'' આ શ્લોક પર્યન્તના કન્યા અન્તઃપુરમાંથી યોદ્ધા વડે રક્ષણ કરતાં બહાર નિકળ્યાં, અમ્બિકાલયમાં જઈ દેવીનું પૂજન કરી મુકુન્દના ચરણારવિન્દનું ધ્યાન ધરતાં, રથ ઉપર ચઢવાની ઈચ્છા કરનારા તે રાજકન્યાનું શ્રીકૃષ્ણે હરણ કર્યું તે અર્થનું સમર્થન કરનાર આ નામ છે. ।।૧૨।।

## રુક્મિણીપ્રાણપતયે નમઃ ।।૧૩।।

રુક્મિણીના પ્રાણોના પતિ શ્રીકૃષ્ણને નમન.

પ્રથમ રુક્મિણીએ સન્દેશો મોકલ્યો ત્યારે એમ વિનન્તિ કરી હતી કે આપનો પ્રસાદ-અનુગ્રહ મારા ઉપર નહિ થાય-આપ મારો અંગીકાર નહિ કરો તો મારા પ્રાણોનો ત્યાગ કરીશ. ભગવાન્ તેમનો સ્વીકાર કરીને પ્રાણોના રક્ષક પતિ થયા. વળી હરણ કર્યા પછી શિશુપાલના પક્ષના રાજાઓએ કર્યું ત્યારે પણ રુક્મિણીના પ્રાણો ગભરાવા લાગ્યા. યુદ્ધ જોઈને જ તેમના પ્રાણોની સ્થિતિ રહી ન શકી.

ભગવાને તે સમયે પણ તેમના પ્રાણોનું પતિત્ત્વ સમ્પાદન કર્યું-ત્યાં પણ તેમનું રક્ષણ કર્યું. પતિના સૈન્યને શત્રુઓના બાણોથી આચ્છાદિત થયેલું જોઈને ભયથી વિહ્વલ બની જઈ લજ્જિત થઈ પ્રભુના વદનને જોવા લાગ્યાં. ત્યારે ભગવાન્ હાસ્ય કરી બોલ્યા : હે વામલોચન ! હમણાં જ આપણા શત્રુઓનું બલ નાશ પામી જશે તમે જરા પણ ભય ન પામો. ''**મા સ્મ ભૈર્વામલોચને**'' ભગવદીયોને ભય હોતો જ નથી. તેમાંયે ભગવદીય સ્ત્રી એ તો કોઈનો જ ભય રાખે નહિ. કારણ કે તેનું વામલોચન-વાકુ નેત્ર થતાં જ પુરુષ જીતાય તો તેને ભય શો ? તમારી આ મનોહર દષ્ટિ છે તેથી જ તેમનો નાશ થઈ જશે. અરે તમારી દષ્ટિથી જ તેમનો નાશ થશે. એમ વિનોદ કરીને પ્રભુએ તેમના ભયને દૂર કર્યો છે. ।।૧૩।।

## રુક્મિપ્રભૃતિદુષ્ટમાનસદુઃખદાય નમઃ ।।૧૪।।

રુક્મિ વગેરે દુષ્ટોના મનને દુઃખ આપનાર પ્રભુને પ્રણામ.

આ પ્રકરણમાં રુક્મિ મુખ્ય છે. માટે તેને પ્રથમ મૂકી પછી અન્યનું નિરૂપણ કરે છે. અન્યમાં શિશુપાલ જરાસન્ધ વગેરે સમજવા. તેમના મનને પરાજય આપીને દુઃખ આપનાર તેમની માનહાનિ કરનાર-પ્રભુ થયાં. ''**ભો ભો પુરુષ શાર્દૂલ દૌર્મનસ્યમિદં ત્યજે**'' હે પુરુષસિંહ શિશુપાલ ! તું તારા મનનું દુઃખ વિસારી દે. એવી રીતે જરાસન્ધાદિકોએ શિશુપાલને ઉપદેશ કર્યો તે તથા રુક્મિએ પોતાના શત્રુ શ્રીકૃષ્ણે પોતાની બહેન રુક્મિણીના રાક્ષસવિધિએ હરણ કરીને વિવાહ કર્યો જાણીને તેમની પાછળ જઈ મહાન યુદ્ધ કર્યું. પરન્તુ પૂર્ણ પરાભવ પામી વિરૂપ બની પ્રતિજ્ઞા ભંગ થવાથી ભોજકટ નગર કરીને તેમાં નિવાસ કરવા લાગ્યો. વગેરે મૂલના આશયને સૂચન કરનાર આ નામ છે. ।।૧૪।।

ભગવાને રુક્મિણીને દ્વારકા લાવી વિધિપૂર્વક વિવાહ કર્યો. તેને દ્યોતન કરનાર નામ કહે છે :

## રુક્મિણીવિવાહપ્રદર્શિતગૃહસ્થધર્માય નમઃ ।।૧૫।।

રુક્મિણીનો વિવાહ કરીને ગૃહસ્થ ધર્મને દર્શાવનાર રુક્મિણીપતિને વન્દન.

પ્રથમ હરણ કરીને રાક્ષસ વિધિએ વિવાહ કર્યો પછી રથ ઉપર આરોહણ કરતી વખતે પાણિગ્રહણ કરી ગાન્ધર્વ વિવાહ કર્યો. તથા દ્વારકામાં શાસ્ત્રવિધિ પ્રમાણે વિવાહ ન કરે તો પોતાના વંશમાં સર્વત્ર ધર્મનો ઉચ્છેદ થાય. ''**યદ્યદાચરતિ શ્રેષ્ઠસ્તત્તદેવેતરો જનઃ**'' જે શ્રેષ્ઠ મુખ્ય જન આચરણ કરે તેવું જ આચરણ અન્યજનો કરે છે. એવો સ્મૃતિ નિયમ લાગુ પડી જાય. અને ધર્મનું સ્થાપન કરવા પધારેલા પોતે જ વિપરીત કરનાર બને. માટે વેદોક્ત વિધિએ તૃતીયવિવાહ રુક્મિણી સાથે કર્યો. અને પોતાના તેમ સર્વત્ર ગૃહસ્થધર્મનો સદાચાર દર્શાવ્યો. ।।૧૫।।

## ત્રિવિધવિવાહકર્ત્રે નમઃ ||૧૬||

ત્રણ પ્રકારે વિવાહ કરનાર રુક્મિણી વલ્લભને અભિનન્દન.

ભગવાન્ ભીષ્મકની પુત્રી રુક્મિણીને મહાન મહીપાલોને જીતીને નગરમાં લાવી વિધિ પ્રમાણે પરણ્યા. તે સમયે દ્વારકામાં લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણને રુક્મિણી સહિત નિરખી સર્વ પ્રજાઓ પ્રસન્ન થઈ ગઈ. તે મૂલના આશયને આ નામ જણાવે છે. ||૧૬||

અહિં સુધીમાં ઉત્તરાર્ધના પાંચ અધ્યાય પૂરા થાય છે. છઠ્ઠા અધ્યાયનાં નામ નિરૂપણ કરે છે :

## કામજનકાય નમઃ ||૧૭||

કામને ઉત્પન્ન કરનાર કામપિતાને નમન.

પ્રભુએ જ્યારે ભાર્યાનો સ્વીકાર કર્યો ત્યારે પુત્રનો સ્વીકાર પણ આવશ્યક જ છે. તે પુત્ર પ્રાકૃત નહિ થાય, એમાં સન્દેહ છે જ નહિ, કેમ કે પ્રથમ શંકરે બાળી દીધેલા વસુદેવાંશરૂપ કામની ઉત્પત્તિને કરવી યોગ્ય છે તેથી તેના જનક-ઉત્પન્ન કરનાર-પિતા આપ થયા. ''**આત્મા વૈ જાયતે પુત્ર**'' એ પ્રમાણે પોતાનો અંશ જ પોતાના વીર્યથી આપે પ્રકટ કર્યા તેથી આ પુત્ર સાધારણ જીવભૂત છે એમ નહિ, પણ પોતાના અંશભૂત જ છે. સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે: ભગવાન્નું વીર્ય ક્રિયાશક્તિ રૂપ છે. અન્નથી ઉત્પન્ન થયેલું નહિ. ક્રિયાશક્તિ સન્દેશની અપેક્ષા રાખે છે. પોતે કામ ચિદ્રૂપ છે. અને રુક્મિણીના અંશ સમ્બન્ધે તેમાં આનન્દાંશ આવેલો છે. એમ સત્ચિદ્ આનન્દાંશ કામમાં પ્રકટ થયા છે. તેથી આ કામ સચ્ચિદાનન્દાંશ હોવાથી સામાન્ય જીવ પ્રમાણે તેની તુલના થતી નથી. સર્વ રીતે પોતાના પિતા શ્રીકૃષ્ણના સમાન જ-અંશે કરીને જરાયે ન્યૂન નહિ તેવા છે. ''**ઈદં તુ વાસુદેવાંશ**'' ત્યાંથી આરમ્ભી ''**પ્રદ્યુમ્ન ઈતિ વિખ્યાતઃ**'' તે શ્લોક પર્યન્તના ભાવને આ નામ જણાવે છે. ||૧૭||

## શમ્બરઘાતકપ્રદ્યુમ્નાય નમઃ ||૧૮||

શમ્બરાસુરનો ઘાત કરનાર પ્રદ્યુમ્નને નમસ્કાર.

શમ્બરાસુરે પોતાનો પૂર્વ વૈરી આ કામદેવ છે એમ જાણી પ્રસૂતિ પછી દશ દિવસમાં જ ઉંચકી સમુદ્રમાં ફેંકી દીધો. તેને એક મહામચ્છ ગળી ગયો. ત્યાંથી માછીમારોએ જાળમાં પકડી શમ્બરાસુરને જ નિવેદન કરતાં તેણે પોતાની પાક કરનારી માયાવતીને આપ્યો. શસ્ત્રથી છેદ કરતાં તેમાંથી સુન્દર બાળકને નીરખી તે અત્યન્ત વિસ્મય પામી. પછી નારદજી દ્વારા માયાવતી-પૂર્વ જન્મની કામની સ્ત્રી રતિએ તેને પોતાનો પતિ જાણીને પાલન કર્યું. થોડા જ કાલમાં મહામનોહર

નવયૌવન પામેલ, પોતાના પ્રિયને જોઈ માયાવતીએ સર્વ માયારૂપ વિદ્યાઓ તેને ભણાવી. યુદ્ધ યોગ્ય થયેલા પ્રદ્યુમ્ને શમ્બરાસુરને માર્યો. બન્ને દમ્પતી દ્વારકા નગરમાં આવીને સર્વને આનન્દ આપવા લાગ્યા. વગેરે મૂલના આશયને સૂચન કરતું આ નામ છે એમ જાણવું. શમ્બરાસુરનો ઘાત કરનાર અને સર્વને પ્રકૃષ્ટ-ઉત્તમ રીતે આનન્દ આપનાર તે પ્રભુ છે. ||૧૮||

સપ્તમાધ્યાયનાં નામ કહે છે :

## જામ્બવતીપ્રાણપતયે નમઃ ||૧૯||

જામ્બવતીના પ્રાણોના પતિને પ્રણામ.

જામ્બવતીને તેના પિતા જામ્બૂવાને શ્રીકૃષ્ણને આધીન કરી, તેણે પણ પ્રભુને નિરખી તેમને સર્વ સમર્પણ કર્યું. માટે તેના પ્રાણોના પતિ થયા. એટલે જામ્બવતી પ્રાણપતિ એમ કહ્યું. ''ઈત્યુક્તઃ સ્વાં દુહિતરં કન્યાં જામ્બવતીં મુદા'' એ શ્લોકના આશયને દર્શાવનાર આ નામ છે. ||૧૯||

મણિ આણવાના કારણને જણાવનાર નામ કહે છે :

## લોકનિર્મિતસર્વાર્થજ્ઞાપકાય નમઃ ||૨૦||

લોકોએ નિર્માણ કરેલા સર્વ અર્થનું જ્ઞાપન કરનાર શ્રીકૃષ્ણને વન્દન.

લોકોએ નિર્માણ કરેલા અર્થાત્ અનુમાનથી કલ્પના કરેલા વાસ્તવિક રીતે જોતાં મિથ્યાભૂત સર્વ અર્થોને જ્ઞાપન કરનાર પ્રભુ છે. ''**દિને દિને સ્વર્ણ ભારાનષ્ટૌ સ સૃજતિ પ્રભો**'' ત્યાંથી આરમ્ભી ''**સત્રાજિતં સમાહૂય... મણિ તસ્મૈ ન્યવેદયત્**'' ત્યાં સુધીની કથાના પ્રસંગને અનુસરતું આ નામ છે. પ્રત્યેક દિવસે સ્યમન્તક નામનો મણિ આઠભાર સુવર્ણ આપતો. એક દિવસે પ્રભુએ ઉગ્રસેન રાજા માટે મણિની માગણી કરી, પરન્તુ દ્રવ્ય લોભી સત્રાજિતે તે મણિ આપ્યો નહિ. સત્રાજિતના ભાઈએ મણિને કંઠમાં ધારણ કરી વનમાં જતાં માર્ગમાં સિંહે તેનો નાશ કર્યો. તે સિંહને જામ્બવાને માર્યો. પરન્તુ સત્રાજિતે સર્વત્ર પોતાના ભાઈને શ્રીકૃષ્ણે માર્યો એમ મિથ્યા પ્રસિદ્ધ કર્યું. એટલે શ્રીકૃષ્ણે મણિની શોધ કરતાં જામ્બવાનની સાથે મહાન યુદ્ધ કરી જામ્બવતી સહિત મણિને પ્રાપ્ત કરી સભામાં સત્રાજિતને બોલાવી તેને મણિ આપી દીધો. એમ સર્વ અર્થનું જ્ઞાપન આપે કર્યું. ||૨૦||

## સત્યભામાવલ્લભાય નમઃ ||૨૧||

સત્યભામાના વલ્લભ શ્રીદ્વારકાધીશ પ્રભુને અભિવન્દન.

સત્ય વડે જ ભાસમાન થતી સત્યરૂપા અને કાન્તિરૂપા એવી સત્યભામાના વલ્લભ-પ્રિયતમ અથવા સત્ય વડે જેના શીલ ઉદારતા વગેરે હૃદય-ઈન્દ્રિયો-શરીરના ગુણો ભાસમાન થતા હતા. તેવી સર્વ ગુણયુક્ત સત્યભામાના વલ્લભ-પ્રિય શ્રીકૃષ્ણ

છે. ''**સ ચાતિ વ્રીડિતો રત્નમ્**'' ત્યાંથી આરમ્ભી ''**તાં સત્યભામાં ભગવાનુપયેમે યથાવિધિઃ**'' તે શ્લોક પર્યન્તના આશયને જણાવનાર આ નામ છે।।૨૧।।

## સત્રાજિત્સ્વર્ગહિતવે નમઃ ।।૨૨।।

સત્રાજિતને સ્વર્ગના કારણરૂપ કૃષ્ણને નમન.

જો કે આ સત્રાજિત નિરોધનો અધિકારી હતો. પણ અન્યદેવમાં તેની બુદ્ધિ થયેલી હોવાથી તેને નિરોધની સિદ્ધિ થઈ નહિ. તે દેહનો ત્યાગ કરી મણિ દ્વારા ભક્તરાજ અક્રૂરજીના અન્તરમાં વિરાજમાન રહેલો ભગવાન્‌ના ચરણારવિન્દરૂપ વારાણસી વગેરે તીર્થોમાં નિરોધ પ્રાપ્ત કરશે. પ્રભુએ તે જ પ્રમાણે એની વ્યવસ્થા કરેલી હોવાથી તેના હેતુરૂપ પોતે થયા છે. ''**એવં ભિન્નમતિઃ શયાનમ્ અવધીદ્**'' એ શ્લોકના તાત્પર્ય રૂપ આ નામ છે. ।।૨૨।।

## સ્યમન્તકમણિહર્ત્રે નમઃ ।।૨૩।।

સ્યમન્તકમણિનું હરણ કરનાર શ્રીહરિને નમસ્કાર.

જો મણિ સત્રાજિત પાસે રહે તો તેનો અન્ય સમ્બન્ધ પણ રહે જ એટલે નિરોધ સિદ્ધિ થાય જ નહિ. માટે મણિનું હરણ કરવારૂપ ચરિત્ર પોતાની ઈચ્છાથી જ થયેલું છે. તેથી તે મણિ હરનાર પ્રભુ છે.

**''સ્ત્રીણાં વિક્રોશમાનાનાં ક્રન્દતીનામનાથવત્**
**હત્વા પશૂન્ શૌનિકવન્મણિમાદાય જગ્મિવાન્''**

અનાથની પેઠે આક્રન્દ કરતી રુદન કરતી સ્ત્રીઓને મારીને પશુઓનો નાશ કરીને તેના માંસનું વેચાણ કરનાર કસાઈના જેવો ક્રૂર શતધન્વા મણિ લઈ નાસી ગયો'' એ શ્લોકના આશયને સૂચવનારું આ નામ છે. ।।૨૩।।

## શુદ્ધકીર્તિસ્થાપકાય નમઃ ।।૨૪।।

શુદ્ધ કીર્તિનું સ્થાપન કરનાર પુણ્યશ્લોક પ્રભુને પ્રણામ.

મણિને પ્રકટ કરીને-તેનું સ્થાપન કરીને ભક્તજનોમાં પોતાની શુદ્ધ-પવિત્ર કીર્તિનું પ્રભુએ સ્થાપન કર્યું. '**ઈત્થં ગોપદિતંત્યેક**' ત્યાંથી આરમ્ભી '**તત્સુતઃ તત્પ્રભાવો અસૌ**' તે શ્લોક સુધીના આશયને જણાવનાર આ નામ છે. ।।૨૪।।

## અક્રૂરાદિભક્તદોષનિવારકાય નમઃ ।।૨૫।।

અક્રૂર આદિ ભક્તોના દોષને દૂર કરનાર વાસુદેવને અભિવન્દન.

મણિ પોતાને ત્યાં હતો. માટે અક્રૂરજી પ્રભુનો અપરાધ થયો જાણી દ્વારકામાંથી પલાયન કરી ગયા. શ્રીકૃષ્ણે તેમને દૂત દ્વારા બોલાવી મણિ સભામાં દર્શાવવાની માગણી કરી. અક્રૂરજી પ્રભુની આજ્ઞા પ્રમાણે આવી મણિ સભામાં દર્શાવે

નહિ તો તે મહાન દોષવાન થાય. કૃતવર્મા પણ તેમાં સપડાય છે. એ બન્ને જણા અને તેમનો સમ્બન્ધ ધરાવનાર સર્વ પણ પોતાના ભક્ત જ છે. માટે તે બધાને દોષમુક્ત કરવાને અક્રૂરજી દ્વારા સભામાં મણિનું દર્શન કરાવ્યું. અને તે મણિ અક્રૂરજીને સ્વાધીન કર્યો. ભક્તોનાં દુઃખો પ્રભુથી સહન થતા નથી. માટે તેને બોલાવીને તેના દોષને દૂર કરેલ છે. વળી ભગવાન્ ઉપર મણિ હરણ કરવાની અપકીર્તિ થયેલી છે. અક્રૂરજી દ્વારા પોતાના પર થયેલા સન્દેહને પણ પ્રભુએ દૂર કરેલો છે. પ્રભુના અપવાદના કારણરૂપ અક્રૂરજી થાય તે પણ તેમનો મહાન દોષ ગણાય. તે દોષ તેમનો દૂર કર્યો. વગેરે તાત્પર્ય આ નામમાં રહેલું છે. ।।૨૫।।

હવે ઉત્તરાર્ધના નવમા અધ્યાયનાં નામો કહે છે. અત્યાર સુધીમાં ત્રિગુણરૂપ ત્રણ વિવાહો નિરૂપણ કર્યાં. રુક્મિણી વિવાહ રાજપ્રકરણીય હોવાથી રાજસ છે. સત્યભામાનો વિવાહ તામસી તથા જામ્બવની વિવાહનો પ્રસંગ સાત્ત્વિકી છે. આગળ પંચ વિદ્યારૂપ પંચ વિવાહનું નિરૂપણ કરે છે :

## કાલિન્દીપતયે નમઃ ।।૨૬।।

કાલિન્દીના પતિ ભગવાનને વન્દન.

અર્જુન સાથે રથ ઉપર વિરાજમાન થઈ વનમાં પર્યટન કરતાં શ્રીયમુનાજીના તટે તપશ્ચર્યા કરતાં કુમારી કાલિન્દીને નિરખી અર્જુન દ્વારા તેમને પ્રાપ્ત કરી રથ ઉપર બેસાડી ધર્મરાજાની પાસે હસ્તીનાપુરમાં પ્રવેશ કર્યો. ત્યાં સુધીની કથા ભાગનું સૂચક આ નામ છે. ।।૨૬।।

## પાણ્ડવરાજ્યસ્થાપકાય નમઃ ।।૨૭।।

પાણ્ડવોના રાજ્યને સ્થાપન કરનાર અર્જુન સખા પ્રભુને નમસ્કાર.

અત્યન્ત આશ્ચર્યકારક સુન્દર ઇન્દ્રપ્રસ્થ નામનું નગર દિવ્યસભા વગેરે નિર્માણ કરાવી પાણ્ડવોને રાજ્ય ઉપર સારી સ્થિર કરી આપ દ્વારકામાં પધાર્યા. વગેરે ભાવ સૂચક આ નામ છે. ।।૨૭।।

## મિત્રવિન્દાપતયે નમઃ ।।૨૮।।

મિત્રવિન્દાના પતિને નમન.

વિન્દ અને અનુવિન્દની બહેન મિત્રવિન્દા પોતાના પર આસક્ત હતી. તેવા ભાવને જાણી સર્વ રાજાઓની સમક્ષ શ્રીકૃષ્ણે તેનું હરણ કર્યું. પોતે તેના પતિ થયા. તે અર્થસૂચક આ નામ છે. ।।૨૮।।

## સત્યાપતયે નમઃ ।।૨૯।।

સત્યાના પતિ પ્રભુને નમન.

સપ્ત વૃષભોને વીંધી-નાથીને પોતાનામાં પરાયણ સત્યાને આપે અંગીકાર કરી, કોશલદેશના નગ્નજિત્ નામના રાજાની તે કન્યાને વિધિ પ્રમાણે પોતે પરણી તેના પતિ થયા એ આશયનું આ નામ છે ।।૨૯।।

## ભદ્રાપતયે નમઃ ।।30।।

ભદ્રાના પતિને પ્રણામ.

પોતાના પિતાની બહેન શ્રુતકીર્તિની પુત્રી કેકયદેશના નરેશની નન્દિની સુપ્રસિદ્ધ એવા તેના બન્ધુઓએ પ્રીતિપૂર્વક આપેલી ભદ્રાની સાથે વિવાહ કરી તેના પતિ થયા. ।।૩૦।।

## લક્ષ્મણાપતયે નમઃ ।।3૧।।

લક્ષ્મણાના પતિને પ્રણામ.

મદ્રદેશના અધિપતિની કન્યા સર્વ સુલક્ષણોથી યુક્ત લક્ષ્મણાને સ્વયંવરમાં સ્વીકાર કરી તેના પતિ-રક્ષક થયા. ।।૩૧।।

## રોહીણીપતયે નમઃ ।।3૨।।

રોહીણીના પતિ કૃષ્ણચન્દ્રને વન્દન.

ભૌમાસુરે આણેલી સોળ હજાર એક સો સ્ત્રીઓમાં આ રોહિણી મુખ્ય હતી. પ્રભુએ તેનો સ્વીકાર કર્યો. તે સર્વ સ્ત્રીઓમાં રોહિણી મુખ્ય કહેવાનું પ્રયોજન એટલું જ કે : મન્ત્ર શાસ્ત્રમાં કોઈક સ્થળે અષ્ટ પટરાણીઓમાં ભદ્રાના સ્થાનમાં એનું નામ આવે છે માટે તેને પ્રથમ જણાવે છે. ।।૩૨।।

## ષોડશસહસ્રનાયિકાધિપતયે નમઃ ।।33।।

સોળ હજાર નાયિકાઓના અધિપતિ પ્રભુને પ્રણામ.

ભૌમાસુરને મારી તેણે આણેલી રોકી રાખેલી સુન્દર દેખાવની સોળ હજાર સો સ્ત્રીઓને આપે મુક્ત કરી. ત્યાર પછી તેમનું વિધિ પ્રમાણે પાણિગ્રહણ કરી પતિત્વ પ્રાપ્ત કર્યું. અર્થાત્ હજારો સુન્દરીઓનાં અધિપતિ થયા.

અહિં શંકા થાય છે કે : ભૌમાસુરને માર્યા પછી રાજકન્યાઓને લાવી તેમની સાથે વિવાહ કર્યો એમ છે. તો પ્રથમ ભૌમાસુર-નરકાસુરના નાશને સૂચવતું નામ હોવું જોઈએ. ત્યાર પછી સ્ત્રીઓનો ઉદ્ધાર અને તેમનો વિવાહ દર્શાવનાર નામ હોય ? સમાધાન કરે છે કે : ભગવાન્નું મુખ્ય કાર્ય સ્ત્રીઓનો પોતાનામાં નિરોધ કરી તેમનો ઉદ્ધાર કરવો એ છે. ભૌમાસુરને મારવો એ તેના સાધનભૂત માત્ર ગૌણ જ છે. માટે જ મૂલમાં 'ચારુદર્શનાઃ' એમ સ્ત્રીઓનું વિશેષણ જણાવે છે. વિવરણમાં ભગવાને આણેલી સર્વ રીતે આ હરણ કરેલી તે સ્ત્રીઓ જેમનું દર્શન-જ્ઞાન સૌન્દર્ય પરમ આકર્ષક હતું. તે જ તેમના પતિત્વના કારણરૂપ છે. ભગવાને તેમનું સ્વરૂપ

જાણીને ભાવ સમજીને પોતાનું પતિત્વ અંગીકાર કરીને જ તેમને આણેલા છે. ભૌમાસુરને માર્યા પછી કંઈ આ જ્ઞાન થયું એમ નહિ, મારતા પહેલાં જ તેમના જ ઉદ્દેશથી તેનો સંહાર કરી તેમનો ઉદ્ધાર કર્યો છે. તેથી આ નામ પ્રથમ સ્થાપન કરે છે. નાયિકાપદ પણ તેમનું રસાત્મકત્વ, સૌન્દર્ય-સકલ ગુણ લક્ષણોનું સૂચન કરે છે. તે સામાન્ય સ્ત્રીઓ નહિ પરન્તુ સ્વર્ગની વારાંગનાઓ રૂપ પોતાના અર્થે જ પ્રકટ કરેલી દિવ્ય નાયિકાઓ હતી. પોતે જ તેના પતિ હતા. અને પતિ સંરક્ષક થયા।।૩૩।।

## મુરારયે નમઃ ।।૩૪।।

મુર નામના અસુરના શત્રુ મુરારિને વન્દન.

## નરકાન્તકાય નમઃ ।।૩૫।।

નરકાસુરના અન્તક-કાલરૂપ ભગવાનને અભિવંદન.

આ દશમાધ્યાયનું નામ છે. અધ્યાયના આરમ્ભથી ''**શિરાંસિ ચક્રેણ જહાર**'' ત્યાં સુધીના આશયને જણાવનાર મુરારિ નામ જાણવું. અને ''**અપાહરદ્ ગજસ્ય ચ ચક્રેણ ક્ષુરનેમિના**'' એ શ્લોકના અર્થને સમર્થન કરનાર નરકાન્તક નામ છે।।૩૫।।

## વસુધાપૂજિતચરણાય નમઃ ।।૩૬।।

પૃથ્વીએ પૂજ્યા છે ચરણો જેમનાં એવા ભગવાનને નમસ્કાર.

નરકાસુરને મારવાથી પૃથ્વી પ્રસન્ન થઈ. શ્રીકૃષ્ણ પાસે આવીને તપાવેલા સુવર્ણ અને રત્નથી ચકચકિત થતાં કુણ્ડલો પ્રભુને અર્પણ કર્યાં, તથા વૈજયન્તી માલા, વરુણદેવનું છત્ર, મહાપ્રકાશમાન મણિ વગેરે પ્રભુને નિવેદન કરી તેમનું સન્માન કર્યું. ચરણારવિન્દમાં પૂજન કરીને તેમને વન્દન કરવા વાણીથી સ્તુતિ કરવા લાગી. તે આશયને સ્ફુટ કરનાર આ નામ છે ।।૩૬।।

ભૌમાસુરના પુત્રને અભય આપી તેનું રાજ્ય તેને સોપ્યું. તે સમયે ત્યાંના સર્વ પ્રજાજનોને સુખરૂપ થયા. તેવું નામ કહે છે :

## સર્વજનીનસુખહેતવે નમઃ ।।૩૭।।

સર્વજનમાત્રને સુખના હેતુરૂપ ભગવાનને નમન.

ભૌમાસુર-નરકાસુર સર્વ પ્રજાને પીડારૂપ હતો. ભૂમિને પણ પીડારૂપ હતો. તેનો સંહાર કરી સર્વ પ્રજાને ભૂમિને સ્ત્રીઓને સુખના કારણરૂપ ભગવાન્ થયા છે. તેમ દ્વારકામાં પણ આણેલા સર્વ સ્ત્રીજનોને મોકલાવી શત્રુનો નાશ કરી સર્વ પ્રજાજનને સુખના કારણરૂપ થયા છે. માટે આ નામ તે આશયને વ્યક્ત કરે છે ।।૩૭।।

દ્વારકામાં દિવ્ય સુખ પણ પ્રભુએ કર્યું છે. તેવા આશયનું નામ કહે છે :

## પારિજાતાપહરણાય નમઃ ||૩૮||

પારિજાતનું અપહરણ કરનાર ઉપેન્દ્રને વન્દન.

સ્વર્ગના દિવ્યવૃક્ષ પારિજાતને સત્યભામાની પ્રીતિ પ્રાપ્ત કરવા માટે નન્દનવનમાંથી હરણ કરીને દ્વારકામાં સત્યભામાના ભવનની વાડીમાં રોપ્યું. તે કથાભાગને ઉદ્દેશીને આ નામ કહ્યું. ||૩૮||

## મહેન્દ્રાદિદુષ્ટબુદ્ધિનિવારકાય નમઃ ||૩૯||

મહેન્દ્ર વગેરેની દુષ્ટ બુદ્ધિનું નિવારણ કરનાર કૃષ્ણને અભિવન્દન.

મહેન્દ્ર આદિ દેવો સ્વર્ગ વગેરેના અધિકારીઓ છે. તેમના સ્વામી તે નથી. કેમ કે પ્રભુએ પોતાના સ્વાર્થ માટે રમણાર્થ જ તે-તે વસ્તુને સ્થાપન કરેલી છે. એટલે તે સર્વના સ્વામી પ્રભુ જ છે. પરન્તુ દેવતાઓ પોતાનું સ્વામિત્વ સર્વમાં માની બેઠા છે. માટે એકવાર પ્રભુએ તેમની પાસે માગણી કરી છતાં ન આપ્યું. અને દુષ્ટબુદ્ધિ દર્શાવવા લાગ્યા. તે દેવોના મદને ઉતારવા માટે આખું પારિજાત વૃક્ષ જ મૂલથી ઉખાડી લઈ લીધું. પોતાના પરાક્રમથી તેમની દુષ્ટ બુદ્ધિનું નિવારણ કર્યું. ''**ગત્વા સુરેન્દ્રભવનમ્**'' ત્યાંથી આરમ્ભી ''**વિબુધાન્ નિર્જિત્યેપાનયત્ પ્રભુઃ**'' ત્યાં પર્યન્તના શ્લોકનાં ભાવને દર્શાવતું આ નામ છે. ||૩૯||

## સર્વરત્નકોશાદિપૂરિતગૃહાય નમઃ ||૪૦||

સર્વરત્નના ભંડારોથી ભરપુર જેમનાં ગૃહો છે એવા પ્રભુને પ્રણામ.

સોળ હજાર સ્ત્રીઓનાં અને મુખ્ય પટરાણીઓનાં ગૃહો સર્વ રત્નોના ભંડારોથી ભરપુર બનાવી દીધાં છે. ત્રૈલોક્યમાં પારિજાતની પેઠે હજારો દિવ્ય લક્ષ્મીવિલાસનાં સાધનોને પ્રત્યેક-પ્રત્યેક પત્નીઓનાં ભવનોમાં પ્રભુએ સ્થાપન કર્યાં છે. '**સ્થાપિતઃ સત્યભામાયાઃ**' ત્યાંથી આરમ્ભી '**ગૃહોદ્યાનોપશોભિનઃ**' ત્યાં સુધીના આશયને સૂચવતું આ નામ છે. ||૪૦||

ઉત્તરાર્ધના અગીયારમા અધ્યાયનાં બે નામો કહે છે :

## રુક્મિણ્યાદિસ્ત્રીમનઃપરીક્ષકાય નમઃ ||૪૧||

રુક્મિણી આદિ સ્ત્રીઓનાં મનની પરીક્ષા કરનાર ભગવાનને નમસ્કાર.

અહિં 'આદિ' પદ મૂક્યું છે. રુક્મિણીની પેઠે સર્વ સ્ત્રીઓના અન્તઃકરણ-મનની પરીક્ષા તેવી જ રીતે કરેલી એમ સૂચન કરવાને માટે જ છે. ||૪૧||

## લૌકિકલીલાવાક્યવિશારદાય નમઃ ||૪૨||

લૌકિક લીલાઓનાં વાક્યોમાં પરમ ચતુર શ્રીકૃષ્ણને નમન.

'**રાજપુત્રીપ્સિતા ભૂપૈ**' એ વાક્યથી આરમ્ભી '**એતાવ દુક્તવા**' એ વાક્ય

સુધીનું આ નામ છે. અથવા લૌકિક લીલા સમ્બન્ધી વાક્યો જેમનાં છે. એટલું વાક્ય ભિન્ન કરીને બીજું 'વિશિષ્ટા' વિશેષ ભક્તિમાર્ગીય અલૌકિકી 'શારદા' વાણી જેમનાં છે. એમ વાક્ય કરવું. પછી બે ભિન્ન વાક્યોને જોડી દઈને નામની યોજના કરવી. પૂર્વ વાક્યમાં રુક્મિણીની ઉપહાસ કરતાં દશમી–મૂર્છાવસ્થા થઈ. તેવી અવસ્થા જોઈને પ્રભુએ સાન્ત્વન કર્યું કે : "**ત્વદ્વચઃ શ્રોતુકામેન ક્ષ્વેલ્યાચરિતમંગન !**" તમારાં મધુરાં કટાક્ષયુક્ત વચન શ્રવણ કરવા માટે જ આ પ્રમાણે મેં માત્ર ઉપહાસ્ય જ કર્યું છે. આ પ્રમાણે કહીને તેમનાં હૃદયમાં પ્રવેશ કરીને તે વાક્યોને ઉત્પન્ન કર્યાં. તેથી લૌકિક લીલાના વાક્યોમાં પ્રભુ વિશારદ–પરમ ચતુર ચિન્તામણિ છે. ।।૪૨।।

હવે ઉત્તરાર્ધના બારમા અધ્યાયનાં નામ કહે છે. આ અધ્યાયમાં પ્રભુનું વૈદિક રમણ કહેવામાં આવે છે. લૌકિક રમણ પ્રથમ કહ્યું છે. વૈદિક રમણમાં તો 'દશાસ્યાં પુત્રાનાધેહિ' આ ભાર્યામાં દશ પુત્રોને ધારણ કરો. એ શ્રુતિવાક્યને સત્ય કરવાને પ્રત્યેક પત્નીઓમાં પ્રકટ કર્યાં તેવું નામ કહે છે :

## શ્રુત્યર્થપ્રતિપાદકદશદશપુત્રાય નમઃ ।।૪૩।।

શ્રુતિના અર્થને પ્રતિપાદન કરે તેમ દશ–દશ પુત્રો જેમને છે એવા ભગવાનને વન્દન.

"**એકૈકશસ્તાઃ કૃષ્ણસ્ય પુત્રાન્ દશદશાબલાઃ**" ત્યાંથી આરમ્ભી "**રોહિણ્યાસ્તનયા હરેઃ**' ત્યાં સુધીના અર્થને દર્શાવનાર આ નામ જાણવું. ।।૪૩।।

## કલિધર્મપ્રતિપાદકવંશાદિકર્ત્રે નમઃ ।।૪૪।।

કલિયુગના ધર્મને પ્રતિપાદન કરે તેવા વંશ આદિને કરનાર પ્રભુને પ્રણામ.

કલિયુગમાં શુદ્ધ ક્ષત્રિય વંશ સ્થાપન ન કરવો જોઈએ. એમ નિશ્ચય કરીને "**પાપં વિવાહમકરોત્ફલં તસ્યાપ્યસૂચયત્**" પાપિષ્ઠ વિવાહ કર્યો તેનું ફલ પણ સૂચન કર્યું. પોતાના ભાણેજને રુક્મિએ પોતાની કન્યા આપી. આ પાપવિવાહ છે. આગળ પણ તેમજ થયું છે, તે રહસ્યને જણાવનાર આ નામ છે. વળી '**પ્રદ્યુમ્નાધાનિરુદ્ધોઽભૂત્**" ત્યાંથી આરમ્ભી "**તતોઽનિરુદ્ધો સહભાર્યયા વરં રથં સમારોપ્ય**" ત્યાં સુધીનું પણ આ નામ છે. ।।૪૪।।

હવે તેરમા અધ્યાયને છોડીને ચૌદમા અધ્યાયનાં નામોનું નિરૂપણ કરે છે. તે ચૌદમા અધ્યાય સુધી જ છે, તેમાં પ્રથમ આ નામ દર્શાવે છે :

## બાણાસુરબલાન્તકર્ત્રે નમઃ ।।૪૫।।

બાણાસુરના બલનો અન્ત કરનાર ભગવાનને અભિવન્દન.

આ નામથી બાણાસુરના બલનો વિનાશ કરવાના હેતુ ભૂતપૂર્વ અધ્યાય ૧૩ અધ્યાયમાં ઉષા અને અનિરુદ્ધના મિલાપ પ્રસંગનો પણ આશય આવી જાય છે. ભગવાન્ શંકર બાણાસુરને સહાય કરવાને વૃષભ ઉપર વિરાજિત થઈ આવ્યા

હતા. તે પ્રસંગથી આરમ્ભી બાણાસુર પરાભવ પામી રથ વિનાનો થઈ પોતાના નગરમાં પ્રવેશ કરી ગયો. ત્યાં સુધીની કથાના આશયને વ્યક્ત કરનારું આ નામ છે. ।।૪૫।।

મહાદેવ પ્રભુના ભક્ત છે. રામ અને કૃષ્ણના સમ્બન્ધી છે. તેમનું પોતાના સ્વામી સાથેનું યુદ્ધ અયોગ્ય છે. તો પણ પોતાના ભક્ત બાણાસુરનું પ્રિય કરવાને તેનો સ્વીકાર કર્યો. કારણ કે જ્યારે તેનો ગર્વ ઉતરી જાય ત્યારે તેનું પ્રભુ આગળ સમ્માન થાય. તેના કરેલા સ્વસમ્માનના હેતુ પણ પોતે જ થયા. તેવું સૂચન કરતું નામ જણાવે છે :

## મહાદેવાદિસમ્માનહેતવે નમઃ ।।૪૬।।

મહાદેવ આદિના સમ્માનના કારણરૂપ શ્રીકૃષ્ણને નમસ્કાર.

'મહાદેવાદિ' પદથી મહાદેવ જ્વર વગેરેએ કરેલી પ્રભુની સ્તુતિ-પ્રભુનું સમ્માન તે સર્વના હેતુરૂપ આપ જ છો. મહાદેવ જ્યાં સુધી થઈ શકે તેવું યુદ્ધ કરે છે. પણ ભગવાને જૃમ્ભકાસ્ત્રથી મોહ ઉત્પન્ન કરી સર્વ બાણાસુરના બલનો નાશ કર્યો ત્યારે જ્વર ઉત્પન્ન થયો. તે જ્વર પણ નારાયણના બલથી નષ્ટ થયો. ।।૪૬।।

જ્યારે જ્વરે કંઈ પણ નિર્ભયસ્થાન જોયું નહિ, ત્યારે સર્વથી નિર્ભય એવા ભગવાનને જ શરણે ગયો. તેમની સ્તુતિ કરી ભગવાન્‌નું સમ્માન કર્યું. તેથી જ્વરનો નાશ ન થયો. કિન્તુ પ્રભુના ચરણનું શરણ સ્વીકારવાથી સન્માનને પામ્યો. તેવું નામ સૂચન કરે છે :

## જ્વરાદિદોષનાશકાય નમઃ ।।૪૭।।

જ્વર આદિના દોષોને નાશ કરનાર નારાયણને નમન.

જ્વરના દોષોને દૂર કર્યો-નષ્ટ કર્યો પરન્તુ તેનું સ્વરૂપ નાશ ન કર્યું. ''ભયભીત થયેલો જ્વર સર્વત્ર અભય ન મેળવી પ્રભુને શરણે ગયો'' એ કથાભાગને આરમ્ભી ''ભગવાન્‌ને નમન કરી મહેશ્વરનો જ્વર પોતાના સ્થાનમાં ચાલ્યો ગયો'' ત્યાં સુધીના કથાભાગને કથન કરનાર આ નામ છે એમ જાણવું. ।।૪૭।।

આગળ પોતાના ભક્તનું અનિષ્ટ ન થાય માટે શંકરે પણ ભગવાનની પ્રાર્થના કરી ત્યારે ભગવાને પ્રસન્ન થઈ તેમની સ્તુતિનું સન્માન કરી તેમના ભક્ત બલિરાજાને નહિ મારતાં રક્ષા કરી. તે આશયનું નામ દર્શાવે છે.

## પ્રહ્‌લાદાદિભક્તવંશરક્ષકાય નમઃ ।।૪૮।।

પ્રહ્‌લાદ આદિ ભક્તોના વંશનું રક્ષણ કરનાર પ્રભુને પ્રણામ.

અહિં 'આદિ' પદ કહેલું હોવાથી પ્રહ્‌લાદના વંશનું તેમ બલિરાજાનું અને તેના વંશનું પણ ગ્રહણ કરવું ''**યદાત્થ ભગવન્**'' ત્યાંથી આરમ્ભી ''**પ્રાદ્યુમ્નિં**

**રથમારોપ્ય''** ત્યાં સુધીના શ્લોકના ભાવને જણાવતું આ નામ છે. ।।૪૮।।

સાત્ત્વિક પ્રકરણના આરમ્ભમાં ૧૫ અધ્યાયનાં નામ નિરૂપણ કરે છે :

## દાનાદિધર્મબોધકાય નમઃ ।।૪૯।।

દાન આદિ ધર્મનો બોધ કરનાર ભગવાનને વન્દન.

જો કે નૃગરાજાનો મોક્ષ કર્યા પછી દાનાદિ ધર્મનો બોધ પોતાના પુત્ર યદુકુમારોને કર્યો છે. તો પણ આ સાત્ત્વિક જ પ્રકરણ છે. રાજસ ભક્તોને સાત્ત્વિક ધર્મની પ્રવૃત્તિ થાય, તથા દાન આદિધર્મનો ઉપદેશ પણ થાય તેટલા માટે જ નૃગરાજાના મોક્ષનો ઉપક્રમ આરમ્ભ પ્રથમ કરીને ઉપદેશ કર્યો. તેવા પ્રકારનું નામ કહ્યું ।।૪૯।।

## નૃગમોક્ષહેતવે નમઃ ।।૫૦।।

નૃગરાજાને મોક્ષના કારણરૂપ ભગવાનને અભિવન્દન.

યદુકુમારોએ એક સમયે ઉપવનમાં વિહાર કરતાં-કરતાં કૂવામાં પડેલા મોટા કાચંડાને જોયો. તેનો ઉદ્ધાર કરવાનો પ્રયાસ કરવા છતાં તેમનાથી કંઈ થઈ શક્યું નહિ. એટલે શ્રીકૃષ્ણને નિવેદન કરી તેમનાથી તેનો ઉદ્ધાર કર્યો. તે નૃગ રાજા હતો. દિવ્ય સ્વરૂપ પ્રાપ્ત કરી પ્રભુનાં દર્શન કરી પ્રસન્ન થઈ ભગવાનનાં ચરણારવિન્દને વન્દન કરવા લાગ્યો. પોતાની આ દુર્દશાનું કારણ પ્રભુના પૂછવાથી દર્શાવીને તેમની આજ્ઞાથી વિમાનમાં વિરાજમાન થઈ સર્વના દેખતાં મુક્તિ પામ્યો. તે ભાગને જણાવનાર આ બન્ને નામ જાણવાં ।।૫૦।।

ત્યાર પછી પોતાના યદુકુમારોને શિક્ષણ આપ્યું તેને દ્યોતન કરનાર નામને ઉપદેશે છે :

## બ્રહ્મણ્યાય નમઃ ।।૫૧।।

બ્રહ્મમાં નિષ્ઠા રાખનાર શ્રીકૃષ્ણને નમન.

બ્રહ્મ-બ્રાહ્મણમાં નિષ્ઠા રાખનાર તે પ્રમાણે સર્વને પણ તેવા પ્રકારનો એટલે બ્રાહ્મણોમાં ભગવન્નિષ્ઠ ભગવદીયોમાં ભાવ રાખવાનો ઉપદેશ કરનાર પ્રભુ છે. યદુકુમારોને તેવો ઉપદેશ આપ્યો છે. નૃગરાજાના સાધારણ પણ અપરાધથી આ દશા થઈ. તો બ્રહ્મસ્વ હરણ કરનારનું શું થાય ? એમ પોતાના કુમારોને ઉપદેશ કર્યો. તે આશયને દર્શાવનાર આ નામ છે ।।૫૧।।

ઉત્તરાર્ધના ૧૬ અધ્યાયનાં નામ કહે છે :

## પુષ્ટિમાર્ગપ્રવર્તકાય નમઃ ।।૫૨।।

પુષ્ટિમાર્ગને પ્રવર્તાવનાર પ્રભુને પ્રણામ.

બલભદ્રે વ્રજમાં જઈને ગોપિકાઓની કામનાઓને પૂર્ણ કરી છે : તે

અનન્યપૂર્વા ગોપિકાઓ છે. પ્રભુએ કુમારિકાઓને તો પોતાની સાથે જ દ્વારકામાં લાવીને હૃદય મન્દિરમાં જ તેમને પધરાવ્યાં છે. પૂર્વમાં પ્રભુએ મથુરા ગમન સમયમાં સર્વ ગોપીજનોને **'આયાસ્યે ઈહ'** એ વાક્યમાં વ્રજમાં પધારવાની આજ્ઞા કરી હતી. તે આજ્ઞાનું પાલન કરવાને અને પોતે આપેલા વચનને સિદ્ધ કરવા આપ બલભદ્ર દ્વારા પુનઃ વ્રજમાં પધાર્યા. તેમની કામના પૂર્તિ કરી. પ્રથમ પ્રમેય બલથી સર્વ કાર્ય કર્યું હતું. અહિં પ્રમાણ બલનો આશ્રય કરી સાધન દ્વારા પણ પૂર્ણતા કરેલી છે. બલભદ્ર સ્વરૂપથી આપે સ્વરૂપાનન્દનું પોષણ કર્યું. તેમના આત્માને એ રીતે પુષ્ટ કરીને પુનઃ આપ પુષ્ટિમાર્ગના પ્રવર્તાવનાર થયા છે. ।।૫૨।।

## યમુનાકર્ષણહેતવે નમઃ ।।૫૩।।

યમુનાને આકર્ષણ કરવાના કારણરૂપ કૃષ્ણને નમસ્કાર.

સોળમા અધ્યાયનાં બન્ને નામો છે. સત્તરમા અધ્યાયના નામોનું નિરૂપણ કરે છે :

## સ્પર્ધાદિદુષ્ટવિમોચકાય નમઃ ।।૫૪।।

સ્પર્ધા આદિથી દુષ્ટ થયેલાઓને વિશેષ રીતે મુક્ત કરનાર મુકુન્દને વન્દન.

જેમ કંસ વગેરેનો નાશ કરીને તેને મુક્ત કર્યા. તેમ સ્પર્ધા કરીને પોતાને જ વાસુદેવ કૃષ્ણ માનતા અને મનાવતા પૌણ્ડ્રક વગેરેને પણ સારી રીતે મુક્ત કર્યાં. એમ આ નામનો ભાવ છે . ।।૫૪।।

## પૌણ્ડ્રકકાશીરાજહન્ત્રે નમઃ ।।૫૫।।

પૌણ્ડ્રક અને કાશીરાજને હણનાર શ્રીહરિને અભિવન્દન.

પૌણ્ડ્રક અને તેનો મિત્ર કાશીદેશનો રાજા, પૌણ્ડ્રકને સહાય કરવાને કાશીરાજા આવેલો હતો. પ્રભુએ તે બન્નેનો નાશ કર્યો. **''નન્દવ્રજં ગતે રામે''** નન્દરાયજીના વ્રજમાં રામ પધાર્યા ત્યારે એ કથા ભાગથી આરમ્ભી **''એવં મત્સરિણં હત્વા પૌણ્ડ્રકં સસખં હરિ''** મત્સર ધારણ કરનાર પૌણ્ડ્રકને મિત્ર સહિત હણીને ભગવાને દ્વારકામાં પ્રવેશ કર્યો. એ કથા ભાગ પર્યન્તનાં આ બન્ને નામો છે. ।।૫૬।।

## દેવતાન્તરવરદપ્તગર્વનાશકાય નમઃ ।।૫૭।।

અન્ય દેવના વરદાનથી ગર્વિષ્ટ થયેલાના ગર્વનો નાશ કરનાર કૃષ્ણને નમન.

કાશીરાજાના પુત્ર સુદક્ષિણે અન્યદેવનું આરાધન કરીને પિતૃહન્તા કૃષ્ણને મારવાનો નિશ્ચય કરતાં દક્ષિણાગ્નિમાં હોમ કરી કૃત્યાગ્નિ પ્રકટ કરી દ્વારકાનો સંહાર કરવાનો મહાન પ્રયાસ કર્યો. પરન્તુ ભગવાને સુદર્શન ચક્ર દ્વારા તે કૃત્યાગ્નિનો પરાભવ કરી કોટિસૂર્યના સરખું તેજસ્વી ચક્ર કાશી નગરમાં મોકલ્યું. તે કથા-ભાગનું

સૂચન આ નામ કરે છે. ।।૫૬।।

## કાશીદાહકાય નમઃ ।।૫૭।।

કાશી નગરને દાહ કરનાર પ્રભુને પ્રણામ.

તે કૃત્યાગ્નિ ચક્રથી પરાભવ પામી કાશી નગરમાં પાછો ફરી ઋત્વિજો સહિત સુદક્ષિણને દગ્ધ કરી નાંખ્યો. પાછળથી ચક્રે પણ પ્રવેશ કરી સમગ્ર કાશી નગરને બાળી નાંખ્યુ. એ કથાભાગને સૂચવતું આ નામ છે ।।૫૭।।

## દુષ્ટનિવાસદોષનાશકાય નમઃ ।।૫૮।।

દુષ્ટના નિવાસ દોષને નાશ કરનાર નારાયણને નમસ્કાર.

પ્રવિષ્ટ થયેલા સુદર્શન ચક્રે કાશી નગરમાં દુષ્ટના સમ્બન્ધી સર્વ વસ્તુઓને બાળી દીધી. કંઈ પણ દુષ્ટ સમ્બન્ધી અવશેષ રાખ્યું નહિ. એમ આશય જણાવતું આ નામ છે ।।૫૮।।

## મુક્તિહેતવે નમઃ ।।૫૯।।

મક્તિના કારણરૂપ મુકુન્દને વન્દન.

દુષ્ટ લોકો જેમાં નિવાસ કરતા હોય તેવા સ્થાનમાં મુક્તિ થાય નહિ. કાશીમાં મરણ થવાથી મુક્તિ થાય છે. પરન્તુ આ દુષ્ટ રહેતો હતો તેથી તેમાં અત્યન્ત બાધા થતી હતી. માટે પ્રભુએ તે દુષ્ટને વિદારણ કરી કાશી નગરને મુક્તિના કારણરૂપ બનાવ્યું. તેમ આ કાશી નગરને દગ્ધ કર્યું. તેની કથા પણ જે સાંભળે તેને પણ મુક્તિ થશે એમ મૂળમાં જણાવેલું છે. એટલે સર્વ રીતે મુક્તિના કારણ આપ ભગવાન જ છે ।।૫૯।।

૧૮ અધ્યાયના નામ કહે છે :

## દુઃસંગદપ્તદ્વિવિદાદિવધહેતવે નમઃ ।।૬૦।।

દુષ્ટના સંગથી ગર્વિષ્ટ થયેલા દ્વિવિદ આદિના વધના કારણરૂપ ભગવાનને અભિવન્દન.

દ્વિવિદ વાનર દુઃસંગથી ગર્વિષ્ટ થયો હતો. બલભદ્ર દ્વારા તેનો નાશ કરાવીને તેના વિનાશના કારણરૂપ પોતે થયા છે. આ નામ સમ્પૂર્ણ ૧૮ અધ્યાયનું જાણવું ।।૬૦।।

૧૯ અધ્યાયના નામોને નિરૂપણ કરે છે. પૂર્વના અધ્યાયમાં દુષ્ટને નિવારણ કરવાના લક્ષણરૂપ ચરિત્ર કહ્યું. આ અધ્યાયમાં શિષ્ટ પુરુષોને શિક્ષણ આપવા રૂપ ચરિત્ર કથન કરે છે. જો કે બલભદ્રે કરેલું આ ચરિત્ર છે. છતાં આવેશરૂપે પોતે જ કરે છે. માટે આ ભગવચ્ચરિત્ર જ છે. તેનું સૂચન કરનાર નામ દર્શાવે છે :

## રાજ્યાદિદપ્તકૌરવગર્વનાશકાય નમઃ ॥૬૧॥

રાજ્ય આદિને લીધે ગર્વિષ્ટ થયેલા કૌરવોના ગર્વને નાશ કરનાર શ્રીહરિને નમન.

સ્વયંવરમાં પોતાનામાં આસક્ત થયેલી દુર્યોધનની પુત્રી લક્ષ્મણાને કૃષ્ણપુત્ર સામ્બ હરી ગયો. કૌરવોએ તેનો પરાભવ કરી બન્દીખાને નાંખ્યો. તે ક્લેશને શાન્ત કરવા બલદેવ હસ્તિનાપુર પધાર્યા. યાદવોને અને કૌરવોને પરસ્પર કલહ થાય નહિ તે માટે બહુ પ્રયત્ન કર્યો. પણ ગર્વિષ્ટ કૌરવોએ તે માન્ય કર્યું નહિ એટલે ક્રોધાકાન્ત થયેલા બલભદ્રે સમગ્ર હસ્તિનાપુરને ગંગામાં નાંખવાં માંડ્યું. જેથી ગર્વ નષ્ટ થતાં ગભરાઈને કૌરવો શરણે આવ્યા. તે કથા-ભાગને સૂચવતું આ નામ છે ॥૬૧॥

૨૦ અધ્યાયનાં નામ જણાવે છે તેમાં સાત્ત્વિક ભક્તોમાં મુખ્ય નારદનો નિરોધ કરવાનો છે. તે નારદ મર્યાદાભક્તિ માર્ગીય હોવાથી તેમનો નિરોધ ભિન્ન પ્રકારનો છે. એટલા જ માટે મર્યાદામાર્ગના મોહમાં લીન થયેલા નારદે પ્રભુની પરીક્ષા કરવાને પ્રવૃત્ત થયા. પ્રભુએ તેમને પોતાના સ્વરૂપનું ભાન કરાવીને તેમનો અન્તરનો મોહ દૂર કર્યો. તેનું જ્ઞાપન કરનાર નામ નિરૂપણ કરે છે :

## મર્યાદાભક્તિદપ્તભક્તમોહનાશકાય નમઃ ॥૬૨॥

મર્યાદા ભક્તિથી ગર્વિષ્ટ બનેલા ભક્તના મોહને નાશ કરનાર પ્રભુને પ્રણામ.

મર્યાદા ભક્તિથી ગર્વિષ્ટ થયેલા નારદજી તેને જ પરમકાષ્ઠાપન્ન વસ્તુ-અન્તિમમાં અન્તિમ ધ્યેય સમજતા હતા. તેનાથી પણ આગળ ભગવત્પ્રેમને એ સમજતા ન હતા. એ તેમનો મોહ હતો. પ્રભુએ પોતાના સ્વરૂપની વિલક્ષણતા દર્શાવીને તેમનો મોહ દૂર કર્યો છે. તે આશયનું આ નામ છે. ॥૬૨॥

## જીવાધિકારશાસ્ત્રગર્વનાશકાય નમઃ ॥૬૩॥

જીવના અધિકાર સમ્બન્ધી શાસ્ત્રના ગર્વને નાશ કરનાર ભગવાનને વન્દન.

નારદજી પણ જીવરૂપ જ છે. જીવના અધિકારને નિરૂપણ કરનારું શાસ્ત્ર એ મર્યાદા શાસ્ત્ર વૈદિકમાર્ગ છે. તેના વિરુદ્ધ ન જ કરવું જોઈએ. માટે તેવું ભગવાન ન કરે, એમ પોતે મર્યાદા ભક્ત હોવાથી ગર્વ રાખતા હતા. પ્રભુએ નરકાસુરને માર્યો. ભૂમિનો પુત્ર હતો. સત્યભામા ભૂમિનું સ્વરૂપ છે. તે અસુરને એવું વરદાન હતું કે પોતાની માતાના દેખતાં તેનું મૃત્યુ થાય, માટે સત્યભામા સાથે ભગવાને તેના નગરમાં પધારી તેનો વધ કર્યો. ભૂમિ-સત્યભામા તેની માતા થાય ત્યારે પ્રભુ સત્યભામાના ભર્તા હોવાથી તે એના પિતા થઈ ચુક્યા. તો પોતાના પુત્રરૂપ નરકાસુરને મારીને તેણે આણેલી સ્ત્રીઓને પોતે કેમ પરણે ? એવો નારદજીને મર્યાદા પદ્ધતિ પ્રમાણે સન્દેહ થયો. પ્રભુના સ્વરૂપનું જ્ઞાન યથાર્થ નહિ હોવાથી

તેમનામાં આ અજ્ઞાનતા આવી હતી. ભગવાને પોતાની માયા દર્શાવીને તેમના ગર્વને દૂર કર્યો. ''**બ્રહ્મન્ ધર્મસ્ય વક્તાહમ્**'' ત્યાંથી આરમ્ભી ''**કૃષ્ણસ્યાનન્ત વીર્યસ્ય યોગમાયામહોદયમ્ મુહુર્દષ્ટ્વા ઋષિરભૂદ્વિસ્મિતઃ**'' ત્યાં પર્યન્ત શ્લોકોના આશયરૂપ આ નામ છે એમ જાણવું. ॥૬૩॥

૨૧ અધ્યાયનું નામ નિરૂપણ કરે છે :

## સુધર્માલંકૃતચરણાય નમઃ ॥૬૪॥

સુધર્મા નામની સભામાં છે, શોભાયમાન ચરણો જેમનાં એવા શ્રીકૃષ્ણને અભિવન્દન.

આ અધ્યાયમાં પ્રભુનું આહ્નિક દર્શાવે છે. બ્રાહ્મમુહૂર્તથી આરમ્ભી સર્વ દિનચર્યા આમાં આવી જાય છે. ભગવાન્ નિત્ય નિયમિત રીતે વૈદિક મર્યાદાનું પરિપાલન કરતા હતા. પોતે ધર્મ પ્રમાણે વર્તન કરે તો સર્વ લોક પણ તેમના માર્ગને અનુસરીને ધર્મપરાયણ બને. માટે વિધિ પ્રમાણે આહ્નિક કર્મ કરી દિવ્ય સુધર્મા સભામાં આપ પધારતાં, પોતાના મનોહર ચરણકમલથી સભા સ્થાનને અત્યન્ત દીપાવતા હતા. ''**બ્રાહ્મે મુહૂર્તે ઉત્થાય**'' એ શ્લોકથી આરમ્ભી ''**સુધર્માખ્યાં સભાં સર્વૈઃ**'' એ શ્લોક પર્યન્તની કથાને અનુસરતું આ નામ છે. ચરણને અલંકારપણું જણાવ્યું તેથી ત્યાંના સર્વ પ્રજાજનોને પ્રભુના ઉપર પરમ ભક્તિભાવ હતો તથા પ્રભુમાં જ સર્વનો નિરોધ સિદ્ધ થયો હતો. એમ આ નામમાં સૂચન કરે છે. ॥૬૪॥

પૂર્વમાં જે ભક્તો અલૌકિક પ્રકારથી નિરોધયુક્ત થયેલા જ હતા. પરન્તુ તે બહિર્દષ્ટિથી જરસન્ધે બન્દીખાને નાખીને તેમનો નિરોધ-(બન્ધન) કરેલો હતો. પ્રભુએ તે નિરોધ બન્ધનને દૂર કરીને તેમનો પોતાના તરફનો નિરોધ પૂર્ણ કરવો જોઈએ. તે નિરોધ તેમની અપેક્ષાથી જ થઈ શકે. માટે તે સૂચવતું નામ કહે છે :

## ભક્તાપેક્ષાવભાસહેતવે નમઃ ॥૬૫॥

ભક્તોની અપેક્ષાને બહાર પ્રકાશ કરવાના કારણરૂપ શ્રીકૃષ્ણને નમન.

જરાસન્ધે રૂંધેલા ભક્તોની અપેક્ષા,-અમારે મુક્ત થવું છે એવા પ્રકારની ઈચ્છા જ્યારે મનમાં પ્રકટ થઈ ત્યારે પ્રભુને તે નિવેદન કરવા તેમણે દૂત મોકલ્યો. અને તેમણે પોતાના અન્તરની અપેક્ષા પ્રગટ કરી, અથવા ભક્ત-યુધિષ્ઠિરને રાજસૂય યજ્ઞ કરવાની અપેક્ષા નારદ દ્વારા પ્રભુએ પ્રકાશમાન કરી. તે બન્નેની અપેક્ષાને બહાર પ્રકટ કરવાના કારણ આપ પ્રભુ જ છે. ''**રાજદૂતે બ્રુવત્યેવં દેવર્ષિઃ**'' આ શ્લોકથી આરમ્ભી ''**યક્ષ્યતિ ત્વાં મખેન્દ્રેણ રાજસૂયેન પાણ્ડવઃ**'' એ શ્લોક પર્યન્તના ભાવને વ્યક્ત કરનાર આ નામ છે. ॥૬૫॥

રાજાઓની મુક્તિ અને યુધિષ્ઠિરના રાજસુય યજ્ઞની સિદ્ધિ-એમ

બન્નેમાંથી પણ એક જ કાર્ય કરવું અશક્ય જેવું ભાસે છે તો હવે કેમ કરવું ? એમ ભગવાન્ ઉદ્ધવજીને હાસ્યપૂર્વક પૂછવા લાગ્યા. તે સમ્બન્ધને દર્શાવતું નામ નિરૂપણ કરે છે :

## ઉદ્ધવાદિબુદ્ધ્યનુસારિણે નમઃ ।।૬૬।।

ઉદ્ધવ આદિની બુદ્ધિને અનુસરનારા ભગવાનને નમસ્કાર.

નારદજીના વચન પ્રમાણે ન કરે તો બ્રહ્મપક્ષની હાનિ થાય છે. તથા જરાસન્ધના વધ માટે જવામાં મહાદેવપક્ષની હાનિ થાય છે, કારણ કે જરાસન્ધ મહાદેવનો પરમ ભક્ત હતો. વળી બન્ધનથી રાજાઓને મુક્ત કર્યા વિના યજ્ઞને માટે જવું એ પણ અયોગ્ય જ છે. પોતે સર્વજ્ઞ છે. તો પણ રાજલીલાનું અનુકરણ કરતા હોવાથી મન્ત્રીની સલાહ લેવી જોઈએ. માટે પ્રભુએ તે પ્રમાણે કરી ઉદ્ધવજીની સલાહ લઈ તેમની બુદ્ધિ પ્રમાણે અનુસરવા લાગ્યા. "**ત્વં હિ નઃ પરમં ચક્ષુ**" તમે અમારા પરમ ચક્ષુ છો. એમ પ્રભુએ ઉદ્ધવજીને દર્શાવી તેમને પૂછ્યું. પ્રભુના આધિદૈવિક પરમાનન્દરૂપ ચક્ષુ નેત્ર અથવા તેનો અવતાર શ્રીઉદ્ધવજી છે. વળી રાજાને રાજનીતિની દષ્ટિએ મન્ત્રી પણ એક નેત્ર રૂપ જ છે. લોકના કહ્યા પ્રમાણે મન્ત્રી જ્ઞાનચક્ષુ ગણાય છે. માટે પ્રભુ તેમને પૂછે છે-તેમની બુદ્ધિ અનુસાર વર્તન રાખે છે. વગેરે આશય આ નામમાં છે. ।।૬૬।।

૨૨મા અધ્યાયનું નામ દર્શાવે છે :

## જીવધર્માવબોધકાય નમઃ ।।૬૭।।

જીવધર્મનું અવબોધન-જ્ઞાપન કરનાર કૃષ્ણને પ્રણામ.

મન્ત્રણા કરવી એ રાજલીલામાં લૌકિક પ્રકારથી જ થઈ શકે. જેમ જીવો પરસ્પર મન્ત્રણા કરી કાર્ય સિદ્ધ કરે છે તેમ. અલૌકિક પ્રકાર તો એવા પ્રકારના મન્ત્રથી જ થાય છે. તેમાં મન્ત્રણા ઉપયોગમાં આવતી નથી. માટે જેમ સાધારણ જીવોને પણ ઉપપત્તિ અનુપપત્તિ-પ્રાપ્ત થવું ન પ્રાપ્ત થવું-સિદ્ધ થવું ન સિદ્ધ થવું વગેરે જાણી શકાય તેમ અવબોધન કરનાર-જ્ઞાપન કરનાર. ઉદ્ધવજી દ્વારા પોતે જ યુક્તિયુક્ત વાદ કથન કરે છે. '**યદુક્તમૃષિણા**' ત્યાંથી આરમ્ભી '**ઈત્યુદ્ધવવચો રાજન્**' એ શ્લોક પર્યન્તનું આ નામ છે એમ જાણવું. ।।૬૭।।

૨૩ અધ્યાયનું નામ જણાવે છે :

## હીનધર્માવલમ્બનજીવકાર્યકર્ત્રે નમઃ ।।૬૮।।

હીન ધર્મનું અવલમ્બન કરીને જીવોનું કાર્ય કરનાર ભગવાનને વન્દન.

બ્રાહ્મણ વેષ ધારણ કરીને યાચન કરવી એ રાજાઓને નીચું જોવરાવનારું-હીનપદ ગણાય છે. છતાં જીવો રાજાઓ તથા યુધિષ્ઠિરનું કાર્ય સિદ્ધ કરવાને આપને

તેમ કરવું પડ્યું. કેમ કે એમ ન કરે તો ભક્તોનું કાર્ય સિદ્ધ થાય જ નહિ. પ્રભુનો આ ભક્ત માટેનો અપૂર્વ પક્ષપાત જ છે. '**ભીમસેનોઽર્જુનઃ કૃષ્ણો બ્રહ્મલિંગધરાસ્ત્રયઃ**' ત્યાંથી આરમ્ભી '**રાજન્વિદ્ધ્યતિથીનસ્માન્**' તે શ્લોક પર્યન્તનું આ નામ છે. એમ જાણવું. ।।૬૮।।

૨૪ અધ્યાયનાં નામ કથન કરે છે :

## ભક્તજ્ઞાનહેતવે નમઃ ।।૬૯।।

ભક્તોના જ્ઞાનના હેતુરૂપ ભગવાનને અભિવન્દન.

ભક્તો-રાજાઓ પ્રભુના સ્વરૂપનું દર્શન કરીને જ્ઞાન સમ્પન્ન થયા. પ્રભુને વારંવાર પ્રણામ કરવા લાગ્યા. '**દદૃશુસ્તે ઘનશ્યામમ્**' ત્યાંથી આરમ્ભી '**પ્રણત-ક્લેશનાશાય ગોવિન્દાય નમો નમઃ**' 'પ્રણામ કરનારના ક્લેશને નાશ કરનાર ગોવિન્દ પ્રભુને વારંવાર નમસ્કાર હો.' એ સ્તુતિ સુધીના આશયને જણાવનાર આ નામ છે. પોતાનું સુન્દર સ્વરૂપ દર્શાવીને તેમનાં અન્તઃકરણમાં ભગવત્પ્રેમનું તથા પરમાત્મ જ્ઞાનનું સ્થાપન કરનાર પ્રભુ જ છે. માટે તે જ્ઞાનના હેતુ-કારણરૂપ છે. ।।૬૯।।

## પુષ્ટિનિમિત્તજ્ઞાપકાય નમઃ ।।૭૦।।

પુષ્ટિ-અનુગ્રહના નિમિત્તનું જ્ઞાન કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર.

પુષ્ટિ-અનુગ્રહ, પુષ્ટિ એટલે પોષણ. ''**પોષણં તદનુગ્રહ**'' પોષણ એટલે તે ભગવાન્‌નો અનુગ્રહ એવો અનુગ્રહ કરવામાં જે નિમિત્ત છે, તે નિમિત્તને જ્ઞાપન કરનાર-જણાવનાર. આ રાજાઓ રાજ્યલક્ષ્મીમાં લીન થયા હતા. તેઓ રાજ્યભ્રષ્ટ થયા. એટલે એમને રાજ્ય સમ્બન્ધી મોહ દૂર થતાં ભગવત્પ્રેમ સિદ્ધ થયો. માટે પ્રભુનો અનુગ્રહ થવામાં રાજ્યભ્રંશપણું નિમિત્ત થયું. પ્રભુએ ઉપદેશ કરીને તે નિમિત્તનું જ્ઞાપન કર્યું છે. ''**સંસ્તૂયમાનો ભગવાન્**'' ત્યાંથી આરમ્ભી ''**હૈહયો નહુષે વેનો રાવણો નરકોઽપરે શ્રીમદાદ્‌ભ્રંશિતાઃ**'' એ શ્લોક સુધીના આશયને દર્શાવનાર આ નામ છે. ।।૭૦।।

૨૫ અધ્યાયનું નિરૂપણ કરે છે :

## રાજસૂયાદિપ્રવર્તકાય નમઃ ।।૭૧।।

રાજસૂય આદિને પ્રવર્તાવનાર પ્રભુને પ્રણામ.

જેના આરમ્ભમાં રાજસૂય યજ્ઞ છે, અર્થાત્ તેના નિમિત્તથી ધર્મની પ્રવૃત્તિ કરનાર, જરાસન્ધનો વધ, રાજાઓની મુક્તિ સાંભળી ધર્મરાજા બહુ જ પ્રસન્ન થયા. પ્રભુના ઉપર તેમને પરમ ભક્તિ પ્રકટ થઈ. ત્યારપછી યજ્ઞ પણ આધિદૈવિક સિદ્ધ થયો. કારણ કે જ્યાં ''**યજ્ઞો વૈ વિષ્ણુઃ**'' એ શ્રુતિ પ્રમાણે પોતે યજ્ઞરૂપ સ્વયં વિષ્ણુ

સાક્ષાત્ આધિદૈવિક સ્વરૂપે વિરાજમાન હતા; તેમનું પ્રથમ પૂજન-સન્માન કરીને યુધિષ્ઠિર રાજા પ્રભુમાં બહુ જ નિષ્ઠા રાખવા લાગ્યા. **''એવં યુધિષ્ઠિરો રાજા''** ત્યાંથી આરમ્ભી **''સમર્હયત્ હૃષીકેશં પ્રીતઃ પ્રણયવિહ્વલઃ''** તે શ્લોક સુધીનું આ નામ છે ।।૭૧।।

ભગવાનના પૂજનને નહિ સહન કરનાર શિશુપાલે અપરાધ કર્યો. તે સમ્બન્ધનું નામ પ્રકટ કરે છે :

## શિશુપાલાદિભક્તવૈકુણ્ઠપ્રાપ્તિહેતવે નમઃ ।।૭૨।।

શિશુપાલ આદિ ભક્તને વૈકુણ્ઠ પ્રાપ્તિના કારણરૂપને કૃષ્ણને નમન.

શિશુપાલ જેમાં આદિ છે એવા ભક્ત હિરણ્યકશિપુ તથા રાવણ વગેરેને વૈકુણ્ઠ પ્રાપ્ત કરાવનાર પ્રભુ છે. સનકાદિકના શાપથી હિરણ્યકશિપુ-રાવણ અને ત્રીજે જ જન્મે શિશુપાલ થયેલા. જયને આ પ્રમાણે ભગવાને વૈકુણ્ઠમાં મોકલી દીધા છે. યુધિષ્ઠિરની સભામાં શ્રીકૃષ્ણનું અપમાન કરવાથી તેમણે તેનો ચક્રથી નાશ કરી મુક્ત કર્યો. **''ચૈદ્યદેહોત્થિતં તેજો વાસુદેવમ્ ઉપાવિશત્''** ચેદીદેશના રાજા શિશુપાલના દેહમાંથી ઉત્પન્ન થયેલું તેજ શ્રીકૃષ્ણમાં પ્રવિષ્ટ થઈ ગયું. એ શ્લોકના ભાવને દર્શાવનાર આ નામ છે. ।।૭૨।।

૨૬ અધ્યાયનું નામ કહે છે :

## દુર્યોધનાદિદુષ્ટમાનભંગ હેતવે નમઃ ।।૭૩।।

દુર્યોધન આદિ દુષ્ટોના માનભંગ થવાના કારણ રૂપ ભગવાનને નમસ્કાર.

ભગવાનને ભૂમિનો ભાર ઉતારવો છે તેટલા માટે જ રાજસૂય યજ્ઞનો આરમ્ભ છે. કેમ કે રાજસૂય યજ્ઞ થાય તો દુષ્ટ દુર્યોધનને ઈર્ષ્યા થયા વિના રહે નહિ. અને તેમ થાય તો તેનું માનભંગ કરવું કે તે પૃથ્વીના ભારને ઉતારવાના બીજરૂપ બને. તે પોતે જ પોતાના માનભંગના કારણરૂપ થયો છે. તેવું દુરાત્માપણું તે જ તેના માનભંગનું કારણ છે. કેમ કે રાજસૂય યજ્ઞમાં આવેલા પુરુષે અભિમાન કરવું યોગ્ય નથી, તેણે એ અભિમાન કર્યું. અરે એ પોતે જ અભિમાનનું મૂર્તિમાન સ્વરૂપ છે. તો પણ તેનું અભિમાન ભૂમિના ભારને હરણ કરવાના પ્રયોજન રૂપે હોવાથી ભગવાન જ તેના પ્રયોજક છે. ભગવાને તેના માનભંગના અવસરમાં કેવલ મૌન રાખ્યું છે. તેથી સિદ્ધ થાય છે કે આપની જ એવી અન્તરની અભિલાષા છે. ''એકદાન્તઃપુરે તસ્ય વીક્ષ્ય દુર્યોધનઃ શ્રિયમ્'' ત્યાંથી આરમ્ભી **''બભૂવ તૂષ્ણીં ભગવાન્ ભુવો ભર સમુજ્જિહીર્ષુઃ''** તે શ્લોક સુધીનું આ નામ સમજવું. ।।૭૩।।

વળી ભગવાનને મૌન રાખવાનું બીજું પણ કારણ હતું તે જ્ઞાપન કરનાર નામનો નિર્દેષ કરે છે :

## યુધિષ્ઠિરાદિભક્તગર્વનાશકાય નમઃ ||૭૪||

યુધિષ્ઠિર આદિ ભક્તોના ગર્વનો નાશ કરનાર વિભુને વન્દન.

જો ભગવાન્ દુર્યોધનનું સમ્માન કરે તો ભૂભારનું હરણ થાય નહિ. તેમ ભક્તને દુઃખનો અનુભવ પણ ન થાય. જો તેને મારી નાખે તો પણ યુધિષ્ઠિરને નિષ્કણ્ટક ઐશ્વર્ય વગેરેની પ્રાપ્તિ થતાં તેમને ગર્વ થાય. ગર્વ થતાં અનિષ્ટ થવાનો પ્રસંગ ઉપસ્થિત કરેલો છે. એમ ઐશ્વર્યનું અપહરણ કરાવીને તેમના ગર્વનો પણ ભગવાને નાશ કર્યો. આજ ભગવાને તે સમયે મૌન રાખ્યું તેનું બીજું કારણ છે. ||૭૪||

૨૭ અધ્યાયનું નામ જણાવે છે :

## પ્રદ્યુમ્નાદિયાદવગર્વપ્રહારકાય નમઃ ||૭૫||

પ્રદ્યુમ્ન આદિ યાદવોના ગર્વને નાશ કરનાર ભગવાનને અભિવન્દન.

શાલ્વ વિમાનમાં બેસીને દ્વારકાનગરને ઉપદ્રવ કરવા લાગ્યો. તે સમયે પ્રદ્યુમ્ન આદિ યાદવ યોદ્ધાઓ તેના સામે મહાન યુદ્ધ કરવા લાગ્યા. તેમાં પ્રદ્યુમ્ન મૂર્ચ્છાંગત થયા. એટલે સારથી તેમને રણભૂમિમાંથી બહાર લઈ ગયા. એ પ્રસંગમાં ‘‘**ત્વપોવાહ રણાત્ સૂતો ધર્પવિદ્દારુકાત્મજઃ**’’ એ શ્લોકથી આરમ્ભી ‘‘**વ્યક્તં મે કથયિષ્યન્તિ હસન્ત્યો ભ્રાતૃજામયઃ**’’ એ શ્લોક પર્યન્તના આશયને જણાવતું આ નામ છે. પ્રદ્યુમ્ન પોતાના બલના અભિમાનમાં કવચાદિ ધારણ કર્યા વિના રણમાં યુદ્ધ કરવા ગયા હતા. પરન્તુ ગદાનો પ્રહાર થતાં હૃદય વિંધાયાથી તેમનો ગર્વ ગલિત થયો. એટલે કવચ ધારણ કરી–નારાયણ કવચાદિ દૈવી કવચ પણ અંગમાં પરિધાન કરી સાવધાનપણે પુનઃ યુદ્ધભૂમિમાં પ્રવેશ કર્યો. આ રીતે પ્રભુએ તેમના અભિમાનનો–ગર્વનો વિનાશ કરેલો છે. તેનું સૂચન આ નામમાં કર્યું છે. ||૭૫||

૨૮ અધ્યાયના નામો નિરૂપણ કરે છે :

## તપશ્ચાદિદૃપ્તશાલ્વાદિઘાતકાય નમઃ ||૭૬||

તપશ્ચર્યા કરીને ગર્વિષ્ટ બનેલા શાલ્વ વગેરેનો ઘાત કરનાર પ્રભુને પ્રણામ.

ભગવાને તપશ્ચર્યા કરીને પ્રસન્ન કરેલા શંકરના વરદાનથી મહાઅભિમાની બનેલા શાલ્વને માર્યો. તેના વિમાનનો પણ નાશ કર્યો. એનું સૂચક આ નામ છે. વળી આ નામથી પ્રદ્યુમ્ન આદિનો નિરોધ પણ સિદ્ધ કરવામાં આવ્યો છે. ||૭૬||

## પુણ્યાદિહીનધર્મજ્ઞાપનહેતવે નમઃ ||૭૭||

પુણ્ય આદિથી હીન એવા ધર્મનું જ્ઞાપન કરવાના કારણરૂપ શ્રીકૃષ્ણને નમન.

આ પ્રકરણમાં શાલ્વને મારતાં પહેલાં યુદ્ધમાં માયાવી વસુદેવનો

મસ્તકચ્છેદ વગેરે જોવામાં આવતાં ભગવાન્‌ને પણ મોહ થયો એમ દર્શાવ્યું છે. તેથી કોઈને પણ પ્રભુમાં પ્રાકૃત બુદ્ધિ થાય તો મહાન અનિષ્ટ થાય. માટે આ નામ કથન કરવામાં આવ્યું. પુણ્ય-ભાગ્ય આદિથી જે ધર્મ પોતાના પિતા વસુદેવ ઉપર શાલ્વે કર્યો તેના તેવા પ્રકારે જણાવવાના હેતુરૂપ પોતે જ થયેલા છે. માયાથી આ રચના કરવામાં આવેલી છે એવું આપે જાણ્યું અને જોયું. માયારૂપ ભગવાન્ અસુરોને ઉપાસના કરવા યોગ્ય છે એટલે ભગવાને આસુરોને વ્યામોહ કરવાને માટે તેવા પ્રકારનો દેખાવ કરેલો છે. ''**તતો મુહૂર્ત આગત્ય પુરુષ**'' ત્યાંથી આરમ્ભી ''**તતો મુહૂર્ત પ્રકૃતાવુપસ્થિતઃ**'' એ શ્લોક સુધીનું આ નામ છે એમ જાણવું. ।।૭૭।।

સિદ્ધાન્તને સૂચન કરનાર આગળનું નામ જણાવે છે :

## મુખ્યસિદ્ધાન્તપ્રવર્તકાય નમઃ ।।૭૮।।

મુખ્ય સિદ્ધાન્તને પ્રવર્તાવિનાર પરમેશ્વરને નમસ્કાર.

સર્વ ભક્તોનો નિરોધ કરવો એ મુખ્ય સિદ્ધાન્ત છે. ઉપરનાં બન્ને નામો ''**શાલ્વાદિઘાતકાય નમઃ**'' એ નામનાં પહેલાં મુકવાં જોઈએ. પરન્તુ આ નામમાં મુખ્ય નિરોધ શાલ્વનો હતો તેથી તથા દુઃખ નિવારણ કરનાર હોવાથી પ્રથમ તે નામનો નિર્દેશ કરીને આ નામો કહ્યાં છે. મોહ વગેરે પ્રભુમાં જોવામાં આવતાં ભક્તોને વિપરિત ભાવ થાય માટે તેનું નિવારણ કરવાના હેતુથી આ નિરોધ સાધના કરનારાં બન્ને નામો કથન કર્યાં. ''**એવં વદન્તિ રાજર્ષે**'' ત્યાંથી આરમ્ભી ''**કુતો નુ મોહ પરમસ્ય સદ્‌ગતઃ**'' ત્યાં સુધીના આશયને સૂચવતું આ નામ છે. ।।૭૮।।

૨૯ અધ્યાયના નામો દર્શાવે છે :

## દન્તવક્ત્રવિદૂરથાદિમુક્તિહેતવે નમઃ ।।૭૯।।

દન્તવક્ત્ર વિદૂરથ આદિની મુક્તિના કારણરૂપ વિભુને વન્દન.

આ નામ ''**શિશુપાલસ્ય શાલ્વસ્ય પૌણ્ડ્રકસ્યાપિ દુર્મતેઃ**'' ત્યાંથી આરમ્ભી ''**શિરો જહાર રાજેન્દ્ર સકિરીટં સકુણ્ડલમ્**'' આ શ્લોક પર્યન્તના કથાભાગને જણાવનારું જાણવું. ।।૭૯।।

જરાસન્ધના ઉદ્યમથી આરમ્ભી વિદૂરથના વધ પર્યન્ત ક્ષત્રિય ધર્મના નામનો ઉપસંહાર કરવામાં આવેલો છે. તેનું સૂચન કરે છે :

## ક્ષત્રિયધર્મનાટ્યોપસંહારકાય નમઃ ।।૮૦।।

ક્ષત્રિય ધર્મ સમ્બન્ધી નાટ્યનો ઉપસંહાર કરનાર શ્રીહરિને અભિવન્દન.

જરાસન્ધના ઉદ્યોગથી આરમ્ભીને આપે ક્ષાત્રધર્મ સમ્બન્ધી નાટકનો આરમ્ભ કરેલો તે વિદૂરથના વધ સુધી જ છે. ત્યાર પછી આપે કોઈ પણ યુદ્ધ કર્યું

નથી. અને માત્ર સદુપદેશ જ આપેલો ભાગવતમાં જોવામાં આવે છે. આ નામ **''ત્વેવં સૌભં શાલ્વં ચ દન્તવક્ત્રં સહાનુજં હત્વા''** ત્યાંથી આરમ્ભીને એટલે સૌભ શાલ્વરાજા દન્તવક્ત્ર તથા તેનો નાનો ભાઈ વિદુરથ વગેરેને મારીને તે કથાભાગના શ્લોકથી આરમ્ભી **''વિવેશાલંકૃતાં પુરીમ્''** અલંકૃત નગરીમાં પ્રવેશ કર્યો. એ શ્લોક પર્યન્તના કથાભાગને અનુસરતું છે. ।।૮૦।।

હવે પછી યુદ્ધ નહિ કરેલું હોવાથી તેવું નામ દર્શાવે છે :

### ન્યસ્તશસ્ત્રાય નમઃ ।।૮૧।।

શસ્ત્રનો પરિત્યાગ કરનાર પ્રભુને પ્રણામ.

પુરાણાન્તરમાં આ પ્રમાણે પ્રસિદ્ધ રીતે દર્શાવ્યું છે કે : **''વિદુરથાંતમામથ્ય પૂતનાદિદનોઃકુલમ્''** પૂતનાથી આરમ્ભીને વિદૂરથ પર્યન્ત દૈત્યના કુલનું મથન કરીને ભગવાન્ શ્રીકૃષ્ણ વિરામ પામ્યા. શ્રીભાગવતમાં પણ વિદુરથ સુધી જ ક્ષાત્રધર્મનો પ્રકાર જોવામાં આવે છે. માટે આ નામ કહ્યું. વળી સ્નેહાલ ભક્તજનોને અન્તરાય વગર નિરોધ સિદ્ધ થાય તે હેતુથી પણ નિર્દેષ કરેલો છે. ।।૮૧।।

આગળ પોતાના આવેશથી અર્થાત્ પ્રત્યક્ષ નહિ પરન્તુ બીજા દ્વારા આવિર્ભાવ પામીને ચરિત્ર કર્યું તેવાં નામ કહે છે :

### બલદેવતીર્થયાત્રાપ્રવર્તકાય નમઃ ।।૮૨।।

બલદેવજીને તીર્થયાત્રામાં પ્રવૃત્ત કરાવનાર કૃષ્ણને નમન.

આ સાત્ત્વિક પ્રકરણ છે. તેમાં કેવળ ધર્મની પ્રવૃત્તિ જ યોગ્ય છે. માટે તે જ મુખ્ય કર્તવ્ય હોય. તે ધર્મ યજ્ઞ યાગાદિ કર્મ દ્વારા તથા તીર્થાદિના સેવન દ્વારા પ્રવૃત્ત થાય છે. તેમાં યજ્ઞરૂપ ધર્મ યુધિષ્ઠિર દ્વારા રાજસૂય યજ્ઞ કરીને સિદ્ધ કર્યો. તેમ પોતાના પિતા વસુદેવજી વિદ્યમાન હતા માટે તેમનો ત્યાગ કરીને પોતાનાથી યજ્ઞાદિ ક્રિયા થાય તે અયોગ્ય કહેવાય. જેથી તેમના દ્વારા પોતાની સહાયતાથી યજ્ઞયાગાદિ કરીને પણ તે સિદ્ધ કર્યો છે. તીર્થાટન રૂપ ધર્મ બલદેવ દ્વારા જ આપે સેવેલો છે. બલદેવજી પ્રભુની ક્રિયાશક્તિરૂપ છે એટલું તેમનું કાર્ય એ પોતાનું જ કાર્ય છે. બલદેવજી કૌરવોના પક્ષપાતી હતા. તેમને પોતાના શિષ્ય દુર્યોધન ઉપર બહુ જ પ્રીતિ હતી. તેથી ભૂમિના ભારને હરણ કરવાના કાર્યમાં બલદેવજી અન્તરાયરૂપ થાય એમ ઈચ્છતા ન હતા. તેથી ગમે તે ઉપાયથી પણ યુદ્ધ શાન્ત કરવાનો તેમનો ઉદ્દેશ હતો. માટે પ્રભુએ તેમનાં અન્તઃકરણમાં તીર્થાટન કરવાની બુદ્ધિ પ્રેરી. એટલે તે તીર્થયાત્રા કરવા ગયા. **''શ્રુત્વા યુદ્ધોદ્યમં રામઃ''** યુદ્ધનો ઉદ્યોગ પરસ્પર થઈ રહેલો છે એમ જાણી તે તીર્થયાત્રા કરવાને નિકળ્યા એમ મૂલમાં સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે. ।।૮૨।।

તીર્થસેવન કરવા ગયેલા તેઓ સત્વર આવે તો પણ ભૂમિના ભારને હરણ કરવામાં વિઘ્ન ઉપસ્થિત થાય, માટે સૂતપુરાણીના વધના નિમિત્તથી પુનઃ તીર્થયાત્રા તેમને કરવી પડી તે દર્શાવે છે :

## સૂતઘાતકાય નમઃ ॥૮૩॥

સૂતપુરાણીનો ઘાત કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર.

બલદેવ દ્વારા સૂતનો નાશ કરનાર પણ પોતે જ છે. કારણ કે તેના આયુષ્યના અવધિના નિમિત્તરૂપ તે હતા. માટે તેમને તેવી બુદ્ધિ પ્રેરીને તેનો ઘાત કરાવ્યો. વળી તે નિમિત્તથી પુનઃ તીર્થયાત્રાનો પ્રસંગ આવે તો પૃથ્વીના ભારને હરણ કરવામાં એટલે દુષ્ટ દુર્યોધનાદિકનો સંહાર કરવામાં પણ અન્તરાય ન ઉપસ્થિત થાય તેથી બલદેવ દ્વારા સૂતનો ઘાત કરનાર પોતે થયા. ॥૮૩॥

તીર્થયાત્રા થતાં સુધીમાં કૌરવોનાં યુદ્ધનો આરમ્ભ થઈ ગયો તેને સૂચન કરતું નામ કહે છે :

## પાર્થસારથયે નમઃ ॥૮૪॥

અર્જુનના સારથિ એવા ભગવાનને અભિવન્દન.

પૃથાપુત્ર અર્જુન અને શ્રીકૃષ્ણ એ બન્ને નર અને નારાયણ ભૂમિના ભારને હરણ કરવા માટે પ્રકટ થયા છે. તેથી ભક્તનું રક્ષણ અને ભક્તનો પક્ષપાત કરનાર આ નામ છે. ભક્તોની રક્ષા નારાયણ સ્વરૂપથી છે અને સંહાર નર સ્વરૂપથી થયો છે. એ બન્ને કાર્યો સિદ્ધ કરવા બન્નેની એકત્ર સ્થિતિ થયેલી છે. આ નામ ૨૩મા અધ્યાયનું છે. ॥૮૪॥

અર્જુન પ્રભુના ભક્ત છે. હું ક્ષાત્રધર્મથી–બલથી સર્વનો સંહાર કરીશ એમ અભિમાન થાય તો તેમના ભક્તપણામાં ખામી આવે અને અનિષ્ટ થાય. માટે યુદ્ધના આરમ્ભમાં તેમના મનમાં ખેદ પ્રકટ કરીને સાક્ષાત્ પોતાના મુખારવિન્દમાંથી ભક્તિરસાત્મક ગીતામૃત પ્રકટ કર્યું. તેથી તેમને અર્જુનને ક્ષાત્રધર્મનું અભિમાન થવાનો પ્રસંગ ન થાય. મનની દુર્બલતા પણ દૂર થાય અને તે દ્વારા ગીતામૃત વરસાવીને આખા જગત્‌નો પણ આગળ ઉપર ઉદ્ધાર થાય એવા આશયનું નામ જણાવે છે :

## અવ્યક્તગીતામૃતમહોદધિપ્રવર્તકાય નમઃ ॥૮૫॥

વ્યક્ત ન કરી શકાય તેવા ગીતામૃતના મહાસાગરને પ્રવર્તાવનાર પ્રભુને પ્રણામ.

જેનો પાર પામી ન શકાય તેવું મહાન ગીતામૃત છે. તેને શ્રવણ કરતાંની સાથે અર્જુનનો મોહ ઉતરી ગયો. ભક્તિરસમાં લીન થઈ ગયા. હું આપનો છું, આપને શરણે આવ્યો છું. આપની આજ્ઞા પ્રમાણે જ વર્તન કરીશ, એમ કહી

ભગવાનની આજ્ઞાથી–ક્ષાત્રધર્મના અભિમાનથી નહિ કિન્તુ પ્રભુના વચનોને માન્ય કરવાં જ જોઈએ. એમ ભક્તિરસમાં આવેશ પામીને જ યુદ્ધ કર્યું. એટલે પ્રભુએ પણ યુદ્ધમાં અનેક પ્રસંગે તેમનું રક્ષણ કર્યું. મહોદધિ પદથી એમ સૂચના કરે છે કે : જેમ મહાસાગર અગાધ છે–અવ્યક્ત છે; તેમ ગીતામૃત ભક્તિરસનો સાગર પણ અગાધ અને અવ્યક્ત છે, તેમાં જેમ રત્નો છે. તેમ અહિં પણ વિભાવ–અનુભાવ–સ્થાયીભાવ આદિ પુષ્ટિમાર્ગીય ભક્તિરસ રસપોષક અનેક ભાવો ભરેલા છે. ||૮૫||

આ પ્રમાણે ઉપદેશ આપીને યુદ્ધ કરાવ્યું તે દ્યોતન કરનાર નામનો નિર્દેશ કરે છે :

## કૌરવબલાન્તકર્ત્રે નમઃ ||૮૬||

કૌરવોના બલનો અન્ત કરનાર વિભુને વન્દન.

કૌરવોના બલનો અન્ત અર્જુન દ્વારા પોતે જ કરેલો છે. બલદેવજીની તીર્થયાત્રા પણ ત્યાં સુધીની જ છે. માટે જ મૂળમાં આ પ્રમાણે કહ્યું છે કે ''સર્વ રાજન્યનિધનં ભારં મેને હતં ભુવિ'' પૃથ્વીમાં સર્વ ક્ષત્રિયના નાશરૂપ ભાર દૂર થઈ ગયો એમ માનવા લાગ્યા. માત્ર ભીમ અને દુર્યોધનનું જ યુદ્ધ બાકી રહ્યું હતું. બલદેવજીએ કુરુક્ષેત્રમાં પધારીને તે બન્નેને બહુ જ સમજાવ્યા, પરન્તુ તેમણે તેમનાં વચનો માન્ય ન કર્યાં. એટલે ભગવદિચ્છા સમજી પાછા ફરી દ્વારકામાં પધાર્યા. બલદેવજી દુર્યોધનનો પક્ષ લેત પરન્તુ આ ભગવાનૂનું જ કાર્ય છે એમ જાણી તેમણે તેવું પગલું ન ભર્યું. તેમ દુર્યોધન દુષ્ટ હતો એમ સમજીને પણ તેનો પક્ષ લીધો નહિ અને ભગવદિચ્છાને જ આધીન થયા. ||૮૬||

## ઇતરપક્ષપાતનાશકાય નમઃ ||૮૭||

બીજા પક્ષનો નાશ કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર.

ઈતર–દુર્યોધન તેના પક્ષને નાશ કરનાર નહિ–ગ્રહણ કરનાર બલદેવ સ્વરૂપ ભગવાન જ છે. આટલે સુધીનું ચરિત્ર પ્રયોજન હોવાને લીધે આવેશ દ્વારા ભગવાને જ કરેલું છે. અને તેટલા માટે જ ''**પાર્થ સારથયે નમઃ**'' ઈત્યાદિ નામોનો તેમાં સમાવેશ કરેલો છે. એમ જાણવું. ||૮૭||

૩૧ અધ્યાયનું નામ જણાવે છે :

## સુદામારંકભાર્યાર્થ ભૂમ્યાનીતેન્દ્રવૈભવાય નમઃ ||૮૮||

સુદામાની રંક ભાર્યાને માટે ભૂમિમાં ઈન્દ્રના વૈભવને લાવનાર ભગવાનને નમન. ||૮૮||

૩૨ અધ્યાયનું નામ કહે છે :

## હેતુસ્થાપકાય નમઃ ॥૮૯॥

પોતાના હેતુને સ્થાપન કરનાર પ્રભુને પ્રણામ.

અયાચક વ્રત ધારણ કરનાર સુદામા પોતાની રંકભાર્યાની પ્રેરણાથી ને ભગવદ્દર્શન થવાની આશાથી દ્વારકામાં આવ્યા. પ્રભુએ તેમનો સમ્પૂર્ણ સત્કાર કર્યો. પણ કંઈ આપ્યું નહિ. માર્ગમાં જતાં-જતાં તેમનું માહાત્મય સંભારી-સંભારી આનન્દ પામવા લાગ્યા. અને હું નિર્ધન છું તે ધનવાન થઈ જાઉં તો પ્રમાદથી પ્રભુનું સ્મરણ કરું નહિ એમ જાણી મને ધન આપ્યું નહિ એવી જ કલ્પના કરવા લાગ્યા. આગળ પણ ઘેર આવ્યા ત્યારે અપૂર્વ લક્ષ્મી નિરખીને અત્યન્ત વિસ્મય પામી ગયા. તેનું પણ કારણ પ્રભુ છે એમ માન્યું. સુદામાના અન્તઃકરણમાં આવા નિર્મળ હેતુનો વિચાર આવ્યો તેના કારણરૂપ પણ પ્રભુ જ છે. ''**વિલોક્ય બ્રાહ્મણસ્તત્ર**'' ત્યાંથી આરમ્ભી ''**મહાવિભૂતેરવલોકતોન્યો નૈવોપપદ્યેત યદુત્તમસ્ય**'' એ શ્લોક પર્યન્તનું આ નામ છે.

૩૩ અધ્યાયનાં નામોનું નિરૂપણ કરે છે :

## દેશકાલાદિધર્મહિત્વનુસારિણે નમઃ ॥૯૦॥

દેશકાલ આદિ ધર્મના કારણને અનુસરનાર વિભુને વન્દન.

આ સ્થાને સાત્ત્વિક ભક્તોની અભીષ્ટ કામનાઓને પૂર્ણ કરી એમ નિરૂપણ કરે છે. તેમાં દેશ અને કાલ બન્ને તેનાં અંગ છે. માટે ભગવાન્ તે દેશ અને કાલને અનુસર્યા. દેશ કુરુક્ષેત્ર અને કાલ ખગ્રાસ સૂર્યગ્રહણનો સમય, જે પ્રલય થવાનું સૂચન કરનારો છે. તેવા પ્રસંગે જે દાન ધર્માદિ કાર્ય કરવાના હોય, જેથી સર્વ દોષ માત્રની નિવૃત્તિ થતી હોય, તે સર્વનો હેતુ જેમાં રહેલો છે તેને અનુસરનારા. એટલે આ સર્વ જાય છે તો આપણે પણ જવું જોઈએ યાત્રા દાન ધર્માદિ કર્મ કરવાં જોઈએ એમ માની તેનું અનુસરણ કર્યું; આ નામ ''**ત્વથૈકદા દ્વારકાયામ**'' એ શ્લોકથી આરમ્ભી ''**યયુસ્તે ભારતં ક્ષેત્રમ્**'' એ શ્લોક સુધીનું સમજવું. ॥૯૦॥

આવી તીર્થયાત્રાના પ્રસંગમાં સર્વને પરમ આનન્દકારક ઉત્સવ થાય છે. તેનું સૂચન કરનાર નામ કહે છે.

## યાત્રોત્સવપ્રવર્તકાય નમઃ ॥૯૧॥

યાત્રાના ઉત્સવને પ્રવર્તાવિનાર ભગવાનને અભિવન્દન ॥૯૧॥

યાત્રામાં જુદા-જુદા દેશોમાંથી આવેલા સ્નેહીજનોના સમાગમ થાય. શીતલ વૃક્ષોની છાયામાં બેસીને અનેક આનન્દ પ્રસંગો પ્રકટે. વગેરે યાત્રાના ઉત્સવને કથા-વાર્તા ઉપદેશ વગેરેથી પ્રવર્તાવિનાર પ્રભુ છે. આ નામ ''**તૈ રથૈર્દેવધિષ્ણ્યમર્વ્ય-રોચન્ત મહાભાગા**'' ત્યાંથી આરમ્ભી ''**ભુક્ત્વોપવિવિશુઃ કામં સ્નિગ્ધચ્છાયાંઘ્રિ-**

**પાઙ્ઘ્રિષ્વ**'' સુધીનું જાણવું. ॥૯૧॥

યાત્રામાં બીજા પણ અનેક જનો આવેલા હતા. તેમને પોતાનું દર્શન આપીને આનન્દ કરનાર થયા, તેવું નામ કહે છે :

## અખિલનયનામૃતાબ્ધિપૂરકાય નમઃ ॥૯૨॥

સર્વનાં નેત્રોમાં અમૃતસાગરને પૂર્ણ કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર.

સર્વ પ્રાણીમાત્ર પ્રભુનાં ત્રિભુવન સુન્દર સ્વરૂપને નિરખી-નિરખીને પોતાનાં નેત્રોમાં આનન્દના અમૃતસાગરના પૂરને વરસાવવા લાગ્યા-પ્રસન્ન બની ગયા. ''**તત્રાગતાંસ્તે દદશુ**'' ત્યાંથી આરમ્ભી '**એતાવદષ્ટપિતરૌ**' તે શ્લોક પર્યન્તના ભાવને જણાવનાર આ નામ છે. ॥૯૨॥

## ગોપિકાદિસાક્ષાત્કારહેતવે નમઃ ॥૯૩॥

ગોપિકાઓને સાક્ષાત્કારના કારણરૂપ શ્રીકૃષ્ણને નમન.

શ્રીમદ્‌ગોપીજનો પ્રભુનાં સાક્ષાત્ સ્વરૂપનું દર્શન પ્રાપ્ત કરીને બહુ જ આનન્દ પામ્યાં. ઘણા સમયના વિરહાગ્નિને શાન્ત કરવા લાગ્યાં. પ્રથમ ઉદ્ધવજી દ્વારા ઉપદેશથી પોતાના પ્રિયતમ ગોકુલનાયક શ્રીકૃષ્ણ સાથે આધિદૈવિક અભેદનું જ્ઞાન પામી પોતાનામાં શ્રીપુરુષોત્તમનું અભેદ જ્ઞાન થવાથી ઉત્કટ વિરહ તાપની શાન્તિનો અનુભવ કરવા લાગ્યાં તે સમ્બન્ધમાં મૂલમાં કહ્યું છે કે :

'**જ્ઞાત્વાત્માનમધોક્ષજમ્**' પોતાના આત્માને અધોક્ષજ શ્રીકૃષ્ણરૂપ સમજીને શાન્ત થયાં. તેમ અહિં પણ આધ્યાત્મિક શિક્ષણ પામીને અભેદ જ્ઞાન થવાથી પોતાનામાં જ બ્રહ્માત્મભાવ સિદ્ધ થતાં પરમ શાન્તિના અનુભવ થયો. ''**ગોપ્યાશ્ચ કૃષ્ણમુપલભ્ય**'' ત્યાંથી આરમ્ભી ''**અધ્યાત્મશિક્ષયા ગોપ્યાઃ**'' તે શ્લોક સુધી આશયને દર્શાવતું આ નામ છે. ॥૯૩॥

૩૪ અધ્યાયનું નામ કહે છે :

## રુક્મિણ્યાદિભક્તિસ્થાપકાય નમઃ ॥૯૪॥

રુક્મિણી આદિ પટરાણીઓમાં ભક્તિનું સ્થાપન કરનાર પ્રભુને પ્રણામ.

રુક્મિણી જેમાં આદિ-મુખ્ય છે એવા આઠ પ્રમુખ પટરાણીઓમાં પ્રભુએ આ સમયે ભક્તિનું સ્થાપન કરેલું. એમનાં અન્તઃકરણમાં ભગવાનના ગુણાનુવાદ દ્રૌપદીના આગળ ગાવામાં-વર્ણન કરવામાં હેતુરૂપ પોતાની ભક્તિનું સ્થાપન જ છે. દ્રૌપદીએ પ્રશ્ન કર્યો કે પ્રભુ શ્રીકૃષ્ણે તમને કેવી રીતે અંગીકાર કર્યા છે તે કહો. એટલે સર્વ પટરાણીઓની ભગવાનના ચરણારવિન્દમાં અત્યન્ત સ્પૃહા ઉત્પન્ન થઈ. ભગવાને તેમના શ્રીહસ્તને ગ્રહણ કરીને ભક્તિ તેમનામાં સ્થાપન કરી. જો પ્રભુએ તેમનો સ્વીકાર ન કર્યો હોત તો તે ભક્તિ તેમનામાં હોત નહિ. આ નામ દ્રૌપદીના

પ્રશ્નના પ્રત્યુત્તર સુધીનું છે એમ જાણવું. ॥૯૪॥

૩૫ અધ્યાયનાં નામ કહે છે :

## સન્માર્ગસ્થાપકાય નમઃ ॥૯૫॥

સન્માર્ગનું સ્થાપન કરનાર શ્રીવાસુદેવને વન્દન.

ભગવાનના દર્શનની અભિલાષાથી અને સમાગમ પ્રાપ્ત કરવાની ઉત્કણ્ઠાથી વ્યાસ નારદ આદિ મુનિવર્યો કુરુક્ષેત્રમાં પધાર્યા. તેમનું શ્રીકૃષ્ણ વિગેરેએ અત્યન્ત સન્માન કર્યું-પૂજન કર્યું. અને તેમના માહાત્મ્યને દર્શાવી વન્દન કર્યું. એમ પોતાના આચરણથી જ સન્માર્ગનું સ્થાપન કરી દર્શાવ્યું છે. ''**પાણ્ડવાઃ કૃષ્ણરામૌ ચ પ્રણેમુ**'' એ શ્લોકના આશયને સૂચન કરનાર આ નામ સમજવું. ॥૯૫॥

## વસિષ્ઠાદિસેવિતચરણાય નમઃ ॥૯૬॥

વસિષ્ઠ આદિથી જેમનાં ચરણોનું સેવન થાય છે એવા ભગવાનને અભિવન્દન.

વસિષ્ઠ વગેરે ઋષિગણો પણ ત્યાં પ્રભુ દર્શનને માટે આવ્યા હતા. તે પણ પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. તેમના ચરણારવિન્દમાં પ્રીતિને પ્રાપ્ત કરી. ''**યન્માયયા તત્ત્વવિદુત્તમા વયં વિમોહિતાઃ**'' જે પરમાત્માની માયાથી તત્ત્વવેત્તાઓમાં ઉત્તમ એવા અમે પણ મોહ પામી ગયા છીએ. તે પ્રભુના ચરણારવિન્દમાં પ્રણામ. એમ પ્રભુના ચરણકમલનું સેવન કરવા લાગ્યા. તે આશયનું આ નામ છે. ॥૯૬॥

## વસુદેવમહોત્સવકર્ત્રે નમઃ ॥૯૭॥

વસુદેવના યજ્ઞમહોત્સવને કરનાર વાસુદેવને વન્દન.

કુરુક્ષેત્રમાં પધારેલા મુનિઓનું સન્માન કરી તેમને નમન કરીને વસુદેવે મહાન યજ્ઞનો આરમ્ભ કર્યો. ભગવાને પણ તે યજ્ઞમહોત્સવમાં અપૂર્વ સહાયતા કરી. શ્રીવસુદેવજીએ મુનિઓને પૂછેલો પ્રશ્ન અને તેમણે દર્શાવેલો નિષ્કામ કર્મમાર્ગ, અને તેથી થયેલી યજ્ઞ કરવાની ઈચ્છા એ સર્વ પ્રભુની જ પ્રેરણા છે. માટે તે જ પોતે યજ્ઞ મહોત્સવ કરનાર છે. '**નમોઃ વઃ સર્વદેવેભ્યઃ**' ત્યાંથી આરમ્ભી '**યદાસીતીર્થયાત્રાયાં**' એ શ્લોક સુધીનું આ નામ છે. ॥૯૭॥

સાત્ત્વિક પ્રકરણની સમાપ્તિ થઈ, હવે ગુણ પ્રકરણનો આરમ્ભ કરે છે. ૩૬ અધ્યાયનાં નામોનું નિરૂપણ કરે છે :

## વસુદેવજ્ઞાનબોધકાય નમઃ ॥૯૮॥

વસુદેવને જ્ઞાનનો બોધ કરનાર શ્રીકૃષ્ણને નમન.

પ્રથમ પ્રકરણમાં સર્વનો નિરોધ દર્શાવ્યો છે. તેથી કરીને ગુણ સહિત ભગવાન્ પોતાના સ્વરૂપથી તેમનાં તે-તે ભગવદીયોનાં અન્તઃકરણમાં સ્થિર

વિરાજમાન થઈને રહેલા છે એમ નિરૂપણ કર્યું. આ પ્રકરણમાં વસુદેવાદિકોનો નિરોધ કરેલો છે. તેથી પોતાનું ઐશ્વર્યાદિ ષડ્ગુણ સમ્પન્ન સ્વરૂપ તેમનામાં-વાસુદેવાદિકોમાં સ્થાપન કરવું જોઈએ. પ્રથમ યજ્ઞ કરવાથી ચિત્તશુદ્ધિ થતાં તેમ જ નારદજીના વાક્યોથી ભગવાન્ના માહાત્મ્યનું જ્ઞાન થવાથી પ્રભુમાં બ્રહ્મપણાનું ભાન થયું. પુત્રત્વબુદ્ધિ દૂર થઈને તેમનામાં તત્ત્વરૂપે આ પૂર્ણબ્રહ્મ છે એમ જ્ઞાન થયું. આ પ્રમાણે ઉપદેશ દ્વારા જ્ઞાન થવાથી તે ખણ્ડજ્ઞાન ન થાય માટે કૃષ્ણવત્ આ સર્વ છે. એમ અખણ્ડ જ્ઞાન પ્રાપ્ત કરવા પોતે જ્ઞાનનો બોધ કરેલો છે. તે આ નામ છે **''અથૈકાત્મજૌ પ્રાપ્તૌ''** આ શ્લોકથી આરમ્ભી **''ખં વાયુર્જ્યોતિ''** એ શ્લોક પર્યન્તનું આ નામ છે. ||૯૮||

આ રીતે વસુદેવજીને અખણ્ડાદ્વૈત જ્ઞાનનો ઉપદેશ કરીને દેવકી માતાના પણ મનના તાપને દૂર કરવો જોઈએ માટે તેનું સૂચન કરે છે.

## દેવકીમનઃપીડાપનોદકાય નમઃ ||૯૯||

દેવકીજીના મનની પીડાને દૂર કરનાર દેવકીનન્દનને નમસ્કાર.

ભગવાનને અહિંના સર્વનો ઉદ્ધાર કરવો જોઈએ, એટલે પોતાના પ્રકટ થતાં પહેલાં સ્વભ્રાતાઓને પોતાના નિમિત્તથી જ મારવામાં આવેલા, તો તેમનો પણ ઉદ્ધાર કરવો જ જોઈએ. માટે દેવકીજીને તે બાલકોને જોવાની ઉત્કણ્ઠા ઉત્પન્ન કરી. જેમ ગુરુના પુત્રને લાવી આપ્યો હતો, તેમ મારા પુત્રોને અહિં લાવી મને દર્શાવો. એમ માતા દેવકીજી પોતાના મનની પીડા પ્રભુને નિવેદન કરવા લાગ્યાં. અત્યાર સુધી પુત્રને નિરખવાની ઈચ્છા તેમના મનમાં જ રહેલી હતી. પુત્રવિયોગનો શોક થયા કરતો હતો. પરન્તુ પ્રભુએ તેમને દર્શાવવાનું અંગીકારતાંની સાથે જ તે પીડા-તે શોક દૂર થઈ ગયો. તેથી આ નામ યોજ્યું **''કૃષ્ણરામૌ સમાશ્રાવ્ય''** ત્યાંથી આરમ્ભી **''એવં સઞ્ચોદિતૌ માત્રા''** તે શ્લોક સુધીના આશયને દર્શાવનાર આ નામ છે. ||૯૯||

ત્યાર પછી સુતલમાં પ્રવેશ કર્યો. તેનું સૂચક નામ જણાવે છે.

## દેવાદિભક્તશાપાદિદોષનાશકાય નમઃ ||૧૦૦||

દેવોમાં આદિ ભક્ત-બ્રહ્માના શાપ આદિનો નાશ કરનાર પ્રભુને પ્રણામ.

એ દેવકીના છ પુત્રો મરીચિના પુત્રો હતા. સરસ્વતીમાં કામની પ્રવૃત્તિ કરનાર બ્રહ્મદેવને જોઈ તેમના સ્વરૂપથી અજ્ઞાન તે તેમનું હાસ્ય કરવા લાગ્યા. તે દોષથી તેઓ આસુરી યોનિમાં જન્મ્યા અને હિરણ્યકશિપુથી ઉત્પન્ન થયા. પછી તેઓ દેવકીજીના ઉદરમાં પ્રવિષ્ટ થયા અને કંસે તેમનો નાશ કર્યો. જેથી દેવકીને તેમને જોવાની ઉત્કણ્ઠા ઉત્પન્ન થઈ. સર્વદેવોમાં આદિરૂપ બ્રહ્મા તે પ્રભુના ભક્ત છે. કેમ કે ભગવાને જ તેમના અન્તઃકરણમાં કામરૂપે પ્રેરણા કરેલી હતી, તેથી તે

સરસ્વતીનું સેવન કરવા પ્રવૃત્ત થયા. તેમનામાં કપટ ન હતું. વિષયવાસનાથી તે પ્રવૃત્ત થયા ન હતા. તેટલા માટે સમજ્યા વિના એ મરીચિ પુત્રો તેમને હસવા લાગ્યા. તેથી તેમને આસુર યોનિમાં જન્મ પામવા રૂપ શાપ થયો. શાપ સાથે આદિપદ પણ મુકેલું છે એટલે બીજા પણ કલેશો સમજી લેવા. તે-તે કલેશોનો પણ પ્રભુએ વિનાશ કર્યો. ''**તસ્મિન પ્રવિષ્ટાવુભલભ્યે**'' ત્યાંથી પ્રારમ્ભ કરીને ''**ષડિમે મત્પ્રસાદેન પુનર્યાસ્યન્તિ**'' એ શ્લોક પર્યન્તના આશયને જણાવનાર આ નામ છે. ઉદ્ધાર એટલે નીચેનાં સ્થાનમાં ઉપર જવું. તેમાંય વળી દ્વારકા તો વૈકુણ્ઠપુરી જ છે, ત્યાં તેમણે લાવ્યા એ એમનો પરમ ઉદ્ધાર જ કરેલો છે. ||૧૦૦||

## દેવકીમૃતીપત્યદાત્રો નમઃ ||૧૦૧||

શ્રીદેવકીજીને મરણ પામેલા બાલકોનું દાન કરનાર દેવકીનન્દનને વન્દન.

કંસે મારેલા બાલકો દેવકીજીને દર્શાવ્યા. તેમના મનને પ્રસન્ન કર્યું અને તેમ કરીને મરીચીપુત્રોનો ઉદ્ધાર કર્યો. આ નામ ''**ઈત્યુક્ત્વા તાન્સમાદાય**'' ત્યાંથી આરમ્ભી ''**માતુઃપુત્રાનયચ્છતામ્**'' ત્યાં સુધીના ભાવને દર્શાવનાર છે. ||૧૦૧||

પુત્રના દર્શન વડે તેમના સ્નેહથી ઉત્પન્ન થયેલો માતૃધર્મ પ્રકટ્યો. તેવા નામનું સૂચન કરે છે :

## દેવકીસ્તનન્ધયાય નમઃ ||૧૦૨||

શ્રીદેવકીજીનાં સ્તનોને ધાવનાર ભગવાનને અભિવન્દન.

તે બાલકોને જોઈને દેવકીજીના સ્તનોમાં દૂધની ધારા ઝરવા લાગી. માતૃપ્રેમ પ્રકટ થઈ ગયો. તે છ બાલકોને સ્તનપાન કરાવ્યું. ''**તાન્ દૃષ્ટ્વા બાલકાન્ દેવી**'' ત્યાંથી આરમ્ભી ''**અપાયત્ સ્તનં પ્રીતા**'' ત્યાં સુધીના આશયને વ્યક્ત કરનાર આ નામ છે. ||૧૦૨||

તેમને કેવલ સ્તનપાન થયું એટલું જ નહિ પરન્તુ તેના સ્પર્શમાત્રથી જ અપૂર્વ સુખ અનિર્વચનીય આનન્દ ઉત્પન્ન થયો. તેવા ભાવનું નિરૂપણ કરે છે :

## ભક્તાચિન્ત્યસુખદાત્રે નમઃ ||૧૦૩||

ભક્તને અચિન્ત્યસુખનું દાન કરનાર શ્રીકૃષ્ણને નમન.

પોતાથી પરમભક્તા માતાને અચિન્ત્ય-જેનો વિચાર પણ ન કરી શકાય તેવું અપૂર્વ સુખ થયું. પુત્રના સ્પર્શથી પ્રેમમાં પ્લુત થઈ ગયાં, તરબોળ બની ગયાં. આવું અપૂર્વ અલૌકિક સુખ પ્રભુની કૃપા વિના ક્યાંથી અનુભવાય ? અથવા ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થવાથી-તેમના અખણ્ડ આનન્દઘન સ્વરૂપનો અનુભવ થવાથી-અચિન્ત્ય-અનિર્વચનીય સુખ માતાજીને થયું. તેવા સુખનું દાન

કરનાર પ્રભુ છે. ''**સુતસ્પર્શપરિપ્લુતા**'' ત્યાંથી આરમ્ભી ''**દૃષ્ટ્વા દેવકી મૃતાગમન–નિર્ગમમ્**'' ત્યાં સુધીના શ્લોકોમાંના પુત્રના સ્પર્શનો અપૂર્વ આનન્દ પ્રાપ્ત કરતાં માતા દેવકી મરેલા બાળકોનું આવવું અને પાછું ત્યાં ચાલ્યા જવું વગેરે જોઈને આ શ્રીકૃષ્ણની રચેલી માયા છે એમ માનતા બહુ જ વિસ્મય પામી ગયાં. એ કથા ભાગના તાત્પર્યને દર્શાવતું આ નામ છે. ।।૧૦૩।।

૨૭ અધ્યાયનાં નામ નિરૂપણ કરે છે :

**સુભદ્રાવિવાહહેતવે નમઃ ।।૧૦૪।।**

સુભદ્રાના વિવાહના હેતુ રૂપ ભગવાનને નમસ્કાર.

અર્જુનજી તીર્થયાત્રામાં પર્યટન કરતાં દ્વારકામાં આવ્યાં ત્યાં સુભદ્રાના સ્વરૂપને જોઈ મુગ્ધ થયા. બલદેવજીને સુભદ્રા કૌરવ રાજા દુર્યોધનને આપવી એમ વિચાર હતો. પરન્તુ પ્રભુને તો તે કુલનો સર્વથા સંહાર કરવાનો હોવાથી તથા દુર્યોધન દુષ્ટ અને અભિમાની હોવાથી અર્જુનને આપવી એમ હતું. વસુદેવ અને દેવકીજીને પણ તેવો જ વિચાર હતો. એટલે અર્જુનને સુભદ્રાનું હરણ કરવાની બુદ્ધિ પ્રેરી અને પોતે જ તેમાં સમ્મત થયા. તેથી સુભદ્રાનો અર્જુનજીની સાથે વિવાહના કારણરૂપ આપ પોતે જ છે. '**અર્જુનસ્તીર્થયાત્રાધામ**' ત્યાંથી આરમ્ભી ''**પ્રાર્હિણોત્ પરિબર્હાણિ**'' એ શ્લોક પર્યન્તના ભાવને ઉપજાવનાર આ નામ છે. ।।૧૦૪।।

જેમ ભગવાન્ પોતાના ભક્ત અર્જુનને પ્રસન્ન કરવા પોતાની બેન પણ તેમને આપી, તેમ અન્ય માર્ગથી જ્ઞાનમાર્ગ દ્વારા પરમ ભક્ત થયેલા શ્રુતદેવ અને જનક રાજાને પ્રસન્ન કરવા પોતે જાતે સકલ મહર્ષિગણ સહિત તેમને ત્યાં પધાર્યા. માટે પોતે પ્રભુ માનરહિત હોવા છતાં પોતાના ભક્તજનને અત્યન્ત માન આપનાર છે. ''**અમાની માનદઃ**'' એમ તેથી જ મહાભારતમાં વિષ્ણુસહસ્રનામમાં આપનું સ્તવન કર્યું છે. એ પ્રસંગને અનુસરતું નામ દર્શાવે છે :

**જનકાદિજ્ઞાનિમનોરથપૂરકાય નમઃ ।।૧૦૫।।**

જનક આદિ જ્ઞાનીઓનાં મનોરથ પૂર્ણ કરનાર પ્રભુને પ્રણામ.

જનક જેમાં મુખ્ય છે એવા જ્ઞાનીઓ જ્ઞાનમાર્ગમાં નિપુણ છે. તો પણ તેમના ઉપર મહાન અનુગ્રહ કરી આપે ભક્તિનું દાન તેમને કરેલું છે. પોતે સ્વયં પધારી તેમની સેવાનો અંગીકાર કર્યો એ ભક્તિનું પરમ દાન છે. ''**તયોઃ પ્રસન્નો ભગવાન્**'' ત્યાંથી આરમ્ભી ''**ઉવાસ કુર્વન્ કલ્યાણં મિથિલાનરયોષિતામ્**'' એ શ્લોક પર્યન્તના અર્થને સૂચવતું આ નામ છે. ભગવાન્ તે બન્ને ઉપર જનકરાજા અને શ્રુતદેવ પર પ્રસન્ન થઈ તેમના નગરનાં નરનારીઓનું કલ્યાણ કરવા કેટલા સમય સુધી મિથિલાપુરીમાં પ્રભુએ નિવાસ કર્યો. એ પ્રમાણે તેમના મનોરથોને આપે પૂર્ણ

કર્યા ||૧૦૫||

જનકરાજાની પેઠે શ્રુતદેવ બ્રાહ્મણ ઉપર તેવો જ અનુગ્રહ કર્યો, તેમ નિરૂપણ કરે છે :

## શ્રુતદેવાદ્યુપાસકસન્માર્ગબોધકાય નમઃ ||૧૦૬||

શ્રુતદેવ આદિ ઉપાસકોને સન્માર્ગનો બોધ કરનાર ભગવાનને વન્દન.

શ્રુતદેવ વગેરે ઉપાસકો આ સ્થલે શ્રુતદેવ ઉપાસના કરનાર છે. માટે તેમનું નામ પ્રથમ મુકેલું છે. તે સર્વ ઉપાસકોને સન્માર્ગ–ભગવન્માર્ગનો ઉપદેશ કરનાર પોતે પ્રભુ જ છે. જેમ મારા ઉપર આપ સર્વનો ભાવ છે તેમ મારા ભક્ત બ્રાહ્મણો ઉપર પણ તેવો જ ભાવ રાખવો તે પ્રમાણે બોધ કરનાર એવા ભગવાનને વન્દન કરે છે. ''**શ્રુતદેવોઽચ્યુતં પ્રાપ્તમ્**'' ત્યાંથી આરમ્ભી ''**ઉષિત્વાદિશ્ય સન્માર્ગમ્**'' એ શ્લોક સુધીના આશયને જણાવનાર આ નામ જાણવું. ||૧૦૬||

૩૮મા અધ્યાયનાં નામ નિરૂપણ કરે છે :

## અખિલનિગમનિજજનસંસ્તુતાય નમઃ ||૧૦૭||

સર્વ વેદ એ જ નિજજનોથી સ્તુતિ કરાતા ભગવાનને અભિવન્દન.

સકલ વેદ એ પ્રભુના નિજજનો છે–બન્દિજનો છે. જેમ બન્દીજનો શયન કરતા રાજાને જાગ્રત કરવા તેની સ્તુતિ કરે છે, તેમ સકલ વેદ નિરન્તર પ્રભુનું યશોગાન ગાય છે માટે તેને નિજજન કહ્યા છે. પ્રભુના પરાક્રમનું તેમની લીલાનું વર્ણન કરનાર વેદ હોવાથી તે ભગવદ્રૂપ જ છે. તેથી પણ તે નિજજન કહેવાય. તેવા નિજજન–ભગવદીય વેદો વડે સુન્દર રીતે સ્તુતિ કરતા ભાગવતમાં વેદસ્તુતિ પ્રકરણના અધ્યાયના આશયને જણાવનાર આ નામ છે. વેદસ્તુતિના પ્રત્યેક શ્લોકનું વરણ શ્રીસુબોધિનીજીમાં ઉત્તમ પ્રકારે કરેલું છે. તે સર્વ સામુદાયિક અર્થવાચક આ નામ છે. શ્રુતિઓએ જે નિરૂપણ કર્યું છે તે જ શ્રીકૃષ્ણ શબ્દથી પ્રતિપાદન કરવામાં આવતા પરબ્રહ્મ જ છે. ગીતામાં આજ્ઞા કરે છે કે : ''**વેદૈશ્ચ સર્વ રહમેવ વેદ્યઃ**'' સર્વ વેદો વડે હું જ જાણવા યોગ્ય છું. માટે જ સર્વ વેદોથી સ્તુતિ કરાતા પ્રભુ એમ કહે છે. શ્રુતિઓ ભગવાનને તેમનાં કરેલાં પરાક્રમો તેમને સંભળાવે છે. જેમ બન્દીજનો રાજાના કરેલાં પરાક્રમો રાજાને સંભળાવે તેમ બન્દીજનો જાગ્રત કરવાના અધિકારને ધરાવનાર છે. કારણ કે તે વિદ્યોપજીવી છે. તેમ વેદોનું પણ ઉપજીવન પ્રભુ છે. તે પ્રભુનાં યશોગાન ઉપર જ નીભનારા છે. તે જ તેમનું પરમ ફળ છે. માટે તેમનો પણ પ્રભુને જાગ્રત કરવાનો સમ્પૂર્ણ અધિકાર છે. જેથી શ્રુતિઓ તેમનું સ્તવન કરે છે. વળી જાગ્રત થયેલા પ્રભુ ક્વચિત્ સાક્ષાત્ દર્શન આપે, કદાચિત્ નિજ આનન્દ પણ આપે, એમ શ્રુતિઓના મનની અભિલાષા છે. એટલે શ્રુતિઓનું વેદોનું

નિજજનપણું-બન્દીજનત્વ સ્વતઃ સિદ્ધ જ છે. તેથી તે યોગ નિદ્રામાં આવિષ્ટ થયેલા પ્રભુની સ્તુતિ કરી જાગ્રત કરે છે. પ્રભુ તો જાગ્રત જ છે. એ કોઈ દિવસે માયાને આધીન થતા નથી. જીવની માફક તે નિદ્રાથી પરાભવ પામતા નથી. પ્રભુએ યોગનિદ્રા લીલામાત્ર જ ગ્રહણ કરી છે. સર્વદા આપ સ્વતન્ત્ર જ છે. જ્યારે ક્વચિત્ આપ માયાને અંગીકાર કરે છે. ત્યારે જ વેદ તેમની સ્તુતિ કરવાને પ્રવૃત્તિમાન થાય છે-સમર્થ થાય છે. નહિ તો પરબ્રહ્મ શ્રીકૃષ્ણ વેદથી પણ અગમ્ય જ છે. કેમ કે વેદો તેમના નિઃશ્વાસરૂપ છે. ''**યસ્ય નિશ્વસિતં વેદાઃ**'' એમ સ્પષ્ટ શ્રવણ થાય છે. એટલે પૂર્ણ બ્રહ્મના સમ્પૂર્ણ સ્વરૂપને વેદો પણ વર્ણન કરવાને અશક્તિમાન છે. તો ઈતરની તો વાત જ શી ? આપ આપની માયા શક્તિનો આવિર્ભાવ કરીને પ્રકટ દશ્યમાન થાય ત્યારે તેમની સ્તુતિ નિજજનો વેદબન્દીજનો કરે છે. એ અર્થ આ નામમાં રહેલો છે. એમ સમજવું. ||૧૦૭||

સર્વને અગમ્ય પ્રભુ છે એમ પ્રતિપાદન કરે છે :

**સર્વાગમ્યસ્વરૂપાય નમઃ ||૧૦૮||**

સર્વને અગમ્ય જેમનું સ્વરૂપ છે એવા વિભુને નમસ્કાર.

શ્રુતિઓએ જ્યારે પ્રભુનાં ગુણોનું વર્ણન કર્યું ત્યારે આપ પ્રસન્ન થયા અને પોતાના સ્વરૂપનું જ્ઞાપન કરવા લાગ્યા. છતાં પણ સમ્પૂર્ણ રીતે પ્રભુને જાણવાને તે શક્તિમાન્ તો નથી જ. કારણ કે ''**યતો વાચો નિવર્તન્તે**'' જે જે પ્રભુના અખણ્ડ આનન્દઘન સ્વરૂપ આગળ વાણી પણ નિવૃત્ત થઈ જાય છે. એટલે તેમનું સ્વરૂપ સર્વને અગમ્ય હોય એ સ્વાભાવિક જ છે. પરબ્રહ્મ શ્રીકૃષ્ણ એ અનિર્વચનીય પરમ કાષ્ઠાપન્ન વસ્તુ છે. ''**આનન્દં બ્રહ્મણો વિદ્વાન્**'' તેવા પરબ્રહ્મના આનન્દને જાણનાર કોઈથી ભય પામતો નથી. આ પ્રમાણે સર્વ શ્રુતિઓ વડે જેમનું સ્વરૂપ અગમ્ય છે. ક્વચિત્ પુષ્ટિ શ્રુતિઓથી જ માત્ર તે ગમ્ય થઈ શકે છે. માટે જ શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે-ઉત્તમ શબ્દાર્થનો જેવો સમ્બન્ધ માનવામાં આવ્યો હોય તેવા શબ્દાર્થને વિવેચન કરવા માટે પ્રભુએ આ શ્રુતિગાન પ્રવર્તાવ્યું છે. તેમાં સ્પષ્ટ છે કે ''**કૃષ્ણાનન્દ પરાનન્દો નાન્યાનન્દસ્તથાવિધ. વેદા અપિ ન તચ્છક્તાઃ પ્રતિપાદયિતું સ્વત**'' શ્રીકૃષ્ણનો આનન્દ પરમોત્કૃષ્ટ આનન્દ છે, તેવા પ્રકારનો બીજાનો આનન્દ છે જ નહિ. તે આનન્દઘનના સ્વરૂપને પ્રતિપાદન કરવાને સ્વતઃ વેદો પણ શક્તિમાન થતા નથી. માટે સર્વથી અગમ્ય આપનું સ્વરૂપ છે. એમ આ નામમાં દર્શાવવામાં આવ્યું. ||૧૦૮||

ભગવાને શ્રુતિઓ દ્વારા કરેલું તે જ જ્ઞાન છે. શ્રુતિએ તે કેવા પ્રકારે નિરૂપણ કર્યું છે. તે જણાવે છે :

## ઐશ્વર્યાદિષડ્ધર્મસ્થાપકાય નમઃ ||૧૦૯||

ઐશ્વર્ય આદિ ષટ્ ધર્મનું સ્થાપન કરનાર ભગવાનને નમન.

શ્રીકૃષ્ણ પોતે સત્ત્વ, રજ અને તમોગુણથી અને તેના ધર્મથી રહિત નિર્ગુણ-નિર્ધર્મક પરબ્રહ્મ છે. તો પણ પોતે ઐશ્વર્ય-વીર્ય-શ્રી-યશ-જ્ઞાન-વૈરાગ્ય એમ ષડ્ગુણ સમ્પન્ન છે. તેથી જ તેમને ભગ-ઐશ્વર્યાદિ ષડ્ અલૌકિક ધર્મવાન ગુણસમ્પન્ન ભગવાન્ એમ કહે છે. આપ ભૂતલ ઉપર એ ષડ્ગુણો-ધર્મો સહિત ધર્મીરૂપે પધારીને પોતાના ષટ્ દિવ્ય ગુણો-ધર્મોને પોતાના ભક્તજનોમાં સ્થાપન કર્યા. સર્વ રસો જેમ સાગરમાં વિલીન થાય; સર્વ ધર્મો જેમ ધર્મી સ્વરૂપમાં વિલીન થાય, તેમ સર્વ શ્રુતિઓ-શ્રીમત્ગોપીજનો પ્રભુના સ્વરૂપમાં આસક્ત થઈને તેમનું યશોગાન કરે છે. જેથી અનન્ય ભક્તજનો તો સર્વનો પણ પરિત્યાગ કરીને પ્રભુનો જ આશ્રય કરે છે-સર્વ ઈન્દ્રિયોનો વિનિયોગ પ્રભુમાં જ કરે. પોતાની સર્વ વૃત્તિઓ પ્રભુમાં જ જોડે. કેટલાક વાક્યાર્થનું જ્ઞાન ન હોવાથી કેવલ નિર્ધર્મક બ્રહ્મ છે એમ કહે છે. પરન્તુ શ્રુતિઓ તો આ સર્વ અખણ્ડ સચ્ચિદાનન્દ રૂપ છે એમ સ્પષ્ટ નિરૂપણ કરે છે અને તેનું જ સેવન કરવાનું સૂચવે છે. જેથી પરબ્રહ્મ ભગવાન્ શ્રીકૃષ્ણમાં અલૌકિક ઐશ્વર્ય-વીર્યાદિ સર્વ ધર્મ સર્વ કાર્ય કરવાને સમર્થ-કર્તું, અકર્તું અન્યથા કર્તું, સર્વથા સમર્થ સર્વદા રહેલા છે. શ્રુતિઓ આ પ્રમાણે પ્રભુમાં ધર્મનું પ્રતિપાદન કરે છે, શ્રુતિ દ્વારા પોતે પ્રભુ જ સર્વ ધર્મ માત્રનું સ્થાપન કરનાર થયા છે. તેથી આ નામનો નિર્દેશ કરવામાં આવ્યો. આ ત્રણે નામો વેદસ્તુતિના ૩૮મા અધ્યાયને અનુસાર સમજવાં. ||૧૦૯||

૩૯ મા અધ્યાયનાં નામ કહે છે :

## ભક્તદુષ્ટવૈભવનાશકાય નમઃ ||૧૧૦||

ભક્તના દુષ્ટ વૈભવનો નાશ કરનાર પ્રભુને પ્રણામ.

ભક્તજનને પ્રભુની સેવામાં બાધકરૂપ થતા વૈભવો-પ્રાપ્તિમાં વિઘ્નરૂપ છે, તેવા વૈભવો ઉત્તમ હોય તો પણ દુષ્ટ જ છે. એવા ભક્તજનના દુષ્ટ વૈભવને આપ સાંખી શક્તા નથી. તેના તેવા વૈભવને ગમે તે ઉપાયે નાશ કરીને પોતાની સેવામાં સરલતા પ્રાપ્ત કરી આપે છે એવા પ્રભુ પરમ કૃપાનિધાન છે.

દેવ, દૈત્ય અને મનુષ્યોમાં જે અશિવ-અમંગલ શંકરનું આરાધન કરનારા ભક્તો ઘણું ખરું ધનવાન થાય છે. પરન્તુ લક્ષ્મીપતિ શ્રીહરિનું આરાધન કરનારા ધનવાન-વૈભવવાન થતા નથી. કારણ કે પ્રભુ તેમને ધનનું દાન કરતા નથી. જે ધન પ્રભુમાં અન્તરાય રૂપ હોય-માયા મોહ ઉપજાવનાર હોય-પ્રભુના પ્રેમને વિસારી દેનાર હોય તેવું ધન ભક્તને આપે તો ભક્તનું મન પોતાના ઉપર દૃઢ સ્નેહવાળું રહે

નહિ. કદાચ તેની પાસે તેવો ધન-વૈભવ હોય તો તેને પણ હરણ કરી લે, તો આપે તો ક્યાંથી જ ? અશ્વમેધ યજ્ઞ થઈ ગયા પછી યુધિષ્ઠિરે ભગવાનને પ્રશ્ન કર્યો હતો કે : આપનું સેવન કરનારા બહુધા અર્થાત્ ધ્રુવ, પ્રહ્લાદ વગેરેનો અપવાદ દૂર કરતાં ઘણું ખરું ધન વિનાના-વૈભવથી વિમુખ કેમ થાય છે ? તેના પ્રત્યુત્તરમાં પ્રભુએ આજ્ઞા કરી કે '**યસ્યાહમ્ અનુગૃહ્ણામિ હરિષ્યે તદ્ધનં શનૈઃ**' 'જેના ઉપર હું અનુગ્રહ કરવાની ઈચ્છા કરું છું તેના ધનને ધીરે-ધીરે હું હરણ કરું છું અને એ તદ્દન નિષ્કિઞ્ચન બની જાય ત્યારે તેની મમતા દૂર થઈ મારામાં દઢાસક્તિ થાય છે. માટે માદક દ્રવ્યને હું હરણ કરું છું. ક્વચિત્ મારામાં દઢ સ્નેહયુક્ત હોય અને ધનવૈભવાદિમાં પોતાની આસક્તિ ન રાખનાર તેવાને રાજ્ય ધન વૈભવાદિ આપુ છું પણ ખરો. પરન્તુ જેઓ કદાપિ તે ધન ઉપર મમતા રાખતા નથી અને નિરન્તર જ મારામાં ચિત્ત રાખે છે. જે લોકો કેવલ વરદાનથી મદોન્મત્ત થઈ જાય તેવા હોય તેવાને તો કદાપિ હું વૈભવાદિનું દાન કરતો નથી. એવો મારો દઢ સંકલ્પ છે.' ભગવાન્ શંકર તામસ તપ કરનારા ભક્તના ઉપર સત્વર પ્રસન્ન થઈ તેને વરદાન વગેરે આપે છે. જેમ બાણાસુર-રાવણ વગેરે વરદાન પ્રાપ્ત કરીને પૃથ્વીમાં પ્રાણીમાત્રને ઉપદ્રવ કરનારા થયા હતા. તેનું ઐશ્વર્ય ઘણું દુષ્ટ છે. ભકતને તો ખાસ કરીને અનિષ્ટ જ કરનારું છે. તેથી ભગવાન્ તેવા દુષ્ટ ઐશ્વર્ય રૂપ વૈભવનો વિનાશ કરે છે. શ્રીશંકરને તેવું વરદાન આપવાથી-અપાત્રે દાન કરવાથી પોતાને જ આપત્તિ આવી પડી હતી-તેવા દુષ્ટો પોતાના ઈષ્ટ દેવને પણ દુઃખ આપવાને ચુકતા નથી, કચાશ રાખતા નથી તો બીજા પ્રાણી માત્રને પીડા રૂપ થાય તેમાં તો આશ્ચર્ય શું ? ॥૧૧૦॥

## ભક્તસંકટનિવારકાય નમઃ ॥૧૧૧॥

ભક્તોના સંકટને નિવારણ કરનાર શ્રીવસુદેવને વન્દન.

ભક્ત શંકરે વૃકાસુરને વરદાન આપવાથી-જેના માથા ઉપર તે હાથ મૂકે તે ભસ્મીભૂત થઈ જાય. એક દિવસે શંકરપત્ની પાર્વતી માતાના અત્યન્ત સૌન્દર્યને જોઈને દૈત્ય મુગ્ધ થઈ ગયો અને શંકરના જ મસ્તક ઉપર હાથ મૂકવાને પ્રવૃત્ત થયો. આ પ્રમાણે પોતાના વરદાનથી ભગવાન્ શંકર પણ અત્યન્ત સંકટ પામવા લાગ્યા. પોતાના ઈષ્ટ ભગવાન્ શ્રીકૃષ્ણને શરણે આવ્યા. તેમણે યુક્તિથી આવેલા સંકટને દૂર કર્યું. એવા ભક્તના ઉપર આવી પડેલા સંકટને ટાળનાર ભક્તની રક્ષા કરવા રૂપ જ એક સ્વભાવ જેમનો છે એવા કૃપાનિધિ શ્રીકૃષ્ણ છે. એવા આશયને વ્યક્ત કરનાર આ નામ છે. ॥૧૧૧॥

## વૃકાદિદુષ્ટઘાતકાય નમઃ ॥૧૧૨॥

વૃક આદિ દુષ્ટનો ઘાત કરનાર શ્રીભગવાનને અભિવન્દન.

મહાદેવે વિચાર કર્યા વિના વૃકાસુરને વરદાન આપ્યું. એટલે તે મદોન્મત્ત બનેલો દૈત્ય શંકરને જ પીડા કરનાર થયો. એટલે ભગવાને તેનો ઘાત કરી ભક્ત શંકરની રક્ષા કરી. આ નામ ''**શાપ પ્રસાદયો**'' ત્યાંથી આરમ્ભી ''**મુમુચુઃ પુષ્પવર્ષાણિ હતે પાપે વૃકાસુરે**'' પાપી વૃકાસુર હણાયો ત્યારે સર્વ પુષ્પ વૃષ્ટિ કરવા લાગ્યા-બહુ જ પ્રસન્ન થયા. તે શ્લોક સુધીના અર્થને સૂચન કરનાર આ નામ છે. ॥૧૧૨॥

આ પ્રમાણે શંકરના સંકટને નિવારણ કરવાથી સર્વ દેવો તેમની સ્તુતિ કરવા લાગ્યા. અન્યજનો પણ પ્રભુની સ્તુતિ કરતા હતા. તો જેમનું સંકટ દૂર કર્યું છે, તે લોકો સ્તુતિ કરે એમાં તો પૂછવું જ શું ? અરે પુત્રરૂપ એવા શંકર સંકટને દૂર કરવાથી સ્વયં બ્રહ્મા પણ તેમની સ્તુતિ કરવા લાગ્યા તે દર્શાવે છે :

## બ્રહ્માશિવાદિવન્દિતચરણાય નમઃ ॥૧૧૩॥

બ્રહ્મા અને શંકર આદિ દેવો વડે જેમનાં ચરણોનું વન્દન થાય છે તેવા પરમાત્મા શ્રીકૃષ્ણને નમસ્કાર.

શંકર સંકટથી મુક્ત થયા તે જોઈને બ્રહ્મા પોતાના પુત્રનું દુઃખ દૂર થયું જાણી પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. તેમ અન્ય અનેક દેવો પિતૃઓ, ઋષિઓ, ગન્ધર્વો વગેરે પણ સ્તુતિ કરવા લાગ્યા. '**દેવર્ષિપિતૃગન્ધર્વા**' ત્યાંથી આરમ્ભી ''**મોચિતઃ સંકટાચ્છિવઃ**'' ત્યાં શ્લોક પર્યન્તના આશયને વ્યક્ત કરનાર આ નામ છે. આ પ્રમાણે દર્શાવીને ભગવાન્ શ્રીકૃષ્ણનો પરમ ઉત્કર્ષ પ્રકટ કરે છે. અર્થાત્ અનેક દેવ, ઋષિ, પિતૃ વગેરે જેમને વન્દન કરે છે એવા સર્વોત્તમ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે એમ પ્રતિપાદન કરે છે. ॥૧૧૩॥

બીજું પણ પ્રભુના ઉત્કર્ષને જણાવનારું નામ કહે છે :

## સર્વોત્કર્ષબોધકાય નમઃ ॥૧૧૪॥

સર્વથી પણ શ્રેષ્ઠપણાનો બોધ કરનાર શ્રીહરિને નમન.

આ નામ ૪૦ અધ્યાયના આશયનું છે.

**''સરસ્વત્યાસ્તટે રાજન્નૃષયઃ સત્રમાસત.**
**વિતર્કસમભૂત્તેષાં ત્રિષુ દેવેષુ કો મહાન્''**

હે રાજન્, સરસ્વતી નદીના તટ ઉપર સર્વ ઋષિઓ યજ્ઞ કરતા હતા. ત્યાં આગળ એમ તર્ક ઉત્પન્ન થયો કે-બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર એ ત્રણે દેવોમાં મુખ્ય મહાન કોણ ? એ વિષયમાં અનેક વાદવિવાદ થયા. છતાં કાંઈ નિશ્ચયાત્મક નિર્ણય થઈ શક્યો નહિ. એટલે તેઓની પરીક્ષા કરવાને ભૃગુમહર્ષિને મોકલ્યા. તેમણે સત્યલોક કૈલાસ તથા વૈકુણ્ઠમાં જઈને તેઓની પરીક્ષા કરી. સાધારણ નિયમ એવો

છે કે જેમનામાં સત્ત્વાદિગુણોની વિશેષતા હોય, ક્ષમા, દયા વગેરે સમ્પૂર્ણપણે વિરાજિત હોય તે મહાન કહેવાય. ત્રણે દેવોમાં સમ્પૂર્ણપણે સર્વગુણસમ્પન્ન ભગવાન્ વિષ્ણુ જ મહાન છે. એમ ભૃગુમહર્ષિએ નિશ્ચય કરીને સર્વ મુનિઓને નિવેદન કર્યું. એટલે તે બધા સારસ્વત-સરસ્વતીના ઉપાસક બ્રાહ્મણો તેમના નિર્ણયને માન આપી ભગવાનનું સેવન કરવા લાગ્યા; આ પ્રમાણે આ અધ્યાયમાં પ્રભુનો ઉત્કર્ષ દર્શાવવામાં આવેલો છે; માટે તેવા પ્રકારના આ નામની યોજના કરી. ।।૧૧૪।।

## વિપ્રમૃતાપત્યદાત્રે નમઃ ।।૧૧૫।।

બ્રાહ્મણના મરેલા બાલકોને આપનાર શ્રીકૃષ્ણને પ્રણામ.

દ્વારકામાં એક બ્રાહ્મણને ત્યાં બાલક જન્મ થતાં જ નાશ પામી જતું હતું. તે મૃત બાલકને સભામાં લાવીને તે બ્રાહ્મણ સર્વક્ષત્રિયોનો અત્યન્ત તિરસ્કાર કરતો હતો. એવા અનેક બાલકો મૃત્યુ પામ્યા. એક સમયે સભામાં અર્જુનજી બેઠેલા અને બ્રાહ્મણે મૃત બાલકને ત્યાં નાંખી ક્ષત્રિયોનો-રાજાઓનો અનેક પ્રકારે તિરસ્કાર કર્યો. અર્જુનજીથી તે સહન થયું નહિ એટલે તેમના બાલકનું સંરક્ષણ કરવાની પ્રતિજ્ઞા કરી. પરન્તુ તેમના રક્ષણપણામાં તો દેહ સહિત બ્રાહ્મણનું બાલક અદશ્ય થઈ ગયું. પ્રથમ તો દેહ રહેતો હતો અને આજે દેહ સહિત બાલક નષ્ટ થવાને લીધે સર્વને મહાન આશ્ચર્ય લાગ્યું. યમલોક-સ્વર્ગલોકાદિ સર્વ લોકમાં ભ્રમણ કરવા છતાં અર્જુનજીએ તે બાલકને પ્રાપ્ત ન કર્યું એટલે પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે પ્રાણનો ત્યાગ કરવા તૈયાર થયા. એટલે પ્રભુએ કૃપા કરી શ્વેતદ્વીપપતિ ક્ષીરસાગર નિવાસી ભગવાન્ નારાયણના સન્નિધાનમાં પધારી જેવા હતા તેવા જ સ્વરૂપવાન સર્વ બાલકોને લાવી આપી બ્રાહ્મણને સ્વાધીન કર્યા. અને અર્જુનજીની પ્રતિજ્ઞાનું પાલન કર્યું એ આશયને દર્શાવતું નામ છે. ।।૧૧૫।।

અર્જુનને અહંકાર થયો હતો. પોતાને સર્વ કરતાં વિશેષ માનતા હતા. પોતાના અન્તર્ગત ભક્તના અભિમાનને દૂર કરવાને પ્રભુએ આ યોજના કરી હતી. કારણ કે ભક્તે અહંકાર કરવો ઘટિત નથી. માટે આ ચરિત્ર કરીને તેના ગર્વનો પરિહાર કર્યો છે તેવું નામ કહે છે :

## અર્જુનાદિગર્વપ્રહારકાય નમઃ ।।૧૧૬।।

અર્જુન વગેરેના ગર્વને પ્રકર્ષ રીતે હરણ કરનાર ભગવાનને વન્દન.

બ્રાહ્મણના બાલકોને લાવી આપી શ્વેતદ્વીપપિતાના દર્શન કરી અર્જુનના અભિમાનને ઉતાર્યું. અને તેમના હૃદયમાં એમ નિશ્ચય કરાવ્યો કે-જે કંઈ છે તે ભગવાન્ શ્રીકૃષ્ણ જ છે. તેમનો આશ્રય કરવાથી જ સર્વ સિદ્ધ થાય છે.

**"નિશામ્ય વૈષ્ણવં ધામ પાર્થઃ પરમવિસ્મિતઃ.**

**યત્ કિઞ્ચિત પૌરુષં પુસાં મેને કૃષ્ણાનું કમ્પિતમ્''**

અર્જુન વૈષ્ણવ-ભગવાન્ વિષ્ણુના સમ્બન્ધ યુક્ત વૈકુણ્ઠ ધામને શ્રવણ કરી-નિહાળી પરમ વિસ્મય પામી ગયા. પુરુષોમાં જે કાંઈ પુરુષાર્થ જોવામાં આવે છે તે સર્વ શ્રીકૃષ્ણની કરુણાનો જ પ્રતાપ છે એમ માનવા લાગ્યા'' વગેરે તાત્પર્યને સૂચન કરનાર આ નામ છે. ।।૧૧૬।।

આ ધર્મને પ્રવર્તાવનાર પ્રભુ ભક્તજનોને આનન્દ પ્રકટ કરવા દ્વારકાના નાયક થઈને નિવાસ કરતાં તેમાં વિરાજમાન થયેલા છે. તેનું સૂચક નામ દર્શાવે છે :

## દ્વારિકાનાયકાય નમઃ ।।૧૧૭।।

દ્વારિકાના નાયક શ્રીદ્વારકાધીશને પ્રણામ.

''પોતાની દ્વારિકા નગરીમાં સુખપૂર્વક નિવાસ કરતા લક્ષ્મીપતિ ભગવાન્ શ્રીકૃષ્ણ અનેક ચરિત્ર પ્રકટ કરે છે'' એ શ્લોકના આશયને સ્પષ્ટ કરતું આ નામ છે ।।૧૧૭।।

દ્વારિકામાં નિવાસ કરતાં સર્વ યાદવ-પ્રજા માત્રના નાયક, અગ્રગણ્ય થઈને નાના પ્રકારના વિલાસોનું સેવન કર્યું તેવું નામ જણાવે છે :

## નાના વિલાસવિલસિતસુખાબ્ધયે નમઃ ।।૧૧૮।।

વિવિધ પ્રકારના વિલાસો વડે શોભાયમાન સુખના સાગર રૂપ શ્રીકૃષ્ણને નમન.

'**સ્ત્રિભિશ્ચોત્તમવેષાભિઃ**' એ શ્લોકથી આરમ્ભી ''**કૃષ્ણસ્યૈવં વિહરતો ગત્યાલાપસ્મિતેક્ષણૈઃ**'' એ શ્લોક સુધીના આશયને દર્શાવનાર આ નામ છે. તેમાં સ્પષ્ટ કહે છે કે : ઉત્તમ વેષ ધારણ કરનારી નવયૌવનથી કાન્તિમાન, દડા વગેરે રમતના સાધનો વડે મહાલયોમાં ક્રીડા કરતી, વીજળીના જેવી પ્રભાવવાળી સોળ હજાર સ્ત્રીઓ સાથે નાના પ્રકારના વિલાસોથી દ્વારકામાં જેમણે સુખના સાગરો ઊભરાવી દીધા હતા. સત્, માગધ, બન્દીજનો જેમનું ગુણગાન કરતા હતા; આ પ્રમાણે વિહાર કરતા શ્રીકૃષ્ણના ગમનથી મધુરાલાપથી કટાક્ષપૂર્વક અવલોકન કરવાથી-મન્દમન્દ સ્મિત હાસ્યથી ઉપહાસ્ય કરવાથી-આલિંગનથી સર્વ અંગનાઓ મન્ત્રમુગ્ધ બની જતી હતી. એવા સમ્પૂર્ણ પરમાનન્દના સાગરને પ્રકટ કરનાર પ્રભુ વિના અન્ય કોણ હોઈ શકે ? માટે અનવધિ આનન્દ સાગરરૂપ પ્રભુને પ્રણામ કરે છે. આ પ્રમાણે વિલાસાદિ ચરિત્રો પ્રકટ કરવાનું કારણ સર્વનો પોતાનામાં નિરોધ થાય. જેના હૃદયની જેવી આકાંક્ષા હોય તેવી રીતે પ્રભુના તરફ તેનું આકર્ષણ થાય-નિરોધ થાય તેટલા માટે જ પ્રભુએ ભૂતળ ઉપર વિરાજમાન થઈ વિવિધ વિલાસાદિ ચરિત્ર પ્રકટ કરેલાં છે. પ્રભુને તેમાં પોતાને કંઈ પણ સ્વાર્થ નથી. ।।૧૧૮।।

પ્રભુએ ચરિત્ર કરીને પોતાના જનોને પ્રપઞ્ચનું વિસ્મરણ થાય એમ જ

કરેલું છે. વ્રજજનોથી લઈને દ્વારકાસ્થ અને ઈતર પણ નિજજનોના પ્રપઞ્ચને ભૂલાવી દીધો છે અને તેમનું પોતાનામાં સ્થાપન કર્યું છે. એમ ઉપસંહાર કરતાં તેવું સૂચન કરતું નામ કહે છે :

**નિખિલનિજજનપ્રપઞ્ચવિસ્મારકાય નમઃ।।૧૧૯।।**

નિજજનોના પ્રપઞ્ચને ભૂલાવી દેનાર ભગવાનને નમસ્કાર.

સર્વ પોતાના ભગવદીય જનોના લૌકિક વૈદિક પ્રપઞ્ચ માત્રને ભૂલાવી દઈ પોતાનામાં તેમનું અનુસંધાન પ્રભુએ કર્યું છે. જેનો જેવો અધિકાર હતો તે પ્રમાણે પ્રભુમાં તેમનું અનુસન્ધાન-ભગવદાસક્તિ થઈ. સર્વ નિજજનોને એક જ પદ્ધતિ પ્રમાણે પ્રભુપ્રાપ્તિ થાય છે એમ નહિ. જેનો જેવો અધિકાર છે તેને તેવા પ્રકારથી પ્રભુની પ્રાપ્તિ થઈ. નન્દ-યશોદા વસુદેવ-દેવકીજી ને પુત્રભાવે; ગોપબાલકો-ઉદ્ધવ-અર્જુનાદિ સખાઓને સખાભાવે; ગોપાંગનાઓ-રુક્મિણી આદિ પ્રિયાઓને પ્રિયતમભાવે; શિશુપાલાદિકોને શત્રુભાવે; એમ જેને જેવો અધિકાર તે-તે પ્રમાણે તેમને પ્રભુપ્રાપ્તિ થઈ છે. ભગવાને પણ તેમને જુદી-જુદી રીતે આનન્દનું દાન કર્યું છે.

આ પ્રમાણે પરમ કૃપાનિધાન શ્રીકૃષ્ણચન્દ્રના દશમસ્કન્ધમાં નિરોધનું સાધન કરનારાં નામોનું નિરૂપણ કર્યું છે. ।।૧૧૯।।

ગ્રન્થની સમાપ્તિમાં ઉપસંહાર કરે છેઃ

**ઈત્યેવં રાજલીલાયાં નામ્નામ્ અષ્ટાદશં શતમ્ ।।**
**નિરોધલીલામ્ આશ્રિત્ય ભક્ત્યૈ ભક્તે નિરૂપિતમ્ ।।૧ ।।**

આ પ્રમાણે રાજલીલામાં એકસોને અઢાર નામો નિરોધલીલાનો આશ્રય કરીને ભગવદીયજનમાં ભક્તિનું સ્થાપન કરવા-ભક્તિ પ્રાપ્ત થવા માટે નિરૂપણ કરવામાં આવ્યાં.

દશમસ્કન્ધને નિરોધલીલા કહેવામાં આવે છે. તે ચરિત્રોના આ નામો છે. નામોને પ્રકટ કરવાનું પ્રયોજન જણાવતાં કહે છે કેઃ-આ નામોનું રટણ-સ્મરણ કરવાથી જે ભક્તજન હોય તેને જ પ્રભુમાં ભક્તિ થાય છે. ભક્તમાં ભક્તિ કરવા માટે જ આ નામો છે. જે લોકોને પ્રભુમાં ભક્તિ જ નથી તેને કંઈ પણ સિદ્ધિ થતી નથી. જેમનામાં ભક્તિ મૂલરૂપે હોય અને પછી આ નામોનું સ્મરણ-ભજન-રટણ કરે તો પ્રભુમાં તેનો સ્નેહ વિશેષને વિશેષ જ થયા કરે છે એ નિઃસંશય છે ।।૧ ।।

પાઠ કરવાનું ફળ થાય તે દર્શાવે છેઃ

**બાલલીલાનામપાઠાત્ શ્રીકૃષ્ણે પ્રેમ જાયતે ।।**
**આસક્તિઃ પ્રૌઢલીલાયા નામપાઠાદ્ભવિષ્યતિ ।।૨ ।।**

**વ્યસનં કૃષ્ણચરણે રાજલીલાભિનાધાનતઃ।।**
**તસ્માન્નામત્રયં જાપ્યં ભક્તિપ્રાપ્તીચ્છુભિઃ સદા ।।૩ ।।**

બાલલીલાના નામોના પાઠ કરવાથી શ્રીકૃષ્ણમાં પ્રેમ ઉત્પન્ન થાય છે. પ્રૌઢલીલાનો પાઠ કરવાથી શ્રીકૃષ્ણને વિશે આસક્તિ થશે. અને રાજલીલાનાં નામોના પાઠ કરવાથી શ્રીકૃષ્ણચન્દ્રના ચરણારવિન્દમાં વ્યસન સિદ્ધ થશે. તેથી ત્રણે પ્રકારના નામોના જપ ભક્તિ પ્રાપ્ત કરવાની ઉત્કંઠા રાખનારે અવશ્ય નિરન્તર કરવા જોઈએ. ।।૨-૩ ।।

ઉપરનાં પ્રથમ શ્લોકમાં નામોનું રટણ કરનારને પ્રભુમાં ભક્તિ થાય છે, એમ કહ્યું. ભક્તિના ત્રણ સ્વરૂપ છે : પ્રેમ, આસક્તિ અને વ્યસન. તેમાં બાલલીલાનાં નામોના પાઠ કરવાથી અવશ્ય પ્રભુમાં પ્રેમ પ્રકટ થાય છે. કારણ કે તે સમયનાં પ્રભુનાં ચરિત્રો જ સ્વાભાવિક પ્રભુમાં પ્રેમ પ્રગટાવે તેવા છે. પ્રૌઢલીલાના ચરિત્રોમાં પરાક્રમ અને પ્રતાપ દર્શાવવામાં આવ્યો છે. જેથી તેવાં નામોનું સ્મરણ કરતાં સહજ રીતે તેમનામાં આસક્તિ થાય છે. મોહ પામી ભક્તજનો તેમનાં સ્વરૂપમાં લીન થઈ જાય છે-મશગુલ બની જાય છે. અને રાજલીલાનાં ચરિત્રો સમ્ભાવનીય-મનનીય હોવાથી પ્રભુમાં વ્યસન પ્રાપ્ત કરાવે છે. વ્યસન એટલે જેના વિના જરા પણ નભી ન શકાય, તે ચરિત્રોનું સેવન કરનારને પ્રભુના ચરણકમલનું વ્યસન જ બની જાય છે. તે પ્રાપ્ત ન થાય તો તેનાથી નભી જ શકાતું નથી. તેમનાં અન્તઃકરણમાં આઠે પ્રહર-નિરન્તર પ્રભુના ચરણકમળનું ચિન્તન જ રહ્યા કરે છે.

બાલલીલા અને પ્રૌઢલીલાનું ફળ એ તામસ ભક્તોને જ કહેલું છે. તામસ ભક્તો-ગોપીજનો છે. આસક્ત થવું એ તેમાં સ્વાભાવિક હોવાથી મનોરથરૂપ વ્યસન પણ આવી જાય છે. તેથી તેનું સ્વરૂપ પણ ભિન્ન છે. કારણ કે તે અધિકાર જ તેવા પ્રકારનો છે. એનું સ્વરૂપ ''**અક્ષણ્વતાં ફલમિદં ન પરં વિદામ**'' આ શ્લોકના વિવરણમાં જ આવી જાય છે. ચક્ષુધારીઓને નિરીક્ષણ કરવારૂપ પરમ ફળ તો દર્શનીય પ્રભુનું સ્વરૂપ જ છે. એ વિના અન્ય કંઈ પણ નથી. જ્યારે સર્વ નેત્રધારીઓને આ પ્રમાણે છે તો ભક્તને-તેમાંયે વળી પ્રભુપ્રેમમાં મશગુલ બની ગયેલાં ગોપીજનોને તે પરમ ફલ હોય એમાં તો આશ્ચર્ય જ શું! તેમને તો સર્વ ઈન્દ્રિયમાત્રનું પરમફલ ભગવાન જ છે. તેમને પ્રભુમાં દૃઢ પ્રેમ-દૃઢાસક્તિ-પરમ વ્યસન હોય એ સ્વાભાવિક છે. તે તામસ ભક્તોએ શ્રીમદ્ વ્રજાંગનાઓએ પોતાના વિવિધ પ્રકારના મનોરથ પ્રમાણે તેવા-તેવા ભગવત્સ્વરૂપનો પ્રકાશ પોતાના અન્તઃકરણમાં પ્રાપ્ત કરી લીધો છે. પ્રત્યક્ષ પ્રભુના તેવા-તેવા સ્વરૂપનો અનુભવ તેમને થયેલો છે. એટલે તેઓ મહાભાગ્યવાન છે. તેમણે ભૂતલ પર પધારી પરમ ફલ પ્રાપ્ત કર્યું છે.

આગળ તે જ શ્રીમદ્ ગોપીજનોનાં અંશરૂપ રુક્મિણી આદિ પટરાણીઓને ક્રમે-ક્રમે તેવા પ્રભુના સ્વરૂપનો લાભ થયો છે. એ રાજલીલા પ્રમાણરૂપા છે. સર્વ પટરાણીઓ ભક્ત હોવા છતાં પ્રમાણરૂપ છે. તેથી સ્નેહાળ દમ્પત્તિના ભાવમાં જ નિષ્ઠા કરનારાં છે. તેમને થયેલો નિરોધ પણ પ્રમાણરૂપ છે. એટલા માટે સર્વને સ્વસ્વરૂપ અને સ્વમાહાત્મ્યનું જ્ઞાપન કરાવીને પ્રભુએ પ્રપઞ્ચની વિસ્મૃતિ કરાવી છે. પણ સંકલ્પને ઉત્પાદન કરનારી આસક્તિ કરી છે એમ નહિ. આ પ્રમાણે પ્રપઞ્ચનું વિસ્મરણ થવાથી માહાત્મ્યના જ્ઞાનપૂર્વક સ્નેહ સિદ્ધ થતાં સર્વ ઇન્દ્રિયોનું ભગવાનનાં ચરણારવિન્દમાં નિષ્ઠા પ્રાપ્ત કરવારૂપ વ્યસન પણ પ્રાપ્ત થાય એટલા માટે તેના પાઠનું ફલ પણ તે જ પ્રમાણે કર્યું છે. જેવા-જેવા અધિકાર તેવા-તેવા વ્યસનના પણ ભેદો જાણવા; મર્યાદા પ્રમાણે પણ ભક્તજનોને ભગવાનમાં પરાયણ થવારૂપ વ્યસન થાય છે જ. શ્રીમદાચાર્યચરણોએ ''**સમ્યગ્ વ્યવસિતા બુદ્ધિઃ**'' એ શ્લોકના સુબોધિનીજીમાં સ્પષ્ટ આજ્ઞા કરી છે કેઃ-''ભગવાનની કથા જ શ્રવણ કરવી, બીજું કંઈ પણ નહિ. એમ રાજર્ષિ પરીક્ષિત્‌ને વ્યસન જ થઈ ગયું. મોટા બ્રહ્મર્ષિઓને પણ આવું વ્યસન થવું દુર્લભ છે, તેમને તો સ્વાભાવિક રીતે તેવું વ્યસન પ્રાપ્ત થયું છે. આ તમારી બુદ્ધિ ઘણી ઉત્તમ પ્રકારની છે કે ભગવાનની કથામાં તમને આવી નિષ્ટાવાળી પ્રીતિ ઉત્પન્ન થઈ છે કે કોનાથી પણ ચલાયમાન થઈ શકે નહિ. અહો! તમો મહાભાગ્યશાળી છો. તમારો મહાન ઉત્કર્ષ છે કે તમે આવો ઉત્તમોત્તમ ભગવદ્ધર્મનો અંગીકાર કર્યો છે. એટલા જ માટે તમારો આવો ભગવત્કથાશ્રવણ કરવારૂપ વ્યવસાય છે તે અત્યન્ત યોગ્ય છે''. આ પ્રમાણે મર્યાદાપુષ્ટ ભક્ત છતાં પરીક્ષિત્ રાજાને પ્રભુમાં આવું વ્યસન થાય એ સિદ્ધ જ છે. એટલા માટે સર્વજન મન્ત્રની પેઠે આ નામોનો જપ કરે. એટલે ભગવત્પ્રેમ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાએ તો આ નામોનો જપ કરવો પરમ આવશ્યક જ છે.

સમાપ્તિમાં શ્રીમદ્‌ગોકુલોત્સવજી અભિમાનના પરિત્યાગ પૂર્વક સત્પુરુષોને વિજ્ઞપ્તિ કરીને શ્રીમદાચાર્યજીના ચરણનું શરણ તથા વિઠ્ઠલેશ પ્રભુના શરણની નિરન્તર ભાવના કરી તેમને જ આ ગ્રન્થ સમર્પણ કરે છેઃ

**શ્રીમદાચાર્યચરણ-કુરણારસસિઞ્ચિતમ્ ।**
**આસીદ્ ઉલ્લસિતં ચિત્તં નામાલિવિવૃતૌ મમ ।।૧।।**

અર્થઃ શ્રીમદાચાર્ય શ્રીમદ્વલ્લભાચાર્યજીના ચરણકમળના કરુણામય રસ વડે સિઞ્ચન કરાયેલું મારું ચિત્ત પ્રભુની નામાવલીનું વિવરણ કરવામાં ઉલ્લાસવાળું બન્યું.

વિવેચનઃ શ્રીમદાચાર્યચરણોના કરુણામય રસના સિઞ્ચનથી મારું જ મન

પ્રસન્ન થયું ત્યારે મેં આવૃત્તિ-વિવરણ પ્રકર્યું. મારા ચિત્તમાં આપે પ્રવેશ કરીને તે કાર્ય કરાવ્યું છે. મારામાં તેવી જરા પણ શક્તિ નથી એવો ભાવ દર્શાવીને પોતાના અભિમાનનો નિરાશ કરી ભગવદ્વદનાનલસ્વરૂપ શ્રીવલ્લભાચાર્યચરણ પર પોતાનો પરમ ભાવ પ્રકટ કરે છે. ।।૧।।

**તત્કૃપાદષ્ટિસઞ્જાતપદં સંગતિતો મયા।**
**વિવૃતં તચ્ચ યે સન્તઃ પશ્યન્તુ સુધિચક્ષણાઃ ।।૨।।**

અર્થઃ તે શ્રીમદાચાર્યચરણની કૃપાદષ્ટિથી પ્રકટ થયેલાં પદને મેં સંગતિથી વિવરણ કર્યાં તેને જ વિચક્ષણ-બુદ્ધિમાન્ ચતુર હોય તે સજ્જનો જુઓ.

વિવેચન : આ નિરોધલીલાનાં નામોને શ્રીમન્મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી એ જ પ્રકટ કર્યા છે. તેમની જ કૃપાથી મેં વિવરણ કર્યું. એમાં મારો જરાપણ બુદ્ધિવૈભવ નથી. ચતુર બુદ્ધિમાન્ સજ્જનો તો એ તાત્પર્ય સહજમાં જ જોઈ શકે છે. હું પણ તેમને તેમ જ જોવાની ઉત્કંઠા રાખું છું, અર્થાત્ આ વિવરણમાં કંઈ સુંદર જોવામાં આવતું હોય તો તે શ્રીમદાચાર્યચરણનો જ પ્રતાપ છે એમ જાણી બુદ્ધિમાન્ પુરુષો તેમનું જ યશોગાન કરે, મારે એમાં કંઈ પણ લેવા-દેવા નથી. એમ ભાવ વ્યક્ત કરી પોતાની અત્યન્ત સરળતા પ્રકટ કરે છે, નિર્માનિતા સિદ્ધ કરે છે. ।।૨।।

**યદત્ર બુદ્ધિદોષેણ સહજેન વિસમ્મતમ્।**
**માર્જનીયં સ્વસૌહાર્દાદ્ વિજ્ઞપ્તિઃ સત્સુ મે સદા ।।૩।।**

અર્થઃ જે આમાં સહજ બુદ્ધિદોષથી વિરુદ્ધ દોષયુક્ત હોય તે પોતાના સૌહાર્દથી શુદ્ધ કરી લેવું એમ મારી સજ્જનોને વિજ્ઞપ્તિ છે.

વિવેચન : જે-જે આમાં ઉત્તમ જોવામાં આવતું હોય તે-તે સર્વ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીનું જ છે. તેમનું જ કૃપામૃતનું વર્ણન છે. અને મારા સહજ બુદ્ધિદોષથી જે-જે કંઈ વિરુદ્ધ દોષયુક્ત જોવામાં આવે તે-તે સરલ હૃદયના સજ્જનો શુદ્ધ કરી લેશે, એમ મારી તેમને વિનન્તિ છે. દોષ થાય એ તો ''જીવાઃ સ્વભાવતો દુષ્ટાઃ'' એ ન્યાયે સહજ જ છે. તેને સુધારી લેવી એ સજ્જનતા-મહત્તા જ છે. બાકી સારું દેખાય તે તો શ્રીઆચાર્યચરણનો જ અનુગ્રહ સમજવો, અર્થાત્ તેમનું જ છે.

આ પ્રમાણે સામાન્ય સજ્જનો ઉપર પણ આ દીનતા દર્શાવીને વિવૃત્તિકારે વિનયની અવધી કરી છે એમ કહ્યા વિના ચાલતું નથી. આવો નમ્ર ભાવ ભગવત્સ્વરૂપ ભક્તહૃદયમાં જ હોઈ શકે. ।।૩।।

**શ્રીમદાચાર્યચરણાઃ શ્રીમાન્ શ્રીવિટ્ઠલઃ પ્રભુઃ।**
**શરણં મે સદા તસ્માત્ તત્રૈવેતત્ સમર્પિતમ્ ।।૪।।**

અર્થઃ શ્રીમદાચાર્યચરણ તથા શ્રીમાન્ વિઠ્ઠલપ્રભુ. એ જ નિરન્તર મારું શરણ છે. તેથી કરીને તેમને જ આ વિવરણ સમર્પણ કરું છું.

વિવેચન : જેનાથી જે પ્રકટ થયું તે જ તેના સ્વામી છે. આ નામો શ્રીઆચાર્યચરણે પ્રકટ કર્યાં, તેમની જ કૃપાથી થયેલું આ વિવરણ પણ તેમણે જ પ્રકટ કર્યું. એટલે તેમને સોંપવું જોઈએ. વળી મારું શરણ પણ તે જ છે. તેમ તેમના સ્વરૂપ શ્રીમત્પ્રભુચરણ શ્રીવિઠ્ઠલેશ પ્રભુ પણ મારું શરણ છે. જે કંઈ આપણે આપણું માન્યું, તે જેમનું શરણું લીધું છે તેમને જ નિવેદન કરવું ઉચિત છે. માટે આ વિવરણ હું તે બન્નેને સમર્પણ કરું છું. ।।૪।।

**શ્રીમન્મુકુન્દપદપંકરજઃ પ્રસાદાત્**
**શ્રીવલ્લભાચાર્ય કરુણાર્દ્રકટાક્ષપાતાત્ ।**
**જાતા સુગુર્જરગિરિ ગ્રથિતા મયેયં**
**નિત્યં પ્રસીદતુ તયા કિલ ગોકુલેન્દુઃ ।।**